Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112695

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शिक्षण साहित्य

५५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે
ગોપાલદાસ પટેલ
ઠાકોરભાઈ દેસાઈ
મણિભાઈ દેસાઈ
મગનભાઈ દેસાઈ (તંત્રી)
જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



112695

૧૫ અંક ૧

આરી નવજીવન, અમદાવાદ ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

જાન્યુઆરી, ૧૯૫૬

વર્ષ ૧૫ અંક ૧

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
"મોતનો સપાટો"	ગાંધીજી	૧
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૨
માંડુક્યોપનિષદનો સ્વાધ્યાય	મગનભાઈ દેસાઈ	૫
તિરુ વલ્લુવર	મુકુલભાઈ કલાર્થી	૬
પરદેશી માલનો અવિશ્વાસ	કવિ બુલાખી	૧૦
૧૮૪૦ થી ૧૮૮૫ ના ગુજરાતનું સત્ત્વ	વિષ્ણુપ્રસાદ ૨૦ ત્રિવેદી	૧૧
સાભાર સ્વીકાર		૧૪
સામ્યયોગ અને સામ્યવાદ – એક સમીક્ષા	વિમલાબહેન ઠકાર	૧૫
ભાખરા નાંગલ	હસિત બૂચ	૧૮
વિજ્ઞાનનો યુગ અને તેનો અભ્યાસ	૨૦ દે૦ આડતિયા	૧૯
પ્રશ્નોત્તર	ગાંધીજી	૨૦
ધાકનો માર્યો	ચંદ્રકાન્ત ઉપાધ્યાય	૨૧
ચર્મ ઉદ્યોગનો વિકાસ	વિ૦	૨૨
વણેસા-પીસાદમાં શ્રમયજ્ઞ		૨૪
ભક્તરાજ નરસિંહ મહેતાને ચરણે	ગુરુદયાલ મલ્લિક	૨૬
માસિક વિવેચન		
સ્વ૦ સાકરલાલ દવે	મ૦	૨૭
સ્વ૦ નવડેકર	મ૦	૨૭
પરદેશના મહેમાનો	મ૦	૨૭
હિંદ અને રશિયા	મ૦	૨૮
મફતની પદવી ન છાજે	મ૦	૨૮
શ્રી શ્રેયનાં વાગ્બાણ	મ૦	૨૮
રશિયાની આર્થિક મદદ	મ૦	૨૯
સામ્યવાદના ધૂસણનો ડર	મ૦	૨૯
સંસ્થાનવાદનો અંત	મ૦	૨૯
પંચશીલનો ઉદય	મ૦	૩૦
મુંબઈને હિંદની બીજી રાજધાની કરો	મ૦	૩૦
ભાષા અને ભૂગોળ	મ૦	૩૧
ઉર્દૂ અને હિંદી	મ૦	૩૧
નવું વાચન		
ડમરો અને તુલસી	મુ૦ ક૦	૩૨
એ-આવજો!	મુ૦ ક૦	૩૨
ગોદાન	મ૦ ક૦	૩૨

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતિ છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતિ છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ; (લાખાજીરાજ રોડ); દિલ્હી (યુ. એસ. કૉમ્યુનિકેશન થિએટર બિલ્ડિંગ, કૉનોટ સર્કસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધીભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂા. ૪; પરદેશમાં રૂા. ૬ અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, **અમદાવાદ-૧૪**

અમારાં નવાં પ્રકાશનો

ખરી કેળવણી: લે૦ ગાંધીજી; કિં. રૂ. ૨-૮-૦; ટપાલખાનગી ૦-૧૪-૦.

સંત ફ્રાંસિસ: લે૦ મહાદેવ દેસાઈ; કિં. રૂ. ૦-૬-૦; ટપાલખાનગી ૦-૩-૦.

મારું ગામડું: લે૦ બબલભાઈ મહેતા; કિં. રૂ. ૧-૪-૦; ટપાલખાનગી ૦-૫-૦.

સ્ત્રી-પુરુષ-મર્યાદા: લે૦ કિં૦ ઘ૦ મશરૂવાલા; અનુ૦ સોમેશ્વર પુરોહિત; કી. રૂ. ૧ ૧૨-૦; ડાકખર્ચ ૦-૫-૦.

ગાંધીજી: લે૦ જુગતરામ દવે; અનુ૦ કાશિનાથ ત્રિવેદી; કી. રૂ. ૦-૧૨-૦; ડાકખર્ચ ૦ ૫ ૦.

हमारे गांवोंका पुनर्निर्माण: ले० गांधीजी; सं० भारतन कुमारप्पा; की. रु. १-८-०; डाकखर्च ०-८-०.

My Religion: By Gandhiji; Ed. Bharatan Kumarappa; Price Rs. 2-0-0; Postage etc. 0-13-0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112695

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૪ અમદાવાદ ઈ. સ. ૧૯૫૫

વાર્ષિક અનુક્રમણિકા

૧. લેખસૂચિ

અખિલ ભારતીય શિક્ષણ સંમેલન, પટણા — મનુભાઈ પ્રા૦ વૈદ્ય ૪૯

અખિલ હિંદ નોકરીઓ માટેનું પરીક્ષાનું માધ્યમ — મગનભાઈ દેસાઈ ૧૬૯

અહલ્યાબાઈ — મુ૦ ૬૦ ૨૫

અંગ્રેજીને નામે પ્રગતિનો વિરોધ — મુ૦ ૬૦ ૧૪૭

આઇન્સ્ટાઈન — મગનભાઈ દેસાઈ ૧૨૯

આખરી ફૈસલો — મગનભાઈ દેસાઈ ૧૦૦

આઝાદ હિંદમાં ઉચ્ચ કેળવણી — ગાંધીજી ૨૬૧

આણંદ ગ્રામ વિદ્યાપીઠ — અન્નપૂર્ણા મહેતા ૨૯૮

આપણો મોટામાં મોટો પ્રત્યક્ષીય વ્યવસાય — મગનભાઈ દેસાઈ ૨૦૩

આયોજન અને શ્રમદાન — રામલાલ પરીખ ૨૦૭

આરોગ્ય વિ૦ રસાયણો — ૧૫૨

આશા અને માનવતા — મગનભાઈ દેસાઈ ૩૩૬

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સત્યાગ્રહ — મગનભાઈ દેસાઈ ૩૨૮

ઇજનેર-વિદ્યાની પરિભાષા — મગનભાઈ દેસાઈ ૩૬૨

ઉદ્યોગ દ્વારા તાલીમ — મગનભાઈ દેસાઈ ૨૩૭

એબ્રાહમ લિંકન — મુકુલભાઈ કલાર્થી ૭૮

એબ્રાહમ લિંકનનું જગવિખ્યાત વ્યાખ્યાન — મુકુલભાઈ કલાર્થી ૨૦૫

એલેક્ઝાંડર ફ્લેમિંગ — દાદા ધર્માધિકારી ૧૫૩

એવરેસ્ટ પર ચડાઈ — મુ૦ ૬૦ ૨૨૭

કર્મની સાથે ભક્તિ જોઈએ — રવિશંકર મહારાજ ૧૭૯

કાપડ ઉદ્યોગ માટે યોજના — વિ૦ ૨૯૫

કિંબરલીની હીરાની ખાણોમાં ગાંધીજી — છ૦ ખુ૦ ગાંધી ૧૨૦

કુરુધર્મ — ગો૦ ૨૯

કેન્સર — ચક્રવર્તી રાજગોપાલાચારી ૨૧૫

કેળવણી અને રાજ્યનો અંકુશ — મગનભાઈ દેસાઈ ૨૬૦

કેળવણી અને સંસ્કાર — લાલભાઈ ૨૦ દેસાઈ ૩૭૨

કેળવણી આ રીતે સુધરે? — પુરુષોત્તમ વાટેર ૩૭

કેળવણીની નવી અને નૂની પદ્ધતિ — મગનભાઈ દેસાઈ ૩૬૪

કેળવણીનો કોયડો — વિનોબા ૮

કેળવણીમાં કર્મયોગનો માર્ગ — ૩૬

કેળવણીમાં 'મૅકૉલેની પરંપરા' — મગનભાઈ દેસાઈ ૩૩૮

કોમ અને જ્ઞાતિ — મગનભાઈ દેસાઈ ૧૫૪

કોમવાદ અને જ્ઞાતિવાદ — મગનભાઈ દેસાઈ ૧૯૯

કૉલેજ માટે રસાયનની પરિભાષા — ૧૬

કૉલેજોમાં તામિલનું માધ્યમ — મગનભાઈ દેસાઈ ૨૩૪

ક્રાન્તિ અને શાન્તિ તથા સત્યાગ્રહ — પ્રો. નેમીસરણ, મગનભાઈ દેસાઈ ૨૪૮

ક્રાંતિનાં એંધાણ — મગનભાઈ દેસાઈ ૨૪૭

ખેતમજૂરોની સ્થિતિ — વિઠ્ઠલદાસ કોઠારી ૧૫૧

ખેલદિલી — ચંદ્રકાન્ત ઉપાધ્યાય ૩૪૪

ગાંધીજી અને લોકશાહી — ભારતન કુમારપ્પા ૨૦

ગાંધી, નેહરુ અને વિનોબા — મગનભાઈ દેસાઈ ૧૬૪

ગાંધીયુગની સ્થાપના — મગનભાઈ દેસાઈ ૭૩

ગુજરાતમાં વધુ એક વિદ્યાપીઠ — મગનભાઈ દેસાઈ ૨૬૨

ગુજરાત યુનિવર્સિટીની વહીવટ-ભાષા — મગનભાઈ દેસાઈ ૨૫૯

ગુજરાતી શુદ્ધલેખન — અરવિંદલાલ લ૦ મજમુદાર ૧૭૭

ઘાણીની શક્તિ — વિ૦ ૩૪૭

ચાલુ શિક્ષણ વિષે બે પત્રો — ૯૮

જીવન-ઘડતરની તાલીમ — રવિશંકર વ્યાસ ૨૭૭

જ્ઞાતિ, કોમ અને રાષ્ટ્ર — મગનભાઈ દેસાઈ ૨૩૨

જ્ઞાન, શાણપણ અને સદાચાર — બર્ટ્રાન્ડ રસેલ ૮૫

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ — મુકુલભાઈ કલાર્થી ૨૦૯

ડાંગ પ્રદેશમાં દારૂબંધી — ઘેલુભાઈ નાયક ૧૭૮

ડાંગી ભાષાના કેટલાક શબ્દો — ઘેલુભાઈ નાયક ૯૧

દિલ્હીમાં ગાંધીજી — મનુબહેન ગાંધી ૪, ૪૨, ૧૧૦, ૧૪૩, ૧૭૩, ૨૩૯, ૨૬૪, ૩૪૦, ૩૫૪

દૂધ અને દુધાળાં ઢોર — ગો૦ ૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશબંધુ શ્રી ચિત્તરંજન દાસ મગનભાઈ દેસાઈ ૩૬૫

નવજુવાનોમાં અનાચાર મગનભાઈ દેસાઈ ૨૭૨
નવી અથવા પાયાની કેળવણી વિનોબા ૨૦૧
નવી તાલીમનાં ધ્યેય તથા સ્વરૂપ ૮૪
નવી વ્યવસ્થા માટેની કેળવણી મગનભાઈ દેસાઈ ૨૭૦

પછાત પ્રદેશમાં નવી તાલીમનો પ્રયોગ દિલખુશ બ૦ દીવાનજી ૧૧૪
પશ્ચિમની સ્વતંત્રતાનું પોકળ ગાંધીજી ૩૫૨
પંચશીલ મુ૦ ક૦ ૨૪૫
પાઠ્યપુસ્તકો અને સરકાર મગનભાઈ દેસાઈ ૨૨૬
પાઠ્યપુસ્તકોની રામાયણ મગનભાઈ દેસાઈ ૧૬૧
પાયાની કેળવણીની કલ્પના શ્રીમન્નારાયણ, કે. જી. સૈયદીન ૨૬૮
પાયાની — પ્રાથમિક અને માધ્યમિક — કેળવણી ૬૩
પ્રાચીન અગ્નિએશિયા રામલાલ પરીખ ૨૬૯
પ્રાણીશાસ્ત્રની પરિભાષા ૩૦૬

બધા વર્ણોનો ધર્મ વિનોબા ૨૭૬
બીજું વિશ્વયુદ્ધ તથા પ્રાંતિક સ્વરાજનો અંત મગનભાઈ દેસાઈ ૧૭૯

બી. સી. જી. નો ઉપદ્રવ મગનભાઈ દેસાઈ ૩૧૦
બી. સી. જી. રસી — હું શા માટે એનો વિરોધ કરું છું ? ચક્રવર્તી રાજગોપાલાચારી ૨૭૩, ૩૧૧
બુદ્ધિશાળી યુવાનોને ચેતવણી ચક્રવર્તી રાજગોપાલાચારી ૨૨૫
બુનિયાદી શાળા અને ચારિત્ર્યની ખિલવણી ચંદ્રકાન્ત ઉપાધ્યાય ૨૭

ભારતની કેળવણીમાં ભૂલભરેલું વલણ મગનભાઈ દેસાઈ ૩૪
ભારતની નદી-યોજનાઓ : એક પ્રશસ્તિ ગો૦ ૧૮૩
ભાષા અને સાહિત્યની સર્જનશક્તિ મગનભાઈ દેસાઈ, જવાહરલાલ નેહરુ ૫૧
ભીલોનાં લોકગીતો ડાહ્યાભાઈ જી. નાયક ૫૫

મહાત્મા ગોખલેનો વારસો ગાંધીજી ૮૨
મહાન મુક્તિદાતા અબ્રાહમ લિંકન ચાર્લ્સ ફ્રેંકલીન ૯૯
માતૃભાષા વિષે ગાંધીજી સંપા૦ છગનલાલ ખુ૦ ગાંધી ૩૩૨
માધ્યમ-ફેરનાં પરિણામ નાથાલાલ દવે ૩૧૨
માધ્યમિક કેળવણી મગનભાઈ દેસાઈ ૧૩૪
માધ્યમિક શિક્ષણની સુધારણા મગનભાઈ દેસાઈ ૬૮
માધ્યમિક શિક્ષણનો વિસ્તાર કેમ કરવો ? વિ૦ ૧૪૬
મુંબઈની અંગ્રેજ શાળાઓ મગનભાઈ દેસાઈ ૨૩૬
યુગોસ્લાવિયામાં ખેતીસુધારણા વિઠ્ઠલદાસ કોઠારી ૨૩૮
રમતગમત દ્વારા રાષ્ટ્રીય ઘડતર મ૦ પ્ર૦ દેસાઈ ૧૧૫
રાષ્ટ્રભાષા હિન્દીના ઇતિહાસની રૂપરેખા ગિરિરાજકિશોર ૧૩
રાષ્ટ્રીય આવક કેમ વધારવી ? વિઠ્ઠલદાસ કોઠારી ૮૬
રાષ્ટ્રીય એકતા અને ભાષાઓ મગનભાઈ દેસાઈ ૩૭૭
રાષ્ટ્રીય શિક્ષણના વિકાસનાં છેલ્લાં સો વરસ મગનભાઈ દેસાઈ ૧૦
રાષ્ટ્રીય શિક્ષણનાં સો વરસનો ઇતિહાસ — ૨ ૩૮
લોકશિક્ષણ, સાહિત્ય અને પત્રકારી મગનભાઈ દેસાઈ ૩૨૪, ૩૬૯

વલ્લભ વિદ્યાપીઠ મગનભાઈ દેસાઈ ૨૯૦
વેપારનો લોભ અને રંગદ્વેષ મગનભાઈ દેસાઈ ૧૧૩
વિજ્ઞાનની પરિભાષા મગનભાઈ દેસાઈ ૩૫૯
વિશ્વશાંતિની સમસ્યા ચંદ્રકાન્ત વસાવડા (૧) ૧૦૬, (૨) ૧૩૫

શબ્દવ્યૂહ અને જ્યોતિષ મગનભાઈ દેસાઈ ૧૪૮
શરીરની લાજ ઉઘાડવાની વસ્ત્રકળા મગનભાઈ દેસાઈ ૧૭૨
શાસનમુક્ત સમાજની દિશામાં વિનોબા ૨૪
'શાળાઓમાં શિસ્ત તૂટી પડી છે' ગોપાળદાસ પટેલ ૨૩૩
શિક્ષણ અને સમાજવાદી વ્યવસ્થા મગનભાઈ દેસાઈ ૬૫
શિક્ષણ-જગતની શિસ્તનો સવાલ મગનભાઈ દેસાઈ ૨૬૪
શિક્ષણની સ્વતંત્રતા અને સરકારી નિયંત્રણ દ૦ વા૦ પોતદાર ૧૪૯
શૂન્યવાદનું મોજું મગનભાઈ દેસાઈ ૩૪૫
શ્રમયોગ અને યંત્રયુગ મગનભાઈ દેસાઈ ૪૧
શ્રાદ્ધદિનની શીખ રવિશંકર મહારાજ ૧૨૧
શ્રી પાઠકસાહેબ મગનભાઈ દેસાઈ ૨૫૭
શ્રી રતન તાતા પરનો ગાંધીજીનો કાગળ ૩૦૨
સદ્‌ગુણો વિનાની મહત્ત્વાકાંક્ષા ! ચંદ્રકાન્ત ઉપાધ્યાય ૨૧૬
સમાન ભાષા અને પ્રજાભાવ મગનભાઈ દેસાઈ ૩૬૮
સર્વ શક્તિમાન કિરતારની રચના ગાંધીજી ૩૩
સંત-સાહિત્ય મુકુલભાઈ કલાર્થી ૨૮૦
સાધુનો ઉદ્યોગ કેમ વધારવો ? વિ૦ ૩૧૩
સાહિત્યકારોનો ભૂદાનમાં ફાળો વિનોબા ૧૯૩
સાહિત્યિક શિસ્ત એમ. વી. રાજગોપાળ ૧૧૬
સિગારેટ વિ૦ કેન્સર ૨૧૩
સેવાકાર્ય, વ્યક્તિ અને સંસ્થા મગનભાઈ દેસાઈ ૧૩૧
સૌજન્યશીલ ગોવર્ધનરામભાઈ મુકુલભાઈ કલાર્થી ૩૨૧
સ્વાતંત્ર્યયાત્રાની ચોથી પેઢી મગનભાઈ દેસાઈ ૨

હાથકાગળનું ક્ષેત્ર વિ૦ ૨૭૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથછડ શા માટે — મગનભાઈ દેસાઈ ૮૯
હિંદ અને પાકિસ્તાન — મગનભાઈ દેસાઈ ૨૯૬
"હિંદ પ્રકાશ" — ગાંધીજી ૧
હિંદી અને ઉર્દૂ — મગનભાઈ દેસાઈ ૨૯૩
હિંદી માધ્યમ અને ગાંધીજી — મગનભાઈ દેસાઈ ૨૮૯
હૃદયશક્તિનો ચમત્કાર — મગનભાઈ દેસાઈ ૯૭

૨. નવું વાચન — પુસ્તકસૂચિ

['મુ૦ ક૦' સિવાયના લેખકોનાં નામોનો જ નિર્દેશ કર્યો છે એટલે નામ વિનાના લેખો 'મુ૦ ક૦'ના સમજવા.]

અજિત ભીમદેવ — ૧૨૭
અધ્યાપનકળા — ૨૮૭
અધ્યાહમ લિંકન — ૩૮૪
અંબડ વિદ્યાધર રાસ — ૯૨
આત્મકથા — ૩૫૨
આપણું સાહિત્ય — ૨૨૨
ઇતિહાસની તેજમૂર્તિઓ — ૨૮૮
કવિતા — ૧૯૫૩ — ૬૪
કસુંબીનો રંગ — ૨૨૨
ખેતરને ખોળે — ૧૨૭
ગાતાં ઝરણાં — ૯૨
ગુજરાતની વાર્તા સમૃદ્ધિ — ૧૫૯
ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો — ૨૨૨
ગુજરાતી સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ — ૨૨૨
ઘડતર અને ચણતર — ધાં૦ ૨૨૩
ચક્રવર્તી ભરતદેવ — ૧૨૭
છાશ અને માખણ — ૧૨૭
છેલ્લો અભિનય — ૬૪
જપજી — ૧૫૯
જિંદગીના ફેરા — ૨૮૭
જ્ઞાનકુંજ — ૩૧
ઠક્કરબાપા — ૩૮૪
દિવ્યદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્ર — ૨૮૮
'ધૂમકેતુ' વાર્તા સૌરભ — ૩૮૪
નલ-દવયંતી રાસ — ૧૬૦
નિર્વાસિતા — ૧૫૯
પદ્મન — ૩૧૪
બ્રહ્મદેશ દર્શન — શાં૦ ગાં૦ ૨૮૮
ભૂદાન — ૩૧૪
મંગળસૂત્ર — ૧૨૮
મારી વાર્તાઓ — ૧૫૯
રમણભાઈ નીલકંઠ — ૧૫૯
રાય કરણઘેલો — ૧૨૭
રેતી અને મોતી — ૩૫૨
વૃક્ષ અને વેલી — બંસીલાલ ગાંધી ૨૨૪
શ્રી મા આનંદમયીના સાન્નિધ્યમાં — ૩૫૨
શ્રી રામકૃષ્ણ પરમહંસ — મ૦ ૧૨૮
સરફરોશ — ૧૨૮
સરી જતી રેતી — ૩૮૪
સાધુ તો ચલતા ભલા — ૨૫૬
સુંદરપુરની શાળાનો પહેલો કલાક — ૨૮૭
સ્વપ્નનો ભંગાર — ૧૯૨
સ્વ. સર લલ્લુભાઈ શામળદાસ — ૩૫૨

૩. માસિક વિવેચન

['મ૦'ની નોંધો સિવાયની જે છે, તેમના લેખકની જ સંજ્ઞા બતાવી છે. એટલે નહીં સંજ્ઞાવાળી નોંધો 'મ૦'ની સમજવી.]

અનુકરણીય — ૩૨૦
અનુકરણીય — મજમુદાર પરીક્ષિતલાલ ૨૨૫
અભિનંદન — ૯૪, ૨૨૦
અવળી શિખામણ — ૩૨
અ-હા-બોમ્બથી યુદ્ધનિવારણ! — ૨૮૨
આંખેજી તો નહીં રહી શકે — ૨૫૩
આસ્થાની જરૂર — ૧૫૭
આંતર-ભાષા હિંદી — ૯૩
આંતરભાષા હિંદીનો પ્રચાર — ૨૮૬
આંબેડકર અને બૌદ્ધધર્મ — ૧૮૯
ઉચ્ચ શિક્ષણનું માધ્યમ — ૨૨૦
એશિયા અને આફ્રિકા — ૨૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કળા અને અંકુશનીતિ ૨૧૯
કાનપુરની હડતાલ ૨૮૪
કેવળ પૂર્વગ્રહ ૬૧
કેળવણી અને રાષ્ટ્રીયતા ૬૨
કેળવણીની ઉદ્યોગપદ્ધતિ ૨૨૧
કોનો દોષ ? ૬૩
કોનો વાંક — કોનો દંડ ! ૩૫૦

ગણિતની પરિભાષા ૨૮૫
ગંજીફાનું વ્યસન ૩૨–અ
ગામડાની માધ્યમિક શાળા ૫૯
ગાંધી સ્મારક નિધિ ૨૧૯
ગુજરાત યુનિ૦ને ધન્યવાદ ૧૫૭
ગુજરાત યુનિવર્સિટીનો ધડારૂપ નિર્ણય ૨૫૪
ગુજરાતી ભાષાનો વિકાસ ૧૫૬
ગુજરાતી સાહિત્ય પરિષદનું બંધારણ ૩૫૧
ગુનાનું કારણ — ગરીબાઈ કે ધનસંપત્તિ મુ૦ ક૦ ૧૫૮

ચોથા ધોરણની ઇતિહાસની ચોપડી ૬૩
ચોપડીઓનો ખર્ચ ૨૫૧
ચોપડીવગ્રુ શિક્ષણ ૨૨૦

જગતની શાંતિનું રાજકારણ ૧૯૧

તદ્વિદ અને વહીવટદાર ૩૧૭

દશાંશ સિક્કા ૨૮૪
દાંપત્યનો આદર્શ ૧૮૭
દુઃખદ નિવેદન ૩૪૮
દેશી ભાષાઓ અને રાજ્યવહીવટ ૩૮૩
દેશીરાજ્ય-ખાતું વિલીન થયું ૬૩
ધુળેટીની માઝા ૧૨૫

નબળાઈનું કાવ્ય ૬૩
નવા જમાનાનું અર્થશાસ્ત્ર ૧૮૭
૯૦,૦૦૦ ! મુ૦ ક૦ ૧૨૬
નોકરીની પરીક્ષાની ભાષા ૧૫૭
૨૫૦૦ મી બુદ્ધજયંતી ૧૮૯

પંચશીલ ૧૮૪
પંચશીલ (નનામું) ૨૫૫
પંજાબમાં ભાષાઓનો પ્રશ્ન ૩૧૯
પંડિતજી ઘણું જીવો ૧૨૩
પાછલે બારણેથી અંગ્રેજી ? ગો૦ ૯૫
પાઠ્યપુસ્તક, છાપકામ અને કાગળ ૨૫૧
પાયાની કેળવણીની આગેકૂચ ૧૨૬
પ્રૌઢો માટે કૉલેજ-શિક્ષણ ૧૨૩

બનારસ સંસ્કૃત યુનિવર્સિટી ૫૯
બાળકો પર જંતુયુદ્ધ ૨૮૫
બિન-ગુજરાતીઓ માટે ભાષાની પરીક્ષા ૨૫૫
બેકાર માણસ ને બેકાર યંત્ર ૧૮૪

ભણેલી બેકારી ૬૧
ભલે પધાર્યા ૯૫

માધ્યમ અને નોકરીઓ ૨૫૩
માધ્યમ કેવળ ગુજરાતી નથી ૧૫૬
માધ્યમ-ફેરની પ્રક્રિયા ૨૫૪
મુસલમાનો અને એક-લગ્ન-પ્રથા ૧૮૮
મુંબઈમાં માધ્યમનો જંગ ૩૨૦ અ
મુંબઈ યુનિવર્સિટી ૧૫૮
મુંબઈ યુનિ૦માં માધ્યમ વિચાર ૨૫૩
મુંબઈ રાજ્યનો નવો નકશો ૩૫૧
મુંબઈ રાજ્યમાં પાયાની કેળવણી ૬૧
'મ્યૂઝિયમ' ૧૯૦

રમઝાનના રોજા ૧૮૬
રાજકારણના રંગ ૩૧૮
રાજ્યની નવી એક સૂચના ૫૯
રાજ્યબંધારણ અને ઈશ્વર ૩૮૧

લગનગાળો અને કાયદા ૧૮૬
લોકશાહી અને તદ્વિદશાહી ૩૧૬
લોકશિક્ષણ અને ગાંધીમેળો ૧૨૪

વડોદરા યુનિ૦નું માધ્યમ ૧૫૮
વણમાગી સૂચના ૯૪
વરસગાંઠની ઉજવણી ૩૧૫
વાવટો રાષ્ટ્રનો કે સરકારનો ? ૩૧૮
વાણિજ્યના વિદ્યાર્થીઓની એક ફરિયાદ ૩૮૨
વિચારવા જેવી વાત ૨૮૬
વિદ્યાર્થીમંડળોની મૂંઝવણ ૩૧૫

શિક્ષણ અને રંગદ્વેષ ૧૮૬
શિક્ષણનું ધોરણ અને અંગ્રેજી ૩૪૮
શિક્ષણનો અવેજ — લશ્કરી તાલીમ ? ૧૮૫
શિક્ષણમાં સ્વાતંત્ર્ય એટલે શું ? ૧૨૫
શિસ્ત અને સંસ્કૃતિ ૨૫૧
'શીલ્ડ' માટે પર્યાય ૩૮૨
"શુભેચ્છક આપખુદી" કે લોકશાહી ? ૬૦
શ્રી એન. એમ. જોષી ૨૧૮
શ્રી રામદાસ ગુલાંટી ૧૮૪

સામ્રાજ્યવાદનો અંત ૨૮૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સો વરસ ઉપરનો દાખલો ૩૨ અ
સ્વ. દુર્ગાબહેન ૨૧૮
સ્વ. દેસાઈભાઈ પટેલ ૩૨
સ્વ. રત્નમણિરાવ ૩૨૦
હાઈસ્કૂલો માટે સંયુક્ત વ્યવસ્થા સમિતિ ૧૨૪
હિંદની પરદેશનીતિ ૨૮૩
હિંદનું રાષ્ટ્રીય ગ્રંથાલય ૧૯૦
હિન્દી પ્રચાર તાલીમ વર્ગ ગિરિરાજકિશોર ૨૨૧

૪. છેલ્લું પૂછું

કાયદાની મર્યાદા આર. એન. મેકઆઇવર ૯મા અંકનું
કોણ મોં ઢાંકે? ૩જા ,,
દુર્ગાણિ અતितरन्ति ते ૮મા ,,
ધનિકો વધારે ધનિક થાય છે? જવાહરલાલ નેહરુ ૨જા ,,
'નિંદક બાળા વીર હમારા' ૪થા ,,
માતૃભાષા ગાંધીજી ૫મા ,,
શાળામાં રિસ્ત ૧લા અંકનું
સર્વ લોકોનો શાશ્વત ધર્મ ૭મા ,,
'સંપત્તિની વહેંચણી વિ૦ કુરાળતાની વહેંચણી' ૧૨મા ,,
સાચો પ્રયત્ન છઠ્ઠા ,,
सर्वे धर्मास्तण्डुलप्रस्थमूलाः आचार्य आनंदशंकर ध्रुव ૧૧મા ,,
સાર્વત્રિક શાશ્વત ધર્મ : ઇંદ્રિયનિગ્રહ ૧૦મા ,,

૫. લેખકસૂચિ

ઉપાધ્યાય, ચંદ્રકાન્ત — ખેલદિલી ૩૪૪; બુનિયાદી શાળા અને ચારિત્ર્યની ખિલવણી ૨૭; સદ્‌ગુણો વિનાની મહત્ત્વાકાંક્ષા! ૨૧૬

ઑશનર, રૉ. એલન — સિગારેટ વિ૦ કૅન્સર ૨૧૩

કલાર્થી, મુકુલભાઈ — એબ્રાહમ લિંકન ૭૮; એબ્રાહમ લિંકનનું જગવિખ્યાત વ્યાખ્યાન ૨૦૫; ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ૨૦૯; સંત-સાહિત્ય ૨૮૦; સૌજન્યશીલ ગોવર્ધનરામભાઈ ૩૨૧

કુમારપ્પા, ભારતન — ગાંધીજી અને લોકશાહી ૨૦

કોઠારી, વિઠ્ઠલદાસ — ખેતમજૂરોની સ્થિતિ ૧૫૧; યુગોસ્લાવિયામાં ખેતીસુધારણા ૨૩૮; રાષ્ટ્રીય આવક કેમ વધારવી? ૮૬

ગાંધી, છગનલાલ ખુ૦ — કિંબરલીની હીરાની ખાણોમાં ગાંધીજી ૧૨૦; માતૃભાષા વિષે ગાંધીજી ૩૩૨

ગાંધીજી — આઝાદ હિંદમાં ઉચ્ચ કેળવણી ૨૬૧; પશ્ચિમની સ્વતંત્રતાનું પોકળ ૩૫૩; મહાત્મા ગોખલેનો વારસો ૮૨; શ્રી રતન તાતા પરનો ગાંધીજીનો કાગળ ૩૦૨; સર્વ શક્તિમાન કિરતારની રચના ૩૩; "હિંદ પ્રકાશ" ૧

ગાંધી, બંસીલાલ — વૃક્ષ અને વેલી ૨૨૪

ગાંધી, મનુબહેન — દિલ્હીમાં ગાંધીજી ૪, ૪૨, ૧૧૦, ૧૪૩, ૧૭૩, ૨૩૯, ૨૬૪, ૩૪૦, ૩૫૪

ગિરિરાજકિશોર — રાષ્ટ્રભાષા હિન્દીના ઇતિહાસની રૂપરેખા ૧૩; હિન્દી પ્રચાર તાલીમ વર્ગ ૨૨૧

ગો૦ — કુરુધર્મ ૨૯; દૂધ અને દુધાળાં ઢોર ૪૭; પાછલે બારણેથી અંગ્રેજી? ૯૫; ભારતની નદી-યોજનાઓ: એક પ્રશસ્તિ ૧૮૩

ઢબે, નાથાલાલ — માધ્યમ-ફેરનાં પરિણામ ૩૧૨

દીવાનજી, દિલખુશ બ૦ — પછાત પ્રદેશમાં નવી તાલીમનો પ્રયોગ ૧૧૪

દેસાઈ, મગનભાઈ — અખિલ હિંદ નોકરીઓ માટેની પરીક્ષાનું માધ્યમ ૧૬૯; આઇન્સ્ટાઈન ૧૨૯; આખરી ફેંસલો ૧૦૦; આપણો મોટામાં મોટો પ્રજાકીય વ્યવસાય ૨૦૩; આશા અને માનવતા ૩૩૬; આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સત્યાગ્રહ ૩૨૮; ઇજનેર-વિદ્યાની પરિભાષા ૩૫૯; ઉદ્યોગ દ્વારા તાલીમ ૨૩૭; કેળવણી અને રાજ્યનો અંકુશ ૨૬૦; કેળવણીની નવી અને નૂતની પદ્ધતિ ૩૬૪; કેળવણીમાં 'મૅકોલેની પરંપરા' ૩૩૮; કોમ અને જ્ઞાતિ ૧૫૪; કોમવાદ અને જ્ઞાતિવાદ ૧૯૯; કોલેજોમાં તામિલનું માધ્યમ ૨૩૪; ક્રાન્તિ અને શાંતિ તથા સત્યાગ્રહ ૨૪૮; ક્રાન્તિનાં એંધાણ ૨૪૭; ગાંધી, નેહરુ અને વિનોબા ૧૬૪; ગાંધીયુગની સ્થાપના ૭૩; ગુજરાતમાં વધુ એક વિદ્યાપીઠ ૨૬૨; ગુજરાત યુનિવર્સિટીની વહીવટ-ભાષા ૨૫૯; જ્ઞાતિ, કોમ અને રાષ્ટ્ર ૨૩૨; દેશબંધુ શ્રી ચિત્તરંજન દાસ ૩૬૫; નવજીવનોમાં અનાચાર ૨૭૨; નવી વ્યવસ્થા માટેની કેળવણી ૨૭૦; પાઠ્યપુસ્તકો અને સરકાર ૨૨૬; પાઠ્યપુસ્તકોની રામાયણ ૧૬૧; બીજું વિશ્વયુદ્ધ અને પ્રાંતિક સ્વરાજનો અંત ૧૭૬;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખી.સી.જી. નો ઉપદ્રવ ૩૧૦; ભારતની કેળવણીમાં ભૂલભરેલું વલણ ૩૪; ભાષા અને સાહિત્યની સર્જનશક્તિ ૫૧; માધ્યમિક કેળવણી ૧૩૪; માધ્યમિક શિક્ષણની સુધારણા ૬૮; મુંબઈની અંગ્રેજ શાળાઓ ૨૩૬; રમતગમત દ્વારા રાષ્ટ્રીય ઘડતર ૧૧૫; રાષ્ટ્રીય એકતા અને ભાષાઓ ૩૭૭; રાષ્ટ્રીય શિક્ષણના વિકાસનાં છેલ્લાં સો વરસ ૧૦; રાષ્ટ્રીય શિક્ષણનાં સો વરસનો ઇતિહાસ – ૨૩૮; લોકશિક્ષણ, સાહિત્ય અને પત્રકારી ૩૨૪, ૩૬૯; વલ્લભ વિદ્યાપીઠ ૨૯૦; વિજ્ઞાનની પરિભાષા ૩૫૯; વેપારનો લોભ અને રંગદ્વેષ ૧૧૩; શબ્દવ્યૂહ અને જ્યોતિષ ૧૪૮; શબ્દવ્યૂહનો જુગાર ૮૮; શરીરની લાજ ઉઘાડવાની વસ્ત્રકળા ૧૭૨; શિક્ષણ અને સમાજવાદી વ્યવસ્થા ૬૫; શિક્ષણ-જગતની શિસ્તનો સવાલ ૨૯૪; શૂન્યવાદનું મોજું ૩૪૫; શ્રમયોગ અને યંત્રયુગ ૪૧; શ્રી પાઠક-સાહેબ ૨૫૭; સમાનભાષા અને પ્રજાભાવ ૩૬૮; સેવાકાર્ય, વ્યક્તિ અને સંસ્થા ૧૩૧; સ્વાતંત્ર્યયાત્રાની ચોથી પેઢી ૨; હાથછડ શા માટે ૮૯; હિંદ અને પાકિસ્તાન ૨૯૬; હિંદી અને ઉર્દૂ ૨૯૩; હિંદી માધ્યમ અને ગાંધીજી ૨૮૯; હૃદયશક્તિનો ચમત્કાર ૯૭

દેસાઈ, લાલભાઈ ૨. — કેળવણી અને સંસ્કાર ૩૭૨

ધર્માધિકારી, દાદા — ઍલેકઝાંડર ફ્લેમિંગ ૧૫૩

નાયક, ઘેલુભાઈ — ડાંગ પ્રદેશમાં દારૂબંધી ૧૭૮; ડાંગી ભાષાના કેટલાક શબ્દો ૯૧

નાયક, ડાહ્યાભાઈ જી. — ભીલોનાં લોકગીતો ૫૫

નેહરુ, જવાહરલાલ — ભાષા અને સાહિત્યની સર્જનશક્તિ ૫૧

પટેલ, ગોપાળદાસ — 'શાળાઓમાં શિસ્ત તૂટી પડી છે' ૨૩૩

પરીખ, રામલાલ — આયોજન અને શ્રમદાન ૨૦૭; પ્રાચીન અગ્નિએશિયા ૨૯૯

પાં૦ — ઘડતર અને ચણતર ૨૨૩

પિયર્સન, ડ્બ્લ્યૂ — સિગારેટ વિ૦ કૅન્સર ૨૧૩

પોતદાર, દ૦ વા૦ — શિક્ષણની સ્વતંત્રતા અને સરકારી નિયંત્રણ ૧૪૯

પ્રો. નેમીસરણ — ક્રાન્તિ અને શાન્તિ તથા સત્યાગ્રહ ૨૪૮

ફ્રેંકલીન, ચાર્લ્સ — મહાન મુક્તિદાતા અબ્રાહમ લિંકન ૯૯

મ૦ — શ્રી રામકૃષ્ણ પરમહંસ ૧૨૮; ઉપરાંત જુઓ 'માસિક વિવેચન' એ લેખસૂચિનો ખંડ પણ

મજમુદાર, અરવિંદલાલ લ૦ — ગુજરાતી શુદ્ધલેખન ૧૭૭

મજમુદાર, પરીક્ષિતલાલ — અનુકરણીય ૨૫૫

મહેતા, અન્નપૂર્ણા — આણંદ ગ્રામ વિદ્યાપીઠ ૨૯૮

મુ૦ ક૦ — અહલ્યાબાઈ ૨૫; અંગ્રેજીને નામે પ્રગતિનો વિરોધ ૧૪૭; એવરેસ્ટ પર ચડાઈ ૨૨૭; ગુનાનું કારણ — ગરીબાઈ કે ધનસંપત્તિ? ૧૫૮; ૯૦,૦૦૦! ૧૨૬; પંચશીલ ૨૪૫; ઉપરાંત જુઓ 'નવું વાચન' એ લેખસૂચિનો ખંડ પણ

રવિશંકર મહારાજ — કર્મની સાથે ભક્તિ જોઈએ ૧૭૯; જીવન-ઘડતરની તાલીમ ૨૭૭; શ્રાદ્ધદિનની શીખ ૧૨૧

રસેલ, બર્ટ્રાન્ડ — જ્ઞાન, શાણપણ અને સદાચાર ૮૫

રાજગોપાલાચારી, ચક્રવર્તી — કૅન્સર ૨૧૫; બી. સી. જી. રસી — હું શા માટે એનો વિરોધ કરું છું? ૨૭૩, ૩૧૧; બુદ્ધિશાળી યુવાનોને ચેતવણી ૨૨૫

રાજગોપાળ, એમ. વી. — સાહિત્યિક શિસ્ત ૧૧૬

વસાવડા, ચંદ્રકાન્ત — વિશ્વશાંતિની સમસ્યા (૧) ૧૦૬, (૨) ૧૩૫

વાઢેર, પુરુષોત્તમ — કેળવણી આ રીતે સુધરે? ૩૭

વિ૦ — કાપડ ઉદ્યોગ માટે યોજના ૨૯૫; ધાણીની શક્તિ ૩૪૭; માધ્યમિક શિક્ષણનો વિસ્તાર કેમ કરવો? ૧૪૬; સાબુનો ઉદ્યોગ કેમ વધારવો? ૩૧૩; હાથકાંગળાનું ક્ષેત્ર ૨૭૯

વિનોબા — કેળવણીનો કોયડો ૮; નવી અથવા પાયાની કેળવણી ૨૦૧; બધા વર્ણોનો ધર્મ ૨૭૬; શાસનમુક્ત સમાજની દિશામાં ૨૪; સાહિત્યકારોનો ભૂદાનમાં ફાળો ૧૯૩

વૈદ્ય, મનુભાઈ પ્રા૦ — અખિલ ભારતીય શિક્ષણ સંમેલન, પટણા ૪૯

શાં૦ ગાં૦ — બ્રહ્મદેશ દર્શન ૨૮૮

શ્રીમન્નારાયણ — પાયાની કેળવણીની કલ્પના ૨૬૮

સૈયદીન, કે. જી. — પાયાની કેળવણીની કલ્પના ૨૬૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં કેટલાંક ગુજરાતી પ્રકાશનો

ગાંધીજીનાં પુસ્તકો

અનાસક્તિયોગ	૦-૮-૦	'ત્યાગમૂર્તિ'	૨-૦-૦	કુસુમબહેન દેસાઈને પત્રો	૦-૧૨-૦
અહિંસાનો પહેલો પ્રયોગ	૧-૦-૦	દ૰ આ૰ ના સત્યાગ્રહનો ઇતિહાસ	૩-૦-૦	બાળપોથી	૦-૩-૦
આત્મકથા	૨-૦-૦	દિલ્હી ડાયરી	૩-૦-૦	ભાષાવાર રાજ્યરચના	૦-૩-૦
સંક્ષિપ્ત આત્મકથા	૧-૦-૦	દેશી રાજ્યોનો પ્રશ્ન	૧-૮-૦	મંગળપ્રભાત	૦-૩-૦
આરોગ્યની ચાવી	૦-૭-૦	ધર્મમંથન	૨-૦-૦	રચનાત્મક કાર્યક્રમ	૦-૫-૦
આશ્રમજીવન	૦-૬-૦	ધર્માત્મા ગોખલે	૦-૯-૦	રામનામ	૦-૧૦-૦
સૉક્રેટીસનો બચાવ	૦-૨-૦	નિત્ય મનન	૧-૦-૦	રાષ્ટ્રભાષા વિષે વિચાર	૦-૧૨-૦
ખરી કેળવણી	૨-૮-૦	'નીતિનાશને માર્ગે'	૦-૧૦-૦	વર્ણવ્યવસ્થા	૦-૧૨-૦
ગામડાંની વહારે	૦-૪-૦	પાયાની કેળવણી	૧-૪-૦	વ્યાપક ધર્મભાવના	૨-૮-૦
ગાંધી-સરકાર પત્રવ્યવહાર	૨-૮-૦	પ્રેમપન્થ-૧થી ૪ અને ૬ (દરેકની)	૦-૪-૦	શિક્ષણનું માધ્યમ	૦-૩-૦
ગીતાપદાર્થકોષ	૦-૪-૦	આશ્રમની બહેનોને પત્રો	૧-૦-૦	સત્યાગ્રહાશ્રમનો ઇતિહાસ	૧-૦-૦
ગીતાબોધ	૦-૪-૦	સરદાર વલ્લભભાઈને પત્રો	૩-૦-૦	સર્વોદય	૦-૩-૦
ગોસેવા	૧-૮-૦			હિંદ સ્વરાજ	૦-૬-૦

શ્રી મહાદેવ દેસાઈનાં પુસ્તકો

એક ધર્મયુદ્ધ	૦-૧૨-૦	મહાદેવભાઈની ડાયરી ૧-૫	૨૫-૦-૦	વિરાજવહુ	૧-૪-૦
ત્રણ વાર્તાઓ	૧-૪-૦	મારી જીવનકથા—નેહરુ	૬-૦-૦	સંત ફ્રાંસિસ	૦-૬-૦
બુદ્ધાઈ ખિદમતગાર	૦-૧૨-૦				

શ્રી કાકા કાલેલકરનાં પુસ્તકો

ઓતરાતી દીવાલો	૦-૧૨-૦	પૂર્વ આફ્રિકામાં	૩-૦-૦	લોકમાતા	૧-૮-૦
જીવતા તહેવારો	૨-૦-૦	બાપુની ઝાંખી	૧-૦-૦	શ્રી નેત્રમણિભાઈને	૦-૧૪-૦
જીવનનો આનંદ	૪-૦-૦	બ્રહ્મદેશનો પ્રવાસ	૦-૧૦-૦	સંકલિતા ભગવદ્‌ગીતા	૧-૪-૦
જીવનસંસ્કૃતિ	૫-૦-૦	માનવી ખંડિયેરો	૨-૮-૦	સ્મરણયાત્રા	૨-૦-૦
ધર્મોદય	૧-૪-૦	રખડવાનો આનંદ	૪-૦-૦	હિમાલયનો પ્રવાસ	૧-૮-૦

શ્રી કિશોરલાલ મશરૂવાળાનાં પુસ્તકો

અહિંસાવિવેચન	૨-૮-૦	ગાંધીજી અને સામ્યવાદ	૧-૪-૦	ભાવિ હિંદનું દર્શન	૦-૧૦-૦
ઊધઈનું જીવન	૧-૦-૦	ગીતાધ્વનિ	૦-૮-૦	રામ અને કૃષ્ણ	૧-૪-૦
કાગડાની નજરે	૦-૯-૦	ગીતામંથન	૨-૮-૦	વિદાય વેળાએ	૧-૦-૦
કેળવણીના પાયા	૧-૮-૦	જીવનશોધન	૩-૦-૦	સમૂળી ક્રાન્તિ	૧-૪-૦
કેળવણીવિકાસ	૧-૪-૦	તિમિરમાં પ્રભા	૧-૮-૦	સ્ત્રી-પુરુષ-મર્યાદા	૧-૮-૦
કેળવણીવિવેક	૧-૪-૦	બુદ્ધ અને મહાવીર	૧-૦-૦		

શ્રી નરહરિ પરીખનાં પુસ્તકો

કન્યાને પત્રો	૧-૦-૦	ત્યારે કરીશું શું?	૨-૮-૦	યંત્રની મર્યાદા	૧-૦-૦
કરંડિયો	૧-૪-૦	પ્રાચીન સાહિત્ય	૧-૦-૦	શ્રેયાર્થીની સાધના	૩-૦-૦
ગ્રામવિદ્યાપીઠની ભૂમિકા	૦-૧૪-૦	મહાદેવભાઈનું પૂર્વચરિત	૦-૧૨-૦	સરદાર વલ્લભભાઈ ભા. ૧-૨	૧૧-૦-૦
ચિત્રાંગદા	૦-૧૦-૦	માનવ અર્થશાસ્ત્ર	૬-૦-૦	સરદાર વલ્લભભાઈનાં ભાષણો	૫-૦-૦
જાતે મજૂરી કરનારાઓને	૦-૪-૦				

શ્રી જુગતરામ દવેનાં પુસ્તકો

આશ્રમી કેળવણી	૪-૮-૦	ગાંધીજી	૦-૧૦-૦	પ્રહ્લાદ નાટક	૦-૧૦-૦
આંધળાનું ગાડું	૦-૪-૦	ગીતાગીતમંજરી	૧-૦-૦	લોકપ્રોથી	૦-૪-૦
કૌશિકાખ્યાન	૦-૩-૦	ગ્રામભજનમંડળી	૦-૧૦-૦	હળપતિ-મુક્તિ	૦-૬-૦
ખેડૂતનો શિકારી	૦-૬-૦	ગ્રામસેવાના દસ કાર્યક્રમો	૧-૦-૦		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મગનભાઈ દેસાઈનાં પુસ્તકો

અપંગની પ્રતિભા	૧–૮–૦	મુંડકોપનિષદ	૨–૦–૦	સત્યાગ્રહની સપ્તપદી	૨–૦–૦
કળા એટલે શું?	૩–૮–૦	યોગ એટલે શું?	૩–૪–૦	સુખમની	૨–૦–૦
કુંવરબાઈનું મામેરું	૧–૦–૦	મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ	૦–૬–૦	સુદામાચરિત	૦–૧૪–૦
જગતનો આવતી કાલનો પુરુષ	૧–૪–૦	વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	૦–૬–૦	સુદામાજીના કેદારા	૦–૧–૬
નળાખ્યાન	૩–૦–૦	સત્યાગ્રહની મીમાંસા	૩–૦–૦	હિંદની અંગ્રેજ વેપારશાહી	૪–૦–૦

શ્રી ગોપાલદાસ પટેલનાં પુસ્તકો

ગૌતમ બુદ્ધ	૧–૮–૦	મહાવીરસ્વામીનો આચારધર્મ	૧–૧૨–૦	શ્રીમહાવીર-કથા	૫–૦–૦
ગ્રામવિદ્યાપીઠ	૧–૧૨–૦	મહાવીરસ્વામીનો સંયમધર્મ	૧–૮–૦	શ્રી રાજચંદ્ર	૩–૮–૦
મનુષ્યની સર્વાંગીણ કેળવણી	૧–૪–૦	યોગશાસ્ત્ર	૨–૮–૦	સર્વોદયની કેળવણી	૧–૪–૦
મ૦ સ્વામીનો અંતિમ ઉપદેશ	૩–૦–૦	શ્રીમદ્ ભાગવત	૩–૮–૦	સર્વોદયની જીવનકળા	૩–૦–૦

અન્ય લેખકોનાં પુસ્તકો

અચલાયતન	૧–૦–૦	જીવનનું પરોઢ	૮–૦–૦	રચનાત્મક કાર્યક્રમ —	
અમારાં બા	૧–૮–૦	ટાઇફોઈડ	૦–૯–૦	કેટલીક સૂચનાઓ	૦–૩–૦
અર્થશાસ્ત્રની પરિભાષા	૦–૧૪–૦	ઠક્કરબાપા	૪–૦–૦	રામકૃષ્ણ ઉપનિષદ	૧–૮–૦
અર્થશાસ્ત્રપ્રવેશિકા	૨–૮–૦	દારૂબંધી શા સારુ	૦–૧૦–૦	રાષ્ટ્રભાષાનો સવાલ	૦–૭–૦
અસહકારનો વિચાર	૦–૮–૦	પાણી	૦–૧૪–૦	લોકશાહી	૨–૦–૦
અહિંસાની તાલીમ	૦–૬–૦	પ્રૌઢશિક્ષણ	૦–૧૪–૦	વણાટપ્રવેશ	૧–૦–૦
આત્મનિરીક્ષણ	૧–૦–૦	બહેનોને	૦–૬–૦	વર્ધાશિક્ષણયોજના	૧–૦–૦
આત્મસિદ્ધિશાસ્ત્ર	૧–૮–૦	બાપુ	૧–૪–૦	વિચારદર્શન	૧–૮–૦
આધુનિક ભારત	૬–૦–૦	બાપુના કારાવાસની કહાણી	૬–૦–૦	વિજ્ઞાનની પરિભાષા	૦–૧૦–૦
આશ્રમભજનાવલિ	૦–૧૦–૦	બાપુની પ્રસાદી	૨–૦–૦	વિનીત નેડણીકોશ	૭–૮–૦
આહાર અને પોષણ ૧–૨	૧–૬–૦	બાપુની સેવામાં	૨–૦–૦	વિશ્વશાંતિ	૦–૪–૦
ઇન્દુને પત્રો	૧–૦–૦	બાપુ — મારી મા	૦–૮–૦	શિક્ષણ અને સંસ્કૃતિ	૧–૪–૦
ઇસ્લામનો સુવર્ણયુગ	૧–૪–૦	બા બાપુની છાયામાં	૨–૪–૦	શીલ અને સદાચાર	૦–૬–૦
ઈશાવાસ્યવૃત્તિ	૦–૧૦–૦	બુદ્ધચરિત	૩–૦–૦	શ્રાદ્ધના તેર દિવસ	૦–૬–૦
એકલો જાને રે	૨–૦–૦	બોધક ઠીકડીઓ	૦–૧૪–૦	શ્રી જમનાલાલજી	૦–૬–૦
કલકત્તાનો ચમત્કાર	૧–૦–૦	બોધિચર્યાવતાર	૧–૦–૦	સમૂહજીવન અને છાત્રાલય	૧–૦–૦
કલ્કી અથવા સંસ્કૃતિનું ભાવિ	૧–૦–૦	બૌદ્ધસંઘનો પરિચય	૨–૦–૦	સર્વોદયનો સિદ્ધાંત	૦–૧૨–૦
કાવ્યપરિચય ૧–૨ (દરેકની)	૧–૮–૦	ભ૦ બુદ્ધના પચાસ ધર્મસંવાદો	૩–૦–૦	સંક્ષિપ્ત કરણઘેલો	૧–૦–૦
કાંતણવિદ્યા	૦–૭–૦	ભ૦ મહાવીરના દશ ઉપાસકો	૧–૮–૦	સંક્ષિપ્ત જીવનકથા – નેહરુ	૧–૮–૦
કેળવણી વડે ક્રાંતિ	૩–૦–૦	ભ૦ મહાવીરની ધર્મકથાઓ	૨–૮–૦	સાધુચરિત ત્રિવેદીસાહેબ	૨–૮–૦
ખાદીવિદ્યાપ્રવેશિકા	૧–૪–૦	ભૂદાનયજ્ઞ	૧–૪–૦	સાપ	૨–૮–૦
ખિસ્સાકોશ	૧–૦–૦	મઝધાર	૨–૮–૦	સીતાહરણ	૧–૦–૦
ગાંધીજી — એક અધ્યયન	૪–૦–૦	મધપૂડો	૧–૪–૦	સુત્તનિપાત	૧–૦–૦
ગાંધીજીના પાવન પ્રસંગો	૦–૬–૦	મધુકર	૨–૦–૦	સુસંવાદ	૦–૫–૦
ગાંધીજીની સાધના	૨–૪–૦	મરુકુંજ	૧–૦–૦	સ્થાનાંગ-સમવાયાંગ	૧૦–૦–૦
ગાંધીજી સાથે ગોળમેજીમાં	૧–૦–૦	મલેરિયા	૦–૭–૦	સ્થિતપ્રજ્ઞદર્શન	૧–૮–૦
ગાંધી સાહિત્ય સૂચિ	૩–૪–૦	મહાસભાના ઠરાવો	૬–૦–૦	સ્વદેશી સમાજ	૦–૧૨–૦
ગીતા પ્રવચનો	૧–૦–૦	મંદિરપ્રવેશ અને શાસ્ત્રો	૩–૦–૦	સ્વરાજ્યશાસ્ત્ર	૦–૮–૦
ગોપાલન	૩–૦–૦	મારી જીવનકથા–રાજેન્દ્રપ્રસાદ	૮–૦–૦	હજરત મહંમદ અને ઇસ્લામ	૧–૪–૦
ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ	૧–૮–૦	મારું ગામડું	૧–૪–૦	હિંદનું પ્રજાકીય અર્થશાસ્ત્ર	૧–૮–૦
ઘરમાખી	૦–૭–૦	મારું હિંદનું દર્શન—નેહરુ	૯–૦–૦	હિંદનો કોમી ત્રિકોણ	૩–૦–૦
જીવનદૃષ્ટિ	૧–૪–૦	મીઠું	૦–૧૨–૦	મહાસભાનું બંધારણ	૦–૬–૦
જીવન દ્વારા શિક્ષણ	૨–૮–૦	યંત્રો સામે બળવો	૦–૧૦–૦	હિંદુસ્તાની વ્યાકરણ પ્રવેશ	૦–૬–૦

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

સા વિદ્યા યા વિમુક્તયે

વર્ષ ૧૫–અંક ૧] અમદાવાદ [જાન્યુઆરી, ૧૯૫૬

"મોતનો સપાટો"

["અભયને દૈવી સંપત્તિના લક્ષણમાં પ્રથમ સ્થાન ગીતાજીમાં આપ્યું છે: અભયમે અપનાવશે તેને સત્યનું આચરણ સહજ થશે". દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતને અંગે આ વાકય મુદ્રાલેખ જેવું ગણેલું. અને તેનો ઉપયોગ તે દિવસોમાં આપેલાં અનેક ભાષણો તથા લેખમાં કરેલ છે. સત્યાગ્રહની લડતમાં આશાનિરાશાનું ત્રાજવું ડોલાયમાન થતું તેવે પ્રસંગે ગાંધીજીએ ઉત્સાહના અનેક લેખો પીરસ્યા છે તેમાંનો આ એક છે:—

છગનલાલ ગાંધી]

"વિલાયતની પાર્લમેંટમાં એક સભાસદે હિંદી વજીરને સવાલ પૂછ્યો કે સન ૧૯૦૧ થી ૧૯૧૧ સુધીમાં મરકીમાં હિંદુસ્તાનમાં કેટલાં માણસોનાં મરણ થયાં હશે? તેનો જવાબ મળ્યો કે બોતેર લાખ પચાસ હજાર મરણ એ દસ વર્ષમાં મરકીથી થયેલાં છે."

મુંબઈની હાલની વસ્તી દસ લાખની ગણાય છે. એટલે સાત મુંબઈથી ઉપરાંતની વસ્તીનો ભોગ દસ વર્ષમાં મરકીએ લીધો. ડરબનની વસ્તી સાડ હજારની (૧૯૧૨ના સમયમાં) ગણાય છે. એટલે ૧૨૦ ઉપરાંત ડરબન મરકીમાં એક દાયકામાં તણાઈ ગયાં!! આમ છતાં આપણો કારભાર ચાલ્યા કરે છે. આપણને તો અમરપટો છે એવું ધારી બેઠાં છીએ.

ઉપરની ચોંકાવનારી મરણસંખ્યાનું પરિણામ તો એ આવવું જોઈએ કે મરણની દહેશત આપણે છોડી દઈએ; અને આખરે આપણા કિરતારને જવાબ દેવો પડશે એમ જાણી આપણે તૈયાર રહેતા થઈએ.

વળી બીજો વિચાર તો એ આવવો જોઈએ કે જો મરકીથી થતા અકાળ મૃત્યુથી આપણે અથવા આપણા ભાઈને મરવું પડે છે, તો આપણે દેશને ખાતર કાં ન મરીએ? આપણું માન જાળવવા કેમ તલવારની ધારે ન ચાલીએ? એક વર્ષમાં સાત લાખથી ઉપરાંત મરણ મરકીથી થયાં!! એક વર્ષ લગી સત્યાગ્રહની લડત ચલાવી જો સાત લાખ માણસો અરે સિત્તેર હજાર પણ પોતાનો ભોગ દેશને ખાતર આપે, તો હિંદુસ્તાન ઉપર એક પણ દુઃખ ન હોય. પ્રમાણમાં દક્ષિણ આફ્રિકામાં સાતસો માણસ ખરા યજ્ઞમાં પોતાનો ભોગ આપે, તો આપણાં બંધન તૂટે અને આપણને માન મળે. પણ ઘણી વેળા દેશમાં શું કે અહીં (દક્ષિણ આફ્રિકામાં) શું એવું બને છે કે આપણે સત્યથી સત્યાગ્રહ નથી ચલાવતા. આપણે તો અસત્યને સત્યાગ્રહમાં પણ મેળવી દઈએ છીએ. અનીતિને પકડી રાખીને નીતિવાન થવા જઈએ છીએ. આપણે સત્યાગ્રહનો ડોળ કરીએ છીએ. આથી આપણી લડત લંબાઈ; ને આવાં જ કારણોથી આપણને હજુ ઘણાં દુઃખો ભોગવવાં પડે છે.

મરકી આપણી ઉપર કેમ ઘેરો ન ઘાલે? મરકી એ ગજબ નથી. એ તો આપણને ચેતવનારી નિશાની છે. મરકી આપણને કહે છે 'તું ભલે શરીરને, પૈસાને, સગાંને વળગી રહે; તું ભલે ત્રણ દમડીના તારા પેટને ખાતર પાટુ ખાય, હલકો થાય, જૂઠું બોલે, પણ મારો ઝપાટો જોજે, એક પલકમાં તને હું ખેંચી લઈશ ને તારું બધું રવડી રહેશે. છતાં તું ચેતતો નથી કે તારું કામ તો હમેશાં સત્યને માર્ગે ચાલવાનું છે. તારે હલકા નથી થવાનું, તું મરદ છે, અને મરદ થઈ તારે મરવાનું કે જીવવાનું છે.'

મરકીનો આ અવાજ જે સાંભળશે તે જીતેલો જ છે.

'ઇંડિયન ઓપિનિયન' **મો૦ ક૦ ગાંધી**

ઑગસ્ટ ૧૯૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલ્હીમાં ગાંધીજી

[શ્રી મનુબહેન ગાંધીની ડાયરીમાંથી]

૨૦-૧૧-'૪૭
બિરલા હાઉસ, નવી દિલ્હી

નિયમ મુજબ પ્રાર્થના. પ્રાર્થના પછી 'હરિજન' અંગેનાં લખાણોની તૈયારી સારુ આવેલી ટપાલ સાંભળી. આજે ટપાલ કોઈને લખાવી ન શકયા. થાકેલા હતા, એટલે ટપાલ સાંભળતાં સાંભળતાં જ બાપુજી સૂઈ ગયા.

ફરતી વેળા રાજેન્દ્રબાબુજી આવ્યા હતા. તેમની સાથે વાતમાં ને વાતમાં બાપુજી બોલ્યા :

"કોણ જાણે કેમ, પણ મને હવે એવો ભાસ થાય છે કે, જેઓ બધાં આગેવાનો છે તેમને હું સાચી હકીકત કહું છું તો તેઓને લાગે છે કે, આ બુઢ્ઢાની મતિ ફરી ગઈ છે. તમે માનતા હશો એટલો હું જૂનાગઢ કે કાશ્મીરના પ્રશ્ન પર સંતુષ્ટ નથી જ, એમ મારે તમને સ્પષ્ટ જણાવવું જોઈએ. જોકે ભાગલા થયા એ જ અજુગતું હતું – પણ ભૂલોની પરંપરા આપણે કરી રહ્યા હોઈએ એમ મને લાગે છે. કયાં સુધી ચાલશે, ઈશ્વર જાણે. પણ પ્રજાને હવે આપણે સૂક્ષ્મ રીતે છેતરી રહ્યા છીએ એમ હું જોઉં છું. તમને સહુને છોડીને હમણાં આ છોકરી જ એક મારા યજ્ઞમાં છે તેને લઈ ચાલતો થાઉં ? પણ મારો ધર્મ હજુ મારા મનથી શો છે તે સ્પષ્ટ નથી. માર્ગમાં અંધારું છે. પ્રકાશ શોધવાનાં ફાંફાં મારું છું. ગઈ રાતે ખૂબ રામસ્મરણ કર્યું અને વિચારતો હતો કે, આખર આપણે શું કરવું છે ? કયાં જઈ રહ્યા છીએ ? . . . આગેવાનો વચ્ચે આટલી હરીફાઈ શી ? તેમાં લાભ શો ? સેવા શી ? પ્રજા તો આપડી ગાય જેવી છે, જ્યાં દોરશો ત્યાં જશે. આ તો હું તમને મારું મનોમંથન કહી રહ્યો છું કે, આપણી આ નાજુક પરિસ્થિતિમાં સહુનો શો ધર્મ હોઈ શકે ? બાકી આગેવાનો અને સત્તા તમારા હાથમાં છે. હું તો કોંગ્રેસનો ચાર આનાનો સભાસદ પણ નથી, તેમ નથી કોઈ સરકારી તંત્રનો સત્તાધારી. છતાં તમે સહુ મને સાંભળો છો એ તમારા સૌના વિવેકની મને ભારે કિંમત છે. તમે આ વાત સાથી-દારોને કહી શકો તો કહેજો. હું માનું છું કે, સાઠે બુદ્ધિ નાઠે – તેમ મારી બુદ્ધિ હવે બહેર મારી ગઈ હોય અને તે હું પોતે ન જોઈ શકતો હોઉં, ન અનુભવી શકતો હોઉં, પણ બીજાઓ જોઈ જ શકે."

ફર્યા પછી નિયમ મુજબ પગ ધોઈ માલિશ, સ્નાન વગેરે. દરમિયાન, મારી સાથે પણ ખૂબ વાતો કરી. આજે સૂતા નહીં. મને કહ્યું કે : "હું જેની જેની સાથે હમણાં હમણાં જે કંઈ વાતો કરી રહ્યો છું તે તારે ચીવટપૂર્વક સાંભળી લખી લેવી. કારણ કે, હું જેઓને કંઈ કહું છું તે બધું ઈશ્વરની પ્રેરણાથી જ કહી રહ્યો છું. અને જે મને સત્ય લાગતી વાતો તેમને ન કહું અને માત્ર સ્તુતિ જ કર્યા કરું તો હું તેમનો બેવફા સાથી ગણાઉં. આખરે અમે સહુ એક જ ધ્યેય, એક જ ક્ષેત્ર, એક જ કાર્યોના સાથી છીએ. અંકુશો માટે મારે આટલી રકઝક કરવી પડે, બાદી અને ગ્રામઉદ્યોગની ચીજોના વપરાશને માટે કહેવું પડે, એ સઘળું આશ્ચર્ય-જનક નથી તો શું છે ?" આમ બાપુજીએ વાતો કહી.

ભોજન સમયે શંકરરાવજી દેવ આવ્યા. તેમને પણ અત્યારની પરિસ્થિતિની વાતો કહી. ભાષાની પણ ચર્ચા ચાલી. બાપુજીને તેમની સાથેની કેટલીક વાતો પરથી એ પણ દુઃખ થયું કે, તેમનું વલણ 'મહારાષ્ટ્રીઓ' તરફ કંઈક વધુ ઝૂકે છે. બાપુજી કહે, "પછી રજપૂતો કહેશે કે અમારે રાજપૂતિસ્તાન જોઈએ, ગુજરાતીઓ કહેશે અમારે ગુજરાત જોઈએ. તમે બધા શું કરવા માગો છો તેની મને સમજ પડતી નથી. એક હિંદના ભાગલા પાડયા તો તમને હવે આ સૂઝે છે ના ? આખરે સહુએ કરવું છે શું ?"

બાપુજી ઠીક ઠીક ગરમ થઈ ગયા હતા. તડકે બેઠા. એમના મનમાં કંઈક ભારે દુઃખ અને આઘાત હોય એમ લાગે છે. છતાં ખૂબ પ્રફુલ્લિત છે અને અમને તો આનંદ પણ કરાવે છે. એ પછી રામેશ્વરી-બહેન આવ્યાં. સંતાનમજી પણ હતા. તેમની સાથે પણ આજ સવારથી જે વાતો ચાલે છે તે જ બધી કહી. રામેશ્વરીબહેને પંજાબની બહેનોના કરુણ કિસ્સાઓ કહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાજી આવ્યા. તેઓ, માઉન્ટબેટન (રાણીના) લગ્ન પર ઇંગ્લંડ ગયા છે, તેથી હિંદના સહુ પ્રથમ ગવર્નર જનરલ થયા. સરોજિની નાયડુ (અમ્માજાન) પણ અહીં છે. તેઓ વાઇસરૉય હાઉસમાં છે ને માંદાં હોવાને કારણે બપોરના ત્યાં જઈશું.

૧-૨૦ ઓખલા પાસેનો હિંદુ કૅમ્પ જોવા ગયાં. સુચેતાબહેન સાથે હતાં. તેઓ ખૂબ કામ કરી રહ્યાં છે. કાલિકા મંદિરમાં આ છાવણી છે. ત્યાંની સફાઈ, અનાજ વ. નું ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરી ઑફિસરોને યોગ્ય સૂચનાઓ આપી. અને નિર્વાસિતોને પણ આશ્વાસન આપતાં કહ્યું કે,

"આવેલા દુઃખને પણ સુખમય રીતે પસાર કરશો તો ખરેખર સુખી થશો. આટલી ગંદકી અને અવ્યવસ્થિત સ્થિતિમાં શા માટે રહેવું? ઈશ્વરે તો આપણને હાથપગ આપ્યા છે. થોડીક મહેનત કરી જંગલને મંગલ બનાવી દઈએ તો તેમાં સૌનું શ્રેય થશે. અને તડકા પાછળ છાંયો હોય છે, છાંયા પછી તડકો, રાત અને દિવસ, અંધારિયું અને અજવાળિયું — એ બધું કુદરતી નિયમના આધારે ચાલે છે, તેમાંથી આપણા જીવન માટે આપણે બોધપાઠ લેવો જોઈએ."

ત્યાંથી વળતાં ૨-૩૦ વાગ્યે ગવર્નમેન્ટ હાઉસમાં મિસિસ નાયડુને જોવા ગયાં. અંદર પ્રવેશ કરતાં જ પદ્મજાબહેન દરવાજે આવ્યાં અને બાપુને ફૂલથી વધાવ્યા. પછી રાજાજી આવ્યા. એમણે પણ વધાવ્યા. સેંકડો વર્ષની ગુલામી પછી એક હિંદી ગવર્નર જનરલ બન્યા પછીનો આ પહેલો જ પ્રવેશ હતો. વળી બંને જણા સગા વેવાઈ!! અપૂર્વ દૃશ્ય હતું. લિફ્ટમાં ઉપર ગયાં. અમ્માજાનની ખબર પૂછી અને માંદાં પડ્યા બદલ એક હળવી લપાટ બાપુજીએ તેમને મારી. તેમની પાસે અડધો કલાક ગાળી નીચે રાજાજીના ઓરડામાં આવ્યાં. પદ્મજાબહેને બાપુજીના ભાવિ કાર્યક્રમ વિષે પૂછ્યું. બાપુજીએ કહ્યું, "મારી ઇચ્છા પાણીપતમાં જઈને રહેવાની છે." રાજાજી અને બાપુજી એક જ સોફા પર બેઠા હતા. તેઓએ એક કલાક સુધી વાતો કરી. વચ્ચે ઠંડી ખાવાનું નિમંત્રણ પણ બાપુજીને રાજાજીએ આપ્યું. મેં વિનોદમાં કહ્યું, "અમારે ત્યાં તો વેવાઈને 'લાપસી' ખવડાવે!" રાજાજી ન સમજે એટલે બાપુજીએ આખો રિવાજ પણ કહી સંભળાવ્યો. આમ બંને મહાન રાજદ્વારી નેતાઓ વચ્ચે રાજદ્વારી વાતો ઉપરાંત હળવો વિનોદ પણ ચાલી રહ્યો હતો. એક અનોખું જ દૃશ્ય હતું. લક્ષ્મીકાકી, ગોપુ વ. બધાં હતાં.

૩-૩૦ પછી ત્યાંથી પાછાં ફર્યાં. આવીને હજુ હાથ મોઢું ધોયાં ત્યાં તો મુલાકાતીઓની કતાર જામી હતી. રોહિણીકુમાર અને અંજનાથ મુકરજી આવ્યા. બંગાળના ભાગલા પર ખૂબ નારાજ હતા. બેલિયાઘાટાવાળા બીઅમ્મા, ઘનશ્યામદાસજી, જોગેનબાબુ અને બીજાઓ હતા. બાપુજી થાકેલા પણ હતા. આજે સૂઈ નથી શક્યા. પણ પ્રાર્થનામાં જતાં પહેલાં દસ મિનિટ સૂતા. પા થી પા બાપુજીના પગ દાબ્યા. કહેતા હતા કે પગ કળે છે.

પ્રાર્થનાસભામાં જતાં જતાં બે ચિઠ્ઠીઓ મળી. તેનો પ્રથમ ઉત્તર આપ્યો. એક ચિઠ્ઠીમાં ભજનો ગાવાની માગણી હતી, અને એક ચિઠ્ઠીમાં પોતે નોકરી છોડી દીધી છે અને બાપુજીના હાથ નીચે રહીને કામ કરવા માગે છે એવી માગણી હતી.

બાપુજીએ કહ્યું, "નોકરી છોડી દીધી છે તે ભાઈએ બોટું કર્યું છે. બ્રિટિશ અમલ દરમિયાન મેં સરકારી નોકરી છોડવાનું કહેલું તે વાત સાચી. પણ હવે તો આપણી જ સરકાર છે. અને ભજન ગાવાની માગણીના સંબંધમાં ગમે તેને ભજન ગાવાની છૂટ નથી. જેઓને ઈશ્વર પ્રત્યે પૂરી શ્રદ્ધા હોય તે જ ભજન ગાઈ શકે છે. આ છોકરીઓમાં એ સંસ્કાર રહેલા છે. અને તેઓ બિચારી ખૂબ ભાવનાથી ગાય છે. જો એ રીતે છૂટ આપવામાં આવે તો અહીં ગાયક વૃંદનો પાર ન રહે.

"હવે મુખ્ય વાત પર આવું. આજે હું સુચેતાદેવી અને કેટલાક સાથીઓ સાથે ઓખલાની મુલાકાતે ગયો હતો. ત્યાંની છાવણીની વ્યવસ્થા બીજી છાવણીઓના પ્રમાણમાં સારી હતી. છતાં વધુ સારી અને એવી આશા તો રાખું જ. ઓખલામાં યાત્રાળુઓ માટે ધર્મશાળા બાંધવામાં આવી છે તેમાં નિરાશ્રિતોનો વસવાટ છે. ત્યાં પાણીની મુશ્કેલી છે. તે જો દૂર થઈ શકે તો વધુ નિર્વાસિતોને વસાવી શકાય તેવી તે જગ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હવે જ્યારે હું નિર્વાસિતોની હકીકત તમને કહું છું ત્યારે એક બીજી હકીકતથી પણ તમને માહિતગાર કરવાનો મારો ધર્મ સમજું છું. અને તે એ કે, મને એવા સમાચાર મળ્યા છે કે, નિર્વાસિતો અંદરોઅંદર કાળાં બજાર કરે છે. અમલદારોને પણ જો લાંચ મળે તો જ તેઓ સગવડ આપે છે. અને બીજી રીતે પણ અમલદારોની વર્તણૂક ચોખ્ખી નથી. જો આ હકીકત સાચી હોય તો ઘણી ખતરનાક છે. અને હું ઇચ્છું છું કે, મારી પાસે આવેલી આ હકીકત ખોટી જ નીવડે.

"હવે બીજી વાત તરફ તમારું લક્ષ ખેંચું. કિશનગંજમાં ગૌશાળાઓનો વાર્ષિકોત્સવ અત્યારે ચાલી રહ્યો છે અને તેમાં આચાર્ય કૃપાલાની પ્રમુખ થવાના છે, તે તો તમે સહુ જાણતા જ હશો. મને આ મેળાવડો કરનારાઓ તરફથી ખાસ આગ્રહ કરવામાં આવ્યો છે કે, કંઈ નહીં તો ફક્ત દસ જ મિનિટ માટે મારે ત્યાં જવું. હું માનું છું કે, કોઈ પણ સમારંભમાં ફક્ત શોભા આપવાને ખાતર જવું એનો કશો જ અર્થ નથી. દસ મિનિટમાં હું શું જોઉં? શું કરું? શું બોલું? શું સાંભળું? અને અત્યારે તો એક જ કાર્ય હાથમાં લઈને બેઠો છું કે, દિલ્હીમાં 'દિલી' દોસ્તી થાય અગર મારું મૃત્યુ... તેમ છતાં ગૌસેવાનું કામ પણ આ બધાં કાર્યોમાંનું એક છે, એટલે અહીં બેઠાં બે શબ્દો તમારી મારફતે તેમને પહોંચાડું.

"હું વગર સંકોચે કહી શકું છું કે, હિંદની રાજદ્વારી સ્વતંત્રતા મેળવવાના કામ કરતાંય હિંદની પશુસંપત્તિની ખિલવણી કરી તેને સાચવી રાખવાનું કામ વધારે અઘરું છે. અને આજે વર્ષોથી એ કામ હું કરતો આવ્યો છું. ગાયનો ખરો પૂજક હોવાનો મારો દાવો છે. જોકે એ વિષયના મારા જ્ઞાનથી જનતાને મેં કદાચ અણજાણ રાખી હશે. પણ હું એ વિષયનો શોખીન છું. અને એ વિષયનું જ્ઞાન ધરાવું છું. મારે કહેવું જોઈએ કે, જે લોકો ગૌશાળાની વ્યવસ્થા કરે છે તે બધા એ સંસ્થાને નામે પૈસો કેમ વધારે મળે તેનાં ફાંફાં મારે છે, પણ તેની આદર્શ વ્યવસ્થાની કશી જ સમજણ નથી. હિંદ એક એવો પ્રદેશ છે કે આદર્શ ગાયો, બળદો, ખૂંટો આપી શકે; ચોખ્ખાં દૂધ ઘી પૂરાં પાડી શકાય, — કારણ કે આપણા દેશની આબોહવા, જમીન, ઘાસચારો, કપાસિયા વગેરેની, — જો આપણી આળસ આપણે ઉડાડીએ તો, કશી જ ખામી નથી, અને આપણો દેશ આ બાબતમાં દુનિયાભરમાં સહુથી પહેલો રહેવો જોઈએ, તેને બદલે આપણો દેશ આ બાબતમાં સહુથી છેલ્લો છે. ગૌશાળાના વ્યવસ્થાપકોને ગાયનાં છાણ મૂતર, મરેલાં ઢોર વ.નો કેવો ઉપયોગ કરવો જોઈએ, તેની પણ કશી સમજણ નથી. અને એ અજ્ઞાનતાને કારણે આપણે દર વરસે કરોડો રૂપિયાનું નુકસાન તો વેઠીએ જ છીએ. છતાં ચોખ્ખાં દૂધ ઘી પામતા નથી."

પ્રાર્થના પછી બાપુજી ફર્યા. ફરતી વેળા આજે ખાસ કોઈ ન હતું; અમે બાળકો જ હતાં. એટલે ફરવામાં લહેર રહી. બાપુજી વચ્ચે વચ્ચે દોડાવતા હતા (ઠંડી ઊડી જાય તેથી).

સોફિયાબહેન અને સિંધી કાર્યકર જેઠીબહેન આવ્યાં. સિંધની વાતો કરતાં હતાં. બાપુજીએ કહ્યું: "તું સિંધમાં મુસલમાનોને હાથે કતલ થઈ જાય તો હું તો નાચું. અને તો બધા જ હિંદુઓ ઊગરી જાય. આમ તમે આગેવાનો તમારી મિલકત લઈ, બાળકો લઈ પ્લેઈનમાં કે સ્ટીમરમાં ચાલ્યાં આવો, અને મારી પાસે આવી રોદણાં રુઓ, એ મારાથી સહન નથી થતું. કાં તો ત્યાં મરો અથવા પાસે રડવા આવવાનું છોડો. આગેવાનો સિંધ છોડી નિર્દોષ પ્રજાને છોડીને ચાલ્યા આવ્યા છે, એ મારા માટે અફસોસની અને શરમની હકીકત છે. આથી વધારે હું શું કહું?" બે ચાર વાક્યોમાં બાપુજીએ ઠીક ઠીક દુઃખ ઠાલવ્યું.

પ્રવચન લખી પૂરું થયું તેવામાં સુધીરભાઈ આવ્યા. દસેક મિનિટ તેમની સાથે વાતો કરી. ૯-૩૦ પછી સૂવાની તૈયારી કરી. મેં પણ મીરાંબહેનની બધી સેવા વહેલી પતાવી. દસ વાગે છે અને આ છેલ્લું વાક્ય લખીને સૂવા જાઉં છું.

— ચાલુ]

મનુબહેન ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડુક્યોપનિષદનો સ્વાધ્યાય

ચાર પગલે જેનું આકલન અને દર્શન થઈ શકે છે, એવા ચતુષ્પાદ આત્માનું સ્મરણ કરીને, માંડુક્ય ઉપનિષદનો આ સ્વાધ્યાય શરૂ કરું છું.

એ અક્ષર બ્રહ્મરૂપ આત્માની સ્તુતિ ગીતાકારે નીચેનાં રસાળ પદો દ્વારા કરી છે તે યાદ કરીને, ૐકાર-સ્વરૂપ એ આત્મપુરુષના કીર્તનના આ ઉપનિષદનો સ્વાધ્યાય શરૂ કરું છું:

યદક્ષરં વેદવિદો વદન્તિ
વિશન્તિ યદ્ યતયો વીતરાગાઃ ।।
યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ
તત્ તે પદં સંગ્રહેણ પ્રવક્ષ્યે ।।
।। ૐ ઇત્યેકાક્ષરં બ્રહ્મ ।।
(અ૦ ૮-૧૧, ૧૩)

ततः पदं तत् परिमार्गितव्यम्
यस्मिन् गता न निवर्तन्ति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये
यतः प्रवृत्तिः प्रसृता पुराणी ।।
(અ૦ ૧૫-૪)

निर्मानमोहा जितसंगदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैः
गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ।।
(અ૦ ૧૫-૫)

જેને કહે 'અક્ષર' વેદવેત્તા,
જેમાં વિરાગી યતિઓ પ્રવેશે;
જે કાજ રાખે વ્રત બ્રહ્મચર્ય,
કહું તને તે પદ સાર રૂપે —
ૐ એકાક્ષરી બ્રહ્મ.

શોધી પછી તે પંદને પ્રયત્ને —
જ્યાં પ્હોંચનારા ન પડે ફરીથી —
તે પામવું આદિ પરાત્મ રૂપ,
પ્રવૃત્તિ જ્યાંથી પ્રસરી અનાદિ.
નિર્માન, નિર્મોહ, અસંગવૃત્તિ,
અધ્યાત્મનિષ્ઠા નિત, શાંતકામ;
છૂટેલ દ્વંદ્વ સુખદુઃખરૂપી,
અમૂઢ તે અવ્યય ધામ પામે.

૨.

કેનોપનિષદનો સ્વાધ્યાય પૂરો થયા પછી જણાવ્યું હતું કે, હવે પછી બીજું એક નાનું ઉપનિષદ શરૂ કરીશ. કેટલાક મિત્રોની સૂચના હતી કે, માંડુક્ય લેવું. તે પરથી એ શરૂ કરું છું.

૩

આ ઉપનિષદ નાનાં ઉપનિષદોમાંય નાનું છે. તેના ૧૨ મંત્ર છે. પરંતુ તેમાં નિરૂપેલી વાત તેવી જ મહાન અને અપૂર્વ છે. તેથી સમજ્યાં કહ્યું ગણાતાં ઉપનિષદોમાં તે ગણાય છે. ત્યારે તેનો મહિમા પણ તે પ્રમાણે જ છે.

મુક્તિકોપનિષદમાં રામચંદ્રજીને હનુમાન પ્રશ્ન કરે છે —

इयं कैवल्यमुक्तिस्तु
केनोपायेन सिध्यति ?

(હે રામચંદ્રજી, આ પ્રકારની કૈવલ્યમુક્તિ કયા ઉપાયે કરીને સિદ્ધ થાય?)

રામચંદ્રજી જવાબ આપે છે —

मांडुक्यमेकमेवालम्
मुमुक्षाणां विमुक्तये ।। २६ ।।

(હે મારુતિ, મુમુક્ષુઓની વિમુક્તિ માટે એક માંડુક્ય ઉપનિષદ એકલું જ બસ છે.)

મતલબ કે, ૧૦૮ ઉપનિષદોનો સાર કે અર્ક આ ઉપનિષદમાં આવી જાય છે. સાર તો ટૂંકો અને મિતાક્ષરી જ હોય, તે મુજબ આ ઉપનિષદ પણ ટૂંકું અને મિતાક્ષરી જ છે.

એને સમજાવવાને માટે શ્રી શંકરાચાર્યના પરમ-ગુરુ શ્રી ગૌડપાદાચાર્યે તેના ભાષ્ય રૂપે વિસ્તૃત કારિકા રચી છે, તે માંડુક્ય-કારિકા નામે ઓળખાય છે. ચાર ખંડમાં કુલ ૨૧૫ શ્લોક તેમાં છે. તેમાં ઉત્તર મીમાંસા કે વેદાન્તનું અદ્વૈત દર્શન શું છે તે કહ્યું છે. માંડુક્ય આ દર્શનનું ઉચ્ચારણ કરતું પરમ ઉપનિષદ ગણાય છે. તેની આર્ષ વાણીનો પ્રસાદ એવો જ અનુપમ છે.

અથર્વવેદમાં માંડુક્યનું સ્થાન છે. કોઈ ઋષિના એવા નામ ઉપરથી તેનું નામ પડ્યું હશે કે કેમ, તે ખબર નથી. બાકી, તેનું વસ્તુ જોતાં તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ૐકારોપનિષદ કે આત્મોપનિષદ કે એવું નામ આપવું યથાર્થ લાગે, કારણ કે તેમાં ('ૐકાર એટલે એ અક્ષર આ બધું છે,') ૐ ઇતિ એતદ્ અક્ષરમ્ ઇદં સર્વમ્ — એ પ્રતિજ્ઞા સમજાવી છે. શું કામ ૐ એ શબ્દ પરમ સત્યનો વાચક છે એટલું જ નહીં, ૐકાર એ સત્યરૂપ જ છે એ શી રીતે, તે સમજાવનારું આ ઉપનિષદ છે.

આ સમજ અતિ ટૂંક વિવેચનથી છતાં પૂરી સયુક્તિકતાથી તે આપે છે. અને એમ કરીને જીવનની સાધના માટે ૐકારોપાસના પણ ગર્ભિત રીતે સૂચવે છે.

આમ આ ઉપનિષદ ટૂંકમાં જીવનની તર્કશુદ્ધિ અને પરિપૂર્ણ મીમાંસા કરે છે અને તેમ કરવા માટે જ્ઞાનવિજ્ઞાનના સમગ્ર ક્ષેત્રને પોતાના વ્યાપમાં લે છે અને તેની તલસ્પર્શી સમીક્ષા કરે છે, પણ તેના વિવરણમાં પડ્યા વગર. આ અનુસ્યૂત રહેલા જ્ઞાન-વિજ્ઞાનના વિવરણનો ફોડ પાડીને વિચાર તેની કારિકામાં કરવામાં આવ્યો છે.

આ ઉપનિષદ આવું ગહન હોઈ, એવી માન્યતા પણ લોકોમાં છે કે, તે સંન્યાસીઓને માટે છે. મુક્તિકોપનિષદ કહે છે એમ, તે મુમુક્ષુઓ માટે છે. બધાં જ ઉપનિષદ તેમને માટે છે. તેમાંય આ તો સવિશેષે કરીને તેવું છે, કારણ કે તેમાં બધાં ઉપનિષદોનું તારતમ્ય મંત્રરૂપે રજૂ કરવામાં આવ્યું છે. આમ છતાં, તેની ખૂબી એ છે કે, તર્ક અને ન્યાયની શુષ્કતા વગર,— કાવ્યરસના પ્રસાદવાળી ભાષામાં અને ગેયતા-ભર્યા છંદમાં, તેના મંત્રો આ તારતમ્ય કહે છે.

આટલી પ્રસ્તાવના પછી આગળનો સ્વાધ્યાય આવતા અંકમાં લઈશું.

૨૪-૧૨-'૫૫ **મગનભાઈ દેસાઈ**

તિરુ વલ્લુવર

૧

આશરે બેએક હજાર વર્ષ ઉપર દક્ષિણમાં થઈ ગયેલા તિરુ વલ્લુવરનું નામ તે પ્રદેશના લોકોના હૃદયમાં અમર થઈ ગયું છે. એમનું નામ આમ તો વલ્લુવર છે. તિરુ વલ્લુવર એટલે સંત વલ્લુવર. પરંતુ તિરુ વલ્લુવર જાણે એમનું આખું નામ જ હોય એમ પ્રસિદ્ધિ પામ્યું છે.

તિરુ વલ્લુવરના જીવન વિષે બહુ ઓછી માહિતી મળે છે. કેટલાક એમ માને છે કે, તે હલકી જાતિના હતા; કેટલાકના મત પ્રમાણે તેમની માતા હલકી જાતિની હતી, પણ પિતા બ્રાહ્મણ હતા. તે કયાંના રહેવાસી હતા એ વિષે પણ કોઈ નિશ્ચિત કહી શકતું નથી.

તિરુ વલ્લુવર સંત કબીરની પેઠે વણકરનો ધંધો કરતા હતા. વણાટકામ કરીને પોતાનો નિર્વાહ ચલાવતા અને જીવનની સાધના પણ કરતા હતા. આસપાસના લોકોમાં તેમનું ખૂબ જ માન હતું.

તિરુ વલ્લુવરનાં ધર્મપત્નીનું નામ વાસુકિ હતું. તે ખૂબ સંસ્કારી અને સુશીલ હતાં. તિરુ વલ્લુવરને પોતાનાં પત્ની માટે ખૂબ આદરભાવ હતો. તે એમને દેવી જેવાં જ માનતા. વાસુકિ પોતાના પતિને ભગવાનની પેઠે પૂજતાં અને તેમના દરેક કામમાં ભાવપૂર્વક સાથ આપતાં. તે હમેશાં પોતાના પતિની સેવામાં તત્પર રહેતાં. પતિ સૂઈ જાય પછી તે સૂતાં અને પ્રભાતે પતિ જાગે તે પહેલાં તે જાગતાં.

તિરુ વલ્લુવર જે ગામમાં રહેતા હતા એની નજીકના ગામમાં તે ઘણી વાર પોતે વણેલું કાપડ વેચવા જતા. એક વાર એક શ્રીમંતનો સ્વચ્છંદી જુવાન છોકરો તે બજારમાં આવી ચડ્યો. તેની નજર એકાએક તિરુ વલ્લુવર પર પડી. તેમની લાંબી દાઢી અને શાંત ચહેરા પરથી તે સંત જેવા દેખાતા હતા. તેમની પાસે બે સાડી વેચવા માટે હતી. પેલા છોકરાએ કોઈને એમના વિષે પૂછ્યું. પેલા માણસે કહ્યું : "તે કંઈ મામૂલી વણકર નથી. લોકો તેમને મોટા સંત તરીકે માન આપે છે. બહુ જ મધુર સ્વભાવના છે અને કદી ગુસ્સે થતા જ નથી."

આ સાંભળીને પેલો છોકરો બોલ્યો : "જોયા, જોયા એવા સંતને! કોઈ દિવસ ગુસ્સે જ ન થાય એવું કદી બનતું હશે? જરા જુઓને, હમણાં એમને કેવા ગુસ્સે કરું છું?" એમ કહીને તે તિરુ વલ્લુવર પાસે ગયો. તિરુ વલ્લુવરે તેને મીઠાશથી બોલાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાએ કહ્યું : "મારે એક સાડી જોઈએ છે. એની શી કિંમત પડશે?"

તિરુ વલ્લુવરે કહ્યું : "બે રૂપિયા."

જુવાન છોકરાએ સાડી હાથમાં લીધી અને તેના બે કટકા કરી નાખ્યા. પછી તે બોલ્યો : "મારે અર્ધી સાડી જ જોઈએ. તેનું શું લેશો?"

તિરુ વલ્લુવરે શાંતિથી કહ્યું : "એક રૂપિયો."

એટલે પેલા છોકરાએ એક કટકાના બે ભાગ કરી નાખી એક કકડો બતાવી કહ્યું : "મારે આટલો કકડો જ જોઈએ છે. એનું શું પડશે?"

તિરુ વલ્લુવરે એટલી જ શાંતિથી જવાબ આપ્યો : "અહિં આના."

એમને આમ શાંત જોઈને પેલો જુવાન છોકરો નવાઈ પામ્યો. તેને તો એમને કોઈ પણ હિસાબે ગુસ્સે કરવા હતા. એટલે તેણે તે સાડીના ઘણા ટુકડા કરી નાખ્યા અને કિંમત પૂછ્યા કરી. તિરુ વલ્લુવર જરાયે ક્ષુબ્ધ થયા વિના તેને ઓછી કિંમત કહેતા ગયા. છેવટે પેલા છોકરાએ કહ્યું : "મારે હવે આ કકડા શા ખપમાં આવશે? મારે એ ન જોઈએ."

તિરુ વલ્લુવર બોલ્યા : "બેટા, તું સાચું જ કહે છે. આ કકડા કશા કામમાં આવી શકે એવા નથી."

પેલા જુવાન છોકરાને વિચાર આવ્યો, 'આ તો ભારે થઈ! ચડસાચડસીમાં મેં એમની સાડીના કકડે-કકડા કરી નાખ્યા.' તે પોતાના આવા કૃત્યથી ખૂબ શરમાઈ ગયો. તેણે જરા ઢીલા બની જઈ કહ્યું : "ના, ના, એવું કંઈ બને? હું તમને સાડીની પૂરેપૂરી કિંમત આપી દઉં છું. આ લો બે રૂપિયા."

તિરુ વલ્લુવરે રૂપિયા લીધા નહીં અને કહ્યું : "હું આ કકડાને કોઈ પણ રીતે સાંધીને કામમાં લઈશ. તમને આ કકડા કશા કામમાં આવે એમ નથી. તો પછી હું તમારી પાસેથી તેની કિંમત શી રીતે લઉં?"

છોકરાએ કહ્યું : "મારી પાસે તો ઘણા રૂપિયા છે. મારે પૈસાની કશી પડી નથી. તમે ગરીબ છો. મેં તમારી સાડી નકામી કરી નાખી છે. મારે તેની નુકસાની ભરપાઈ કરવી જોઈએ."

તિરુ વલ્લુવર આ સાંભળીને જરા ગંભીર અવાજે બોલ્યા : "બેટા, શું તું આ નુકસાનની ભરપાઈ કરી શકશે? શું તું એમ સમજે છે કે, બે રૂપિયા આપવાથી નુકસાનની ભરપાઈ થઈ જશે? કેટલાય બેડૂતોની મહેનતથી કપાસ ઉત્પન્ન થયો. તેના રૂમાંથી મારી પત્નીએ સૂતર કાંત્યું. મેં તે સૂતરને રંગ્યું અને સાળ પર વણીને સાડી તૈયાર કરી. કોઈ એ સાડીને પહેરે, ત્યારે જ આ સૌની મહેનત સફળ થયેલી ગણાય અને અમને એથી આનંદ થાય. તેં એ સાડીને ફાડીને તેના ટુકડેટુકડા કરી નાખ્યા. આટલા બધા લોકોની મહેનત નકામી ગઈ!"

તિરુ વલ્લુવરના આ શબ્દો સાંભળીને જુવાન છોકરાની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તે તિરુ વલ્લુવરના પગ આગળ નમી પડ્યો અને માફી માગવા લાગ્યો.

તિરુ વલ્લુવરે તેને પ્રેમથી ઉઠાડ્યો અને કહ્યું : "બેટા, જો હું બે રૂપિયાની લાલચમાં પડ્યો હોત, તો તારા જીવનના પણ આ સાડીની માફક બેહાલ થાત. તે કશા કામમાં ન આવત. હવે તને બધું બરોબર સમજાયું છે. એટલે આવી ભૂલ તું કદી કરશે નહીં. એક સાડી બગડે તો બીજી સાડી બનાવી શકાય. પરંતુ જીવન બરબાદ થઈ જાય તો બીજું જીવન ક્યાંથી લઈ આવશે?"

આ વાક્યોની પેલા યુવાન છોકરા ઉપર ખૂબ ઊંડી અસર થઈ. તે તિરુ વલ્લુવરને પગે પડી ઘેર ગયો અને પોતાના પિતા એલેલશિંગનને તેણે બધી વાત કહી.

એલેલશિંગનને થયું : 'મારા છોકરાને સુધારવા માટે મેં તનતોડ મહેનત કરી છે. પણ તેનું કશું પરિણામ આવ્યું નહીં. ત્યારે આ સંતની સાથેના તેના આ એક જ પ્રસંગથી તે આટલો બધો સુધરી ગયો છે, તો એ સંતનાં મારે અવશ્ય દર્શન કરવાં જ જોઈએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એલેલસિંગન તિરુ વલ્લુવરને તેમને ઘેર મળવા ગયો. તિરુ વલ્લુવરે અને તેમનાં પત્નીએ તેને ભાવભીનો આવકાર આપ્યો. એલેલસિંગન તરત જ તિરુ વલ્લુવરની સાધુતા ઓળખી ગયો અને પછી તો એ તેમનો ભક્ત જ બની ગયો. તેણે પોતાના છોકરાને પણ તિરુ વલ્લુવરની પાસે રાખ્યો. તિરુ વલ્લુવર પણ તે જુવાનને દરેક બાબતમાં સત્ય માર્ગ બતાવતા.

તિરુ વલ્લુવર સચ્ચાઈ, શીલ, મધુર વાણી, દયા, નેકી, નીડરતા, અક્રોધ, અનસૂયા, નિર્લોભતા, મોટાનો આદર કરવો, ભગવાન પર ભરોસો રાખવો એવા એવા જીવનપોષક સદ્‌ગુણો પર ખૂબ ભાર મૂકતા.

એક દિવસ એલેલસિંગન તિરુ વલ્લુવરને કહેવા લાગ્યો : "ગુરુજી, મારી એક વિનંતી સાંભળશો?"

"બોલો, તમારે શું કહેવું છે?"

એલેલસિંગન બોલ્યો : "આપના ઉપદેશામૃતથી મારા છોકરાનું જીવન સુધરી ગયું. પરંતુ આવી રીતે બીજા કેટલાય લોકો અજ્ઞાન-તિમિરમાં ભટકે છે. માટે જો આપ આપનાં જ્ઞાન અને અનુભવના નિચોડરૂપ એક ગ્રંથ લખો, તો એનો લાભ ઘણા લોકોને મળશે."

તિરુ વલ્લુવર વિચાર કરી બોલ્યા : "ભગવાનની કૃપાથી મેં જીવનનાં કંઈક પાસાં જોયાં છે. મોટાઓની વાતો સાંભળી છે. નાના-મોટા સૌની પાસેથી કંઈ ને કંઈ શીખ્યો છું. દરેક વાત પર મેં મનન કર્યું છે. જો મારા અનુભવથી કોઈને લાભ થતો હોય, તો સારું છે. હું એક નાનો ગ્રંથ લખીશ. જીવનમાં મેં જે કંઈ મેળવ્યું છે, એ સૌને વહેંચી દેવું એ મારો ધર્મ છે. તમારી આ વાતને હું ભગવાનનો આદેશ માનું છું."

પછી તિરુ વલ્લુવરે પદ્યમાં એક ગ્રંથ રચ્યો. તેમાં તેમણે જીવનના ત્રણ પુરુષાર્થનું આલેખન કર્યું. મોક્ષની બાબતમાં તેમણે કશું ન લખ્યું. તે કહેતા : "હું મોક્ષ વિષે શું જાણું? ધર્મની વાત મને આવડે છે. સંન્યાસીનો ધર્મ શો છે, ગૃહસ્થનો ધર્મ શો છે, એ વિષે હું કહી શકું. રાજકાજ અને બીજી લૌકિક બાબતોનું પણ મને જ્ઞાન છે. સ્ત્રીપુરુષના સંબંધ વિષે પણ અનુભવથી અને જ્ઞાનથી હું કંઈક જાણું છું. આ બધી બાબતો ઉપર લખવાનો મારો અધિકાર છે. પરંતુ મોક્ષની બાબતમાં લખવાનો મારો કશો અધિકાર નથી."

તેમના આ ગ્રંથની એલેલસિંગન પર ઊંડી અસર થઈ. તેણે તિરુ વલ્લુવરને વિનંતી કરતાં કહ્યું : "મહારાજ, આપને મારે બીજી વિનંતી કરવી છે. આપ આ ગ્રંથને મદુરાના પંડિતોની સભા આગળ ધરો. આપના ઉત્તમ ગ્રંથનું મૂલ્ય એ પ્રખર પંડિતો જરૂર આંકશે અને તેને ઉત્તમ ગ્રંથ તરીકે માન્ય કરશે. આમ થશે તો આપણા પ્રદેશના ધારા પ્રમાણે આપનો ગ્રંથ પ્રખ્યાત થશે અને પછી બધા જ લોકો તેનો લાભ લઈ શકશે."

તિરુ વલ્લુવરે તેની સલાહ માન્ય કરી અને તે મદુરા ગયા. મદુરાની પંડિતસભાએ આખા ગ્રંથનું ધ્યાનપૂર્વક મનન કર્યું. અને આખી સભાએ એકમતે એ ગ્રંથને તામિલ ભાષાના વેદ તરીકે જાહેર કર્યો. પંડિતોએ તિરુ વલ્લુવરનું પ્રેમથી સન્માન કર્યું.

આ કવિતા જે છંદમાં લખાઈ હતી તેને તામિલમાં 'કુરલ' કહે છે. તેથી તેમના આ ગ્રંથનું નામ 'તિરુક્કુરલ' — પવિત્ર કુરલ — પડ્યું. અને વલ્લુવરને લોકો ત્યારથી તિરુ વલ્લુવર — સંત વલ્લુવર — કહેવા લાગ્યા.

પછી મદુરાના પંડિતોએ તિરુ વલ્લુવરને વિનંતી કરી કે, "આપ અહીં રહીને બીજા ગ્રંથો લખો, ભાષા અને સાહિત્યની સેવા કરો તો કેવું સારું!"

પરંતુ તિરુ વલ્લુવરે કહ્યું : "હું કંઈ કવિ નથી. હું તો એક સાધારણ માણસ છું. જીવનમાં મને જે કંઈ અનુભવ મળ્યા તેનો લાભ બીજાને મળે એ અર્થે મેં ગ્રંથ રચ્યો છે. હવે મારે કવિતા લખવી નથી."

પછી તિરુ વલ્લુવર પોતાને ઘેર પાછા ફર્યા અને વણકરનો ધંધો કરવા લાગ્યા. ચારે દિશામાં તેમની કીર્તિ ગવાતી હતી. પરંતુ એની તેમના પર કશી અસર નહોતી. પહેલાંની માફક જ સાદગીમાં તે જીવન વિતાવવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા સમય પછી તેમનાં પત્ની વાસુકિ ગુજરી ગયાં. તેમના અવસાનની અસર તિરુ વલ્લુવર પર ઊંડી થઈ. તેમણે સંન્યાસ લીધો અને પછી તે સંન્યાસીના જેવું જીવન ગાળવા લાગ્યા.

છેવટે એમના જીવનનો પણ અંત-સમય નજીક આવ્યો. તેમણે પોતાના શિષ્યોને ભેગા કરીને કહ્યું: "હવે થોડા વખતમાં મારું જીવન પૂરું થશે. મારા દેહમાંથી પ્રાણ નીકળી જાય, ત્યારે મારા આ મૃતદેહને જંગલમાં છોડી આવજો. વનનાં પશુઓ અને ગીધ વગેરે પંખીઓ મારું માંસ ખાઈ જશે અને મારાં હાડકાં માટીમાં મળી જશે."

થોડા દિવસ પછી તેમની જીવનલીલા સમાપ્ત થઈ અને શિષ્યો તેમના દેહને તેમની ઇચ્છા પ્રમાણે જંગલમાં છોડી આવ્યા.

આમ દક્ષિણના મહાન સંત તિરુ વલ્લુવરનું જીવન સમાપ્ત થયું. પરંતુ તેમની સંતવાણી હજુય લોકહૃદયમાં જીવન્ત છે. એ અમરવાણીનો થોડો આસ્વાદ હવે લઈએ:

૨

તિરુક્કુરલની અમૃતવાણી

૧. રાષ્ટ્ર તો તે કહેવાય, જ્યાં ઉત્પન્નમાં ઘટાડો થતો નથી, સદાચારી પુરુષો વધતા જાય છે, અને સમૃદ્ધિ વિકસ્યા કરે છે.

૨. તમારી મુશ્કેલીઓને હસી કાઢો. તેમને દૂર ને દૂર રાખવાનો એના જેવો રામબાણ ઉપાય નથી.

૩. હિંમતવાન લોકો દુઃખને પણ દુઃખી કરે છે.

૪. હાથમાં લીધેલા કાંમને 'આ તો અશક્ય છે' એમ કહી છોડી ન દેતા. તેને શક્ય બનાવવાની કૂંચી તેમાં મચ્યા રહેવાથી જ જડશે.

૫. પ્રયત્નમાં મચ્યા રહેવાનો ગુણ જેનામાં નથી, તેવાએ કરેલી સેવા કાયરે ધારણ કરેલી તરવારની બરાબર છે.

૬. જે સુખેથી નથી, પરંતુ જેને ઉદ્યમ કરવામાં જ આનંદ છે, તે અનેકોને તેમના દુઃખમાં ટેકારૂપ થશે.

૭. દુર્ભાગ્ય એ કલંકરૂપ નથી; કલંક તો કરવાના કામમાં ઉદ્યમ ન કરીએ એમાં રહેલું છે.

૮. પોતાનો પુરુષાર્થ એ જ પોતાની સાચી મિલકત છે. જેની પાસે તે નથી, તેની પાસે ખરેખર બીજું કાંઈ છે ખરું?

૯. જે કામ કરવું જ ન જોઈએ તે કરવું, એ દુઃખને આમંત્રણ આપવા જેવું છે. જે કામ કરવું જોઈએ તે ન કરવું, એ વિનાશને નોતરવા જેવું છે.

૧૦. તમે જો પૂછો કે સર્વ ગુણોના સરવાળારૂપ શું? તો હું કહીશ કે અહિંસા. હિંસાથી પાપ પેદા થાય છે.

૧૧. આ ક્ષણભંગુર જગતનો ત્યાગ કરનાર તપસ્વી કરતાં પણ અહિંસા આચરનાર વધુ શ્રેષ્ઠ છે.

૧૨. બધું દુઃખ સહન કરી લેવું અને બીજાને દુઃખ ન આપવું, એ જ તપની સાચી વ્યાખ્યા છે.

૧૩. દુશ્મનને આપણાં મૈત્રીભર્યાં કાર્યોથી શરમમાં નાખી દેવો, એ જ સૌથી ઉત્તમ બદલો છે.

૧૪. સકળ સૃષ્ટિને ચાહનાર દયાવાન મનુષ્ય જ પાપના ભયમાંથી મુક્ત થઈ શકે છે.

૧૫. પોતાની જાતને ખરેખર ચાહતા હો, તો બીજાને ઈજા ન કરશો.

૧૬. ગમે તેવું કડવું બોલવું હોય, તોપણ સામે મોઢે બોલજો; પરંતુ પીઠ પાછળ નિંદા કદી ન કરતા.

૧૭. બીજાની નિંદા કર્યા કરનારનો ભાર ધરતીમાતા શી રીતે ઉઠાવી શકે છે? કદાચ એ તેના ક્ષમારૂપ ગુણને* લીધે.

૧૮. બીજા દુશ્મનોના હાથમાંથી તો તમે છટકી શકશો; પણ તમે કરેલું અપકર્મ તો તમારી પાછળ પડી નિર્દયપણે તમારો શિકાર કરશે.

૧૯. સન્માર્ગે ચાલવા હંમેશાં જીવતોડ પ્રયત્ન કરો; તેના જેવો ચોકસ મિત્ર બીજો કોઈ નથી.

૨૦. ભૂલેલા વેદને બ્રાહ્મણ ફરી ભણી શકે છે; પણ શીલમાંથી ભ્રષ્ટ થયા પછી ઊગરવાવારો નથી.

મુકુલભાઈ કલાર્થી

---

* ધરતીનું એક નામ જ 'ક્ષમા' છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરદેશી માલનો અવિશ્વાસ

[એક જૂની કવિતા]

[લોકોમાં સામાન્યપણે એવી માન્યતા પ્રચલિત છે કે ગુજરાતમાં સ્વદેશીની ચળવળ બંગભંગને કારણે થયેલા આંદોલન વખતે શરૂ થઈ હતી. પણ વરસો અગાઉ ઈ. સ. ૧૮૭૯માં અમદાવાદમાં અંબાલાલ સાકરલાલ દેસાઈ, ગોપાલ હરિ દેશમુખ, રણછોડલાલ છોટાલાલ, મહીપતરામ રૂપરામ વગેરેએ સ્વદેશી ઉદ્યમ વર્ધક મંડળી સ્થાપન કરેલી. અને સ્વદેશીના પ્રચારાર્થે એક ભંડાર ખોલવાનું નક્કી કરીને સ્વદેશીની પ્રતિજ્ઞા લેવડાવવાનું કામ પણ અમદાવાદમાં તેમ જ ગુજરાતમાં બધે ઠેકાણે શરૂ કરેલું. એ પ્રચાર આગળ પણ ચાલુ રહ્યો હતો તે કવિ બુલાખીના નીચેના કાવ્ય પરથી જોઈ શકાય છે. આ કાવ્ય સ્વદેશવત્સલ or the Patriot માસિકના સંવત ૧૯૪૦ ના વૈશાખ માસના અંકમાં છપાયું હતું. તેમાં પરદેશી માલ કેવો તકલાદી હોય છે, આપણાં ઉદ્યોગોને ભોગે તે તૈયાર થાય છે, ઇત્યાદિ બહુ સરસ રીતે જણાવ્યું છે.]

(ભુજંગી છંદ)

ચીને છે વિદેશી સહુયે ઠગારી,
ન લેશો જતાં જીવ છે અર્જ મારી;
હવે હું રહ્યો આખરે એથી હારી,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૧

અરે ઇન્દ્રવરણું જુઓ રમ્ય દીસે,
કટુ કાપતાં નીકળે છે અતીશે;
જુએ તે રુએ તેમ લઈ પુરુષનારી,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૨

વડીલે કર્યાં આપણાં રાચ જે છે,
અતિ સુખકારી સ્વદેશી દીસે છે;
તમે જાણશો નીરખતાં ધારી ધારી,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૩

કદી કાચનો એક નંદાય પ્યાલો,
કહો આવશે કામમાં શેં નિહાળો?
જશે તેહના દામ તો માંહ્ય વારિ,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૪

કદી આપણાં તામ્રપાત્રાદિ ભાગે,
મતા વેચતાં અર્ધ તો હાથ લાગે;
તપાસો તમે તો કઈ ચીજ સારી?
વિદેશી ચીને વીર લેને વિચારી. ૫

મળ્યા ધોતીજોડા કદી અલ્પ મૂલ્યે,
નહિ આવશે આપણાં દેશી તુલ્યે;
પડે દામ તે તો કરીને સવારી,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૬

ભલે હો મોંઘા રેશમી ધોતીજોડા,
લીધે ફાટશે બે ગણા તેથી મોડા;
બને ચાદરો નાખીએ જો ઉતારી,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૭

વધારે નથી દાખલા વીર દેતો,
બહુ છે વિચારો કરી એક બે તો;
રખે ને ગણો લક્ષ મધ્યે લવારી,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૮

પૂરું પેટને પૂહોંચતું હોય જ્યારે,
વીરા વાડમાં બોસીએ અન્ય ત્યારે;
નહીં તો ફજેતી ગણાયે તમારી,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૯

કદી ફાયદો જો થતો હોય તેથી,
ભૂખે મારીએ દેશીઓને સુખેથી;
નથી ફાયદો ને બમો બોટ ભારી,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૧૦

થયો માગતો ભીખ તે દેશ જાણી,
તમે દામ દો તેમને પ્રેમ આણી;
ન લે ગુણ નિંદા કરે મૂર્ખ ધારી,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૧૧

બુલાખી કહો કેટલું શીર કૂટે,
મચ્યા ના રહો માલ વિદેશી પૂંઠે;
સુપર્યારથે[1] નમ્ર વાણી ઉચારી,
વિદેશી ચીને વીર લેને વિચારી. ૧૨

— સ્વદેશવત્સલ વૈશાખ, સં. ૧૯૪૦

૧. સુપરમારથે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૪૦ થી ૧૮૮૫ના ગુજરાતનું સત્ત્વ

ગુજરાતમાં 'સુધારા યુગ'નો આરંભ ચાર સંસ્થાઓની સ્થાપનાથી થયો : બોર્ડ ઑફ એજ્યુકેશન — સરકારી કેળવણી સમિતિ (૧૮૪૦), માનવધર્મસભા સુરત (૧૮૪૪), ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ (૧૮૪૮) અને બુદ્ધિવર્ધક સભા, મુંબઈ (૧૮૫૬). ૧૮૮૧માં નર્મદે કરેલા સુધારાવિચારના ઇનકારનામા સાથે એ પ્રથમ જુવાળ શમ્યો એમ કહેવાય.

આ સંસ્થાઓની પ્રવૃત્તિઓનો હેતુ સત્ય-પ્રકાશ, બુદ્ધિવર્ધન અને પાશ્ચાત્ય જ્ઞાનનો પ્રચાર હતો, જેથી આપોઆપ સ્વાભાવિક ક્રમે ધાર્મિક વહેમો અને જડ જૂથ સૂંજાઓ દબાઈ જાય, તથા બાળલગ્નો અટકાવીને અને વિધવા પુનર્લગ્નની છૂટ આપીને સ્ત્રીઓની સામાજિક સ્થિતિ સુધારી શકાય.

આ સાર્વત્રિક પ્રવૃત્તિનું મુખ્ય પ્રભવસ્થાન અંગ્રેજ કેળવણી જ હતું. એ કેળવણીએ આણેલાં નૂતન જ્ઞાન અને અભિનવ ભાવનાઓ આ નવીન કાળબળનાં મુખ્ય ઘટક તત્ત્વો હતાં. એ કાળબળ એક વાર જન્મ્યું કે પછી તે સામાજિક અને ધાર્મિક વર્તુલમાં ઝલાઈ રહે એમ હતું જ નહીં. જે કાંઈ હિંદી તે પ્રત્યે ચિકિત્સક વૃત્તિ અને જે કાંઈ યુરોપીય વા ખ્રિસ્તી તે તરફ અહોભાવ એનાથી પેદા થશે, એવી એ નવી પ્રવૃત્તિમાં ગણુતરી હતી. અને થોડો વખત એ ગણુતરી સાચી પણ પડી : ખ્રિસ્તી ધર્મને અનુકૂળ વલણો અને અધકચરો બુદ્ધિવાદ દેશમાં ફેલાયાં. યુરોપી ઢબની ખાણીપીણી તથા રહેણીકરણી એ સુધારકની છાપ ગણવા માંડી. પરંતુ જે ચિકિત્સાવૃત્તિ જન્મી તે ખ્રિસ્તી ધર્મની તથા યુરોપીય સંસ્કારિતાની પણ પર્યેષણા કરે જ ને ! દેશપ્રીતિ ને સ્વાતંત્ર્યની જે ભાવનાઓથી અંગ્રેજી સાહિત્ય અનુપ્રાણિત હતું, તેણે હિંદી માનસમાં પણ એ ભાવનાઓ પ્રગટાવી. હિંદને યથાર્થ રીતે સમજવાની પ્રવૃત્તિ થવા લાગી અને જણાયું કે, હિંદમાં સૌ કાંઈ જરઠ અને વસૂકી ગયેલું નહોતું. પશ્ચિમના વિદ્વાનોને સંસ્કૃત ભાષામાં ભરેલ સૌન્દર્ય અને ચિન્તનનું દર્શન થયું હતું; તો હિંદીઓએ પણ ઉદ્યમપૂર્વક સંસ્કૃતનો અભ્યાસ કરવો જોઈએ એમ સમજાયું. જો ઇંગ્લંડ સ્વતંત્ર રાષ્ટ્ર થઈ શકયું, તો ઉદાત્ત ભૂતકાળવાળું ભારત રાજકીય સ્વાતંત્ર્યની મહેચ્છા કેમ ન રાખે ? પોતાનું સાચું સત્ત્વ સમજીને અને તેનું પુનરુત્થાન કરીને ભારત પણ સાર્વત્રિક મુક્તિને માર્ગે જરૂર વિચરી શકે, — હિંદના અન્તરાત્મામાં ગુંજતા નાદનો લય આ હતો.

માનવ સમાનતાના પાયા ઉપર માનવસમુદાય માટે દુર્ગારામે ધર્મનો એવો ખ્યાલ ધર્યો જે સર્વ ધર્મો પ્રત્યે તથા પવિત્ર ધર્મગ્રંથો પ્રત્યે સમાન દૃષ્ટિએ જુએ. ધર્મના ઓઠા નીચે હઠારાથી વ્યાપેલાં ને મનુષ્યોનાં મન ઉપર સત્તા જમાવી બેઠેલાં વહેમ તથા ધતિંગ વિરુદ્ધ દુર્ગારામે મિશનરીના ઉત્સાહથી ઘોષણા કરી. એમને તેમ જ નર્મદાશંકરને રાજકીય સ્વતંત્રતાનો પણ ખ્યાલ હતો. નર્મદે અને કરસનદાસે મંડળી મેળવવાનું મૂલ્ય સમજાવ્યું, સ્ત્રીકેળવણીની હિમાયત કરી, અને સ્ત્રીના લગ્નને લગતા હક માટે ઝુંબેશ ઉપાડી. મુંબઈમાં પાછળથી એ કામ બહેરામજી મલબારીએ ઉપાડી લીધું. અમદાવાદમાં ભોળાનાથ સારાભાઈ તથા મહીપતરામ નીલકંઠે ૧૮૭૧માં પ્રાર્થના સમાજ સ્થાપી. એ ધાર્મિક સંસ્થા માને છે કે, ઈશ્વર એક ને નિરાકાર છે, અને પ્રાર્થના દ્વારા તેનો અનુગ્રહ મનુષ્યમાત્રે મેળવવો જોઈએ. મૂર્તિપૂજા, ગુરુપૂજા કે અવતારને એ સંસ્થા માનતી નથી. વળી એમ પણ એ નથી માનતી કે, કોઈ એક ધર્મગ્રંથ સર્વથાપ્રમાણ છે, વા કોઈ દેવાંશી પુરુષ દરમિયાનગીરી કરી મુક્તિ અપાવી શકે. અમદાવાદમાં મહીપતરામ, ભોળાનાથ અને લાલશંકરે સુધારાની ઘણી પ્રવૃત્તિઓમાં આગેવાની લીધી હતી. બ્રિટિશ સમાગમનાં સુફળ વિશે એમને ઊંડી શ્રદ્ધા હોવાથી રાજકીય બાબતમાં એમનું વલણ મોળું હતું. પણ તાત્કાલિક અગત્ય ધરાવતા સામાજિક સુધારા અને ધાર્મિક શુદ્ધિના ક્ષેત્રમાં એમના પ્રયત્નો ખૂબ ફળદાયી નીવડ્યા. લાલશંકર મુસલમાનોના પણ માનીતા નેતા હતા, એ ખાસ નોંધપાત્ર બિના છે. તેઓ વીસ વરસ સુધી અંજુમને ઇસ્લામના મંત્રી હતા. ૧૯૦૪માં અમદાવાદમાં મુસ્લિમ સંમેલન ભરાયું તેના સ્વાગત સમિતિના તેઓ અધ્યક્ષ હતા. ગઈ સદીના આઠમા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દસકામાં પોતે મહારાષ્ટ્રમાં મુનસફ હતા ત્યારે ત્યાં પણ તેમણે બહુ ઉપયોગી સામાજિક કાર્ય કર્યું હતું.

૧૮૭૫ માં હરગોવિંદદાસ કાંટાવાળાએ આરંભેલી અને અંબાલાલ સાકરલાલ આદિનું અનુમોદન પામેલી સ્વદેશી પ્રવૃત્તિ પણ સબળ તેમ વિશાળ પ્રચાર પામી હતી. દેશી બનાવટનો માલ અને ઘરઘેહાં ચાલતો ઉદ્યોગ ઉત્તેજન પામે તે અર્થે સુરત, ભરૂચ, અમદાવાદ અને રાજકોટમાં મંડળો સ્થપાયાં હતાં. એ હેતુસર સુરતમાં ચકલે ચકલે સભાઓ ભરાતી અને અમદાવાદમાં એ જ વાસ્તે હીમાભાઈ ઇન્સ્ટિટ્યૂટમાં દર અઠવાડિયે સભા મળતી. ૧૯૦૫–૦૮ના ગાળામાં ભારતભરમાં સ્વદેશી ચળવળ ચાલી તેનાથી ત્રીસ વર્ષ પૂર્વે દેશભક્તિનું આ આ નવીન આવિષ્કરણ ગુજરાતી હવાને ભરી દેતું હતું.*

વિષ્ણુપ્રસાદ ૨૦ ત્રિવેદી

* ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન વાર્ષિક નં. ૨ માંના અંગ્રેજી લેખનું ભાષાન્તર.

યુદ્ધનિષેધનો સત્યાગ્રહ

[હિંદની સ્વાતંત્ર્ય-યાત્રાના ઇતિહાસનો આગળનો હપ્તો *]

બ્રિટિશ રાજકર્તાઓએ વિશ્વયુદ્ધના હિંદ પરત્વેના ઉદ્દેશ તથા હેતુઓ શા છે, એની ચોખવટ ન કરી, એટલે કૉંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં. અને હિંદમાં ૯૩ મી કલમનું આપખુદ અંગ્રેજ રાજ્ય બધે મુકાઈ ગયું. કોઈ રાજકીય પક્ષ એવો નહોતો કે જે આ સ્થિતિથી રાજી હોય. એ સ્થિતિમાં અંગ્રેજ સરકાર બધું ઠીક ચાલે છે એમ સમાધાન રાખીને કે માનીને વર્તે એ તો કેમ બને?

બીજી બાજુથી યુદ્ધમાં ઇંગ્લેન્ડના પક્ષની સ્થિતિ પણ બગડતી જતી હતી. જર્મનીની સેનાઓ આગળ ધપ્યે જતી હતી; ચિંતાનું કારણ વધતું જતું હતું. એટલે હિંદના લોકમતની નાગી અવજ્ઞા કર્યે તો કેમ ચાલે?

એટલે અંગ્રેજોએ હિંદમાં રાજકીય સુધારા કરવા વિષે વાત તો ચાલુ રાખી. જવાબદાર અંગ્રેજોએ હિંદ પરત્વે એક જ વાત પાછી ઉપાડી — બધી કોમો એક થઈને કાંઈક નક્કી વાત કરો નહીં, તો શું કરવું તે કેમ સૂઝ પડે? આ ઊલટી વાત હતી; કેમ કે કૉંગ્રેસે તો યુદ્ધના હેતુ તરીકે હિંદની સ્વતંત્રતા વિષે પૂછ્યું હતું; તે વિષે નક્કી વાત કરો, તો તે પછી કોમો સંપીને કામ લેવાનું વિચારી શકે.

અંગ્રેજોએ એ સવાલને ઊલટાવીને અવળી વાત કહી કે, કોમો સંપે નહીં ત્યાં સુધી તમને સ્વતંત્રતા આપવાનું શી રીતે વિચારી શકાય? "તમે એવાં કામો કરો કે કોમો કેમે કરીને સંપી શકે નહીં, પછી આમ કહો, તેનો અર્થ તમારી દાનત સાફ નથી," — એમ સામેથી કહેવાનો અર્થ નહોતો; કેમ કે અંગ્રેજને એ સાંભળવા શું કામ તૈયાર થાય? ૧૯૦૫ થી કોમી વિખવાદની રાજરમતની સફળ યુક્તિ એમણે જ આદરી હતી.

કૉંગ્રેસે ૧૯૪૦ માર્ચમાં રામગઢમાં બેઠક ભરી હરાવ કર્યો કે, શાંતિથી પાછા સત્યાગ્રહની નીતિ પર તેણે જવું જોઈશે. પરંતુ તરત લડત આદરી શકાય એવી તે સંસ્થાની આંતરિક સ્થિતિ નહોતી; દેશમાં જોઈતું વાતાવરણ પણ નહોતું.

આ અરસામાં કૉંગ્રેસ કાર્યવાહક સમિતિએ સરકાર જોડે સમાધાન કરવાનો વળી એક પ્રયત્ન કરી જોયો. તેના નેતા રાજાજી અને સરદાર હતા. સમિતિએ સરકારને યુદ્ધમાં શરતી સહકાર આપવાની વાત કરી; તેની વાટાઘાટો ચાલી; સરકાર તેમાં ન સપડાઈ અને સમિતિનો આ હરાવ પાછો પડ્યો. અંગ્રેજ પ્રજાનો યુદ્ધનેતા ચર્ચિલ હતો. તે હિંદ પરત્વે કેવી કડક નીતિ રાખવાના મક્કમ વિચારનો હતો, તે કોઈનું અજાણ્યું નથી.

આમ, કાર્યવાહક સમિતિએ ગાંધીજીની નીતિથી છૂટા પડી કાંઈ કરી શકાય તો કરી જોવા પ્રયત્ન કર્યો, તેમાં તે પાછી પડી. અંગ્રેજોએ આમાં ભૂલ

* ગયા વરસના જૂન ૧૯૫૫ના અંક ૬ઠ્ઠા માં આવેલા 'બીજું વિશ્વયુદ્ધ અને પ્રાંતિક સ્વરાજ્યનો અંત' એ લેખના અનુસંધાનમાં આ આગળ ચાલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી કે શું, એ સવાલ અસ્થાને છે. પણ તેમના આ પગલાએ હિંદ-સ્વરાજ અંગે લડવાને માટે ગાંધી અને કૉંગ્રેસ જે આ નીતિ પરત્વે છૂટાં પડ્યાં હતાં, તેમને પાછાં ભેગાં કરી આપ્યાં. ગાંધીજીને પાછું સત્યાગ્રહનું નેતૃત્વ સોંપવામાં આવ્યું. હમણાં શ્રી રાજેન્દ્રબાબુએ એક વ્યાખ્યાનમાં ઉલ્લેખ કરી આ નાજુક પ્રસંગ વિષે કહ્યું છે, તે જેવા જેવું છે —

> "સ્વાતંત્ર્યનું યુદ્ધ લડવા સારુ અહિંસા જરૂર સ્વીકારી હતી. પરંતુ લોકોનાં મનમાં એ વિષે છૂપી મર્યાદાઓ રહી જ હતી. તેથી જ્યારે બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું અને બ્રિટિશરોને મદદ કરવી કે કેમ એ સવાલ આવ્યો, ત્યારે ગાંધીજી અને કૉંગ્રેસની વચ્ચે મતભેદો જન્મ્યા. ગાંધીજીએ કહ્યું કે, હિંસાથી જો સ્વાતંત્ર્ય મળે તો તે તેમને માન્ય નથી. બીજા એવા વિચારના હતા કે, યુદ્ધને લઈને બ્રિટિશ લોકો જોડે સોદો પકવવાનો બહુ સારો લાગ મળ્યો છે. પરંતુ બ્રિટિશ લોકે કૉંગ્રેસની મદદની વાત ના સ્વીકારી. આને તમે એમનું ડહાપણ સમજો કે બીજું જે માનો તે માનો. પરંતુ પાછું અમારે ગાંધીજી પાસે જવું પડ્યું. . ."
> (એ. આઈ. સી. સી. રિવ્યૂ, ૧૫-૪-'૫૫, પા૦ ૧૭)

સરકારે પહેલી કોમી એકતાની જરૂરની વાત કરી, એટલે મુસ્લિમ લીગની મહત્તા પાછી વધી ગઈ. તેણે સરકારને કહ્યું કે, કશું પણ કરો તે અમને પૂછ્યા વગર ના કરતા. કૉંગ્રેસ પ્રધાનમંડળો છૂટાં થયાં તેને તેણે આગળ વધીને મુસ્લિમોનો 'મુક્તિ દિન' કહ્યો અને તેની ઉજવણી કરી. પ્રાંતોમાં કોમી તોફાનો પણ જાગ્યાં. સરકારે આગળ જઈને વાત એમ ઉપાડી કે, પ્રાંતોમાં પણ મિશ્ર પ્રધાન મંડળો રચીને કામ લો. લીગના નખરાંના ભાવ વળી ઊંચા ચડ્યા.

સરકાર અને કૉંગ્રેસ એ બે પક્ષો વચ્ચે પડવાની જ એકમાત્ર જેમની કિંમત બાકી રહી હતી તેવા મૉડરેટ વિચારના લોક પણ આ સ્થિતિમાં થાકના અને કાંઈ ન કરી શકાય એવું જોતાં પાછા પડ્યા. શ્રી સપ્રુએ ગાંધીજીને કહ્યું કે, તમે ઝીણા જોડે વાત કરો. ગાંધીજીએ કહ્યું કે, તેમનો કક્કો જ ખરો પડે એમ ન થાય ત્યાં સુધી ઝીણાસાહેબ કોઈ વાતે બંધાશે નહીં તે મનનો મર્મ કહેશે નહીં; તેથી કાંઈ નીપજે એવું નથી લાગતું.

છતાં ગાંધીજી પોતાની રીતે એકતા માટે પ્રયત્ન કરતા જ હતા. આ અરસામાં તેમણે હિંદી-હિંદુસ્તાનીના પ્રચારને માટે એક પરિષદ ભરી. શ્રી પુરુષોત્તમદાસ ટંડને હિંદી સાહિત્ય પરિષદની વરસો જૂની નીતિમાં કોમી દૃષ્ટિથી ફેરફાર કર્યો, તેથી ગાંધીજીએ તેમાંથી છૂટા થઈ નવી સંસ્થા સ્થાપી. તેને માટે પરિષદ ભરી, તેમાં મૌલવી અબદુલ હક આવ્યા. પરંતુ આ બધા પ્રયત્નો સૂચક ચિહ્ન કરતાં આગળ વધી ન શકે. દેશ માટે સવાલ ઘણો મોટો હતો. હવે તો કૉંગ્રેસની હસ્તી અને દેશના સ્વમાનનો જ સવાલ રહ્યો. તેને બરાબર કરવા સરકારે કોમી એકતાને નામે જે વાતાવરણ જગવ્યું, તેને પહોંચી વળીને કૉંગ્રેસે પાછી પોતાની સ્વરાજની લડત અગ્રસ્થાને સ્થાપવાનો સવાલ હતો.

આ અરસામાં એક બીજો નોંધપાત્ર બનાવ બન્યો તે સુભાષબાબુ હિંદમાંથી સરકી જઈ જર્મની પહોંચી ગયા તે. તેમની નીતિ જુદી હતી. તેને માટે હિંદમાં સ્થાન ન જોતાં તે અંગ્રેજોના સામા પક્ષમાં પહોંચી ગયા. આથી સરકારને એક નવો ભય એ પેઠો કે, યુદ્ધ જો હિંદ ભણી આવે — અને તે આવતું દેખાતું હતું,— તો તે વખતે લોકો હિંદમાં બળવા જેવું તો ન કરે?

લીગનાં પ્રધાનમંડળ બેત્રણ પ્રાંતોમાં ચાલુ રહ્યાં હતાં. કોઈ આડખીલી વગર પોતાનું હાંકયે જતાં હતાં.

આવી વિષમ સ્થિતિમાં ગાંધીજીએ માર્ગ કાઢવાનો હતો. આવા પ્રસંગે તે હંમેશ પોતાના અંતરના ઊંડાણમાં ડૂબકી મારે છે, એવું જ આ વેળાય થયું. તેમણે કૉંગ્રેસ તંત્રને વ્યક્તિગત સત્યાગ્રહ કરવાની સૂચના આપી. તંત્રનું તેને યોગ્ય પુનર્ગઠન કરવામાં આવ્યું. કૉંગ્રેસ કેવળ સત્યાગ્રહી મંડળ રૂપે ફેરવાઈ ગઈ.

ગાંધીજી હિંદનો પ્રશ્ન કેવળ રાજકીય સ્વરાજની નજરે જોતા નહોતા. તે તો જગતના યુદ્ધની ભૂમિકામાં બધું વિચારતા હતા. આ દાવાનળમાં હિંદ કઈ રીતે વર્તે? અંગ્રેજોનું યુદ્ધ ન્યાયી છે એ એમને કબૂલ હતું. તેમાં તે બિનશરતી નૈતિક (શસ્ત્રાસ્ત્રથી નહીં) સહકાર આપવા ખુશી હતા. પણ એ વાત તો હવે રહી નહીં; કેમ કે, સ્વમાનભેર દેશ એમ કરી શકે એવું અંગ્રેજોએ સ્વીકાર્યું નહીં; અને ઊલટાં કોમી રમખાણો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તંગદિલીની આફત દેશ ઉપર ઉતારી, કૉંગ્રેસને ખોટી દેખાડી પાછી પાડવાની આજ આદરી! ચર્ચિલે આ અરસામાં એવું કહ્યું કે, હિંદ દેશમાં આ કોમ તે કોમ આટલી સંખ્યામાં છે, હરિજનો આટલા છે, ૪૦; તે બધા કૉંગ્રેસથી અલગ છે, પછી કૉંગ્રેસ છે શું અને કેટલી? આ ઉક્તિ તો દાઝયા ઉપર ડામ જેવી હતી.

આ અરસામાં ગાંધીજીએ હિટલરને તથા અંગ્રેજ પ્રજાને શાંતિને માટે પત્રો લખ્યા. પણ એ તો એમનું મન કઈ રીતે કામ કરતું હતું એ જાણવા પૂરતા કીમતી છે; કેમ કે એ પત્રોને કોણ માને એમ હતું! ગાંધીજીને મન એ બરાબરીની વાત હતી. હિંદે પોતાનું વજન સ્વમાનભેર શાંતિની તરફ નાખવું જોઈએ, એ એમને દીવા જેવું દેખાયું. અને ચોમેર અંધારમાં, એમણે વિનોબાને પહેલા અને જવાહરલાલજીને બીજા સત્યાગ્રહી તરીકે નક્કી કરી, યુદ્ધનિષેધનો સત્યાગ્રહ શરૂ કર્યો. બે જણની પસંદગી ગાંધીજીના ત્યારના માનસની દશા અને નવી લડતની ખૂબી પણ બરોબર બતાવે છે. આ લડત શુદ્ધ આધ્યાત્મિકથી માંડીને હિંદ માટે સ્વરાજના મુદ્દા સુધીની ગર્ભિત શક્તિ ધરાવે છે, એ આથી સ્પષ્ટ થતું હતું.

રચનાત્મક કામો કરનારાઓને તે કામો ચાલુ રાખી જોરથી કામ લેવાનું જણાવવામાં આવ્યું. જેઓ કૉંગ્રેસનાં પાર્લમેન્ટરી કામોમાં જ રસવાળા હતા, તેઓ જેલ જવા લાગ્યા. પણ તેઓ એમ જ માનતા કે, આમાંથી સામુદાયિક લડત ઊપડે ત્યારે અર્થ કહેવાય; ગાંધીજી એમ કરશે એવી આશા ઉપરાંત ભાગ્યે તેમને કશી ધારણ હતી. બીજો કોઈ રસ્તો જ નહોતો, એટલે કૉંગ્રેસે પોતાના સેનાપતિને જે સૂઝે તે વ્યૂહ રચવા દેવાની તત્પરતા બતાવી હતી. જોકે, અપવાદ રૂપે કહો તો, કૉંગ્રેસનાં ઉદ્દામ દળો — સમાજવાદીઓ ઇ૦ — બોલ્યા કરતાં કે, મોટી લડત ઉપાડવી જોઈએ. અને તેઓ એ તરફ ખેંચ્યા કરતાં હતાં.

ગાંધીજીને માટે આવો આગ્રહ નકામો હતો; તે લડત ઉપાડવાની તૈયારી કે વાતાવરણ જ જોતા નહોતા. છતાં કાંઈક ન કરીએ, તો સ્વરાજની અને સ્વમાનની હિંદની લડત જ, અંગ્રેજોની (મુસ્લિમ લીગ જોડે મળીને) જે ચાલબાજી હતી, તેના વડે ખતમ થઈ જાય. આ તો કેમ જ બનવા દેવાય? યુદ્ધનિષેધનો સત્યાગ્રહ આ અકળામણી દશામાંથી મોકળાશ આપવાને માટે હતો. અને તેમાં તે સફળ થયો. દેશમાં પાછી કાંઈક કરીએ છીએ એવી ભાવના જાગી; અને 'કશું કરાતું નથી,' એવો લાચારી કે ગૂંચવણનો જે મૂઢ માર દેશના લોકમાનસ ઉપર પડત, તેમાંથી દેશ ઊગરી ગયો. વ્યક્તિગત સત્યાગ્રહની લડત આમ સફળ થઈ; તેણે દેશના માનસને ધારણ આપી અને અંગ્રેજોએ કોમી એકતાને નામે જે શસ્ત્ર ફેંકયું હતું, તે પાછું પડયું. બીજી બાજુ યુદ્ધ પણ એમને નસીબે સામે જતું હતું. જાપાને એશિયામાં ભારે જબરી લડત ઉપાડી હતી; અને સુભાષબાબુ તેમાં છે એ હકીકતથીય અંગ્રેજોની ચિંતા વધતી હતી. આ સ્થિતિમાં ચર્ચિલથી, 'હિંદમાં અત્યારે યુદ્ધ દરમિયાન કશું નથી કરવું' એવી ગાંઠ વાળી શકાય એમ રહ્યું નહીં. અમેરિકા તથા ચીનનો લોકમત પણ તેના પર દબાણ કરતો હતો કે, કાંઈક કરવું જોઈએ. આથી નવું પગલું પાછું ભરાયું, તે 'ક્રિપ્સ મિશન'નું. એ વિષે હવે પછી જોઈશું.

૧૬–૧૧–'૫૫ **મગનભાઈ દેસાઈ**

સા ભા ર સ્વી કા ર

ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ તરફથી:

ગાંધીજીનું ગીતા શિક્ષણ: સંપા૦ નરહરિ દ્વારકાદાસ પરીખ, કિં. રૂ. ૩–૦–૦; **ફોરમ:** લે૦ વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠ, કિં. રૂ. ૧–૮–૦; **મૈત્રકકાલીન ગુજરાત ભાગ ૧–૨:** (અલગ પુસ્તકોમાં) લે૦ ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, કિં. અનુક્રમે રૂ. ૪–૦–૦ અને ૫–૦–૦; **ગુજરાતી પર અરબી ફારસીની અસર, ભાગ ૨ જો:** લે૦ ડૉ૦ છોટુભાઈ રણછોડજી નાયક, કિં. રૂ. ૨–૮–૦.

અન્ય પ્રકાશકો તરફથી:

સ્વપ્ન કે સત્ય?: લે૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, વિક્રેતા: આદર્શ પુસ્તક ભંડાર, અમદાવાદ, કિં. રૂ. ૩–૪–૦; **નવદંપતીને શિખામણ:** લે૦ ઉપર મુજબ, પ્રકા૦ મહાદેવ રામચંદ્ર જગુષ્ટે, અમદાવાદ, કિં. રૂ. ૩–૮–૦; **ફૂલ ફાગણનાં:** લે૦ અને પ્રે૦ા૦ મુકુન્દરાય વિ૦ પારાશર્ય, ભાવનગર, કિં. રૂ. ૧–૪–૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામ્યયોગ અને સામ્યવાદ—એક સમીક્ષા

સામ્યયોગ

૧. નિરપેક્ષ મૂલ્ય

માણસ સ્વભાવે સત્યપ્રવૃત્ત છે. એનામાં જે દોષો પેદા થાય છે, તે પરિસ્થિતિજન્ય અને વિકારજન્ય હોય છે.

૨. આત્મસંયમ

નવા સંસ્કારો પાડવા તથા પરિસ્થિતિમાં એવું પરિવર્તન કરવું, જેથી દોષો દૂર થાય અને માણસની મૂળભૂત સત્યપ્રવૃત્તિને પ્રગટ થવાની તક મળે.

૩. હૃદયપરિવર્તન

બાહ્ય પરિવર્તન વ્યક્તિના સહકારથી કરવાનો પ્રયત્ન. તેથી હૃદયપરિવર્તનની પ્રક્રિયાનું અવલંબન. વ્યક્તિત્વની આંતર અભિવ્યક્તિ માટે બાહ્ય પરિવર્તન દ્વારા અનુકૂળતા કરી આપવી.

૪. માણસ—મુખ્ય મૂલ્ય

આમાં માણસ જ મુખ્ય મૂલ્ય છે. એના વિકાસને માટે આખીયે યોજના ને વ્યવસ્થા છે. સ્વયંપ્રેરણા અને સ્વયંકર્તૃત્વને માટે ક્રાંતિની પ્રક્રિયા પોષક હોવી જોઈએ.

૫. શાસનમુક્તિની સાધના

આમાં મુખ્ય હેતુ વ્યક્તિના વિકાસનો છે. એટલે નાગરિકોની સ્વયંકર્તૃત્વની દિવ્ય શક્તિ જાગ્રત અને સંગઠિત કરીને તેને એક ક્રાંતિકારી સામાજિક મૂલ્ય બનાવવાનો પ્રયાસ છે. એટલે આ પ્રક્રિયામાં માણસ સાધન-સાધ્ય છે. મતલબ કે, ક્રાન્તિની પ્રક્રિયાની સાથે જ શાસનમુક્ત સમાજના નિર્માણ માટે રચનાત્મક કાર્ય શરૂ થઈ જાય છે.

૬. અહિંસાની પ્રત્યક્ષ પ્રેરણા

અહિંસાને જીવનનું નિરપેક્ષ અને શાશ્વત મૂલ્ય માનવામાં આવ્યું છે. તેથી ક્રાંતિકારી વ્યક્તિ હિંસાથી વિમુખ થાય છે અને તેને અહિંસાભિમુખ બનવાની પ્રેરણા મળે છે.

૭. ગરીબી અને અમીરી દૈવનિર્મિત કે દૈવનિર્મિત પણ નથી અને એ અનિવાર્ય કુદરતી નિયમ પણ નથી. આર્થિક અસમાનતા એ માણસની કૃતિ છે.

સામ્યવાદ

૧. સાપેક્ષ મૂલ્ય

માણસ પોતે નથી બૂરો કે નથી ભલો. પરિસ્થિતિ એને ભલો-બૂરો બનાવે છે.

૨. બાહ્ય નિયંત્રણ

પરિસ્થિતિમાં બળપૂર્વક એવું પરિવર્તન કરવું કે જેથી સમાજમાં દોષો પેદા થવાનો અવકાશ ન રહે.

૩. દમન

બાહ્ય દબાણ અને દમન દ્વારા મનુષ્યસ્વભાવને ઇચ્છિત દિશામાં વાળવાનો પ્રયત્ન.

૪. માણસ—સાધનમાત્ર

ક્રાંતિકારી પ્રક્રિયામાં વ્યક્તિ તરીકે માણસનું કશું મહત્ત્વ નથી. નાગરિકના સ્વયંકર્તૃત્વને માટે અવકાશ નથી. એ કેવળ સાધનમાત્ર બની જાય છે.

૫. શાસન મજબૂત બનાવવામાં આવે છે

સમાજપરિવર્તન સત્તા દ્વારા કરવાનો આગ્રહ. તેથી રાજ્ય સંસ્થા સર્વોપરી બની જાય છે. શાસનમુક્ત સમાજની દિશામાં આગળ વધવા માટે આ પ્રક્રિયા અનુકૂળ નથી.

૬. હિંસાની પરોક્ષ પ્રેરણા

સામ્યવાદ અંતિમ અને નિરપેક્ષ મૂલ્યો જેવું કોઈ તત્ત્વ છે એમ માનતો નથી. તે હિંસાનો પક્ષપાતી ભલે ન હોય, પરંતુ એમાં કોઈ શાશ્વત મૂલ્યને માટે આગ્રહ નથી, તેથી તેમાં માણસને અહિંસાથી વિમુખ બનાવવાની પરોક્ષ પ્રેરણા છે. સાપેક્ષ મૂલ્યવાદનું એ સ્વાભાવિક પરિણામ છે.

૭. ગરીબી અને અમીરી દૈવનિર્મિત કે દૈવનિર્મિત નથી ને અનિવાર્ય પણ નથી. આર્થિક અસમાનતા એ માણસની કૃતિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. વ્યક્તિગત સંગ્રહની તૃષ્ણા અને આર્થિક પ્રભુત્વની આકાંક્ષામાંથી આર્થિક અસમાનતા જન્મે છે.

૯. સંગ્રહની તૃષ્ણા અને પ્રભુત્વની આકાંક્ષા એ માણસનો સ્વાભાવિક અવગુણ નથી, પણ વિકાર છે. અને તેથી સૃષ્ટિનિયમ અને ઐતિહાસિક ક્રમવિકાસ અનુસાર એ અવશ્ય નાબૂદ થવાનો અને એમ થાય એ ઇષ્ટ છે.

૧૦. સામાજિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક દોષોને આર્થિક અસમાનતા સાથે અતૂટ સંબંધ છે. જીવનપદ્ધતિનો આધાર અવશ્ય આર્થિક પરિસ્થિતિ પર હોય છે. પરંતુ આર્થિક અસમાનતા એ સર્વે અનર્થોનું એકમાત્ર કારણ નથી.

૧૧. આર્થિક અસમાનતા દૂર કરવાથી સામાજિક દોષો દૂર કરવામાં મૌલિક મદદ થશે.

૧૨. સમાજની આર્થિક વ્યવસ્થામાં તેની સંસ્કૃતિ જણાઈ આવે છે. આર્થિક વ્યવસ્થાને અનુરૂપ રાજ્યતંત્ર બને છે. અર્થરચના અને રાજ્યતંત્ર બંનેના સંસ્કારો સમાજનીતિ પર પડે છે.

૧૩. વ્યક્તિગત માલકી અને મિલકત નાબૂદ કરવાની સાથે સાથે માલકી અને મિલકતની ભાવના જ નાબૂદ કરવાની છે.

૧૪. વ્યક્તિગત માલકી નિષિદ્ધ હોય તો સામુદાયિક માલકી પણ નિષિદ્ધ જ છે. માલકીની ભાવના નાબૂદ કરવાનું આપણું ધ્યેય હોવું જોઈએ, એટલે માલકી ન તો એક વ્યક્તિની હશે, ન તો વ્યક્તિઓના સમૂહની હશે. સમાજ રૂપી પરમાત્મા જ સર્વ સંપત્તિનો માલિક ગણાવો જોઈએ.

૧૫. વ્યક્તિઓને શ્રમજીવીઓની મિલકત માનવી એ બહુ મોટો ભ્રમ છે. કોઈ એક વર્ગની માલકી ન તો સમાજની માલકી કહેવાય ને ન તો લોકાત્મા ઈશ્વરની કહેવાય.

૧૬. વર્ગપરિવર્તન

સમાજમાં સૌને ઉત્પાદક બનાવવા છે. મૂડીવાદીઓને પણ શ્રમજીવી બનાવવા છે.

૮. વ્યક્તિગત સંગ્રહની તૃષ્ણા અને આર્થિક પ્રભુત્વની આકાંક્ષામાંથી આર્થિક અસમાનતા જન્મે છે.

૯. આ અસમાનતા નાબૂદ થવી એ ઐતિહાસિક ક્રમવિકાસનું એક આવશ્યક અંગ છે. એ નાબૂદ થયા વગર રહેવાની નથી અને એમ થાય એ ઇષ્ટ છે.

૧૦. સામાજિક, રાજકીય તથા સાંસ્કૃતિક દૂષણોનાં મૂળ ઉત્પાદનનાં સાધન તથા પદ્ધતિમાં રહેલાં છે. બીજા શબ્દોમાં કહીએ તો આર્થિક અસમાનતા જ તમામ સામાજિક અનર્થોનું કારણ છે.

૧૧. આર્થિક અસમાનતા દૂર કરતાંની સાથે બધાં દૂષણો આપોઆપ દૂર થશે.

૧૨. સમાજની રાજ્યવ્યવસ્થા અને સંસ્કૃતિ તેની આર્થિક વ્યવસ્થાને આધારે રચાય છે. અર્થાત્ સમાજની રાજ્યનીતિ અને સંસ્કૃતિ તેની અર્થરચનાનું પ્રતિબિંબ છે.

૧૩. વ્યક્તિગત માલકી અને મિલકત નાબૂદ કરવાનું આવશ્યક છે.

૧૪. પહેલા પગલા તરીકે વ્યક્તિગત માલકીને બદલે રાજ્યની માલકી સ્થાપવી જોઈએ અને રાજ્યતંત્ર પૂરેપૂરી રીતે શ્રમજીવીઓના કાબૂમાં હોવું જોઈએ. 'રાજ્યીકરણ' સમાજીકરણનું પહેલું પગથિયું છે.

૧૫. શ્રમજીવીઓની સરકારની માલકી એ જ વાસ્તવમાં શ્રમજીવીઓની માલકી છે.

૧૬. વર્ગસંઘર્ષ

શ્રમજીવીઓની સરકાર સ્થાપવા માટે મૂડીવાદીઓ પાસેથી જબરજસ્તીથી સત્તા લઈ લેવી જોઈશે અને એમનો વધ કરવાનું આવશ્યક થાય તો તે પણ કરવામાં આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭. સંપત્તિ અને ઉત્પાદનના વિકેન્દ્રીકરણને પરિણામે રાજ્યસત્તાનું વિકેન્દ્રીકરણ. શાસનની આવશ્યકતા ઉત્તરોત્તર ઓછી થતી જાય છે. ક્રાંતિની પ્રક્રિયામાં જ શાસનના ઘટતા જવાની પ્રક્રિયા અપ્રત્યક્ષ રીતે રહેલી છે. પક્ષાતીત શાસનપદ્ધતિની સ્થાપના આપોઆપ થાય છે.

૧૭. સંપત્તિ અને ઉત્પાદનના કેન્દ્રીકરણ દ્વારા એક પક્ષની સર્વસત્તાનું નિર્માણ. શાસનની અનિવાર્યતા વધતી જ જાય છે.

૧૮. સર્વભૂતહિતેરત વૃત્તિનું બીજારોપણ થાય છે અને રાજ્યની સીમાઓથી પર થવાની મધુર પ્રક્રિયાનો સ્વાભાવિક રીતે આરંભ થાય છે.

૧૮. રાષ્ટ્રવાદી મનોવૃત્તિ પુષ્ટ થાય છે. કારણ કે દરેક દેશના શ્રમજીવીઓ પોતપોતાના દેશની રાજ્યસત્તા કબજે કરવાની કોશિશ કરે છે. આજે તો કૉમ્યુનિઝમમાંથી આંતરરાષ્ટ્રીયતાના આગ્રહનો લગભગ લોપ થયો છે.

૧૯. ક્રાન્તિની પ્રક્રિયામાં કેવળ બાહ્ય સંગઠન જ આવશ્યક છે, એમ માનવામાં નથી આવ્યું. શ્રમજીવીઓના હૃદયને એકબીજા સાથે જોડવાનો આગ્રહ છે, તેથી ક્રાંતિની પ્રક્રિયામાં વિકેન્દ્રીકરણ તરફ આગળ વધાય છે. વર્ગો દૂર થયા પછી ઉત્પાદન અને વહેંચણી મોટે ભાગે વિકેન્દ્રિત પદ્ધતિથી જ થશે. ઉત્પાદનનાં સાધનો માટે કેન્દ્રીકરણ આવશ્યક થશે, પણ તે ઘણા ઓછા પ્રમાણમાં.

૧૯. શ્રમજીવીઓના સંગઠન માટે ક્રાંતિકાળમાં કેન્દ્રિત ઉત્પાદન આવશ્યક છે. એટલે સામ્યવાદી સરમુખત્યારીમાં પણ કેન્દ્રિત ઉત્પાદનનો આગ્રહ અને વિકાસ, મૂડીવાદી કેન્દ્રિત ઉત્પાદનની પેઠે, જેમનો તેમ સ્વીકારી લેવામાં આવે છે. ઉત્પાદન અને વહેંચણીનું સંપૂર્ણ કેન્દ્રીકરણ.

૨૦. માનવનિષ્ઠા

આર્થિક નિયોજનનો ઉદ્દેશ ઉત્પાદકની શક્તિ તથા કુશળતાના ઉપયોગ દ્વારા તેના વ્યક્તિત્વનો સર્વાંગીણ ઉત્કર્ષ કરવાનો છે. મૂલ્યાંકનમાં કેન્દ્રસ્થાને ઉત્પાદક માણસ છે.

૨૦. વસ્તુનિષ્ઠા

આર્થિક નિયોજનનો ઉદ્દેશ અધિક ઉત્પાદન અને સરળ વહેંચણી છે. મૂલ્યાંકનમાં કેન્દ્રસ્થાને વાપરવાની વસ્તુ છે.

૨૧. ઉત્પાદનનો ઉદ્દેશ ઉત્પાદકનો સાંસ્કૃતિક વિકાસ કરવાનો છે. જીવનની આવશ્યક સામગ્રીનું ઉત્પાદન કરવામાં માણસ અને પશુની બધી શક્તિનો ઉપયોગ તથા વિકાસ થવો જોઈએ. ઉત્પાદન માણસ માટે છે, માણસ ઉત્પાદન માટે નથી.

૨૧. ઉપયોગી વસ્તુઓની છત અને સમાન વહેંચણી એ જ પરમ સાધ્ય છે. એ જ સાંસ્કૃતિક ઉન્નતિનું મુખ્ય લક્ષણ છે. પરિણામે મનુષ્ય અને પશુ બન્ને ઉત્પાદનનાં સાધન બની જાય છે. યંત્ર મુખ્ય સાધન બને છે. અને મનુષ્ય તથા મનુષ્યેતર પ્રાણીઓ ગૌણ સાધન બની જાય છે.

૨૨. સમયને જીવનનું ઉત્પાદક અને પોષક તત્ત્વ માનીને તેનો સહકાર પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો. એટલે કે સમયજ્ઞતા તથા સમયસૂચકતા કેળવવાં.

૨૨. સમયને સંહારક તત્ત્વ માનીને તેની સાથે સતત હરીફાઈ. ઉત્પાદનની ગતિ વધારવાની અને સમય બચાવવાની ધૂન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩. વિકેન્દ્રિત ઉત્પાદનમાં ઉત્પાદક હમેશાં નિષ્ણાત બની જાય છે. નાના પાયા પરના ઉત્પાદનમાં ઉત્પાદક જ વ્યવસ્થાપક બની જાય છે.

૨૪. ત્યાગ અને સંતોષની ભાવનાનો વિકાસ, અર્થનીતિનું ધ્યેય અપરિગ્રહના સિદ્ધાંતનો આર્થિક ક્ષેત્રમાં પ્રયોગ, અને આત્મસંતોષ તથા બીજાઓ સાથે સંપૂર્ણ તાદાત્મ્ય.

૨૩. કેન્દ્રિત ઉત્પાદન અને વહેંચણીને માટે નિષ્ણાતો તથા વ્યવસ્થાપકોની અનિવાર્યતા. એમાંથી મુનીમશાહી તથા નિષ્ણાતશાહી ઊભી થાય છે.

૨૪. ભલે માલકી સામુદાયિક હોય છતાં અર્થ-નીતિનું ધ્યેય મોટા પ્રમાણમાં ભોગસામગ્રી અને ભોગવિલાસ બને છે. સામુદાયિક પરિગ્રહનું સંયોજન. વાસનાઓ તથા જરૂરિયાતોને પ્રોત્સાહન.

વિમલાબહેન ઠકાર

(હિંદી 'સામ્યયોગ' સાપ્તાહિક પરથી)

ભા ખ રા નાં ગ લ

આ ભર ભર વહેતાં સતલજનાં જળ,
કોણ રહ્યું છે વાળી ?
આ અડગ શિવાલિકના દૃઢ ડુંગર,
કોણ રહ્યું છે ગાળી ?
આ ગાઢ તિમિરના ખડકાયા થર,
કોણ રહ્યું અજવાળી ?
આ ભીષણ કુદરતને દુર્ગમ સ્થળ
કોણ રહ્યું દઈ તાળી ?
આ ભર ભર૦ — ૧

પંજાબધરા આ સતલજને તટ
સજીવ પકવે સોનું,
આ અનંત ફરતા કાળતણે પટ
બની રહ્યું એ સોણું;
એ દૈવતણી નિર્ઝળ કથની અવ
કોણ રહ્યું અહીં ખાળી ?
આ ભર ભર૦ — ૨

આ હાથ હજાર હજાર નવું જગ
રચતા એક અવાજે,
નવલે સાધન આ પથ્થરને ઢગ
નવયુગનો જય ગાજે;
આ વત્સલ દૃગથી શ્રમ મંગલમય
કોણ રહ્યું અહીં ભાળી ?
આ ભર ભર૦ — ૩

નભ અડે ભાખરા-નાંગલ ધ્વજ, અમ
ધરા રહે હરિયાળી,
નવભારતની ગંગા સતલજ અમ
સદા રહે રઢિયાળી;
એ નેક ટેકથી સતલજનાં જળ,
કોણ રહ્યું છે વાળી ?
ને અડગ શિવાલિકના દૃઢ ડુંગર,
કોણ રહ્યું છે ગાળી ?
આ ભર ભર૦ — ૪

હસિત બૂચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજ્ઞાનનો યુગ અને તેનો અભ્યાસ

[ગુ૦ સા૦ પરિષદના વિજ્ઞાન વિભાગના પ્રમુખ તરીકે આપેલા વ્યાખ્યાનમાંથી.]

જૂના વખતમાં આપણે સાંભળેલું કે, આપણી પૃથ્વી સાત દ્વીપની બનેલી હતી. પણ તેથી સંતોષ માની આપણે કેમ બેસી શકીએ? અત્યારે તો પૃથ્વીના જુદા જુદા ખંડોની આપણે ભૂગોળ શીખીશું, તોપણ હજી ઘણું વધારે જાણવાનું બાકી રહેશે. કારણ કે, હવે તો થોડા વખતમાં આપણે મંગળ કે ચંદ્ર ઉપર મુસાફરી લઈ જવાની તૈયારી કરવી પડશે.

ઘણા રાજનીતિજ્ઞોએ એક દુનિયા (one world) નો આદર્શ આપણી પાસે મૂકયો છે. હું નમ્રતાથી કહેવા માગું છું કે, આ આદર્શની સિદ્ધિમાં વિજ્ઞાનનો ફાળો ઘણો મોટો હશે. અને તે સિદ્ધિનો વખત હવે લગભગ આવી પહોંચ્યો છે.

આજનો યુગ 'અણુયુગ' ગણાય છે. વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આઇન્સ્ટાઈને આપણને સાપેક્ષવાદનો સિદ્ધાંત આપ્યો. તેમણે સિદ્ધ કરી બતાવ્યું કે, ભૌતિક પદાર્થ અને શક્તિ એકબીજામાં પરિવર્તિત કરી શકાય છે. પદાર્થના નાના એવા ટુકડાનો નાશ કરવામાં આવે તોપણ ખૂબ જ મોટા પ્રમાણમાં શક્તિ મળી શકે છે.

દરેક પદાર્થ અથવા તત્ત્વ અણુઓનો બનેલો હોય છે. દરેક અણુના બે ભાગ હોય છે; એક મધ્યવર્તી ભાગ કેન્દ્ર (ન્યૂક્લીઅસ) અને બીજો આજુબાજુનો ભાગ (ઇલેકટ્રોન). ન્યૂક્લીઅસમાં પ્રોટોન અને ન્યૂટ્રોન નામના બે જાતના કણો આવેલા હોય છે.

પહેલાં તો એમ માનવામાં આવતું કે અણુ અવિભાજ્ય અને અવિનાશી છે. પણ હવે એમ સિદ્ધ થયું છે કે તે માન્યતા ભૂલભરેલી છે. કેટલાએક પદાર્થો એવા હોય છે કે, તેના અણુઓનું વિભાજન કુદરતમાં સતત થયા જ કરતું હોય છે. અણુઓ આપોઆપ તૂટે છે, અને તેમાંથી અમુક જાતનાં કિરણો નીકળતાં હોય છે. આવા પદાર્થોને 'રેડિયો-એક્ટિવ' પદાર્થો કહેવાય છે.

યુરેનિયમ જેવાં ભારે તત્ત્વો ઉપર જ્યારે ન્યૂટ્રોનનો મારો કરવામાં આવ્યો ત્યારે તેના કેન્દ્રનું વિભાજન થયું અને જુદી જુદી જાતનાં 'રેડિયો એક્ટિવ' તત્ત્વો ઉત્પન્ન થયાં. (આ રીતે અત્યાર સુધીમાં નેપ્ચ્યુનિયમથી માંડીને મેન્ડેલેવિયમ સુધીનાં ૯ વધારાનાં તત્ત્વો મળ્યાં છે.) આ પરિવર્તન સાથે સાથે ઘણા જ બહોળા પ્રમાણમાં શક્તિ પણ ઉત્પન્ન થઈ. આ શક્તિ તે જ 'અણુ શક્તિ' અને આ છે અણુબૉમ્બનું રહસ્ય.

અણુબૉમ્બનો પહેલો પ્રયોગ ૧૯૪૫ના ઑગસ્ટ માસમાં જાપાનના નાગાસાકી અને હીરોશીમા ઉપર કરવામાં આવ્યો. આ વાતને આજે બરાબર દસ વર્ષ થઈ ગયાં છે, છતાં તેના સંહારતાંડવથી માનવતા એટલી ત્રાસી ઊઠી છે કે, તેની બીક હજી મનમાંથી ગઈ નથી.

આ વિરાટ શક્તિ માનવ કલ્યાણ અર્થે વપરાય અને જગતનું નવસર્જન થાય, ત્યારે સંસ્કૃતિનો નવો યુગ શરૂ થશે.

આધુનિક યુગને કોઈએ 'એન્ટીબાયોટિક્સ યુગ' તરીકે પણ ગણાવ્યો છે. ગઈ લડાઈના દિવસોમાં અણુબૉમ્બની સાથે સાથે એન્ટીબાયોટિક્સ શોધાયા છે. તેમાંનાં કેટલાંએક – જેવાં કે પેનિસિલિન, સ્ટ્રેપ્ટોમાઈસીન, ક્લોરોમાઈસેટીન, ઑરીઓમાઈસીન, ટેરેમાઈસીન, ટેટ્રામાઈસીન, ટેટ્રામાઈસીન એસ. એફ. વગેરેએ માનવજાતિને કેટલાયે રોગોમાંથી બચાવી લીધી છે. સાથે સાથે હવે એમ પણ સમજાયું છે કે, એન્ટીબાયોટિક્સનો ઉપયોગ બહુ સાવધાનીથી કરવો જોઈએ. કારણ કે કોઈ વાર તેની શરીર ઉપર બરાબર અસર પણ રહી જાય છે.

આવા વિજ્ઞાન યુગની અંદર બીજા દેશોના પ્રમાણમાં આપણે બહુ પાછળ છીએ તે કબૂલ કરવું પડશે.

એ ખરું છે કે, છેલ્લાં ૧૦–૨૦ વર્ષમાં વિજ્ઞાનનો અભ્યાસ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા પહેલાં કરતાં ઘણી વધી છે. વળી નવી નવી સંસ્થાઓ પણ ખોલવામાં આવી છે. છતાં બીજા દેશોની સરખામણીમાં આપણે બહુ પાછળ છીએ. આપણા પ્રદેશમાં વિજ્ઞાનની પાછળ ભેખ લઈ જિંદગી સમર્પણ કરનારાં કેટલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી શકે તેમ છે? ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી, પ્રોફેસર ગજ્જર વગેરે થોડાં નામો આપણે સગર્વ આપી શકીએ ખરાં. પણ જ્યાં સુધી આપણો યુવક વર્ગ તેઓની પાસેથી પ્રેરણા મેળવી, વૈજ્ઞાનિક સંશોધનને પોતાની જિંદગીનું ધ્યેય ન બનાવે ત્યાં સુધી આપણે ખાસ કંઈ પ્રગતિ સાધી શકીએ નહીં.

સાથે સાથે આપણી શિક્ષણ પદ્ધતિમાં ધરમૂળના ફેરફારો કરવાની ખાસ આવશ્યકતા છે.

જ્યાં સુધી આપણે વિજ્ઞાનની વાતો સાદી ભાષામાં અને માતૃભાષામાં — ગુજરાતીમાં — ન ઉતારીએ ત્યાં સુધી વિજ્ઞાન જનસમુદાયથી દૂર જ રહેશે. વિજ્ઞાનના સિદ્ધાંતો સાદી ભાષામાં સમજાવતાં પુસ્તકો આપણે તૈયાર કરાવવાં પડશે. વૈજ્ઞાનિક શોધખોળો કેવળ પંડિત વર્ગનો જ ઇજારો ન બની રહે અને આમવર્ગ સુધી તેનો ફેલાવો થાય તે માટે જુદી જુદી જાતની ગ્રંથ-માળાઓ પણ આપણે તૈયાર કરવી પડશે. સર્વમાન્ય બની રહે તેવા વિજ્ઞાનના પારિભાષિક શબ્દો આપણી ભાષામાં ઉતારવા પડશે.

[૧૯મું અધિવેશન; તા. ૨૭–૨૮ ઑક્ટોબર ૧૯૫૫] **૨૦ દે૦ આહતિયા**

પ્રશ્નોત્તર

[ગાંધીજીને પૂછવામાં આવેલા કેટલાક પ્રશ્ન અને તેના તેમણે આપેલા ઉત્તરોવાળો પત્ર મૂળ લખાણનો બ્લૉક કરાવી છપાવવામાં આવ્યા છે. જોડણીનો ફેરફાર કરી લઈ, તે જેમના તેમ નીચે ઉતાર્યા છે.]

ભાવનગર, તા. ૨૦–૫–૧૯૧૬

શ્રી૦ ગાંધીજીને ચરણે —

આજે આપને કેટલાક અંગત પ્રશ્નો પૂછું છું, જેમ કરવાને મને બિલકુલ અધિકાર નથી. છતાં યોગ્ય લાગે તો ઉત્તર આપશો, અને નહિતર મારા અવિવેક માટે ક્ષમા કરશો.

૧. આપના હૃદયમાં કદી ક્ષોભ થયો છે?

૨. 'આમ નહીં અને આમ થયું હોત તો ઠીક હતું,' એવો વિચાર આપને કદી થાય છે? આપને કદી પશ્ચાત્તાપ થાય?

૩. આપનામાં પક્ષપાતબુદ્ધિ કયારેય ઉદ્‌ભવે છે ખરી?

૪. આપ ધારો છો તે પ્રમાણે બધું કાર્ય કરી શકો છો? (બીજાના પર આધાર રાખતું નહિ, પણ આપે મનમાં નિશ્ચય કરેલો એવું આપના કાર્યક્રમને લગતું).

૫. આપને હવે આપનામાં કોઈ જાતની ખાસ અપૂર્ણતા દેખાય છે? દેખાતી હોય તો તેને માટે પ્રયત્ન કરો છો?

લિ૦ સેવક
શાહ વીરચંદ પાનાચંદ
અમદાવાદ, વૈશાખ વદ ૬

રા. રા. વીરચંદ પાનાચંદ શાહ

આપે પ્રશ્નો બરોબર પૂછ્યા છે.

મારા હૃદયમાં ક્ષોભ થતો હશે.

'આમ નહીં ને આમ થયું હોત તો ઠીક થાત,' એવો હલકો વિચાર કોઈ કોઈ વાર આવે છે ખરો. પશ્ચાત્તાપ બહુ વાર થાય છે.

પક્ષપાતબુદ્ધિ આવી જતી હશે. પણ ઘણી જૂજ. એવી કે તેનું સ્મરણ મને નથી આવતું.

હું ધારું છું તે પ્રમાણે બધું કાર્ય હું કરી શકતો નથી.

મારી અપૂર્ણતાઓ ક્ષણેક્ષણે જોઉં છું ને તે દૂર કરવા પ્રતિક્ષણ પ્રયત્ન કરું છું.

વિશેષ પૂછવું ઘટે તે પૂછશોજી.

મોહનદાસ ગાંધીના
વંદેમાતરમ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112695

ધાકના માર્યા

રાતના નવ દસેક વાગ્યા હતા. હું . . . ભાઈને ઘેર બેસી શાળાના કામકાજ અંગે થોડી વાતો કરતો બેઠો હતો.

એવામાં મારા નામની બૂમ પાડી એક ભાઈએ કહ્યું, 'જરા બહાર આવોને.' હું તરત ઊઠ્યો. ઘરની બહાર આવ્યો. ચાંદની રાતના અજવાળામાં ત્રણ મોટી વ્યક્તિ અને એક નાના (૧૧-૧૨ વર્ષના) છોકરાને મેં જોયાં.

સફેદ મોટી દાઢીવાળા, મોટી લુંગી વીંટાળેલા અને ઉત્તરીય ઓઢેલા એક પચાસેક વર્ષના ગૃહસ્થ જોડે આધુનિક શિષ્ટ પોશાકમાં સજ્જ થયેલા એક યુવાન ભાઈ, અમારી સંસ્થાના . . . ભાઈ અને પેલો છોકરો એમ ચાર જણા ગોળ કૂંડાળામાં ઊભા રહી ગુપચુપ ગુપચુપ વાતો કરતા હતા.

'આવો,' મને સત્કારતાં અમારી સંસ્થાના ભાઈએ કહ્યું. અને પછી પેલા વૃદ્ધ – યુવાનની જોડલી તરફ ફરી તેમને કહ્યું, 'આ ચંદ્રકાંતભાઈ; હવે તમારે જે વાત કરવી હોય તે શરૂ કરો. એ ભાઈ પાંચમું ધોરણ ભણાવે છે.'

મેં વિવેક કરી જય જય કર્યા.

પેલા વૃદ્ધે મને સવાલ પૂછ્યો, 'માસ્ટર, ચિ૦ જગદીશે તમને શેફર્સ ઇન્ડીપેન આપી છે તે ક્યાં છે?' (સાથે પેલો જે છોકરો હતો તેનું નામ જગદીશ હતું. તે અમારે ત્યાં પાંચમા ધોરણમાં ભણતો હતો)

હું તો એકદમ ચોંકી ઊઠ્યો. કેવી ઇન્ડીપેન અને કેવી વાત!

બાળકોને જોઈને ગેલ કરવા મંડી પડું એવો મારો સ્વભાવ છે. બાળકોને ધીમે ધીમે ટોળટપ્પા કરતાં બોલાવવાની મને ટેવ પડી ગઈ છે. હળવાશથી કે નરમાશથી પ્રશ્નો પૂંછીએ એટલે બાળકોને આપણામાં વિશ્વાસ બેસે છે.

મેં જગદીશને કહ્યું, 'જગદીશ! મને વળી ક્યારે ઇન્ડીપેન આપી હતી? કોક બીજાને તો નથી આપી ને?'

જગદીશ નિરુત્તર રહ્યો. નીચું જોઈને તે પગને અંગૂઠે ભોંય ખોતરવા લાગ્યો.

'ચાલો ત્યારે વાત થઈ રહી.' એમ કહીં અમારી સંસ્થાના ભાઈએ પેલા બે ગૃહસ્થોને કહ્યું. એમાં એક જગદીશના પિતા અને બીજા ભાઈ હતા. તેઓ પાછા ફર્યા. હું મારે ઘેર ગયો. રાતના અગિયારના ઠંકા પગીએ માર્યા. બીજે દિવસે વહેલી સવારે અમારી સંસ્થાના ભાઈ મારી પાસે આવ્યા. 'ચંદ્રકાન્ત, આ બધી શી ધમાલ છે?' એમણે પ્રશ્ન કર્યો.

સહજભાવે મેં પૂછ્યું, 'શી બાબતની?' એમણે આગળ ચલાવ્યું. "કાલે તમારી જુબાની લીધા પછી પેલા ત્રણ જણા સાથે હું વાતો કરતો રહ્યો. પેલા જુવાને મને કહ્યું કે, 'આ માસ્તર જરૂર ચોર છે.' એને માનસશાસ્ત્રનો ઊંડો અનુભવ હોવાથી કે કોણ જાણે કેમ પણ તેણે એવું તારણ કાઢ્યું કે, 'જો ઇન્ડીપેન માસ્તરે ના લીધી હોત, તો એ ચિ૦ જગદીશને ધમકાવી ન કાઢત? તેને બદલે પોચું પોચું કૃત્રિમભાવવાળું વર્તન માસ્તરે જગદીશ પ્રત્યે દર્શાવ્યું એ બતાવે છે કે એ ચોર છે. એણે જ ઇન્ડીપેન લીધી છે.' પછી મેં એને કહ્યું કે, તમારું નિદાન ચર્ચાસ્પદ છે. 'ઇન્ડીપેન વિષે જગદીશે તમને શું કહ્યું છે?' એમ પેલા વૃદ્ધને જ્યારે મેં પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે, 'આજે સાંજે જગદીશ નિશાળેથી ઘેર આવ્યો ત્યારે મેં એની ઇન્ડીપેન માગી. મેં એને થોડા દિવસ પહેલાં જ આપી હતી. વળી તે બહુ ઊંચી જાતની (શેફર્સ) છે. એણે મને કહ્યું કે એ ઇન્ડીપેન ચંદ્રકાન્તભાઈ પાસે છે. જગદીશે મને જે વર્ણન આપ્યું તે પરથી મને લાગે છે કે માસ્તરે સાચે જ ઇન્ડીપેન લીધી છે.' એટલે મેં કહ્યું, 'જગદીશે કેવું વર્ણન તમને આપ્યું છે?' પેલા વૃદ્ધે કહ્યું, 'રમતનો સમય પૂરો થતાં દરેક વિદ્યાર્થી પોતપોતાનું દફ્તર લઈ ચાલવા લાગ્યો. જગદીશે એની ઇન્ડીપેન માસ્તર પાસે માગી. માસ્તર એને પોતાની ઓરડીમાં લઈ ગયા. પછી ત્યાં જઈ માસ્તરે કહ્યું કે મારી પાસે ઇન્ડીપેન નથી. પણ જગદીશનું કહેવું એવું છે કે માસ્તરના ઓરડાના કબાટના બીજા ખાનામાં મોટા ચોપડાની પછવાડે માસ્તરે ઇન્ડીપેન મૂકેલી છે. જગદીશ તો ૧૦-૧૨ વર્ષનો નિર્દોષ બાળક છે. એ જૂઠું શા માટે બોલે? વળી આટલી ક્રમબદ્ધ માહિતી તે કેવી રીતે પૂરી પાડે? માસ્તર તો રાગદ્વેષ ભરેલો, મોટો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે પોતાનો ગુનો છુપાવવા એ તો બધા ઢોંગ કરી શકે.' મારી દૃષ્ટિએ ડોસાની છેલ્લી દલીલ તો સાવ સાચી છે. નાના બાળકની સરખામણીમાં આપણે તો જરૂર પાપી, ઢોંગી જ ગણાઈએ ને! તે રાત્રે તમારી ઓરડી તપાસવાનું પેલા યુવાન અને વૃદ્ધે મને કહ્યું. પરંતુ મેં ના પાડી અને વાત આજ પર છોડી છે."

હું તો સ્તબ્ધ બનીને સાંભળી રહ્યો. ઇન્ડીપેન (અને તેયે શેફર્સ,) હું લઉં, સંતાડું, એક વાલી મને ચોર માને, આ બધી વાતો મારા માન્યામાં જ નહોતી આવતી. ૧૦-૧૨ વર્ષનો છોકરો આવી કોઈ પાકા ગઠિયાને શરમાવે એવી સિફતથી વાત જોડી કાઢે એની પાછળ શું કારણ હશે, એનું રહસ્ય ઉકેલવા મેં મારું મન કામે લગાડ્યું. છોકરાના ઘરની પરિસ્થિતિની મને ખબર હતી. એની બા ગુજરી ગઈ હતી. વૃદ્ધનો સૌથી નાનો પુત્ર એ પોતે હતો. એના લાડકોડ પૂરનાર ઘરમાં કોઈ ન હતું. ભાભી હતાં પણ માની ગરજ એ સારતાં ન હતાં. એટલે બધાં જ એને હડેહડે કરતાં, એને ધમકાવતાં અને સહાનુભૂતિનો એક શબ્દ એને માટે ન વાપરતાં.

આ સ્થિતિની મને જાણ હતી. એટલે બીજે દિવસે નિશાળે આવતાં જ મેં જગદીશને બોલાવ્યો. એને મારી પાસે તેડી મેં એને માથે અને પીઠે હેતથી હાથ ફેરવ્યો. સ્નેહભરી આંખે જગદીશને મેં પૂછ્યું, 'જગદીશ, મને તેં કયારે ઇન્ડીપેન આપી હતી?' જગદીશની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. ડૂસકાં ખાતાં ખાતાં એ બોલ્યો, 'ચંદ્રકાંતભાઈ, આપણું નવજીવન પ્રેસ બંધાય છે ને, ત્યાં હું આજે જોવા ગયો હતો. ત્યાં ચડઊતર કરતાં એ ઇંડીપેન કચાંક પડી ગઈ છે. મારાં ભાઈ ભાભી અને બાપા મને મારશે એ ધાકના માર્યા મેં તમને આ ગુનામાં સંડોવી દીધા."

જગદીશ વધુ ડૂસકાં ખાવા લાગ્યો અને શાંત પાડી મેં પાણીથી એની આંખો ધોઈ અને એને વર્ગમાં મોકલ્યો.

મને ઇન્ડીપેન-પ્રકરણનું રહસ્ય લાધ્યું. ચિ૰ જગદીશની વાત મેં એના વાલીને પાછળથી કરી.

છોકરાંનો વિશ્વાસ ગુમાવીને વાલીઓ એમની સાથે કામ ન લઈ શકે. શિક્ષકો માટે પણ આ વાત એટલી જ સાચી છે.

ચંદ્રકાન્ત ઉપાધ્યાય

ચર્મઉદ્યોગનો વિકાસ

દુનિયાના કોઈ પણ દેશ કરતાં ભારતમાં ઢોરની સંખ્યા સૌથી વધુ છે. એટલે સ્વાભાવિકપણે આ એક મોટા ગ્રામોદ્યોગ છે. હજુ આજે પણ ૮૦% ચામડાં પકવવાનું કામ અને ૯૦% પગરખાં બનાવવાનું કાર્ય હાથે જ થાય છે. આ ચામડાંનું ઉત્પન્ન મોટે ભાગે કુદરતી રીતે મરતાં ઢોરની સંખ્યા ઉપર આધાર રાખે છે. હલાલ કરાતાં ઢોરની સંખ્યા આપણે ત્યાં ઘણી નાની છે. વળી કાયદો તેમ જ સામાજિક અને આર્થિક બંધનોને કારણે મરેલાં ઢોરનાં શબ પણ યોગ્ય સમયે મળતાં નથી. પરિણામે સારું ચામડું મળતું નથી અને તેથી દેશને લગભગ ૧૦ કરોડ રૂપિયાનું પ્રતિવર્ષ નુકસાન થાય છે. વળી ખામીભરી પદ્ધતિઓને પરિણામે આ ઉદ્યોગમાં કામ કરનારાઓને પણ પૂરું વળતર મળતું નથી અને તેમની આર્થિક સ્થિતિ પણ ઘણી બેહાલ છે.

આ ઉદ્યોગમાં પણ યંત્ર પ્રવેશ્યું છે. આપણા દેશમાં ૨૪ યાંત્રિક અને મોટા પાયા પરનાં, ૫૦૦ હાથે કામ કરતાં પણ મોટા પાયા પરનાં અને ૨૫૦ યાંત્રિક છતાં નાના પાયા પર ચામડાં પકવવાનાં કારખાનાં છે અને તેમાં ૩૫,૬૫૦ જણાને રોજી મળે છે. આ જ કામ ગામડાંઓમાં છૂટક છૂટક ચમારો કરે છે. તેમાં ૫૪,૦૦૦ વ્યક્તિઓ રોજી મેળવતી હોવાનો અંદાજ છે. તે ઉપરાંત તેમનાં કુટુંબીજનો જુદાં. આ ઉદ્યોગનો પૂરક ઉદ્યોગ એટલે કે પગરખાંના ઉદ્યોગમાં પણ અત્યારે ૧૨ મોટા પાયા પરનાં કારખાનાં છે; અને નાના પાયા પરનાં તો અગણ્ય છે. ૧૯૫૪માં ૯ કરોડ ૪ લાખ જોડ પગરખાં દેશમાં બન્યાં હતાં. તેમાં મોટાં કારખાનાંઓમાં ૫૪ લાખ એટલે કે ૫.૯% અને બાકીના ૯૪% નાનાં કારખાનાં અને ગામડાંઓમાં બન્યાં હતાં. ૧૯૫૧ની વસ્તીગણતરી પ્રમાણે આ ઉદ્યોગમાં ૪,૦૧,૬૭૨ કારીગરો છે.

આ ઉદ્યોગના વિકાસ માટે નીચેની બાબતો ઉપર ધ્યાન આપવું જરૂરી છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. ઢોરનાં શબની યોગ્ય સમયે પ્રાપ્તિ અને તેના બધાયે અવશેષોનો પૂરો ઉપયોગ;

૨. તાલીમબદ્ધ નિરીક્ષકો હેઠળ, સુધરેલી પદ્ધતિઓથી ચામડાં પકવવાં;

૩. પસંદ કરેલાં કેન્દ્રોમાં ચામડાંની જાત સુધરે તે માટે તાલીમની જોગવાઈ;

૪. આ ઉદ્યોગના કારીગરોને વ્યવસ્થિત અને આયોજિત મદદ.

આ ઉદ્યોગના વિકાસને માટે, હાલમાં મોટાં કારખાનાંઓની જે હરીફાઈ ચાલે છે, તે અટકવી જોઈએ; અને તે માટે આ બંને વિભાગો માટે એક સામાન્ય ઉત્પાદનનો કાર્યક્રમ ઘડી કાઢવો જરૂરી છે. પરંતુ એ કાર્યક્રમ ઘડી શકાય તે પહેલાં આપણે ત્યાં ચામડાંની અને તેની પેદાશોની જરૂરિયાત કેટલી છે અને થશે તે જાણી લેવું જોઈએ.

૧૯૫૪માં આંતરિક માંગ ૧૦૮·૫ લાખ મોટાં ચામડાંની અને ૪૨·૫ નાનાં ચામડાંની હતી; અને નિકાસ ૨૬ લાખ પકવેલાં અને ૬૫ લાખ કાચાં ચામડાંની થઈ હતી. બીજી પંચવર્ષી યોજના દરમિયાન પગરખાંનો વપરાશ જે હાલમાં ગામડામાં દર ૫ વ્યક્તિએ ૧ જોડ અને શહેરમાં દર ૨ વ્યક્તિએ ૧ જોડ છે તે વધીને દર ૯ વ્યક્તિએ ૨ જોડ અને શહેરમાં ૫ વ્યક્તિએ ૩ જોડ થશે એવો અંદાજ છે. એટલે કે એ જરૂરિયાતમાં ૨૦ % નો વધારો થશે. ચામડાની જાત સુધરવાને પરિણામે પરદેશની નિકાસ પણ વધશે અને આમ એકંદરે ૧૭૬·૪ લાખ મોટાં ચામડાં અને ૧૩૨·૪ લાખ નાનાં ચામડાંની માંગ રહેશે. સાથે સાથે દેશની ઢોરની સંખ્યા પણ દર વર્ષે ૨% વધીને ૩,૪૧૨ લાખ થશે. તેથી ૧૯૬૧ માં તો ૨૯૦ લાખ મોટાં ચામડાં અને ૪૬૯ લાખ નાનાં ચામડાં મળી રહેશે.

એટલે હવે પ્રશ્ન ઉત્પાદનનો સામાન્ય કાર્યક્રમ ઘડવાનો રહે છે. એ કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવાની ગ્રામોદ્યોગ બોર્ડની સૂચના છે:

૧. ચામડાં પકવનારાં યાંત્રિક કારખાનાંની ૧૯૫૪ ની ઉત્પાદનશક્તિમાં વધારો ન થવા દેવો.

૨. ૬૦ લાખ મોટાં ચામડાં અને ૭૦ લાખ નાનાં ચામડાં પકવવાનું કામ ગ્રામોદ્યોગને સોંપવું.

૩. ૪૦ લાખ નાનાં ચામડાં મોટા પાયાનાં યાંત્રિક કારખાનાંને સોંપવાં; ૧૦ લાખ નાના પાયાનાં યાંત્રિક કારખાનાંને સોંપવાં.

૪. બહાર મોકલાતાં કાચાં નાનાં ચામડાંનો વાર્ષિક જથ્થો નક્કી કરવો અને ઉત્તરોત્તર નિકાસ ઘટાડવી.

૫. જંગલમાંથી મળી આવતાં કમાવવાનાં સાધનોની જાળવણી કરવી અને તેનું મદ્રાસ અને ઉ. પ્રદેશ જેવામાં ખાસ વાવેતર કરવું.

૬. ઢોરની ચામડીને નુકસાન કરનારી ડામ દેવાની કે આર મારવાની પ્રથા અંગે તેમ જ ઢોરનાં શબ ઊંચકવા અંગે પડતી મુશ્કેલીઓ દૂર કરવા કાયદાઓ કરવા.

૭. પગરખાંની તમામ વધારાની જરૂરિયાતો ગ્રામોદ્યોગ માટે અલગ અને સુરક્ષિત રાખવી.

૮. ગામડાંના કારીગરોને કાચી સામગ્રી મેળવવામાં તેમ જ પોતાનો માલ વેચવામાં સહાય કરવી.

આ ઉદ્યોગના વિકાસ માટે બોર્ડે બીજી પંચવર્ષી યોજનામાં ૩૦૦૦ શબ મેળવવાનાં કેન્દ્રો, ૩૦૦ ગામડાંમાં ચામડું પકવવાનાં કેન્દ્રો, ૭૫ ગુંદર બનાવવાનાં કેન્દ્રો, અને ૩૦,૦૦૦ મોચીઓ તૈયાર કરવાનું સૂચવ્યું છે. વળી ૪ શબ મેળવવા માટેનાં તાલીમ કેન્દ્રો, ૨૦ ચામડું પકવવાનાં તાલીમ કેન્દ્રો, ૮૦ ફરતી મંડળીઓ અને ૫૦ વેચાણ કેન્દ્રો ચાલુ કરવાનું પણ સૂચવ્યું છે.

ઉપરનું તંત્ર ગોઠવવાનો કુલ ખર્ચ ૩૧૪·૧ લાખ રૂપિયા થશે. વળી તે ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે લોન અને રાહત રૂપે પણ રૂપિયા ૧૫૪·૯૫ લાખ આપવાનું અને તમામ કેન્દ્રોને ચાલુ મૂડી માટે ૧૫૪·૮૫ લાખ રૂપિયા આપવાનું પણ સૂચવ્યું છે.

આ આખીયે યોજનાનો કુલ ખર્ચ ૫·૪ કરોડ રૂપિયા થશે. ત્યારે બીજી બાજુ તેને પરિણામે ૩૮,૨૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધુ વ્યક્તિઓને રોજી મળશે અને ૬૪૨·૮ લાખ રૂપિયાની કિંમતનો માલ ઉત્પન્ન થશે.

ઢોરઉછેરની સાથે જોડાયેલો આ પાયાનો ઉદ્યોગ હોવાથી તેનો ઉપરની દૃષ્ટિએ વિકાસ કરવો જરૂરી છે. તેથી બન્ને રીતે લાભ થશે. રાષ્ટ્રીય ધન વેડફાતું બચશે અને નવું ધન પેદા થશે તથા ઘેર બેઠાં લોકોને રોજી મળશે.

વિ૦

વણેસા-પીસાદમાં શ્રમયજ્ઞ

ગૂજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીઓના શિક્ષણના ભાગ રૂપે જ ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં શ્રમશિબિર યોજે છે. ૧૯૫૩ના ઑક્ટોબરમાં ખેડા જિલ્લામાં માતર તાલુકાના દેથલી ગામે આવો શ્રમશિબિર યોજ્યો હતો. શિબિર ગ્રામવિસ્તારમાં જ યોજવાનો આગ્રહ રાખવામાં આવે છે. આથી વિદ્યાર્થીઓને ગ્રામજનતાના સંપર્કમાં આવવાની તક મળે છે તથા સાથે સાથે શિબિરના શિસ્તબદ્ધ જીવનની તાલીમ મળે છે. આ વરસે સુરત જિલ્લાના પલસાણા તાલુકાના વણેસા ગામના સરપંચ તથા ગામના બીજા આગેવાનોએ ગામનો રસ્તો તૈયાર કરવા માટે સંસ્થાને આમંત્રણ આપ્યું. વિદ્યાપીઠનો એક વિદ્યાર્થી વણેસા ગામમાં રહે છે. આ વિદ્યાર્થીએ ગામમાં શ્રમશિબિર યોજવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. સંસ્થાએ આમંત્રણનો સ્વીકાર કરી આ ગામમાં નવેમ્બરની પહેલીથી આઠમી સુધી શ્રમશિબિર યોજ્યો.

વણેસા અને પીસાદ ગામ બન્ને કેવળ એક રસ્તાથી જુદાં પડે છે. બન્ને ગામોની કુલ વસ્તી ૨૪૦૦ની છે, અને તેમાં મુખ્ય વસ્તી પાટીદારોની છે. આ બંને ગામોમાં છેલ્લાં સાત આઠ વર્ષોથી બાગાયતી ખેતી ઘણી વધી ગઈ છે. અહીંના ખેડૂતો મહેનતુ અને ધંધામાં કુશળ છે. તેથી ખેતીની બાબતમાં આ ગામોએ ઘણો વિકાસ સાધ્યો છે. કેળાં, શેરડી, સૂરણ, રતાળુ તથા શાકભાજી એ મુખ્ય બાગાયતી પાકો છે. ખેડૂતો પોતાનું બધું ઉત્પાદન ગંગાધરા સ્ટેશનેથી બહાર મોકલાવે છે. પણ ચોમાસામાં ખેડૂતોને ઘણી મુશ્કેલી પડતી હતી. રસ્તા એટલા ખરાબ થઈ ગયા હતા કે ટ્રોલી, ગાડાં, કશું જઈ શકતું નહોતું. ખેડૂતોના ઘરમાં પાક પડ્યો હોય પણ તેને બહાર મોકલવાની વ્યવસ્થા નહોતી. કેળાં તથા શાકભાજી જેવો વહેલો બગડે એવો માલ રૂપિયે બાર આના જેટલી મજૂરી આપવા છતાં મજૂરો ન મળતા હોવાથી બગડતો. આથી વણેસા-પીસાદની ગ્રામજનતાએ આ મુશ્કેલીમાંથી ઊગરવાનો નિશ્ચય કર્યો અને લગભગ રૂા. ૩૦ હજાર ભેગા કર્યા; તથા ધૂળિયા-સુરતની ધોરી સડકને જોડતો ૧૫ માઈલ રસ્તો બાંધવાનું નક્કી કર્યું. ગામલોકોએ પોતાના જ સંગઠનબળથી આ કામ પૂરું કરવાનો નિશ્ચય કર્યો; પણ ગામમાં આ કામ કરવા માટે સ્વાવલંબનની હવા ઊભી કરવાની જરૂર હતી. આ કામ માટે ગામના આગેવાનોએ ગૂજરાત વિદ્યાપીઠને પોતાના ગામમાં શ્રમશિબિર યોજવાનું આમંત્રણ આપ્યું.

આ શ્રમયજ્ઞમાં શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના ૬૬ વિદ્યાર્થીઓ, વિનયમંદિરના ૫૪ વિદ્યાર્થીઓ તથા તાલીમ-વર્ગના ૧૩ વિદ્યાર્થીઓ જોડાયા. કુલ ૧૩૩ની સંખ્યામાં ૯૯ ભાઈઓ હતા તથા ૩૪ બહેનો હતી. મહાવિદ્યાલય અને વિનયમંદિર તેમ જ તાલીમ-વર્ગના મળીને કુલ ૧૦ અધ્યાપકો આમાં જોડાયેલા. ઉપરાંત ગામની પ્રાથમિક શાળાના ૪૦ જેટલા બાળકો અને ૨૦ જેટલા ગામજનો પણ શ્રમકાર્યમાં ભાગ લેતા.

શ્રમયજ્ઞનું કામ તા. ૧-૧૧-'૫૪થી શરૂ થયું. વહેલી સવારે ધ્વજવંદન કરવામાં આવ્યું અને તે પછી મુંબઈ રાજ્યના જાહેર બાંધકામ ખાતાના નાયબ પ્રધાન શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે શ્રમયજ્ઞનું ઉદ્‌ઘાટન કર્યું.

શિબિરમાં રોજ પોણાપાંચ વાગ્યે ઊઠવાનો ઘંટ થતો. સવારે ધ્વજવંદન પછી ૬ થી ૮ વાગ્યા સુધી શ્રમનું કામ ચાલતું. તે પછી અડધો કલાક નાસ્તામાં જતો અને સાડાઆઠથી સાડાદસ સુધી ફરી શ્રમનું કામ ચાલતું. બપોરે ભોજન તથા આરામ પછી અડધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાક સમૂહકાંતણ તથા તે પછી એક કલાક આમંત્રિત વ્યાખ્યાતાઓનાં વ્યાખ્યાન ગોઠવાતાં. બપોર પછી ૪॥ થી ૬ ફરી શ્રમયજ્ઞનું કામ ચાલતું. રોજ કુલ પાંચ કલાક શ્રમકાર્યમાં ગાળવામાં આવતા.

સાંજે ભોજન પછી પ્રાર્થના તથા મનોરંજનનો કાર્યક્રમ રાખવામાં આવતો. તેમાં આજુબાજુનાં ગામોમાંથી સેંકડો માણસો આવીને ભાગ લેતાં. પ્રાર્થના પછી ગ્રામજનતાને તથા વિદ્યાર્થીઓને દેશ તથા દુનિયાના સમાચારો કહેવામાં આવતા. અને તે પછી શિબિર તરફથી પ્રગટ થતી 'મધુમક્ષિકા' નામની હસ્તલિખિત દૈનિક પત્રિકા વાંચી સંભળાવવામાં આવતી. આ પત્રિકામાં વ્યાખ્યાતાઓનાં વ્યાખ્યાનનો સાર, શ્રમયજ્ઞને અનુરૂપ ચિંતનાત્મક લેખો, વિદ્યાર્થીઓના લેખો તથા કાવ્યકૃતિઓ, રમૂજી ટુચકા તથા શિબિરની રોજેરોજની ઘટનાઓ હાસ્યપ્રધાન શૈલીમાં આપવામાં આવતાં.

શિબિર દરમ્યાન વણેસા ઉપરાંત પીસાદ તથા બાજુના ધામણોદ ગામમાં પણ પ્રાર્થના તથા મનોરંજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શિબિરમાં જોડાતાં પહેલાં વિદ્યાર્થીઓને કાકડાપારનો બંધ જોવા માટે લઈ જવામાં આવ્યા હતા. ધામણોદ ગામમાં ત્યાંના ગામના ભાઈઓ સાથે સમૂહભોજનનો કાર્યક્રમ તથા એક દિવસ વનભોજનનો કાર્યક્રમ રાખ્યો હતો.

સહશિક્ષણ તથા રાજ્યપુનર્રચના પંચના હેવાલ ઉપર ચર્ચાસભા રાખવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને એક દિવસ વણેસા-પીસાદ ગામની ખેતીના અવલોકન માટે મોકલવામાં આવ્યા હતા. અભ્યાસની દૃષ્ટિએ માહિતી ભેગી થઈ શકે તે માટે વિદ્યાર્થીઓને એક પ્રશ્નાવલિ આપવામાં આવી હતી. અનુભવી ખેડૂતોના માર્ગદર્શન સાથે ચાર ટુકડીઓમાં વહેંચાઈ જઈ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

છેલ્લે દિવસે વિચિત્ર વેશભૂષા તથા શ્રમકાર્યનાં સાધનો સાથે વિદ્યાર્થીઓ તથા ગ્રામજનતાનું એક મોટું સરઘસ શણગારેલાં ગાડાં, ઘોડાગાડી, ઘોડો, ગધેડું વગેરે સહિત નીકળ્યું હતું. આ સરઘસ બે કલાક સુધી વણેસા-પીસાદ ગામમાં ફર્યું હતું. ગ્રામજનતામાં આથી ભારે ઉલ્લાસ અને ઉત્સવનું વાતાવરણ ફેલાયું હતું.

શિબિરના દિવસો દરમ્યાન જુદા જુદા મુલાકાતીઓએ આવીને લાભ આપ્યો હતો. જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ શ્રી પ્રેમશંકર ભટ્ટે 'જિલ્લા લોકલ બોર્ડનું ક્ષેત્ર, વહીવટ તથા પ્રવૃત્તિઓ' ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. કાકડાપાર નહેર યોજનાના એક્ઝિકયુટિવ એંજિનિયર શ્રી નંદુભાઈ પટેલે 'ભારતની નહેર યોજનાઓ' એ વિષય પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. સુરત શહેર કૉંગ્રેસ સમિતિના મંત્રી શ્રી પોપટલાલ વ્યાસે આંતરરાષ્ટ્રીય સહકાર દિને 'સહકાર પ્રવૃત્તિના સિદ્ધાંતો તથા સહકારી પ્રવૃત્તિનાં ક્ષેત્રો' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. મુંબઈ ખાદી અને ગ્રામોદ્યોગ મંડળના દક્ષિણ વિભાગના માનદ સંચાલક શ્રી ઉત્તમચંદ શાહે વિદ્યાપીઠના ૧૯૪૭ પછીના સ્નાતકો તથા ચાલુ વિદ્યાર્થીઓના તા. ૬/૧૧ ને દિવસે મળેલા સંમેલનનું પ્રમુખસ્થાન લીધું હતું. પ્રમુખસ્થાનેથી શ્રી ઉત્તમચંદ શાહે પોતાના સેવાક્ષેત્રના અનુભવો જણાવ્યા હતા અને સ્નાતકોના સેવાક્ષેત્ર તરીકે પછાત પ્રદેશનાં ગામડાં પસંદ કરવાની અપીલ કરી હતી. ધારાસભાના સભ્ય શ્રી લલ્લુભાઈ મકનજી પટેલે મુંબઈ રાજ્યના નવા સુધારેલા ગણોતધારાની સમજ આપી હતી અને એ ધારા પાછળ રહેલું મુંબઈ સરકારનું દૃષ્ટિબિંદુ સમજાવ્યું હતું. નાણાપ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ શ્રમયજ્ઞ યોજવા બદલ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યાં હતાં અને નવી કેળવણીમાં ઔદ્યોગિક શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત કેળવવા તથા પરિશ્રમ કરી વિદેશમાં વિદ્યાર્થીઓ કરે છે તેમ મહેનત કરી, પૈસા મેળવી, સ્વાવલંબન કેળવીને પોતાનું શિક્ષણ મેળવવા સલાહ આપી હતી.

શ્રી જુગતરામ દવેએ શ્રમશિબિરની પૂર્ણાહુતિ કરી હતી. પોતાના પૂર્ણાહુતિ-પ્રવચનમાં તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે, "તમે ગામમાં રસ્તો તૈયાર કરી હમેશને માટે તમારું એક સંભારણું મૂકતા જાઓ છો. તમે એક અઠવાડિયા માટે રોજ છ કલાક કામ કર્યું; પણ આપણે તો આપણું હમેશનું જીવનશક્તિ પહોંચે ત્યાં સુધી એવું બનાવવા ઇચ્છીએ છીએ. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હળપતિને માટે આટલી મહેનત જેટલી સ્વાભાવિક છે, તેટલી જ સ્વાભાવિકતા આપણને આપણા કામમાં લાગવી જોઈએ. આટલું કામ કરવા છતાંય મનની પ્રસન્નતા જળવાય તો જ તે સાચું કામ કહેવાય.

"જાતમહેનત સર્વોદયમાં સ્વાભાવિક બનવી જોઈએ. સર્વોદય સમાજરચનાનાં આપણે ગમે તેટલાં કાગ્યો રચીએ, પણ જ્યાં સુધી આપણામાંથી દરેક ભાઈબહેન—એ શહેરમાં રહેતાં હોય કે ગામડાંમાં, તવંગર હોય કે ગરીબ હોય—રોજ મહેનતનું કામ નહીં કરે, ત્યાં સુધી સર્વોદય કેવળ સ્વપ્નવત્ રહેશે."

આ શ્રમસંસ્કારમાં ૮ દિવસ દરમ્યાન કુલ ૧૭૮૨૮ ઘનફૂટ (૧૭૮ ખાસ) માટીકામ થયું. તેની મજૂરી રૂા. ૨—૦—૦ પ્રમાણે રૂા. ૩૫૬ જેટલી થાય. રસ્તો ૧ માઈલ જેટલો લાંબો કરવાનો હતો. એમાં શરૂઆતનું કામ ઘણું વિકટ હતું. ૩૭૬ ફૂટ લાંબો, ૪ થી ૮ ફૂટ ઊંચો, અને ૨૦ ફૂટ પહોળો રસ્તો આ ગામમાં બનાવવામાં આવ્યો. બાકીનો રસ્તો વણેસા-પીસાદ ગામની જનતા હવે પૂરો કરશે. શિબિર દરમ્યાન કુલ ૩૭૫ કલાક શ્રમકાર્ય થયું. ગામલોકો સહિત સરેરાશ ૧૫૦ માણસોએ ૮ દિવસ કામ કર્યું. તેની જાણ દીઠ મજૂરી રોજની લગભગ ૦—૪—૩ પાઈ થાય. રસ્તાનું માટીકામ જરા કઠણ હતું અને ઘણે ભાગે માટી ૪૦ ફૂટ દૂરથી લાવવાની રહેતી, એ પણ આની સાથે નોંધવું જોઈએ.

આ શ્રમશિબિરથી ગ્રામજનતામાં હવે આ બાકીનું કામ પૂરું કરવાની હોંશ જાગી છે. શિબિરાર્થીઓ માટે વણેસા—પીસાદ ગામનું આતિથ્ય ચિરસ્મરણીય રહેશે.

ભક્તરાજ નરસિંહ મહેતાને ચરણે

પતંગિયાની ભક્તિ તારાઓ પ્રત્યે છે; સાંકડી શેરીના દીવાઓ માટે એ નથી.

સાચી ભક્તિમાં આકાશ જેવી ઉદારતા હોય છે. તેથી જ તો તે કોઈ પણ વિશેષ ધર્મશાસ્ત્ર અથવા ધર્મસિદ્ધાંતમાં સીમિત નથી રહી શકતી. તે સર્વદા અનંતનું આવાહન સાંભળે છે; એટલે જ તો ભક્તિને પાંખ હોય છે. તે ઊંચે ને ઊંચે ઊડ્યા જ કરે છે. પક્ષીની જેમ ભક્તિ પણ આકાશગામી અને આકાશપ્રેમી હોય છે.

સાચી ભક્તિને ન કોઈ પ્રતિમા સદા કેદ કરીને રાખી શકે છે. કારણ કે પ્રેમ પથ્થર નથી, પણ પ્રવાહ છે. ગતિ વિના ભક્તિ અપંગ છે, જેમ પાંખ વિના પક્ષી, લાકડી વિના અંધ.

સાચી ભક્તિ કૂપ સમાન નથી, પણ તે એક અગાધ સમુદ્ર છે. તેનો કોઈ માપ-દંડ નથી; તે મેરુ પર્વત સમાન છે.

પતંગિયું પ્રકાશ માટે પોતાનો પ્રાણ સમર્પણ કરી દે છે. એવી જ રીતે એક સાચો ભક્ત સત્યના પ્રકાશ માટે પોતાનું સર્વસ્વ — શાસ્ત્ર, મંત્ર,-તંત્ર, માલા, ધૂપ, ફૂલ—ફળ, સંબંધીઓ, નાત—જાત, સ્વર્ગની લાલસા, સાધુસંતોમાં પ્રતિષ્ઠા, આંતરિક અનુભવોની ઊંચામાં ઊંચી કક્ષા પર પહોંચવાનો ગર્વ—ગુમાન, સંક્ષેપમાં કહીએ તો અહંકારનો આંખોને આંજી દે એવો આડંબર — હોમી દે છે.

જે ભક્તિનું રહસ્યબિંદુ—મધ્ય-સ્થળ માનવ નથી, તે ભક્તિ પ્રભુને નથી ગમતી. માનવ તેનો માન્ય પુત્ર છે. તેથી જે ભક્ત માનવને કોઈ ભેદભાવની વૃત્તિ કે બુદ્ધિ વિના વંદે છે, તે ભક્ત પ્રભુને પ્યારો છે.

સાચી ભક્તિ દીવાલો ભાંગે છે અને પુલ બાંધે છે, જે પર છે તેને પોતાનું કરે છે, જે વૈરી છે તેને વહાલો બનાવે છે, દરેકમાં પ્રભુનું સ્વરૂપ જુએ છે. તેથી ભક્તની નજરમાં જગત એ મોહ માયાની જાળ નથી, પણ પ્રભુનું પ્રાંગણ છે.

પ્રભુ માનવને જન્મ આપે છે, ભક્ત પ્રભુને જન્મ આપે છે. ગરુડ સમાન જીવન અને જગતની એ પાંખો છે : પ્રભુ અને માનવ. અને ભક્તનો સાચો ગુરુ આ ગરુડ જ છે.

ગુરુદયાલ મલ્લિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

સ્વ૦ સાકરલાલ દવે

શ્રી સાકરલાલ અમૃતલાલ દવે ઓચિંતા, તા. ૧૮–૧૨–'૫૫ના રોજ, હૃદય બંધ પડતાં, ૭૦ વર્ષની વયે દેવલોક પામ્યા, તેની નોંધ લેતાં દુઃખ થાય છે. શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં તે સારી પેઠે જાણીતા હતા. સરકારી શિક્ષણ ખાતામાં લાંબી અને યશસ્વી નોકરી પૂરી કરી, ત્યાંથી નિવૃત્ત થઈ અમદાવાદમાં રહેતા હતા અને સાહિત્ય તથા સમાજસેવાનાં કામોમાં રસ લેતા હતા. હમણાં થોડા માસ પર ગુજરાત યુનિવર્સિટીની સેનેટમાં સભ્ય તરીકે પણ ચૂંટાયા હતા. ભાષા અને વ્યાકરણ તેમના ખાસ વિષય હતા. તેનાં પાઠ્ય-પુસ્તકો પણ તેમણે લખ્યાં છે. ટૉલ્સ્ટૉયના એક ગ્રંથનો તેમનો અનુવાદ — 'જીવનસિદ્ધિ' તથા ગ્રી. એન્ડ્રુઝની બે કથાઓનો તેમનો અનુવાદ સાહિત્યક્ષેત્રે જાણીતા ગ્રંથ છે. તે એક અચ્છા શિક્ષક હતા. એમના જવાથી ગુજરાતના શિક્ષણ જગતે એક વિદ્યાર્થી-વત્સલ અને વિદ્યાપ્રેમી શિક્ષક ખોયો છે. પ્રભુ એમને શાંતિ બક્ષો.

૨૨–૧૨–'૫૫ મ૦

સ્વ૦ જાવડેકર

વિદ્યાપીઠે પ્રસિદ્ધ કરેલી નીચેની બે ચોપડીઓ વાચકે ન વાંચી હોય તો તે વાંચવા જેવી છે — ૧. આધુનિક ભારત, ૨. લોકશાહી. એમના લેખક શ્રી શંકરરાવ જાવડેકર થોડા દિવસ પર દેવલોક પામ્યા, તેની સખેદ નોંધ લઉં છું.

ભાઈ જાવડેકર એક સમર્થ લેખક, અધ્યાપક અને વિચારક હતા. ઘણું કરીને, ટિળક વિદ્યાપીઠમાં તેમણે કામ કરેલું, જેને લઈને તે આચાર્ય જાવડેકર (આ૦ ભાગવત, આ૦ લિમયેને પણ એ જ કારણે આચાર્ય પૂર્વપદ મળ્યું છે.) એવા નામથી મહારાષ્ટ્રમાં જાણીતા હતા. તે સમર્થ પત્રકાર પણ હતા. પૂનાના 'લોકશક્તિ' પત્રના શરૂમાં તે સંપાદક હતા. દમના વ્યાધિને લઈને તે સક્રિય કામોમાંથી નિવૃત્ત થઈ, પોતાને ગામ અધ્યયન તથા લેખનમાં સમય આપતા હતા. ગાંધીજીના સત્યાગ્રહના સિદ્ધાંત પર પણ તેમણે અભ્યાસપૂર્ણ પુસ્તક લખ્યું છે. તેમને સમાજવાદનું તત્ત્વ પણ ગમતું હતું. તે ઉપરથી તેમણે પોતાની વિચારસરણીમાં સત્યાગ્રહનિષ્ઠ સમાજવાદ જેવી વસ્તુ યોજી હતી. એને રજૂ કરતાં વિવેચન તેમણે લખ્યાં છે. મરાઠી સાહિત્ય પરિષદના પ્રમુખ પણ થયેલા, એમ યાદ આવે છે. આમ, નવીન મહારાષ્ટ્રના ઉદયમાં એમણે કીમતી ફાળો આપ્યો છે. ખાસ કરીને, તેમના 'આધુનિક ભારત' ગ્રંથથી તે અમર રહેશે.

છેવટે એક અંગત આભારની નોંધ લઉં. આ૦ જાવડેકરે તેમનાં પુસ્તકોનો અનુવાદ કરવાનો હક ગૂજરાત વિદ્યાપીઠને આપ્યો હતો, એ અત્રે યાદ કરીને એમના અવસાનની આ નોંધ પૂરી કરું છું.

૨૩–૧૨–'૫૫ મ૦

પરદેશના મહેમાનો

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં મિત્રરાજ્યોના આગેવાનો અને સરકારી પ્રધાનો એકબીજાના દેશમાં ફરવા મળવા જાય, એ એક ધ્યાન ખેંચે એવી વાત ઊપડી છે. આપણા દેશમાં હમણાં રશિયાના વડા પ્રધાન બુલ્ગેનીન અને સામ્યવાદ પક્ષના મુખ્યમંત્રી ક્રુશ્ચેવ આવી ગયા. અફઘાનિસ્તાનના રાજા સૌદ આવી ગયા. નેપાળના મહારાજા આવી ગયા. અત્યારે શ્રીમતી સુન યાત સેન ચીનથી આવ્યાં છે. આમ તો દેશદેશાવરમાં રાજ્યોનાં એલચીખાતાં હોય છે; તે ઉપરાંત આવી મુલાકાતો થાય છે.

એમ જ મિત્રરાજ્યોની જાત જાતનાં કામોની પરિષદો પણ થતી રહે છે અને સમાનહિતના મુદ્દા તેમાં વિચારાય છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણ ચલાવવાની આ રીત 'યુનો' સંસ્થા થયા પછી ખૂબ વધી હોય એમ લાગે છે. તેના ફાયદા અને ગેરફાયદા બંને છે. ફાયદો તો ઉઘાડો છે કે, આવી મુલાકાતો દ્વારા આપણા દેશની રાજનીતિનો પંચશીલનો સિદ્ધાંત વધારે ફેલાતો જાય છે. જગતમાં શાંતિ ફેલાવવામાં અસરકારક કામ લેવા આ સીધી મુલાકાતથી વાત કરવાની રીત ઝટ કામ દે છે. પરંતુ આ મુલાકાતોનું એક લક્ષણ એ છે કે, જગતના રાજકારણમાં જે બે મોટા પક્ષ પડી ગયા છે, તેનો નિવેડો લાવવામાં આ રીત આજી હજી સુધી ફાવી નથી. મળવાનું બને છે તે આ બે પક્ષોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાવરણને છોડીને નથી બનતું. બંને પક્ષના નેતાઓ થોડા માસ પર જિનીવામાં મળ્યા, પણ કશી સમજૂતી પર ન પહોંચી શકયા. આથી બેઉ પક્ષે પાછાં પહેલા જેવાં ઊંચાં મન થઈ ગયાં છે, અને બે વચ્ચે ચાલતું જે 'ઠંડુ યુદ્ધ' શમશે એમ લાગતું હતું, તે પાછું ઊપડવાનો ચાળો દેખાય છે.

૨૨-૧૨-'૫૫ મ૦

હિંદ અને રશિયા

શ્રી બુલ્ગેનીન અને ક્રુશ્ચેવ હિંદ આવી ગયા, તે શ્રી. જવાહરલાલજી રશિયા જઈ આવ્યા તેના વળતા વિવેક રૂપે. ઇંગ્લંડ અમેરિકા આ મુલાકાત તરફ તાકીને અને તીણી નજરે જોઈ રહ્યાં હતાં. હિંદે બે મહેમાનોને અપૂર્વ આવકાર આપ્યો. તે માટે સરકારે લાખોનો ખરચો કર્યો હશે. લાખોની જંગી સભાઓ થઈ. કલકત્તામાં તો કહે છે કે, ૩૦ લાખની સભા થઈ! આ જોઈને બે મહેમાનો જરૂર દિંગ થઈ ગયા હશે! હિંદમાં પણ આ સભા અપૂર્વ કહેવાય.

આટલા બધા લોક શું કામ દોડી જતા હશે, એમ કેટલીક વાર થાય છે. આને આપણી બેકારી જોડે પણ કાંઈક સંબંધ તો નથી? આટલું બધું કુતૂહલ બાલિશ નથી લાગતું? તેની પાછળ જૂની રાજાશાહીના ભાવો નથી દેખાતા? અને બીજી બાજુથી જો વિચારીએ તો, એમાં આપણી લોકશાહીની પ્રાથમિક દશા છે, એમ એ નથી બતાવતું? છતાં, એમાં અમુક તથ્ય રહેલું છે; તે કીમતી પણ છે. પણ તેમાં ભય એ છે કે, ચતુર નેતાના હાથમાં ટોળાશાહી સરમુખત્યારી પણ આમ જ કામ કરે છે. આપણે એ તરફ ન ઢળી જતાં સાચી અને પુખ્ત લોકશાહી પેદા કરવી છે. અસ્તુ.

૨૨-૧૨-'૫૫ મ૦

મફતની પદવી ન છાજે

દિલ્હી યુનિવર્સિટીએ શ્રી બુલ્ગેનીન તથા ક્રુશ્ચેવ એ બે રશિયન મહેમાનોને સન્માનવા માટે ડૉકટરેટની માનદ પદવી આપવા વિચાર્યું હતું. એમણે તેનો જે ઉત્તર આપ્યો તે બહુ ધ્યાનપાત્ર છે. તેમણે તે સ્વીકારવા ના પાડી. તેમણે એમ કહ્યું કે, અમારા દેશમાં આવી કોઈ પદવી વગર કમાયે મળી શકતી નથી, એટલે અમે તે મફતની કેમ લઈ શકીએ?

માનચાંદ અને પદવીઓ દ્વારા લોકોને સન્માનવાની રીત આપણે અંગ્રેજો પાસેથી શીખ્યા. યુનિવર્સિટીઓ આજે ઝટ ઝટ ડૉકટરેટ આપવા લાગી છે. અને સરકાર પણ 'પદ્મ...' અને 'ભારત..' બનાવવા લાગી છે. તેવે વખતે ઉપરની વાત આપણને સારો પાઠ છે એમ નહીં?

અંગ્રેજોની રાજ્યપ્રથા રાજાશાહીની છે. તેથી ત્યાં માનચાંદ ને ખિતાબો ચાલે છે. હિંદે રાજાશાહી છોડી છે, જોકે તેના લોહીમાં તે છે. એટલે તેણે અંગ્રેજોનું અનુસરણ આ બાબતમાં કરવા જેવું નથી; આપણને ફ્રાન્સ, અમેરિકાની નીતિ વધારે છાજે એમ છે. પાર્લમેન્ટે જ્યારે ત્યારે આ ખિતાબો તો બંધ કરાવવા જોઈ શે.

૨૭-૧૨-'૫૫ મ૦

શ્રી ક્રુશ્ચેવનાં વાગ્બાણ

હિંદના પ્રવાસ દરમિયાન બુલ્ગેનીન કરતાં ક્રુશ્ચેવે વધારે ભાષણ કર્યાં. અને તેમાં કેટલીક સાફ વાતો પણ કરી, કે જે મૂડીવાદી મુત્સદ્દીગીરીમાં કદાચ ન કરવી ઘટે એમ ગણાતું હશે. ક્રુશ્ચેવે ગોવા, કાશ્મીર, તથા પાકિસ્તાન અને પુખ્તુનિસ્તાનની નાજુક વાતોને સ્પર્શીને ઠીક ઠીક સંભળાવ્યું. સામ્રાજ્ય- કે સંસ્થાન-વાદની ઝાટકણી કાઢી. ગોવા હિંદનું છે એમ કહ્યું. તેવું જ કાશ્મીર અંગે કહ્યું.

અને આ એમનાં વાગ્બાણ દરિયા પાર પહોંચ્યાં અને નહીં ધાર્યાં હોય એવાં જઈને વાગ્યાં. ઇંગ્લેન્ડ અમેરિકામાં તેનાથી ખળભળાટ થયો. તેને પરિણામે અમેરિકામાં હિંદના વલણ વિષે શંકા હતી તે ફરી પાછી તાજી થઈ કે, આપણે સામ્યવાદી તો નથી! આથી ચિડાઈને ત્યાં કેટલાક કહેવા લાગ્યા કે, હિંદને આર્થિક મદદ અપાય છે તે બંધ કરો. આપણે ત્યાંથી જવાબ અપાયો કે, રાજદ્વારી દોરીસંચારવાળી કે કશી શરતી બાંધણીવાળી મદદ હિંદને નહીં ખપે; હિંદ તેના પગ પર ઊભું રહી જેટલું બનશે તેટલું વિકાસ-કામ ચલાવશે. એક રીતે જોતાં, આ તો સારું જ થયું. પારકી મદદથી આપણી કરોડોબંધ વિકાસયોજનાઓ ચાલે તે સારું નથી જ.

૨૨-૧૨-'૫૫ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રશિયાની આર્થિક મદદ

બુલ્ગેનીનની મુલાકાત બાદ રશિયાની હવે મદદ આપણને મળતી થશે, એ એક નવું પગરણ શરૂ થાય છે, — કેવળ આર્થિક જ નહીં, રાજકીય પણ. એ જોતાં લાગે છે કે, અમેરિકા ભાગ્યે તેની મદદ બંધ કરે. એ બંધ કરીને હિંદ જોડે સારાસારીનો સંબંધ તૂટે છે એમ બતાવવાનું તેને કદાચ અત્યારે ન પાલવે. ઇંગ્લેંડ તેને તેમ કરતાં રોકે. તરતનો ગુસ્સો શમ્યે, અમેરિકાને પોતાને જ એ સમજાય.

આપણી નીતિ તો સાફ છે કે, જગતનું કોઈ રાજ્ય બિનશરતી મદદ કરવા મિત્રભાવે તૈયાર હોય તો, રાજકારણી પક્ષાપક્ષીમાં સપડાયા વગર, તે લેવી. કેમ કે હિંદ સૌ સાથે મૈત્રી રાખીને ચાલવામાં માને છે. આવું સમતોલપણું કે સમધારણ રાખીને ચાલવું એ અઘરું ખરું પણ જગતમાં શાંતિનું રાજકારણ પ્રેરવું એ પણ એવું જ છે ને? બીજો રસ્તો નથી. અને તે જ સાચી શાંતિનો છે. પશ્ચિમ દેશોની ગેરસમજ અને ચીડ સહન કરી અને મદદ ન મળે તો તેનો ત્યાગ વેઠીને પણ તે જ રસ્તો લેવો જોઈએ. તો કાળે કરીને આપણી નીતિનું સત્ય પ્રગટશે જ.

૨૨-૧૨-'૫૫ મ૦

સામ્યવાદના ઘૂસણનો ડર

રશિયાની મદદના રસ્તાની અંદર જે મોટી એક ભીતિ આપણને પોતાને રહે છે તે જોવી જોઈએ. અમેરિકાની મદદ શરૂ થઈ ત્યારે અહીંયાં સવાલ ઊઠેલો કે, આમ જો પરદેશનું આર્થિક ઘૂસણ આવે, તો તેમાંથી હિંદની સ્વતંત્રતા માટે જોખમ ન આવે? તેવી રીતે રશિયાનું હિંદમાં ઘૂસણ શરૂ નહીં થાય? સામ્યવાદને પેસવામાં આમાંથી અચ્છો લાગ નહીં મળે? બુલ્ગેનીન ક્રુશ્ચેવને જે આવકાર મળ્યો, તેથી લોકોમાં સામ્યવાદ તરફ ઢળવામાં વાંધો નથી, એવો ભાવ નહીં જાગે? સામ્યવાદની નીતિ કેવી છે એ જાણીતું છે; યેન કેન પ્રકારેણ વિદેશોમાં ઘૂસણ કરી સામ્યવાદ પ્રેરવો એ તો એની જાણીતી નીતિ છે. અને તે માટેની તેની 'કોમિન્ફોર્મ' સંસ્થા હજી ચાલુ છે. તેથી રશિયાની આ નીતિમાં જો ફરક થયો ન હોય, તો 'આર્થિક મદદ દ્વારા તેનો છૂપો ભૂત-પ્રવેશ હિંદમાં નહીં થાય કે?

વળી, આપણી નવી પંચવર્ષીય આર્થિક યોજના પણ રશિયન દૃષ્ટિને મળતી આવે એવી કહેવાય છે. તેના દ્રષ્ટા જેવા ગણાતા પ્રો૦ મહલનવીસ સામ્યવાદી વલણવાળા છે, એમ પણ બોલાય છે. અને હિંદની રાજકીય પરિભાષા ગાંધીજીની સર્વોદય ઇ૦ થી ચળીને 'સમાજવાદી પૅટર્ન' અને તેને મળતી ભાષા ભણી વળે છે.

આ બધું જોતાં કેટલાકને ડર છે, તે તદ્દન નાહક વહેમ ન ગણાય. અમેરિકા જેવો દેશ તો વહેમાય જ એમાં ભૂલ નહીં. પણ વહેમ કે અવિશ્વાસથી વહેવાર ન ચાલે. હવે પછી આપણા દેશે આ વહેમનું નિવારણ પોતાનાં કાર્યોથી સાચી શાંતિપરાયણ નીતિ બતાવીને કરવું જોઈશે.

૨૨-૧૨-'૫૫ મ૦

સંસ્થાનવાદનો અંત

લાંબી નજરે જોતાં, રશિયન નેતાઓની મુલાકાતથી હિંદની પંચશીલ નીતિના બે મુદ્દા ખૂબ ઉપર આવ્યા છે. સ્વતંત્ર હિંદનો ઉદય એટલે જગતના એક મોટામાં મોટા સામ્રાજ્યવાદનો અસ્ત. બીજી પરિભાષામાં કહીએ તો, એશિયાનો ઉદય અને આફ્રિકાની જાગૃતિ. પશ્ચિમના દેશો માટે આ ઘટના ભારે નીવડે એ ઉઘાડું છે. ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, પોર્ટુગલ, હોલેન્ડ ઇ૦ને પોતાનાં એશિયાઈ આફ્રિકી સંસ્થાનોથી દેશો માટે આફત આવી. તેથી તેઓ અરસપરસ એક બને અને સરી જવા બેઠેલા સંસ્થાનવાદને ટકાવવાનાં ફાંફાં મારે એ ઉઘાડું છે.

બીજા વિશ્વયુદ્ધથી જગતના રાજકારણમાં નવું જે એક બન્યું છે તે એ કે, અમેરિકા આ બધાં રાષ્ટ્રોનું મુરબ્બી મિત્ર બન્યું. પોતાની અઢળક સંપત્તિને જોરે તે પશ્ચિમ યુરોપનું ખેરખાં બન્યું. પણ એને ચિન્તા રશિયા આગળ વધે અને જગતમાં પોતાનું વર્ચસ્વ ફેલાવે એની છે.

હવે રશિયન મહેમાનોએ હિંદમાં કહેલી વાતો જુઓ. તેમણે પોર્ટુગલની ગોવાનીતિને સંસ્થાનવાદી કહી નિંદી; બર્મામાં અંગ્રેજોનો સામ્રાજ્યવાદને યાદ કરી ઝાટકચો; કાશ્મીરમાં તેની હિંદની ભાગલાનીતિને યાદ કરી અને એક હિંદી પ્રજામાં ઝઘડો જગવ્યો એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાફ વાત કરી. ટૂંકમાં, રશિયા સંસ્થાન- કે સામ્રાજ્ય-વાદનું વિરોધી છે એ જાહેર કર્યું અને સહેજે એશિયા આફ્રિકાનાં અનેક રાષ્ટ્રોનાં દિલમાં સ્થાન મેળવ્યું.

જવાબમાં અમેરિકાએ ભારે ભૂલ કરી. પોર્ટુગલના વડા પ્રધાન કુન્હાએ અને અમેરિકન ગૃહમંત્રી ડલેસે મળીને એવો ભાંગરો વાટ્યો કે, અમેરિકામાં જ તેનાથી ખળભળાટ જાગ્યો. ડલેસે કહ્યું કે, ગોવા પોર્ટુ-ગલનો પ્રાંત છે! કુન્હાએ કહ્યું કે, ગમે તેમ થાય, અમે ગોવા છોડવાના નથી; એ અમારું સંસ્થાન નથી પણ અમારી રાષ્ટ્રભૂમિનો ભાગ છે!

આપણે ગોવાના પ્રશ્નની કસોટી બનાવી છે. જે દેશ પોર્ટુગલની ગોવાનીતિની તરફદારી કરે તે ગોઝારા સંસ્થાનવાદની તરફેણ કરનારો ઠરે, એમ આપણે કહીએ છીએ. અમેરિકા એ કસોટીમાં સપડાઈ ગયું. આવતી પ્રમુખની ચૂંટણી આ મુદ્દા ઉપર જ લડવી, એવો વાદ ત્યાં જાગ્યો છે.

સામ્રાજ્યવાદનો અંત એ હિંદની પરદેશનીતિના પાયારૂપ સિદ્ધાંત છે. તે આમ આગળ આવ્યો છે.

૨૩-૧૨-'૫૫ મ૦

પંચશીલનો ઉદય

પરંતુ સામ્રાજ્યવાદનો અંત લાવો, એ સિદ્ધાંત કદાચ નકારવાદી લાગે. આપણે આગળ વધીને પંચ-શીલનો સિદ્ધાંત સ્થાપ્યો છે અને એ દ્વારા હકારવાદી રાજનીતિ લઈને દુનિયાના દરબારમાં કદમ ભરવા માંડ્યાં છે. દુનિયાના અનેક દેશો, એ સિદ્ધાંતને માનીએ છીએ, એવો એકરાર કરવા લાગ્યા છે. જગતની અર્ધ ઉપર વસ્તી એમાં કદાચ આવી જાય છે.

પંચશીલનો ક્રાંતિકારી સિદ્ધાંત એટલે જગતના સર્વ રાષ્ટ્રોનો સહભાવ – પરસ્પરસહાય અને અનસૂયા તથા અદ્રોહ-પૂર્વક સહજીવન – 'કો-એગ્ઝિસ્ટન્સ'. સૌ રાષ્ટ્રો પોતપોતાનાં ખ્યાલ સમજ કે વિચાર મુજબ રહે એ તેમનો હક સ્વીકારવો અને પરસ્પર કુદૃષ્ટિ કે કુમતિ ના રાખવી એવો સર્વરાષ્ટ્રસમભાવ આ સહભાવના શીલનું રહસ્ય છે.

રશિયા તથા ચીને જગતના રાજકારણમાં જો કોઈ નવું પગલું ભર્યું હોય તો તે પંચશીલના આ તત્ત્વનો જાહેર સ્વીકાર કર્યો, એ છે. એટલે કે, સામ્યવાદ તેની અનિષ્ટ ઘૂસણ-નીતિ છોડે છે, એ એનો અર્થ થયો.

હિંદે વિશ્વાસપૂર્વક એની આ મતિ માની છે; ઇંગ્લૅન્ડ-અમેરિકા એમાં અણુવિશ્વાસથી જુએ છે. તે કહે છે કે, અમને આ સહભાવની વાત જ બરોબર નથી લાગતી. અને એટલે સુધી તે કહે છે કે, એ તો આગ અને પાણીના સહભાવ જેવી અશક્ય વાત છે. હિંદ આ વસ્તુ સ્વીકારતું નથી. જગતમાં જો સૌએ શાંતિથી સાથે મળીને જીવવું હોય, તો જગતના બધા રાષ્ટ્રોએ અરસપરસ સચ્ચાઈ, મહેબત અને વિશ્વાસથી કામ લેવું જોઈએ. અમેરિકા કહે છે, એ વાત ખરી; પણ રશિયાને વિષે વિશ્વાસ જ કેમ કરાય?

રશિયા વિષે આમ અવિશ્વાસ રાખીને ચાલનારા કેટલાક લોક આપણે ત્યાં પણ છે. પરંતુ હિંદની સરકાર એવો અણુવિશ્વાસ રાખીને ચાલવા તૈયાર નથી. અમેરિકા, ઇંગ્લૅન્ડ જ નહીં, રશિયા ચીન વગેરે જોડે પણ મૈત્રી દ્વારા, શાંતિ માટે માનવશ્રદ્ધાની સત્યતાનો મહાન પ્રયોગ તે કરવા માગે છે. થૉરો અને એમર્સન તથા લિંકન અને વૉશિંગ્ટનનું અમેરિકા એ કેમ ન સમજે? તે જો સમજે તો યુરોપનું આ મુરબ્બી મિત્ર પશ્ચિમ યુરોપને પણ મેળવી લેશે. જગતના આંતરરાષ્ટ્રીય રાજકારણની આ નવી મજલ કાપવામાં હિંદના પગમાં પ્રભુ બળ પ્રેરો.

૨૩-૧૨-'૫૫ મ૦

મુંબઈને હિંદની બીજી રાજધાની કરો

અનેક તરફનો વિચાર કર્યા બાદ, મુંબઈ રાજ્યના ત્રણ વિભાગ કરવાની જે યોજના કૉંગ્રેસ કાર્યવાહક સમિતિએ રજૂ કરી, તે મહારાષ્ટ્ર સ્વીકારીને આગળ ચાલે એવી સૂચના* અગાઉ કરી હતી. તે પછી મુંબઈમાં ઘણા બનાવો બન્યા, તેની ચર્ચામાં પડવા ઇચ્છા નથી. તે બધાના સારાંશે ત્રણ વિભાગની સૂચના જ આ દુઃખદ પ્રકરણના સારામાં સારા ઉકેલ તરીકે પાછી ઉપર આવે છે. તે બતાવે છે કે, એ સૂચના જ સૌને માટે સારી છે એમ માનીને સમાધાનપૂર્વક સૌએ હવે એક બીજાને આગળ વધવું જોઈએ. છેવટે

* જુઓ હરિજનબંધુ તા. ૧૯-૧૧-'૫૫, પા૦ ૩૦૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખા હિંદના ભલામાં જ દરેક તેના ઘટક રાજ્યનું પણ ભલું છે, એ દૃષ્ટિ અને સમજ ભૂલવી ન જોઈએ.

આ આખા પ્રકરણમાં મુંબઈ શહેરના સ્થાનનો મુદ્દો મૂળ છે, એ તો સૌ જાણે છે. તે શહેરને કોઈ એક રાજ્યમાં ન મૂકતાં તેને એક અલગ સ્થાન આપવામાં અધી રીતે લાભ છે, એ વિચાર ધ્યાનમાં લઈ મુંબઈની નવી વ્યવસ્થા કરવી જોઈએ.

આ વ્યવસ્થા કઈ જાતની કરવી જોઈએ એ પ્રશ્ન હવે ઉપર આવે છે. અત્યારે તે વિષે એટલો મોઘમ વિચાર છે કે, તેનું નવું રાજ્ય સ્થાપવું. એટલે કે, બિહાર, બંગાળ, કેરળ, મદ્રાસ, ગુજરાત, મહારાષ્ટ્ર ઇ૦ પેઠે મુંબઈનું અલગ એક રાજ્ય કરવું. આ વિચારને છણીને હવે વધારે પાકો કરવો જોઈએ.

રાજ્ય પુનર્ઘટના કમિશને તો મુંબઈ રાજ્યનો વિચાર આ હ્યે કર્યો જ નહોતો. એટલે મુંબઈ શહેરનું અલગ સ્થાન જો વિચારાય તો તેનું કેવું સ્વરૂપ રાખવું, એ વિચારમાં તે ઊતર્યું જ નહોતું. બલ્કે તેણે (તેના હેવાલના પૅરા ૪૧૯માં) તો એમ કહ્યું કે, તે શહેરની વસ્તી તથા ક્ષેત્રફળ વગેરે જોતાં તેને ભારતના એક વિધિસરના રાજ્ય તરીકેનો દરજ્જો આપવા જેવો નથી; તથા તેને વડી સરકારના હસ્તક વિભાગ તરીકે રાખવામાં તો તેના જેવા આગળપડતા શહેરને પછાત પાડવા જેવું થાય.

કમિશનની આ બંને દલીલોમાં કાંઈકે અંશે તથ્ય રહેલું છે. મુંબઈ નગર-રાજ્ય નાનું બને એ ઉઘાડું છે. અને તે જો ધારાસભા ઇ૦ ધરાવતા દરજ્જાનું બને તો તેમાં જાત જાતના સવાલો અને તે જુદા જ પ્રકારના જાગે, એ પણ ખરું.

વળી, દિલ્હીના નગરરાજ્ય વિષે જે ચર્ચા કમિશને તેના હેવાલના દિલ્હી પ્રકરણમાં કરી છે, તે પણ મુંબઈ સંબંધે વિચાર કરવામાં કેટલોક પ્રકાશ પાડનારી છે. તેની કેટલીક બાબતો મુંબઈ અંગે પણ લાગુ પડે છે.

આ બધું જોતાં, એમ લાગે છે કે, મુંબઈ શહેર કોઈ એક રાજ્યનો ભાગ ન બને અને છતાં ઉપરના જેવી મુશ્કેલીઓ પણ ન રહે, એવી તેની ગોઠવણી વિચારવી જોઈએ. તેથી તેનું એક વિધિસરનું રાજ્ય યોજવાને બદલે મુંબઈ શહેરને ભારતની બીજી રાજધાની-નો દરજ્જો આપવો જોઈએ. ભારત સરકારનાં કેટલાંક ખાતાં મુંબઈમાં જ રહે. આજેય કેટલાંક ખાતાંનું મહત્ત્વનું ધામ મુંબઈ જ છે, તે કાનૂનની હ્યે કરવામાં આવે. વળી, દાખલા તરીકે, શિયાળામાં વડી સરકાર દિલ્હીને બદલે મુંબઈમાં અમુક નિયત વખત માટે કામ કરવાનું રાખે. રાષ્ટ્રપતિ પણ નિયમસર તે દિવસોમાં મુંબઈમાં પોતાનો મુકામ આણે.

આમ થાય તો, મને લાગે છે કે, મુંબઈ રાજ્યમાં સૌને સંતોષ થાય અને મુંબઈ શહેરને જે મહત્ત્વ ઘટે છે તે તેને મળી રહે. આ વિચાર મેં વરસોથી સેવ્યો છે, તે આજની સ્થિતિમાં ઉત્તમ કામ દે એવો લાગે છે એમ જોઈને, કૉંગ્રેસ તથા સરકાર એને તપાસશે એવી આશાથી તેને જાહેરમાં મૂકું છું.

૭–૧૨–'૫૫ના 'હ૦ બં૦'માંથી **મ૦**

ભાષા અને ભૂગોળ

મહારાષ્ટ્રમાં મુંબઈ મૂકો, એમ સંયુક્ત મહારાષ્ટ્ર-વાદી કહે છે. તેમાં ભાષા તો કારણ ન બતાવી શકાય, કેમ કે મુંબઈની અર્ધાથી ઓછી વસ્તી જ મરાઠી બોલે છે. ભૂગોળનું બીજું કારણ અપાય છે. આ કારણ સાવ ન સમજાય એવું છે. શું હિંદથી જુદી કોઈ ભૂગોળ કોઈ તેના પ્રદેશની કે વિભાગની હોઈ શકતી હશે? ભાષાની ભૂગોળ ખરી; તે તો મુંબઈને મરાઠી ઠરાવી ન શકે. પણ વિસ્તાર કે મુલકની ભૂગોળ બંગાળ, મહારાષ્ટ્ર, આંધ્ર વગેરેની જુદી કેમની હોઈ શકે? સિવાય કે, તે હિંદનાં અલગ સ્વતંત્ર રાજ્યો માનીએ, કે જે તે તો છે નહીં.

ભાષાવાર પ્રદેશવ્યવસ્થા ગોઠવવાનો સીધો નિયમ આવાં કારણોથી જ નાહક ગવાય છે. બાકી, તે સાવ સ્વાભાવિક છે.

૨૩–૧૨–'૫૫ **મ૦**

ઉર્દૂ અને હિંદી

ઉત્તર પ્રદેશમાં થોડા દિવસ ઉપર એક ઉર્દૂ પરિષદ થઈ, તેનું ઉદ્‌ઘાટન ત્યાંના ગવર્નર શ્રી. મુનશીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું. પણ તેમણે વ્યાખ્યાન કર્યું તે ઉર્દૂ સામે! તે કહે, ઉર્દૂ તો માત્ર એક લિપિ છે. અને સલાહ આપી કે, તમે નાગરી લિપિમાં લખો અને સંસ્કૃત શબ્દો લેવાનું રાખો. મતલબ કે, સંસ્કૃતિયા હિંદીની હિલચાલ છે તેમાં મળી જાઓ!

ઉર્દૂ એક ભાષા છે એ તો અંધારણ પણ કહે છે. છતાં એક અર્થમાં કહેવું હોય તો કહો કે, લિપિથી તે જુદી પડે છે. તે ન્યાયે પછી હિંદી પણ નાગરી લિપિને જ લઈને ઉર્દૂથી જુદી પડે છે, એમ કબૂલ કરવું ઘટે; બંને લિપિની ભાષા એક જ છે.

એટલે, આ લિપિનો ઝઘડો ટાળીએ તો એક ભાષા પર આવી શકાય. પણ હિંદી સાહિત્ય પરિષદ્‌વાળાને આ જ નથી રુચતું. તેઓ અમુક શબ્દોને 'પરદેશી' કહી તેમને પણ કાઢવા માગે. બાકી જે બધા શબ્દો ભાષાની બંને લિપિમાં લખાતા વંચાતા કે વપરાતા આવ્યા છે, તે બધા અપનાવી લઈએ અને બંને શૈલીનું સારું લઈને ચાલીએ, તો કલમ ૩૫૧માં અંધારણ કહે છે એવી ભાષા તરફ તરત જવાય. અને એમ કરવાનો હક અને ફરજ પણ ઉત્તર પ્રદેશનાં છે. શ્રી મુનશી જો આમ વાત કરત તો સારું થાત.

૨૩-૧૨-'૫૫ મ૦

નવું વાચન

ડમરો અને તુલસી : લે૦ રતિલાલ – અનિલ; પ્રાપ્તિસ્થાન : ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ – ૧; કિં૦ બે રૂપિયા; પૃ૦ ૩૨ + ૧૧૨.

ભાઈશ્રી રતિલાલ – અનિલનો આ કાવ્યસંગ્રહ આવકાર્ય છે. આ સંગ્રહમાં બધાં મળીને ૧૧૫ કાવ્યો છે. આ સંગ્રહની ખાસ વિશિષ્ટતા તો ભાઈ અનિલની ગઝલો છે. ભાઈ અનિલ ગઝલ ઉપર સારી હથોટી ધરાવે છે. બહુ ઓછા શબ્દોમાં તે પોતાના કથનના મર્મને મૂર્ત કરે છે.

ભાઈશ્રી રતિલાલ – અનિલ જીવનનાં વિવિધ પાસાંઓને કવિની દૃષ્ટિએ જુએ છે અને માનવ-સહજ ભાવમાં એને નિરૂપે છે. થોડાંક ઉદાહરણો જોઈએ :—

'સહન કરનારની ધીરજ અજબ શક્તિ ધરાવે છે;
સિતમ કરનારને એ કેટલો બેચેન રાખે છે!'

'હૈયામાં ઝેર, હોઠ ઉપર પ્યાર હોય છે,
એવાય માનવીઓ કલાકાર હોય છે.'

'દૃશ્યો જોઈ મારી હસે છે દિશાઓ,
કે મંજિલ છે સામે ને પાછો ફરું છું!'

'અરે હું આપણી સંસ્કારિતાને દાદ શી આપું!
બનાવી સંસ્કૃતિને આપણે વસ્તુ પ્રદર્શનની!'

'લલાટે લેખ લખનારા કરોને ક્યાં ખબર એની,
હું મારા હસ્તથી નિજ ભાગ્ય સર્જું છું, બગાડું છું.'

ભાઈશ્રી અનિલ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રના એક આશાસ્પદ કવિ છે. તે હવે પછી પણ પોતાની કાવ્યશક્તિનો પરિચય આપતા રહેશે એવી આશા સેવીએ છીએ.

આ પુસ્તકમાં શ્રી ચુનીલાલ વ૦ શાહે 'અનિલની કવિતા'માં કવિની કવિતાનો સારો પરિચય આપ્યો છે.

મુ૦ ક૦

એ-આવજો! : લે૦ બાબુભાઈ પ્ર૦ વૈદ્ય; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૧૯૬.

અસ્પૃશ્યતાના પ્રશ્નને છણતું આ સામાજિક નાટક વિચારણા માગી લે છે. ખરી રીતે અસ્પૃશ્યતાનું નિવારણ પ્રેમ અને ભાઈચારાથી થાય એમાં જ હરિજનોનું અને સવર્ણોનું શ્રેય છે. જો હકની હુંસાતુંસીથી આવી વસ્તુ દૂર કરવા મથીએ, તો તે છેવટે ઊંડે ઊંડે કડવાશ જ મૂકી જાય. માટે આવા નાજુક પ્રશ્ન અંગે કશું પણ લખતી વખતે લેખકોએ બહુ સાવધ રહેવાની જરૂર છે. આ દૃષ્ટિએ આ નાટક વાચકના કે પ્રેક્ષકના મનમાં નકામી ગેરસમજૂત જ ઊભી કરે એવું લાગે છે. લેખક આ વિશે શાંતપણે વિચારે એવી આશા સેવીએ છીએ.

મુ૦ ક૦

ગોદાન : લે૦ પ્રેમચંદજી; સંક્ષેપકાર – રમણલાલ સોની; પ્ર૦ વોરા એન્ડ કંપની, મુંબઈ – ૨; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૧૪૭.

હિંદી સાહિત્યના એક શ્રેષ્ઠ અને પ્રખ્યાત સાહિત્યકાર શ્રી. પ્રેમચંદજીની સર્વોત્તમ ગણાતી કૃતિ 'ગોદાન'નું આ સંક્ષિપ્ત આલેખન શ્રી. રમણલાલ સોનીએ કર્યું છે. આ કથા ગ્રામજીવનનું સર્વાંગીણ ચિત્ર સુરેખ રીતે આલેખે છે. આજે આપણી દૃષ્ટિ ગ્રામાભિમુખ થતી જાય છે. તે વખતે આવી સુંદર કથા આપણને અવશ્ય પ્રેરક થઈ પડે એમ છે. હોરીરામ અને ધનિયા જેવાં પાત્રો તો આપણા દિલ પર ઊંડી અસર મૂકતાં જાય એવાં છે.

આ સંક્ષિપ્ત કથા વાંચીને આખી મૂળ કથા વાંચવાનું વાચકને સહેજે મન થાય એમ છે.

મુ૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણી વિષયક પુસ્તકો

ખરી કેળવણી બીજી આવૃત્તિ ગાંધીજી

કેળવણીનું તત્ત્વ અને આદર્શની ચર્ચા કરતાં તેમ જ વિદ્યાર્થીજીવનને અંગેના પ્રશ્નોને સ્પર્શતાં ગાંધીજીનાં લખાણો અને વ્યાખ્યાનોનો સંગ્રહ. પ્રસ્તુત પુસ્તકના વિષયને લગતાં ગાંધીજીનાં બધાં લખાણો આમાં આવી જાય છે.

કિં. રૂ. ૨–૮–૦ ટપાલરવાનગી ૦–૧૪–૦

કેળવણીના પાયા કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

લેખકના કેળવણી વિષયક નિબંધોનો સંગ્રહ. માનસ-શાસ્ત્રની કેટલીક મૌલિક અને સૂક્ષ્મ ચર્ચા આમાંથી મળે છે. આ પુસ્તકમાં લેખક કેળવણી લેનાર બાળક અને તેને કેળવવા મથનાર શિક્ષકને નજર સમક્ષ રાખી, પોતાના હાથ તળે રહેલા બાળકને કેળવવા માટે કેળવણી સંબંધી વિચારોમાં શિક્ષકના મનમાં ધ્યેયની કેવા પ્રકારની સ્પષ્ટતા જોઈએ તે રજૂ કરે છે.

કિં. રૂ. ૧–૮–૦ ટપાલરવાનગી ૦–૬–૦

કેળવણીવિવેક કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

'કેળવણીના પાયા'નો અનુગ્રંથ. આ નાના પુસ્તકમાં શ્રી કિશોરલાલભાઈ પોતાની વિશિષ્ટ શૈલીમાં પોતાનો કેળવણી વિષેના વિચારો વિશદ રીતે રજૂ કરે છે.

કિં. રૂ. ૧–૪–૦ ટપાલરવાનગી ૦–૩–૦

મનુષ્યની સર્વાંગીણ કેળવણી અનુ૦ ગોપાલદાસ પટેલ

સમર્થ વિચારક આચાર્ય એલ. પી. જૅક્સના 'ધી એજ્યુકેશન ઑફ ધી હોલ મૅન' નામના, અરૂઢ સ્વતંત્ર વિધાનોથી ભરેલા અને વિચારની નવી જ દિશા બતાવનારા પુસ્તકનો અનુવાદ. એમાં સમગ્ર મનુષ્યને રચનારી કેળવણીની રૂપરેખા દોરવામાં આવી છે. શ્રી કિશોરલાલ મશરૂવાળાની પ્રસ્તાવના સહિત.

કિં. રૂ. ૧–૪–૦ ટપાલરવાનગી ૦–૫–૦

સર્વોદયની કેળવણી અનુ૦ ગોપાલદાસ પટેલ

ગાંધી ફિલસૂફીના પ્રખર મીમાંસક અને અર્થકાર આચાર્ય કૃપાલાનીના વર્ધા યોજનાની ખૂબીઓ અને મૂલ્ય સમજાવતા પુસ્તક 'લેટેસ્ટ ફેડ'નો અનુવાદ.

કિં. ૧–૪–૦ ટપાલરવાનગી ૦–૫–૦

શિક્ષણ અને સંસ્કૃતિ રવિશંકર મહારાજ

વલ્લભ વિદ્યાલય, ગ્રામાંચલમાં પાયાની કેળવણીનું હાર્દ સમજાવતાં આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ.

કિં. રૂ. ૧–૮–૦ ટપાલરવાનગી ૦–૫–૦

પાયાની કેળવણી ગાંધીજી

ગાંધીજીના પાયાની કેળવણી વિષેના લેખોનો સંગ્રહ. આમાં એમના લેખોને વિષયવાર ગોઠવ્યા છે, જેથી એમના કથનને સમજવામાં વાચકને સરળતા થાય. આજે જ્યારે રાજ્યે પાયાની કેળવણીની નીતિ અપનાવી છે, ત્યારે એનાં તત્ત્વો અને એની પાછળ રહેલી દૃષ્ટિ સમજવા માટે આ પુસ્તક ઉપયોગી થઈ પડશે.

કિં. રૂ. ૧–૪–૦ ટપાલરવાનગી ૦–૬–૦

કેળવણીવિકાસ કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

પાયાની કેળવણીનો ધીમે ધીમે કેવી રીતે વિકાસ થયો અને તે આજની સ્થિતિએ આવી તે દર્શાવતા અને તેના વિકાસનાં પગથિયાંની તથા પાયાની કેળવણીમાં રહેલાં તત્ત્વની ચર્ચા કરતા લેખોનો સંગ્રહ. શ્રી નરહરિભાઈની વિસ્તૃત ભૂમિકા સહિત.

કિં. રૂ. ૧–૪–૦ ટપાલરવાનગી ૦–૩–૦

ગ્રામવિદ્યાપીઠ અનુ૦ ગોપાલદાસ પટેલ
મુકુલભાઈ કલાર્થી

ભારત સરકારના યુનિવર્સિટી કમિશનના સભ્ય શ્રી આર્થર ઈ. મૉર્ગને તે કમિશનના હેવાલમાં નોંધેલી પોતાની સ્વતંત્ર નોંધનો અનુવાદ. શ્રી નાનાભાઈ ભટ્ટની પ્રસ્તાવના સાથે.

કિં. રૂ. ૧–૧૨–૦ ટપાલરવાનગી ૦–૬–૦

ગ્રામવિદ્યાપીઠની ભૂમિકા નાનાભાઈ ભટ્ટ,
જુગતરામ દવે, નરહરિ પરીખ ઇ૦

ગાંધીજીએ ગ્રામવિદ્યાપીઠ વિષે નાખેલા બીજને વિકસાવી તેમના વિચારો પ્રમાણેની ગ્રામવિદ્યાપીઠ કેવી હોય તેનું અહીં ચિત્ર દોર્યું છે. ગ્રામવિદ્યાપીઠ માટે પૂર્વતૈયારી કેવી હોવી હોવી જોઈએ, અને તે માટે શું શું કરવું જોઈએ તેની એમાં સવિસ્તર ચર્ચા કરવામાં આવી છે.

કિં. રૂ. ૦–૧૪–૦ ટપાલરવાનગી ૦–૩–૦

શિક્ષણનું માધ્યમ લે૦ ગાંધીજી
સંપા૦ ભારતન કુમારપ્પા

શિક્ષણના માધ્યમ અંગેનાં ગાંધીજીનાં લખાણોનો નાનકડો સંગ્રહ. આજે કેળવણીના માધ્યમની ચર્ચા ચાલે છે ત્યારે કેળવણીકારો તથા સામાન્ય જનતા બંનેને રાષ્ટ્રપિતાના એ અંગેના વિચારો માર્ગદર્શક નીવડશે.

કિં. રૂ. ૦–૩–૦ ટપાલરવાનગી ૦–૨–૦

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહકાર એટલે ?

'સહકાર' એટલે માનવ પ્રયોજનો સિદ્ધ કરવામાં શક્તિનો બચાવ કરવાની પદ્ધતિ — એવો ઘણી વાર અર્થ કરવામાં આવે છે. અને અવ્યવસ્થિત પ્રયત્નની સરખામણીમાં તેનાથી શક્તિનો બચાવ થાય છે પણ ખરો. પરંતુ તેની આ જાતની વ્યાખ્યાનો જ્યારે એવો અર્થ કરવામાં આવે કે, જેમ જેમ સહકાર વ્યાપક બનતો જાય, તેમ તેમ માનવજીવન નૈતિક દૃષ્ટિએ — પુરુષાર્થની દૃષ્ટિએ સહેલું બનતું જાય, ત્યારે તેને જરૂર ખોટો કહેવો જોઈએ. સહકાર સિદ્ધ કર્યો એટલે સંકલ્પશક્તિને કામ કરવામાંથી મુક્તિ મળી ગઈ, એવું હરગિજ નથી બનતું. ઊલટું, ત્યાર પછી તો મનુષ્યની સંકલ્પશક્તિને વધુ ઉચ્ચ તથા મુશ્કેલ ભૂમિકાએ નવું કામ કરવાનું આવે છે. અર્થાત્ જે સંગઠિત જીવન અસ્તિત્વમાં આવ્યું હોય, તેને સતત પ્રાણપૂર્ણ કરવાનું અને, બીજા શબ્દોમાં કહીએ તો, સહકારના તત્ત્વનું જ ધારણ-પોષણ કરવાનું કામ આવે છે. સહકાર કરનારી વ્યક્તિઓને સતત આત્મ-નિયંત્રણ કરવું પડે છે. એ રીતે જોતાં, આખા જગદ્‌વ્યાપી સહકારરૂપ 'સંસ્કૃતિની એકતા' પણ આરામ અને નિરાંતની સ્થિતિ હોવાને બદલે નૈતિક પરાકાષ્ઠારૂપ હશે; અને તેની તાકાત પણ વિશ્વના ભંડારોમાંથી વીજળી કે પાણીની પેઠે, એમ ને એમ મફત મળવાની નહીં હોય. તેને તો સહકાર કરનારાઓએ પોતાની સંકલ્પશક્તિને સતત ઉપયોગમાં લાવીને ઉત્પન્ન કરવી પડશે. તે સિવાય તે બીજે કયાંયથી મળી શકવાની નથી.

તેથી સહકાર એટલે માણસની સંકલ્પશક્તિને કડાકૂટમાંથી, બોજામાંથી, જોખમમાંથી કે જવાબદારીમાંથી મુક્ત કરી, તેને પોતાની વૃત્તિ કે સ્ફૂર્તિ અનુસાર મરજી મુજબ જીવવાનો માર્ગ ખુલ્લો કરી આપનાર વસ્તુ, એવો તેનો અર્થ કરવો, એ તદ્દન વિપરીત અર્થ જ થયો. સહકાર કરનારાઓની સંકલ્પશક્તિ કોઈ ઉદાત્ત ધ્યેયો ઉપર કેન્દ્રિત થાય, અને તેઓ તે ધ્યેયોને વીરતાપૂર્વક અનુસર્યા કરે, તો જ તે લોકોમાં સહકાર જામી શકે કે કાયમ રહી શકે. આળસુ, હલકટ, કાયર, આરામી, અને અણઘડ લોકોમાં સહકાર ઊભો થવો જ અશક્ય છે. થોડી વાર માટે તેઓમાં સહકાર ઊભો થાય ખરો; પણ તે જાણે દગાબાજોને પોતાનાં કાવતરાં રચવાની, કાયરોને બહાનાં શોધવાની, અને અણઘડ મૂર્ખોને ભયંકર ભૂલો કરવાની તક આપવા સારુ જ ઊભો થયો હોય છે.

— આચાર્ય એલ. પી. જૅક્સ કૃત 'સર્વોદયની જીવનકળા' પુસ્તકમાંથી.

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે
ગોપાલદાસ પટેલ
ઠાકોરભાઈ દેસાઈ
મણિભાઈ દેસાઈ
મગનભાઈ દેસાઈ (તંત્રી)
જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૫ અંક ૪

એપ્રિલ નવજીવન, અમદાવાદ ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

એપ્રિલ, ૧૯૫૬

વર્ષ ૧૫ અંક ૪

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
તામિલ કવિવર કુરલ	ગાંધીજી	૯૭
લોકશાહી અને સર્વોદય	મગનભાઈ દેસાઈ	૯૯
લોકશાહી અને ભાષા	મગનભાઈ દેસાઈ	૧૦૧
સત્ય-ધર્મ	મુકુલભાઈ	૧૦૫
શ્રી મહાદેવ દેસાઈ સ્મારક ટ્રસ્ટ	જીવણજી દેસાઈ	૧૦૮
જગતની દુઃખત્રિમૂર્તિ	મગનભાઈ દેસાઈ	૧૦૯
દાક્તરી વિદ્યાની ત્રેહાકી	ગો૦	૧૧૦
કેળવણીનો એક કોયડો	ચંદ્રકાન્ત ઉપાધ્યાય	૧૧૩
પરિશ્રમાલયો શા માટે ?	રમેશ મ૦ ભટ્ટ	૧૧૪
માંડૂક્યોપનિષદનો સ્વાધ્યાય	મગનભાઈ દેસાઈ	૧૧૬
જીવલેણ ગાદું	મુકુલભાઈ કલાર્થી	૧૧૮
સાભાર સ્વીકાર		૧૨૨
નવું વાચન		
જીવલેણ ગાદું	મુ૦ ક૦	૧૨૩
ત્રિવેણી તીર્થ	મુ૦ ક૦	૧૨૩
કલાપીનો કાવ્યકલાપ	મુ૦ ક૦	૧૨૩
સાક્ષાત્કારને પંથે તુકારામ	મુ૦ ક૦	૧૨૩
વાંચો, વિચારો અને અનુસરો	મુ૦ ક૦	૧૨૪
ગીતા હૃદય	મુ૦ ક૦	૧૨૪
कर्तव्यपरायणता	चन्द्र भरद्वाज	१२४
देहाती और शहरी लोग	विनोबा	१२६
साहित्यका सार	विनोबा	१२८

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતિ છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતિ છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં અમદાવાદ (કલ્યાણ ભુવન, રિલિફરોડ); મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બન્દર); રાજકોટ; (લાખાજીરાજ રોડ); દિલ્હી (યુ. એસ. કોમ્યુનિકેશન થિયેટર બિલ્ડિંગ, કોનોટ સર્કસ, નવી દિલ્હી); ઇદોર (ગાંધીભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂા. ૪; પરદેશમાં રૂા. ૬ અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,

શિક્ષણ અને સાહિત્ય

નવજીવન કાર્યાલય,

પો. નવજીવન, **અમદાવાદ-૧૪**

અમારાં નવાં પ્રકાશનો

ગામડાંની વહારે : [સુધારેલી વધારેલી નવી આવૃત્તિ] ગાંધીજી; કિં. રૂ. ૦-૪-૦. ટપાલરવાનગી ૦-૨-૦.

ધર્માત્મા ગોખલે : [સુધારેલીવધારેલી બીજી આવૃત્તિ] ગાંધીજી; કિં. રૂ. ૦-૯-૦; ટપાલરવાનગી ૦-૩-૦.

વિદાય વેળાએ : લે૦ ખલિલ જિબ્રાન; અનુ૦ કિશોરલાલ ઘ૦ મશરૂવાળા; કિં. રૂ. ૧-૦-૦; ટપાલરવાનગી ૦-૫-૦.

વિવેક અને સાધના – ભાગ પહેલો : લે૦ કેદારનાથજી; સંપા૦. કિશોરલાલ ઘ૦ મશરૂવાળા, રમણીકલાલ મ૦ મોદી; કિં. રૂ. ૨-૦-૦; ટપાલરવાનગી ૦-૮-૦.

હજરત મહંમદ અને ઇસ્લામ : પં. સુંદરલાલ; કિં. રૂ. ૧-૪-૦; ટપાલરવાનગી ૦-૫-૦.

પાયાની કેળવણી : [સુધારેલીવધારેલી બીજી આવૃત્તિ] ગાંધીજી; કિં. રૂ. ૧-૪-૦; ટપાલરવાનગી ૦-૬-૦.

કલકત્તાનો ચમત્કાર : લે૦ મનુબહેન ગાંધી; કિ. રૂ. ૧-૦-૦; ટપાલરવાનગી ૦-૫-૦.

સર્વોદયનો સિદ્ધાંત : કી. રુ. ૦-૧૦-૦; ડાકખર્ચ ૦-૪-૦.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

સા વિદ્યા યા વિમુક્તયે

વર્ષ ૧૫-અંક ૪] અમદાવાદ [એપ્રિલ, ૧૯૫૬

તામિલ કવિવર કુરલ

[દ. આફ્રિકામાં ગાંધીજીએ તામિલ ભાષા જાણી લેવાનો આગ્રહ રાખેલો. જેલમાં તેને માટે જરૂરી પુસ્તક પણ મંગાવેલાં પરંતુ તે અભ્યાસનું કામ ચીલે ચડે તેટલામાં જેલની મુદત પૂરી થતાં પહેલાં તેમને છોડી મૂકવાના પ્રસંગો આવેલા.

હિંદુસ્તાનમાં આવ્યા પછી પણ તે ઇચ્છા રાખેલી. સેવાગ્રામમાં થોડા દિવસ નિયમિત તામિલના શિક્ષણને માટે વખત આપતા, પરંતુ અનેક વ્યવસાયને લીધે તે અભ્યાસ ચાલુ રાખી શક્યા નહીં. મુસાફરીમાં પણ મહિનાઓ સુધી – વર્ષો થયાં તામિલની પોથી સાથે રાખતા. આથી તામિલ વાત થોડી સમજી શકાય તેથી વધુ અભ્યાસની ઇચ્છા પાર પડી નહીં. તોપણ ડૉ. પોપનો 'કુરલ'નો અંગ્રેજી તરજુમો ને તામિલ જે કરી શક્યા તેની પ્રસાદી ગુજરાતી વાચકોને માટે ૧૯૧૧માં ઇંડિયન ઑપિનિયનમાં આપેલી છે. તે આ નીચે આપેલી છે. —છ૦ ગાંધી]

તામિલ લોકમાં એક મહાન કવિ થઈ ગયા છે. તેની કવિત્વશક્તિ બહુ ઊંચા પ્રકારની હતી. તેની કવિતાના અભ્યાસીઓ તેની, દુનિયાના એક મોટા બુદ્ધિમાન પુરુષ તરીકે, ગણના કરે છે. છતાં તેની કીર્તિ તામિલ જાણનારી જાતિઓની બહાર ભાગ્યે જ જણાયેલી છે.

આ કવિમાં અભિમાન કે અહંતા — હું-પદની ગંધ સરખી ન હતી. તે એટલે સુધી કે, કવિતાનો એક સંગ્રહ રચ્યા છતાં, તેણે તેની સાથે પોતાનું નામ સરખું જોડ્યું નથી. પોતાના ગ્રંથને નામ પણ તેણે કાંઈ આપ્યું નથી.

તેની કવિતા બધ્ધે લીટીની કડી અથવા શ્લોકના આકારમાં લખાઈ છે. આવી દશ કડીની એક કવિતા, અને એવી ૧૩૩ કવિતાનો એક ગ્રંથ બનેલો છે.

કડી અથવા શ્લોકને માટે તામિલમાં 'કુરલ' શબ્દ છે. તે ઉપરથી તેના ગ્રંથને 'કુરલ' એવું નામ આપવામાં આવ્યું છે. અને પોતાનું નામ ન મૂકી જનાર કવિ પોતે પણ પોતાના આ ગ્રંથના નામથી ઓળખાય છે.

કુરલનું જીવન પણ થોડું જ જાણવામાં આવી શકાયું છે. તે સંબંધી જે માહિતી મળી શકે છે, તે ઉપરથી તેના જીવનને રહસ્યથી ભરેલું કહી શકાય છે.

મદ્રાસ ઇલાકામાં મઇલાપુરના એક વણકરને ત્યાં તેનો જન્મ થયો હતો. આ વર્ગનો, તામિલ પ્રજામાં અસ્પૃશ્ય ગણાતી – પારિયા જાતિમાં સમાવેશ થાય છે. પારિયાઓમાં કુરલ ભક્ત અથવા સંત પુરુષ તરીકે ગણાતો. તેઓ તેને ગોર તરીકે માન આપી સંબોધતા – પૂજતા. ગોર માટે તામિલમાં 'વલુવર' શબ્દ છે. તેથી કુરલનું નામ તેના લોકોએ વલુવર રાખેલું. અને આજે તામિલ જાતિઓમાં તે વલુવર નામે ઓળખાય છે. તેની જીવનકથા લખનાર લખે છે તે સત્ય જ છે કે, જે તામિલોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રેષ્ઠ કવિ તરીકે માન્ય છે તે વલ્લુવર (જેને માટે કાઠિયાવાડમાં ઢેઢ ગરોડા – ઢેઢ લોકોના ગોર શબ્દ વપરાય છે) જેવા અધમમાં અધમ વર્ણ સૂચવનારના નામથી ઓળખાય, એ પણ આશ્ચર્યની વાત છે.

કુરલ ઉરફે વલ્લુવરે પોતાના લોકોને જ્ઞાનનો ઉપદેશ કરવામાં પોતાનું જીવન ગાળ્યું છે. તેણે જે બોધ આપેલ છે, તે ઉપરથી બોધવચનો લખ્યાં અને તેના પરથી તેનું આ એક મહાન કીમતી પુસ્તક ઉપજાવી શકાયું છે. આમાં તેનાં બોધવચનો નીતિ અને વૈરાગ્યથી તરબોળ છે. તામિલ ભાષાશાસ્ત્રી મરહૂમ ડૉ. પોપે કુરલના પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કરેલ છે.

આ કવિવરનાં બોધવચનની વાનગીની થોડી કડીઓ નીચે આપી છે :—

"અંતરનાં હાસ્યવાળાં વદનથી બોલાયેલા એક મીઠા વેણની તુલના ઉદાર અંતઃકરણ વડે અપાયેલી ભેટ કરતાં વધારે છે. વાણીમાં અમૃત એ માણસનું ઉમદામાં ઉમદા ઘરેણું છે. આ દુનિયાનો બીજો કોઈ પણ શણગાર તેની આગળ તુચ્છ છે.

"કોઈ પણ વસ્તુની રક્ષા ન થાય તેની ફિકર નહીં, માત્ર પોતાના હોઠની રક્ષા કરવાની માણસને જરૂર છે. કેમ કે, નહીં તો હોઠને વાંકે આંખને પીલુડાં પાડવાનો વખત આવે છે. જે કોઈ મન ઉપર કાબૂ રાખતાં શીખે છે અને ક્રોધથી પોતાના આત્માને અળગો રાખે છે, તેને હરકોઈ ગુણ, વખત પડ્યે સાચા સેવકનું કામ આપે છે.

"આપણી પાસેથી જેને કદી મદદ મળી નથી, તેની તરફથી જે મદદ આપણને મળે છે, તે કદી ન વાળી શકાય તેવા દેવારૂપ છે.

"કોઈએ આપણું સારું કર્યું હોય તે ખ્યાલ કદી ભૂલવો નહીં એ સારું છે. પણ નરસું કર્યું હોય તેનો ખ્યાલ તો તુરત જ ભૂલી જવો તે સારું છે.

"અપકારને માફ કરવો તે સારી વાત છે; પણ તેને ભૂલી જવો તે તેથી પણ સરસ છે. બીજાં તારું ભૂંડું કરશે તેથી તારું તો ભલું જ થવાનું. તે એવી રીતે કે, તેના પાપ તરફ દિલમાં દયા રાખ, અને તું પોતે પાપ કરતાં અટક.

"જે મનુષ્ય વાજબી રીતે રહે છે અને સત્યને ચોંટી રહે છે, તે ગરીબ હોવા છતાં પણ સમજુની નજરે ગરીબ નથી. ભલા હૃદયનો માનવી પોતાને ગરીબ ત્યારે જ ગણે છે કે જ્યારે ભલું કરવાની તાકાત તેની પાસે રહેતી નથી.

"અપવાસ કરનારા અને દેહદમન કરનારા માણસોને આપણે મહાપુરુષ ગણીએ તે બરાબર છે. પણ જે બીજાનાં કડવાં વેણ ઝીલે છે તે તો સહુમાં શિરતાજ છે. જેઓ સદા તપ અને દાન કરતા રહે છે તે કરતાંયે જેઓ કાંઈ પણ મેલ રાખ્યા વિના સદા સાચું બોલે છે, તે મોટા છે.

"કરજને બદલાની દરકાર હોય જ નહીં. આકાશની વાદળીઓને પૃથ્વી પરના મનુષ્યોના બદલાની એવના હોતી નથી. જેને જેની જરૂર છે તેનું નામ જ ભેટ. તે સિવાયની ભેટ તે ભેટ નહીં, પણ બદલો મેળવવાની ક્રિયા છે.

"જેનું દિલ ભૂખ્યાને પોતાના ભાણામાંથી ભાગ આપતાં હરખાય છે, તેની ઉપર ભૂખનો કાતિલ હાથ કદી પડનાર નથી. બીજાના લાભોનું જે પોતાના લાભોની જેમ જતન કરે છે, તે જ આબાદ વેપાર કરનારો વેપારી ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જ્યારે કોઈ માણસ મગરૂર થઈ તને નુકસાન કરવા ઊતરી પડે છે, ત્યારે તારા પ્રમાણિક વચનથી જ તું તેઓને સમજાવવા શક્તિમાન થઈશ. હે મનુષ્ય, તારા હૃદયને જેથી દરદ થતું હોય તેવું તું બીજાને કરતો અટકજે.

"પ્રેમ વિનાનો માણસ પોતાના હૃદયનો વાસી છે, પણ પ્રેમી પુરુષ સર્વનાં હૃદયમાં વાસો કરે છે. પાણીથી બહારની સ્વચ્છતા જાળવી શકાશે, પણ અંદરની સ્વચ્છતા તો સત્યથી જ જાળવાય છે."

ઈ. સ. ૧૯૧૧ ગાંધીજી

લોકશાહી અને સર્વોદય

લોકશાહી એટલે શું, એ વિચાર પ્રજાએ હમેશ કરતા રહેવું જોઈએ. તે એક આદર્શ છે, અને આદર્શની સિદ્ધિ પૂરેપૂરી કદી થઈ શકતી નથી. છતાં તે આદર્શ રહ્યો, એટલે એને છોડી તો કેમ જ શકાય? એટલે, તેને પહોંચવા માટે મથ્યા જ કરવું, એ કામ આપણી પાસે રહે છે. તેથી જ આ કામ સ્થિતિશીલ નહીં પણ ગતિશીલ કહેવાય છે; આદર્શ માટે સતત પ્રયત્નશીલ રહેવામાં જ એની ફલશ્રુતિ રહેલી છે. એથી બીજી રીતે કામ કરીએ તો આદર્શ સાચી રીતે સમજ્યો પણ નથી; તેનો અમલ તો દૂર જ રહે.

આવા પ્રયત્નનો એક મહત્ત્વનો ભાગ તે આદર્શ વિષે વિચાર કરતા રહેવું એ છે. તેથી જ કહેવાય છે કે, જે રાષ્ટ્રના સમાજમાં વિચારને નામે મીંડું હોય તે સમાજ પડે છે; દૃષ્ટિ ખોઈ બેઠેલા રાષ્ટ્રને ભગવાન પણ ન બચાવી શકે. હિંદમાં આપણે લોકશાહીનો આદર્શ અપનાવવો હોય તો તેનું સતત અને જીવંત મનન અને અનુશીલન કરતા રહેવું જોઈએ.

આજે રાજ્યતંત્ર વિષે બે દૃષ્ટિઓ જગતમાં પ્રવર્તતી જોવા મળે છે: એક છે અંગ્રેજીભાષી જગતે (એટલે કે મુખ્યત્વે ઇંગ્લેંડ-અમેરિકાએ) કેળવેલી અને બીજી છે રશિયાએ* રજૂ કરેલી.

રશિયન દૃષ્ટિ એમ કહે છે કે, કામદાર-રાજ્ય સાચું રાજ્ય છે. તેથી, નહીં કે મૂડીવાદ પણ સામ્યવાદ સાચો છે. મૂડીવાદમાં મજૂર અને શેઠની જુદાઈ કલ્પી છે તે બરોબર નથી. થોડા શેઠ કે ધનિકો રાજ્ય કરે, એ લોકરાજ્ય નથી. સાચું રાજ્ય સમાનતાના ધોરણ પર રચાવું જોઈએ. તેથી તે દૃષ્ટિવાળા લોક થોડાક શેઠોની નાબૂદી ચાહે. રાજકારણની ભાષામાં કહીએ તો, આ દૃષ્ટિ એમ માને છે કે, એક જ રાજકીય પક્ષ હોવો જોઈએ; બીજો પક્ષ યા વિરોધ-પક્ષ હિંસાથી પણ દબાવવો જોઈએ. આથી કરીને આપણે જોઈએ છીએ કે, રશિયા-વાદી દેશોમાં અવારનવાર વિરોધ-પક્ષની કતલો, કેદ કે બીજી ત્રીજી પોલીસ રીતોથી તેમની નાબૂદી થતી જોવા મળે છે. લોકશાહીની નજરે અનિષ્ટ લાગતી આવી દમનનીતિ ત્યાંના રાજકારણનો ભાગ હોય એમ લાગે છે.

* રશિયાનું નામ લોકશાહી સાથે જોડાતાં વાચક કદાચ ચમકે, તેટલા સારુ કહું છું કે, તે દેશનું ધ્યેય પણ લોકશાહી જ છે; કારણ કે રાજ્યમાત્ર, છેવટે જઈને જોતાં, લોક-સંગ્રહને માટે જ પેદા થયેલી સંસ્થા છે. એટલે તે રાજાશાહી હો કે સરમુખત્યારી હો, ગણરાજ્ય હો કે પ્રતિનિધિરાજ્ય હો, યા બીજું ગમે તેવું રૂપ હો,—લોકસંગ્રહ સાધવાને માટે લોકશાહીના આ બધા પ્રકારો છે. રશિયા પણ લોકોના સાચા સુખનો વિચાર કરીને, કઈ રાજ્યપદ્ધતિ વધારેમાં વધારે યોગ્ય તે જોઈને તેને યોજવા મથે છે. અને થોડા વખત ઉપર સોવિયેટ પક્ષની વાર્ષિક સભામાં જે નવી નીતિ વિચારાઈ, તે પણ આ જ વસ્તુ બતાવે છે.

આમ છતાં ચાલુ રાજકીય ભાષામાં સોવિયેટ પદ્ધતિને 'લોકશાહી' નથી કહેતા, એ ખરું. પરંતુ તેથી કાંઈ વસ્તુ મટી નથી જતી. લોકશાહી એ રાજ્યમાત્રનો સાચો આદર્શ છે. તેને સાકાર કરવાને માટે જુદી જુદી પ્રજાઓએ, પોત-પોતાનાં સમય, સંજોગ તથા પ્રકૃતિહાંસ પ્રણાલી જોઈ, જુદા જુદા રસ્તા લીધા છે. એક જમાનામાં રાજાશાહીને લોકશાહી કોઈ માનતું નહીં, આપબુદ્ધી જ એ મનાતી. ઇંગ્લેંડે દેખાડયું કે, એ બરોબર નથી; રાજાશાહી પણ લોકશાહી તત્ત્વવાળી હોઈ શકે છે. તેમ જ રશિયાની અંદર ખીલી રહેલી નવીન 'શાહી' વિષે પણ કેમ ન બને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી દૃષ્ટિ અંગ્રેજભાષી પ્રજાએ કેળવી છે. તેમાં વિરોધપક્ષની હસ્તી જ ન હોય એમ નથી ગણાયું. અહંકે તેવો પક્ષ હમેશ હશે અને તે હોય એ સારું છે, એમ મનાયું છે. આ બીજી દૃષ્ટિ પણ સમાનતાના ધ્યેયમાં તો માને છે. પણ તે સાધવાના રસ્તા તેના જુદા હોય છે. મૂડીવાદ-જન્ય અસમાનતા પર અંકુશ રાખીને તે ચાલે છે, પણ ખાનગી સાહસને બીલકુલ છૂટ રાખે છે અને હરીફાઈને આવકારે છે.

આ બીજી પદ્ધતિનું સૂત્ર એ છે કે, બને તેટલી મોટામાં મોટી સંખ્યાનું વધારેમાં વધારે ભલું સાધવું. એનો અર્થ એ કે, આ પદ્ધતિમાં પણ અમુક સંખ્યાનો તો મરો રહે જ છે. સામ્યવાદી પદ્ધતિમાં અમુકનું નિકંદન રહે છે; તો આ પદ્ધતિમાં પણ અમુક લોક અવજ્ઞાથી મરતા કે સબડતા રહેશે, એમ ગૃહીત લેવાયું છે. આ સંખ્યા જેટલી ઓછી, તેટલું તે રાજ્ય સારું; અને એ સંખ્યા ઓછી થાય તો લોકશાહી પદ્ધતિને ગમે. પણ તેની રીત-રસમો જોતાં તેનાથી એવો દાવો નથી થઈ શકતો કે, સૌનું ભલું કરીશું; કેમ કે એવું મનાયું જ છે કે, તેમ તો બનશે નહિ. એની રીતરસમોમાં એ જાતનો દોષ રહેલો છે; કે જેવો સામ્યવાદી રીતમાં કતલનો કે કેદ યા જોરજુલમનો રહેલો છે. ટૂંકમાં, એકમાં અમુકની કતલ તો બીજામાં અમુકની અવજ્ઞા થશે, એમ કલ્પાયેલું છે.

એટલે એક રીતે કહી શકાય કે, બંને દૃષ્ટિઓમાં તત્ત્વતઃ મૌલિક ફેર નથી રહેતો. માનવતાની દૃષ્ટિએ બંનેમાં માનવની અમુક હદની અવજ્ઞા રહેલી છે.

બીજી એક બાબતમાં પણ આ બંને દૃષ્ટિ મળતી આવે છે. બંને દૃષ્ટિ રાજ્યસંસ્થાને પ્રજાના કલ્યાણ માટે અનિવાર્ય માને છે. કલ્યાણરાજ્ય કે 'વેલફેર સ્ટેટ' બંનેનો આદર્શ છે. તે આદર્શ સાધવાની રીતમાં એક દૃષ્ટિ કતલને અને જબરદસ્તીને પણ માન્ય રાખે, પણ પછી સૌને માટે ચિંતા કરે; અંગ્રેજભાષી પ્રજાની બીજી દૃષ્ટિ ઉઘાડી કતલ કે જબરદસ્તી કદાચ ન કરે,* પણ કેટલાકની અવજ્ઞા થશે એમ ગણીને ચાલે.

આ ફેર બાદ કરો તો પછી બંને દૃષ્ટિઓ સરખી ચાલે છે. પછી બંનેની રાજ્યનીતિ લોકોનું કલ્યાણ કે લોકસંગ્રહ સાધવા માટે લગભગ સરખી રીત અખત્યાર કરે છે.

આ રીત અર્વાચીન યુરોપે તેના ગયા સૈકાના યંત્રોદ્યોગવાદના તથા બુદ્ધિવાદના જમાનામાં કેળવી છે. તે રીત મુજબ, રશિયા તેમ જ ઇંગ્લંડ-અમેરિકા લોકોને માટે ગંજાવર સામુદાયિક સેવાકાર્યો માટે યોજનાઓ કરે. તે સારુ કેન્દ્રિત સત્તા, આયોજના, અને અંકુશ વગેરે વિચારે. અને તે એ તત્ત્વના આધારે કે, વધારેમાં વધારે લોકનું ભલું કરવા મથવું. આખા સમાજ જેવડા મોટા ખાતામાં બધાનું એકસરખું ભલું તો બની ન શકે, એટલે તેમાં દળાઈ જતા કે બાકી રહી જતા થોડાક લોકોએ બહુને સારુ એટલું ખમી લેવું જોઈએ અને વશ રહેવું જોઈએ.

આ હદે વિચારાતું કલ્યાણરાજ્ય અનેક જાતના નિયમોનું કાયદા-રાજ્ય થઈ બેસે છે, તેનું કારણ આ છે. સરકાર જાત જાતનાં સામાજિક સેવાખાતાં કાઢે અને તે લોકો પર મૂકતી જાય, તે પણ આથી કરીને આપોઆપ બને છે. રાજ્ય એક પ્રકારનું બાબાપવાદી પદ્ધતિથી ચાલતું તંત્ર બની રહે છે. તેમાં વ્યક્તિ-સ્વાતંત્ર્યની વસ્તુ રહેતી નથી અથવા તે જુદી જાતની ઘડાય છે.

આ હદે યુરોપમાં કામ થવા લાગ્યું છે. ત્યાંના વિચારકો આ વિષયમાં હવે એમ કહેવા લાગ્યા છે કે, 'માસ-માઇન્ડ' અને 'માસ-મેંન' અંગ્રેજીમાં જેને કહે છે, તે ત્યાં પેદા થવા લાગ્યું છે. એટલે કે, વ્યક્તિઓ અમુક રીતે જાણે એક બીબામાં ઢાળેલી હોય એવા આમ-માનસવાળી બનતી જાય છે. છતાં સાવ એવું તો બની ન શકે; કેમ કે માનવ મન છેવટે તો માનવનું છે. એટલે એવું બને છે કે, બાહ્ય સુખાકારીની બાબતોમાં અમુક પ્રકારની આમ બીબા-ઢાળણી ચાલે છે; આરામ અને નવરાશના ઉપયોગમાં પણ અમુક બીબા-ઢાળ સરખાપણું જોવા મળે છે. નાણાંનું વર્ચસ્વ ખૂબ વધી જાય છે. પરંતુ અંતરમાં આધ્યાત્મિક પોલાણ કે શૂન્યતા જેવું પેદા થાય છે, અને તેને ભરી કાઢવાને પછી ઇન્દ્રિયારામી નવીનતાઓ અને કુતૂહલોમાં

* જોકે આ દૃષ્ટિ પણ બીજા દેશો પર પ્રભુત્વ કે વર્ચસ રાખવા તેમ કરે ખરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવચિત્ત તેના વ્યક્તિત્વની તરસ છિપાવવા ફાંફાં મારવા તરફ વળે છે. રાજ્યસંસ્થા જ્યાં મુખ્યત્વે સમાજજીવનનાં કાર્યોની કુલ નિયામક અને ત્યાં બીજું શું થાય? લોકશાહી કહેો કે સરમુખત્યારી કહેો, સમાજવાદ કહેો કે રશિયાવાદી સામ્યવાદ કહેો, — બંનેમાં આ લક્ષણ પણ જોવા સરખું મળે છે.

એટલે, રશિયાવાદી કે અંગ્રેજવાદી બંને દૃષ્ટિઓમાં જુદાઈ હોવા છતાં, પ્રજાના નાના છતાં અમુક ભાગની અવજ્ઞા તેમાં અનુસ્યૂત રહેલી છે; અને બંને દૃષ્ટિઓ રાજ્યસંસ્થાને સમાજની એક મહા ઉપરી-સંસ્થા માનીને જીવનનો વ્યવહાર રચવો અને 'વેલફેર' રાજ્ય સ્થાપવું, એમ માને છે.

સમાજમાં છેવટે માનવ વ્યક્તિત્વ અને તેનો વિકાસ તથા તે પ્રત્યે આદર અને પૂજ્યભાવ મૂળ વસ્તુ છે, તે ધ્યાનમાં લઈએ તો આ બંને દૃષ્ટિઓ તેની કસોટીએ ઓછી કે ઊણી ઊતરે છે. ગાંધીજી અહીંયાં જુદા પડે છે. તેમનું દર્શન અહીંયાં જુદું તરી આવે છે. તેનું નામ એમણે 'સર્વોદય' પાડ્યું છે, તે કેવું અર્થગંભીર અને મર્મસૂચક છે! એની પ્રતિજ્ઞા જ એ છે કે, વધારેમાં વધારેનું નહીં, પરંતુ સર્વનું ભલું થાય એ જ રાજ્યસંસ્થાનો સાચો આદર્શ છે. અને તેને પ્રત્યક્ષ ધ્યાનમાં લઈને જે પદ્ધતિ ચાલે તે જ સાચી રાજ્યપદ્ધતિ છે. ગાંધીજીનું રાજ્ય-દર્શન આ જગાએ અપૂર્વતા ધરાવે છે અને જગતના તે વિષેના ચાલુ વિચારમાં ક્રાંતિ બતાવે છે.

આનો વિચાર બીજા અંક પર છોડું છું.

૮-૩-'૫૬ **મગનભાઈ દેસાઈ**

લોકશાહી અને ભાષા

૧

આપણે લોકશાહી કે લોકરાજ્ય હિંદમાં સ્થાપવા માગીએ છીએ. જગતના રાજદ્વારી અનુભવની એરણ પરથી, આવી રાજ્યપદ્ધતિને માટે કેટલાક તેના પાયા-રૂપ મુદ્દા ઘડાઈ ઊતર્યા છે. તે તરફ અત્યારે આપણે ત્યાં ખાસ લક્ષ દેવાની જરૂર છે.

આજે નવા હિંદનું ઘડતર થઈ રહ્યું છે; તેને સારુ વિકાસયોજનાઓ વિચારાય છે અને રાજ્યનાં સત્તા અને ધનને જોરે તેમને આગળ લેવાઈ રહી છે. એટલું જ નહીં, નવી પ્રદેશ-રાજ્યરચના વિચારાય છે. અને શિક્ષણની નવરચના પણ કરવાની છે, તે તો જેમની તેમ હજી ઊભી જ છે. તેના મુદ્દાની વાતો તો ઘણી થાય છે; પણ નિર્ણયો લઈને પ્રજાવ્યાપી અમલ હજી બાકી છે.

ટૂંકમાં, આપણે લોકરાજ્ય સ્થાપવાને માટેની શરૂની દશામાં છીએ. એટલે, લોકરાજ્ય દૃષ્ટિએ હિંદમાં સાચી લોકશાહી લાવવી છે, એ ધ્રુવ તારાને ધ્યાનમાં લઈને આગળ વધવું જોઈએ.

આ બાબતમાં સાવધાની રાખવા માટેનું વિશેષ કારણ એ છે કે, હિંદમાં પરદેશીઓના અંગ્રેજી રાજ્ય પછી આપણે આ કામ કરવાનું છે. તે રાજકાળમાં આપણને રાજ્યવહીવટની જે તાલીમ મળી છે, તે જુદી જાતની હતી. જે હતી તે ગુલામીની છાયામાં રહીને ચાલતી હતી. તેમાં કેળવાયેલા સરકારી નોકરો જ સ્વતંત્રતા પછી પણ ચાલુ છે; તેમનો ઘેરો રાજ-વહીવટ પરથી હજી ઊઠ્યો નથી. અને એક રાજકીય હકૂમત સિવાય, એ રાજ્યનો આપણા માનસ પરનો ઘેરો પણ કાયમ છે.

વળી બીજું એ કે, લોકશાહી પદ્ધતિને નિર્મળ અને વિકસતી રાખવાનું કામ છેવટે જઈને લોકોએ જ સંભાળવાનું હોય છે. કેમ કે લોકશાહીનું સૂત્ર છે — 'યથા પ્રજા તથા રાજા'. હવે આપણી પ્રજા તરફ જોઈએ તો, તે અંગ્રેજી રાજ્યની ચતુર્વિધ ચૂડમાં જકડાઈ હતી — આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ગુલામી હતી. (જુઓ ૧૯૩૦નો આપણો સ્વાતંત્ર્યનો લાહોર કૉંગ્રેસ ઠરાવ.) એટલે આપણી પ્રજાએ પણ એમાંથી નીકળવાનું છે. મતલબ કે, લોકશાહી પદ્ધતિને નિર્મળ અને વિકસતી રાખવાને માટે આ જે લોકશક્તિનું એકમાત્ર સાચું અને સચોટ સાધન તેણે પણ પેદા થવાનું-કેળવાઈને તૈયાર થવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંજોગોમાં પ્રજાના નેતાઓ તથા તેની બધી સંસ્થાઓની વળી વિશેષ જવાબદારી ઊભી થાય છે. તેઓએ ઉપરના ગુલામી માનસમાંથી અને પરરાજ્યની દુષિત પરંપરામાંથી નીકળીને પોતાનું કામ કરવું જોઈએ. એટલે કે, નેતાગીરી, સરકારની સત્તા, અને લોકોનું શિક્ષણ (એટલે કે તેમની શાળાઓ અને યુનિવર્સિટીઓ વગેરે) — આ ત્રણ, કે જે લોકશક્તિ ઘડવામાં મોટો ભાગ ભજવે છે, તેમણે લોકશાહીના મૂળ મુદ્દાઓને વફાદાર રહીને ચાલવું જોઈએ; તેમાં કોઈ વર્ગીય કે કોમી કે એવા સંકુચિત પ્રકારનું વર્ચસ્વ અને ચલણ નહીં રહેવા દેવું જોઈએ.

૨

વાચક કહેશે કે, 'આ બધું તો સર્વમાન્ય જ છે! એમાં તમે નવું શું કહો છો?'

વાત સાચી છે. એમાં નવું એટલું જ છે કે, આવી મૂલભૂત બાબતોનો અમલ કરવો હોય તો તે વારંવાર યાદ કરવી પડે છે. તેમ યાદ કરવામાં તેના શુદ્ધ અમલનું પગરણ રહેલું છે. વિશેષ એ કે, આપણી પરંપરા જુદી છે. તેમાં કોમવાદ, જ્ઞાતિવાદ, તથા અંગ્રેજી રાજ્યે જગવેલા વર્ગવાદ અને પ્રજામાં ઊંચનીચ ભેદભાવ કાયમ છે. તેથી જરાક સરખો પણ દિશાફેર કે સરતચૂક કચાંય બીજે લઈ જાય, એમ બનવા પૂરી ભીતિ રહે છે.

આ દૃષ્ટિએ લોકરાજ્યના પાયા વિચારીએ. તેનું મૂળ તત્ત્વ એ છે કે, કેટલીક પાયાગત બાબતોમાં લોકની — ગરીબ અજ્ઞાન આમ-પ્રજાજનની કદર સ્વતઃસિદ્ધ થવી જોઈએ; તેનું સન્માન એક નિયમની પેઠે થતું હોવું જોઈએ.

દા૦ ત૦, તેની રાજકીય અસ્મિતા લઈએ. પ્રજાજન તરીકે તેને પુખ્ત મતાધિકારનો હક મળવો જોઈએ. તે નિશાળમાં ભણ્યો નથી, તેને અમુક તમુક મિલકત નથી, ૪૦ લેખાં આ બાબતમાં અપ્રસ્તુત ગણાય. એક મહા આનંદની વાત જો આપણા સ્વરાજ્યની હોય તો તે એ છે કે, પુખ્ત સ્ત્રીપુરુષ સૌને મતાધિકાર મળ્યો છે. રાષ્ટ્રપતિ અને તેમના ભવનમાં સફાઈકામ કરતી અભણ સ્ત્રી — બંનેને આપણા દેશમાં એક-સરખો મત છે. એમનો જે ભેદ છે, તે લોકરાજ્યની આ પાયાગત શરતની ભૂમિકાએ નથી.

આ એક મહા ભવ્ય વિચાર છે. લોકશાહી આદર્શનો રાજકીય સમાનતાનો પાયો એ છે.

૩

આવો જ બીજો સિદ્ધાંત આમ પ્રજાજનની સ્વભાષા છે. સમાજનો ને સરકારનો બધો વ્યવહાર આમ-પ્રજાની ભાષામાં ચાલવો જોઈએ. જેમ મતાધિકારમાં તેની સમજ કે આવડત કે ભણતર શું છે તે નથી જોવાતું, તેમ જ રાજ્યમાં કે સમાજમાં સામાન્ય રૂપે જે ચાલે તે અંગે તેને અમુક બીજી ભાષા આવડે છે કે નહીં, એવી અપેક્ષા ઊભી ન કરી શકાય. જેમ મતાધિકાર આપ્યા છતાં લોકોની નાગરિક સમજ વધે એમ ઇચ્છીએ, તેમ લોકોનું ભાષાજ્ઞાન વધે એમ જરૂર ઇચ્છીએ. પરંતુ અમુક રીતે તેની લાયકાત નથી માટે તેને જેમ મતાધિકારથી વંચિત ન રાખી શકાય, તેમ જ તેને હિંદી કે અંગ્રેજી નથી આવડતું માટે તેને રાજ્ય કે સમાજનો વ્યવહાર તેની ભાષામાં સમજવાના તેના સ્વાભાવિક ભાષાધિકારથી પણ વંચિત ન કરી શકાય.

ભાષાધિકારની આ વસ્તુ નાગરિકના મતાધિકાર જેવી જ મૌલિક ગણાવી જોઈએ. પણ તે હિંદમાં આજે કહેવી પડે છે, તેનું કારણ હિંદમાં અંગ્રેજી ભાષાએ આપણા માનસમાં અને વિચારોમાં જે ખોટા મરોડ અને વિકૃતિ પેદા કર્યાં છે, તે છે. આને લીધે, આપણા બંધારણે ઉપરનો સિદ્ધાંત સ્વીકાર્યા છતાં, આપણું કામ આ નાગરિકનો ભાષાધિકાર સ્વીકારીને આગળ વધી શકતું નથી.

૪

હિંદના બંધારણે પ્રજાના આ પાયાગત ભાષાધિકાર માટે ખાસ પ્રકરણ આપ્યું છે અને મૂળ હકોમાં પણ એનો ઉલ્લેખ કર્યો છે. કઈ ભાષાઓને વિષે અધિકાર રહેશે, તે નક્કી કરી તેમની યાદી આપવામાં આવી છે. જે જે પ્રદેશમાં જે જે ભાષા ચાલુ હોય તે તે પ્રદેશના રાજ્યવહીવટની અને અદાલતની તે તે ભાષા રાખી શકાશે એમ કહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આપણું રાષ્ટ્ર અનેકભાષી હોવાથી, આપણા સામાન્ય આંતરપ્રદેશીય કે કેન્દ્રીય કામકાજને માટે એક આંતરભાષા પણ નક્કી કરી છે, અને તે કેવી હોવી જોઈએ તે પણ ઠરાવ્યું છે.

તથા બંધારણમાં એક સર્વસાધારણ મોટી વાત એ કહી છે કે, દરેક નાગરિક પોતાની ભાષામાં, રાજ્યમાં ગમે ત્યાં, વગર કોઈ કાનૂની બાધ આવ્યે, દાદ ફરિયાદ કે અરજી કરી શકશે.

આ ભાષાધિકારને સરકારે અમલમાં ઉતારવો જોઈએ. આજે તો આનું રહસ્ય પણ હજી હિંદની નોકરશાહી સમજી લાગતી નથી.

આ ભાષાધિકારને શિક્ષણતંત્રે પણ સમજીને પોતાનું કામ ગોઠવવું જોઈએ. શિક્ષણતંત્ર પ્રજાની સમજ અને આવડતશક્તિ કેળવવાને માટે છે; નાગરિકના સર્વાંગીણ વિકાસને સારુ છે. એટલે જેમ રાજ્ય-વ્યવહાર તેમ જ શિક્ષણકાર્ય તે તે પ્રદેશની માન્ય થયેલી તે તે પ્રદેશની રાષ્ટ્રીય ભાષામાં ચાલવું જોઈએ. એમ ન થાય તો લોકશાહી પદ્ધતિનો દ્રોહ થશે. એમાં તો શિક્ષણશાસ્ત્રનો પણ ભંગ છે. પણ હિંદમાં દોઢ સો વરસથી એ ભંગ અંગ્રેજોએ કર્યો; તેમાં તૈયાર થયેલો જૂજવાજ થોડા લાખનો વર્ગ એ જોઈ શકતો નથી અને તેના બચાવમાં જાત જાતની યુક્તિઓ લડાવે છે.

૫

લોકશાહી પ્રજાના આવા ભાષાધિકારના મૂળ પાયા ઉપર શિક્ષણના માધ્યમનો સવાલ ઊભો છે. એને અમલમાં ઉતાર્યા પછી જ આપણા વ્યવહારની જે જે વિશેષ જરૂરો હોય, તેમને માટે ઘટતી જોગવાઈ કરવાનો વિચાર થઈ શકે. દેશમાં હિંદી આંતરભાષા અહિંદી પ્રદેશોમાં બીજી ભાષા તરીકે ભણાય, એ એવી જરૂર ગણાય. સરકારી નોકરોએ અમુક ભાષા કે ભાષાઓ જાણવી જોઈએ, એ વિશેષ વિચાર તેવો કહેવાય. એમને માટે તે તે મર્યાદામાં જે કરવું ઘટે તે બધું, તે ક્ષેત્ર પૂરતું, તેને લાગતા વળગતા ક્ષેત્રોવાળાઓ જોઈ લે. પરંતુ આવા કોઈ અમુક વિશેષ ખ્યાલને કે જરૂરને આખી બધી વાત ગણીને ચાલીએ, તો તે એ વિશેષ ખ્યાલને વધારેપડતું વર્ચસ્વ અને અતિમાન મળે. પરિણામે, લોકશાહી લાજે અને વર્ગશાહી જ તેને નામે થઈ બેસે.

જેમ કે, અંગ્રેજને રાજ્યભાષા ને શિક્ષણભાષા કરી, તેને લઈને વસ્તીનો અડધો ટકો તે જાણનારો વર્ગ માથાભાર થઈ ગયો અને એમને માટે જ જાણે રાજ્ય હોય એવું થઈ ગયું! એવું આપણે હિંદી માટે કરી બેસીએ એવી ભીતિથી સાવચેત રહેવાની બહુ જરૂર છે.

૬

પુનર્રાજ્યરચના અંગે મુંબઈમાં અને બીજે જે બન્યું, તે પરથી આપણામાંના કેટલાકના ઘાટ, 'દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીએ' — એવા થયા છે. સ્વભાષાનું માધ્યમ કરીશું, તો પ્રદેશ પ્રદેશ વચ્ચે દીવાલો નહીં થાય? યુરોપમાં રાષ્ટ્રો જુદાં પડી ગયાં તેમ નહીં થાય? — વગેરે કાચીપાકી દલીલો આથી કરીને જાગે છે. હિંદની અને યુરોપની સ્થિતિ-સંજોગ જુદાં છે, તે આ લોક જોતા નથી. હિંદનું બંધારણ જુદું છે, એ પણ ધ્યાન બહાર રહી જાય છે. અને હિંદ માટે આપણે એક વ્યાપક અને સર્વસંગ્રાહી આંતરભાષા રાખીશું; એ પછી દીવાલો ક્યાં આવી? — એ પણ નથી સમજાતું.

અને જો એક ભાષા થવાથી એકતા સધાતી હોય તો, અંગ્રેજી એક માધ્યમ હોવા છતાં, આપણે શું કામ પ્રાંતવાદ ને કોમવાદમાં પડેલા છીએ? એકતાની વાત જો પ્રજાગત કરવી હોય તો તેની ભાષાઓ દ્વારા તેનું અનુશીલન થવું ઘટે. તે વગર એ બનશે નહીં. જેમ સ્વરાજ માટે કર્યું તેમ જ હવે એકતા માટે કરવું જોઈએ. એમાં જો ભૂલ થઈ તો જ એકતા બગડશે. હિંદી જો અહિંદી પ્રદેશોમાં આંતરભાષાથી વધીને ત્યાંની સ્વભાષાઓને સ્થાને જવા તાકશે, તો તે જ કારણે હિંદની એકતા જોખમાશે, અને હિંદીને આંતરભાષા પણ નહીં સ્વીકારાય.

૭

કેટલાક લોક એવી કલ્પનામાં દલીલ કરતા જોવા મળે છે કે, હિંદી જાણે દેશમાં બધાની એકમાત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વભાષા થઈ જશે કે થઈ જાય! જોકે તેઓ કહેવામાં તો બોલે છે કે, પ્રદેશભાષાઓનો વિકાસ થવો જોઈએ. પણ શિક્ષણ, રાજ્યવહીવટ અમુક હદ પછી હિંદીમાં કરવાનું છે. જેમ કે, માધ્યમિક કેળવણી સુધી કે તાલુકા જિલ્લા સુધી ભલે સ્વભાષા ચાલે; પછી હિંદી જોઈએ.

આ દલીલ કરનારા એક વસ્તુ ભૂલી જાય છે તે એ કે, ભાષા બોલે છે તેના વાપરથી, તે બોલનારાના જીવનના ઊંડાણ અને વ્યાપકતા વધે તેનાથી. કથા કવિતાઓ લખાય એ સાહિત્યથી કાંઈક ભાષા બોલે; પણ ખરી ખિલવણી તો પ્રજાનાં જીવનમાં વિવિધતા જે રહી છે, તે બધીનું વાહન ભાષા રહે તો જ ભાષા બોલે. જુઓ અંગ્રેજી. તેમ જ હિંદની ભાષાઓ બોલવી જોઈએ. નહીં તો તે બોલનારા કરોડો લોકો નહીં બોલ્યા હોય. એટલે કે, તેઓ લોકશાહીને યોગ્ય નહીં બને.

૮

અહીંયાં કેટલાક વળી એમ કહે છે, હિંદની બધી ભાષાઓ બોલવવી, એના કરતાં એકને બોલવીએ તો કેટલો બચે અને સમય બચે? તેથી હિંદીને બોલવી લઈએ અને તે દ્વારા હિંદનો ઉપરનો બધો વ્યવહાર ચલાવીએ, તેથી એકતા પણ વધશે, કે જેવી અંગ્રેજી રાજ્યમાં અંગ્રેજીથી થઈ હતી એમ મનાય છે.

આવી દલીલ કરનારા ભલા ભલા મોટા માણસો પડ્યા છે, એ એક ખરેખર દુઃખની વાત છે. એ લોકને ઘટતો જવાબ જ આપવો હોય તો આજે દક્ષિણમાંથી રાજાજી જેવા આવે છે કે, 'હિંદીને બોલવવા મૂળેય ખર્ચ ને વખત આપવાની શી જરૂર છે? અંગ્રેજી તૈયાર જ છે, તેને જ રાખો. એમાં શરમ કયાં છે? ભાષા એ તો સરસ્વતીની ભેટ છે!'

પણ આ જવાબ પણ પેલી મૂળ દલીલ જેવો જ બોટો છે. સાચી વાત એ છે કે, ભાષા એ કાંઈ લોઢાના કારખાના જેવું કે રેલવે તાર ટપાલ જેવું સૌ મોટે કેન્દ્રિત ગોઠવવાનું જડ સાધન નથી. હિંદમાં સ્વરાજ આવ્યું છે, તેને બધા સાથે શોભાવીએ તો બધી જ ભાષાઓ સાથે જ બોલે. હિંદી બોલવવામાં બધા સાથે ન થઈ શકે, કેમ કે સૌની સ્વભાષા તે નથી. એટલે પછી અંગ્રેજી ભાષા માટે જેમ થયું તેમ હિંદી માટે અતિ મહત્ત્વ વધી પડે,—એટલે કે હિંદી જાણનારા આગળ વધે. બીજા ભાષાપ્રદેશો આ કેમ સાંખે? આને જ 'હિંદીનું સામ્રાજ્ય' કહેવામાં આવે છે. એક અવાજે જેમ બધાં પક્ષી ઊડી જાય—એક જ નહીં, તેમ જ સ્વરાજનો સૂર્ય ઊગવા સાથે એકસાથે બધી જ ભાષાઓ બોલે; અને એમાં વધારે ખર્ચ પણ ન લાગે.

૯

એવો વર્ગ પણ આજે નીકળ્યો છે કે જે અંગ્રેજી ભણેલો છે. તે કહે છે—'યત્ર યત્ર અંગ્રેજી તત્ર તત્ર હિંદી' કરી દો. આ વર્ગ ઉપરના લોકોનો જ છે. આ વર્ગને એમ લાગે છે કે, આમ અને એટલે કાલથી અંગ્રેજી છોડી હિંદી કેડે લાગવું અને જેમ અંગ્રેજીથી અલગ નોકરશાહી અને એક જાતની રાજકીય અને સામાજિક 'શિષ્ટશાહી' (elite) ઊભી કરી રાજ્યમાં ફાવ્યા હતા, તેમ હવે હિંદીથી ફાવવું! આ ટૂંકી બુદ્ધિ અંગ્રેજી રાજ્યે પેદા કરેલા માનસની છે. હિંદી દેશી ભાષા છે, તેથી કાંઈ મૂળ લક્ષણમાં ફેર ન પડે. બલકે, આથી તો અહિંદી પ્રદેશોની ઈર્ષા જાગે; તેમની ભાષાને અન્યાય થાય. અથવા ઉપર હું જે પાયાગત હક કહું છું તે પ્રજાનો ભાષાધિકાર માર્યો જાય. એમ જો બને તો લોકશાહી લાજશે અને કથળશે. તેથી જ વડાપ્રધાને કહ્યું છે તે અંતિ ગંભીર છે કે, હિંદની બધી ભાષાઓ રાષ્ટ્રીય ભાષાઓ છે. તેમનો અધિકાર પૂરેપૂરો અને એકસમાન છે; હિંદીનો વિશેષ કાંઈ નથી. એનું વિશેષ એટલું જ છે કે, તે ભાષા ઘણા લોક હિંદમાં જાણે છે, તેથી તેને આપણી બહુભાષી પ્રજાની આંતરભાષા ('લિંગ્વા ફ્રેન્કા') ગણવી, એ ઠીક થશે. તેમાં લોકશાહી દૃષ્ટિએ આપણને લાભ છે.

મત તથા ભાષા અધિકાર પેઠે બીજો અધિકાર ઉદ્યમ અને શિક્ષણનો છે. તે હવે પછી ચર્ચીશું.

૨૧-૩-'૫૬ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ય-ધર્મ

[બુંદેલખંડની એક લોકકથા]

એક રાજા હતો. તે મોટો ધર્માત્મા હતો. પ્રજાનું તે ખૂબ જતનથી પાલન કરતો હતો. આવો ધર્મિષ્ઠ રાજા હોવાથી પ્રજા સુખી હતી. ચોર-લૂંટારાનો જરાય ડર ન હતો. લોકો ઉઘાડે બારણે સૂતા હતા.

રાજાએ એક વખત પોતાના નગરમાં એક સુંદર તળાવ બોદાવ્યું અને તેના કિનારા પર શંકર ભગવાનનું દેવાલય બંધાવ્યું. નગરજનોએ તળાવ અને શિવાલયને જોઈને આનંદ પામી રાજાજીને કહ્યું: "મહારાજ, આપને અમે એક વિનંતી કરીએ છીએ. આ સુંદર અને પવિત્ર જગ્યાએ મેળો ભરો તો સારું. મેળાને કારણે દેશપરદેશના વેપારીઓ અહીં વેપાર કરવા આવશે અને ઘણા લોકો પણ અહીં આવી આ સ્થળની શોભા નિહાળશે. આથી આપનું આ શિવાલય બધે જાણીતું થશે."

રાજાને નગરજનોની વાત ગમી ગઈ. રાજાએ વિચાર્યું, "જો એવી કોઈ તરકીબ હાથ આવે તો અજમાવી જોઉં, જેથી દેશ-પરદેશના વેપારીઓ પોતાનો માલ વેચવા માટે અહીં આવવા આકર્ષાય."

ખૂબ વિચાર કર્યા પછી રાજાને એક ઉપાય સૂઝ્યો. તેણે તરત જ પોતાના રાજસેવકોને બોલાવીને આજ્ઞા કરી: "તમે સૌ આસપાસના પ્રદેશમાં જઈને ઢંઢેરો પીટો કે, નવા બંધાવેલા શિવાલય પાસે મોટો મેળો ભરવામાં આવશે. ત્યાં કોઈ પણ વેપારીનો કોઈ પણ માલ સાંજ સુધીમાં નહીં વેચાઈ જાય, તો એ માલ રાજા ખરીદી લેશે."

આ યુક્તિ સફળ થઈ. રાજાનો ઢંઢેરો સાંભળીને દૂર દૂરથી અનેક વેપારીઓ આવવા લાગ્યા. લોકો પણ મોટી સંખ્યામાં આવવા લાગ્યા. શિવાલયનું ધામ ખૂબ પંકાવા લાગ્યું.

હવે બાજુના એક ગામમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તે આખો દિવસ ભિક્ષા માગીને માંડ માંડ પેટ પૂરતું અનાજ ભેગું કરી શકતો. એની પત્નીએ રાજાના ઢંઢેરાની વાત સાંભળી એક દિવસ પોતાના પતિને કહ્યું: "સાંભળો છો કે, આવી રીતે ભીખ કયાં સુધી માગ્યા કરશો? તમે થોડું ઘણું શીખ્યા તો છો. માટે કંઈ અક્કલ લડાવો તો આ પેટ ભરવાની ચિંતા ટળે."

બ્રાહ્મણ કહે: "હું શું અક્કલ ચલાવું? પેટ પૂરતું ખાવાનું ભગવાન રોજ આપે છે. એટલાથી સંતોષ માનવો બસ છે."

આ સાંભળીને બ્રાહ્મણી છણકો કરીને બોલી: "બળ્યો તમારો સંતોષ! આવું તો આખો જન્મારો શી રીતે વેઠાય? તમે એમ કરો: માટીની શનિશ્વરની એક મૂર્તિ બનાવો અને રાજાજીએ મેળો ભર્યો છે ત્યાં જઈને એ વેચો. શનિશ્વરની મૂર્તિ કોઈ ખરીદશે નહીં. એટલે સાંજે રાજાના સેવકો વધેલો માલ વેચાતો લેવા આવે, ત્યારે તમે કહેજો કે, 'એ મૂર્તિના પાંચ સો રૂપિયા પડશે. કારણ કે મેં આ મૂર્તિને મંત્રોથી શુદ્ધ કરી છે.' આ રીતે તમને પાંચ સો રૂપિયા મળશે. કેમ, બરોબર છે ને?"

બ્રાહ્મણને બ્રાહ્મણીની સલાહ ગમી ગઈ અને તેણે માટીના પિંડામાંથી શનિશ્વરની એક સુંદર મૂર્તિ બનાવી. પછી તે મેળામાં એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેચવા લઈ ગયો. દૂરથી સુંદર દેખાતી મૂર્તિને વેચાતી લેવા લોકો પાસે આવીને જોતા અને, એ તો શનિશ્ચરની મૂર્તિ છે, એમ જાણીને ડરી જઈ ત્યાંથી બસી જતા.

સાંજ પડી; પણ મૂર્તિ કોઈએ ખરીદી નહીં. એવામાં રાજસેવકો પેલા બ્રાહ્મણ કને આવ્યા અને બ્રાહ્મણ પાસે રહેલી મૂર્તિ જોવા લાગ્યા. પરંતુ એ મૂર્તિ તો શનિશ્ચરની છે એ જાણી તેઓ પણ જરા ખમચાયા. જાણી જોઈને શનિશ્ચરને ઘરમાં કોણ પેસવા દે? એટલે તેઓ રાજા પાસે ગયા અને બોલ્યા: "રાજાજી, મેળામાં એક બ્રાહ્મણ મૂર્તિ વેચવા આવ્યો છે. તેની પાસે શનિશ્ચરની મૂર્તિ છે. તે કોઈએ ખરીદી નથી. મહારાજ, આપના નિયમ મુજબ જો એ મૂર્તિ ખરીદવામાં આવશે, તો શનિશ્ચરનો વાસ આપણા રાજ્યમાં થશે અને બધાં સુખ, શાંતિ જતાં રહેશે! તો આપની શી આજ્ઞા છે?"

રાજાએ કહ્યું: "તમારી વાત તો સાચી છે. પરંતુ હવે શું થાય? મારું વચન મિથ્યા ન જવું જોઈએ. મેં જાહેર કરેલું છે કે, જે કોઈની વસ્તુ વેચાશે નહીં, તેની વસ્તુ રાજ્ય ખરીદશે. એ મુજબ એ મૂર્તિ વેચાતી લીધા વિના છૂટકો નથી. ભલે મારા પર જે આપત્તિ આવવાની હોય તે આવે, પણ મારાથી સત્ય-ધર્મ ન છોડાય. સત્ય-ધર્મની રક્ષા ખાતર હું કેટલુંય દુઃખ સહન કરવા તૈયાર છું. માટે તમે એ બ્રાહ્મણ જે કિંમત માગે તે આપીને એ મૂર્તિ ખરીદીને લઈ આવો."

રાજાની આજ્ઞા સાંભળીને રાજસેવકો ઊંચા મને પેલા બ્રાહ્મણ પાસે ગયા અને તેને પાંચ સો રૂપિયા આપીને શનિશ્ચરની મૂર્તિ ખરીદી લઈ આવ્યા.

રાજમહેલમાં શનિશ્ચરની મૂર્તિની સ્થાપના થયેલી જોઈને મહેલનાં બધાં સ્ત્રી-પુરુષો ભયભીત બની ગયાં. ભવિષ્યમાં કોણ જાણે કેવી ભયાનક આપત્તિ આવી પડશે, એની સૌ ચિંતા કરવા લાગ્યાં. રાજાના મનમાં પણ શંકાએ ઘર કર્યું અને તે પણ ભાવિમાં શું બનશે એના વિચારમાં ગરકાવ બની ગયો. તેણે પોતાનો પલંગ સિંહદ્વાર પાસે બસેડાવ્યો અને તે ત્યાં સૂવા લાગ્યો.

એક રાતે રાજા પલંગમાં પડ્યો હતો. ઊંઘ ન આવવાથી તે વિચારમગ્ન દશામાં હતો. એવામાં તેણે એક કૌતુક જોયું! મધરાતના સમયે ચાર હાથવાળી, હાથમાં કમળવાળી, માથા પર તેજસ્વી મુગટ ધારણ કરેલી એક દેવી મહેલના અંદરના ભાગમાંથી બહાર નીકળવા લાગી. તેની દીપ્તિથી મહેલ ઝગારા મારી રહ્યો. રાજા એ દેવીને આશ્ચર્યચકિત થઈ જોઈ રહ્યો. તે દેવી સિંહદ્વાર તરફ જવા લાગી અને જેવી તે સિંહદ્વારને ઓળંગીને બહાર નીકળવા જતી હતી કે તરત જ રાજા પલંગ પરથી ઊઠીને ત્યાં દોડતો ગયો. રાજાએ પ્રણામ કરી દેવીને પૂછ્યું: "હે માતા, આપ કોણ છો અને આમ મધરાતે ક્યાં જઈ રહ્યાં છો?"

દેવીએ કહ્યું: "હું રાજલક્ષ્મી છું. તારા મહેલમાં તેં શનિશ્ચરની સ્થાપના કરી છે, તેથી હવે હું તારા રાજ્યમાં ન રહી શકું. હવે હું તારો મહેલ તથા રાજ્ય છોડીને ચાલી જાઉં છું."

રાજાએ દુઃખભર્યા અવાજે કહ્યું: "મા, આપની જેવી ઇચ્છા. હું આપને શી રીતે રોકી શકું!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા દિવસ પછી મધરાતના સમયે રાજાએ જોયું કે, એક બીજી દેવ-મૂર્તિ મહેલમાંથી બહાર જઈ રહી છે! રાજા તરત જ તેની પાસે જઈને પ્રણામ કરીને બોલ્યો: "હે ભગવન્, આપ કોણ છો અને કયાં જઈ રહ્યા છો?"

દેવે કહ્યું: "હું કુશલ-ક્ષેમનો દેવતા છું. જે ઘરમાં શનિશ્ચરનો વાસ હોય, ત્યાં હું રહેતો નથી. માટે હું જાઉં છું."

રાજાએ શાંતિપૂર્વક કહ્યું: "ભગવન્, આપની જેવી ઇચ્છા. હું આપને શી રીતે જતાં રોકી શકું?"

એ જ રીતે ઋદ્ધિ-સિદ્ધિ દેવી પણ ચાલી ગઈ. આમ એક પછી એક દેવ-દેવીઓને ચાલ્યાં જતાં જોઈને રાજા ખૂબ વિમાસણમાં પડી ગયો. ભવિષ્યમાં કોણ જાણે કેવી ભારે આપત્તિ આવશે એની ચિંતામાં રાજા ડૂબી ગયો. પરંતુ તેણે મક્કમ નિર્ધાર કર્યો હતો કે, "ભલેને, કેટલીય ભારે આપત્તિ આવે, પરંતુ હું મારો સત્ય-ધર્મ કદી છોડીશ નહીં."

હવે એક દિવસે મધરાતે વળી એક બીજો દેવ મહેલમાંથી બહાર જવા લાગ્યો. રાજા દોડતો દોડતો જઈને તેને પગે પડ્યો અને બોલ્યો: "હે પ્રભુ, આપ કોણ છો અને કયાં જઈ રહ્યા છો?"

દેવે કહ્યું: "હું સત્ય-ધર્મ છું. જ્યાંથી રાજલક્ષ્મી, ઋદ્ધિ-સિદ્ધિ વગેરે દેવ-દેવીઓ ચાલ્યાં ગયાં, તે જગ્યાએ મારાથી ન રહેવાય. હું તો એ લોકોની પાસે જઈશ."

રાજાએ આ સાંભળીને તરત જ તેના હાથ પકડી લીધા અને વ્યાકુળ બની જઈ કહ્યું: "હે ભગવન્, આપ શા માટે જઈ રહ્યા છો? આપને ખાતર તો મેં આ બધું સહન કર્યું. ભલે સૌને જવું હોય તો જાય, પણ આપને તો હું ન જ જવા દઉં. હે સત્ય-ધર્મ, આપના ભક્તને આવી રીતે છોડીને જવું એ આપને છાજે ખરું? માટે કૃપા કરી આપ અહીં જ રહો."

સત્ય-ધર્મ રાજાની આવી નિષ્ઠા જોઈને વિચારવા લાગ્યો: 'રાજા બરોબર જ કહે છે. એણે મારે ખાતર ઘણું દુઃખ સહન કર્યું છે. મારાથી એને આપત્તિ કાળમાં છોડીને ન જવાય.' એમ વિચારીને તેણે રાજાને કહ્યું: "હે રાજા, તેં બધાનો ત્યાગ કરીને મને જાળવી રાખ્યો છે. માટે હું પણ હવે અહીં જ રહીશ." એમ કહીને તે પાછો મહેલમાં ચાલ્યો ગયો.

હવે થોડા દિવસ પછી મધરાતે રાજલક્ષ્મી, ક્ષેમ-કુશલ, ઋદ્ધિ-સિદ્ધિ વગેરે બધાં દેવ-દેવીઓ પાછાં મહેલમાં એક પછી એક દાખલ થવા લાગ્યાં. એ સૌને પાછાં આવેલાં જોઈને રાજાએ પૂછ્યું: "હે દેવતાઓ, આપ સૌ મને છોડીને ચાલ્યાં ગયાં હતાં. હવે એવું તે શું બન્યું કે, આપ સૌ મારા પર કૃપા કરી પાછાં પધાર્યાં છો?"

દેવતાઓએ કહ્યું: "હે રાજા, જ્યાં સત્ય-ધર્મ હોય તે સ્થાનનો અમે ત્યાગ કરી શકતાં નથી. અમે તારી કસોટી કરી જોઈ. તું સત્ય-ધર્મનો સાચો ભક્ત છે. તેં બીજી બધી આપત્તિઓ સહન કરીને પણ સત્ય-ધર્મને તારે ત્યાંથી જવા ન દીધો. માટે છેવટે અમારે સૌએ પાછાં આવવું પડ્યું."

દેવતાઓનાં આ વચનો સાંભળીને રાજાની આંખોમાં હર્ષનાં આંસુ ઊભરાઈ આવ્યાં અને તેણે સૌ દેવતાને પ્રણામ કર્યાં.

મુકુલભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મહાદેવ દેસાઈ સ્મારક ટ્રસ્ટ

તા. ૩૧મી ડિસેમ્બર ૧૯૫૫ના દિને પૂરા થતા વર્ષનો ઊપજ ખર્ચનો હિસાબ

જ

૨૮,૮૩૨-૯-૩	ચાલુ વર્ષ દરમ્યાન થયેલી વ્યાજની આવકના
૩૦,૮૩૧-૧૩-૬	ચાલુ વર્ષ દરમ્યાન નવકનો વધારો
૫૯,૬૬૪-૬-૯	

ઉ

૨૬,૪૭૦-૦-૦	શ્રી સેવક મદદ ખાતેના
૨૦,૪૩૬-૧૦-૯	શ્રી ગૂજરાત વિદ્યાપીઠને શ્રી આચાર્ય, મ. દે. મહાવિદ્યાલયની તા. ૩૧-૩-'૫૫ના વર્ષની આપના (શ્રી ગુજરાત વિદ્યાપીઠના હિસાબ તપાસનીસના હિસાબ પ્રમાણે)
૧૦,૮૪૭-૮-૦	શ્રી શિષ્યવૃત્તિ અને સત્ર ફી ખાતેના
૧,૮૦૦-૦-૦	શ્રી પગાર ખર્ચ ખાતેના
૨૪-૩-૦	શ્રી પરચૂરણ ખર્ચ ખાતેના
૩૬-૧-૦	શ્રી તાર-ટપાલ ખર્ચ ખાતેના
૫૦-૦-૦	શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતેના
૫૯,૬૬૪-૬-૯	

તા. ૩૧મી ડિસેમ્બર ૧૯૫૫ના દિનનું સરવૈયું

ફંડ અને દેવું

જ

૯,૫૨,૫૮૯-૧૨-૦	શ્રી ફંડ ખાતે
૯,૮૩,૪૨૧-૯-૬	ગયા સરવૈયા મુજબ બાકી
૩૦,૮૩૧-૧૩-૬	શ્રી આવક નવક ખાતેના
૯,૫૨,૫૮૯-૧૨-૦	
૯,૫૨,૫૮૯-૧૨-૦	

મિલકત અને લેણું

ઉ

૯,૫૧,૯૨૧-૪-૦	લોન-શ્રી નવજીવન સંસ્થાને તેમની પ્લૉટ નં. ૯૬ની જમીન તથા મકાનના ઇક્વિટેબલ ગીરો ઉપર વ્યાજ સહિત
૬૬૮-૮-૦	શ્રી રોકડ તથા બીજી બાકીઓ:—
૬૨૮-૮-૦	ધી સેન્ટ્રલ બૅંક ઑફ ઇ. લિ.ના ચાલુ ખાતામાં મંત્રીઓના નામે
૪૦-૦-૦	રોકડ પુરાંત
૬૬૮-૮-૦	
૯,૫૨,૫૮૯-૧૨-૦	

અમે શ્રી મહાદેવ દેસાઈ સ્મારક ટ્રસ્ટના તા. ૩૧-૧૨-૫૫ના દિને પૂરા થતા વર્ષનું ઉપરનું સરવૈયું તેમ જ તે જ દિને પૂરા થતા વર્ષનો ઊપજ ખર્ચનો હિસાબ ચોપડા સાથે તપાસ્યો છે. જેમાં આચાર્ય, મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયનો હિસાબ તા. ૩૧-૩-૫૫ સુધીનો જ લેવામાં આવેલ છે. અમે જોઈતા ખુલાસાઓ અને માહિતી મેળવ્યાં છે. અમારી માન્યતા મુજબ અને અમને અપાયેલા ખુલાસાઓ તથા સંસ્થાના ચોપડાઓ પ્રમાણે ઉપરનું સરવૈયું સંસ્થાની ખરી સ્થિતિ બતાવે છે.

તા. ૬-૨-૧૯૫૬	નાનુભાઈની કું.	રવિશંકર દવે	જીવણજી દેસાઈ
૫૧, મહાત્મા ગાંધી રોડ,	ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ	હિસાબનીસ	ટ્રસ્ટી-મંત્રી
મુંબઈ	માનદ ઑડિટર્સ	શ્રી. મ. દે. સ્મા. ટ્રસ્ટ	શ્રી. મ. દે. સ્મારક ટ્રસ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતની દુઃખ-ત્રિમૂર્તિ

[કુટુંબસંસ્થાનું અમર કાવ્ય]

એક ઑસ્ટ્રેલિયન સ્ત્રી કળાકારનું આ ચિત્ર (ન્યૂ ઑાઉટલૂક, ડિસેંમ્બર, ૧૯૫૫ના અંકમાંથી,) સાભાર અહીં ઉતાર્યું છે. આજના માનવ જગતની દુઃખ-ત્રિમૂર્તિ એમાં આલેખી છે — ગરીબાઈ, બીમારી અને અજ્ઞાન. આ ત્રણ દુઃખો સૌમાં સમાનતાથી વ્યાપ્યાં છે એમ નથી; દુનિયાના પછાત દેશો અને ખંડોમાં એ ખાસ દેખાય છે. આગળ પડતા કહેવાતા દેશોમાં પણ, તુલનામાં જોઈએ તો, આ બાબતોમાં તેના જુદા જુદા વર્ગોમાં અસમાનતા હોય છે જ.

કુટુંબ એ માનવ સમાજની સનાતન સંસ્થા છે. તેમાં માનવની સામાજિકતા, તેનો દયાભાવ, તેનો પ્રેમભાવ, તેની સુજ્ઞતા ઊતરી છે; તેમાં તેના હૃદયની આખી સૌરભ પ્રગટી છે.

જગતની ઉપર જણાવેલી દુઃખ-ત્રિમૂર્તિને આલેખવાને સારુ ચિત્રકાર કુટુંબસંસ્થાને જ સ્ત્રી-પુરુષ-બાળકની ત્રિમૂર્તિ દ્વારા આલેખે છે.

કુટુંબસંસ્થામાં ઊતરેલા ઉપર કહેલા બધા મંગળ ભાવો આ ચિત્રમાં કવિ આલેખકે ઉતાર્યા છે. ખૂબી એ છે કે, એના ઉપર આફતના પડકાર રૂપ એવી જે અશુભ દુઃખ-ત્રિમૂર્તિ, તે આલેખી છે એ કુટુંબની જ આવી મંગળ ભૂમિકામાં! માંગલ્ય સાથે દુઃખ, દુઃખમાં પણ જીવનની અમરતા — એને ચિત્રકારની પીંછીએ આસ્વાદ્ય આલેખી છે.

ચિત્રમાં સ્ત્રી-પુરુષની આંખ અને ચહેરામાં ચિંતા અને ભયનો ઉગ્ર પ્રશ્ન છે. તે કોને માટે છે? જીવનના સાતત્ય સમી ભવિષ્યમૂર્તિ બાળક માટે.

અને બાળક પોતાનાં માતાપિતાની એ વૈષ્ણવી આધારભૂમિને કેવું વળગ્યું છે! જાણે ભગવાનને તેનો ભક્ત વળગ્યો છે! બાળકની આંખમાં પૂર્ણ વિશ્વાસ છે, અખૂટ શ્રદ્ધા છે; ભયની રેખા નથી. પણ ગરીબી, બીમારી ને અજ્ઞાનની દુઃખ-ત્રિમૂર્તિ એ બાળકના ચહેરા પર પણ કેવા કરુણ શેરડા પાડે છે! એ જોઈ માનવ પ્રાણીની સમગ્ર વત્સલતા અને માતૃ-પિતૃત્વની મૂળ પ્રકૃતિને જે પડકાર થાય છે, તે જાણે કે આ માતા-પિતાની આંખમાં ઝળહળી રહ્યાં છે.

માનવ સમાજને પડકાર રૂપ આ ત્રિમૂર્તિ સાથેના યુદ્ધમાં, તે દુઃખ-ત્રિમૂર્તિને દમીને, જીવનનું મંગળ ઉદય પામે, એ અમર આશામાં માનવ સમાજ ફાવશે? આ ચિત્ર સંમગ્રતાએ એ સવાલ આપણી આગળ ઊભો કરે છે.

પિતાની આંખમાં કાંઈક નિરાશા દેખાય છે; પણ માતા તો જાણે ઊંડે આવે ભવિષ્યના ગર્ભમાં શુભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ જોઈ રહી જીવનને જતું કરી શકે એમ જ નથી. સંસ્કૃતિનો આધાર છેવટે તો માનવ માતા અને તેની દયામાયા અને કરુણા જ છે. સમાજની બીજી સંસ્થાઓ — રાજ્ય, ધર્મ, શિક્ષણ ઇ૦ — કદાચ ત્યાં આગળ ખૂટે, પણ કુટુંબસંસ્થા તો કેમ જ ખૂટે? કવિ-કલાકાર બહેન આ અમર કાવ્ય અહીંયાં રેખે છે.

૧૩-૩'-૫૬ **મગનભાઈ દેસાઈ**

દાક્તરી વિદ્યાની જોહાકી

માણસે શોધી કાઢેલ સૌ ઉમદા કળા-કસબોમાં રોગનો ઉપચાર કરવાનો કસબ — વૈદું એ એક છે. રોગ કે બીમારીથી માણસ એવો ભાગી પડે છે કે, દાક્તર તેવા લોકોનો મિત્ર અને સાથી બની રહે છે — નવું જીવનદાન કરનાર જ મનાય છે. વળી, રોગીના બીમાર શરીર સાથે સંપર્ક મેળવતાં દાક્તરને રોગીના માનસ તથા સ્વભાવ સાથે પણ પરિચય પ્રાપ્ત થાય છે; અને તેથી પોતાની જીવતી પ્રયોગશાળામાં કામ કરતાં કરતાં દાક્તર સહેજે શરીરવિજ્ઞાની ઉપરાંત માનસવિજ્ઞાની અને તત્ત્વજ્ઞાની પણ થઈ જાય છે.

તેમ છતાં એક વાત પણ નિઃશંક છે કે, છેલ્લાં એક-બે સૈકા દરમ્યાન શરીરવિજ્ઞાનમાં થયેલા વિરાટ વિકાસને પરિણામે ધંધાદારી દાક્તર કે સરજન ગૂઢ દૈવી રહસ્યો જાણનાર ધર્મગુરુને મળતી સ્થિતિએ મુકાઈ ગયો છે. સામાન્ય માણસ માટે એ વિદ્યાનું સામાન્ય જ્ઞાન, અલબત્ત, વધુ વ્યાપક બનતું જાય છે; પરંતુ આધુનિક જીવનસરણી હેઠળ સામાન્ય માણસ જીવનના સામાન્ય નીતિનિયમોથી વિમુખ કે વિખૂટો બનતો ગયો છે, અને શરીર-વિજ્ઞાની મનાતા દાક્તરના અને તેણે શોધેલા કે બતાવેલા ઉપચારો ઉપર જ ધર્મશ્રદ્ધા જેવી શ્રદ્ધા રાખતો થઈ ગયો છે. પરિણામે દાક્તરી-વિજ્ઞાનના નિષ્ણાતો પોતાના ક્ષેત્રમાં સરમુખત્યાર જેવી સ્થિતિ ભોગવતા થઈ ગયા છે. એ લોકો, પછી, એક બાજુ જેમ ઓછી કે ખોટી માહિતીઓ ઉપર રચાયેલાં પ્રયોગાત્મક 'ધેલાંઓ'ના પુરસ્કર્તા બની રહે છે, તેમ બીજી બાજુ, પોતાની પેઠે જ આ ક્ષેત્રમાં સ્વતંત્રપણે કામ કરતી કોઈ લઘુમતીઓ અનુભવ તેમ જ કુદરતી નિયમોની સમજ અનુસાર જે કાંઈ પથ્ય આહાર કે કુદરતી ઉપચારોની પદ્ધતિઓ ચાલુ કરે, તેમને ધાકધમકી કે તુચ્છકારના હાકોટાઓથી ચૂપ પણ કરતા જાય છે. દાક્તરી-વિજ્ઞાનના આચાર્યો મનાતા લોકો જુદી જુદી રસીઓનાં કેટલાંય કેટલાંય વ્યાપક પ્રમાણમાં અમલમાં મૂકે છે. તેમનાથી સરવાળે ફાયદો થાય છે કે નુકસાન, એ નક્કી કરવા પૂરતો સમય નથી મળ્યો હોતો. અને કોઈ વાર પેઢીઓ સુધી પહોંચે એવાં ગંભીર પરિણામો તેમનાથી આવે છે. તે જ પ્રમાણે બીજા પ્રકારની હળવી — પરંતુ પોતાની રીતે સહીસલામત તેમ જ અસરકારક એવી કેટલીય ઉપચાર-પદ્ધતિઓ તેમની શંકાભરી કે તુચ્છકારભરી નજરના તાપ હેઠળ કરમાઈ જાય છે.

અંગ્રેજ દાક્તરી-વિજ્ઞાનીઓ અને અમેરિકન દાક્તરી-વિજ્ઞાનીઓ આ બાબતનાં સારાં ઉદાહરણ પૂરાં પાડે છે. જ્યારે કોઈ નવો ફેરફાર કરવાની વાત આવે છે, ત્યારે અંગ્રેજને જેવા ચીકણા અને સો ગળણે ગાળનારા બીજા કોઈ નથી હોતા. તેઓએ સરકારી નોકરી, કૉલેજમાં પ્રવેશ કે બીજા કશા માટે ફરજિયાત રસી મૂકવાની વાતો મંજૂર રાખી નથી. અને એનું કારણ એ છે કે, એવી રસીઓથી શરીરમાં જે રોગપ્રતિકારક શક્તિ ઊભી થાય છે એમ કહેવાય છે, તેને લગતી નિશ્ચિત ખાતરી હજુ ઊભી નથી થઈ, એ વાતને તેમણે પૂરતા પ્રમાણમાં લક્ષમાં રાખી છે. જાદુઈ અસર નિપજાવનાર 'વન્ડર ડ્રગ્સ' પણ અમેરિકા કરતાં ઇંગ્લંડમાં વધુ આનાકાની સાથે વપરાય છે. બે જાણીતા અંગ્રેજ દાક્તરોએ તો તાજેતરમાં પોતાનાં સંશોધનોનાં પરિણામ જાહેર કરતાં જણાવ્યું છે કે, સલ્ફા-બનાવટો અને પેનિસિલિનના વધારેપડતા ઉપયોગને અને કૅન્સરના રોગમાં થવા લાગેલા વધારાને કંઈક સીધો સંબંધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમેરિકામાં તો સત્તાવાર દાક્તરી-મંડળોની રૂઢિ-ચુસ્ત ટોળકીનો પ્રભાવ એટલો તીવ્ર છે કે, કોઈ માણસ નવો સિદ્ધાંત રજૂ કરે, તો તેને કોઈ સાંભળે જ નહીં. ડૉ. બેન્જામિન સૅંડલરે 'ખોરાકના ફેરફારથી બાળ-લકવો રોકાય છે' ('ડાયેટ પ્રિવેન્ટ્સ પૉલિયો') એ પુસ્તક લખ્યું. પણ પેલા મહા-મંડળે માત્ર દુર્લક્ષથી જ તેને સુવાડી દીધું. ખરે જ, વ્યક્તિગત સંયમ અને આહારનું પ્રાથમિક જ્ઞાન જો પૉલિયો જેવા મહા-રોગને રોકી બેસે, તો પછી પૉલિયો માટેની અસરકારક રસીઓ શોધવા માટેના 'સંશોધન'નું શું થાય!

સામાન્ય માણસ દાક્તર પ્રત્યે જે મુગ્ધ શ્રદ્ધાભાવ દાખવે છે, તેનો ગેરલાભ લેવાનું પ્રલોભન જુવાન દાક્તરને કેવું હોય છે તે મૉર્ટન થૉમ્સને તેના 'નૉટ એઝ એ સ્ટ્રેન્જર' એ પુસ્તકમાં ચીડની મૂકે એ રીતે રજૂ કર્યું છે.

એ ચોપડીનું એક પાત્ર એવું માને છે કે, દાક્તરોમાં ૯૦ ટકા જેટલા ભાગમાં સેવાવૃત્તિ સાથે મોટા પ્રમાણમાં શોષણ-વૃત્તિ ભળેલી હોય છે. બીજું પાત્ર તેની એ માન્યતાનો વિરોધ કરે છે, અને વાતચીત આ પ્રમાણે આગળ વધે છે —

"તમે સાચેસાચ એવું નથી માનતા એ તમે પોતે જ બરાબર જાણો છો. ખરેખર સેવા કરવા ન ઇચ્છતો હોય તેવો કોઈ માણસ દાક્તર થવા જાય જ નહીં. . . ."

"ખરેખર, એ લોકો સેવાના વેપારીઓ છે. તેઓ સેવા વેચે છે. લોકોની સારસંભાળ કેવી રીતે લેવી એ વિદ્યા તેઓએ શીખી લીધી હોય છે. તેમને પછી તે સેવા કરવાનો પરવાનો મળે છે. ત્યાર બાદ, સામાન્ય માણસ કે જેઓ પોતાની કાળજી રાખવાનું કદી શીખ્યા નથી, એવા લોકોને તેઓ ફી લઈને મદદ કરે છે. માનવ શરીર અને તેને માટેની દવાઓનો અભ્યાસ કરવા પાછળ તેઓએ તેમના પૈસા અને સમય ખર્ચ્યા છે. હવે તેઓ એ જ્ઞાનને કિંમતથી વેચે છે — અમુક રોગ મટાડવાના અમુક રૂપિયા!"

"તમે તમારા મિત્ર બ્રાન્ડેજની વાત કરો છો. બ્રાન્ડેજ અને એના જેવા કેટલાક ભલે એમ કરતા હશે, પરંતુ . . ."

"અને તમે જાણો છો કે, આપણને કોણ સંગઠિત રાખી રહ્યું છે? આપણું મંડળ? અરે ના; લોકોનાં ભય અને અજ્ઞાન. સામાન્ય માનવ પ્રાણીને માટે તેનું શરીર એ એક મોટી અને પવિત્ર ગૂઢતા છે. અને જે માણસ તે ગૂઢતાનો પાર પામે, તે દેવ મનાય છે. અને આપણે બધા એ — દેવો છીએ. અને એક વર્ગ તરીકે આપણને આપણું એ બાબતનું ભાન જ સંગઠિત રાખી રહ્યું છે. જનસમુદાય આપણે વિષે શું ધારે છે તે આપણે જાણીએ છીએ. અને આપણે 'શું નથી જાણતા' તે આપણે બરાબર સમજીએ છીએ. આપણે ઘણું જાણીએ છીએ; પરંતુ આપણે અતિ સામાન્ય એવી બાબતો વિષે કશું નથી જાણતા. આપણને થોડો જડો ખ્યાલ ભલે હોય, પણ લોહી ક્યાં બને છે તે આપણે નિશ્ચયપૂર્વક નથી જાણતા. બરોળ મૂત્રસ્રાવ શી રીતે કરે છે, તે આપણે નથી જાણતા. આપણે શાથી જાગી ઊઠીએ છીએ, તે આપણે નથી જાણતા. આપણે શાથી ઊંઘી જઈએ છીએ, તે આપણે નથી જાણતા. હૃદય શાથી ધબકે છે, તે આપણે નથી જાણતા. કોશો પુનર્જીવન પામે તે માટેની ચાંપ શી રીતે દબાય છે, તે આપણે નથી જાણતા. કોશ કે જે જીવનના પાયારૂપ છે, તેને પોતાને વિષે આપણે જે નથી જાણતા, તેનાં તો, આપણે જે સિદ્ધાંતો ભણ્યા છીએ, તે કરતાં પણ વધુ પુસ્તકો ભરાય. સ્ત્રીને રજસ્રાવ શાથી થાય છે, તે આપણે નથી જાણતા. સગર્ભ બનેલું સ્ત્રી-અંડ અંડાશય અને નળી વચ્ચેની જગા કેવી રીતે પસાર કરે છે, તે આપણે નથી જાણતા. બાળક શી રીતે જન્મે છે — જન્મ કઈ ચાંપ દબાવાથી થાય છે — તે આપણે નથી જાણતા . . ."

"આપણે કાંઈ જ નથી જાણતા, નહીં?"

"અરે હા; આપણે પેલા સામાન્ય લોકો કે જે પોતાની સારવાર માટે આપણને ફી આપે છે, તેમના કરતાં ઘણુંય વધારે ધૂળ ને ધમા જાણીએ છીએ, એ વાત સાચી છે. પણ દશ દશ હજાર નુસખાઓમાંથી આપણે ખરી રીતે આઠ ઔષધો એવાં જાણીએ છીએ કે જે અમુક રોગ ઉપર આપીએ તો તે રોગ મટે જ. પણ માત્ર આઠ — અને આઠ જ. આપણે હાડકાં પણ ચડાવી જાણીએ છીએ; યાંત્રિક રચનાની બાબતમાં આપણે સતત આગળ વધતા જઈ જઈએ છીએ, એની ના નહીં."

"દાક્તરી વિદ્યાનો દોષ શા માટે કાઢવો? સામાન્ય જનસમુદાય આપણને જાદુગર માને તેમાં આપણો શો વાંક?"

"કારણ કે આપણે તેના ઉપર કમાઈ ખાઈએ છીએ! અને આપણે ધીકતી કમાણી કરીએ છીએ, એ તો તમે જાણો છો!"

"તમે પોછા બ્રાન્ડેજની વાતે ચડી ગયા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અન્રેજની વાતે? ભલા ભગવાન! આપણામાંનો કોઈ ભૂલ કરી બેસે છે ત્યારે શું થાય છે? આપણો સંપ કેવો ભારે હોય છે! દાક્તરી-વિદ્યામાં કોઈ ભૂલને પાત્ર હોય જ નહીં, એ તમે જાણતા નથી? બીજો દાક્તર જ કહી શકે કે ભૂલ થઈ છે. અને પોતે જ ભૂલો કરતો હોય, ત્યાં બીજાની ભૂલ કાઢવા કોણ જાય? તમારા પ્રમાણપત્ર ઉપર હકો અને દોષમુક્તિ બાબત લખેલું હોય છે. દોષમુક્તિ એટલે શું? કોઈ દરદી તમારે હાથે મરી જાય, તોપણ તમારી સામે કોઈ ફરિયાદ ન કરી શકે! એનો અર્થ એ થાય છે!"*

જોકે, કેટલાક દરદીઓ મરી જાય અને દાક્તરોને સહેલાઈથી દોષમુક્તિ મળી જાય એનું જોખમ સૌથી મોટું નથી; પરંતુ લોકો આ નિષ્ણાતોના હાથમાં પોતાની જાતને પૂરેપૂરી સોંપી દઈને દાક્તરી ધંધાના હાથમાં મનસ્વી અને આપ-સંતોષી સત્તા સમર્પે છે, એ ભારે જોખમકારક વસ્તુ છે. જોકે, આ બાબતોમાં સામાન્ય અણજાણ માણસ પોતાના હાથમાં થોડો ઘણો દોર શી રીતે રાખી શકે તે કહેવું મુશ્કેલ છે; પણ અંગ્રેજોએ આ બાબતમાં ડહાપણ દાખવ્યું છે એમ જરૂર કહી શકાય. અંગ્રેજ દાક્તરો પૉલિયોને લગતી અને બીજી નવી રસીઓ તરફ સંપૂર્ણપણે ઝૂકી ગયા વિના, એ બાબતના નિર્ણયની જવાબદારીમાં ભાગ લેવા દરદીને પ્રેરે છે. અંગ્રેજોના જીવનમાં કોઈ બાબતમાં રસી મુકાવવાનું ફરજિયાત નથી. જોકે પહેલાં તો તેઓ પણ દરેક જણ રસી મુકાવી રોગ-પ્રતિકારક બને એ મતના ચુસ્ત હિમાયતીઓ હતા.

અમેરિકામાં બાનગી જીવનમાં હજુ ફરજિયાત રસી નથી આવી; પણ દાક્તરોનો એક મોટો સત્તા-ધારી વિભાગ કાયદાથી એ વસ્તુ ઇચ્છી રહ્યો છે એમાં જરાય શંકા નથી. ક્લેરન્સ ડેરોના શબ્દોમાં કહીએ તો, અમેરિકાનો દાક્તરી ધંધો નવા સિદ્ધાંતો અને રોગોપચારની નવી પદ્ધતિઓ સામે જોરદાર ચળવળ આખા દેશમાં ચલાવી રહ્યો છે. કારણ કે તેમને પોતાનો ધંધો આગળ વધારવો છે; અને તેથી કોઈ માણસ તેમની સેવાઓ વિના જીવે નહીં કે મરે નહીં તે માટે તેઓ આગ્રહ રાખી રહ્યા છે. દવાઓનો ઉપયોગ ન કરતી પદ્ધતિઓ કરતાં થોડા યા વધુ માંદાને આ લોકો મટાડે છે કે નહીં, તે બાબતની ચર્ચામાં ઊતરવાની જરૂર નથી. પરંતુ દરેક માણસને જ્યાં સુધી તે બીજા લોકોના તેવા હકની આડે ન આવે ત્યાં સુધી પોતાના જીવનનું આયોજન પોતાની મરજી મુજબ કરવાનો હક છે. અને કોઈ માણસ દાક્તરી ધંધાની મદદ વિના જીવવા કે મરવા માગતો હોય, ત્યાં સુધી તેને તેમ કરવા દેવું જોઈએ. જો એટલો હક પણ તેને ન હોય, તો પછી બીજા તે કયા હક તેને હોવાના છે? દાક્તરો ભલે તેમના માલસામાનની જાહેરાત કર્યા કરે; પણ તેમનો માલ ખરીદવાની ફરજ કોઈ ઉપર શા માટે પાડવામાં આવે? દરેક રોગનો ચેપ ન લાગે તે માટેની રસીઓ તેમની પાસે છે; પરંતુ તેમનામાંનો એક પણ એ રસી રોગને શી રીતે રોકે છે તે સમજાવી શકે તેમ નથી; તેમ જ એનાથી રોગ રોકાય જ છે એમ પણ સાબિત કરી શકે તેમ નથી. તેમ છતાં તે દાક્તરો તેમની પાસે અરજ કરીને આવનારને જ રસી મૂકીને સંતોષ નથી માનતા; પરંતુ તેઓ તો રાજ્ય દરેક જણને રસી મુકાવવાની ફરજ પાડે એવી માગણી કરે છે.

અને આપણા ભારત દેશમાં તો સરકાર પોતે એવી અર્ધદગ્ધ – સાચીખોટી રસીઓ ફરજિયાત કરવામાં સૌ 'સુધરેલા' દેશો કરતાં પણ આગળ વધવામાં ગૌરવ માને છે. જીવનનાં ગૂઢ રહસ્યો એ માત્ર ટેસ્ટ-ટ્યૂબની વાતો નથી. તથા ટેસ્ટ-ટ્યૂબ પણ ઘણી અગત્યની બાબતોમાં બાતરીપૂર્વક વિશેષ કાંઈ જણાવી શકતી નથી. જીવન વિષે બીજી અનેક રીતે જાણ મેળવવી શક્ય છે, તેમ જ આવશ્યક છે. પરંતુ, સંતતિનિયમન, બી. સી. જી., વગેરે કિસ્સાઓમાં જણાય છે તેમ, એવો કશો દૂરગામી વિચાર કર્યા વિના ફાવે તેમ નિર્ણયો લેવાય છે; અને દારૂના વ્યસન જેવી બાબતોમાં તો પ્રત્યક્ષ પુરાવા હોવા છતાં માત્ર પૈસા ઊભા કરવાને બાતર જ તેને 'અવૈજ્ઞાનિકપણે' ચાલુ રહેવા દેવામાં આવે છે.

ગો૦

* મનસ ડિસે. ૧૪, ૧૯૫૫ના અંકમાં ઉતારેલ અવતરણ; તેમ જ તે ઉપર કરેલી ચર્ચાને આધારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણીનો એક કોયડો

બીજા ધોરણમાં ભણતો જગદીશ ભારે તોફાની! એને ઋને શાંતિને બાર ગાઉનું છેટું રહેતું. વર્ગમાં એનાથી એક મિનિટ માટે પણ ડાહ્યાડમરા થઈ નહિ બેસાતું. શિક્ષક હોય કે ન હોય, કોઈની લગીરે શરમ, ધાક, કે શેહ રાખ્યા વિના, જગદીશની ધિંગામસ્તી વર્ગમાં ચાલુ રહેતી. એ કોઈના કાનમાં ફૂંક મારશે તો કોકનું બમીસ બેંચશે; કોકની પેન સંતાડી દેશે તો કોકની ચોપડી ઝૂંટવી લેશે. ઉદ્યોગકામ કરતાં છોકરાંઓને નિરાંતે કાંતવા ન દેવાનું અને શાંત ચિત્તે મૌન વાંચન કરતાં બાળકોને 'પૂં' જેવો મોં વડે અવાજ કરી સળી કરવાનું, એનું રોજનું કામ રહેતું.

વર્ગશિક્ષક તરફથી કાયમ ફરિયાદ આવતી કે, 'જગદીશથી તો તોબાહ! એ પોતે ભણતોયે નથી અને બીજાને ભણવા દેતો નથી. એકલો એ આખા વર્ગને પજવે છે.'

છેવટે, મેં એને મારા વર્ગમાં બેસાડવાનું નક્કી કર્યું. પાટી અને પેન લઈ, મારા વર્ગમાં, અપરિચિત છોકરાઓની વચ્ચે જગદીશ મૂંગો મસ થઈ બેસતો, અને હું વર્ગમાં વાર્તા માંડું તે સાંભળીને તેમાં તલ્લીન થઈ જતો. પછી તો, ધીમે ધીમે વર્ગના વિદ્યાર્થીઓને હું સવાલ પૂછતો ત્યારે તેમાં જગદીશ પણ અર્ધખરી ટાપસી પુરાવતો. ટૂંકમાં, ધીમે ધીમે જગદીશ આત્મ-વિશ્વાસુ થઈ શાંત, કહ્યાગરો થતો જતો હતો. એને વાચન કરવા કરતાં કામ કરવામાં બહુ આનંદ આવતો. વર્ગનાં છોકરાંની બેસવાની જગ્યા સાફ કરવામાં, અન્ય મિત્રોને પાણી પાવામાં, પોતાની પાસે જે બીજો હોય તે પારકાં બાળકોને આપવામાં જગદીશ ખાસ રસ લેતો, અને એવે વખતે એના ચહેરા પર આનંદની લહરી જોવા મળતી. નાગરિકશાસ્ત્રનો વર્ગ ચાલતો હોય તેમાં એને મોજ ન પડતી; પણ પ્રત્યક્ષ નાગરિક-પણું દાખવવામાં એને ખૂબ આનંદ થતો.

એક દિવસ જગદીશ એની બા જોડે સંન્યાસા-શ્રમમાં ગયો. ત્યાં મોટો યજ્ઞ થતો હતો. ભાવુકતાથી એ એની બા સાથે ત્યાં ગયો હતો.

યજ્ઞ વેદીમાં ભડ ભડ બળતો અગ્નિ, જોરથી મંત્રોચ્ચાર કરતા બ્રાહ્મણો, અને આહુતિ આપનાર હોતાઓને જોતો જોતો એ એની બાથી થોડે છેટે રમવા ગયો.

રમતાં રમતાં એની નજરે ચામડાનું એક પાકીટ ચડ્યું. ચકચકતું પાકીટ હાથમાં પકડવાની લાલચ એ ન રોકી શકયો; અને પાકીટ હાથમાં આવ્યું એટલે એને ઉઘાડવાની લાલચ પણ એ ન રોકી શકયો. એણે પાકીટ ખોલ્યું. અંદર જોયું તો દસ રૂપિયાની એક નોટ અને બીજા થોડા છૂટા પૈસા એમાં હતા. એણે તો પાકીટ બંધ કરી, તેને સજ્જડ રીતે મુઠ્ઠીમાં પકડી, પોતાની બા ભણી દોટ મૂકી. બાને જઈને એણે કહ્યું, 'બા, મને આ પાકીટ મળ્યું છે.'

બા આશ્ચર્યથી જોઈ રહી. જગદીશને એણે પૂછ્યું, 'હવે આનું શું કરીશું?'

'કેમ, આ પેલા મોટા માણસને (યજ્ઞવેદી પાસે બેઠેલા) હું આપી આવું. યજ્ઞના માંડવામાંથી આપણને આ મળ્યું એ કંઈ આપણી પાસે રખાય?'

બા હરખાઈ ગઈ. જગદીશ તો દોડતો એક મોટા ગણાતા ગૃહસ્થ પાસે પહોંચ્યો. ઝડપથી દોડતાં એને હાંફ ચડી હતી. હાંફતાં હાંફતાં એ પેલા ગૃહસ્થને કહેવા લાગ્યો, 'મને આ પાકીટ પેલા દરવાજા પાસેથી મળ્યું છે. હું તમને આપું છું. તમે એના માલિકને પહોંચાડજો.' એમ કહી એ પાછો ફર્યો.

પેલા ગૃહસ્થ તો આશ્ચર્યચકિત થઈ જગદીશને જોઈ રહ્યા. એ નાનકડા છોકરાના મોઢામાંથી નીકળતાં વાકયોએ એમને મુગ્ધ બનાવ્યા.

જગદીશ મનમાં વિચારવા લાગ્યો કે, આ પાકીટ કોનું હશે અને જેનું હશે તેને એની જાણ કેમ કરીને થશે? એકદમ એના મનમાં એક વિચાર આવ્યો એટલે એ તરત દોડતો આવીને પેલા ગૃહસ્થને કહેવા લાગ્યો, 'આ મેં તમને પાકીટ આપ્યું છે ને, તેની જાહેરાત તમે 'લાઉડસ્પીકર' (લાઉડસ્પીકર)માં કરો. બધાને કાને એ વાત પડશે. પછી જેનું પાકીટ હશે તે તમને મળીને લઈ જશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યજ્ઞ પૂરો થયો. બધાં વીખરાયાં. અચાનક લાઉડસ્પીકરમાંથી અવાજ આવ્યો, 'કોઈ ભાઈનું ચામડાનું પાકીટ મળ્યું છે. જેનું હોય તેણે નિશાની આપી તે લઈ જવું.'

જગદીશ એ સાંભળી હરખાયો.

મને કેટલોક સમય વીત્યે એ વાતની ખબર પડી. મેં જગદીશને બોલાવ્યો. બધી વાત પૂછી એ હરખમાં આવીને કહેવા લાગ્યો, '. . . .ભાઈ, યજ્ઞમાંથી જડેલું આપણે લઈએ તો પાપ લાગે, એટલે મેં પાકીટ આપી દીધું હતું.'

મેં કહ્યું, "પણ આ પાકીટ આપણાથી ન લેવાય એમ તને શા ઉપરથી લાગ્યું?"

"કેમ, તમે વર્ગમાં વાત કરતી વખતે કહેતા હતા ને કે, આપણાથી પારકી ચીજ ન લેવાય. વળી મારા વાંચવામાં એક વાર્તા આવેલી. તેનો સાર મેં મારા બાપુજીને કહેલો. તેમાં એક છોકરાના સાચાબોલાપણાની અને પ્રમાણિકતાની વાત હતી. એ સાંભળીને મારા બાપુજીએ મને કહેલું, 'જગદીશ, તું પણ આના જેવો થજે, હં. . . ."

જગદીશની વાત સાંભળી હું વિચારવા લાગ્યો કે, બાળક શાળા કે ઘરની સારી કે બોટી પરિસ્થિતિમાંથી કઈ વસ્તુ કયારે કેવી રીતે પકડી લે છે એનો કાયદો શો હશે? એ કાયદો શોધવો એ કેળવણીકારો માટે એક કોયડો જ છે.

ચંદ્રકાન્ત ઉપાધ્યાય

પરિશ્રમાલયો શા માટે?

બીજી પંચવર્ષી યોજનાના દરમિયાન કે તેને અંતે સરકાર દેશની દરેક વ્યક્તિને પૂરા સમમની અને સર્વાંગી રોજગારી પૂરી નહીં પાડી શકે, એ વાત તો યોજના કરનારાઓએ પણ સ્વીકારી છે. તેઓ તો એટલું જ કહે છે કે, બેરોજગારી વધવા નહીં દઈએ અને દેશના કામ કરનારાઓના સંખ્યાબળમાં જે વધારો થશે તેને જ માત્ર અમે પહોંચી વળીશું. એટલે ગ્રામપ્રજાની રોજગારીની મુખ્ય વાત તો બાજુએ જ રહી!

તેમાંયે વળી જો ખેતીમાં યંત્રો આવશે, તો તો પછી પૂછવું જ શું? ખેતીના ધંધામાંથી લાખો લોકો બેકાર પડશે. તેમને કામ આપવાનું રહેશે. તે કામ તેમને ઉદ્યોગ દ્વારા જ પૂરું પાડી શકાય. અને તે એવા ઉદ્યોગો કે જે કામ આપવાની સાથે સાથે લોકોને વધુ માત્રામાં જરૂરી બનતી જતી નિત્ય વપરાશની ચીજો પૂરી પાડતા હોય.

એવા ઉદ્યોગો છે ખાદીઉત્પાદન, ડાંગરછડ, તેલઘાણી, સાબુ, દીવાસળી, ચામડાંકામ, હાથકાગળ, ગોળખાંડ, તાડગોળ, વગેરે. આ ઉદ્યોગોમાં ખૂબ ઓછી મૂડીમાં વધુ લોકોને રોજગારી પૂરી પાડવાની તાકાત છે.

જો આ બધી વસ્તુઓનું ઉત્પાદન પણ મોટા પાયાના ઉદ્યોગો દ્વારા કરવામાં આવે, એટલે કે એવાં યંત્રો દ્વારા કરવામાં આવે કે જેમાં ઓછામાં ઓછા મજૂરો દ્વારા વધારેમાં વધારે ઉત્પાદન થાય, તો એનું પરિણામ પણ એ જ આવશે કે, આ ઉદ્યોગોમાં અત્યારે દેશમાં જે માણસો રોકાયેલાં છે તેઓ બેકાર બનશે. અને તેમાંથી ખૂબ જ નાની, નજીવી સંખ્યા જ મોટા પાયાના ઉદ્યોગો સમાવી શકશે.

પરિણામે 'સુધરેલી' ખેતી અને વપરાશની ચીજોનું 'મોટા પાયા પરનું' ઉત્પાદન એ બંનેમાંથી કામ કરનારાઓ બેકાર થઈને બહાર ફેંકાશે.

એવા કામ કરનારાઓ હજી બહાર ફેંકાયા નથી ત્યારે પણ દેશની અંદર કેટલી બેરોજગારી કે અર્ધ રોજગારી છે, તેનો અંદાજ પણ ચોંકાવનારો છે.

૧૯૫૪ના ફેબ્રુઆરીમાં મજૂર ખાતાના પ્રધાન શ્રી. વી. વી. ગિરીને પુછાયેલા પ્રશ્નોના જવાબમાં તેમણે કહેલું કે, કેટલાંક ગામો પસંદ કરી તેમાં કરાયેલી તપાસ પરથી માલૂમ પડ્યું છે કે, ગામડાંમાં ૫૧·૭% પુરુષો અને ૪૮·૩% સ્ત્રીઓ છે. કુલ વસ્તીના ૩૦·૪% કમાનાર હતાં અને ૧૯% મદદ કરનારાઓ. આમ ૫૦% જેટલાં લોકો બીજાઓ પર આશ્રિત હતાં. વળી કુટુંબોની સામાન્ય તપાસ કરતાં માલૂમ પડ્યું કે, ખેતીમાં કામ કરનારાઓમાં ૨૨·૨% જમીન માલિકો, ૨૭·૨% ગણોતિયાઓ. અને ૩૦·૪% ખેત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરો હતા. તદુપરાંત ગ્રામજનોને મળતા કામની તપાસ કરતાં જણાયું કે, દહાડિયા મજૂરોના ૫૫% જેટલા પુરુષોને વર્ષમાં ૫ મહિના બેકારી વેઠવી પડે છે, જ્યારે બાકીની ૪૦% જેટલી સ્ત્રીઓને વર્ષના ૭ મહિના બેકાર રહેવું પડે છે. આ તપાસ થયા પછી આ હાલતમાં કંઈ ઝાઝો ફેર પડ્યો નથી.

આ બધા પરથી બેકારીનો પ્રશ્ન કેટલો વિશાળ છે અને કેટલો મહત્ત્વનો છે તેનો ખ્યાલ આવી શકશે. લોકશાહીમાં રાજકીય પરિબળો પણ આ સ્થિતિને બરદાસ્ત નહીં કરી લે. અને એ દૃષ્ટિએ પણ એને જેમ બને તેમ જલદી હલ કરવો, એ જ ચિંતાનો વિષય છે.

ઉપર ગણાવેલા ગ્રામોદ્યોગો સિવાય બીજે કોઈ રસ્તે આ પ્રશ્ન ઉકેલાય એમ નથી. અહીં કેટલાક અર્થશાસ્ત્રીઓ ખૂબ મોટા પાયા પર દેશમાં બાંધકામ અને એવાં બીજાં મજૂરીનાં જાહેર બાંધકામો ઉપાડીને તે દ્વારા બેરોજગારીને દૂર કરવા સૂચવે છે. આ સૂચના પણ વિચારી લેવા જેવી છે.

આવી મોટા પાયા પર મજૂરી પૂરી પાડવાની પદ્ધતિ પશ્ચિમમાં સારી પેઠે અજમાવાઈ છે. પણ તે પદ્ધતિ તો માત્ર કામચલાઉ 'વિસામા' જેવી છે. ત્યાંના દેશોમાં આવેલી આર્થિક મંદીને ખાળવા માટે આ પદ્ધતિ તેમણે અપનાવી હતી. આ પદ્ધતિ દ્વારા ત્યાંના દેશોનું નિર્માણ થયું એવું કોઈ કહેતું નથી અથવા તો એવું પુરવાર પણ થયું નથી. એટલે એ પદ્ધતિથી દેશમાં કાયમી અને નક્કર અર્થરચના ઊભી થઈ શકે એમ નથી. એવાં મોટાં મજૂરીપ્રધાન બાંધકામો 'રાહત કામ' જેવાં છે. તેવાં કામો પ્રજાને સ્વાવલંબી, સ્વમાનપ્રિય અને રચનાત્મક ભાગ્યે જ બનાવી શકે. વળી સાથે સાથે પ્રજાને પણ જ્યાં જ્યાં આવાં કામો ચાલે ત્યાં ત્યાં ભટકવું પડશે અને પડે. એનું પરિણામ પણ એ જ આવે કે, દેશમાં ભટકનારું મજૂરોનું દળ તૈયાર થાય, સ્વમાની નાગરિકો નહીં.

એટલે નાગરિકોનું સ્વમાન પણ જળવાય, જીવન સ્થાયી થાય, કાયમનું કામ મળે અને સ્વાવલંબન પણ સધાય — આ બધાંયે વાનાં કાં તો લોકોને તેમનાં ઘરોમાં જ અનુકૂળ એવું કામ પૂરું પાડીને અથવા તો એવાં કામ નજીકમાં જ આપી શકે એવાં કેંદ્રો ખડાં કરીને સાધી શકાય.

આવાં કામ ગામઆંગણે લોકોને આપનારાં કેન્દ્રો તે પરિશ્રમાલયો છે. આ પરિશ્રમાલયો ગામડે ગામડે અથવા તો બેત્રણ ગામ વચ્ચે એકને હિસાબે ઊભવાનો ખ્યાલ છે. પરિશ્રમાલયોને લીધે ગ્રામજનો, પોતાનો મુખ્ય ઉદ્યોગ ખેતીનો સમય જતાં જે સમય ફાજલ પડશે તેમાં, આવાં પરિશ્રમાલયોમાં જઈને કામ કરશે અને રોજી મેળવશે. આવાં પરિશ્રમાલયો તેમને ઘર-આંગણે હોવાથી તેઓ સહેલાઈથી આવજા કરી શકશે. વળી પરિશ્રમાલયોમાંનું કામ ગ્રામોદ્યોગનું જ કામ હશે. તેમાં બનતો માલ લોકોની રોજની જરૂરિયાતનો હશે. એટલે તેને ખપાવવામાં પણ અનુકૂળતા હશે. એમાં તેમને કંટાળો પણ નહીં આવે. કારણ કે આ પરિશ્રમમાં વિવિધતા હશે, એક જ વ્યક્તિ અનેક પ્રક્રિયાઓ કરતી હશે. તે કામ કરવા માટે મોટી મૂડી કે લાંબી તાલીમની જરૂર પણ નહીં રહે. ઉત્પાદન-પદ્ધતિ સરળ હશે, અને ખૂબ જબરી તો નહીં છતાં એમાં એમને સારી એવી રોજી પણ મળી રહેશે.

આમ પરિશ્રમાલય એ ગ્રામજીવનનું એક અત્યંત મહત્ત્વનું અને ઉપયોગી અંગ બની રહેશે* અને બેકારી દૂર કરવામાં આશીર્વાદ સમાન નીવડશે.

૧૫-૩-'૫૬ **રમેશ મ૦ ભટ્ટ**

[બીજી પંચવર્ષી યોજનાની રૂપરેખાની સરકારી છાપડીમાં આ વિચારનો જરાક ઉલ્લેખ આવે છે. પણ તે વિષે કશો વ્યવસ્થિત વિચાર મળતો નથી; તો તેની કશી યોજનાની તો વાત ક્યાં રહી? તેમાં ગૃહ- કે ગ્રામ- ઉદ્યોગો કરતાં મોટા મોટા, કહો કે, 'કસબા-ઉદ્યોગો'નો પણ વિચાર કર્યો છે. આ બંને જાતના ઉદ્યોગોનાં પરિશ્રમાલયો કાઢી તે દ્વારા બેકારી-નિવારણ દૂર કરવાની સૂચના છે. યોજનામાં તેમને અનુક્રમે 'કૉમ્યુનિટી વર્કશૉપ' અને 'કૉમ્યુનિટી એસ્ટેટ' એ નામ કહ્યાં છે. આ જાતનાં બેકારીનિવારણ કેન્દ્રો, ગયા જમાનામાં જેમ ખાદી કાર્યાલય કે આશ્રમ કહાતા, તે ઢબે હવે કાઢવામાં આવે, તો ખાદી ગ્રામોદ્યોગ બાદ લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનું કામ બીજી યોજનામાં કરશે, તેને માટે બહુ ખપ લાગે એવું પ્રજાકીય સંગઠન દેશમાં ઊભું થઈ જાય. રચનાકાર્યકર્તાઓ આ વિચાર ઉપાડી લે તો ગ્રામસેવાનું અને તેની આસપાસ પ્રૌઢ શિક્ષણનું કામ સરળ થઈ શકે.

૨૫-૩-'૫૬ **મ૦**]

* શ્રી બા૦ ગં૦ ખેરની એક અંગ્રેજી નોંધ ઉપરથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડુક્યોપનિષદનો સ્વાધ્યાય

[માર્ચના અંકથી આગળ ચાલુ]

શિષ્યે પૂછ્યું, "હે ભગવાન, આપણે પરાપૂર્વથી ૐ એ અક્ષરનો મહિમા ગાઈએ છીએ. આ ૐ શું છે?"

જવાબમાં ઋષિ કહે છે, "હે વત્સ, તારો પ્રશ્ન બહુ ઉચિત છે. ૐ સમજવા માગનારા વિરલ હોય છે. પ્રપંચની ખટપટમાં ગૂંથાયેલા અને તેના રસમાં ગરક થયેલા લોકને આવો સવાલ નથી ઊઠતો. તને એ ઊઠ્યો, એ કેવી ધન્યતાની — આનંદની વાત છે! તું અધિકારી પુરુષ છે. આ સૃષ્ટિ, આ જીવો, અને તેમના અનુભવમાં આવતું આ બધે વ્યાપેલું પ્રગટ જીવન — આ બધું મૂળે શું છે, એ તું વિચારવા લાગ્યો છે. આ એવો ઊંડો કોયડો છે કે, હજારોમાંથી કોકને તે દેખાય છે; એમ દેખનારાઓમાંથી કોક તે પામવાને મથે છે; અને એમ મથનારામાંથી કોક તેમાં ફાવે છે. (જુઓ ગીતા ૭-૩.) સૃષ્ટિ કે આ જગતનો આ જે ગૂઢ કોયડો છે, તે તું કળવા લાગ્યો દેખાય છે; તેથી તું પ્રશ્ન કરતો થયો છે. તેના ઉત્તરમાં હું તને એ વિષેના સમગ્ર વિજ્ઞાન સહિત તેનું જ્ઞાન કહીશ; તેમાં કાંઈ બાકી નહીં રાખું : આ કોયડાનો પૂરો ક્યાસ કરીને તે વિષે ફોડવાર તને વાત કહીશ. એ તું જાણશે, એટલે પછી વધુ કાંઈ જાણવાની તારી ઉત્કંઠા નહીં રહે, કેમ કે જે જાણવાનું છે તે તેં જાણી લીધું, એમ તને જ થશે — તું આત્મતૃપ્ત થઈશ; તને આત્મસંતોષ થશે, તને શાંતિ થશે." (જુઓ ગીતા ૭-૨)

આવી ભાવકારભરી વાણીથી શિષ્યના પ્રશ્નનો સત્કાર કરીને ઋષિ જવાબ આપે છે, કે જે ઉપનિષદનો પહેલો મંત્ર છે. આપણે જોયું કે, તે મંત્રમાં ઋષિએ પોતાના ઉત્તરની પ્રારંભિક પ્રતિજ્ઞા કહી કે,

"હે શિષ્ય, ૐ એટલે અક્ષર અવિનાશી એવું સત્ય. આ બધું જે તું શબ્દો દ્વારા જાણે વર્ણવે છે અથવા મન ઇન્દ્રિયાદિ વડે જેનો ઉપભોગ અનુભવ કરે છે, તે બધુંય એ ૐ અક્ષરનું જ ઉપવ્યાખ્યાન કે વર્ણનગાથા છે. ૐ અક્ષરની જ એ બધી વિસ્તારવાડી છે — ૐનો જ એ બધો પસારો છે.

"અથવા તો હર ઘડી હર પળ આ સંસાર કે જગત કાળની અંદર સર્યા જ કરે છે; કાંઈનું કાંઈ બન્યા જ કરે છે. એમ બનતું એ બધું તું જાણે છે, જુએ છે. એટલે, જે થઈ ગયું તે ભૂત, થતું રહે છે તે ભવત્, તથા હવે પછી થશે તે ભવિષ્યત્ — એમ કાળમાં ત્રણ કક્ષાએ પ્રતીત થતું આ બધું છે; તે બધું પણ એ જ અક્ષર — અવિનાશી ૐકાર જ છે. હે શિષ્ય, ઉપર કહી તે શબ્દલીલા પેઠે જ આ રૂપ-લીલા પણ ૐકાર જ છે. ટૂંકમાં નામ અથવા શબ્દ અને રૂપ અથવા ભાવ* એમ એભરથુ આ બધું દેખાય છે; તે બરોબર એ નથી, પણ તે એક ૐકાર જ છે. આ બધાને તું કાનથી સાંભળીને — પદ અથવા શબ્દ વડે ગોચર કર, કે તે બધાને આંખથી જોઈને — ભાવો કે (પદોના અર્થ એવા તે) પદાર્થો વડે તેને ગોચર કર, એઉ વાટે તે સંપ્રજ્ઞાન તારા મનમાં જાય છે; અને તું તેમાંથી ચિત્તની અંદર જે પામે છે, તે તારા ભાનનો વિષય એક જ છે. શબ્દ કે પદ વાટે ચિત્તમાં આવ્યું તે એક, અને વસ્તુ કે અર્થ કે પદાર્થ જોવા વાટે જે આવ્યું તે બીજું, — એમ નથી. તે બંને એક જ વસ્તુનાં બે પાંખિયાં છે. તેને તું જુદાં ન સમજ : બંનેય એક ૐકાર જ છે."

આ સાંભળીને શિષ્ય મનમાં વિચાર કરે છે, "બે ચોખ્ખાં જુદાં દેખાય છે. એક તો ખાલી પોલા બોલે બોલ છે. બોલ્યા કે હવામાં ઊડી જાય! ત્યારે બીજું તો નક્કર એવો ચીજ-ભાવ છે. શબ્દ કે વાચા એ તો વસ્તુઓને વર્ણવવાને માટે સંકેત છે; તે વસ્તુ કે પદાર્થ નથી. 'પાણી' બોલીએ તેથી કાંઈ તે બોલ પિવાય નહીં — તેણે તરસ ના છીપે. એ તો પાણી જેવું પાણી જે પદાર્થ છે, તે પીએ તો જ છીપે.

* 'ભાવ'નો મૂળ અર્થ જે થાય તે — એટલે કે ભૂત, ભવત્ અને ભવિષ્યત્ એ ત્રણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે આપણને શબ્દ રૂપે પ્રતીત થતી આ શબ્દસૃષ્ટિ કે શબ્દબ્રહ્મ અને ત્રણ કાળમાં વિહરતા ભાવો કે પદાર્થો રૂપે પ્રતીત થતો તેમનો આ દૃશ્ય સંસાર — એ બેઉ એક જ ૐકાર છે, એમ ઋષિ કહે છે, તે કેવી રીતે?!"

શિષ્ય આમ ગૂંચાય અને પૂછે તે અગાઉથી જ પામીને, ઋષિ આગળ કહે છે,

"ખરું જોતાં, ૐ તો અક્ષર અવિનાશી એવું એકમાત્ર જે સત્ય છે, તે જ છે. આ સત્ય બે રીતે પ્રગટ કે પ્રતીત થાય છે — ૧. નામ કે શબ્દથી; ૨. રૂપ કે આકારથી. તેથી તે બંને ૐકાર છે, એમ ભાષામાં ભેદ કરીને કહ્યું, કે જેથી સમજવામાં મદદ થાય. બાકી, ૐકાર તો તેનાથી અતીત કે તેનાથી પાર જે કાંઈ છે તે છે. શબ્દ અને રૂપ એ બે દ્રવ્યો દેશ અને કાળની બે મોટી મર્યાદામાં મનુષ્યના અનુભવમાં આવે છે; એ દેશ અને એ કાળ આપણા પ્રજ્ઞાનનાં બે મોટાં મૂળ માપ કે મૂળ પ્રમાણો છે. આપણું પ્રજ્ઞાન કે વિજ્ઞાન એ મૂળ માપની પરિભાષા કે વિલાસ છે. એની પાર — એ દેશકાળથી અતીત એક હયાતી કે સત્તા રહેલી છે, કે જેના અધિષ્ઠાનમાં, જેની મૂળ ભૂમિકામાં રહીને આ બધો નામરૂપનો વિલાસ ચાલે છે. એ બેથી અન્યત્ (બીજું કે નિરાળું), એટલે કે કાળમર્યાદાની પાર એવું ત્રિકાલાતીત છે, તે પણ ૐકાર જ છે. શબ્દસૃષ્ટિ તથા દૃશ્યસૃષ્ટિ બંને ૐકાર છે; તે હિસાબે કે તેવા અર્થમાં આગળના ક્રમમાં ત્રીજું વધુ કાંઈ ૐકાર છે, એમ નથી. પરંતુ એ બેઉ ૐ છે, અને છતાં એ બેથી તે નિરાળું છે. તેથી તે એ બેઉમાં ઓતપ્રોત રહેલું છે. છતાં તે એ જ માત્ર નથી; તેથી અન્યત્ પણ એ છે; એ જે છે (કે જેને કેટલીય વાર તત્ એવા સર્વનામથી જ ઓળખાણ અપાય છે,) તે ૐકાર છે, તે અક્ષર છે. ત્યાં જઈને 'અક્ષર' એટલે કે શબ્દ અને 'અક્ષર' એટલે કે શબ્દ દ્વારા વર્ણવાતા પદાર્થો કે ક્ષર એવા ભાવો એ બંનેથી જુદું એવું જે અવિનાશી અમરત્વ — એ બંને અર્થ મળે છે. પદ અને અર્થ બંને એ ૐકાર અક્ષરમાં એકતા પામે છે. ૐ એ આવું એકમેવાદ્વિતીયમ્ છે."

આ અટપટી વાત 'વિજ્ઞાન સહિત જ્ઞાન' (ગીતા ૯-૧) છે, કે જે જાણવાથી અશુભમાંથી છૂટી શકાય છે. આ જ અતિ સૂક્ષ્મ બાબતને કવિએ નીચેના અમર કાવ્યની વાણીમાં નિર્દેશી છે —

वागर्थाविव संपृक्तौ
वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे
पार्वतीपरमेश्वरौ ।।

— રઘુવંશ ૧-૧.

"વાણી અને અર્થના જ્ઞાન માટે હું વાણી અને અર્થની પેઠે એકરૂપ થયેલાં જગતનાં માતાપિતા પાર્વતી અને પરમેશ્વરને વંદું છું."

પ્રકૃતિ અને પુરુષ પેઠે, સ્ત્રી અને પુરુષ પેઠે, વાચા અને તે દ્વારા કહેવાતા અર્થ પેઠે, અતૂટ એકતા એ જ્ઞાનનું ચરમ રહસ્ય છે; — પ્રજ્ઞાન કે વિજ્ઞાનમાં ભલે એ ભેદ રૂપે દેખાય. એ ભેદનો પાર પામવો એ જ્ઞાન છે. ત્યાં ભેદ નથી, અભેદ છે; ત્યાં ક્ષરતા નથી, અક્ષરતા છે; ત્યાં વ્યક્તતા નથી, અવ્યક્તતા છે; ત્યાં આ બધો 'ભૂતગ્રામ' (ગીતા ૯-૮) નથી, ત્યાં કેવળ પરમ ભાવ કે હસ્તી જ છે; — જાત જાતના ભાવો રૂપે એની જે સંભૂતિ કે વિભૂતિઓ જોઈએ છીએ, તે ત્યાં નથી, — ત્યાં તો કેવળ ભૂતિ કે હયાતી અથવા સત્તા જ છે. ૐકાર આ છે."

આમ ગુરુ શિષ્યને જવાબ આપે છે. પણ તેથી શિષ્યને કેમ સંતોષ થઈ શકે? તેને એમ થાય છે કે, આ બધું જગત, આ મારો સંસાર, આ હું, આ મારી જીવનકળા અને તેનો રસ, — આ બધું. ત્યારે કાંઈ નહીં! એના સંબંધમાં અને એ બધું ત્યારે શું છે, તે ચર્ચીને જો વાત થાય, તો કાંઈક સમજાય. માટે તે ગુરુને કહે છે કે, કૃપા કરીને વિસ્તારથી કહો કે, આ બધું ૐકાર જ છે એ કેવી રીતે?

આના જવાબમાં ઋષિ પોતાની વાત — પોતાની દલીલ આગળ ચલાવે છે, ને ઉપનિષદનો બીજો મંત્ર કહે છે —

सर्वं ह्येतद् ब्रह्म; अयम् आत्मा ब्रह्म; सोऽयमात्मा चतुष्पात् ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હે શિષ્ય, આ બધું બ્રહ્મ છે એ તો તેં સાંભળ્યું જ હશે. હવે હું તને કહું છું કે, આ બધા વિસ્તારમાં જે આત્મા કે અસ્તિત્વના અહંકાર રૂપે જે જીવન કે જીવભાવ તને દેખાય છે, અને જે જોઈને તું ગૂંચવાય છે—તને શંકા સવાલ જાગે છે, તે પણ કાંઈ તેનાથી જુદું નથી; તે આત્મા કે આપાપણું પણ બ્રહ્મ જ છે. તે આત્માનું કે અહંકારનું પૃથક્કરણ હવે તને કહું, એટલે તને સમજાશે કે, આ બધું ૐકાર છે એમ શ્રુતિ શું કામ કહે છે. આ જે આત્મા કે જે તું જીવનતત્ત્વના અહંકાર રૂપે જુએ છે, તે ચતુષ્પાદ્—ચાર પાદવાળો છે. એ તેનાં ચાર 'પાદ' તને કહીશ, એટલે તને સ્પષ્ટ જણાશે કે, આ બધું ૐકાર શું કામ છે. ૐકારનાં પણ એવાં જ ચાર અંગો કે માત્રાઓ છે, તે તને બતાવીશ. એ બે પરથી તને જણાશે કે, એ ચાર પાદ કે એ ચાર માત્રા એક જ છે, અને એથી કરીને જ કહેવાય છે કે, આ બધું ૐકાર જ છે."

આ ટૂંકામાં આ ઉપનિષદની કુલ દલીલ પણ છે. તેનો પ્રારંભ બીજા મંત્રથી થાય છે. તેનો પદાર્થ, અન્વય ૪૦ આવતા અંકમાં જોઈશું.

૧૦-૩-'૫૬ **મગનભાઈ દેસાઈ**

જીવલેણ ગાડું

કરુપ્પાણુ અને તેની પત્ની પાર્વતી સુખેથી રહેતાં હતાં. કરુપ્પાણુ ત્રીસ વર્ષનો સુંદર ઊંચો જુવાન ખેડૂત હતો અને પાર્વતી આખા ગામમાં સૌથી કૂટડી હતી. તેનાં મોં અને ઘાટ રાજાની રાણી જેવાં હતાં. તે ઘડી નવરી ન બેસતી. પાર્વતી હસતે મોંએ આખો દિવસ સખત કામ કરતી. કરુપ્પાણુ, બળદો, ખેતર અને ભેંસ એ એને મન આખી દુનિયા હતી. આ કામમાંથી પરવાર મળતી, ત્યારે તે તેના પિયેરથી આણેલા રેંટિયે બેસતી.

આમ બે વર્ષ વહી ગયાં. એક દિવસ કરુપ્પાણે પાર્વતીને કહ્યું: "આ ખેતર તો ઘણું નાનું છે. આપણા બંને માટે આખા વરસ પૂરતું કામ નથી રહેતું. આપણે એક ગાડું લઈશું? તેમાંથી થોડું મળી રહેશે. બળદ પાસે પણ આખું વરસ કામ લેવાશે."

પાર્વતીએ એનો વિરોધ કર્યો. છેવટે તેણે કંટાળીને કહ્યું કે, 'તમે સસરાજીને પૂછી જુઓ. ભાઈને પૂછો. એ બધાને ઠીક લાગે તેમ કરો.'

કરુપ્પાણુનાં ઘરડાં માતાપિતા ગામમાં પોતાના કુટુંબના ઘરમાં રહેતાં હતાં. મોટાભાઈ ખેતર પર બાજુમાં જ રહેતા હતા. કરુપ્પાણે એ લોકોની સલાહ માગી. કરુપ્પાણુને ગાડું લેવાને ચારે પગે જોઈને તેમણે વિરોધ ન કર્યો. કરુપ્પાણે ચાળીસ રૂપિયા ખૂટતા હતા તે મતાદારને ત્યાંથી ઉછીના લઈને ગાડું ખરીદ્યું.

કરુપ્પાણુ તેના ગાડા સાથે ઘણી વાર બહાર જતો. કોઈ કોઈ વાર તે દિવસ અને રાત બહાર રહેતો. કોઈ વાર લાંબી બેપે પણ જવું પડતું. આ બેપમાં તેનો પિતરાઈ રામન તેની સાથે રહેતો. વરસ પૂરું થયું તે પહેલાં તો તેના પિતરાઈએ તેને તાડીનો સ્વાદ ચખાડ્યો અને પછી તો દરેક બેપમાં તે હોય જ. આમ કરુપ્પાણુને તાડીનો સ્વાદ લાગ્યો!

એક દિવસ કરુપ્પાણુ પીધેલો ઘેર આવ્યો, ત્યારે પાર્વતીને સખત આઘાત થયો.

"સત્યાનાશ વાળ્યું!" તે બોલી ઊઠી.

"મૂંગી મર! શું કાંઈ તું પૈસા આપે છે?" કરુપ્પાણે કહ્યું.

"તમે આજે તાડી પીધી છે," પાર્વતીએ ગુસ્સામાં જવાબ આપ્યો.

"હા, હા, પીધી છે. કાંઈ તારા બાપના પૈસાની નથી પીધી! મને પૂછનારી તું કોણ?" કરુપ્પાણે રોફબંધ કહ્યું.

પાર્વતીને કરુપ્પાણુની આવી દશા જોઈને ખૂબ લાગી આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ઘણી વખત થવા માંડ્યું અને કોઈ કોઈ વખત તે પાર્વતીને મારતો પણ ખરો. તે આપડી રડતી રડતી તેના નાના બાળકને લઈ જેઠાણીને ત્યાં ચાલી જતી અને ત્યાં કુટુંબનાં બધાં માણસો ભેગાં થઈ વિચાર કરતાં. પણ કરુપ્પાણુ સુધર્યો નહીં.

વખત જતાં સ્થિતિ વધુ ને વધુ ખરાબ થતી ગઈ. બળદ ઘરડા થયા હતા અને ઊતરી ગયા હતા. કરુપ્પાણે ખોટમાં તે વેચી દીધા. કરુપ્પાણે ફરી કોઈ વાર દારૂની દુકાને ન જવાની શરતે, પાર્વતીની દૂધ, દહીં અને કાંતણની બચતમાંની જણસો તેની પાસે વેચાવી તેણે નવા બળદ ખરીદ્યા.

ત્રણ મહિના વીતી ગયા, એટલે મતાદારે તેના માણસને કરુપ્પાણુને ત્યાં ઉઘરાણીએ મોકલ્યો. આમ ત્રણ ચાર વાર તગાદા કર્યા પછી મતાદારનો માણસ એક બળદ લઈ ગયો. કરુપ્પાણુ મતાદારને ત્યાં દોડી ગયો અને એક મહિનાની વધુ મુદત આપવા આજીજી કરી.

મતાદારે કહ્યું: "દારૂડિયા! એક દિવસની પણ નહીં. હવે તો આ તારો બળદ શુક્રવારના બજારમાં મોકલવાનો છું, સમજ્યો? કાંધિયા મુસલમાન પાસે જા, ઉછીના લે અને પૈસા ચૂકવી આપ."

નાછૂટકે કરુપ્પાણુ ખાદીરખાન પાસે ગયો. ઘણું ઘણું કહ્યા અને કરગર્યા પછી તે કબૂલ થયો. કરુપ્પાણુને રૂપિયા પિસ્તાળીસ આપ્યા અને રૂપિયા સાહનું ખાતું પડાવી લીધું. આ રૂપિયા દર મહિને પાંચ-પાંચના હપતે બાર મહિનામાં પૂરા કરવાના હતા. આનું વ્યાજ આપવાનું નહોતું. પણ જે મહિને પાંચ રૂપિયા ન ભરાય તે મહિને એક રૂપિયો ગુનેગારીનો ભરવાનો ઠરાવ્યો. ઘરડા ખાદીરખાને કરુપ્પાણુને સલાહ આપી: "અલ્યા, મહેનત કર, પૈસા કમા અને નિયમિત હપતો ભર. દારૂ છોડી દે. તું ભલો માણસ છે. તારે બાયડી છે, છોકરું છે ને હજી વસ્તારી થઈશ. દારૂ પીશ તો પાયમાલ થઈશ."

કરુપ્પાણે કહ્યું: "ખરી વાત છે, શેઠજી. હવે તે બૂરી ચીજને નહીં અડું. મને તો શીખવાનું મળ્યું."

કરુપ્પાણે પાર્વતીને પણ કહ્યું: "આમ જો, ફરી તાડી ન પીવાના મેં સોગંદ ખાધા છે. હવેથી જે પૈસા આવશે એ તને જ આપી દઈશ."

પાર્વતી તો ખુશ ખુશ થઈ ગઈ. સુખના દિવસો આવતા હોય એમ તેને લાગ્યું.

હવે થોડા વખત પછી ખેતરમાં કાંઈ કામ રહ્યું ન હતું. પાર્વતીએ વિચાર્યું: "મારે કંઈ કામ મેળાવવું જોઈએ. એમને માથે દેવું છે, ત્યારે તો મારે કાંઈક મદદ કરવી જ જોઈએ."

ઘરડો ખાદીરખાન તેના ઘરમાં એક નવો ઓરડો બંધાવતો હતો, એટલે તેને ત્યાં કામ કરતી ત્રણ-ચાર મજૂરણો સાથે તે કામે જવા લાગી. તે સવારે વહેલી ઊઠતી, સાફસૂફી કરતી, ભેંસ દોહતી, છાશ તાણતી અને દહીં-ઘી વેચવા ગામમાં નીકળી પડતી. ઘેર આવી તે ખાઈ લેતી, છોકરાને ધવડાવતી અને પછી તેની જેઠાણીને સોંપી ખાદીરખાનને ત્યાં કામે જતી. બપોરે તે પાછી ઘેર આવતી અને થોડો સમય મળતો તેમાં ટાઢી ઘેંસ પી લેતી અને છોકરાને ધવડાવતી. દી આથમે ત્યારે તે કામથી છૂટી થતી અને ઘેર આવી સાંજનું ઘરકામ આટોપતી. આ બધું તે ઉમંગથી કરતી. કામ સખત તો હતું, પણ રોજના ચાર આના મળતા. તેની ચાલુ સ્થિતિમાં આ રકમ ઘણી હતી.

દારૂની દુકાને ન જવાનું વચન કરુપ્પાણે બે મહિના સુધી પાળ્યું. પણ પછી તે પાછો બગડ્યો! બચતના પૈસા ઊડી જવા લાગ્યા. એ પૈસા માટે તે પાર્વતી આગળ જૂઠાં બહાનાં કાઢતો. થોડા વખત પછી તો બહાનાંયે બંધ થયાં; પાર્વતીએ પણ પૂછવાનું છોડી દીધું. પણ તેણે તો ઘર આગળ અને મજૂરીએ સખત કામ કરવું ચાલુ જ રાખ્યું.

એક વખત ખાદીરખાન આવ્યો. તેણે પાર્વતી પાસે પૈસાની તાકીદથી ઉઘરાણી કરી અને જરા ચકમક ઝરી પણ ખરી. તેણે પાર્વતીને અપમાનજનક શબ્દો કહી સંભળાવ્યા. આમ તો કડિયા-મિસ્ત્રી સાથે કામ કરતી હોવાથી તે ગાળોથી ટેવાઈ ગઈ હતી. પણ તેની જિંદગીમાં કોઈ બારણે આવીને પહેલી વાર આવું ગંદું સંભળાવી જાય એ પાર્વતીથી સહન ન થયું. તેણે ઘરમાં જઈ પૈસા લાવીને ઉઘરાણી કરનાર તરફ ફેંકયા.

આખો દિવસ પાર્વતીએ રડ્યા કર્યું. બીજે દિવસે તેને શરીરે ઠીક ન હતું, છતાં હમેશ મુજબ તે કામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ. પણ તેના કાનમાં ઉઘરાણી કરનારના ભયંકર શબ્દોના ભણકારા હજીય વાગતા હતા. તે હવે પહેલાંના જેવી બહાદુર ઉલ્લાસભરી સ્ત્રી નહોતી રહી. કડિયા સાથે કામ કરતા પુરુષોના કઠોર અવાજથી તે કંપતી. નવાઈની વાત તો એ હતી કે, જ્યારે તેનું મન નીડર અને સ્વસ્થ હતું ત્યારે પુરુષોની વિષયી આંખો અગર ધ્યાન ખેંચાતાં નહીં તેટલાં તેની આ ગભરામણમાં તેની તરફ ખેંચાવા લાગ્યાં! બાદીરખાનનો જુવાન દીકરો ચાલુ કામ ઉપર દેખરેખ રાખતો હતો. તેની નજર અને તેના શબ્દોથી તે ઘણી ગભરાઈ જતી.

પાર્વતીએ જ્યારથી આ કડિયાકામે જવા માંડ્યું ત્યારથી તેના બાળકની બરાબર સંભાળ લેવાતી ન હતી. તે બાપડું માંદું પડ્યું અને એક અઠવાડિયાની પીડા અને વેદના ભોગવી તે મરી ગયું! કરુપ્પાણુ સ્ત્રીની માફક રડ્યો. તેના વૃદ્ધ પિતાએ તેને સાંત્વન આપતાં કહ્યું: "બેટા, રડ મા. જેણે આપ્યું તેણે લઈ લીધું."

પાર્વતી રડતી રડતી સસરાજીને કહેવા લાગી: "હું મારાં સુખદુઃખથી ઘરાઈ ગઈ છું. હવે તો ભગવાન મોત આપે તો સારું."

ડોસા બોલ્યા: "તારા ધણીને કહે કે, હવે પીઠામાં ન જાય અને પૈસો બગાડે નહીં. આટલું કરશો તો આ દુઃખ ભૂલી જશો અને સુખી થશો."

કરુપ્પાણે સોગંદ ખાઈને કહ્યું: "બાપા, હવે હું તે ઝેરને કદીયે નહીં અડકું. એમ કરું તો મારા જીવના સમ."

પરંતુ બિચારી પાર્વતીના દુઃખનો હજીયે પાર નહોતો આવ્યો. કરુપ્પાણુના સોગંદ તો બીજા જ શુક્રવારે તે પ્રીઠા આગળથી નીકળ્યો ત્યારે જ ભુલાઈ ગયા. પાછો તે પીવાની લતે લાગી ગયો.

હવે એક દિવસ બાદીરખાનનો દીકરો ઇસ્માઈલિ આવ્યો. તેણે તો ઉઘરાણીના પૈસા માગવાને બદલે લાલ મરીના થોડા કોથળા રામપુરમ્ લઈ જવા કરુપ્પાણુને કહ્યું.

સાંજે કરુપ્પાણુ હજી આવ્યો ન હતો અને પાર્વતી એકલી ઘરમાં રાંધતી હતી, ત્યારે ઇસ્માઈલિખાન ફરી આવ્યો.

"કેમ, કરુપ્પાણુ આવ્યો કે?" બહાર રહ્યા રહ્યા તેણે પૂછ્યું.

"ના, હજી નથી આવ્યા."

"હં... હં... અત્યારમાં કયાંથી આવે? અને વળી રસ્તામાં પીઠું છે." ઘરમાં દાખલ થતાં થતાં ઇસ્માઈલિ બોલ્યો.

"હં, અમારું બૈરાનું સત્યાનાશ વાળવા ત્યાં પીઠું છે જ સ્તો." પાર્વતીએ જવાબ આપ્યો.

ઇસ્માઈલિ વગર કહ્યે ત્યાં બેઠો, અને કરુપ્પાણુ પાછો આવે તેની રાહ જોતો તે બેઠો છે એમ ધારી પાર્વતીએ કામ કર્યા કર્યું.

ઇસ્માઈલિ વાતચીતની શરૂઆત કરી, તેને તેની અડચણો પૂછવા માંડી અને વાત વાતમાં ઘણીયે વાતો કરી. થોડા વખત પછી કરુપ્પાણુની રાહ જોયા વગર તે ચાલ્યો ગયો.

બીજે દિવસે પણ ઇસ્માઈલિ આવ્યો અને તેણે કરુપ્પાણુને ટાંપે મોકલ્યો. પછી બપોરે લટાર મારતો પાછો આવી ચડ્યો. તેની સાથે તે થોડી મીઠાઈ લાવ્યો હતો. 'મારે તો એ મફતમાં જ આવી છે.' એમ કહીને પાર્વતીને તે પરાણે આપી.

"હું તને જોઉં છું ત્યારે મને જાણે ખૂબ આનંદ થાય છે," તે બોલ્યો.

"ભગવાન જાણે આ વળી શું થવા બેઠું છે!" પાર્વતી મનમાં બોલી.

આ વાતને લંબાવવાની કાંઈ જરૂર છે? ઘણા દિવસ તો પાર્વતીએ સેતાન સામે ટક્કર ઝીલી; પણ આખરે તે પડી! ગરીબી અને લાચારીને લીધે સ્ત્રી અંતે ક્રૂર, વિષયી માણસની જાળમાં ફસાય છે.

એક દિવસ તાડીની દુકાનમાં ઝપાઝપી થઈ ગઈ.

"સૂવર! ફરી જો બોલ્યો તો તો તારા દાંત જ પાડી નાખીશ," કરુપ્પાણે ગુસ્સામાં કહ્યું.

"દાંત પાડી નાખવાવાળો નહીં દીઠો હોય તો! એની હિંમત તો જુઓ. બાયડીને તો વશ રાખી શકતો નથી!"

ધડ દઈને કરુપ્પાણે બોલનારના મોં ઉપર પ્યાલાનો ઘા કર્યો અને તેના નાકેથી લોહી વહેવા માંડ્યું. કલાલે બૂમો પાડી એટલે કરુપ્પાણ ત્યાંથી ભાગ્યો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડામાં બેસી મોટેથી ગાળો ભાંડતાં ભાંડતાં તેણે ગાડું હાંકી મૂક્યું.

હંમેશ કરતાં વહેલો તે ઘેર આવી પહોંચ્યો અને જોયું તો બારણાં અંદરથી બંધ.

"એ અલી, બારણાં અંદરથી બંધ કરીને કરે છે શું? આ હું કચારનો ઊભો છું ને? ચાલ, ઉઘાડ બારણાં અને બળદ પાવા લઈ જા." કરુપ્પાણે બૂમ પાડી.

અંદર પગનું હલનચલન થઈ રહ્યું, થોડો વિલંબ પણ થયો અને કરુપ્પાણે બહાર બૂમ પાડવા જ કરી.

બારણું ઉઘાડી પાર્વતી બહાર આવી, કરુપ્પાણ સામે ઊભી રહીને તેણે કહ્યું: "જરા આવોને, આ ભેંસ તો જુઓ, આખો દિવસ બસ લાતો જ મારે છે અને દોહવા દેતી નથી." પાર્વતીએ ઘરના પાછળના વાડામાં તેને લઈ જવા પ્રયત્ન કર્યો.

"મૂઈ તારી ભેંસ! કચારનો તરસ્યો થયો છું," એમ કહી તે ઘરમાં ગયો.

ઇસ્માઇલિ અંદર હતો. તે દીવાલ આગળથી બહાર છટકવાનો પ્રયત્ન કરતો હતો.

"આ તરકડાને ઘરમાં કેમ ઘાલ્યો છે? રાંડ, કુલટા!" કરુપ્પાણે રાડ પાડીને કહ્યું.

પાસે જ એક કોદાળી પડી હતી તે લઈ તેણે તેની સ્ત્રી તરફ ફેંકી. પછી બાજુએ પડેલું ધારિયું ઊંચું ઉગામીને નાસતા ઇસ્માઇલિ ઉપર જોરથી માર્યું. તે નીચે પડ્યો અને પુષ્કળ લોહી નીકળવા લાગ્યું. પછી તે તેના ભાઈની ઝૂંપડી તરફ દોડી જતી પાર્વતી પાછળ દોડ્યો. તે પાછળ તો પડ્યો, પણ આ ઘોંઘાટ સાંભળી દોડી આવેલા પાડોશીઓને જોઈ તે ખંચાયો. તેણે પડેલા ઇસ્માઇલિ તરફ પાછું ફરીને જોયું અને તેને હાલતો જોઈને, બૂમો પાડતો, તેને પૂરો કરવા ધસ્યો. પરંતુ ભેગા થઈ ગયેલા લોકોએ તેને ઝાલી રાખ્યો.

કરુપ્પાણ અને પાર્વતીને રામપુરમની પોલીસ ચોકીમાં જુદી જુદી ઓરડીમાં રાખવામાં આવ્યાં. બધા સિપાઈઓ પાર્વતીની ઓરડી આગળ કાંઈ કાંઈ બહાને આંટા મારતા અને તેના તરફ સ્મિત કરવાનો પ્રયત્ન કરતા. જેને જેને તેની સાથે વાત કરવાની તક મળતી તે મીઠાશથી વાત કરતો. પણ પાર્વતી તો અકલ્પ્ય મૂંઝવણ, અને ચિંતામાં ગરકાવ હતી. પહેલી જ વાર પકડાઈને પાંજરામાં પુરાયેલા જંગલી પશુની લાગણીનો સાચો ખ્યાલ આવી શકતો હોય તો જ કાયદા અને પોલીસના પંજામાં સપડાયેલી એક ખેડૂત સ્ત્રીના સંકટનું યથાર્થ ભાન થાય.

કરુપ્પાણના પિતાએ તેના મોટા દીકરાને વકીલ કરવા સમજાવ્યો. ખર્ચને પહોંચી વળવા તેમણે તેનું ગાડું વેચી દીધું અને તે પૈસા ખરચાઈ ગયા ત્યારે પાસેના ગામના તેમના એક સગાને ત્યાં ભેંસ ગીરો મૂકી બીજા પૈસા ઉપાડ્યા. આ બધા દુઃખના મૂળ તરીકે બધાં પાર્વતી પર શાપ વરસાવતાં હતાં.

કોર્ટમાં પાર્વતીની જુબાની લેવાઈ. તેણે તો બધામાં નકાર ભણ્યો. વકીલે તેને નકાર ભણવાની સલાહ આપી હતી. મૅજિસ્ટ્રેટે કેસ સેશન્સ કમિટ કર્યો.

હવે તો બળદો પણ વેચી નાખવામાં આવ્યા. સેશન્સ માટે વકીલ કરવામાં આવ્યો. કેસની રાહ જોતી પાર્વતી તેને પિયેર ભાઈને ત્યાં ગઈ. પણ તેની ભાભી નિર્દય હતી. તે તેનું ફાવે તેમ અપમાન કરતી અને કનડતી. પાર્વતીએ આ બધું મૂંગે મોંએ સહન કરી લીધું.

એક દિવસ ફરીથી સિપાઈ આવ્યો અને કેસ ચાલવાનો હોવાથી પાર્વતીને પોતાની સાથે વડી કોર્ટે આવવા તેણે જણાવ્યું. આ મોટા થોભિયાવાળો મુસલમાન પોલીસ દયાળુ હતો. તે પાર્વતીનું અપમાન કરતો ન હતો, પણ બાપની જેમ બોલતો હતો. તેણે રસ્તે ચાલતાં ચાલતાં પાર્વતીને કહ્યું: "જે બન્યું હોય તે સાચેસાચું કહી દેજે. એ બિચારા પર જજ સાહેબ કદાચ દયા કરે."

"મારાથી એવી શરમની વાત કેમ કરીને કહેવાય?"

"એમાં શરમાવાનું શાનું? માણસ છે, કોઈ વાર ભૂલ પણ થઈ જાય. ખુદા આપણને સંભાળે છે, પણ કોક વાર તે આપણને ખરાબ પણ થવા દે છે. એ તો તેની મરજીની વાત છે."

પાર્વતીએ કહ્યું: "પણ હું બધી વાત કહી દઉં, તો મને ન્યાતબહાર મૂકશે. મારો ધણી મને પાછો સંધરશે નહીં. પછી હું શું કરીશ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જો નહીં કહે તો તારા ધણીને છ વરસની જેલ મળશે. અને તું સાચું બોલશે, તો છ માસમાં પણ છૂટી જાય. તું હમણાં તેને મદદ કરશે તો તે તારો અહેસાન માનશે. ન્યાતમાં રહેવા માટે તો કાંઈ વિધિ કરી લેવી. ગમે તેમ, સાચું કહી દેવું એ જ સહીસલામત રસ્તો છે."

પાર્વતી કાંઈ બોલી નહીં. સાચું બોલવું એમ તેને મનમાં થયું, પણ તરત જ બીકમાં અને ગભરામણમાં તે વિચાર દબાઈ ગયો.

સાલેમની વડી કોર્ટમાં કરુપ્પાણનો કેસ ચાલ્યો. પાર્વતીનું નામ મોટેથી બોલાયું, એટલે તે સફાળી ઊભી થઈ ગઈ. તેને પાંજરામાં લઈ ગયા. તેણે આસપાસ જે જોયું તેથી તે હેબતાઈ ગઈ. હૉલના પશ્ચિમના ખૂણા તરફ નજર પડતાં જ, તેની આંખ તેના ધણીની સ્થિર દૃષ્ટિ સાથે મળી. તે સળિયા પાછળ જંગલી જનવરની માફક ઊભો હતો. તેની દાઢી અને વાળ એટલાં વધી ગયાં હતાં કે, તે ભાગ્યે જ ઓળખાય. એક ગરીબ ખેડૂતને સાચા ખૂની જેવા દેખાવા માટે બે મહિનાની જેલ પૂરતી છે.

કેસમાં કાંઈ વળ્યું નહીં. કરુપ્પાણને છ વરસની સખત મજૂરીની સજા થઈ.

કેસ પૂરો થતાં પાર્વતીના જેઠ અને બીજાઓએ તેને માટે જરાયે વિચાર ન કર્યો. મહામુશ્કેલીએ તે રામપુરમ્ પહોંચી. પાર્વતી ખરે બપોરે, ભૂખી તરસી લોથપોથ થઈ ગયેલી તેના ભાઈને ઘેર પહોંચી. પણ તેની ભાભીએ તેને ખૂબ કડવાં વેણ સંભળાવ્યાં અને કહ્યું: 'કમજાત, અહીંયાં તારે માટે જગ્યા નથી."

પાર્વતી હૈયાફાટ રડી. ભૂખીતરસી થાકેલી તે ત્યાંથી ચાલી ગઈ.

સૂર્ય પ્રચંડ તાપે તપતો હતો. પણ ન તો તેને તાપ લાગ્યો, ન તો તેને ભૂખ લાગી. તે ફક્ત ભગવાનને જ ઓળખતી હતી અને સૂકે ગળે અને હોઠે માત્ર તેનું નામ દેતી હતી. તે પાસેના ગામ તરફ ઝપાટાબંધ ચાલી. ત્યાં એક ડુંગરી હતી અને તેના ઉપર એક વિશાળ દેરું હતું.

તે ડુંગરા ઉપર ચડી. થોડાં ડગલાં ચાલી ત્યાં તો તે એટલી થાકીને લોથ થઈ ગઈ કે પર્વતના ખડકથી થયેલા છાંયડા નીચે તે મૂર્છા ખાઈને પડી.

થોડા વખત પછી તેને ભાન આવ્યું. અને તેણે ફરીથી ચાલવા માંડ્યું. તે દેરા આગળ પહોંચી ગઈ. પણ તે અંદર ગઈ નહીં. તે મૂર્તિને લાંબી થઈને પગે પડી અને તેણે ભગવાનની સ્તુતિ કરી. તેના શરીરમાં સ્ફૂર્તિ આવી. તે ઊભી થઈ અને દેરાથી પણ ઊંચી આવેલી ટોચ પર ચડી.

ચડાવ ઘણો મુશ્કેલ હતો, પણ તેનામાં જાણે નવું જોમ પ્રગટ્યું હતું. તે ટોચે પહોંચી. ફેર ચડે એટલી ઊંચાઈ હતી અને પશ્ચિમની કોર ઉપરથી તેણે નીચે જોયું.

"ઓ જગદંબા! ક્ષમા કરજે. તારી ગોદમાં મને લઈ લે." એમ બોલીને અગાધ અવકાશમાં તેણે પડતું મૂકયું.

પાર્વતીનો દુઃખી આત્મા પિંજરમાંથી ઊડી ગયો.*

મુકુલભાઈ કલાર્થી

---

* શ્રી રાજગોપાલાચાર્યની આ નામની વાર્તાનો સંક્ષિપ્ત સાર.

સાભાર સ્વીકાર

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ તરફથી :

મંગલ મંદિર : લે૦ પ્રાગજી જ. ડોસા, કિં. રૂ. ૧-૦-૦; **વ્યક્તિ-ચિત્રો :** લે૦ લીના મંગલદાસ, કિં. રૂ. ૧-૮-૦; **મહાવીર-વાણી :** સંપા૦ પં૦ બેચરદાસ દોશી, કિં. રૂ. ૦-૧૨-૦; **યુક્તિપ્રકાશ :** અનુ૦ વાસુદેવ મહાશંકર જોષી, કિં. રૂ. ૧-૮-૦.

ધી પોપ્યુલર પબ્લિશિંગ હાઉસ, સુરત તરફથી :

અકાર્બનિક રસાયણશાસ્ત્ર : લે૦ રણજિતલાલ ખી. મપારા, મગનલાલ ના૦ દેસાઈ, હેમલતા જ. કાજી, કિં. રૂ. ૮-૮-૦; **પ્રાયોગિક રસાયણ :** લે૦ જયદેવલાલ આત્મારામજી કાજી, મગનલાલ નારણજી દેસાઈ, કિ. રૂ. ૨-૮-૦.

અન્ય પ્રકાશકો તરફથી :

વતસંગ્રહ : લે૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, પ્રકા૦ મહાદેવ રામચંદ્ર જગુષ્ટે, અમદાવાદ, કિં. રૂ. ૪-૦-૦; **કાયર :** મૂળ લેખક રાજેન્દ્ર શર્મા, અનુ૦ નટવરલાલ જની, પ્રકા૦ નીલકમલ પ્રકાશન, અમદાવાદ, કિં. રૂ. ૪-૦-૦; **ગુલામોનો મુક્તિદાતા :** લે૦ રમણલાલ ચિમનલાલ શાહ, પ્રકા૦ ભારત પ્રકાશન, અમદાવાદ, કિં. રૂ. ૩-૮-૦; **સફાઈદાર :** લે૦ ધનજીભાઈ નેગદિયા, પ્રકા૦ ધી સ્વીપર્સ એન્ડ સ્કેવેન્જર્સ સપ્લાઇંગ સર્વિસ, મુંબઈ, કિં. રૂ. ૧-૮-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

જીવલેણ ગાડું : લે૦ ચક્રવર્તી રાજગોપાલાચાર્ય; પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ ચાર આના; પૃ૦ ૪૭.

શ્રી રાજાજીની સિદ્ધહસ્ત કલમે લખાયેલી એક શ્રમજીવીના જીવનની આ કરુણ કથની છે. દારૂ માણસના જીવનને કેવું પાયમાલ કરી દે છે તેનું સચોટ આલેખન આ કથામાં છે. દારૂ દારૂડિયા માણસને જ નહીં પણ તેનાં સ્વજનોની જિંદગીને પણ, વિના કશા વાંકે, કેવી બરબાદ કરી દે છે તેનું હૃદયસ્પર્શી કરુણ દર્શન આપણને પાર્વતીનું પાત્ર જોતાં થાય છે. પાર્વતી બિચારી પોતાના દારૂડિયા પતિની કુટુંબ પ્રત્યેની જવાબદારીને કારણે કેવી અનાચારને માર્ગે ફસાઈ પડે છે, પતિ તેમ જ અન્ય સ્વજનોથી કેવી હડધૂત થાય છે અને છેવટે બાપડીને આપઘાત કરવો પડે છે એ બધું વાંચતાં દારૂની ભયાનકતાનો ખ્યાલ આવે છે. અને સાથે સાથે દારૂબંધી એ કેટલું આશીર્વાદજનક પગલું છે એનું પણ જ્ઞાન વાંચનારને સહેજે થાય છે.

આ કથા સૌ કોઈ વાંચે અને તેનો મર્મ સમજે.

મુ૦ ક૦

ત્રિવેણી તીર્થ : લે૦ દર્શક; પ્ર૦ સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિ૦, સણોસરા, સૌરાષ્ટ્ર; પ્રાપ્તિસ્થાન: બાલગોવિંદ કુબેરદાસની કંપની, અમદાવાદ; કિં૦ રૂ. ૨-૮-૦; પૃ૦ ૧૬+૧૮૭.

શ્રી મનુભાઈ પંચોળી-દર્શક-નું આ અભ્યાસપૂર્ણ પુસ્તક સૉક્રેટીસ, શ્રીરામકૃષ્ણ પરમહંસ અને ગાંધીજી એ ત્રણ મહાનુભાવોનું પાવન દર્શન કરાવે છે. સૉક્રેટીસને શીલના ઉપાસક તરીકે, પરમહંસદેવને શીલ અને સમન્વયના ઉપાસક તરીકે અને ગાંધીજીને શીલ, સમન્વય અને સત્યાગ્રહના ઉપાસક તરીકે એમાં વિશદતાથી નિરૂપવામાં આવ્યા છે.

આખું પુસ્તક વાંચતાં લેખકના વિશાળ અધ્યયનની પ્રતીતિ થાય છે. પરંતુ સૉક્રેટીસમાં લેખક સૉક્રેટીસના જીવનમાંથી પ્રસંગો લઈને એનું નિરૂપણ રસિક અને મનોરમ રીતે કરી શક્યા છે, એટલા પ્રમાણમાં પરમહંસદેવ તથા ગાંધીજીનું કરી શક્યા નથી. શ્રીરામકૃષ્ણના જીવનમાંથી પ્રસંગો લીધા છે ખરા, પણ પાછળથી સ્વામી વિવેકાનંદ તરફ લેખકનો ઝોક વધારે રહે છે અને શ્રીરામકૃષ્ણ વિસારે પડી જાય છે. આમ આ બીજા ચરિત્ર નિરૂપણમાં લેખક મુખ્ય વ્યક્તિને સંપૂર્ણ ઉઠાવ આપી શક્યા નથી. ગાંધીજીની બાબતમાં લેખક કશા પ્રસંગને ન લેતાં એમના જીવનકાર્યનું વિવરણ કરે છે. તેથી એ સામાન્ય વાચક વર્ગને પહેલાં બે ચરિત્ર-નિરૂપણ જેટલું આકર્ષી શકે એવું નથી. એમાં અવશ્ય લેખકની અભ્યાસશીલતાનો સારો પરિચય થાય છે.

બીજી એક વસ્તુ વિચારવા જેવી છે. લેખકે સૉક્રેટીસ તેમ જ ગાંધીજીના નિરૂપણમાં ઘણાં નામો અને પુસ્તકોના ઉલ્લેખો કર્યા છે. એ બધું ઇતિહાસ તેમ જ સાહિત્યના અભ્યાસીને સમજાય ખરું; પરંતુ એથી અનભિજ્ઞ વાચકવર્ગનું શું? તેથી પાછળ ટિપ્પણ જેવું બનાવીને એ સૌનો ટૂંકો પરિચય આપ્યો હોત, તો આ પુસ્તકની મહત્તા વધત અને સામાન્ય વાચકવર્ગ પણ તેનો આનંદ સરળતાથી લૂંટી શકત.

આ બાબતને જરા બાજુએ મૂકીને વિચારીએ તો આ પુસ્તક લેખકના વાચનની વિશાળતાનો સારો પરિચય કરાવે છે. એમાં એમના ચિંતનનું ઊંડાણ પણ સહેજે દેખાઈ આવે છે. તાત્ત્વિક વિચારણા કરતી વખતે પણ લેખક રોચકતાની સરળતા જાળવી રાખે છે.

પંડિતશ્રી સુખલાલજીએ આ પુસ્તકના ઉપોદ્‌ઘાત 'ત્રિવેણી સ્નાન'માં આ પુસ્તકની સારી વિવેચના કરી છે. તેથી આ પુસ્તકની ઉપયોગિતામાં અવશ્ય વૃદ્ધિ થઈ છે.

લેખકે આ પુસ્તક પાછળ લીધેલા પરિશ્રમ બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

મુ૦ ક૦

કલાપીનો કાવ્યકલાપ : સંપા૦ અનંતરાય મ૦ રાવળ; પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિં૦ સાડાત્રણ રૂપિયા; પૃ૦ ૪૦+૨૮૮.

આ સંગ્રહમાં સંપાદકે કવિ કલાપીનાં મહત્ત્વનાં ૭૨ કાવ્યોને સંગૃહીત કર્યાં છે. સંપાદકશ્રી પ્રા. અનંતરાયભાઈએ આ પુસ્તકની શરૂઆતમાં વિસ્તૃત ઉપોદ્‌ઘાત લખીને કલાપીની કવિતાની વિશદ આલોચના કરી છે. પુસ્તકને અંતે અભ્યાસપૂર્ણ વિસ્તૃત વિવરણ પણ આપ્યું છે.

આ પુસ્તક કલાપીની કવિતાના અભ્યાસીને સહાયરૂપ થાય એવું છે.

મુ૦ ક૦

સાક્ષાત્કારને પંથે તુકારામ : લે૦ શ્રી તુળપુળે; અનુ૦ વાસુદેવ મહાશંકર જોષી; પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ બે રૂપિયા; પૃ૦ ૮+૨૬૪.

આ પુસ્તકમાં તુકારામના જીવનની ફિલસૂફીને નિરૂપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જાગૃતિ, મુમુક્ષુત્વ, સાધકાવસ્થા, સિદ્ધાવસ્થા, મોક્ષ ઇત્યાદિ આત્મલક્ષી તેમ જ જીવનવ્યાપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વોનું દર્શન તુકારામના અભંગોમાં થાય છે તેનું આ પુસ્તકમાં નિરૂપણ છે.

અહીં એક મહત્ત્વનું સૂચન કરવાનું મન થાય છે : બીજી આવૃત્તિ વેળાએ અનુવાદકે એટલું ધ્યાનમાં લેવા જેવું છે કે, તુકારામ, જ્ઞાનેશ્વર વગેરેનાં ઘણાંખરાં અવતરણોનો અનુવાદ આપવામાં આવ્યો નથી. તેથી ગુજરાતી વાચકોને એ સમજવામાં મુશ્કેલ પડે એમ છે અને એટલો ભાગ છોડીને વાંચવા જાય તો આખી વસ્તુ યથાતથ સમજાય નહીં. તેથી એનો અનુવાદ આપવામાં આવે તો સારું.

આ પુસ્તક મહારાષ્ટ્રના પ્રખ્યાત સંત તુકારામની જીવન-ફિલસૂફીને સમજવામાં સહાયરૂપ થાય એવું છે.

મુ૦ ક૦

વાંચો, વિચારો અને અનુસરો : પ્રયોજક – હનુમાન-પ્રસાદ પોદ્દાર; અનુ૦ કુ. પદ્મા કૂડિયા; પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ બાર આના; પૃ૦ ૧૭૪.

આ પુસ્તકમાં ૯૧ બોધક પ્રસંગોને વર્ણવવામાં આવ્યા છે. વાચકને તે પ્રેરણાદાયી થઈ પડે એવા છે. બાળકો, કિશોરો અને વિદ્યાર્થીઓને આ પુસ્તિકા તેમના જીવનઘડતરમાં ઉપયોગી થાય એવી છે.

મુ૦ ક૦

ગીતા હૃદય : લે૦ સાને ગુરુજી; અનુ૦ નટવરલાલ વેદ; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૧૨૩.

વિનોબાજીનું 'ગીતા પ્રવચનો' પુસ્તક પ્રખ્યાત છે. એ પ્રવચનો વિનોબાજીએ ૧૯૩૨માં ધુળિયા જેલમાં દર રવિવારે એક એક અધ્યાય ઉપર આપ્યાં હતાં. સાને ગુરુજી તે વખતે વિનોબાજી સાથે જ જેલમાં હતા. તેમણે એ પ્રવચનોનો સારાંશ ઉતાર્યો હતો. એ આ પુસ્તિકારૂપે પછી પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ પુસ્તિકામાં આપણને વિનોબાજી તેમ જ સાને ગુરુજી એ બંને વ્યક્તિઓનો સાથે પરિચય કરવા મળે છે. પુસ્તિકા સૌને મનનીય થઈ પડે એવી અવશ્ય છે.

મુ૦ ક૦

कर्तव्यपरायणता

सिगनलमैन बालू जिस स्टेशन पर काम करता था, उसके पासवाले गाँवमें एक साहसी बालक राम रहता था । एक दिन वह अपने स्कूलसे घर वापस आ रहा था कि जोरसे बिजली चमकने लगी, बादल गरजने लगे, चारों ओर अँधेरा छा गया, और कुछ ही देरमें मूसलाधार वर्षा शुरू हो गई । रामने इधर-उधर छिपनेके बजाय रेलकी लाइन पर तेजीसे चलना शुरू कर दिया, ताकि वह जल्दी घर पहुँच जाए ।

अभी वह अधिक दूर नहीं गया था कि उसने देखा एक जगहसे रेलकी लाइन टूटी पड़ी है । राम इसके भयंकर परिणामको तुरन्त भाँप गया और सोचने लगा कि, जब इन्जिन यहाँसे गुजरेगा तब ज़रूर इस टूटी पटरी पर आकर गिर पड़ेगा और हज़ारों इन्सानोंको अपने जीवनसे हाथ धोने पड़ेंगे ।

रामके विचारोंने तुरन्त पलटा खाया और उसने पूरी शक्तिके साथ स्टेशनकी ओर भागना शुरू किया । रास्तेमें वह कई जगह फिसल कर गिर पड़ा । उसके पैर जख़्मी हो गए । किन्तु उसने हिम्मत न हारी । वह आगे ही बढ़ता गया ।

स्टेशन पहुँचते ही सबसे पहले रामकी सिगनलमैन बालूसे भेंट हुई । वह तुरन्त उसे स्टेशन मास्टरके कमरेमें ले गया । स्टेशन मास्टरने उसे देखते ही पूछा, "क्या बात है बालू ? ड्यूटी छोड़ कर कैसे चले आए ?"

बालू — "सरकार, यह लड़का कहता है कि यहाँसे एक मील उत्तरकी ओर रेलकी पटरी उखड़ी पड़ी है ।"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यह सुनते ही स्टेशन मास्टर पसीना पसीना हो गया। उसके चेहरे पर चिन्ताकी रेखाएँ स्पष्ट झलकने लगीं। उसने जल्दीसे टेलीफ़ोन उठाया और कुछ देर तक बात करनेके बाद टेलीफ़ोन रख दिया। अब वह पहलेसे भी अधिक घबराया हुआ था। उसने काँपती आवाज़में कहा—"ओह! अब मैं क्या करूँ? एक्सप्रेस तीन मिनट पहले ही छूट गई। गाड़ीको सिगनल देकर रोकना भी कठिन है।"

बालू चिल्ला उठा—"लेकिन एक काम हम अब भी कर सकते हैं।" इतना कहकर वह तेज़ीसे कमरेके बाहर निकल आया और अपना लाल बत्ती-वाला लैम्प उठा कर जिधरसे एक्सप्रेस आ रही थी, उस ओर तेज़ीसे भागा। राम भी हाथमें लाल झंडी लिए उसके साथ साथ दौड़ रहा था।

बालूने देखा कि, एक्सप्रेस सीटी देती हुई लाइन पर धड़ाधड़ भागी चली आ रही है। उसने लाल बत्तीवाला लैम्प सरसे ऊँचा कर लिया, ताकि इन्जिन-ड्राइवर दूरसे ही उसे देख कर गाड़ी रोक सके। जब एक्सप्रेसकी तेज़ रोशनी उसके चेहरे पर पड़ी, तो उनकी आँखें चौंधियाने लगीं। लेकिन अपनी जानकी परवाह न करते हुए वे दोनों बराबर लाल बत्तीवाला लैम्प और लाल झंडी हिलाते हुए एक्सप्रेसकी ओर भागते रहे।

अब इनके और गाड़ीके बीच केवल दो फर्लांगका फासला रह गया था। गाड़ीकी रफ़्तार मन्द पड़ने लगी। बालू और रामने सन्तोषकी एक साँस ली, क्योंकि वे अपने उद्देश्यमें सफल हो गए थे। एक्सप्रेस एक झटकेके साथ उनके सामने आकर खड़ी हो गई।

गार्डने गाड़ीसे नीचे उतर कर बालू और रामके इस साहसिक कार्यकी प्रशंसा की और कहा—"आज तुम दोनोंने सैकड़ों इन्सानोंकी जान बचाकर एक बहुत बड़ा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

काम किया है, जिसके लिए रेलवे विभाग सदा तुम्हारा कृतज्ञ रहेगा।"

बालूकी पदोन्नतिके साथ साथ अगले दिन रामके घर रेलवे विभागकी ओरसे एक पत्र पहुँचा, जिसमें लिखा था—"रामकी शिक्षाके लिए सरकारने १५) मासिक छात्रवृत्ति देनेका निश्चय किया है।" रामके माता-पिता इस समाचारसे बड़े खुश हुए और उन्होंने रामकी शिक्षाका प्रबन्ध शहरके एक अच्छे स्कूलमें कर दिया।

('बालभारती', मार्च १९५६से) चंद्र भरद्वाज

देहाती और शहरी लोग

१

हमने हमारे देहातोंको बिल्कुल अज्ञानमें रखा, यह हिन्दुस्तानकी सबसे बड़ी दुर्घटना है। अंग्रेज़ लोग यहाँ आये इसके पहले गाँव गाँवमें अपनी शाला चलती थी। अच्छे अच्छे विद्वान लोग भी नदी-किनारे गाँवमें रहते थे और देहाती लोगोंकी भाषामें ही उपदेश देते थे। इसीलिये उनका ज्ञान लोगोंके पास पहुँचता था। इसके अलावा संन्यासी और भक्त लोग भी गाँव गाँव घूमते थे और घर-घर जाकर ज्ञान पहुँचाते थे। लेकिन अंग्रेज़ोंके राज्यके बाद ग्राम-पंचायतें और ग्रामोद्योग टूट गये और गाँवके पास गाँवकी कोई योजना नहीं रही। गाँवका हरेक परिवार अलग अलग हो गया। इस वास्ते ग्राममें बिलकुल अशिक्षण फैला। उसके बदलेमें चन्द लोगोंको रिश्वतकी तौर पर बड़ी विद्या सिखायी गयी, जिसे "ऊँची विद्या" नाम दिया गया। यह सब विद्या अंग्रेज़ीके जरिये दी गअी, उसके परिणामस्वरूप देहातोंमें जो थोड़े पढ़े-लिखे थे, वे शहरमें चले गये। बादमें इन लोगोंमें लोगोंकी भाषामें बोलनेकी शक्ति भी नहीं रही। पढ़े-लिखों और देहातोंके बीच एक बड़ी भारी दिवार खड़ी हो गई। इसलिये शहरके शिक्षितोंको दुनियाभरकी जानकारी होती है और देहातवालोंको किसी प्रकारकी जानकारी नहीं होती। उनकी अज्ञानता यहाँ तक है कि जब मैं विन्ध्यप्रदेशके देहातोंमें घूमता था, तब वहाँके देहातवालोंने पूछा कि अभी गांधीजी कहाँ रहते हैं? तब गांधीजीके प्रयाणको चार साल हो चुके थे। जब मैंने उनको यह सुनाया तो लोगोंके लिये यह नयी खबर थी। यही हालत हमारे देहातोंकी है और उसके लिये हम ही गुनहगार हैं।

(ता. १२-२-'५६ के प्रार्थना-प्रवचनसे)

२

गाँवके लोग हमारी यह बात कि आप परमेश्वरकी संतान हैं, आसानीसे समझ लेते हैं। लेकिन शहरवाले कहते हैं कि, परमेश्वर कहाँ हैं और उसकी संतान कौन है, हम नहीं समझ सकते। जो लोग बड़ी बड़ी किताबें पढ़ते हैं उन किताबोंमें उन्हें ईश्वर नहीं मिलता है। अगर वे किसानके साथ काम करेंगे तो उन्हें ईश्वरका दर्शन होगा। ज़मीन बहुत तपी हुई है, उस पर अच्छी तरहसे हल चलाया है, खाद डाला है और ज़मीनको समतल बनाया है। फिर ईश्वर-दर्शनकी राह देखते हैं तो वह जोरोंके साथ नीचे उतर आता है। इसी तरह तरह-तरहके रूपमें ईश्वरका दर्शन होता है।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हमारी सरकारने सबको वोटका अधिकार दिया है जो एक बहुत बड़ी बात है। तो हिन्दुस्तानके लोगोंको कोई आश्चर्य नहीं लगा कि, सबकी बराबरी कैसे हो सकती है। उन्हें लगा कि इसमें कौन बड़ी बात है? हम सब तो ईश्वरकी संतान हैं, सब बराबर हैं, कोई ऊँच, नीच नहीं है। दुनियाके लोगोंको लगता था कि, हिन्दुस्तानके लोग बेवकूफ़ हैं, पढ़ना-लिखना नहीं जानते हैं, तो उन्हें लगा कि ये लोग ठीक तरह वोट नहीं दे सकेंगे। चुनावमें बहुत झगड़े और मारपीट होगी। लेकिन वे देखते ही रहे और यहाँ पर कुछ भी खास गड़बड़ नहीं हुई। कुल मिलाकर सारे चुनाव शांतिसे हुए। तो उन्हें आश्चर्य लगा कि हमारे जैसे विद्वान चुनावोंमें गड़बड़ करते हैं और इन मूर्खोंने कैसे शांतिसे चुनाव चलाये। उस समय हमने कहा कि, आपको यही समझना है कि आप मूर्ख हैं और हिन्दुस्तानके देहातोंके लोग अक़लवाले हैं। जो किसीको लूटते नहीं, झूठ बोलनेमें जिन्हें हिचकिचाहट मालूम होती है, जो खेतोंमें मेहनत करके अपनी रोटी कमाते हैं और परमेश्वरका नाम लेते हैं, वे मूर्ख कैसे हो सकते हैं? रवीन्द्रनाथ ठाकुरने कहा था कि, योरपका मजदूर दिनभरकी थकान मिटानेके लिये रातको शराब पीता है और हिन्दुस्तानका मजदूर भजन करता है। अब आप ही बताइये कि किसकी सभ्यता ऊँची है।

आज तक हमारा सारा समय शहरके पढ़े-लिखोंको समझानेमें गया है। लेकिन अब हमने समझ लिया है कि जो कुछ होनेवाला है, देहातियोंसे ही होनेवाला है। शहरवाले लोग कुर्सीमें बैठकर नवलकथा और कहानियाँ पढ़ते हैं जो न पढ़नेसे कुछ बिगड़ता नहीं है। अगर गाँवके लोग इसी तरह कुर्सीमें बैठे-बैठे पढ़ने लग जायँ तो देशकी क्या हालत होगी?

महाराष्ट्रमें नामदेव नामका एक बड़ा भक्त था, जो ईश्वरके साथ मित्र जैसा बोलता था। उसे अहंकार हो गया कि, मैं ही भगवानका सबसे बड़ा भक्त हूँ। एक दिन भगवानने उसे कहा कि, तू भी मेरा भक्त है, परंतु तू समझ नहीं कि तू सबसे बड़ा भक्त है।

यह सुनकर नामदेवने घबड़ाकर पूछा, 'हे भगवान, दुनियामें ऐसा कौन भक्त हो सकता है जो मुझसे बड़ा है?'

भगवानने कहा कि, रंका नामका हरिजन और उसकी स्त्री बंका ये दोनों मेरे सबसे बड़े भक्त हैं।

यह सुनते ही नामदेवने कहा कि, मैंने उन्हें कभी किसी भी मंदिरमें नहीं देखा। तो भगवानने कहा कि, तू कल ही परीक्षा कर लेना।

दूसरे दिन शामको जब रंका और बंका खेतमें काम करके घर वापिस जा रहे थे, तो भगवानने उनकी परीक्षा करनेके लिये रास्तेमें एक सोनेका गहना रखा। रंका आगे जा रहा था और बंका पीछेसे जा रही थी। नामदेव यह सब देख रहा था।

जब रंकाने उस गहनेको देखा तो उसने उसे धूलसे ढाँक दिया। यह देखते ही बंकाने पतिसे पूछा, आपने यह क्या किया?

रंका बोला, "मैंने एक सोनेका गहना देखा और उसे देखकर कहीं तुझे लोभ, मोह

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न हो, इसलिये मैंने उसे धूलसे ढाँक दिया।"

यह सुनते ही बंका बोली, "यह आपने क्या काम किया? धूलको धूलसे ढाँका, इसकी क्या ज़रूरत थी?"

रंका बंका कभी भगवानके दर्शनके लिये मंदिर नहीं जाते थे, लेकिन भगवानने पहचान लिया था कि वे सच्चे भक्त हैं। उस दिनका दृश्य देखकर नामदेवने भी उस बातको कबूल किया।

रंकाने सोनेके गहनेको धूलसे ढाँका, यूँ समझकर कि, वह कोई उपयोगकी चीज़ नहीं है और बंकाने तो उसे धूल ही समझा।

जो लोग मेहनत करके अपनी रोटी कमाते हैं, रातको सोते समय भगवानका नाम लेते हैं, सुबह उठते समय भगवानका नाम लेकर उठते हैं, आलस नहीं करते हैं, वे ही भगवानके सच्चे भक्त हैं। उन्हींके हृदयमें भगवान प्रकट होता है और उन्हें दर्शन देता है। ऐसे लोगोंको बारिशके रूपमें, गायके रूपमें, गायको दोहते समय बछड़ा आता है तो उस बछड़ेके रूपमें भगवानका दर्शन होता है। ऐसे लोग बहुत बड़े बड़े काम कर सकते हैं।

विनोबा भावे

(ता. १३–२–'५६ के प्रार्थना-प्रवचनसे)

साहित्यका सार

विनोबा

साहित्यिकोंका एक कार्य है। परन्तु जैसे बढ़ई, बुनकर आदिका एक पेशा होता है और एक जाति होती है, उस तरह साहित्यिकोंकी न कोई जाति है और न कोई पेशा; बल्कि यह सारी ईश्वरकी सृष्टि जितनी विविध है, उतनी ही साहित्यकी रचना विविध होती है। इसीलिये साहित्यिकोंकी अपनी स्वतंत्र महिमा होती है। हम उसका समावेश नाम-महिमाके अंदर कर लेते हैं। एक कहानी है कि शत-कोटि रामायण तीन हिस्सोंमें बँट गयी। आखिर एक श्लोक रह गया, जो बत्तीस अक्षरोंका था। उनमेंसे दस-दस अक्षर बाँटे गये और दो अक्षर बचे। उनका तीनमें समान विभाजन नहीं हो सकता था, इसलिये समान विभाजन करनेवाले भगवान् शंकरने कहा कि हम विभाजन करनेवाले हैं, इसलिये अुसकी मजदूरीके तौर पर दो अक्षर लेंगे। उन्होंने दो अक्षर लिये 'रा' 'म'। उन दो अक्षरोंमें रामायण आ जाती है। यही साहित्यिकोंकी कृतिका सार है। सीताजीने हनुमानको मोतीकी माला इनाम दी थी। हनुमानने एक-एक मोती चबाना शुरू किया और चबाकर देखा कि उसमें कुछ रस नहीं है तो फेंक दिया। जब सीताजीने पूछा कि तुमने यह क्या किया, तो उसने कहा कि मैंने एक-एक मोती चबा कर देखा कि उसमें राम है या नहीं और जब नहीं दिखा तो फेंक दिया। वह हर चीज़में राम ही देखता था। उसी तरह साहित्यिकोंकी हर कृतिमें राम है या नहीं, यह देखना होता है। अगर राम नहीं है, तो वह कृति दुनियामें नहीं टिकेगी, दुनिया पर कायमका असर नहीं डालेगी। वह लुप्त हो जायगी। इसलिये किसी साहित्यिकने अपनी कृति दुनियाके सामने रखी, तो उसका नाप-तौल उसके आकारसे नहीं किया जायेगा। किसने कितना लिखा, इस परसे उसकी कीमत नहीं नापी जायेगी, बल्कि उसने जीवनको कितना रस दिया, इस परसे उसकी परीक्षा-पहचान होगी।

हम समझते हैं कि जिस जमानेमें हम हैं, उस जमानेका जीवन-रस त्यागमें ही प्रकट हो सकता है। जिस साहित्यिकने वह त्याग-रस जितना चखा होगा, उसके जीवनमें वह जितना उतरा होगा, उतना उसका असर दुनिया पर होगा।

हैदराबाद, ता. ५–२–'५६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં કેટલાંક શાળોપયોગી પુસ્તકો

અચલાયતન	૧-૦-૦	બાપુની પ્રસાદી	૨-૦-૦
અપંગની પ્રતિભા	૧-૮-૦	બાપુ — મારી મા	૦-૮-૦
અમારાં બા	૧-૮-૦	બે ખુદાઈ ખિદમતગાર	૦-૧૨-૦
અર્થશાસ્ત્રની પરિભાષા	૦-૧૪-૦	બોધક ટીકડાઓ	૦-૧૪-૦
અહિંસાનો પહેલો પ્રયોગ	૧-૦-૦	બ્રહ્મદેશનો પ્રવાસ	૦-૧૦-૦
આત્મકથા	૨-૦-૦	ભાઈ અને વેરી	૦-૮-૦
સંક્ષિપ્ત આત્મકથા	૧-૦-૦	મઝધાર	૨-૮-૦
આત્મરચના અથવા આશ્રમી કેળવણી	૪-૮-૦	મધપૂડો	૧-૪-૦
આરોગ્યની ચાવી	૦-૧૦-૦	મલેરિયા	૦-૭-૦
આહાર અને પોષણ – ૧, ૨	૧-૬-૦	મહાદેવભાઈની ડાયરી – ૧-૫	૨૫-૦-૦
આંધળાનું ગાડું	૦-૪-૦	માનવી ખંડિયેરો	૨-૮-૦
ઇદુને પત્રો	૧-૦-૦	મારી જીવનકથા — જવાહરલાલ નેહરુ	૬-૦-૦
ઊધઈનું જીવન	૧-૦-૦	મીઠું	૦-૧૨-૦
ઓતરાતી ઢીંગલો	૦-૧૨-૦	સંક્ષિપ્ત જીવનકથા — જવાહરલાલ નેહરુ	૧-૮-૦
કન્યાને પત્રો	૧-૦-૦	મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ	૮-૦-૦
કરંડિયો	૧-૪-૦	મારું ગામડું	૧-૪-૦
કાવ્યપરિચય ભા. — ૧, ૨	દરેકની ૧-૮-૦	મોટાં માણસોનાં મન	૦-૬-૦
કુંવરબાઈનું મામેરું	૧-૦-૦	પ્રાચીન શીલકથાઓ	૦-૮-૦
કેળણીવિકાસ	૧-૪-૦	યંત્રની મર્યાદા	૧-૦-૦
કૌશિકાખ્યાન	૦-૩-૦	રચનાત્મક કાર્યક્રમ — કેટલીક સૂચનાઓ	૦-૩-૦
ખાદીવિદ્યાપ્રવેશિકા	૧-૪-૦	રચનાત્મક કાર્યક્રમ — તેનું રહસ્ય અને સ્થાન	૦-૫-૦
ખિસ્સાકોશ	૧-૦-૦	રાષ્ટ્રભાષાનો સવાલ	૦-૭-૦
ખેડૂતનો શિકારી	૦-૬-૦	રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ	૦-૬-૦
ગાંધીજી	૦-૧૦-૦	વિદાય વેળાએ	૧-૦-૦
ગાંધીજીના પાવન પ્રસંગો	૦-૬-૦	વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	૦-૬-૦
ગાંધીજીની સાધના	૨-૪-૦	વિરાજવહુ	૧-૪-૦
ગીતાધ્વનિ	૦-૬-૦	વિશ્વશાંતિ	૦-૪-૦
ગ્રામસેવાના દસ કાર્યક્રમો	૧-૦-૦	વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ	૬-૦-૦
ઘરમાખી	૦-૭-૦	શિક્ષણ અને સંસ્કૃતિ	૧-૪-૦
જમનાલાલજી	૦-૬-૦	શીલ અને સદાચાર	૦-૬-૦
જીવતા તહેવારો	૨-૦-૦	શ્રાદ્ધના તેર દિવસ	૦-૭-૦
જીવન દ્વારા શિક્ષણ	૧-૮-૦	શ્રી નેત્રમણિભાઈને	૦-૧૪-૦
જીવનનું પરોઢ	૮-૦-૦	સંકલિતા ભગવદ્‌ગીતા	૧-૪-૦
ટાઇફોઈડ	૦-૬-૦	સંક્ષિપ્ત કરણઘેલો	૧-૦-૦
ત્રણ વાર્તાઓ	૧-૪-૦	સંત ફ્રાન્સિસ	૦-૬-૦
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ	૩-૦-૦	સુદામાચરિત	૦-૧૪-૦
પ્રહ્લાદ નાટક તા સહનવીરનાં ગીતો	૦-૧૦-૦	સુદામાના કેદારા	૦-૧-૬
પ્રાકૃતિક ભૂગોળ	૦-૧૨-૦	સીતાહરણ	૧-૦-૦
પ્રાચીન સાહિત્ય	૧-૦-૦	સ્ત્રી-પુરુષ-મર્યાદા	૧-૮-૦
પ્રેમપન્થ – ૧, ૨, ૩, ૪, ૬	દરેકની ૦-૪-૦	સ્મરણયાત્રા	૨-૦-૦
બહેનોને	૦-૬-૦	હિમાલયનો પ્રવાસ	૧-૮-૦
બાપુની સેવામાં	૨-૦-૦	હિંદની અંગ્રેજ વેપારશાહી	૪-૦-૦

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નવી નીતિમત્તા' સામે લાલબત્તી

આજે આપણે નૈતિક આદર્શ વિનાના બની બેઠા છીએ. આજના માણસે જૂના નૈતિક આદર્શને નવાના બદલામાં ફગાવી દીધો છે એવું નથી; પણ તેની જીવન-વ્યવસ્થાના કેન્દ્રમાં કોઈ પણ નૈતિક આદર્શને અનુસર્યા સિવાય જ જીવવાની ભાવના રહેલી હોય છે. જુવાનિયાઓ જ્યારે, 'નવી નીતિમત્તા'ની વાત કરે, ત્યારે તેમાંનો એક અક્ષર પણ માનશો નહીં. આખા યુરોપખંડના કોઈ ખૂણામાં નૈતિક આદર્શ બની રહેવાનાં લક્ષણ ધરાવતી કોઈ પ્રકારની નવી ભાવનાથી પ્રેરિત થયેલો કોઈ સમુદાય છે, એ માનવાની હું સાફ ના પાડું છું. લોકો જ્યારે 'નવી નીતિમત્તા'ની વાત કરે છે, ત્યારે તેઓ માત્ર નવી અનૈતિકતા આચરી રહ્યા હોય છે, તથા નિષિદ્ધ માલ ઘુસાડવાનો માર્ગ જ શોધતા હોય છે. આજના માણસ પાસે કશો નૈતિક આદર્શ નથી એવો આક્ષેપ તેના ઉપર મૂકવા જવું એ પણ મિથ્યા પ્રયત્ન છે. કારણ, અનૈતિકતા એ જ સર્વસામાન્ય નિયમ બની રહ્યો છે; અને દરેક જણ તેને આચરવામાં જ અભિમાન લેતું હોય છે.

જૂના જમાનાના અવશેષ રૂપ કેટલાક સમુદાયોને બાજુએ મૂકીએ, તો આજના જમાનાના પ્રતિનિધિઓમાં એક પણ વર્ગ એવો નહીં જડે કે જેની જીવન પ્રત્યેની દૃષ્ટિ એવી માન્યતાથી મર્યાદિત ન બની હોય કે તેને હકો બધા છે, પણ જવાબદારીઓ કે ફરજો કોઈ નથી. તે પોતાની જાતને પ્રત્યાઘાતી કે ક્રાંતિકારી તરીકેના ઓઠા હેઠળ ભલે છુપાવતો હોય; પરંતુ સક્રિય રીતે કે આડકતરી રીતે, એક કે બે ચક્કર ખાઈને પણ, તેના મનનું વલણ ચોક્કસપણે બધી જવાબદારીઓ તરફ દુર્લક્ષ કરવાનું, અને કોઈ પણ કારણના ખ્યાલ વિના, પોતાની જાતને અમર્યાદિત હકો ધરાવતી માનવાનું જણાશે. એવા માનસ ઉપર કબજો મેળવનાર કોઈ પણ ભાવના એક જ પરિણામ લાવે, અને કોઈ નક્કર પ્રયોજનને ન અનુસરવા માટેના બહાનામાં જ પરિણત થાય. જો તે પ્રત્યાઘાતી કે વિનીત-વિરોધી સ્વરૂપ ધારણ કરે, તો તે પણ એટલું પુરવાર કરવા માટે કે રાષ્ટ્રનું હિત માણસને બીજાં બધાં ધોરણોને તોડી પાડવાનો અને પોતાના પાડોશીને દબડાવવાનો — અને તે જો વિશિષ્ટ વ્યક્તિ હોય તો તો વિશેષે દબડાવવાનો — હક આપે છે. પરંતુ તેણે જો ક્રાંતિકારીનો લેબાસ ધારણ કર્યો હશે, તોપણ એ જ પરિણામ આવે છે; શરીર-શ્રમ કરનારા મજૂર માટેની કે દલિતો માટેની કે સામાજિક ન્યાય માટેની તેની દેખીતી ધગશ પણ વિનય, સચ્ચાઈ અને સૌથી વધુ તો શ્રેષ્ઠ વ્યક્તિઓ માટેના આદરભાવ જેવી બધી જવાબદારીઓને તિલાંજલિ આપવાનું સુગમ કરવા માટેના બુરખા તરીકે જ કામ દેતી હોય છે. હું કેટલાય એવા માણસોને ઓળખું છું કે જેઓ બુદ્ધિશાળી માણસો પ્રત્યે તિરસ્કાર દાખવવાનો હક પોતાને માટે હાંસલ કરવા સારુ, તથા તેમના પ્રત્યે જરા પણ સંમાન દાખવવાનું ટાળવા સારુ કોઈ ને કોઈ મજૂર સંસ્થામાં સામેલ થયા હોય છે. સરમુખત્યારીના બીજા પ્રકારો અંગે તો આપણે બરાબર જાણીએ છીએ કે, તેઓ સામાન્ય ભૂમિકાથી ઉપરના દેખાતા સર્વ કાંઈને પગ તળે રગદોળીને, સામાન્ય જનસમુદાયની કેવી ખુશામત કરતા હોય છે.

[— ઑર્ટેગા વાય. ગેસેટ કૃત 'રિવોલ્ટ ઑફ ધી માસીસ'

મુદ્રક અને પ્રકાશક: જીવણજી દાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે — મણિભાઈ દેસાઈ
ગોપાળદાસ પટેલ — મગનભાઈ દેસાઈ (તંત્રી)
ઠાકોરભાઈ દેસાઈ — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૫ — અંક ૯

સપ્ટેમ્બર — નવજીવન, અમદાવાદ — ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

સપ્ટેમ્બર, ૧૯૫૬

વર્ષ ૧૫ અંક ૯

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
વિદ્યાર્થીઓ અને રાજકારણ	ગાંધીજી	૨૫૭
નવું રાષ્ટ્રીય ગ્રેખમ	મગનભાઈ દેસાઈ	૨૫૮
ભાષાવાર પ્રાંતરચનાનો સાર	મગનભાઈ દેસાઈ	૨૬૦
સાભાર સ્વીકાર		૨૬૨
વિદેશીઓની દૃષ્ટિએ ગાંધીજી	મગનભાઈ કોદરભાઈ પટેલ	૨૬૩
માંડૂક્યોપનિષદનો સ્વાધ્યાય	મગનભાઈ દેસાઈ	૨૭૧
જાપાનમાં વેશ્યાવાડાની ગંધી	ગો૦	૨૭૨
દવાદારૂનો ઉપયોગ-દુરુપયોગ	ગો૦	૨૭૩
અમેરિકાની ચેતવણી	ગો૦	૨૭૫
પ્રાણીશાસ્ત્રની પરિભાષા		૨૭૮
પરીક્ષાપદ્ધતિ	કિશોરકાંત ચાફ્લિક	૨૭૯
ચિંતન અને મનન		૨૮૦
અંગ્રેજીના પક્ષમાં વધુ દલીલ	ગો૦	૨૮૧
પ્રથમ પરિચય	મગનભાઈ દેસાઈ	૨૮૩
મોક્ષનો માર્ગ	મુકુલભાઈ	૨૮૬
નવું વાચન		
વેળા વેળાની છાંયડી	મુ૦ ક૦	૨૮૭
સોરઠની સંધ્યા	મુ૦ ક૦	૨૮૮
ભૂતકાળના પડછાયા	મુ૦ ક૦	૨૮૮
શ્રી અને સરસ્વતી	મુ૦ ક૦	૨૮૮

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતિ છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતિ છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં અમદાવાદ (કલ્યાણ ભુવન, રિલિફરોડ); મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બન્દર); રાજકોટ; (લાખાજીરાજ રોડ); દિલ્હી (યુ. એસ. કૉમ્યુનિકેશન ચિયેટર બિલ્ડિંગ, કૉનોટ સર્કસ, નવી દિલ્હી); ઇદોર (ગાંધીભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂા. ૪; પરદેશમાં રૂા. ૬ અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, **અમદાવાદ-૧૪**

અમારાં નવાં પ્રકાશનો

જગતના ઇતિહાસનું રેખાદર્શન : લે૦ પં. જવાહરલાલ નેહરુ; અનુ૦ મણિભાઈ ભ૦ દેસાઈ; કિં. રૂ. ૧૨-૦-૦; ટપાલરવાનગી ૧-૧૫-૦.

ગાંધી-નાસ્તિક સંવાદ : લે૦ ગોરા (જી. રામચંદ્ર રાવ); કિં. રૂ. ૦-૧૦-૦; ટપાલરવાનગી ૦-૪-૦.

જેકિલ અને હાઈડ : લે૦ આર. એલ. સ્ટીવન્સન; અનુ૦ મગનભાઈ દેસાઈ; કિં. રૂ. ૯-૧૨-૦; ટપાલરવાનગી ૦-૪-૦.

લોકમાન્ય ટિળક : લે૦ પાંડુરંગ ગણેશ દેશપાંડે; કિં. રૂ. ૩-૦-૦; ટપાલરવાનગી ૦-૯-૦.

અંકગણિત શીખવવાની પદ્ધતિ : લે૦ મોહનલાલ હ૦ પંચોળી; કિ. રૂ. ૩-૮-૦; ટપાલરવાનગી ૦-૧૦-૦.

"My Dear Child" [Gandhiji's letters to Esther Faering] Ed. by Alice Barnes; Price Re. 1-8-0; Postage etc. 0-5-0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

સા વિદ્યા યા વિમુક્તયે

વર્ષ ૧૫–અંક ૯] અમદાવાદ [સપ્ટેમ્બર, ૧૯૫૬

વિદ્યાર્થીઓ અને રાજકારણ

૧

(વિદ્યાર્થીઓની) રાજદ્વારી હડતાળો કે દેખાવોને હું ટેકો આપી શકતો નથી. મત આંધવાની અને તે પ્રદર્શિત કરવાની બાબતમાં વિદ્યાર્થીઓને બરોબર સ્વતંત્રતા હોવી જોઈએ. પોતાને ગમતા કોઈ પણ રાજદ્વારી પક્ષ પ્રત્યે જાહેર રીતે સહાનુભૂતિ તેઓ બતાવી શકે. પરંતુ તેઓ ભણતા હોય તે દરમિયાન તેનું કાર્ય કરવાની સ્વતંત્રતા તેમને ન હોય, એવો મારો મત છે. વિદ્યાર્થી સક્રિય રાજદ્વારી કાર્યકર્તા પણ હોય અને સાથોસાથ ભણતો પણ હોય, એ ન બની શકે.

હરિજન, ૨–૧૦–'૩૭

૨

વિદ્યાર્થીઓએ પક્ષાપક્ષીના રાજકારણમાં કદી ન પડવું. વિદ્યાર્થીઓ વિદ્યાના ખોળનારાં ને જ્ઞાનના શોધનારા છે, રાજકારણના ખેલાડીઓ નથી.

તેમણે રાજકીય હડતાળો ન પાડવી. વિદ્યાર્થીઓ વીરોની પૂજા ભલે કરે; તેમણે કરવી જોઈએ. પણ પોતાના વીરો જેલમાં જાય, કે અવસાન પામે, અથવા તેમને ફાંસીએ ચડાવવામાં આવે, તે પ્રસંગોએ તેમના તરફની પોતાની ભક્તિ પ્રગટ કરવાને તે વીરોના ઉત્તમ અંશોનું તેમણે અનુકરણ કરવું જોઈએ, હડતાળો ન પાડવી જોઈએ. . . .

* * *

તેઓ કશું છૂપી રીતે ન કરે. જે કરે તે છડેચોક કરે. પોતાના એકેએક વહેવારમાં તેમનું વર્તન અણિશુદ્ધ હોય. પોતાનું જીવન સંયમી અને નિર્મળ રાખે. કોઈ વાતથી ન ડરતાં નિર્ભય રહી પોતાના દૂબળા વિદ્યાર્થીબંધુઓના બચાવમાં તત્પર રહે. રમખાણો થાય ત્યારે પોતાના જીવને ભોગે અહિંસક વર્તનથી તેમને શમાવવાને તૈયાર રહે. . . . . .

(રચનાત્મક કાર્યક્રમમાંથી, ઈ. સ. ૧૯૪૧)

૩

વિદ્યાર્થીઓ ભાવીને ઘડનારો વર્ગ છે. તેમના આ કે તે ભાગલા પાડવાના ન હોય. વિદ્યાર્થીઓએ જીવતે કદી વિચાર કર્યો નથી અને એ લોકો સારા નાગરિકો બને તેટલા ખાતર તેમને તેમના વિદ્યાભ્યાસના કામમાં વળગી રહેવા દેવાની આગેવાનોએ પરવા રાખી નથી એ જોઈને મને દિલગીરી થાય છે. આ બરાબર પરદેશી હકૂમતના અમલની સાથે શરૂ થઈ. એ હકૂમતના અમલનો વારસો લેનારા આપણે લોકોએ ભૂતકાળની એ ભૂલોને દુરસ્ત કરવાની તસ્દી લીધી નથી. વળી જુદી જુદી રાજકીય વિચારસરણીવાળા સમૂહો અથવા પક્ષોએ વિદ્યાર્થીઓ જાણે માછલાં હોય તેમ તેમને પોતપોતાની જાળમાં પકડીને એકઠા કરવાનો પ્રયાસ કર્યો છે. અને સૌથી વધારે દુઃખની વાત એ છે કે, ખુદ વિદ્યાર્થીઓ એવકૂફીથી એ જાળોમાં જઈને પડ્યા!

* * *

વિદ્યાર્થીઓએ અને તેમનાં મંડળોએ અમલી રાજકારણથી અળગાં રહેવું જ જોઈએ. પોતપોતાના આશયો પાર પાડવાને ખાતર બધા રાજદ્વારી પક્ષોએ વિદ્યાર્થી આલમનો ઉપયોગ કર્યો, એ એકાંગી વિકાસનું લક્ષણ છે. કેળવણીનો અને કેળવણીના તંત્રનો આશય પોતાની ગુલામીને હોંશથી વળગી રહેનારા ગુલામોની જાત પેદા કરવાનો હોય ત્યાં એવું અનિવાર્ય રીતે અને એવો પૂરો સંભવ છે. પરંતુ મને આશા છે કે, કેળવણીને તેના તંત્રના કાર્યનો એ ભાગ હવે પૂરો થયો હશે.

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આજે વિદ્યાર્થીઓના મોટા ભાગને રાષ્ટ્રના હિતની બાબતમાં અને તેની સેવામાં રસ પડતો નથી. તેમનામાંના ઘણા પોતે જેમને પશ્ચિમની ફેશનેબલ આદતો ગણે છે તે પાડવાનો પ્રયાસ કરે છે અને દારૂ પીવાની અને એવી જ બીજી લતો વિદ્યાર્થીઓમાં ફેલાતી જાય છે. વિદ્યાર્થીઓમાં પોતાને ભાગે આવેલું અગર બીજું કોઈ પણ કામ કાબેલિયતથી પાર પાડવાની શક્તિ નહીં જેવી છે અને સ્વતંત્રપણે જાતે વિચાર કરવાની શક્તિ પણ ઓછી છે. અમારે આ અને આવા બધા સવાલોનો મુકાબલો કરી જુવાન પેઢીમાં ચારિત્ર્ય, શિસ્ત અને કાબેલિયત વગેરે ગુણો કેળવવા છે. તમારી દૃષ્ટિથી અમારે આ કેવી રીતે કરવું તે જણાવશો?"

આ સવાલમાં આજના રોગનું નિરૂપણ છે. શાંત વાતાવરણ ફેલાશે અને વિદ્યાર્થીઓ ચળવળખોર થવાનું છોડી ગંભીરપણે અભ્યાસમાં વળગી જશે, ત્યારે એ રોગ આપોઆપ મટી જશે. વિદ્યાર્થીજીવન સંન્યાસી-જીવન જેવું છે એમ જે કહેવામાં આવ્યું છે તે તદ્દન સાચું છે. વિદ્યાર્થી સાદું જીવન અને ઊંચા શુદ્ધ વિચારની મૂર્તિ હોય. શિસ્તનો તે અવતાર હોય. પોતાના અભ્યાસમાંથી જ તે આનંદ મેળવે. પોતાને માથે આવી પડેલી કોઈ વેઠ ઉતારવાની છે એવી અભ્યાસને વિષેની ભાવના દૂર થતાંની સાથે તેમાંથી સાચો આનંદ મળે છે. જ્ઞાનના એક ક્ષેત્રને સર કરી બીજામાં પ્રવેશ કરી આગળ વધતા રહી જ્ઞાનમાત્રને હસ્તગત કરવું એથી વધારે આનંદ વિદ્યાર્થીને બીજો કયો હોય?

હરિજનબંધુ, ૧૭-૮-'૪૭

૪

વિદ્યાર્થીઓ દેશની ભારે સેવા કરે. તેઓનો ઉદ્દેશ એક જ હોય: પૈસા કમાવાનો નહીં, પણ દેશની સેવા કરવાનો. તેમ કરતાં તેઓનું જ્ઞાન પરાકાષ્ઠાએ પહોંચે. ભણી ઊતરેલા ચળવળોમાં ભાગ લે, ભણતાં તો ભણતર વધારવાનો જ ધંધો ઘટે.

* * *

સ્વતંત્રતાની લડાઈ વખતે મેં શું કહ્યું હતું તે ભુલાઈ ગયું જણાય છે. નિશાળો ને કૉલેજોમાં રહીને રાજકારણમાં પડવાનું મેં નહોતું શીખવ્યું. મેં તો અહિંસક અસહયોગ શીખવ્યો હતો. નિશાળો ને કૉલેજો ખાલી કરી દેશસેવામાં પડવાનું શીખવ્યું હતું. નવાં વિદ્યાપીઠ અને નવી કૉલેજ કે નિશાળ કાઢવાનો પ્રયત્ન કર્યો હતો. કમભાગ્યે ચાલુ કેળવણીની જાળ એવી મજબૂત હતી કે તેમાંથી થોડા જ નીકળવા પામ્યા હતા. એટલે મેં પહેલા વિદ્યાર્થીઓને રાજકારણમાં લીધા એમ કહેવું બંધ બેસે તેમ નથી. . .

હરિજનબંધુ, ૭-૯-'૧૯૪૭ ગાંધીજી

નવું રાષ્ટ્રીય જોખમ

આપણી પાર્લમેન્ટે મુંબઈનું નવું મહારાજ્ય રચવાનો કાયદો પાસ કરીને રાષ્ટ્રપતિ પર રવાના કર્યો છે. આથી ગુજરાતમાં જે પરિસ્થિતિ સરજાઈ છે, તે અનેક રીતે વિચારવા જેવી ગણાય. અહીં એની એક મુખ્ય બાજુ જોઈએ.

જૂનું મુંબઈ રાજ્ય પલટાઈને ત્રણ ભાગ થાય — ગુજરાત, મહારાષ્ટ્ર અને મુંબઈ નગર — એ વાત નેહરુ સરકારે લોકસભા આગળ મૂકી હતી. અને તે પાસ થશે એવી ગણતરીથી લોક ચાલતા હતા. ત્યાં તેમાં પલટો આવ્યો, જેને લઈને નવી પરિસ્થિતિ ઊભી થઈ છે.

પલટો એ આવ્યો કે, લોકસભામાં આવેલા રાજ્ય પુનર્ઘટના બિલ પર કેટલાક સુધારા આવ્યા હતા. તે બધા બિનકૉંગ્રેસી પક્ષના હતા. તેમાં એક સુધારો એવો હતો કે, ઉપર બતાવેલાં ત્રણ નવીન રાજ્યો જુદાં રાખવાને બદલે ભેગાં કરીને તેમનું એક જ ભેગું નવું મુંબઈ મહારાજ્ય રચવું. બીજો એક સુધારો એવો પણ હતો એમ સાંભળ્યું કે, મહારાષ્ટ્ર અને મુંબઈ નગરનું ભેગું એક રાજ્ય કરી ત્રણને બદલે બે નવાં રાજ્ય કરવાં. બીજા શા સુધારા હતા તે ચોક્કસ ખબર નથી. તેમની બાબત મુંબઈને મહારાષ્ટ્ર જોડે ગોઠવવાની રીત, મુદત વગેરે વિષે હતી, એમ જણાય છે.

ગુજરાતી-ભાષી પ્રદેશ એકઠો થાય, — એટલે કે, કચ્છ, સૌરાષ્ટ્ર, અને ચાલુ મુંબઈ રાજ્યનો ગુજરાત પ્રદેશ, એ ત્રણ એક રાજ્યમાં આવે, એ વસ્તુમાં કોઈને વાંધો રહેતો નથી.

તેવી જ રીતે, આખો મરાઠી-ભાષી પ્રદેશ એકઠો થાય, — એટલે કે, ચાલુ મુંબઈ રાજ્યનો મહારાષ્ટ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રદેશ, હૈદરાબાદ રાજ્યની મરાઠાવાડ, અને ચાલુ મધ્ય-પ્રદેશમાંથી વિદર્ભ-નાગપુર પ્રદેશ, એ ત્રણ એક રાજ્યમાં આવે, એ વસ્તુ પણ ધીમે ધીમે કરતાં છેલ્લા થોડાક માસમાં કોઈના ખાસ વાંધા વગરની બની હતી.

એટલે આજે કહી શકાય કે, ઉપરની દૃષ્ટે મરાઠી અને ગુજરાતી ભાષાભાષી પ્રદેશ એકછત્રે થાય એ ઠીક છે, એટલો વિચાર નીતરી ચૂક્યો છે.

આ બે નિર્વિવાદ વિચાર પછી વિવાદના મુદ્દા શરૂ થાય છે. તેમાં મુખ્ય અને મૂળે જોતાં એકમાત્ર મુદ્દો હોય તો મુંબઈ નગરીના સ્થાન વિષેનો છે. આ સવાલની ઉપર આખો કોયડો ઊભો છે; — કહો કે, મુંબઈ રાજ્યનું કોકડું મુંબઈ નગરના સ્થાને કરીને ગૂંચવાયું છે.

મહારાષ્ટ્રના નેતાઓએ દાવો રજૂ કર્યો છે કે, મુંબઈ નગરી અમારી છે — એટલે કે, મરાઠીભાષી પ્રદેશનો તે ભાગ છે. આ દાવો સ્વીકારાતો નથી એ તેમનું દુઃખ છે.

છતાં નેહરુ સરકાર આ બાબતમાં ધીમે ધીમે નમતું જોખતી ગઈ, એ વસ્તુએ પણ હાલની પરિસ્થિતિ પેદા કરવામાં ઠીક ઠીક ભાગ ભજવ્યો છે. છેવટ છેવટે તો પં. નેહરુએ પૂનામાં એમ કહ્યું કે, મુંબઈ મહારાષ્ટ્રને મળે એમ કરવામાં મારી સહાનુભૂતિ હશે.

નેહરુ સરકારનો કહો કે પંડિતજીનો કહો, — આ જાતનો મત યોગ્ય છે કે કેમ એ સવાલ જવા દઈ એ. એમાંથી એટલું સ્પષ્ટ થાય છે કે, મુંબઈ નગરીની હકૂમત કેન્દ્ર-સરકાર પોતાની પાસે રાખવા ચાહતી નથી. એનાં કારણ શાં છે તે ખબર નથી. કેન્દ્ર સરકારે પણ સ્પષ્ટ નીતિ રૂપે ઉપરની વાત નથી કહી. નીતિ જ જોઈએ તો એક વાત નક્કી જ છે કે, મુંબઈને કોઈ એકભાષી રાજ્યના ભાગ તરીકે જોડવામાં નહીં આવે. આ મુદ્દો હિંદના રાજકારણમાં છેલ્લા દાયકાથી તો સિદ્ધ ગણાયો છે. તે વિષે ઉપર મુજબની શિથિલતાભરી વાતો પ્રેરીને કેટલાક આગેવાનોએ પરિસ્થિતિમાં જે ધ્રુવત્વ હતું તેનેય શિથિલ કર્યું છે, એમ તો કહેવું પડે છે. પણ અત્યારે એવી વાદવિવાદની વાત છોડવી જોઈએ. જે સવાલ છે તે એના કરતાં કયાંય ચડી જાય એવી વાસ્તવિક ખરાખરીનો છે.

મુંબઈ પરત્વે તેની પોતાની અને ગુજરાતની શી ઇચ્છા છે તે હવે જોઈએ. મુંબઈ નગરી એકલી અલગ રહેવા ઇચ્છા નથી રાખતી. એકલા મહારાષ્ટ્ર જોડે જોડાવાની બાબતમાં પણ સર્વસંમતતા નથી. કાંઈ નહીં તોય તે ચર્ચાસ્પદ તો છે જ. પોતે ગુજરાત મહારાષ્ટ્રના બંને એકમોને જોડનાર કડી રૂપે છે એમ રહેવામાં તે રાજી છે. તેથી ત્રણે એકમો ભેગા રહે તેમાં મુંબઈ સૌથી વધારે રાજી છે.

ગુજરાતનો વિચાર મુંબઈ નગર અલગ રહે એવો છે. પણ તેનો અર્થ સ્પષ્ટ કરીએ તો એ થયો કે, મહારાષ્ટ્રમાં તે શહેર મળી જાય એ એને પસંદ નથી. તેથી તેણે માગણી એ કરી કે, દ્વિભાષી રાજ્ય જો ન રહે અને તેના ભાગ પાડવાના હોય, તો તેના ત્રણ એકમ પાડજો, જેમાં મુંબઈ નગર એક હોય. આ એનો વિચાર આજ સુધી કબૂલેલો ઊભો છે. તેમાં ગુજરાતનાં વેપારી મંડળો તથા બીજા સૌ સાથે હતાં. આજે કેટલાક 'ન મમ ન મમ' કરે છે, એ વળી બીજી વાત થઈ.

પાર્લમેન્ટે આ પરિસ્થિતિમાં પોતાનો ફેંસલો આપવાનો આવ્યો. ભાષાવાર રાજ્યરચનાના વિચારે ભાષાવાર રાષ્ટ્રવાદ જેવી ભાવના પેદા કરી હતી. ભાષાવાર આપણી જે જુદાઈ છે તે આવા ભાવ પર વળી જતી જણાતી હતી. તેને સંભાળી જોઈ એ એ ઉઘાડું છે.

આ નવા લક્ષણનું જાહેર નિદર્શન સંયુક્ત મહારાષ્ટ્રવાદની હિલચાલે કરાવ્યું હતું. એનો ઇનકાર કરવો જ જોઈએ. તેને વશ ન થઈ શકાય. તેણે ગુજરાત પર હાથ ઉગામી આ બે એકમો વચ્ચે વેરઝેર અને કડવાશ પેદા કર્યાં હતાં. આવા પાયા પર એ બે રાજ્યો અલગ રચવાં, એ ના ગમે એવી વાત હતી. પણ તેમાં મહારાષ્ટ્ર તો મુંબઈ અલગ રહે એ જોવા જ તૈયાર નહોતું.

આ સંજોગમાં પાર્લમેન્ટના મોટા ભાગના સભ્યોએ ત્રણે એકમોને એકઠા જ રાખવાની મતિ જાહેર કરી. આ વસ્તુ નવી તો નહોતી જ. શ્રી શંકરરાવ દેવે તે રજૂ કરી જ હતી અને કૉંગ્રેસ પ્રમુખ જેવી કેટલીક આગેવાન વ્યક્તિઓ આ વિચાર સેવ્યા કરતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને પં. નેહરુએ આવકાર આપ્યો અને એમ લોકસભાએ તેની ઉપર પોતાની મહોર મારી.

આથી ગુજરાત, મહારાષ્ટ્ર તથા મુંબઈ ત્રણેની ઇચ્છાનો મુખ્ય મુદ્દો સચવાયો. મુંબઈ બધી રીતે રાજી થયું. ગુજરાત, મહારાષ્ટ્ર પોતાનું અલગ રાજ્ય ન પામી શકયું એ તેમનું દુઃખ રહ્યું. તે દુઃખ છતાં, મહારાષ્ટ્ર જોડે મુંબઈ રહ્યું, એ એનું આંશિક સમાધાન હતું. તેમ જ મુંબઈ મહારાષ્ટ્ર જોડે અલગ આગવું ન ગયું, તેથી તેટલું આંશિક સમાધાન ગુજરાતને પણ થયું ગણાય. ચારે તરફનો વિચાર કરવાની જવાબદારી પાર્લમેન્ટની હોઈને, તેણે આખી વાતનો દૂરંદાજ કાઢીને નિવેડો આપ્યો તે, ઉપરના સંજોગોમાં, તેને માટે બની શકે તેટલું સારામાં સારું વહેવારુ પગલું છે, એમ કબૂલ કરવું જોઈએ.

પરંતુ ગુજરાતમાં કેટલાંક વેપારી તથા રાજદ્વારી હિતવાદોએ બીજું વલણ બતાવ્યું અને મામલો તોફાનને માર્ગે ચડ્યો. શિક્ષણ જગત તેનો હાથો બન્યું. આ વસ્તુ અણધારી હતી, તે એ અર્થમાં કે, કોઈ માનતું નહોતું કે, ગુજરાત આમ આંધ્ર કે સંયુક્ત મહારાષ્ટ્રના ન્યાયે વર્તશે. એમાંથી એ પણ જણાયું કે, ભાષાવાર રાષ્ટ્રવાદની જુદાઈ કેટલી ઊંડી આપણામાં રહેલી છે. અને બીજી બાજુએ આપણું રાષ્ટ્રદર્શન તથા લોકશાહીની લાગણી પણ કેટલાં નાજુક અને મૂળ વિનાનાં છે, તે પણ આમાંથી જોવા મળે છે. તથા વિદ્યાર્થીઓ અને તેમના સલાહકારો સક્રિય રાજકારણમાં છડેચોક ઊતરી પડ્યા, એ પણ એક મોટી આફત જ ગણાય. ગુજરાતનું જાહેર જીવન, એમ જ કહો કે, આથી નવે જ રૂપે જોવા મળે છે — નવું વલણ લેવા તરફ વળ્યું છે. આ વલણ લોકશાહી તત્ત્વને આધારે નથી, એ એની કરુણતા છે. બાકી, નવા ગોઠવાતા હિંદમાં તેનું જાહેર જીવન અનુરૂપ પલટાતું જાય જ. તે લોકશાહી ઢબે હોય અને વિશાળ માનવતાવાદી રાષ્ટ્રવાદને ધોરણે આગળ વધે, એ જોવાનું રહે છે. તેમાં ભાષાવાર રાષ્ટ્રવાદની જુદાઈ ધર્મવાર કોમવાદ જેવી જ ખતરનાક છે, તે નવું જોવા મળે છે. હવેના નવપ્રયાણમાં આ નવા જોખમને પહોંચી વળવાને માટે હિંદે તૈયાર થવાનું છે. ગુજરાત આ બાબતમાં દેશમાં નવી ભાત પાડવાનું નેતૃત્વ લઈને ન વર્તી શકયું, એ જોઈને અફસોસ થાય છે.

૨૫-૮-'૫૬ **મગનભાઈ દેસાઈ**

ભાષાવાર પ્રાંતરચનાનો સાર

ભાષાવાર પ્રાંતરચના ધીમે ધીમે એવો ઉગ્ર સવાલ બનતો જાય છે કે, આ વિષે આપણે ખરેખર શું ચાહીએ છીએ તે આપણા મન સાથે હવે સ્પષ્ટ કરી લેવું જોઈએ. નહીં તો ઓડનું ચોડ વેતરાઈ જવા પૂરો ભય રહે છે. અને આ જગ્યાએ એ ભય એટલે હિંદની એકતા જોખમાય; અને એ ભય અકારણ નથી જ.

હિંદમાં મોટી મોટી ભાષાઓ — એટલે કે, જેને લાખો ને કરોડો લોકો બોલે છે, એવડી મોટી ભાષાઓ અનેક છે. તેથી કરીને તે તે ભાષા બોલનારા લોકોના પ્રદેશનો રાજવહીવટ, શિક્ષણ, અદાલતો વગેરે તે ભાષામાં ચાલે, — અને એમ તે ચાલવાં જોઈએ, એ કુદરતી છે; કેમ કે તે વગર આમ જનતા સ્વરાજનો સાચો સ્વાદ માણી ન શકે અને તે પૂરી ખીલી પણ ન શકે. એથી બીજી રીતે વર્તવામાં આવે તો સ્વરાજનો અર્થ પણ શો?

આ સાદી વાતને સામાન્ય રૂપમાં અને એવી ભાષામાં કહેવામાં આવી કે, દેશનો નકશો ભાષાવાર પ્રાંતરચનાના પાયા ઉપર ફરી રચવો. એની પાછળ સાચું રહસ્ય અને પ્રયોજન ઉપર જણાવ્યું તે હતું. અને સ્વરાજ આવ્યા પછી પણ એ જ ખરું છે. અને તેથી જ પ્રજામાંથી આ પોકાર ઊઠ્યા કરે છે.

આ પ્રયોજનને ધ્યાનમાં લઈ કોંગ્રેસે ૧૯૨૦-૨૧થી પોતાનું કામ કરવા માંડ્યું. તે પ્રજાને ફાવ્યું. તેને લઈને લોકમત પણ આ વિચારમાં કેળવાયો અને પાકો થતો ગયો. એટલે સુધી કે, એમ જ કહો કે, કેટલાક લોકોના લાગણીતંત્રમાં કદાચ વધારેપડતું કહેવું પડે એટલે સુધી એ વણાઈ ગયું!

પરંતુ આ પ્રકારે પ્રદેશોની ભાષાવાર રચના કરવાનો અર્થ કોંગ્રેસ બંધારણમાં એવો નહોતો કે, તે ભાષાભાષી પ્રદેશ વિસ્તારનો એક જ પ્રાંત કરવો. 'એકભાષા – એકરાજ્ય' એ એનો કાયદો નહોતો. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુ આજે સ્પષ્ટ સમજી લેવાની જરૂર છે. દા૦ ત૦, હિંદી ભાષા બોલનારા વિશાળ ઉત્તર હિંદમાં બિહાર, યુક્ત પ્રાંત, દિલ્હી, પંજાબ ઇ૦ અનેક પ્રાંતો હતા. મરાઠી બોલતા પ્રદેશમાં મહારાષ્ટ્ર, વિદર્ભ, મધ્ય પ્રાંત (મરાઠી) એવા પ્રદેશ હતા. બીજી રીતે જોઈએ તો, રાજ્યવહીવટ મુજબ એક એવા સી. પી. માં ત્રણ પ્રદેશ હતા — મહાકોશલ, વિદર્ભ, અને સી. પી. (મરાઠી). મુંબઈ નગર એક અલગ પ્રાંત હતો, અને મુંબઈ પ્રાંતમાં ત્રણ અલગ કૉંગ્રેસી પ્રાંત હતા. ગુજરાતમાં સૌરાષ્ટ્ર કચ્છ હતું.

આ ઉપરથી કહેવાની મતલબ એ છે કે, કૉંગ્રેસી પ્રાંતરચના ભાષાવાર કહેવાતી તેનો અર્થ એ નહોતો કે, એકભાષી વિસ્તાર આખો એક વહીવટી પ્રાંત જ બનતો; ભાષાવાર પ્રાંતરચનાના સિદ્ધાંતનો સાર શરૂમાં કહ્યો તે હતો. અને તે સાર સાધવા માટે જ્યાં ભાષાવાર ભાગ પાડવા જેવા લાગ્યા (જેમ કે મધ્ય પ્રાંત–સી. પી. માં), ત્યાં પાડ્યા અને ક્યાંક ન પણ પાડ્યા અને તે વગર પણ ઉપરનો સાર સાચવ્યો. એટલે કે, એમ ન મનાયું કે, તે સારને માટે ભાષાવાર પ્રાંતનો વહીવટી એકમ પાડવો જ જોઈએ; તેને જ એકમાત્ર સિદ્ધાંત ન માન્યો, કે જેવો અર્થ આજે કેટલાક કરવા લાગ્યા છે. આ બરોબર નથી; બલકે સ્વરાજ આવ્યાથી જે નવા નવા ખ્યાલો ને આશાઓ ફૂટવા લાગ્યાં છે, તેમાંથી એ નવા નવા અને ભલતા અર્થો તથા પ્રયોજનો કહાય છે. અને તે એવા છે કે, દેશના જુદા જુદા પ્રદેશો વચ્ચે, એક જ રાષ્ટ્રના તે હોવા છતાં, ખેંચાખેંચી, વેરઝેર અને કડવાશ જાગે છે. ભાષાવાર પ્રાંતો રચવાનો જે સાર છે તેને, આજનાં રાજ્યો જેવાં છે તેવાં પણ જો પોતાના અમલમાં ઉતારે, તો ભાષાવાર રાજ્ય અલગ જ જોઈએ, એમ ન કહી શકાય. જેમ કે, મુંબઈ રાજ્યમાં ત્રણ પ્રદેશભાષાઓ છે; તે તે પ્રદેશનું કામકાજ, શિક્ષણ વગેરે તે તે ભાષામાં ગોઠવવામાં આવે, તો કામ સરે. પરંતુ એ કરવામાં મુશ્કેલીઓ આવે છે. કેટલાક અંગ્રેજીને રાખવાની વાતો કરે છે; હિંદી ભાષા ઉત્તર પ્રદેશની જ બધે ચાલે એવા સંકુચિત ખ્યાલો ઊભા થયા છે; યુનિવર્સિટીઓ ને સરકારો શિક્ષણમાં ભાષાઓ વિષે નિર્ણય નથી લઈ શકતાં. આ બધાને લઈને વળી ગૂંચવાડો વધે છે. આથી કરીને, તાત્કાલિક જરૂર એ વસ્તુની છે કે, દેશની મહાન ભાષાઓને તેમના હકના સ્થાને — એટલે કે, રાજ્યવહીવટમાં, શિક્ષણમાં, અદાલતોમાં — સ્થાપવામાં આવે. તો ભાષાવાર પ્રાંત કરવાનો સાર અમલમાં આવતો જાય અને આર્થિક, ભૌગોલિક તથા બીજી અનેકવિધ દૃષ્ટિએ ભારતસંઘની રાજ્યવહીવટી પ્રદેશરચના કેમ કરવી એ સવાલ સીધો ને સાફ થાય.

૧૪–૧૦–'૫૩ **મગનભાઈ દેસાઈ**

('હરિજનબંધુ', ૩૧–૧૦–'૫૩ માંથી)

તા૦ ક૦ લગભગ ત્રણ વરસ ઉપર લખેલો આ લેખ અત્યારે ફરી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેનું કારણ વાચક સહેજે કળી જશે; ગુજરાતી ભાષા પ્રદેશ એક બને છે, પણ તેનું એક અલગ રાજ્ય નહીં બને. તે વખતે તેવા રાજ્યની કલ્પના બરોબર શામાં રહેલી છે તે સમજવું જરૂરી છે. વિદ્યાર્થીઓ અત્યારે એક રાજ્યની ચળવળના અમલી રાજકારણમાં ભરાઈ પડ્યા છે, એ દુઃખદ છે; તેમને કેટલાંક રાજદ્વારી હિતોએ ફસાવ્યા હશે, પણ તેથી ભૂલ તે ભૂલ નથી મટતી. ખરું જોતાં, વિદ્યાર્થીઓએ આ વખતે સાચો પ્રશ્ન જે ઉઠાવવા જેવો હતો તે શિક્ષણના માધ્યમનો હતો. તેમ કરે તો એ એમના હકમાં ગણાય. અને બીજા વર્ગો જે આ ચળવળમાં ફસાયા તેઓ અલગ રાજ્યને બદલે જાણે ભાષાવાર અલગ રાષ્ટ્ર કરવાનું હોય, એમ વર્ત્યા. મરાઠી ભાષાવાર રાષ્ટ્રવાદની વિરોધભક્તિમાં ગુજરાત છેલ્લાં પાંચેક વરસથી આ ભૂલનું ભોગ બની ગયું છે! આશા રાખીએ કે, તે આ વિષેના સાચા રહસ્ય તરફ વળશે.

૨૮–૮–'૫૬ **મ૦**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાભાર સ્વીકાર

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ તરફથી :

વનવેણુ : લે૦ ધૂમકેતુ, કિં. રૂ. ૩-૦-૦; **જાતક કથાઓ [ભાગ ૧ લો] :** લે૦ ઉપર મુજબ, કિં. રૂ. ૧-૦-૦; **વિશ્રામ :** લે૦ ગિરિન જે. ઝવેરી, કિં. રૂ. ૨-૦-૦; **કાદવની લક્ષ્મી :** અનુ૦ રમણલાલ સોની, કિં. રૂ. ૩-૦-૦; **નંદનવન :** અનુ૦ ઉપર મુજબ કિં. રૂ. ૩-૮-૦; **કુમાર કથાઓ ભાગ ૧-૨ :** [અલગ] લે૦ રમણલાલ સોની, કિં. બંને ભાગની ભેગી રૂ. ૩-૦-૦; **આંગણાંનાં પંખી [ભાગ બીજો] :** લે૦ મનુભાઈ જેધાણી, કિં. રૂ. ૧-૦-૦.

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ૦, અમદાવાદ તરફથી :

અણુખૂટધારા : લે૦ જયમલ્લ પરમાર, કિં. રૂ. ૪-૮-૦; **શેખચલ્લી — નૌમારખાં, અજગરના મોંમાં, રેશમિયાના દેશમાં, કુંવર પીપુજી :** લે૦ જયમલ્લ પરમાર, દરેકની કિં. અનુક્રમે રૂ. ૧-૦-૦, ૧-૦-૦, ૧-૪-૦, ૧-૪-૦; **વાત્રકને કાંઠે :** લે૦ પન્નાલાલ પટેલ, કિં રૂ. ૩-૮-૦; **પદ્માવતી :** લે૦ ડાહ્યાભાઈ પટેલ, કિં. રૂ. ૪-૦-૦; **ઉપમા :** લે૦ બાબુભાઈ પ્રા૦ વૈદ્ય, કિં. રૂ. ૫-૦-૦; **મા વિનાનાં :** લે૦ ઉપર મુજબ, કિ. રૂ. ૩-૦-૦; **તંદુરસ્ત રહો :** લે૦ ડૉ૦ ભૂપતરાય મો૦ દવે, ડૉ૦ શંકરલાલ મો૦ દવે, કિં. રૂ. ૩-૧૨-૦; **રામનામના વેવારિયા :** લે૦ ઈશ્વર પેટલીકર કિં રૂ. ૧-૦-૦; **ધરદીવડા :** લે૦ ઉપર મુજબ, કિં. રૂ. ૧-૦-૦ **જ્ઞાનદીપ :** લે૦ ધૂમકેતુ, કિં રૂ. ૧-૦-૦; **અણોજ્યો :** લે૦ ચૂનીલાલ વ. શાહ, કિં. રૂ. ૦-૧૨-૦; **હરિનો મારગ :** લે૦ ગુલાબદાસ બ્રોકર, કિં. રૂ. ૧-૦-૦; **આંખાના રોપ :** લે૦ ચૂનીલાલ મડિયા, કિં. રૂ. ૧-૦-૦; **જાદુઈ ટાપુ :** લે૦ શ્રીકાન્ત ત્રિવેદી, કિં. રૂ. ૧-૪-૦; **મહારાજ અને મહાત્માજી :** લે૦ પ્રો૦ બિપિન જીવણચંદ ઝવેરી, કિં. રૂ. ૧-૪-૦; **શંકરાચાર્ય :** લે૦ હરજીવન સોમૈયા, કિં. રૂ. ૦-૧૨-૦.

વાલગોવિંદ કુબેરદાસની કંપની, અમદાવાદ તરફથી:

માનવજીવનમાં વિજ્ઞાન : લે૦ ડૉ૦ નરસિંહ મૂ. શાહ, કિં. રૂ. ૩-૦-૦; **લોહું અને ગજવેલ :** લે૦ ડૉ૦ નરસિંહ મૂ. શાહ, મનુભાઈ જેધાણી, કિં. રૂ. ૧-૦-૦.

અન્ય પ્રકાશકો તરફથી :

ભગવાન બુદ્ધ : લે૦ ઝીણાભાઈ ર. દેસાઈ (સ્નેહરશ્મિ), પ્રકા૦ બી. એસ. શાહની કંપની, અમદાવાદ, કિં. રૂ. ૦-૮-૦; **વેચાણકળા, વેચાણ-સંચાલન અને વિજ્ઞાપન :** લે૦ મનુભાઈ મો. શાહ, જ્યોતિર્વદન સ. વચ્છરાજાની, પ્રકા૦ અનડા બુક ડીપો, અમદાવાદ, કિં. રૂ. ૫-૪-૦; **બિંદી :** લે૦ લાભુબહેન મહેતા, પ્રકા૦ શ્રી પ્રકાશન મંદિર, મુંબઈ, કિં. રૂ. ૩-૮-૦; **આત્મચિન્તન :** અનુ૦ પં૦ દેવકૃષ્ણ શાસ્ત્રી, પ્રકા૦ વીરજીભાઈ લધાભાઈ, મુંબઈ, કિં. અમૂલ્ય; **ચંથાગાર (સ્મૃતિઅંક) :** તંત્રી : ભાનુ ઝવેરી, મુંબઈ, કિં. રૂ. ૨-૦-૦; **ગુજરાતી હિન્દી શિક્ષક :** લે૦, પ્રકા૦ એન. જી. મહેતા, જેશીભાગ, કલ્યાણ, કિં રૂ. ૧-૦-૦; **મરાઠી-ગુજરાતી શિક્ષક :** લે૦, પ્રકા૦ અને કિં. ઉપર પ્રમાણે; **વર્ણક સમુચ્ચય ભાગ ૧, મૂલ પાઠ :** સંપા૦ ડૉ૦ ભોગીલાલ સાંડેસરા, પ્રકા૦ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, કિં. રૂ. ૭-૮-૦; **બહુરત્ના વસુંધરા :** લે૦ ઈશ્વરભાઈ જે. પટેલ, પ્રકા૦ પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા, કિં. રૂ. ૨-૦-૦; **વનમહેફિલ :** લે૦ ઉમિયાશંકર ઠાકર; પ્રકા૦ જગદીશ ઉમિયાશંકર ઠાકર, આણંદ, કિં. રૂ. ૦-૧૨-૦; **તિબેટના ભીતરમાં :** લે૦ હેનરિક હેરર, અનુ૦ મહેન્દ્ર મેઘાણી, પ્રકા૦ લોકમિલાપ કાર્યાલય, ભાવનગર, કિં. રૂ. ૧-૧૨-૦; **રામરસ :** લે૦ સરોદ, પ્રકા૦ હંસ પ્રકાશન, રાજકોટ, કિં. રૂ. ૧-૮-૦; **ઈશોપનિષદ્‌ભાષ્ય :** લે૦ ઇન્દ્ર વાચસ્પતિ, પ્રકા૦ ગુરુકુલ કાંગડી વિશ્વવિદ્યાલય, હરિદ્વાર, કિં. રૂ. ૨-૦-૦; **શ્રી અને સરસ્વતી :** લે૦ ગુણવંતરાય આચાર્ય, પ્રકા૦ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, કિં. રૂ. ૨-૪-૦; **સમાજ-શાસ્ત્ર :** લે૦ ડૉ૦ તારા પટેલ અને બુદ્ધીશ્ચંદ્ર શાહ, પ્રકા૦ મહાજન પબ્લિશિંગ હાઉસ, અમદાવાદ, કિં. રૂ. ૪-૮-૦; **અચ્યુતપુરનો પંથ :** લે૦ મોહિનીચંદ્ર, પ્રકા૦ એમ૦ એમ૦ ખંભાતવાળા (શ્રી સીતારામ સત્સંગ મંડળ) અમદાવાદ, કિં. રૂ. ૦-૮-૦; **'જીવન' અને 'વિકાસ?' :** અનુ૦ પોપટલાલ બુલાખીદાસ શાહ, પ્રકા૦ દરિયાપુર રાષ્ટ્રભાષા પ્રચાર વર્ગ, અમદાવાદ, કિં. રૂ. ૧-૦-૦; **અમર બાપુ :** લે૦ સત્યમ્, પ્રકા૦ શાંતિ ના૦ શાહ (શૈલેશ પ્રકાશન), અમદાવાદ, કિં. રૂ. ૦-૫-૦; **ગાંધી કથા ગીતા :** લે૦ ચિમનલાલ પ્રા૦ ભટ્ટ, પ્રકા૦ શ્રી જમનાદાસ ભગવાનદાસ ટ્રસ્ટ, ગાંધી મન્ઝૂર સેવાલય, અમદાવાદ, કિં. રૂ. ૦-૮-૦; **આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ :** સંપા૦ ડૉ૦ ભોગીલાલ જ. સાંડેસરા, પ્રા૦ પૃથ્વીરાજ જૈન, ડૉ૦ મોતીચન્દ્ર વગેરે, પ્રકા૦ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, કિં. રૂ. ૧૭-૮-૦. **રંગનાથી વર્ગીકરણ :** લે૦ ચૂનીલાલ પુ. બારોટ, પ્રકા૦ ગુજરાત પુસ્તકાલય મંડળ, અમદાવાદ, કિં. રૂ. ૧-૪-૦; **દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનું ગમન અને પુનર્ગમન :** લે૦ ચંદુલાલ ભગુભાઈ દલાલ, પ્રકા૦ પરીક્ષિતલાલ લ. મજમુદાર, પ્રાપ્તિસ્થાન ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, કિં. રૂ. ૦-૬-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદેશીઓની દૃષ્ટિએ ગાંધીજી

[ગયા ગાંધીજયંતી-પર્વમાં શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા માહાવિદ્યાલયમાં યોજવેલ વ્યાખ્યાનમાળામાં વાંચેલો નિબંધ.]

પૂ. ગાંધીજીએ દુનિયા આગળ વિવિધ વિચારો રજૂ કરેલા છે. તેમાંથી કેટલાક મહત્ત્વના વિચારો વિષે દુનિયાના કેટલાક જાણીતા વિચારકોએ કેવા વિચારો દર્શાવ્યા છે તેની અહીં આપણે સમાલોચના કરીશું.

૧

રાજકારણમાં શાંતિનો માર્ગ

ગાંધીજીએ જગત સમક્ષ જે મોટામાં મોટો વિચાર રજૂ કર્યો તે સત્ય અને અહિંસારૂપી શસ્ત્રોનો ઉપયોગ કરી રાજકારણના ક્ષેત્રમાં શાંતિ સ્થાપવાનો છે. રાજકાજની રમતમાં મનુષ્યને ઝાઝી સફળતા મળતી નથી એનું કારણ એ છે કે, એણે ધર્મ અને રાજકાજને એકબીજાથી અળગાં અને અલિપ્ત રાખ્યાં છે. રાજકાજમાં રચ્યાપચ્યા રહેતા રાજનીતિજ્ઞો ને મુત્સદ્દીઓ ધર્મને લેખામાં લીધા વિના રાજનીતિના ખેલ ખેલે છે. તેમાં એક પ્રજા પર બીજી પ્રજાનો અંકુશ અને રંક તથા નિર્બળ મનુષ્યોનું આર્થિક શોષણ એ વસ્તુઓ પ્રધાનપદે હોય છે. પણ એ વસ્તુઓ ધર્મના આદર્શથી સાવ વિરોધી ને વિસંગત છે. એટલે એ આદર્શોનો સીધો ને સાચો અર્થ કરવો એ મુત્સદ્દીઓને પોસાતું નથી.

પણ ગાંધીજી ધર્મ અને રાજકાજમાં એવી ભિન્નતા માનતા ન હતા. તેઓ માનતા હતા કે સમગ્ર જીવન એક અખંડ વસ્તુ છે. એમાં એકબીજાથી અસ્પૃષ્ટ કે અલિપ્ત એવા ખંડો કે ખાતાં નથી. તેઓ કહેતા કે, "જીવમાત્રની પ્રત્યે આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે; અને તે કરવાને ઇચ્છનાર મનુષ્ય-જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો. તેથી સત્યની મારી પૂજાએ મને રાજપ્રકરણમાં ખેંચી ગઈ છે. લોકો કહે છે કે, હું મુખ્યત્વે ધર્મપરાયણ માણસ છું ને રાજકારણમાં ફસાઈ પડેલો છું. ખરી વાત એ છે કે, રાજકારણ એ જ મારું ક્ષેત્ર છે ને તેમાં રહી હું ધર્મપરાયણ થવા મથી રહ્યો છું. એટલે ધર્મને રાજપ્રકરણની સાથે સંબંધ નથી એમ કહેનાર ધર્મને જાણતો નથી."

ગાંધીજી આમ માનતા હોવાથી, તેમણે રાજકારણમાં ધર્મને દાખલ કરવા કઈ પ્રક્રિયાથી કામ કર્યું અને તે વિષે વિદેશીઓના શા અભિપ્રાય છે તે હવે જોઈએ.

૧૯૩૧ના નવેમ્બરમાં ગોળમેજી પરિષદ માટે ગાંધીજી વિલાયત ગયા ત્યારે કેમ્બ્રિજ પણ ગયા હતા. તે વખતે અર્નેસ્ટ બાર્કરને ઘેર એ ઊતરેલા. અર્નેસ્ટ બાર્કર અને ગાંધીજી વચ્ચે રાજકારણને અંગે કેટલીક ગંભીર વાતો થયેલી. વાતોને અંતે અર્નેસ્ટ બાર્કર ઉપર જે છાપ પડેલી તે તેમણે આ પ્રમાણે વર્ણવી છે:— "ગાંધીજીએ શીખવેલા બે બોધપાઠ હું સમજી શકયો. એક પાઠ પ્રેમનો – પ્રેમપૂર્વક કરેલી સેવાનો; અને બીજો પાઠ અહિંસાનો.

"વળી, ભક્તિ અને જ્ઞાનમાર્ગવાળી હિંદુ ધર્મ-પ્રણાલિકાનો અને સમાજ તથા રાષ્ટ્રના નાગરિક ને રાજકીય સ્વાતંત્ર્યની પશ્ચિમી પ્રણાલિકાનો સંયોગ ગાંધીજીમાં થયેલો છે. એ તત્ત્વોના સંયોગને લીધે ગાંધીજી એક મહાન સેતુ અને શાંતિસ્થાપક બન્યા છે. તેઓ તેમના દેશબંધુઓની આગળ રાજકારણને ધર્મ રૂપે રજૂ કરી શકયા છે; અને અંગ્રેજ પ્રજાની આગળ સ્વદેશની લડતને રાજકીય ચળવળ કે રાજકીય ધાંધલના કરતાં કંઈક ઊંચા રૂપમાં રજૂ કરી શકયા છે. આ લડતમાં તેમણે પશ્ચિમની સર્વ પ્રજાઓનું ધ્યાન ખેંચ્યું છે અને તેમને હિંદુસ્તાનના પ્રશ્નમાં રસ લેતી કરી છે. જે પુરુષ ધર્મ અને રાજકારણનો યોગ સાધી શકે, અને છતાં એમાંથી એકેયને ક્ષતિ ન પહોંચવા દે, તે આજના યુગની મહાન અને આકર્ષક વ્યક્તિ બન્યા વિના રહે જ નહીં."

ત્યારે જગવિખ્યાત અમેરિકન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇનસ્ટાઇન કહે છે કે, "ગાંધીજીનું સ્થાન જગતના રાજકીય ઇતિહાસમાં અનોખું છે. પીડિત પ્રજાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાતંત્ર્યની લડતને માટે તેમણે સાવ નવી ને મનુષ્યને છાજે એવી રીત શોધી કાઢી છે; અને ભારેમાં ભારે સ્ફૂર્તિ ને એકનિષ્ઠાપૂર્વક તેને અમલમાં પણ ઉતારી છે. તેમણે સુધરેલી દુનિયાના વિચારશીલ લોકો પર જે નૈતિક અસર પાડી છે, તે આપણા પશુબળના પ્રાબલ્યવાળા યુગમાં સંભવિત દેખાય એના કરતાં વધારે લાંબો કાળ ટકી રહેશે. કેમ કે, રાજકાજમાં પડેલા મુત્સદ્દીઓ જેટલે અંશે પોતાના અંગત ઉદાહરણથી અને લોકો પર પ્રભાવ પાડીને પોતાની પ્રજાના નીતિબળને જાગ્રત અને સંગઠિત કરે, તેટલે અંશે જ એ મુત્સદ્દીઓનું કાર્ય ચિરસ્થાયી રહી શકે.

"આવા તેજસ્વી — ભવિષ્યની પેઢીઓને દીવાદાંડી-રૂપ થઈ પડે એવા — પુરુષ વિધાતાએ આપણા જમાનાને આપ્યા છે, એ આપણું સદ્‌ભાગ્ય છે, અને તેને માટે આપણે કૃતજ્ઞ રહેવું ઘટે છે."

આ બન્ને લેખકોના અભિપ્રાયથી જણાય છે કે ગાંધીજીને તેઓ જુદી જુદી રીતે ઓળખાવવા પ્રયત્ન કરે છે. અર્નેસ્ટ બાર્કર ગાંધીજીને ધર્મ અને રાજ-કાજને જોડનાર એક કડી–એક ધર્મપુરુષ તરીકે ઓળખાવે છે, ત્યારે આઇનસ્ટાઈન તેમને એક નૈતિક પુરુષ તરીકે ઓળખાવે છે.

આર્થર મેરીડોલ કીથ લખે છે કે, "આજે જગ-તના વ્યવહારમાં આદર્શોને અનુસરીને ચાલતાં પાર વિનાની મુસીબતો પડે છે. પણ એ બધી મુસીબતો વેઠીને મહાત્મા ગાંધીજીએ નિશ્ચયપૂર્વક પોતાના આદર્શની ઉપાસના ચાલુ રાખી તેને અનુસરીને વર્તન કર્યું છે. એ તેમના જીવનમાં મોટામાં મોટી વિશેષતા છે. બ્રિટિશ પ્રજાસમૂહના ઇતિહાસની દૃષ્ટિએ જોઈએ તો, મનુષ્યનું મનુષ્ય તરીકેનું ગૌરવ કબૂલ રખાવવા માટે તેમણે દક્ષિણ આફ્રિકામાં જે પ્રવૃત્તિ ચલાવી, તેને મહત્ત્વનું સ્થાન આપવું જોઈએ. ગોરા સિવાયની બીજી પ્રજાઓને રાજકાજમાં સમાનતાના હકો મળે તે માટે તેમણે બેધડકપણે કહ્યું છે કે મનુષ્ય તરીકે જોતાં મનુષ્યમાત્ર સમાન છે; જાતિ યા વર્ણની જુદાઈ પર રચાયેલ કૃત્રિમ ભેદો ગેરવાજબી તેમ જ અનીતિ-મય છે. આમ કહીને ત્યાંની જુદી જુદી પ્રજાઓને અને ખાસ કરીને હિંદી કોમને તેમણે તેના આત્મગૌરવનું ભાન કરાવ્યું ત્યારથી હિંદી કોમની પ્રતિકાર-શક્તિમાં પાર વિનાનો વધારો થયો છે. આ લડતમાં ગોરાઓની ઇંગ્લેંડમાં સારી લાગવગ હોવા છતાં તેમની સંપૂર્ણ હાર થઈ અને ગાંધીજીને સિદ્ધિ મળી."

આ ઉપરથી લેખક એમ સાબિત કરવા માગે છે કે ગાંધીજી આદર્શ પુરુષ હતા; અને એ આદર્શોથી એમણે રાજકારણમાં મનુષ્યનું મનુષ્ય તરીકેનું ગૌરવ કબૂલ કરાવી શાંતિ સ્થાપવા પ્રયત્ન કર્યો.

ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકામાં લડત ચલાવતા હતા ત્યારે તે વખતે ત્યાં કાયદા ને સુલેહશાંતિના રક્ષક જનરલ સ્મટ્સ હતા.

જનરલ સ્મટ્સ લખે છે કે, "આફ્રિકાનું યુનિયન સ્થપાયું તેના આરંભકાળમાં અમારી વચ્ચે સંઘર્ષ થયો. જે પુરુષ વિષે મને ત્યારે પણ ભારેમાં ભારે માન હતું તેમના પ્રતિપક્ષી થવાનું મારે નસીબે લખાયું. આ લડતમાં ગાંધીજીના સ્વભાવના કેટલાક ગુણો જોવા કે — ઉપાડેલી હિલચાલને સારુ ગમે તેટલી હદે જવા તૈયાર રહેવું, મિજાજ ખોવો નહીં, દોષ ન કરવો અને આકરામાં આકરી પરિસ્થિતિમાં પણ સૌમ્ય વિનોદ જાળવી રાખવો — તરી આવ્યા. તે ગુણો હિન્દુસ્તાનની મોટી લડતોમાં સ્પષ્ટતાથી દેખાઈ આવે છે. અહીંના હિંદીઓ માટે જે અમાનુષી કાયદાઓ હતા તે તોડવા તેમણે એક નવી જ કાર્ય-પદ્ધતિવાળી લડત ઉપાડી, કે જે પદ્ધતિને પાછળથી હિંદુસ્તાનમાં ચલાવેલી લડતોએ જગપ્રસિદ્ધ બનાવી. એ પદ્ધતિ એ હતી કે જાણી જોઈને કાયદાનો ભંગ કરવો, અને જે કાયદાની સામે વાંધો હોય તે તોડવાનો સામુદાયિક સત્યાગ્રહ પોતાના અનુયાયીઓ પાસે કરાવવો. પરિણામ એ આવ્યું કે, કાયદાને લોકોનો ટેકો ન મળ્યો અને તેથી કાયદાને રદ કરવો પડ્યો. ગાંધીજીની ધારી મુરાદ બર આવી.

"ગમે તેવી લડત ચાલતી હોય તોપણ ગાંધીજી તેમના કામમાં અંગત સ્નેહનો અંશ ઉમેર્યા વિના રહેતા જ નહીં. ત્યાંની જેલમાં રહીને તેમણે મારે માટે બહુ ઉપયોગની ચંપલની જોડ બનાવેલી અને જેલમાંથી છૂટતાં મને તે ભેટ આપેલી. ત્યાર પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણાં વરસ મેં એ ચંપલ પહેર્યાં છે. જોકે મને લાગ્યું તો છે જ કે, હું આવા મહાપુરુષના જોડામાં ઊભો રહેવાને લાયક નથી. આવા વાતાવરણમાં અમારી વચ્ચે સંધિ થઈ અને એ સંધિ ઇંગ્લૅંડની પાર્લમેન્ટે મંજૂર રાખી.

"ત્યાર પછી ગાંધીજી હિંદુસ્તાન ગયા. ત્યાંની લડતોમાં પણ તેમણે એ જ કાર્યપદ્ધતિનો પ્રયોગ કર્યો. આ ઉપરાંત તેમણે હિંદુસ્તાનમાં એક નવું સાધન યોજ્યું. તે પ્રતિપક્ષીને મૂંઝવે છે ખરું, પણ બહુ સચોટ નીવડે છે. તે સાધન તે પોતે 'ઉપવાસ' કરીને સુધારો કરાવવાનું. આ રીતે એ રાજકીય લડાઈમાં નવી રીત છે. આ રીતથી સામા માણસનું હૃદય પિગળાવી પોતાનું કામ કરાવી શકાય છે. એરિસ્ટોટલની વ્યાખ્યા મુજબ કહીએ તો, 'અતિશય કરુણ રસવાળું નાટક માણસના મનને જેમ શુદ્ધ અને ઉન્નત બનાવે છે,' તેવી જ અસર આ અનશનની પણ થાય છે. જ્યાં દલીલ અને સમજાવટની સામાન્ય રાજકીય રીતો નિષ્ફળ નીવડે છે, ત્યાં તેઓ આ નવું શસ્ત્ર યોજે છે. એ શસ્ત્ર ભારતવર્ષના તેમ જ સમગ્ર પૂર્વના પ્રાચીન આચારોને આધારે યોજાયેલું છે. એ શસ્ત્ર ને એ પદ્ધતિ તરફ રાજકીય વિચારકોએ ધ્યાન આપવા જેવું છે. રાજકારણના શાસ્ત્રમાં ગાંધીજીએ આપેલો એ ખાસ ફાળો છે.

"કોઈ પણ વ્યક્તિને ગાંધીજી સાથે ગમે તેટલો મતભેદ કે સ્વભાવભેદ હોય, છતાં એમની સત્યનિષ્ઠા, નિઃસ્વાર્થતા અને એ બધાં ઉપરાંત એમનો વિશ્વજનીન માનવપ્રેમ આપણને નિરંતર દેખાય જ છે. તેઓ હંમેશાં મહાન મનુષ્યની જેમ વર્તે છે, અને તેમને સર્વ વર્ગના ને સર્વ કોમના લોકો પ્રત્યે — ખાસ કરીને દીનદલિતો પ્રત્યે — ઊંડો સમભાવ હોય છે. એમની દૃષ્ટિમાં વર્ગ, પ્રાંત કે દેશની સંકુચિતતા નથી હોતી, પણ એમની સહૃદયતા ને અનુકંપા સર્વ દેશ-કાળના માણસો પ્રત્યે હોય છે. આત્માની સાચી મહત્તાની એ જ નિશાની છે.

"આજે યુરોપ જ્યારે સંભ્રમ અને અધોગતિને માર્ગે ચડ્યું છે, ત્યારે એશિયા દૃઢ પગલે મોખરે આવી રહ્યું છે એ આશ્ચર્યકારક વસ્તુ છે. જગતના જાહેર તખ્તા પર આજે જે મહાપુરુષો છે, તેમાંના બે એશિયાવાસી છે. ગાંધીજી આ બેમાંના એક છે. તેઓ કરોડોના જનસમુદાયને માનવતાના ઉચ્ચ શિખરે લઈ જવા મથી રહ્યા છે."

આ ઉપરથી એમ સમજાય છે કે, જનરલ સ્મટ્સ ગાંધીજીને એક મહાન માનવપ્રેમી પુરુષ ગણે છે અને માને છે કે, એ માનવપ્રેમને લીધે તેમણે રાજકાજની લડતોમાં શસ્ત્રોને બદલે સત્યાગ્રહ, અસહકાર, અનશન વગેરેના પ્રયોગો કરી રાજકારણમાં શાંતિ સ્થાપવા કોશિશ કરી છે.

રેવરંડ જૅક વિન્સલો કહે છે કે, "ગાંધીજીએ જગતને એવા પ્રકારનો શાંતિવાદ શીખવ્યો છે, જે ખરેખર શસ્ત્રયુદ્ધનું સ્થાન લઈ શકે એમ છે. પશ્ચિમમાં જે શાંતિવાદ જોવામાં આવે છે, તેમાં શસ્ત્રયુદ્ધની અવેજીમાં ચાલી શકે એટલું જોમ દેખાતું નથી. શસ્ત્ર-યુદ્ધ એ ત્યાજ્ય વસ્તુ છે, અને તેથી જીતનાર અને જિતાયેલા બન્ને પર આફત આવી પડે છે એમ શાંતિવાદીઓ માને છે એ સાચું છે. પણ દુષ્કર્મ અને અન્યાયની સામે સજ્જડ રીતે ભેખડાય અને આથડે એવું કશું તત્ત્વ પશ્ચિમના એ શાંતિવાદ પાસે નથી હોતું; એટલે ખરી કસોટીને સમયે તે નિષ્ક્રિય બનીને બેસી જાય છે.

"આવે સમયે ગાંધીજીનો ઉગ્ર શાંતિવાદ અથવા તો સત્યાગ્રહ પશ્ચિમના સામાન્ય શાંતિવાદને ટપી જાય છે. આ સત્યાગ્રહમાં પશ્ચિમના શાંતિવાદનાં બધાં તત્ત્વો છે. ઉપરાંત તે જલદ છે, અને તેથી જ બૂરાઈ અને અન્યાય પર વિજય ન મળે ત્યાં લગી સત્યાગ્રહી જંપતો નથી; અને તેમ કરતાં, જરૂર પડ્યે મોતને ભેટવા સુધીનું કષ્ટ સહન કરવા તૈયાર થાય છે.

"હિંદ ઉપરનો બ્રિટિશ અમલ દૂર કરવા માટે તેમણે પ્રજાને અહિંસાત્મક અસહકારમાં એવો માર્ગ બતાવ્યો કે જેમાં બૂરાઈનો પ્રતિકાર હતો, તેની સાથે સાથે દ્વેષનો સર્વથા અભાવ પણ હતો. પરદેશી અમલ સામે જે હુમલો કરવાનો હતો તેની ઉગ્રતા તો હિંસક યુદ્ધના જેટલી જ હતી; છતાં તેમાં ભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેનારાઓમાં ભારેમાં ભારે સંયમ, આપભોગ અને પ્રેમની જરૂર હતી. મારી તો ખાતરી છે કે, આજે જે અકથ્ય દુઃખો આવી પડવાનો ભય ઝઝૂમી રહ્યો છે તે સામે યુરોપને ને જગતને આવા સત્યાગ્રહની — શાંત નહીં પણ ઉગ્ર, નિષ્ક્રિય નહીં પણ સક્રિય, શાંતિવાદની જરૂર છે."

આ ઉપરથી એમ દેખાય છે કે રેવરંડ જેક વિન્સલો ગાંધીજીને શાંતિના ફિરસ્તા તરીકે ગણે છે.

૧૯૩૧ની ૪થી જૂને ન્યૂયૉર્ક રેડિયો ઉપર અપટન ક્લોઝે ગાંધીજી વિષે ભાષણ આપેલું તેમાં તેમણે કહેલું કે, "મહાત્મા ગાંધી જગતમાં રાજદ્વારી સરળતાના મોટામાં મોટા દૃષ્ટાંતરૂપ છે. આપણા પોતાના પ્રમુખ વુડરો વિલ્સને ગુપ્તતા વિનાના રાજકાજનો જે આદર્શ સૂચવેલો, તેના તેઓ એકમાત્ર સાચા અનુયાયી છે.

"આજે જગતમાં નવાં રાષ્ટ્રોના જે વિધાતાઓ છે, તેમાં ગાંધીજી સૌથી મોટા છે. તેઓ સૌથી મોટા એટલા માટે છે કે, પોતાના દેશની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે હિંસા કે છળકપટનું એક પણ કામ કરવા કરતાં, તેઓ એ સ્વતંત્રતાની આશા જતી કરવા તૈયાર થાય એવા છે. એવી તૈયારી બીજા કોઈ રાષ્ટ્રવિધાતામાં નથી. ઈશુ ખ્રિસ્ત જેમ જૂડિયા અને રોમ બંનેના કરતાં લાંબું જીવ્યા, તેમ ગાંધીજી હિંદુસ્તાન ને ગ્રેટ બ્રિટન બંનેના કરતાં લાંબું જીવશે."

આ ઉપરથી એમ લાગે છે કે અપટન ક્લોઝે ગાંધીજીને દરિયાવદિલી ગણ્યા છે અને માને છે કે, તેવા હોવાને કારણે કોઈ પણ જાતનું છળકપટ કર્યા વિના રાજકારણમાં શાંતિ લાવવાનો માર્ગ તેઓ બતાવી શકયા.

૧૯૩૩ના મે માસમાં અસ્પૃશ્યતાનિવારણને અંગે ગાંધીજીએ જે ૨૧ દિવસના ઉપવાસ કરેલા, તે પ્રસંગે ફ્રાન્સના ઋષિ રોમાં રોલાંએ કહેલું કે, "આજની દુઃખી દશામાં જ્યારે આખું જગત ક્રૂરતા ને હિંસામાં ડૂબી ગયું છે, જ્યારે અત્યાર સુધીના બધા વિગ્રહોની હત્યા ને ક્રૂરતાને ભુલાવે એવા મહાવિગ્રહો ફાટી નીકળવાની અણી પર છે, જ્યારે આખી માનવજાતિના જાલિમ અને ગુલામ એવા બે વિભાગ પડી ગયા છે, ને દુઃખ અને અન્યાયનો ભોગ થઈ પડેલી દલિત ગુલામ પ્રજાઓ જાલિમોની હિંસારૂપી મદિરા પીને ચકચૂર બની છે ને તેમને હિંસા સિવાય બીજો માર્ગ જડતો નથી, તેવે વખતે શાંતિ અને ન્યાયને કાજે પ્રેમ અને અહિંસાથી પ્રેરાઈને, આપે આત્મબલિદાનનો જે સંકલ્પ કર્યો છે, તે ઈશુ ખ્રિસ્તના બલિદાનની જેમ આખા જગતને માટે પવિત્ર અને મહામૂલો થઈ પડ્યો છે.

"ઈશુના બલિદાનથી જગત ઊગરી ગયું નથી એ સાચી વાત છે; છતાં એણે જગતને ઊગરવાનો માર્ગ તો દેખાડ્યો છે. કરોડો દુર્ભાગ્યોની વિપત્તિના અંધકારને તેણે પ્રકાશિત કર્યો છે.

"પણ આપને આ બલિદાન આપવું ન પડો; આપ હજી ઘણું જીવો. ભારતવર્ષનાં અને જગતનાં ભાઈબહેનો, જેમનું નાવ તોફાનમાંથી પાર ઉતારવાને આપના વિના ચાલે એમ નથી, તેમના માટે આપ દીર્ઘાયુ થાઓ એવી મારી પ્રાર્થના છે."

આ ઉપરથી જણાય છે કે રોમાં રોલાંએ ગાંધીજીને જગતની એક દીવાદાંડીરૂપ ગણ્યા છે. એમનો સંદેશો ગ્રહણ કરીને આખું જગત પોતાની સામે આવી પડેલી વિનાશક પરિસ્થિતિમાંથી ઊગરી જાય એવી ભાવના તેમણે વ્યક્ત કરી છે.

એક હીરાને જેમ અનેક પાસા હોય છે, તેમ ગાંધીજીના જીવનમાં પણ અનેક પાસા છે. જુદા જુદા વિદેશીઓએ તેમને જુદી જુદી રીતે નિહાળ્યા છે. જે દૃષ્ટિથી તેમણે જોયા તે ગુણ ગાંધીજીમાં હોવાથી તેઓ રાજકારણમાં શાંતિ લાવી શકયા એમ દરેકનું માનવું છે.

આમ એકંદરે આપણે જોઈશું તો ગાંધીજીએ દુનિયાના રાજકારણમાં જડમૂળથી પરિવર્તન કરવાનો પ્રયત્ન કર્યો છે. ભૌતિક શસ્ત્રબળને આધારે જે યુદ્ધો અત્યાર સુધી લડાતાં હતાં, તે યુદ્ધો તેમણે માનવતાની દૃષ્ટિએ — પ્રેમ, સત્ય ને અહિંસારૂપી સાધનો દ્વારા જગતને લડવાનું શીખવ્યું અને દુનિયાને રાજકારણમાં શાંતિ સ્થાપવાનો એક નવો જ માર્ગ બતાવ્યો. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હથિયારોમાં સત્યાગ્રહ એ મુખ્ય શસ્ત્ર છે. તે ઉપરના પરદેશી વિચારકોના વિચારો હવે આપણે જોઈશું.

૨

સત્યાગ્રહનું શસ્ત્ર

'અહિંસા પરમો ધર્મઃ' એ મહાભારતનું એક સુપ્રસિદ્ધ વચન છે. એનો જીવનના વ્યવહારમાં પ્રયોગ તે સત્યાગ્રહ. સત્યાગ્રહના મૂળમાં એવી માન્યતા રહેલી છે કે, "જગત સત્યરૂપી ખડકના પાયા પર રચાયેલું છે. અસત્યનો એક અર્થ જૂઠાણું છે, ને બીજો અર્થ એ છે કે 'જેની હસ્તી નથી તે'. સત્યનો અર્થ સચ્ચાઈ ઉપરાંત એ છે કે જેની 'હસ્તી છે તે'. એટલે અસત્ય — જેની હસ્તી નથી તેના વિજયનો સવાલ જ રહેતો નથી. જ્યારે સત્ય એટલે જેની હસ્તી છે તે. તેનો નાશ કરી શકાતો નથી. આવા અમૂલ્ય સત્યાગ્રહની જડ સત્યની શક્તિમાં, આત્માના આંતરિક બળમાં રહેલી છે. વિરોધીની હિંસા ન કરવી એ અભાવાત્મક અહિંસા તે સત્યાગ્રહ નથી, પણ વિરોધી પ્રત્યે પ્રેમ રાખવો, તેનું હિત થાય એવી પ્રાર્થના કરવી એ જ સાચો સત્યાગ્રહ છે. આવા માનવીય ગુણો જેમાં રહેલા છે તે સત્યાગ્રહ એ તીખામાં તીખું શસ્ત્ર — યુદ્ધની અવેજી ભરી શકે એવું અમોઘ અને અક્ષર નૈતિક શસ્ત્ર છે. પણ આ શસ્ત્રનો ઉપયોગ સામાન્ય માણસથી ન થઈ શકે. જેનામાં અસાધારણ ગુણ હોય તે જ વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકે. દુનિયાના વિરલ પુરુષોએ આ શસ્ત્રનો ઉપયોગ બહુ જૂજ પ્રમાણમાં કર્યો છે. પણ ગાંધીજીએ તો તેને જગત-વ્યાપી બનાવ્યું છે. ગાંધીજીને આ શસ્ત્ર કઈ રીતે પ્રાપ્ત થયું તે જોઈએ.

જ્હેન. એચ. હોફમાયર લખે છે કે, "અમેરિકાના પ્રસિદ્ધ પાદરી ડૉક્ટર જ્હેન મોટ ખ્રિસ્તીઓની મહા-સભામાં હાજરી આપવા હિંદુસ્તાન આવેલા તે દર-મિયાન તેઓ સેવાગ્રામ જઈને મહાત્મા ગાંધીને મળેલા, ત્યારે તેમણે મહાત્માજીને એક સવાલ આ પૂછેલો, 'આપના જીવન પર જેની વધારેમાં વધારે અસર થઈ હોય ને જેણે જીવનના ઘડતરમાં વધારેમાં વધારે ફાળો આપ્યો હોય એવા કયા કયા અનુભવો આપને થયા છે?' ત્યારે મહાત્માજીએ તેનો નીચે પ્રમાણે જવાબ આપેલો :

'એવા અનુભવો તો ઘણા છે, પણ જેનાથી મારા જીવનનો પ્રવાહ બદલાયેલો એવો એક અનુભવ મને ખાસ યાદ આવે છે. હું દક્ષિણ આફ્રિકા પહોંચ્યો તે પછી સાત દિવસે મને એ અનુભવ થયેલો. હું કેવળ કમાણી કરવાના સ્વાર્થી વિચારથી ત્યાં ગયેલો. હું તે વેળા તાજો વિલાયતથી આવેલો ૨૪ વરસનો જુવાન હતો ને મારે પૈસા કમાવા હતા. જે અસીલે મને ત્યાં બોલાવ્યો હતો તેમણે એકાએક મને ડરબનથી પ્રિટોરિયા જવાનું કહ્યું. એ મુસાફરી સહેલી નહોતી. ચાર્લ્સ-ટાઉન સુધી રેલવેમાં ને ત્યાંથી જોહાનિસબર્ગ સુધી ટપ્પામાં જવાનું હતું. રેલગાડીમાં મારી પાસે પહેલા વર્ગની ટિકિટ હતી, પણ રાતે ગાડીમાં સૂવા માટે જે ખાસ ટિકિટ જોઈએ તે નહોતી. મેરિટ્ઝબર્ગમાં પથારીઓ આપવામાં આવી ત્યારે ગાર્ડ મારી પાસે આવી મને ગાડીમાંથી હડસેલી કાઢ્યો ને મને માલના ડબ્બામાં જવાનું કહ્યું. હું તે ડબ્બામાં ન ગયો, ને ગાડી મને સ્ટેશન પર ટાઢે કકડતો મૂકીને ચાલી ગઈ. ત્યાર પછી મને જે અનુભવ થયો તેણે મારું જીવન પલટી નાખ્યું. મને બીક પેસી ગઈ કે કોઈ મને મારી નાંખશે તો? હું અંધારી વેઈટિંગ રૂમમાં પેઠો. રૂમમાં એક ગોરો હતો. મને તેની બીક લાગી. મેં મારા મનને પૂછ્યું : મારું કર્તવ્ય શું? મારે હિંદુસ્તાન પાછા જવું? કે ઈશ્વરને મારો સહાયક ગણીને આગળ વધવું ને જે દુઃખ વેઠવા નિર્માયેલાં હોય તે વેઠી લેવાં? મેં ત્યાં જ રહીને દુઃખો વેઠવાનો નિશ્ચય કર્યો. મારી સક્રિય અહિંસા તે જ દિવસે શરૂ થઈ. તે જ દિવસથી સત્યાગ્રહના સિદ્ધાંતનો જન્મ થયો.' આમ ગાંધીજીની જીવનકથામાં દક્ષિણ આફ્રિકાએ કેવો અગત્યનો ભાગ ભજવ્યો છે તે આ પ્રસંગ ઉપરથી બહુ સ્પષ્ટ દેખાઈ આવે છે.

લોરેન્સ હાઉસમેન કહે છે કે, "વહેવારુ રાજ-કારણના ક્ષેત્રમાં 'અહિંસક' સત્યાગ્રહની શક્તિનું પ્રદર્શન અણમોલ છે. અને ભવિષ્યમાં સ્વતંત્રતા મેળવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથતી સર્વ પ્રજાઓ ને કોમોનો પંથ તે ઉન્નતી છે. ગાંધીજી આટલું મોટું ને એકંદરે આટલું વફાદાર અનુયાયી દળ ભેગું કરી શકયા ને તેને મહા કષ્ટો વેઠવાની તાલીમ આપી શકયા એ પરથી મારા મત અનુસાર, એમ સાબિત થાય છે કે, તેઓ જે કંઈ શીખવે છે તે મનુષ્ય સ્વભાવની જડમાં રહેલું એક મૂળભૂત સત્ય છે, અને તેથી જ તેનો સ્વીકાર કરી મોટાં કામો પાર પાડવાના સાધન તરીકે તેનો પ્રયોગ કરવો એ તેમના ગજા બહારની વસ્તુ નથી."

જોન હોયલેન્ડ લખે છે કે, "૧૯૩૮માં મદ્રાસમાં દુનિયાના તમામ ભાગમાં આવેલા ખ્રિસ્તી પાદરીઓની એક પરિષદ ભરાઈ હતી. પરિષદનો આશય આધુનિક જગતના પ્રશ્નોનો ઈશુ ખ્રિસ્તના સંદેશની દૃષ્ટિએ વિચાર કરવાનો હતો. પરિષદ ભરાતા પહેલાં કેટલાક પ્રસિદ્ધ ખ્રિસ્તી નેતાઓ હિંદુ નેતા ગાંધીજીનાં દર્શન કરવા ને તેમને ચરણે બેસવા ખાસ લાંબી મુસાફરી કરીને ગયા. ઈશુ ખ્રિસ્તનું અનુકરણ વધારે સારી રીતે કેમ કરી શકાય એ વિષે ગાંધીજીની સલાહ લેવાનો તેમનો ઇરાદો હતો. તેમની વચ્ચે જે વાતો થઈ તેમાં શાંતિ લાવવાની બાબતના એક પ્રશ્નના જવાબમાં ગાંધીજીએ કહ્યું કે, સત્યાગ્રહ એ સ્વદેશને માટે આઝાદી ને એકતા મેળવવાની યા તો લશ્કરશાહી ને શસ્ત્રયુદ્ધ પર જીત મેળવવાની, યા ભૂંડી સામાજિક ને આર્થિક વ્યવસ્થાને સુધારવાની, કેવળ નાટકીય રીત નથી. એની જડ એથી ઊંડી ગયેલી છે. સત્યાગ્રહ એ ઐચ્છિક કષ્ટસહનનો સનાતન સિદ્ધાંત છે. જે માણસ સત્યાગ્રહનો આ સાચો અર્થ કંઈક પણ સમજે છે તે પાછળ નજર નાંખીને જગતના સમગ્ર ઇતિહાસનું અવલોકન કરે છે અને જુએ છે કે, માનવ જાતિ ધીરે ધીરે જે ઊર્ધ્વગતિ કરી રહી છે તે બધામાં અગણિત વ્યક્તિઓએ કષ્ટ વેઠીને દેહનાં બલિદાન આપ્યાં છે, અને મનુષ્યનો જે પ્રકાર વિનાશમાંથી ઊગરી ટકી રહેવા નિર્માયેલો છે તે પ્રકારની પ્રગતિમાં ફાળો આપેલો છે.

"આમ સત્યાગ્રહનો અભ્યાસી જોઈ શકે છે કે, ગાંધીજીએ તેમના દેશભાઈઓને અહિંસક રહીને કષ્ટ સહેવાની સત્યાગ્રહની હિલચાલમાં દોર્યા છે તેમાં તેમણે એક વિશ્વવ્યાપી ને જગજૂના સિદ્ધાંતને જ ફરી પ્રકાશમાં આણ્યો છે."

આલફ્રેડ હર્નલ સત્યાગ્રહના શસ્ત્ર ઉપર જે વિચારો દર્શાવે છે તે આ પ્રમાણે છે: — "સત્યાગ્રહ જગતમાં કાયમ ટકી રહેશે એ દેખીતું છે. દક્ષિણ આફ્રિકામાં એનો પ્રયોગ થયો તે પછી દુનિયામાં માણસોએ અનેકરૂપે તેના પ્રયોગ કર્યા છે અને હજુ પણ કરશે. વ્યક્તિઓ વ્યક્તિગત રીતે એ શસ્ત્ર વાપરી શકે છે. તે ભૌતિક નહીં પણ નૈતિક શસ્ત્ર હોઈ, રાજકીય લડત યા વિગ્રહને લાઈ જઈ ને તે ઉચ્ચતર કક્ષાએ ચડાવે છે. જેમની સામે આ પ્રયોગો કરવામાં આવે છે તેમના અંતરાત્મા જાગ્રત થાય છે. પોતાનો જ કક્કો સાચો છે એવો જે આત્મવિશ્વાસ તેમનામાં અગાઉ હોય તે ડગી જાય છે. તેમનું શરીરબળ અને શસ્ત્રબળ નકામું થઈ પડે છે અને તેઓ સત્યાગ્રહીઓ પર જે ત્રાસ વર્તાવે છે ને તેમને દુઃખ દે છે તેને માટે તેમનું અંતર તેમને ડંખે છે. એટલે તેમનો નિશ્ચય ડગમગવા લાગે છે."

રેવરંડ જેક વિન્સલો કહે છે કે, "સત્યાગ્રહના સિદ્ધાંતની યથાર્થતા વિષે મને શંકા નથી. હું તો માનું છું કે, જગતને માથે આજે આફતનો ભય ઝઝૂમી રહ્યો છે. તેને જો પાગલખાનામાંથી નીકળી શાણપણ અને શાંતિના સૂર્યપ્રકાશમાં આવવું હોય તો એ પાગલખાનાના દરવાજા ઉઘાડવા માટે આ એક જ ચાવી કામ લાગી શકે એવી છે. આ ઉપરથી સમજાય છે કે, સત્યાગ્રહ એ સર્વગુણસંપન્ન એક એવું શસ્ત્ર છે કે, જેની આગળ દુનિયાનાં ભૌતિક શસ્ત્રો કાંઈ જ વિસાતમાં નથી. એ શસ્ત્રનો શુદ્ધ ઉપયોગ પણ એ જ માણસ કરી શકે કે જેનામાં માનવતાના મહાન ગુણો પડેલા હોય."

૩

માનવધર્મ

જગતમાં જુદા જુદા ધર્મના અનેક વાડા થયા છે, પણ તેમાં સાચા ધર્મને ઓળખી તે પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનાર બહુ ઓછા માણસો થયા છે. દરેક ધર્મવાળો પોતાનો ધર્મ સર્વશ્રેષ્ઠ છે એમ પરધર્મી પાસે કબૂલાવે ત્યારે તેને શાંતિ વળે એવું બન્યું છે. જગતના ઇતિહાસમાં જે અશાંતિ જોવા મળે છે તેમાં પણ ઘણું કરીને ધર્મઝનૂનોને લીધે પ્રેરાઈને વ્યક્તિઓએ મચાવેલો ખળભળાટ જ છે.

ગાંધીજીએ તેમાં નવો જ ચીલો પાડ્યો છે. બધા જ ધર્મો શ્રેષ્ઠ છે એટલે સર્વધર્મ પ્રત્યે સમભાવ અને આદર રાખવો એમ તેમણે શીખવ્યું. એટલા માટે જ તેઓ જુદી જુદી ધર્મસ્થાપક વ્યક્તિઓ વિષે કહે છે કે, મારા જીવન પર ઊંડી અસર પાડનાર અનેકમાંના એક મહાન ધર્મોપદેશક તરીકે ઈશુ મારા હૃદયમંદિરમાં બિરાજે છે. તેઓ મહંમદ પેગંબરના સચ્ચારિત્ર, અડગ ઈશ્વરનિષ્ઠા અને કાર્યકુશળતાને વિશે માન અને આદર ધરાવે છે. હજરત અલીનાં કરુણા ને કષ્ટ-સહનની હંમેશાં સ્તુતિ કરે છે. ઈશ્વરની સર્વોપરી સત્તા વિષે જ્વલંત શ્રદ્ધા, જીવનની કડક સાદાઈ, મનુષ્યો પ્રત્યે ભ્રાતૃભાવની ઉત્કટ ભાવના અને ગરીબો પ્રત્યે સમતા ને સેવાભાવ એ સત્યો સર્વ ધર્મના મૂળમાં હોવાં જોઈએ અને હોય છે એમ ગાંધીજી માનતા હતા. પણ એમના જીવનને દોરનારી ને તેનું નિયમન કરનારી શક્તિ તો હિંદુ ધર્મ જ છે. હિંદુ ધર્મની સત્યની કલ્પના, આત્મદર્શનની ઝાંખી, વિશાળ ઉદારતા ને તેણે ઉપદેશેલી જીવમાત્રની એકતા વગેરે તત્ત્વને તેમણે અનેક વાર હિંદુ ધર્મની વિશેષતારૂપે ગણાવ્યાં છે, ને કહ્યું છે કે, હિંદુ ધર્મને મારા પ્રાણથી પણ અધિક વસ્તુ ગણું છું. પણ ગાંધીજીએ જે ધર્મ પાળ્યો છે તે ફક્ત પોતાને જ લાભ આપનાર નથી. તે ધર્મથી સમાજને પણ ઘણો લાભ થયો છે; અને એ જ સાચો માનવધર્મ છે કે જેનાથી આખો સમાજ ઉન્નત બને. ગાંધીજીએ કઈ રીતે આવો માનવધર્મ આચર્યો તે જોઈએ.

જોસેફ ડોક કહે છે કે, "ગાંધીજીના ધાર્મિક વિચાર અને ધર્મના વિષયમાં એમનું સ્થાન — એને વિશે આ દેશમાં ઘણી ચર્ચા થઈ છે એ સ્વાભાવિક છે. થોડા દિવસ પહેલાં મને કહેવામાં આવ્યું કે તેઓ ઔલ્હ છે. થોડાક જ વખત પર એક છાપાએ તેમને 'ખ્રિસ્તી મુસલમાન' તરીકે વર્ણવ્યા હતા — એ મિશ્રણ તો અસાધારણ કહેવાય. કેટલાક માને છે કે તેઓ મૂર્તિપૂજન કરે છે. ઘણા તેમને થિયોસૉફિસ્ટ માને છે. પણ કોઈ પણ ધાર્મિક સંપ્રદાય તેમને સર્વાંશે પોતાના હાથમાં રાખી શકતો નથી. દરેક ધર્મમાં જે સારી વસ્તુ છે તેને ગાંધીજી આચરણમાં મૂકે છે. એટલે જ દરેક ધર્મ તે પોતાના ધર્મના છે એમ ગણાવવા તૈયાર થાય છે. ગાંધીજીને મન ધર્મ એ અતિશય વહેવારુ વસ્તુ છે. તેમનાં સર્વ કાર્યોનું મૂળ ધર્મ છે."

મિસિસ એની બિસેન્ટ લખે છે કે, "આપણી વચ્ચે અલ્પ કાળને માટે એક એવા પુરુષ વસે છે, જેમનું સાંનિધ્ય આશીર્વાદરૂપ છે; ને તેઓ જે ઘરમાં પ્રવેશ કરે છે તે ઘર તેમની ચરણરજથી પાવન થાય છે. એ છે ગાંધી — આપણા શહીદ અને સંત. એમની અડગ ધીરજવાળી ને કદી ન થાકનારી હિંમત, આપ-ભોગમાં આનંદ અનુભવનારી નિસ્વાર્થતા, મધુર નમ્રતા અને સહનશક્તિ તેઓ પોતાની સાથે જન્મથી જ લાવ્યા છે. એક ક્ષણભર હું એમની સાથે હાથમાં હાથ મિલાવીને ઊભી રહી ત્યાં મેં એમનામાં એક અમર આત્મા જોયો, જે જાતિકષ્ટ સહીને બીજાનો ઉદ્ધાર કરે છે ને પોતે મરીને બીજાને જિવાડે છે. માનવ-જાતિના તારક ને સહાયક બનવાની ઊંચા પ્રકારની સેવા કરવાનું જેમને માટે નિર્માયેલું છે એવા એ પુરુષને મેં જોયા. જેમને વિશે કહેવાય છે કે 'એમણે બીજાને ઉગાર્યા; પોતાની જાતને તે ઉગારી શકયા નહીં.'"

ચાર્લી ઍન્ડ્રૂઝ પણ કહે છે કે, "ગાંધીજી હંમેશાં ગરીબ અને અસહાય લોકોને પોતાના સર્વ વિચારો ને કાર્યોમાં કેન્દ્રસ્થાને રાખે છે અને તેમના હિત આગળ બીજી બધી વસ્તુઓનો વિચાર જતો કરે છે. કેમ કે તેઓ ખાસ અર્થમાં ઈશ્વરના મિત્ર, ઈશ્વરના માનીતા, ઈશ્વરના પ્રિય જન છે. તેઓ દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગમાં મોટી કમાણી કરતા હતા ને ગરીબ, તવંગર સર્વને માટે ઘરનાં બારણાં ખુલ્લાં રાખતા હતા. ત્યાં તેમના જીવનમાં મોટું પરિવર્તન થવા પામ્યું. તેમણે સંપત્તિમાત્રનો ત્યાગ કર્યો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત ફ્રાન્સિસની પેઠે ગરીબાઈને વર્યા. ત્યારથી તેઓ ગરીબોની વચ્ચે, ગરીબોની પેઠે રહીને તેમનાં દુઃખોમાં ભાગ પડાવવા લાગ્યા. તે વખતથી ગરીબોના કલ્યાણ વિષેના તેમના વિચારોમાં અસાધારણ જોમ આવ્યું.

"ગાંધીજીના વિચાર કેટલીક વાર સૉક્રેટીસના વિચારથી ઘણા દૂર ને ઘણા ઊંડા જાય છે. એ વિચારો મને કંઈક ઈશુ ખ્રિસ્તના વિચારોનું સ્મરણ કરાવે છે. એક વાર અમારી વાતચીતમાં માંસાહારનો પ્રશ્ન નીકળ્યો. મેં કંઈક અવળાઈથી ગાંધીજીની આગળ એવી દલીલ કરી કે, ખુદ કુદરતમાં પણ નાના જીવોને મારીને મોટા જીવો જીવે છે. ને તે કારણસર માણસો આહારને માટે જનવરને મારે એ વાજબી છે. એક ક્ષણમાં ગાંધીજીની આંખો ભભૂકી ઊઠી. તેમણે મને શાંત ને કાબૂમાં રાખેલે અવાજે કહ્યું : 'તમે ખ્રિસ્તી છો, ને છતાં આવી દલીલ કરો છો! મેં તો માનેલું, તમારું બાઇબલ એવું શીખવે છે કે ઈશુ દેવાંશી હતા; ને તેઓ દેવાંશી હતા એટલા માટે જ તેમણે મનુષ્ય જેવા પાપી માણસને માટે પોતાના દેહનું બલિદાન આપ્યું. એ ઉપદેશ હું સમજી શકું છું, પણ તમે હમણાં કહી એ વાત તો હું બિલકુલ સમજી શકતો નથી. આખું વિશ્વ એક નાના કીડાનો જીવ બચાવવા માટે પોતાનું બલિદાન આપે છે એવી કલ્પના કરવી મને ગમે, પણ તમારી દલીલ તો જરાયે સુંદર નથી. કોઈ હિંદુ તો એવી દલીલ એક ક્ષણને માટે પણ ન કરે. આખો જૈન ધર્મ એની સામે બળવો કરે. બૌદ્ધ ધર્મ એનો સર્વથા અસ્વીકાર કરે. અને એ દલીલ ખ્રિસ્તી ધર્મને પણ શોભે એવી તો નથી જ." આ તો એક સામાન્ય દાખલો છે. તેમાં પણ જણાય છે કે, ગાંધીજી એકાએક કેવી દલીલ કરી સામા માણસને છક કરી નાંખતા હતા.

વિલફ્રેડ વેલોક કહે છે કે, "ગાંધીજી વિરાટ આત્મા હતા. પોતાના રાષ્ટ્રને ઉન્નત બનાવવા ને પોતાની પ્રજાને મુક્ત કરવાના એકમાત્ર ઉદ્દેશને ખાતર હોદ્દો, માનપાન, ભોજશોખ, સંપત્તિથી મળતી સર્વ સુખસગવડો, ને 'બાનગી' જીવનનો ભોગ આપવા જેટલા ઉચ્ચ ગુણો, તથા પોતાની શક્તિનો આણુએ આણુ ને પોતાના સમયની ક્ષણે ક્ષણ ને પોતાનો પ્રત્યેક વિચાર એ એક જ હેતુની સાધના પાછળ અર્પણ કરવા જેટલી હિંમત અને શક્તિ જે પુરુષમાં છે તે તો મહત્તાના શિખરે જ પહોંચ્યા છે એમ ગણાય. ગાંધીજીએ તેમની પ્રજાના કલ્યાણને સારુ સ્વાર્થ ને સુખનો આ જે સંપૂર્ણ ભોગ આપ્યો છે, તેને લીધે જ તેઓ જગતના ઇતિહાસમાં થઈ ગયેલા થોડાક વિરાટ આત્માઓની કોટીમાં સ્થાન પામી શકે છે."

આ બધા ઉપરથી સમજાય છે કે, માનવધર્મ એ ફક્ત વ્યક્તિ પૂરતો મર્યાદિત કે વ્યક્તિનું જ ભલું કરવા માટે નથી. જો તેમ હોય તો તે ધર્મ નથી પણ ધર્મને નામે ઊભું થયેલું ભૂત છે. ધર્મ આખા સમાજ ને જગત માટે હોવો જોઈએ. તે ધર્મના આચરણથી આખા સમાજને ને જગતને લાભ થવો જોઈએ. સાચો ધર્મ ટીલાં ટપકાં કે નિશાનીઓથી પ્રદર્શિત ન કરી શકાય. તે તો માનવસેવા દ્વારા જ પ્રકટ થાય. આવો ધર્મ તે જ સાચો માનવ ધર્મ છે. તે ધર્મ ગાંધીજીએ આચરણમાં મૂકીને જગતને બતાવી આપ્યો છે.

મગનભાઈ કાદરભાઈ પટેલ

સત્યાગ્રહની મીમાંસા

મગનભાઈ દેસાઈ

સત્યાગ્રહના મૂળ સિદ્ધાંતની સમજ, સમાજવાદ, સામ્યવાદ વગેરે બીજા સામાજિક સિદ્ધાંતોની દૃષ્ટિએ તેનું પરીક્ષણ, તેની પાછળ રહેલી સામાજિક ફિલસૂફી વગેરે બાબતોની શાસ્ત્રીય રીતે ચર્ચા કરતું પુસ્તક.

કિં. રૂ. ૩-૦-૦ ટપાલખરચ ૦-૯-૦

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડૂક્યોપનિષદનો સ્વાધ્યાય

[ગયા અંકથી આગળ]

આત્માનો બીજો પાદ

આત્માનો પહેલો પાદ જીવાત્માની જાગ્રત અવસ્થા છે. તેનો બીજો પાદ જીવાત્માની બીજી અવસ્થા સ્વપ્ન છે. આપણા સમગ્ર અનુભવનો આ એક બીજો મોટો ખંડ છે, કે જે દ્વારા આત્માની પ્રતીતિ થાય છે. માંડૂક્યકાર તે બીજો પાદ નીચે પ્રમાણે વર્ણવે છે:—

स्वप्नस्थानोऽन्तःप्रज्ञः सप्तांगः एकोनविंशतिमुखः प्रविविक्तभुक् तैजसो द्वितीयः पादः ॥४॥

પદાર્થ

स्वप्नस्थानः = સ્વપ્ન દશાના સ્થાન કે ક્ષેત્રવાળો, अंतःप्रज्ञः = જેની પ્રજ્ઞા અંતરના (એટલે કે, સ્વપ્નમાં મનની અંદર પ્રતીત થતા) ક્ષેત્રમાં કામ કરે છે તેવો, सप्तांगः, एकोनविंशतिमुखः (જુઓ મંત્ર ૩ માં) प्रविविक्तभुक् = પ્રવિવિક્ત (એટલે આ સ્થૂલથી છૂટું પડીને સાવ અલગ એકલું બનીને છૂટક રૂપે પ્રવર્તે છે તેવું પદાર્થોનું પ્રજ્ઞાન,– સ્મૃતિ વૃત્તિ દ્વારા) ભોગવનારો, तैजसः = તૈજસ, તેજપુરુષ (વિશ્વ રૂપે સ્થૂલ નહીં પણ તેજ રૂપે સૂક્ષ્મ હોઈ તૈજસ નામે કહેવાતો), द्वितीयः = બીજો, पादः = પગ, પગલું, પગથિયું.

અન્વય

(तस्य आत्मनः) द्वितीयः पादः स्वप्नस्थानः, अंतःप्रज्ञः, सप्तांगः, एकोनविंशतिमुखः प्रविविक्तभुक तैजसः ।

અર્થ

(તે આત્માનો) બીજો પાદ સ્વપ્નદશાના સ્થાન કે ક્ષેત્રમાં વિચરતો એવો અંતર્મુખ બનેલો, સાત અંગ અને ઓગણીસ મુખ ધારણ કરનારો, (અને તે વડે) પ્રવિવિક્ત કે સૂક્ષ્મ એવા આંતર જગતને ભોગવતો એવો તૈજસ છે.

[બીજા પાદમાં વર્ણતા આત્માનું સ્વરૂપ પણ 'સપ્તાંગ' અને 'એકોનવિંશતિમુખ' છે એટલે કે, ત્યાં દેહીનું પ્રજ્ઞાન સાત અંગવાળા અને ઓગણીસ મુખવાળા દેહ વડે જ છે. આ પ્રજ્ઞાનથી તે માણે છે, તે એને 'ભોગવે' છે, એમ કહેવાયું છે. પણ આ પાદે રહેલા આત્માની સ્થિતિમાં ફરક એ બતાવ્યો છે કે, તેનું આ ક્ષેત્રનું પ્રજ્ઞાન આંતર છે. તેથી તેને 'અંતઃપ્રજ્ઞ' કહ્યો છે. એટલે એના ભોગ્ય જગતનું લક્ષણ પણ 'સ્થૂલ' મટીને આંતરિક કે સૂક્ષ્મ બને છે. આ સૂક્ષ્મ જગતને માંડૂક્યકાર 'પ્રવિવિક્ત' કહે છે. અને તેના ભોક્તાને પહેલે પાદે 'વૈશ્વાનર' કહ્યો; આ પાદે તેને 'તૈજસ' કહે છે.

આપણે જગતને મન (તેના હાથ નીચે કામ કરતી ઇંદ્રિયો તેમાં આવી ગઈ.) રૂપી આંખ વડે જોઈએ છીએ. આ જગતના બે નોખા ભાગ અનુભવમાં આવે છે. એ બે ભાગો આપણી પોતાની બે અવસ્થાઓ સાથે જડાયેલા છે. એક સ્થૂલ જગત અને બીજું સૂક્ષ્મ આંતર જગત. બંને જગત દૃશ્ય એવા આ વિશ્વના જ ભાગ ગણાય. બંને વચ્ચે કડી રૂપે આપણે તેના એક-સમાન ભોક્તા છીએ. હવે સવાલ એ આવે છે કે, એ બે દૃશ્ય કે ભોગ્ય વિભાગો વચ્ચે શો સંબંધ? એકને આપણે વૈશ્વાનર રૂપે માણીએ છીએ; બીજાને તૈજસ રૂપે. એ બે અનુભવોની જુદાઈ છે, છતાં એ જુદાઈ એ અલગ પદાર્થોને કે સત્ત્વોને લઈને છે કે કેવી રીતની છે? બીજી રીતે પૂછીએ તો, જાગ્રતમાં જે જગત જોઈએ જાણીએ કે માણીએ છીએ તે સત્ત્વ, અને સ્વપ્નમાં જે જગત જોઈએ જાણીએ કે માણીએ છીએ તે સત્ત્વ, એ બેમાં જે ભેદ છે તે વસ્તુઓ તરીકે મૂળ ભેદ છે કે એક વસ્તુ હોવા છતાં અવસ્થાભેદ છે? ભોક્તા તો એક છે; પણ ભોગ્ય એક છે કે જુદાં?

આ પ્રશ્નનો જવાબ 'પ્રવિવિક્ત' પદના અર્થમાંથી મેળવવો જોઈએ. સ્થૂલ જગતના અનુભવને આપણે અંતઃકરણ દ્વારા વિવેક કરીને,— એટલે કે આપણી કલ્પનાશક્તિ, તર્કવિતર્કશક્તિ, વિચારશક્તિ, બુદ્ધિશક્તિ વગેરે બધી અંતઃકરણની વિભૂતિઓ વડે નાણીએ છીએ બાહ્ય કે સ્થૂલનું આપણું પ્રજ્ઞાન આ રૂપે આપણું બને છે. અને એમ થયા પછી એ રૂપે તે આપણા અંતરમાં જડાય છે. એમ માનો કે, બાહ્ય કે સ્થૂલનો ફોટો મન રૂપી કેમેરા વડે આપણા ચિત્તની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્લેટ પર પડ્યા કરે છે: કાલના વહનની સાથે તેનું રેખન ત્યાં પડ્યા જ કરે છે. એક પ્રકારનું ચલચિત્ર ત્યાં અંકાતું રહે છે, એમ કહો. સ્થૂલનું આવું રેખાંકન જ આપણી સ્મૃતિ વૃત્તિ છે. તે ઉપર આપણે જાગ્રતદશામાં ચિંતન મનન કરીએ છીએ અને તે જ આંતર સંચય સ્વપ્નદશામાં પણ આપણે માણીએ છીએ. એમ કહો કે, જેમ અનેક રેકર્ડો આપણી પાસે હોય, તેમાંથી આપણી ઇચ્છા જેવી ઊઠે તે મુજબ તેમાંથી અમુક પાછી સાંભળીએ, તેમ સ્વપ્નમાં તેના કોઈક અમુક ન્યાયે, સ્થૂલના વિવેક રૂપે પડેલા પેલા સંચય-જગતમાંથી અમુક પાછું આપણે અંતઃપ્રજ્ઞ બનીને જોઈએ છીએ. મતલબ કે, 'સ્થૂલ' તથા 'પ્રવિવિક્ત' વચ્ચે વસ્તુભેદ નથી, પણ અવસ્થાભેદ છે. સ્વપ્નમાં પણ સ્થૂલ જગત જ ભોગરૂપે તો છે, પણ તે 'પ્રવિવિક્ત' રૂપે તેનાથી છૂટું પડીને વર્તે છે. અને તે વખતે, જેમ ચલચિત્ર તેજસસૃષ્ટિ છે તેમ જ આ 'પ્રવિવિક્ત' પણ સ્થૂલ ભૂતસૃષ્ટિ ન રહેતાં તેજસસૃષ્ટિરૂપ બન્યું હોય છે, અને તેનો ભોક્તા તૈજસ રૂપે આત્મા છે. નવાઈ એ છે કે, આ સૃષ્ટિ કેવળ એક કે અમુક થોડી ઇંદ્રિયોથી ગોચર નહીં, પણ જાગ્રત પેઠે જ બધી રીતે ગોચર થાય છે. જોકે, આમ જોતાં શરીર એકમાં બહાર વિચરતું હોય છે, ત્યારે બીજી સૃષ્ટિના કાળે તે સૂતું જ હોય છે. તે કાળે ઇંદ્રિયો અંતઃપ્રજ્ઞાની બનીને કામ કરે છે. તેથી માંડૂક્યકારે તૈજસ આત્માના દેહને આ દશામાં પણ સપ્તાંગ અને ૧૯-મુખી જ કહ્યો છે.

આ બે સૃષ્ટિઓ — બાહ્ય કે જાગ્રત સૃષ્ટિ અને આંતર કે સ્વપ્ન સૃષ્ટિ — આત્માના સ્થાનભેદે કરીને અલગ બે પ્રતીત થાય છે. એક ત્રીજો અનુભવ પણ આપણને છે કે જ્યાં આ બંને સૃષ્ટિ લય પામી જઈને એક વળી ત્રીજું બને છે. તે છે નિદ્રા કે સુષુપ્તિની દશા. એ દશા આત્માનું ત્રીજું સ્થાન છે; તે એનો ત્રીજો પાદ છે. તેનું વર્ણન પછીના મંત્રમાં ઋષિ કરે છે. તે પછીના અંકમાં જોઈશું.

૧૩-૮-'૫૬ **મગનભાઈ દેસાઈ**

જાપાનમાં વેશ્યાવાડાની બંધી

તા. ૨૧મી મે ૧૯૫૬ને રોજ જાપાની પાર્લમેન્ટે વેશ્યાવાડા નાબૂદ કરવાને લગતો પ્રથમ કાયદો પસાર કર્યો છે, અને એ રીતે તેના સામાજિક વિકાસમાં એક અગત્યનું પગલું ભર્યું છે. જાપાનમાં આ પગલું ભરાવું એ તે દેશની સૈકાજૂની એક સામાજિક પ્રથાના મૂળમાં પ્રહાર થવા બરાબર છે. કારણ કે, જાપાનમાં વેશ્યાવૃત્તિ એ શરમભરેલી વસ્તુ ગણાતી નથી. અને તેથી પાર્લમેન્ટની કમિટીઓ સમક્ષ વેશ્યાવાડા ચલાવનારાઓની કમિટીઓ, વેશ્યાઓ ભેગી કરનારાઓની કમિટીઓ અને વેશ્યાઓની કમિટીઓ ઉઘાડેછોક પોતાનો કેસ રજૂ કરવા આવી હતી.

જાપાનમાં બીજા વિશ્વયુદ્ધ બાદ આ જાતના પાંચ કાયદા પાર્લમેન્ટમાં રજૂ થયા હતા; પરંતુ તે પસાર થઈ શકયા ન હતા. હવે સ્ત્રીઓને જાપાનમાં પહેલી વખત મત મળ્યો હોઈ, પાર્લમેન્ટના નવા સ્ત્રી સભ્યોએ આઠ આઠ વર્ષથી ચલાવેલ ઝુંબેશને પરિણામે આ કાયદો પસાર થયો છે.

જોકે, આ કાયદો પસાર થતાં પહેલાં સુધારા વધારા કરીને એટલો બધો હળવો કરી નાખવામાં આવ્યો છે કે, તેને જાપાની અખબારો 'વાંસનો કરંડિયો' કે 'ચાળણી' સાથે સરખાવે છે. આ કાયદા હેઠળ સ્ત્રીઓ વ્યક્તિગત રીતે વેશ્યાવૃત્તિ ચલાવી શકશે; માત્ર સંગઠિત વેશ્યાવાડા બંધ થશે. જાપાનમાં વેશ્યાવાડા રાખનારની સંખ્યા ૪૦,૦૦૦ છે અને તેમાં વેશ્યાવૃત્તિ કરનાર સ્ત્રીઓની સંખ્યા ૧,૮૦,૦૦૦ છે. જાપાની સરકારે ૪૦,૦૦૦,૦૦૦ યેન એ લોકોને બીજો ધંધો શોધવામાં મદદ કરવા જુદા કાઢ્યા છે.

જાપાની ગેઇશા સ્ત્રીઓ જે નાચવું, ગાવું વગેરે ગણિકાવૃત્તિ કરે છે અને સીધી વેશ્યાઓ નથી મનાતી, અને જેમની સંખ્યા તો ઘણી મોટી છે, તેઓને આ કાયદો લાગુ નહીં પડે.

(ન્યૂયૉર્ક ટાઇમ્સ મે ૨૨,'૫૬) — **ગો૦**

[સ્ત્રી-મતાધિકારની શક્તિ બતાવનારી એક વાત, આ ગણાય. આપણે ત્યાં પણ આ શક્તિ કામ કરવા લાગશે, એ સાફ છે. પુરુષોની હરીફાઈ કે સ્પર્ધાના ભાવમાં નહીં, પણ ખરેખર સેવાના ભાવમાં એ વળે એ જોવાનું કામ સ્ત્રીનેતાઓનું છે. પદ અને સત્તાની લાલસા રાખ્યા વગર જો તેઓ મતાધિકારશક્તિ સેવામાં વાળે, તો આમાં તેમને ખૂબ સરળતા થાય.

૪-૬-'૫૬ **મ૦**]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવા દારૂનો ઉપયોગ-દુરુપયોગ

પ્રસૂતિ વખતે વેદનાનિરોધક દવાઓ

ન્યૂયૉર્ક સ્ટેટની મેડિકલ સોસાયટીના ૧૫૦ મા વાર્ષિક સંમેલન વખતે એ અહેવાલો રજૂ કરવામાં આવ્યા હતા. તેમાં જણાવવામાં આવ્યું છે કે, માતાઓને પ્રસૂતિ વખતે પીડા ન અનુભવાય તે માટે ઘેનમાં નાખવાની કે વેદના માલૂમ ન પડે તેવી દવાઓનો ઉપયોગ અમેરિકામાં મોટા પ્રમાણમાં થાય છે. તેનાથી માતાઓના મૃત્યુનું પ્રમાણ ભયજનક રીતે વધતું જાય છે. નાનાં બાળકોની બાબતમાં પણ સામાન્ય નસ્તર જેવા વાઢકાપ વખતે આવી ઘેનની કે દુખાવો ન અનુભવાય એવી દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે, તેથી પણ એવું જ પરિણામ આવે છે.

યેલ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ મેડિસિનના પ્રસૂતિ-વિભાગના પ્રોફેસર અને ચેરમેન ડૉ. બક્ષટન તેમના અહેવાલમાં જણાવે છે કે, ન્યૂયૉર્ક શહેરમાં ઈ. સ. ૧૯૫૨માં માતૃ-મરણની સંખ્યાનાં કારણોમાં પ્રસૂતિ વખતની આ વેદના-નિરોધક દવાઓનો વધુ ઉપયોગ પાંચમું મુખ્ય કારણ બની રહ્યું છે. અને ત્યાર પછીનાં વર્ષોમાં તો એ વધતું જ ચાલ્યું છે.

બોસ્ટનની બાળકો માટેની ઇસ્પિતાલના ડિરેક્ટર ડૉ. સ્મિથે તેમના અહેવાલમાં જણાવ્યું છે કે, બાળકોને આવી વેદનાનિરોધક દવાઓ આપવાથી થતાં મૃત્યુની સંખ્યા, માની ન શકાય તેટલી મોટી બની રહી છે.

ન્યૂયૉર્ક ટાઇમ્સના તા. ૧૧મી મે, ૧૯૫૬માંથી ઉપરના સમાચાર ઉતાર્યા છે. પરંતુ પૂછપરછ પરથી જણાય છે કે, હવે આપણા દેશમાં પણ શહેરોની મુખ્ય ઇસ્પિતાલોમાં પ્રસૂતિ વખતે દરદ ભૂલવા માતાઓમાં આવી વેદનાનિરોધક દવાઓનો ઉપયોગ વધતો જ જાય છે. જીવનની આવી સામાન્ય વેદનાઓમાંથી બચવાની ધખણા ખોટી છે — અવૈજ્ઞાનિક છે, એમ હવે આ અહેવાલો જણાવે છે.

પ્રસૂતિ વેળાની આ પીડા ઓછી કરવા માટે મનને ગભરામણ કે તંગદિલીથી મુક્ત રાખીને સ્નાયુઓને અમુક રીતે શિથિલ રાખવાની થોડીક જ આવડતથી આખી પ્રસૂતિની ક્રિયા દરદ વિના તથા જોખમ વિના થઈ શકે છે. તેને માટે ડૉ. રીડના 'ચાઈલ્ડ-બર્થ વિધાઉટ ફીયર' જેવાં પુસ્તકોનું વાચન અને તેમાં જણાવેલી માહિતીનો પ્રચાર વધવો જોઈએ. પરંતુ તેને બદલે વેદનાનિરોધક દવાઓનો ઉપયોગ જ વધે છે; અને તેનાં ગંભીર પરિણામ આવતાં દેખાય છે. છતાં તે પ્રત્યે ધંધાદારી ડાક્તરો તેમ જ સુધરેલા કહેવાતા દરદીઓ અવૈજ્ઞાનિક-પણે દુર્લક્ષ જ સેવે છે.

આધુનિક ડાક્તરી વિદ્યાની બાબતમાં આ વલણ સવિશેષ જોવામાં આવે છે. જે કાંઈ પ્રત્યક્ષ પરિણામો જોવામાં આવે, તેમનો વૈજ્ઞાનિક અભ્યાસ થવો જોઈએ; પરંતુ વૈજ્ઞાનિકોનાં અન્ય ક્ષેત્રની જેમ ડાક્તરી ક્ષેત્રમાં પણ 'ઘરાકને સંતોષીને પોતાનું ખીસું ભરવાની' વૃત્તિ વધારે પ્રમાણમાં જણાય છે; તથા ચાલુ પ્રવાહથી જુદા પડતા વિચારો, 'વૈજ્ઞાનિક સંશોધન' વિના જ ફગાવી ન દેવાની સત્યનિષ્ઠા જૂજ પ્રમાણમાં જ જોવા મળે છે. નીચે બાળ-લકવા બાબતનો દાખલો અમેરિકાના મનસ પત્રના તા. ૧૨મી ઑક્ટોબર ૧૯૫૫ના અંકમાંથી આપ્યો છે, તે જોવા જેવો છે.

બાળલકવા માટે પથ્યોપચાર

મનસનો તંત્રી આશ્ચર્ય સાથે પ્રશ્ન કરે છે કે, બાળ-લકવાના ચેપ સામે ખોરાકના અમુક ફેરફારોથી જ સંરક્ષણ મેળવી શકાય છે, એ વાત કેટલા જણ જાણે છે? આને અંગે ૧૯૩૧ જેટલા જૂના સમયથી સંશોધન ચાલી રહ્યું છે; ૧૯૪૮માં અમેરિકાના દક્ષિણ તરફના એક શહેરમાં તો એ રોગચાળો આહાર-નિયમનથી જ ફાટી નીકળતો રોકી શકાયો હતો; અને એ પાંચ મહિનાના ગાળામાં ૫૦૦૦ જણને એ રોગનો શિકાર બનતા અટકાવી શકાયાં હતાં, એ વાત કેટલા માણસોને કાને પડી હશે? એવું નિશ્ચિતપણે જણાયું છે કે, છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન, જે દેશોમાં માથા દીઠ ખવાતી ખાંડનું પ્રમાણ વધારે હતું, તે દેશમાં જ બાળલકવાના રોગચાળાનું જોર વધારે જણાયું છે; અને જે દેશોમાં માથાદીઠ ખવાતી ખાંડનું પ્રમાણ ઘણું ઓછું છે, તે દેશોમાં બાળલકવાનો રોગચાળો જોવા જ મળ્યો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉ. બેન્જામિન પી. સેંડલરે ૧૯૫૧માં પ્રસિદ્ધ કરેલી ચોપડી, 'ડાયેટ પ્રીવેન્ટ્સ પોલિયો'માં ઉપરની માહિતી જાહેર કરવામાં આવી છે; તથા ૧૯૪૧માં તેમણે અમેરિકન જર્નલ ઑફ પેથોલૉજીમાં એ માહિતી જાહેર કરેલી હતી. છતાં ૧૯૫૫માં આખા અમેરિકામાં જ્યારે પોલિયોના રોગચાળાનો ભય ચોમેર પ્રવર્તી રહ્યો હતો ત્યારે પણ સૉલ્કની રસીના ઉપયોગ માટે રાષ્ટ્રવ્યાપી પ્રચાર ચાલી રહ્યો — હતો. જોકે એ રસી રાષ્ટ્રવ્યાપી ફજેતી તરીકે પુરવાર થઈ છે અને કેટલાક દાક્તરો એ રસીની સામું જોવાની પણ ના પાડે છે. પરંતુ ડૉ. સેંડલરે જણાવેલા આહાર-નિયંત્રણના સાદા ઉપાયને જાહેરાત આપવામાં આવી નથી. ડૉ. સેંડલરે સૂચવેલો ઉપાય આ છે —

સ્ટાર્ચ અને ખાંડ ખાવાની સદંતર બંધ કરી દો; અથવા તમારા આહારમાંથી તેમનું પ્રમાણ છેક ઘટાડી દો. એ બે ચીજો ખાવાથી પરિણામ એ આવે છે કે, લોહીમાંની સાકરનું પ્રમાણ ઘટી જાય છે. લોહીમાંની સાકરનું સામાન્ય પ્રમાણ ૧૦૦ ક્યુબિક સેન્ટીમીટરે ૧૦૦ મીલીગ્રામ જોઈએ; તે જ્યારે ઘટીને ૭૫ થી ૫૫ મીલીગ્રામ થઈ જાય, ત્યારે પોલિયોના આક્રમણનો ભય શરૂ થાય છે. એ પોલિયો ખાસ કરીને ઉનાળામાં વધારે થાય છે. કારણ કે, એ ઋતુમાં બાળકો પ્રોટીન ઓછું ખાય છે, અને સ્ટાર્ચ તથા ખાંડ (ઠંડાં પીણાં, આઇસક્રીમ વગેરે દ્વારા) વધુ પ્રમાણમાં લે છે. વધુ પ્રમાણમાં મીઠાઈ કે ગળપણ શરીરમાં જાય; અને તે પણ થકવી નાખે તેવી રમત કે કસરત પછી (જેનાથી પણ લોહીનું સાકરનું પ્રમાણ ઘટી જાય છે) — એટલે તરત પોલિયોનો ચેપ લાગુ થવાનો સંભવ ઊભો થયો જાણવો.

ડૉ. સેંડલરની ચોપડીને વધુ જાહેરાત કેમ નથી મળતી તેનું એક કારણ, જે રાજ્યના એક શહેરમાં તેમનો ઉપચાર જાહેર-રીતે અમલમાં મુકાયો હતો, તે રાજ્યમાં શરબતો અને આઇસક્રીમના વેચાણમાં એકદમ ઘટાડો થઈ ગયો હતો, એ વિગતમાંથી પામી શકાય છે, એમ મનસુખનો તંત્રી અંતે જણાવે છે. કારણ કે, અમેરિકા દેશમાં 'વધુ આઇસક્રીમ ખાઓ' એ જાતનો પ્રચાર કરનાર એક પ્રબળ આઇસક્રીમ-ટ્રસ્ટ અસ્તિત્વ ધરાવે છે!

ઇંગ્લંડ – મેંકલ્સફીલ્ડ તા. ૧૬ જૂન ૧૯૫૬ની ખબર છે કે, (ટાઇમ્સ ઑફ ઇંડિયા તા. ૧૭ જૂન ૧૯૫૬) મેંકલ્સફીલ્ડના દાક્તરી સત્તાવાળાઓએ પોલિયોના હુમલા સામે સુરક્ષિત બનાવવા બાળકોને મૂકવામાં આવતી રસી તે દિવસથી બંધ કરી છે. કારણ કે તે વિભાગમાં પોલિયોના હુમલાનું પ્રમાણ એકદમ વધતું જતું જણાયું હતું. એ રોગના ચેપનાં ભોગ બનેલાં ત્રણ બાળકોને તે દિવસે જ દવાખાને ખસેડવાં પડ્યાં અને આગલે દિવસે તેવું એક બાળક મરણ પામ્યું. દાક્તરી અમલદારે જણાવ્યું કે, આ રોગચાળો આટલા મોટા પ્રમાણમાં કદી ફાટી નીકળ્યો નહતો.

લંડનમાં થોડા વખત ઉપર જાહેર કરવામાં આવ્યું હતું કે આ વર્ષે આખા દેશમાં આ રોગના હુમલાના પ્રમાણમાં તથા તેથી નીપજતાં મરણની સંખ્યામાં સાર્વત્રિક વધારો થયો જણાય છે.

અર્થાત્ એ રસીથી રોગ અટકાવી શકાતો નથી કે તેનાથી તેનું પ્રમાણ ઘટતું નથી; ઊલટું તે રોગના હુમલા તથા તેથી થતા મરણનું પ્રમાણ વધતું જાય છે. એટલે સાવચેતી માટે એ રસી રોગ થતા પહેલાં મૂકવાની વાતને મેંકલ્સફીલ્ડના ડાહ્યા સત્તાવાળાઓએ ટાળી છે.

પરંતુ આપણે ત્યાં તો ક્ષયરોગના હુમલા સામે બાળકોને સુસજ્જિત કરવા બી. સી. જી. રસી મૂકવાની વાતને આપણાં આરોગ્ય–પ્રધાન કેટલાક સજ્જડ વિરોધી અભિપ્રાયો આવવા છતાં પડતી મૂકવા માગતાં નથી.

માનસિક વિકૃતો

શ્રી માર્ઇક ગોરમને અમેરિકામાં 'દરેક ત્રીજી પથારી' (એવરી અધર બેડ) એ નામની ચોપડી પ્રસિદ્ધ કરી છે. તેમાં તે જણાવે છે કે અમેરિકા દેશમાં હૉસ્પિટલોમાં દર ત્રીજી પથારી માનસિક વિકૃતિઓથી પીડાતા દરદીની છે! અમેરિકા દેશ એ દરદીઓની સારવાર તથા તેમને પેન્શન-મદદ ઇ૦ પાછળ દર વર્ષે સાડાસાત અબજ રૂપિયા (દોઢ અબજ ડૉલર) ખર્ચે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલા બધા માનસિક વિકૃતો એ દેશમાં હોવાનું એક કારણ ત્યાંની સમૃદ્ધિ અને ભોગવિલાસ છે. પરંતુ કેટલાય વિચારવંત દાક્તરો એ સ્થિતિનું એક મુખ્ય કારણ આધુનિક ઍન્ટીબાયોટિક વગેરે દવાઓનો ઉપયોગ છે, એમ પણ માને છે. શિક્ષણ અને સાહિત્યમાં (પુ. ૧૧ અં. ૧૨) અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવેલા 'વૈદક : વિજ્ઞાન કે વેદ?' એ લેખમાં જણાવ્યું હતું તેમ, આધુનિક દાક્તરી વિજ્ઞાન અનેક રોગોને મટાડીને માનવ જીવન લંબાવી આપવાની વાત કરે છે; પણ એ ઉપચારોથી રોગી એ મુખ્ય રોગમાંથી છૂટીને બીજી એવી માનસિક કે શારીરિક નબળાઈઓમાં સપડાય છે કે જે સ્થિતિ જીવતર કરતાં પણ બદતર હોય છે, તથા તેવા લોકોના પાલનપોષણનો બોજો સાજા કામગરા માણસો ઉપર વધતો જ જાય છે.

તમાકુ અને કૅન્સર

ન્યૂયૉર્કના કૅન્સર અને તેને મળતા રોગો માટેના મેમોરિયલ સેન્ટરવાળા ડૉ. વિન્ડર જણાવે છે કે, ૧૮ જુદી જુદી તપાસોને પરિણામે નિશ્ચિતપણે જણાય છે કે, તમાકુની ધૂણી ફેફસાંના કૅન્સરના કારણરૂપ છે.

તેમનો અંદાજ છે કે, જો તમાકુ પીવાની મનાઈ કરવામાં આવે, તો વરસે દહાડે અમેરિકન અને અંગ્રેજ પુરુષોમાં ફેફસાંના કૅન્સરનું પ્રમાણ ૮૦ ટકા ઘટી જાય — કંઈ નહીં તો દર વર્ષે ૬૫૦૦૦ અમેરિકન પુરુષોની જિંદગી બચે.

[— 'સાયન્સ ડાઇજેસ્ટ' મે, ૧૯૫૬] — ગો૦

અમેરિકાની ચેતવણી

ભાંગફોડ – મારફાડ

મૅડિસન સ્કવેર ગાર્ડનની બાસ્કેટ-બૉલની હરીફાઈઓમાં હાજરી આપવા તા. ૬–૩–'૫૬ના રોજ ન્યૂયૉર્ક શહેરની એક હાઈસ્કૂલના ૧૬૯૧ વિદ્યાર્થીઓને લઈને સ્પેશિયલ ટ્રેન ઊપડી. રેલવે સત્તાવાળાઓને ખાસ વિનંતી કરીને આ સ્પેશિયલ ટ્રેનની સગવડ કરવામાં આવી હતી. ગાડીમાં સાથે ૬૦ શિક્ષકો હતા, રેલવેના ત્રણ ચોકીદારો હતા, બે ગાર્ડ હતા અને એક ગાડીનું મોટર-એંજિન સંભાળનારો હતો.

ગાડી સવારના ૧૧–૪૦ વાગ્યે ૪૬ મા સ્ટ્રીટ-સ્ટેશનેથી ઊપડી અને બાર વાગ્યાના અરસામાં ૫૦ મા સ્ટ્રીટ-સ્ટેશને પહોંચી. દરમ્યાન આ ૨૦–૨૫ મિનિટના અરસામાં વિદ્યાર્થીઓએ ડબ્બાઓની બારીઓ ભાગી નાખી, ગાદીઓ પીંખી નાખી અને બારીઓની બહાર ફેંકી દીધી, વીજળીના ગોળાઓ કાઢીને ફરસ ઉપર પછાડી ભડાકા કર્યા, પંખાઓની પાંખો વાળી નાખી, — દશમાંથી ત્રણ ડબ્બા ખંડેર કરી મૂકયા. બાર વિદ્યાર્થીઓને રેલવે પોલીસે અટકમાં લીધા.

પરંતુ રમતગમતના મેદાનમાં દોઢ વાગ્યે બીજો જ દંગો મચ્યો. એક છોકરાને છરી ભોંકી દેવામાં આવી અને બીજા ત્રણને હથેળી, હાથ, લમણા અને મોઢા ઉપર ઘા થયા. છોકરાઓની ધૂમાધૂમ અને છોકરીઓની ચીસાચીસથી મેદાન ગાજી ઊઠ્યું. બે હાઈસ્કૂલો વચ્ચે હરીફાઈ ચાલતી હતી. જમૈકા હાઈસ્કૂલ જીતતી હતી, એટલે પ્રેક્ષકો તરીકે બેઠેલા સામેની બ્રાયંટ હાઈસ્કૂલના કેટલાક છોકરાઓએ ધાંધલ મચાવ્યું અને સામા પક્ષના વિદ્યાર્થીઓ વચમાં આવતાં મારામારી થઈ.

(ન્યૂયૉર્ક ટાઇમ્સ – ૭ મી માર્ચ, ૧૯૫૬)

બાળગુનેગારીમાં વધારો

ન્યૂયૉર્ક શહેરની એક સંસ્થાના માહિતી-ખાતાએ ૧૯૫૫ ના ડિસેંબર માસમાં બાળ-ગુનાખોરી અંગે આંકડાઓ બહાર પાડ્યા છે. તે ઉપરથી જણાય છે કે, છેલ્લાં ૧૩ વર્ષમાં ગુનેગાર તરીકે અદાલતમાં રજૂ કરવામાં આવેલાં નાની ઉંમરનાં છોકરાંની સંખ્યા બેગણી થઈ ગઈ છે. ૨૦૦ શહેરોમાં કરવામાં આવેલી તપાસ ઉપરથી જણાય છે કે, ૧૯૫૩માં મોટી ઉંમરનાં માણસોમાં ગુનાખોરીનું પ્રમાણ ૧.૯ ટકા જેટલું જ વધ્યું હતું; પરંતુ ૧૮ વર્ષની નીચેની ઉંમરના છોકરાઓનું બાળ-ગુનાખોરીનું પ્રમાણ ૭.૬ ટકા જેટલું વધ્યું હતું. આ વધતું પ્રમાણ જો ચાલુ રહે, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિષ્ણાતો એમ માને છે છે કે આગળ દુઃખના દહાડા છે. વસ્તીગણતરીના અંદાજે ઉપરથી જણાય છે કે ૧૯૬૦ સુધીમાં ૧૦ થી ૧૭ વર્ષ વચ્ચેની ઉંમરનાં બાળકોની વસ્તી ૧૯૫૨ કરતાં ૪૦ ટકા જેટલી વધશે. પણ તેમની ગુનાખોરીનું પ્રમાણ ૧૯૪૮ થી ૧૯૫૨ વચ્ચે જેટલી ગતિએ વધ્યું છે, તેટલી ગતિએ વધવું ચાલુ રહે, તો ૧૯૬૦ના વર્ષમાં અદાલતમાં ધસડવામાં આવેલાં બાળકોની સંખ્યા સાડાસાત લાખ જેટલી થશે!

ભણતર કે બેકારી

બીજી બાજુ અમેરિકામાં સ્થિતિ એવી ઊભી થઈ છે કે, વસ્તીના જુવાનોનો મોટો ભાગ શાળા અથવા કૉલેજોમાં વધુ સમય ગાળતો થઈ ગયો છે. વસ્તીગણતરી પ્રમાણે ૧૯૫૪માં ૧૫ લાખ વિદ્યાર્થીઓ કિન્ડરગાર્ટન શાળાઓમાં, ૨ કરોડ ૪૫ લાખ પ્રાથમિક શાળાઓમાં, ૭૭ લાખ હાઈસ્કૂલોમાં, અને ૨૪ લાખ વિદ્યાર્થી કૉલેજોમાં જાય છે. હાઈસ્કૂલોમાં ભણનારમાંથી પાંચમો ભાગ કોઈ ને કોઈ પ્રકારના ઉચ્ચશિક્ષણમાં જાય છે.

પરંતુ કેળવણીની કિંમત માત્ર વિદ્યાર્થીઓની સંખ્યા કે અભ્યાસક્રમોના વૈવિધ્યથી આંકી શકાય નહીં. અત્યારની કેળવણીના દોષોની ચર્ચા એ જુદો વિષય છે. અહીં તો એક અમેરિકન વિચારક બીજી જ વાત પ્રત્યે લક્ષ ખેંચવા માગે છે; અને તે એ કે અમેરિકા દેશનાં પ્રજાજનનો મોટો ભાગ કેળવણી કહેવાતા એક મોટા બિન-ઉપજાઉ ધંધામાં રોકાયેલો રહે છે. અમેરિકા દેશમાં ઉપજાઉ કામધંધામાં રોકાયેલા — ભલે પછી નોકરી કરતા હોય, સ્વતંત્ર ધંધો કરતા હોય, કે બીજાને નોકરીએ રાખનારા માલિક હોય — એવા લોકોની કુલ સંખ્યા ૬ કરોડ ૭૦ લાખની છે. ત્યારે અમેરિકામાં કેળવણી લેનારાંની સંખ્યા ત્રણ કરોડ સાઠ લાખ છે. એ સંખ્યા ઉપજાઉ કામધંધામાં રોકાયેલા માણસોની સંખ્યાના અર્ધા કરતાં વધુ થઈ. પણ ખરી રીતે વિચારીએ, તો ઉપજાઉ કામધંધાને સ્થળે જે કાંઈ ચાલતું હોય, તેના કરતાં કેળવણીની સંસ્થાઓમાં જે કાંઈ ચાલતું હોય છે, તે તેમાં રોકાયેલા માટે જ નહીં, પણ આખા સમાજ માટે પણ વધુ અગત્યનું છે. કારણ કે, વિદ્યાર્થીઓનું ચાલુ જીવન તેમાં રોકાતું હોય છે એટલું જ નહીં પણ સૌ કોઈના શાળા પછીના જીવન ઉપર પણ તેની અસર પડતી હોય છે.

ઉદ્યોગ કે ભણતર

આ જગાએ સિયાટલ-વૉશિંગ્ટનની ઉપલી અદાલતના ન્યાયાધીશ વિલિયમ જી. લૉંગનો તાજેતરનો (ઑક્ટો. ૧૯૫૫) લેખ ધ્યાન ખેંચે છે. બાળકો માટેની કોર્ટમાં ૨૨ વર્ષ પહેલાં તે નિમાયા. ત્યારથી તેમની સમક્ષ રજૂ થયેલાં ગુનેગાર બાળકોની સંખ્યામાં થયેલા ૭૮ ટકા જેટલા વધારાથી ચોંકીને તે જણાવે છે કે,

"પોતાનો નવરાશ કે બાળસનો સમય વારંવાર ગુનાખોરીનાં કૃત્યો કરવામાં ગાળતાં છોકરાં સૌથી વિશેષ ચિંતા ઉપજાવે છે. ન્યાયાધીશ તરીકેના મારા અનુભવ ઉપરથી હું કહું છું કે, અત્યાર સુધી મેં એવો કોઈ નાની ઉંમરનો ગંભીર પ્રકારનો ગુનેગાર નથી જોયો, જેની ગુનાખોરી મોટે ભાગે તેની બાળસને કારણે ઊભી ન થઈ હોય. બીજી બાજુ મેં ઘણા એવા દાખલા જોયા છે કે જેમાં સાદું, જૂના પ્રકારનું કામકાજ મળતાં જ ગુનેગાર બાળક સુધરી ગયું હોય. સુધરેલા દેશ તરીકે આપણે કાયદાઓથી ૧૮ વર્ષ નીચેના કોઈ જુવાનિયાને કામધંધે લાગવા દેતા નથી. પણ જે જુવાનિયાને શાળામાં કશો રસ ન પડતો હોય, તેને બીજે કામધંધે તો લાગવા દઈએ નહીં, એટલે તે પોતાનો સમય બાળસમાં — અર્થાત ગુનાખોરીમાં કે નુકસાનકારક પ્રવૃત્તિમાં જ ગાળે છે. બહોળા અનુભવ બાદ હું એવા નિર્ણય પર આવ્યો છું કે, ઘણા જુવાનિયા ગેરરસ્તે દોરાય છે, તેનું કારણ, તેમની પાસે ભણતર સિવાય બીજું કાંઈ કામ આપણે રહેવા નથી દીધું હોવું એ છે.

"કેટલાક ભલા લોકો એમ માને છે કે, યોગ્ય રમતગમતના કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને કે જુવાનિયાઓને રચનાત્મક નાગરિકોમાં પલટી શકાય. તેથી તેઓ વધુ રમતગમતનાં મેદાનો, વધુ ક્રેમ્પો – શિબિરો અને વધુ આરામ-વિશ્રામની સગવડો પૂરી પાડવા માટે આગ્રહ કરે છે. પરંતુ આમ માત્ર રમતગમત ઉપર જ વધારે ભાર મુકાય છે, ત્યારે મને ખાસ ચિંતા થાય છે. માનસશાસ્ત્રીઓ તેમ જ કેળવણીકારો બધા કબૂલ કરે છે કે, કિશોર અને યુવાન અવસ્થા આખા જીવનમાં ટેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડવાની બાબતમાં સૌથી વધુ અગત્યની અવસ્થા છે. એ વસ્તુ જો સાચી હોય, તો પછી, માત્ર રમૂજ અને રમતની નિર્દોષ ટેવો વિકસાવવાની સાથે ઉપરાંતમાં જૂના પ્રકારની લાભદાયક મજૂરીના ગુણ તરફ આપણે દુર્લક્ષ ન કરવું જોઈએ. કૅલીય વખત કોર્ટના મારા સાથીઓએ કપાળ કૂટીને મને ખિન્ન અવાજે કહ્યું છે કે, 'સાહેબ, આ છોકરાને જો કોઈ કામધંધે લગાડી દેવામાં આવે, તો તે તરત ડેકાણે આવી જાય'."

આ બધાનો અર્થ એ થયો કે, જેને જ્ઞાનની સાચી ભૂખ ઊભી ન થઈ હોય, તેવાને આપેલી કેળવણી નકામી છે. આ મત પ્રમાણે વિદ્યાર્થીના ઘડતરનાં વર્ષોમાં માત્ર શાળાકીય ભણતર કરતાં કામ-કાજની વધુ જરૂર હોય છે.

શિસ્તની ભડક

શિક્ષકો માટેની પિએાડી કૉલેજના પ્રાથમિક શિક્ષણના જુનિયર પ્રોફેસર શ્રી હાઇન્સ તો એટલે સુધી કહે છે કે,

"બાળકોને શિસ્તની જરૂર છે. શિસ્ત શબ્દથી ભડકવાની જરૂર નથી. તેથી શરમાવાની પણ જરૂર નથી. શિસ્ત કે નિયમન એ **સારા** શબ્દ છે. તેમાં ખોટવાણી કશું જ નથી. શિસ્તના અભાવમાં કશું આધુનિક, કશું માનસશાસ્ત્રીય, કશું પ્રગતિશીલ કે કશું હિતકર નથી. જ્યાં શિસ્ત નબળી હોય, ત્યાં તમારે ખાતરી રાખવી કે ઘર, શાળા, ધર્મતંત્ર, કે સમાજ એ બધામાંથી ક્યાંક કશુંક નિષ્ફળ ગયું છે. જ્યાં શિસ્ત નબળી છે, ત્યાં તમારે ખાતરી રાખવી કે બાળક અસુખી જ રહેવાનું. તમે શિસ્તના પક્ષમાં કામ કરતા હો, ત્યારે વિશ્વાસ રાખજો કે તમે બાળકના ઇષ્ટ મિત્ર તરીકે કામ કરી રહ્યા છો. તમારી પેઠે જ બાળકો પણ શિસ્તને ઝંખતાં હોય છે. શિસ્ત એ કંઈ બાળકો ઉપર મોટેરાંએ કરેલું ઓવતરું નથી."

દરેક બાળકને બંડખોર થવાનો હક છે. પરંતુ પોતે શાની સામે બંડ પોકારી રહ્યું છે, તે સમજવા જેટલા પ્રમાણમાં સામાન્ય શિસ્ત પ્રાપ્ત કરી હોય, તો જ તે કોઈ ઉચિત મુદ્દા માટે બંડખોર બની શકે. જુવાન વિદ્યાર્થીઓને પોતાના ભણતરમાં રસ ન ઊભો થતો હોય, તો પછી તેમને કમાઉ કામકાજમાં જવા દેવાં જોઈએ, એ જાતની વકીલાત જજ લૅાંગ કરે છે, તે ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે, અત્યારે આપણે જે અક્ષરજ્ઞાનની કેળવણી આપીએ છીએ, તેની પાછળનું આખું માનસ જ ફરીથી તપાસી જવાની જરૂર છે.

પ્રૌઢોમાં ભણતરની ઝંખના

અને આજકાલ પ્રૌઢોમાં શિક્ષણની ભૂખ વધતી જાય છે અને તે વર્ગ માટેની કેળવણીમાં જુવાળ આવેલો દેખાય છે. તે વર્ગમાં ભણનારાંને કશી લોભ-લાલચ દેખાડવાં પડતાં નથી; તેમ જ ઘેરથી વર્ગનું કામ કરી લાવવાનું સમજાવવા માટે શિક્ષકને કશી મહેનત નથી પડતી. મોટી ઉંમરે જેઓ ભણવા તત્પર થાય છે, તેઓ શિક્ષકોના સ્વપ્નના 'આદર્શ' વિદ્યાર્થીઓ હોય છે. તેઓમાં ગેરશિસ્ત કે અણગમો વગેરેનો કશો પ્રશ્ન જ દેખા નથી દેતો. એટલે વસ્તુતાએ પરિસ્થિતિ એવી થઈ છે કે, છોકરાઓને અક્ષરજ્ઞાનને બદલે કામકાજ વધારે પ્રમાણમાં ગમે છે; અને કામકાજમાં પડેલા પ્રૌઢોને ભણતરની ભૂખ જાગે છે.*

આ પરિસ્થિતિમાંથી કેળવણીના કોયડાનો કોઈ ઉકેલ ન જડી શકે? ગાંધીજીની ઉદ્યોગ મારફત કેળવણી, આ પ્રમાણે 'સુધરેલા' દેશોને મૂંઝવી રહેલા વિવિધ પ્રશ્નોના ઉકેલની દિશા નથી સૂચવતી? ગાંધીજીની યોજનાને એ રીતે વિચારવા-સમજવાની દિશામાં સાચો પ્રયત્ન થવો જરૂરી છે.

— ગો૦

[અમેરિકા જે વસ્તુ સમજવા લાગ્યું છે તે આપણે ક્યારે સમજીશું? તેના જેવો અનુભવ લીધા પછી? હિંદના શિક્ષકો અને શિક્ષણમંત્રીઓ જરા ઊંડે ઊતરીને વિચાર કરે. બધાંને નિશાળે ફરજિયાત લાવી લાવીને શું સાધવું છે?–એ વિચાર કરી લીધા વિના અને તેને સફળ કરી શકે એવું શિક્ષણતંત્ર યોજ્યા વિના, જે આજે ચાલે છે, તે આંધળિયું અનુકરણ હિંદને નહીં પાલવે. આ દીર્ઘદૃષ્ટિએ ગાંધીજીની પાયાની કેળવણી વિચારીને ઝટપટ હવે ચાલવું જોઈએ. ગુજરાત હવે અલગ રાજ્ય બને છે. તે આ બાબતમાં દેશને દોરવણી આપી શકે. આ કેળવણીનું શાસ્ત્ર પણ તેના શિક્ષકો પ્રયોગ કરીને રચે અને દેશને ભેટ આપે, તો તેની શોભા છે.

૧૨–૪–'૫૬ મ૦]

---

* આ બધો ઉપરનો ભાગ ૧૧મી જાન્યુ૦ ૧૯૫૬ના મનસમાં આવેલી ચર્ચા ઉપરથી ઉતાર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણીશાસ્ત્રની પરિભાષા

[માર્ચ ૧૯૫૬ ના અંકથી ચાલુ]

Face मुख, मुखमंडळ
Facet पासुं, संधिमुख
Facial मुखनुं, चहेरानुं
Faeces आंत्रमळ
Fallopian tubes अंडवाहिनी
Family कुटुंब
Fang विषदंत
Fascia पट्टी (स्नायुनी)
Fat मेद, चरबी, वसा
Fat body मेदांग
Fatigue थाक
Fatty acid मेदीय तेजाब
Fauna प्रादेशिक प्राणी संपत्ति
Fauces (१) गळानाळ (२) शंखछिद्र
Faunal region प्राणी–प्रदेश
Facudity फलनशीलता
Feather पिच्छ, पींछुं
Femur जांघ
Femoral जांघनुं
Fenestra बार, बारी, सुराख, छिद्र
Ferment आथो, आथवण, खमीर (cf. enzyme.)
Fertile फळद्रूप, सुफलनशील
Fertility फलनशीलता
Fertilization फलन
Fibre तंतु, रेसो
Fibril रेसा
Fibrinogen रेसा-धातु, तंतुधातु
Fibro-cartilage तंतुमय कूर्चा, रेसाळ कूर्चा
Filament तांतणी
Filamentous तांतणामय
Filial generation पेढी
Filiform सूत्ररूप, सूत्राकार
Filoplume तंतुपिच्छ
Filtration गाळणविधि
Filum terminale रज्जुपुच्छ
Fimbria झूल
Fimbriate झूलवाळुं
Fin मीनपक्ष
Fin rays पक्षाधार
Finger आंगळी
Fission विभाजन
Fissure फाट
Flagellate चाबुकियां
Flagellum चाबुक
Flame cell शगकोश
Fleshy मांसल, गरदार
Flex वाळवुं
Flexor वाळनारो स्नायु
Flexure झोक
Flight उड्डयन
Float बोयुं
Floating rib छुट्टी पांसळी
Fluctuating वधघट थतुं, चडऊतर थतुं, वधघटनुं
Foetal गर्भनुं, गर्भीय
Foetus पाको गर्भ
Foliaceous पांदडियुं
Follicle जींडवुं
Fontanelle अस्थिकलावकाश
Food vacuole अन्नपोटो
Foot पग, पाद
Foramen छिद्र
Foramen magnum महाछिद्र
Forcep चीपियो
Forcipated चीपियाकार, चीपियादार
Formation निर्माण
Fossa खाडो
Fossil पुराणो अवशेष
Fossorial खोतराउ, खोतरनारां
Free मुक्त, अलग्न, चलनशील
Frontal कपाळनुं
Fructrose फळसाकर
Frugivorous फळभक्षी
Function कार्य, क्रिया, व्यापार
Functional कार्यशील, व्यापारलक्षी
Fundus तळ, बेसणी
Fungiform फूगियां, फूगरूपी
Furred रुंवांटीवाळां
Fusion एकीकरण

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરીક્ષા પદ્ધતિ

['ત્યારે કરીશું શું' એ મથાળા હેઠળ મળેલા લેખકના લાંબા લેખ ટૂંકાવીને નીચે આપ્યો છે.]

'અત્યારનું ભણતર નકામું છે, પરીક્ષા પદ્ધતિ નકામી છે, એવી ટીકા તો હવે ખૂબ જ વધી પડી છે. કારણ કે ભણેલાંઓને રોટી મેળવવા જેટલી પણ આવડત નથી હોતી અને પરીક્ષા પાસ કર્યાથી કંઈ અર્થ સરતો નથી. "ત્યારે કરીશું શું" એ પ્રશ્નનો જવાબ સ્પષ્ટ નથી થતો. એનો ઉપાય નથી જડતો.'

'. . . આપણે એસ. એસ. સી. ની અસર તપાસીએ. આ પરીક્ષાએ જાણે એવું જાદુ કરી દીધું છે કે એના વિના કોઈને ચાલતું જ નથી. કૉલેજમાં દાખલ થવા ઇચ્છનારે એસ. એસ. સી. તો થવું જ જોઈએ. એસ. એસ. સી.ના પરિણામ ઉપર શાળાઓને ગ્રાન્ટ મળે. એસ. એસ. સી. માં વધારે માર્ક લાવે તે સમાજમાં હોશિયાર અને બુદ્ધિમાન ગણાય!'

'આપણે પરીક્ષાથી એટલા અંધા ટેવાઈ ગયા છીએ કે એના વિના આપણને ચાલતું નથી, જેમ તમાકુ, અફીણ કે ચા વિના ન ચાલે તેમ. . . . ઊગતી પેઢીનો નાશ કરનારી પરીક્ષાઓ માટે હજી સુધી તો કંઈ જ કર્યું નથી એમ કહી શકાય.'

'ત્યારે બાળકની બુદ્ધિ, હોશિયારી, આવડત . . . વગેરેનું સાચું માપ કાઢવાની પદ્ધતિ શોધવાની દિશામાં આપણે પ્રયત્ન તો કરીએ જ. આપણે શું જોવું છે તે પહેલાં નક્કી કરીએ.'

૧. 'બાળકે કેટલાં પુસ્તકો મોઢે કર્યાં છે તેટલું આપણે નથી જોવું. આપણે તો એનું સમગ્ર વ્યક્તિત્વ કેટલું ખીલ્યું છે તે જોવું છે. આપણે માત્ર એના માર્ક નથી જોવા, માર્કની પાછળ રહેલો માનવી જોવો છે. — એનાં શરીર, વાણી, વર્તન, ટેવો, લખાણો વગેરેમાં એ કેટલો વ્યવસ્થિત છે, સમાજને કેટલો ઉપયોગી છે, કેટલે અંશે ઊર્ધ્વગામી છે — તે જોવું છે.'

૨. 'બાળકના સમગ્ર વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવું હોય તો એક વાર્ષિક પરીક્ષાથી ન નીકળે. આખું વર્ષ એ બાળકને જેમણે જોયું છે. . . . તેમની નોંધને બાળકના મૂલ્યાંકનમાં સ્થાન આપવું જોઈએ.'

૩. 'સમગ્ર વ્યક્તિત્વ એટલે શું? . . . સૌ પહેલું શરીરનું આરોગ્ય. નીરોગી શરીર વિના અભ્યાસ અને લાગણીઓની સુવ્યવસ્થિતતા શક્ય જ નથી એમ માનીને શરીરની કેળવણીને પ્રથમ સ્થાન આપવું.'

૪. 'વિદ્યાભ્યાસને બીજો નંબર અપાય. વિદ્યાભ્યાસના વિષયો આવડવા જોઈએ એ વાત તો ખરી છે. પરંતુ તેના કરતાંયે બાળકની વિદ્યાભ્યાસ કરવાની પદ્ધતિ અને નિયમિત ટેવ વધારે અગત્યનાં ગણવાં જોઈએ. . . . પુસ્તકો વાંચીને જવાબો લખે, તેમાં ૭૦ ટકા માર્ક લાવે, પરંતુ એનો વ્યવહારમાં ઉપયોગ ન કરી શકે તો એ વિદ્યાર્થી ઉચ્ચ કોટિનો ન કહેવાવો જોઈએ.'

૫. 'વિચારો મૌખિક રીતે જ રજૂ કરવાની શક્તિ.' (વિચારો મૌખિક રીતે રજૂ કરતાં આવડવું જોઈએ).

૬. 'કલા વિના નર પશુ છે. . . . એમ માનીને એને પણ શરીર અને બુદ્ધિ જેટલું જ મહત્ત્વ આપવું જોઈએ.'

૭. 'જે વ્યક્તિને પોતાની શક્તિઓ સમાજની સેવા માટે વાપરવાની તાલીમ નથી મળી, તે ભલે સાક્ષર હોય પરંતુ રાક્ષસ બને છે. . . . માટે બાળકના મૂલ્યાંકનમાં શ્રમ અને સેવાના કાર્યક્રમોમાં ભાગ લેવાની વૃત્તિને અવશ્ય સ્થાન હોવું જોઈએ. . . . આપણે વ્યક્તિને અને વ્યક્તિના ગુણોને મહત્ત્વ આપવું જોઈએ.'

'બાળકનું મૂલ્યાંકન ઉપર બતાવેલી કોઈક રીતે જ કરવું હોય તો એમાં શિક્ષક કેન્દ્રસ્થાને છે, એ આપણે સ્વીકારવું જોઈએ. બહારના પરીક્ષકો નીમવાની પદ્ધતિ શિક્ષકસમાજનું અપમાન કરનારી છે. જે શિક્ષક બાળકને આખું વર્ષ જુએ છે તેને જ પ્રમોશન નક્કી કરવાની તક આપવી જોઈએ. બહારના પરીક્ષકોની પદ્ધતિ શિક્ષક પરના અવિશ્વાસ અને શિક્ષકની અપ્રમાણિકતાની માન્યતા ઉપર રચાયેલી છે.'

'. . . એમ કહી શકાય કે, બાળકોનું મૂલ્યાંકન કરવામાં આપણે આખી દૃષ્ટિ બદલવાની જરૂર છે.'

કિશોરકાંત ચાફેકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



क्षमा धृतिरहिंसा च समता सत्यमार्जवम् ।
इन्द्रियावजयो दाक्ष्यं मार्दवं ह्रीरचापलम् ।।
अकार्पण्यमसंरम्भः संतोषः प्रियवादिता ।
अविवित्सानसूया चाप्येषां समुदयो दमः ।।

— ક્ષમા, ધૈર્ય, અહિંસા, સમભાવ, સત્ય, સરળતા, ઇંદ્રિયજય, દક્ષતા, મૃદુતા, લજ્જા, ચપળતાનો અભાવ, કૃપણતાનો અભાવ, ક્રોધનો અભાવ, સંતોષ, પ્રિયવાદીપણું, નિર્લોભતા અને અદેખાઈનો અભાવ — એ સૌ ગુણોનો સરવાળો, તેનું નામ જ ઇંદ્રિયનિગ્રહ છે.

[મહાભારત, શાંતિપર્વ, ૧૫; ૧૬]

सुकरानि असाधूनि अत्तनो अहितानि च ।
यं वे हितं च साधुं च तं वे परमदुक्करं ।।

— અસાધુ અને આત્માને અહિત કરનારાં કર્મો કરવાં સહેલાં છે; જે હિતકર અને સાધુ છે તે જ અતિ દુષ્કર છે.

[ધમ્મપદ, ૧૨-૭]

न तं अरी कंठछेत्ता करेइ,
जं से करे अप्पणिया दुरप्पा ।

— જેટલું ભૂંડું પોતાનો દુષ્ટ આત્મા કરે છે, તેટલું ભૂંડું ગળું કાપનારો શત્રુ પણ નથી કરી શકતો.

[ઉત્તરાધ્યયન૦ અ૦ ૨૦, ગા૦ ૪૮]

જે કોઈ કામ કરતાં તારા આત્માને આઘાત લાગે તે પાપ છે. તે તું ન કરીશ.

— હજરત મહંમદ સાહેબ

જો તમે તમારા ગુનેગારોને માફી ન આપો, તો ભગવાન પણ તમારી પ્રત્યે તેમ જ વર્તશે.

— ઈશુ ખ્રિસ્ત

દુશ્મનને આપણાં મૈત્રીભર્યાં કાર્યોથી શરમમાં નાખી દેવો, એ જ સૌથી ઉત્તમ બદલો છે.

— તિરુવલ્લુવર

ખોટે માર્ગે આપણે ગમે તેટલા દૂર નીકળી ગયા હોઈએ, પરંતુ એ ને એ માર્ગે ચાલ્યા કરતાં પાછા વળવું એ જ સારું છે.

— ટૉલ્સ્ટૉય

તમે સૌ સચ્ચાઈથી ને પ્રેમની ભાવનાથી કામ કરશો, તો તમારો પ્રભાવ આખી દુનિયા પર પડશે.

— ગાંધીજી

હકીકતોનો આપણે નિખાલસપણે સ્વીકાર ન કરીએ તો એ સમય આવતાં આપણી પીઠમાં ખંજરની જેમ ભોંકાય છે.

— માઇકેલ પુપીન

તમને કોઈ સવાલ પૂછે તેને નમ્રતાથી જવાબ આપજો. તમને ગાળો દે તેને મીઠાં વચન કહેજો. તમને રંજાડે તેનું ઈશ્વર ભલું કરે એમ કહેજો. કારણ કે, પ્રભુના કામને માટે જેને નિંદા ખમવી પડે છે, તેની પ્રભુના દરબારમાં વધારે કિંમત છે.

— સૉક્રેટિસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોક્ષનો માર્ગ તો આપણા જ હાથમાં છે. કંઈક સંયમો શીખવાના છે, કંઈક પાપો ધોવાનાં છે, કંઈક મિથ્યાભિમાન હોય તે છોડવાનાં છે.

—સરદાર વલ્લભભાઈ પટેલ

હે પ્રભુ, સસલું મારું ભક્ષણ બને તે પહેલાં મને એકાદ સિંહનું ભક્ષણ થવા દો.

—ખલિલ જિબ્રાન

અંગ્રેજીના પક્ષમાં વધુ દલીલ

૧

હિંદની આંતરભાષા તરીકે અંગ્રેજીને સ્થાને હિંદી ભાષા લાવવાનો નિર્ણય લેવાયા બાદ, તેની સામે અનેક દલીલો થવા લાગી છે. દક્ષિણના એક ભાઈએ તે અંગે જરા જુદી રીતે દલીલ કરીને પત્ર લખ્યો છે. તે તથા તેના જવાબનો ટૂંક સાર અત્રે ઉતાર્યો છે. જવાબ ઉપરથી પ્રશ્નના બીજા મુદ્દાઓ પણ સ્પષ્ટ થઈ રહેશે.

પત્રલેખકની દલીલ એ છે કે,

પરદેશી શાસન હેઠળ અંગ્રેજી ભાષાએ આપણા રાષ્ટ્રીય જીવનને જે અનેકમુખી નુકસાન કર્યાનું કહેવાય છે, તે શબ્દેશબ્દ ખરું છે. એમ સ્વીકારીએ તોપણ, હવે આઝાદી મળ્યા બાદ, જ્યારે આપણે આપણું સર્વ પ્રકારનું હિત સંભાળવા સમર્થ તથા સ્વતંત્ર છીએ, ત્યારે અંગ્રેજી ભાષા પ્રત્યેનું આપણું જૂનું વેર ભૂલી જઈ, તેને આપણા દેશની કેન્દ્રીય વહીવટી ભાષા તરીકે ચાલુ રાખવી જોઈએ. પ્રાદેશિક રાજ્યોમાં તો પ્રાદેશિક ભાષા જ વહીવટની તથા કેળવણીની ભાષા રહેશે; એટલે અંગ્રેજી ભાષાને કેળવણીની તથા રાજ્યવહીવટની એકમાત્ર ભાષા રાખવાથી થયેલાં વ્યાપક નુકસાન થવાનો સંભવ જ નહીં રહે.

અંગ્રેજી ભાષા આપણા દેશમાં પરદેશી શાસન હેઠળ પણ આવ્યાથી પાંચ પ્રકારે લાભ થયા છે એ તો ઉઘાડું છે. — ૧. આપણામાં વૈજ્ઞાનિક વૃત્તિ અને દૃષ્ટિ ઊભાં થયાં છે; ૨. આપણે વિજ્ઞાન અને શોધખોળના ક્ષેત્રમાં એટલી પ્રગતિ કરી શક્યા છીએ કે જેથી આયોજન અથવા મરણ-પ્રમાણમાં ઘટાડો કરવાનું વિચારવાનું શક્ય બન્યું છે; ૩. સાહિત્યક્ષેત્રમાં તેના સંસર્ગથી નવી પ્રેરણા પ્રાપ્ત થઈ છે અને નવા પ્રકારો વિકસ્યાં છે; ૪. આપણી અતિ આધ્યાત્મિકતામાં ભૌતિકવાદનું સુંદર મિશ્રણ થવાથી આપણને માનવજીવન સમગ્રપણે સમજવામાં મદદ મળી છે અને તેથી કીમતી લાભો પ્રાપ્ત થયા છે; અને ૫. એક અગત્યની આંતરરાષ્ટ્રીય ભાષાના સાધન વડે આપણને આંતરરાષ્ટ્રીય દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે.

પરંતુ અંગ્રેજીને બદલે હિંદીને લાવવાથી આ બધા લાભો લુપ્ત થઈ જશે, અને હિંદીને કારણે કશો નવો લાભ પ્રાપ્ત નહીં થાય. કારણ કે તે ભાષા બીજી ભારતીય ભાષાઓ જેટલી જ અણવિકસેલી છે, તથા તેની પ્રેરણા પણ મૂળ સંસ્કૃત ભાષા અને તેની સંસ્કૃતિમાં જ તેને પ્રાપ્ત થાય છે, તે બધું તો ભારતની બીજી ભાષાઓ પણ મેળવતી હોય છે.

ભારતના સામાન્ય માણસને તો પોતાના પ્રાદેશિક રાજ્ય સાથે જ મુખ્યત્વે વ્યવહાર સંભવતો હોવાથી, ત્યાં સ્વીકારાયેલી પ્રાદેશિક ભાષા તેને માટે પૂરતી થશે. દેશના વીસ કરોડ જેટલા લોકો જે હિંદી ભાષા નથી જાણતા, તે હિંદી ભાષાને કેન્દ્રીય વહીવટમાં અંગ્રેજીને સ્થાને મૂકવાથી આખા દેશની દૃષ્ટિએ વિચારતાં જરૂર અનેક રીતે વ્યાપક હાનિ થશે.

૨

પત્રલેખકની એક વાત કબૂલ રાખીએ કે, ભારતીય રાજકીય ક્ષેત્રમાં નવું જ્ઞાન-વિજ્ઞાન, જીવન વિષે નવું દૃષ્ટિબિંદુ, આધુનિકતાવાદ વગેરે સાથે થયેલા નવી પ્રજાના આગમનથી આપણા લોકોને જરૂર કેટલેક અંશે ઇષ્ટ-લાભ થયો છે; પરંતુ સાથે સાથે અનિષ્ટનો પણ તેવો જ મહા-ભાર પ્રાપ્ત થયો છે. તેનાથી જ અનુકરણિયા માનસનો તથા પરદેશી શાસનની ઘેરી છાયાવાળી અતિ-સીમિત મતિ-ગતિનો યુગ પણ શરૂ થયો છે. અંગ્રેજોની ગુલામી હેઠળ આવ્યા વિના, સ્વતંત્ર પ્રજા રહીને પણ, આપણે પશ્ચિમની પ્રોટેસ્ટંટ દુનિયામાં ઊભી થયેલી નવી આપ્તતો શીખવા જેટલા પ્રગતિશીલ ન જ રહ્યા હોત, એમ કહી શકાય નહીં.

હિંદી પ્રજાનું માનસ, તેનો લાંબા ઇતિહાસમાં જોવા મળે છે તેમ, ભારે સંસ્કારી અને વિકસિત હતું. ભૌતિકવાદ અથવા વૈજ્ઞાનિક વૃત્તિ જેવી આપ્તતોથી તે છેક અણજાણ હતું એમ નથી. ૧૮મા સૈકામાં આપણે અરસપરસ કુસંપ અને વિખવાદથી છિન્નભિન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગયા હોવાથી, મુલકી અને લશ્કરી સંગઠનશક્તિથી સુસજ્જ એવી પાશ્ચાત્ય વેપારશાહીનો શિકાર બન્યા. પાશ્ચાત્ય રાષ્ટ્રવાદમાંથી જન્મેલ સંગઠનનું બળ તે લોકો પાસે હતું; પરંતુ આપણા લોકો માટે તે વખતે એ વિચાર નવો હતો. પણ એ વાત એટલેથી જ પડતી મૂકી, મૂળ વાત ઉપર આવીએ.

હિંદની સરકારી ભાષા એ જ આપણી રાષ્ટ્રભાષા પણ હોવી જોઈએ. અર્થાત્ એક રાષ્ટ્રની પ્રજા તરીકે આપણા લોકોના આંતર-પ્રદેશીય અથવા અખિલ ભારતીય ઉપયોગ માટેનું માધ્યમ તે ભાષા હોય. એવું માધ્યમ બનનારી ભાષા આપણા લોકોની નૈસર્ગિક એવી કોઈ સ્વભાષા જ હોઈ શકે. અંગ્રેજી ભાષા તેવી નથી; હિંદી છે.

દક્ષિણના લોકોને માટે હિંદી ભાષા અંગ્રેજી જેટલી જ પરદેશી છે, એવું કહેવું તદ્દન ખોટું છે. ત્યાં ચાલી રહેલા હિંદી પ્રચારના કામકાજ ઉપરથી એ તો દર્શાવી શકાય તેમ છે. ત્યારે અંગ્રેજી તો પરદેશી ભાષા જ રહેવાની; અને દુર્ભાગ્યે આપણે જો તેનો ઉપયોગ ચાલુ રાખીશું, તો તે ભાષા દ્વારા વિકસવા માટે આપણને હંમેશાં પરદેશીઓ ઉપર આધાર રાખવો પડશે. અને એ સિવાય પણ બીજાં વધુ ખરાબ પરિણામો આવે. પરંતુ હિંદી ભાષા ભલે ઓછી વિકસેલી હોય તોપણ, તેનાથી તેવાં પરિણામ નહીં આવે. આપણે જો ખરેખર ધારીએ તો આપણી ભાષાઓને બહુ જલદી વિકસાવી શકીએ.

હિંદી ભાષા આપણી એક મોટામાં મોટી લઘુમતીની ભાષા છે. મોટી સંખ્યાના બીજા ઘણા લોકો તેને મળતી ભાષાઓ બોલે છે. દક્ષિણનો પ્રદેશ પણ સંસ્કૃત ભાષાના સામાન્ય સાંસ્કારિક અને ભાષાકીય વારસાને કારણે તેની સાથે જોડાયેલો છે. બીજી બાજુ અંગ્રેજી ભાષા તો છેક છેલ્લી વસ્તીગણતરી મુજબ એક ટકા જેટલા ભાગને પણ જાણીતી નથી. અને એ એક ટકો કદી વધવાનો નથી.

અંગ્રેજી ભાષા જાણનાર આપણા લોકોનાં મન કેટલે અંશે અંગ્રેજી ભાષા સાથે સંકળાયેલા તેમના હિત-સંબંધને કારણે અજાણપણે કચરાયેલાં કે વિકૃત થયેલાં હશે, તથા વૈયક્તિક રીતે એ ભાષાને કારણે તેમને જે મોટો લાભ થતો દેખાતો હોય તેને કારણે તેમની તર્કશક્તિ કેટલી દૂષિત થયેલી હશે, તે તો રામ જાણે. તેમ છતાં, અંગ્રેજને કારણે આપણને પ્રાપ્ત થયેલ અનુકરણશીલ અને સર્જકશક્તિ વિનાના મનરૂપી નડતર પ્રત્યે આપણે ભલે દુર્લક્ષ કરીએ; તોપણ એને કારણે આપણે, અંગ્રેજી ન જાણતા તથા કદી પણ જાણી ન શકનારા આપણા કરોડો બંધુઓની વગર વિચાર્યે સ્વમાન-હાનિ ન કરીએ, એ તો આપણે જોવું જોઈએ.

જે દલીલથી આપણે તે તે પ્રદેશ માટે તે તે પ્રદેશની પ્રાદેશિક ભાષા સ્વીકારીએ છીએ, તે જ દલીલ આખા રાષ્ટ્રની ભૂમિકાએ પણ લાગુ પડે છે. સામાન્ય માણસને તેના પ્રદેશની ભાષા મળી જાય, તો પછી તેને તે પ્રદેશથી બહાર નીકળવાની કે વ્યવહાર કરવાની જરૂર નહીં રહે, એમ કહેવું યોગ્ય નથી. અંગ્રેજી ભાષા દ્વારા નીપજતી શોષિત દશામાં ભલે એમ બનતું હોય; પણ હવે પછી તેમ હોવાની જરૂર હરગિજ નથી. અંગ્રેજી ભાષા જાણનારા મૂઠીભર લોકોનાં માનસના ઘડતરમાં જડાઈ ગયેલી ઉચ્ચ-ભાવની વર્ગભાવનાના મૂળમાં એવા વિચારો જ રહેલા છે. પરંતુ સામાન્ય માણસને પણ આઝાદી હવે વધુ પ્રાણદાયક અને સ્વમાન-પોષક નહીં બની રહે?

આપણે જો એક જ પ્રજાના માણસો હોઈએ, તો કહેવાતા સામાન્ય માણસને પણ પોતાના પ્રદેશમાં પોતાની સ્વતંત્રતાની જિંદગી જીવતી વેળાએ એવા ભાષાકીય માધ્યમની જરૂર રહેવાની જ કે જે દ્વારા સમગ્ર રાષ્ટ્રના નાગરિક તરીકેની ભાવના તે માણી શકે. નૂતન હિંદમાં એ વસ્તુ શક્ય બનવી જ જોઈએ. અને તે તો ત્યારે જ શક્ય બને, જ્યારે આપણી પાસે એક એવી સામાન્ય રાષ્ટ્રભાષા હોય કે જે આપણને આપણી પોતાની લાગે. હિંદી તેવી ભાષા છે.

જોકે, આ બધાનો અર્થ એ નથી કે, અંગ્રેજી દ્વારા જે કાંઈ લાભ પ્રાપ્ત થઈ શકે તેમ છે તે લેવાનું આપણે બંધ કરવું જોઈએ. આપણે અંગ્રેજીનો સદંતર ત્યાગ કરવાનું હરગિજ નથી ઇચ્છતા. આપણામાંના કેટલાક અંગ્રેજી ભાષા તેમ જ બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઘણી પાશ્ચાત્ય કે પૌર્વાત્ય ભાષાઓ ભણશે – અને ભણવી પણ જોઈએ. પરંતુ અન્ય ભાષાઓ ભણવાની આપ્રતમાં અગત્યની આપ્રત એ છે કે, જેઓ તે ભાષાઓ ભણે, તેમણે તેના લાભો આપણી ભાષાઓ દ્વારા સૌ કોઈને અવગત કરી આપવા જોઈએ. આ વસ્તુ પ્રત્યે આપણે ગુનાભરી રીતે દુર્લક્ષ કર્યું છે. અંગ્રેજી એ પરદેશી ભાષા છે, અને તેના ભાવનું યથોચિત ભાષાંતર આપણાં પોતાનાં મનમાં ઝટ થઈ શકતું નથી. સામાન્ય માણસ પ્રત્યેની આપણી ફરજમાં આપણે અત્યાર સુધી કદાચ બેદરકાર રહ્યા હોઈશું કે ઉપેક્ષા કરી હશે; પરંતુ તે ઉપરથી આપણે એવો સગવડિયો સિદ્ધાંત ન બનાવી શકીએ કે, સામાન્ય માણસ તો તેના સંકુચિત પ્રાદેશિક આબોહવામાં જ સબડ્યા કરવાનો. એથી તો અંતે લોકશાહીનો તથા સાર્વજનિક શિક્ષણનો પ્રચાર જ રોકાઈ જાય. અને અંગ્રેજી દ્વારા આપણે તેમ જ કર્યું હતું. હિંદી પ્રચારના કામકાજનો અનુભવ મોટા પ્રમાણમાં દર્શાવી આપે છે કે, સામાન્ય માણસ પણ નૂતન હિંદમાં ૧૪ વર્ષની ઉંમર સુધીની મફત અને ફરજિયાત કેળવણીનાં ત્રણ કે ચાર વર્ષ દરમિયાન પોતાને જોઈતું હિંદી ભાષાનું જ્ઞાન જરૂર પ્રાપ્ત કરી શકે.

[શ્રી. મ૦ ના મૂળ અંગ્રેજી ઉપરથી] —ગો૦

પ્રથમ પરિચય

[તા. ૪–૫–'૫૬ના રોજ રેડિયો વાર્તાલાપ માટે ઉતારેલું તે તેની રજથી અહીં ઉતાર્યું છે.]

મહાત્મા ગાંધીનું નામ તે ઈ.સ. ૧૯૧૫માં સ્વદેશ પાછા પધાર્યા તે પહેલાંનું મારી પાસે પહોંચ્યું હતું. ત્યારે હું ૧૫ વરસની અંદરનો કિશોર હતો. અમને છોકરાઓને એટલું જાણવા મળેલું કે, મોહનદાસ કરમચંદ ગાંધી કરીને એક આપણા હિંદીએ આફ્રિકાની સરકાર સામે જબરી લડત આપી વિજય મેળવ્યો છે. આથી અમારું દેશાભિમાન પુષ્ટ થતું. અમને કેટલાક મિત્રોને એ સાંભળીને દેશના ભાવિને વિષે રસ પેદા થતો અને આશા બંધાતી. આવો જબરો માણસ જે દેશનો સપૂત છે, તેનું ભાવી શું કામ ઉજ્જવળ ન હોય?

પણ અમે છોકરાઓ સત્યાગ્રહ વિષે કે શું કામ ગાંધીને સરકાર જોડે લડવું પડે છે તે વિષે ભાગ્યે કશું જાણતા. આજે સ્મૃતિના ખૂણાઓમાં ખોળતાં પણ એમ નથી મળતું કે, અમને ઝાંખો પણ એનો ખ્યાલ હતો. 'વન્દે માતરમ્', 'સ્વદેશી વાપરો', 'દેશાભિમાન રાખો' ઇત્યાદિ ભાવો રાખવા જોઈએ; પણ એ પોકાર-વાકયો બોલીએ તો પોલીસ પકડે ને મારે પણ, એ અમારો તે વરસોનો અનુભવ હતો. એ વરસો એટલે ૧૯૦૮ પછીનો અંગભંગ કાળ. પરદેશી સરકાર જોડે આપણે લડવાનું છે અને તેમને કાઢી દેશનું સ્વરાજ લેવાનું છે, એવી આછીપાતળી પણ મુગ્ધ ભાવના અમારા મન પર હતી. તેમાં જ્યારે જાણ્યું કે, ગાંધીએ તો આફ્રિકામાં ત્યાંની ગોરી સરકારને ખરેખર હરાવી, ત્યારે તે માણસ પ્રત્યે કેવા ભાવ અમને થયા હશે, એ તમે કલ્પી શકો.

આવો એમનો પરોક્ષ પરિચય અમારે માટે ભારે રાજકીય કેળવણીરૂપ હતો, એમ આજે જોઉં છું. પછી તો તે હિંદમાં આવે છે એવી ખબર જાણી. અને એક દહાડો અમારા ગામ નડિયાદમાં તે પધારે છે, એવી ખબર મળી ત્યારે અમારા આનંદની શી વાત કહું! વિશેષ વાત તો એ હતી કે, તેમનો ઉતારો મારા ઘર પાસે દેસાઈવિગામાં થવાનો હતો, એટલે સ્ટેશનેથી તેમને સરઘસ કાઢીને ત્યાં લાવવાના હતા.

મારી સ્મૃતિ ખોળી જોઉં છું તો આ રીતના સરઘસમાં જવું એ કદાચ મારો પહેલો અનુભવ હતો. વરઘોડામાં કે સ્મશાનયાત્રામાં જવાનું જાણીએ. પણ આથી બીજાં સરઘસો પણ હોય, એ અમારે માટે તદ્દન નવી વસ્તુ હતી. એટલે સુધી કે, અમને જો વડીલો કહે નહીં કે, તમે છોકરાઓ પણ તેમાં આવી શકો, તો આપણાથી જવાય જ કેવી રીતે! – એવી અમારી ભાવના હતી. આજે તો છોકરાઓનો આઝાદ જમાનો આવી ચૂક્યો છે. પણ તે સમયે અમે બહુ જ આજ્ઞાંકિત રહીને વડીલોથી ડરીને ચાલતા. એમાં અમને ખાસ અડચણ પણ નહીં લાગતી, કેમ કે જ્યાં જ્યારે જવા મન થાય ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે, અમારી મર્યાદા જાણીને પણ, જોવા ખાતર જઈ જ પહોંચતા. એમાં કોઈ ભારે ભૂલ કરી બેઠા હોઈએ અને જો પકડાઈએ, તો શિક્ષાનું જોખમ રહે ખરું; પરંતુ એ જોખમ અમે વડીલોના પ્રેમપૂર્વક વહોરી લેતા.

ગાંધીજી ગામમાં પધારવાને દિવસે આવું સાહસ કરવાની અમને જરૂર નહોતી. અમે એટલું જાણતા હતા કે, મોટા દેશભક્તોને માન આપવાની રીત તેમની ગાડી જાતે ખેંચવી એ છે. તે જમાનો મોટરોનો નહોતો. બે ઘોડા અને એથી આગળ જઈએ તો ચાર ઘોડાની શાનદાર બગીનો જમાનો હતો.

ગાંધીજીની ગાડી અમે ખેંચીએ, એમાં મોટેરાઓ સંમત હતા. અમે તે માટે ખૂબ હોંશભેર તૈયાર હતા.

તે દિવસે કચાંથી સરધસમાં હું જોડાયો હતો, એ યાદ નથી. પણ દેસાઈવિગાના ભાગમાં સરધસ આવ્યું અને જે જગાએ અમે તેમની ગાડી ખેંચવા લાગ્યા, તેનો તાદશ ચિતાર આજેય મારા મનમાં છપાયેલો પડ્યો છે.

ગાંધીજીની ગાડી બગી નહોતી. સામાન્ય ગાડી જ હતી. ઉપર મેં બગીનો જમાનો કહ્યો છે, તેથી એમ ન માનશો કે, તેમને એવી શાનદાર બે કે ચાર ઘોડાની બગીમાં બેસાડ્યા હતા.

સાદી ઘોડાગાડીનું વાહન હતું, એવી સ્મૃતિ છે. આજે એમ લાગે છે કે, ગાંધીજીની સાદાઈની ભાવના સમજીને નડિયાદના નેતાઓએ એમ કર્યું હશે. શાનદાર બગીમાં તે બેસે પણ નહીં.

દેસાઈવિગામાં સરધસ આવ્યું. થોડે સુધી ગયા પછી સરધસના જુવાનિયાઓએ ઘોડાને છોડીને ગાડી ખેંચવાની તૈયારી કરી. અમે ખેંચવા લાગ્યા. ગાંધીજી ના ના કહેતા હશે, પણ મને તેની ખબર નથી. અમે એને ગાંઠવા તૈયાર પણ નહોતા. અમે તો ખેંચવામાં હઈશું, ત્યાં તો અમે શું જોયું ? – ગાંધીજી તો ગાડીમાંથી ઊતરી પડતા હતા ! "ચાલો, આપણે બધા ભાઈઓ સાથે ચાલતા જ જઈએ" – એમ કહીને તે તો મોટેરાઓ વચ્ચે વીંટળાઈને ચાલવા લાગ્યા ! અમે બન્યા ! પણ. અમને એમાં દુઃખ કે અપમાન ન લાગ્યું. બલકે આજે પણ મને યાદ છે કે, હું અચંબો પામ્યો કે, આ માણસ તો કેવો જબરો અને છતાં નમ્ર છે ! અમારા છોકરાઓના પ્રયત્નને એણે જરાકમાં કેવો જીતી લીધો ! કોઈનું કાંઈ ચાલ્યું જ નહીં ! અને, આ માણસે જરામાં અમને જીતી લીધા !

આજે આ ઘટનાનું વર્ણન કરું છું ત્યારે કહું કે, આમાં ગાંધીજીના અમોઘ સત્યાગ્રહનો જ પ્રયોગ ન હતો તો બીજું શું હતું ?

પછી તો ગાંધીજી નડિયાદમાં અનેક વાર આવ્યા હતા. આસ કરીને તેમણે બેઠા સત્યાગ્રહની લડત માટે અનાથાશ્રમમાં છાવણી નાખી હતી.

ગાંધીજીના પહેરવેશનો પણ ખાસ્સો ઇતિહાસ છે. પહેલા દેશમાં પધાર્યા ત્યારે તે ધોતિયું, લાંબું અંગરખું, અને માથે કાઠિયાવાડી સાફો પહેરતા. તે સમયે કાંઈક વતને લઈને પગમાં કાંઈ નહોતું પહેર્યું એમ યાદ આવે છે. ગાંધીજીનું આવું દર્શન અત્યારે તો તેમના ત્યારના ફોટામાંથી તમે મેળવી શકો. તે દિવસે પૂ. બા જોડે નહોતાં એમ યાદ આવે છે.

આ વરસોમાં કવિવર રવીન્દ્રનાથ અમદાવાદ પધારેલા. તે નડિયાદ પણ આવેલા અને અનાથાશ્રમમાં તેમણે એક વ્યાખ્યાન આપેલું. તે હિંદીમાં હતું, અને તેમાં એમણે એમ કહેલું કે, 'ગાંધીજીએ મને કહ્યું છે કે, જો બોલું તો મારે અંગ્રેજીમાં નહીં પણ હિંદીમાં બોલવું.' અને એમ જણાવીને તેમણે એવો પ્રેમભર્યો ઉદ્‌ગાર પણ કાઢેલો, "ગાંધીજી તો મુરલીસે લકડીકા કામ લેતે હૈં !"

કવિવરનો આ ઉલ્લેખ મારે માટે એક બોધક વાત બની હતી. ગાંધીજી આપણા દેશની ભાષાઓ બાબતમાં જે સ્વમાન- અને ગૌરવ- ભરી ક્રાંતિ કરવા માગતા હતા, તેનાં બીજ આ કિસ્સાએ મારા મનમાં વાવ્યાં !

મુંબઈમાં ગાંધીજી જમનાદેવીમાં મણિભવનમાં રહેતા, એ તો જાહેર વાત છે. ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગ તેની પાસે જ આવી. હું ત્યાં રહી મુંબઈમાં ભણતો હતો. અમે એક દહાડો ગાંધીજીને અમારી બોર્ડિંગની ચર્ચાસભામાં પધારવાનું નોતરું આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેએક મિત્રો તેમને મળવા ગયા – હું તેમાં નહોતો. અમને એમ લાગતું કે, તે આવશે ખરા ? એમણે તો તરત હા પાડી અને એક દિવસ સાંજે આવી પહોંચ્યા ! ત્યારે તેમણે સાફાને બદલે ટોપી અને લાંબા ધોતિયાને બદલે નાનું ધોતિયું પહેરવા માંડેલું.

બોર્ડિંગમાં બધે ફરીને જોયું. અમારી રહેણી-કરણી, ખોરાક, ઇ. બધા વિષે ઝીણી તપાસ કરી. પછી એમણે જે વ્યાખ્યાન કર્યું, તેમાંની એક વાત આજેય યાદ છે. તેમણે અમારા ગૃહપતિને સૂચવ્યું કે, અમારા ખોરાકમાં ઘી પ્રમાણમાં ઓછું કરીને દૂધ વધારવું સારું. ખોરાક અને વ્યાયામ તથા યોગા-સનો ઇ. વિષે મને અનુભવ હતો. આ સલાહ વિષે સાંભળીને મને થયું કે, આ માણસ જીવનને ઘડવાની નાની નાની વિગતોમાં કેવો જાગ્રત છે!

તે દિવસોમાં એ ગામદેવીમાં રેંટિયાવર્ગ ચલા-વતા. મુંબઈ નગરીમાં જે કાંતવા શીખવા માગે તેને પોતે શીખવતા. હું તે વર્ગમાં નહોતો ગયો. મારા એક સહાધ્યાયી હોંશથી જતા, તેમની પાસેથી વિગતે બધું જાણતો, પણ જાતે જઈને જોયું નહોતું. એ મારા સહાધ્યાયી પછીના રાજકારણમાં સામ્યવાદી થયેલા !

પછી તો અસહકારનો યુગ બેઠો અને ગાંધીજીનાં ભાષણો સાંભળવાનાં મળવા લાગ્યાં. દેશનું કામ જોરથી ચાલતું હતું. હિંદમાં મારા જેવા જુવાનિયાઓની નજર એ આખા રંગમાં ગાંધીજી ઉપર ચોંટેલી રહેતી. ચંપારણના સત્યાગ્રહ વિષેની ખબર ત્યારે મારા સામાન્ય જ્ઞાન તરીકે પહોંચી હોય એમ યાદ નથી આવતું. વિરમગામનો સત્યાગ્રહ અને લડકરમાં ભરતીના કામની ખબર પડેલી.

આ ભરતીકામ સમજાતું નહીં. મારી કૉલેજમાં તે દિવસોમાં અમને આઈ. ડી. એક્ટ.માં દાખલ થવાનું ઉદ્‌બોધન કરવામાં આવતું. મને તે અપીલ નહોતું કરતું. ગાંધીજીનું ભરતીકામ કૉલેજોના છોકરા માટે નહોતું, એટલે તે અમને ઉદ્‌બોધન કરતા નહોતા. આઈ. ડી. એક્ટ. એ અત્યારની એન. સી. સી.ને મળતી ત્યારની યોજના હતી. આવી વસ્તુ ત્યારે પહેલી જ શરૂ થતી હતી.

પછી તો ખિલાફત અને અસહકાર ઇ.નો યુગ શરૂ થયો. તેના પ્રારંભે ટિળક મહારાજ ગુજરી ગયા. તે 'ઑગસ્ટની પહેલી' ન ભુલાય એવી મારી યાદગીરી છે. ગાંધીજી તેમાં કેન્દ્રમાં હતા. એ ભવ્ય હડતાલ અને સરઘસ, ચોપાટી પરની એ દહનક્રિયા – તે કાળમાં આ બધું અપૂર્વ દૃશ્ય હતું ! એ કોઈ નવા જ યુગની ઊર્મિઓના ઉછાળા ઊછળી રહ્યા હતા અને તેમાં અમે જુવાનિયા આપોઆપ ઝલાતા જતા હતા. આ અવ-નવો જુવાળ ગાંધીજી ચડાવી રહ્યા હતા, એ હું સાફ જોઈ શકતો હતો.

આ મહા આંદોલનની પ્રતિષ્ઠા ધર્મબુદ્ધિથી અને દેશપ્રેમની પવિત્ર ભાવનાથી થતી હતી, એવો ભાવ મારા મન ઉપર સ્પષ્ટ થતો હતો. રાજકારણ અને સમાજનો સામુદાયિક વ્યવહાર પણ ધર્મપૂર્વક થવો જોઈએ, એમ ગાંધીજી કહે છે, એ એક નવીન જ સિદ્ધાંત છે, એવો વિચાર તો પછી જાણ્યો કે સમજ્યો. પરંતુ, આ માણસ કોઈક જુદી જ ભૂમિકાથી વાત કરે છે અને સૌને અપીલ કરે છે, એ છાપ મારા પર ત્યારેય સાફ પડી હતી. અને એ અપીલ ગાંધીજી વ્યક્તિની ધર્મબુદ્ધિને, કર્તવ્ય-બુદ્ધિને, જીવન ઘડવાની આપણી શુભેચ્છાને કરે છે, એમ મેં સાફ જોયું. આ એક નવી જ વાત છે એમ પણ લાગતું. પરંતુ, જે ખાસ લાગ્યું તે એ કે, આ પવિત્ર માણસ સ્વમાન, દેશપ્રેમ અને સ્વતંત્રતાને નામે ધર્મબુદ્ધિથી વિચારીને આપણને આહ્વાન કરે, તો તેને કેમ પાછું ઠેલી શકાય ? એમ કરીએ તો આપણું દેશાભિમાન અને જીવનનિષ્ઠા જ લાજે, એમ મને થતું. એથી જ્યારે તેમણે 'કૉલેજો છોડો' અને દેશના કામમાં લાગો, એમ ૧૯૨૦–૧માં કહ્યું, ત્યારે અમે કેટલાય મિત્રો, ૧૯૨૧માં કૉલેજના બારણેથી છેક છેડે આવેલા છતાં, તે છોડીને ગાંધીજીના યુદ્ધમાં ભરતી થયા. હું તેમના આશ્રમમાં જોડાયો અને આજ સુધી દેશનાં કામોમાં લાગ્યો રહ્યો છું. પછીના આ લાંબા કાળનાં સંસ્મરણોનો તો અંત નથી. પણ તે યાદ કરીને કહેવાનું ધૈર્ય મન કરી શકતું નથી. આજે આ થોડાંક સંસ્મરણો કહ્યાં તે પરથી એ તો સાફ જણાયું હશે કે, મારા જેવા એક અજાણ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાને ગાંધીજી મૂંડી રહ્યા હતા, કે જે એમનેય ખબર નહોતી! આ પ્રક્રિયા એમણે દેશમાં ચોમેર વહેતી મૂકી હતી. તે તો બસ સહજ રીતે પોતાનું કામ કર્યે જતા હતા અને એની સુવાસ લોકોને આકર્ષતી હતી. આ અજબ પ્રક્રિયાને એ પ્રેમની રીત કહેતા, અને મીરાંબાઈની પેલી પ્રખ્યાત કડી જ્યારે ત્યારે ટાંકીને સમજાવતા —

"કાચે તે તાંતણે હરિજીએ બાંધી,
જેમ ખેંચે તેમ તેમની રે."

એમ જ ગાંધીજીએ પણ મારા જેવા અનેક છોકરાઓને બાંધ્યા હશે અને દેશની સેવામાં ખેંચ્યા હશે. તેનો ઇતિહાસ તેઓનાં સંસ્મરણોમાં પણ તરવરતો હશે.

'રામબાણ વાગ્યાં રે હોય તે જાણે' પેઠે જ એવુંય કહેવું ઘટે છે કે, ગાંધીજીનાં આવાં "પ્રેમબાણ વાગ્યાં રે હોય તે જાણે."

એ પ્રેમ નવા હિંદના જન્મનું કારણ અને ઘડનારી શક્તિ છે, એ મારાં આ પુરુષનાં સંસ્મરણોનો સાર છે. તે પુરુષને આપણે વફાદાર રહીને આગળ વધીએ, તો એ આપણો સાચો ભોમિયો હતો તેમ જ આજેય થઈ શકશે.

૨૪-૪-'૫૬ **મગનભાઈ દેસાઈ**

મોક્ષનો માર્ગ

[એક પંજાબી લોકકથા]

એક હતો રાજા. તેણે ભાગવત પુરાણની કથા સાંભળવા માટે એક પંડિતને બોલાવ્યો. પંડિતે બીજા દિવસથી રાજાને કથા સંભળાવવાનું વચન આપ્યું.

બીજે દિવસે જ્યારે પેલો પંડિત રાજાને કથા સંભળાવવા માટે તેના નિવાસસ્થાને જતો હતો, ત્યારે રસ્તામાં તેને એક સાપ મળ્યો.

સાપે રસ્તો રોકીને પંડિતને કહ્યું: "મને પહેલાં ભાગવત સંભળાવ; પછી રાજા પાસે જજે."

સાપને જોઈને પંડિત તો ગભરાઈ ગયો. પરંતુ સાપે જ્યારે તેને બે સોનામહોરો આપી ત્યારે તેણે રાજી થઈને સાપને કથા સંભળાવી.

આમ રોજ તે પ્રથમ સાપને કથા સંભળાવતો અને પછી રાજાનો વારો આવતો.

હવે થોડા દિવસ પછી કથા પૂરી થઈ ગઈ. છેલ્લે દિવસે દક્ષિણા આપવાનો વખત હતો. સાપે કહ્યું: "પહેલાં રાજા પાસેથી દક્ષિણા લઈ આવ. પછી મારી પાસે આવજે."

રાજાએ પંડિતને એક હજાર સોનામહોરો આપી. પંડિત ખુશ થતો થતો સાપ પાસે આવ્યો. સાપે પોતાના દરમાં જેટલો ખજાનો હતો એ બધો જ પંડિતને આપી દીધો. પરંતુ તેણે એ ખજાનો આપતાં પહેલાં પંડિત પાસેથી વચન માગી લીધું કે, તે સાપને એક ટોપલીમાં મૂકીને હિમાલયમાં છોડી આવે.

પંડિત તો ખજાનો જોઈને ખુશ ખુશ થઈ ગયો. તેણે સાપની ઇચ્છા પ્રમાણે કબૂલત આપી. પછી તેણે બધું ધન પોતાના કબજામાં લઈ લીધું અને સાપને એક ટોપલીમાં મૂકીને હિમાલય તરફ પ્રયાણ કર્યું.

હિમાલયથી થોડેક દૂર પંડિતે સાપને કહ્યું: "હવે તું આગળ તારી મેળે જા અને મને અહીંથી ઘેર પાછો જવા દે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાપે કહ્યું : "મને હિમાલયના મધ્ય ભાગમાં છોડી આવે તો તને બીજા બ્રહ્મનાની માહિતી આપું."

આ સાંભળીને પંડિત એમ કરવા તૈયાર થયો; એટલે સાપે તેને બીજા બ્રહ્મનાની જગ્યા બતાવી.

બંને જણ બૂબ મુશ્કેલીએ હિમાલયના મધ્ય ભાગમાં પહોંચ્યા; એટલે પંડિતે સાપને ત્યાં છોડવાની તૈયારી કરી. સાપ તો છૂટો થઈને બડબડ હસવા લાગ્યો.

આ જોઈને પંડિતને નવાઈ લાગી. તેણે સાપને હસવાનું કારણ પૂછ્યું. સાપે તેને કાશીમાં રહેતા એક પંડિતનું ઠેકાણું આપ્યું અને કહ્યું: "તારા આ પ્રશ્નનો જવાબ એ પંડિત આપશે."

પંડિત સાપ પાસેથી વિદાય લઈને પેલા બીજા ધનભંડાર પાસે ગયો. ત્યાંનું બધું ધન ભેગું કરીને તે એને પોતાને ઘેર મૂકી આવ્યો અને પછી કાશી જવા ઊપડ્યો.

કાશીમાં જઈને તેણે પેલા પંડિતને બધી વાત કહી સંભળાવી. એટલે તે પંડિત બોલ્યો: "એક વખત ચાર પંડિતો અને એક કૂતરો ચાર ધામની જત્રાએ ગયા. જત્રા કર્યા પછી તે ચાર પંડિતો હિમાલય ગયા; પરંતુ પેલો કૂતરો નહીં ગયો. ચાર પંડિતોને જત્રા કરવાથી તેમ જ હિમાલયમાં જવાથી મોક્ષની પ્રાપ્તિ થઈ. પરંતુ પેલો કૂતરો (જે આ જન્મમાં હું જ છું) તેને જીવનના આવાગમનના ફેરામાંથી મુક્તિ મળી નથી! જો હું પણ હિમાલયમાં ગયો હોત, તો મને પણ મોક્ષ પ્રાપ્ત થાત. તેં પણ ભારે ભૂલ કરી છે. તેં સાપને તો હિમાલયમાં છોડીને મોક્ષ અપાવ્યો; પરંતુ તું પોતે માયાજાળમાં ફસાઈને, ધનની લાલચમાં પડીને દુનિયાનાં કષ્ટ સહન કરવા અહીં જ પાછો આવ્યો!"

મુકુલભાઈ

નવું વાચન

વેળા વેળાની છાંયડી : લે૦ ચૂનીલાલ મડિયા; પ્ર૦ વોરા એન્ડ કંપની, મુંબઈ–૨; કિં૦ સાત રૂપિયા; પૃ૦ ૪૮૮.

આ નવલકથા વાંચ્યા પછી એમ જરૂર લાગે છે કે, શ્રી મડિયાની કલમ હવે કંઈક કસાતી જાય છે તથા પોતાને ઉચિત એવા ક્ષેત્ર તરફ વળતી જાય છે. શ્રી મડિયા પાસે વાર્તાકારને જોઈએ તેવો ભાષા-રંગ સારા પ્રમાણમાં છે; અને તેને મનોરંજન માટેના ચાલુ હળવા કથાનકમાં તે વાપરે તો વાચકને આકર્ષી શકે તેમ છે. આ વાર્તા નાટકવાળાને, સિનેમાવાળાને માટે — એ રીતે ઘડી કાઢવામાં આવી છે. અને વાચકને તેની મહેનતનો તથા ખર્ચનો બદલો આપી શકે છે.

શ્રી મડિયાનું ભયસ્થાન તેમની હળવો શૃંગાર બહેકાવવાની વૃત્તિ છે. તેમના શબ્દોમાં કહીએ તો, 'બોરા— બટાઈ ગયેલા — અંબોડાની બદબોની જેમ તે તેમની ચોપડીમાંથી અચૂક તરી આવે છે. તેમનાં કૉલેજિયન પાત્રોની જેમ વેણીઓ સૂંઘવાની વૃત્તિ ન રાખીએ તોપણ તેમની વાર્તાઓનો એ બોરાટ નાકમાં પેસી જ જાય છે. આ ચોપડીમાં તેવું કશું ખાસ શૃંગારસ્થાન જ નથી. અને જ્યાં છે ત્યાં તેમની કલમ મર્યાદામાં રહી છે. એટલે આ વાર્તા ખુલ્લે નાકે વાંચી શકાય તેવી બની છે.

કેટલીક મોટી નવલકથાઓમાં શ્રી મડિયાની વાર્તા-સંગઠનની કળા જેમ નબળી પડી જવાથી આખી વાર્તાના ભભકભર્યા ઉઠાવને વ્યર્થ કરી નાખે છે, તેવું પણ આ નવલકથા 'વેળા વેળાની છાંયડી'માં ખાસ બન્યું નથી. જોકે, કીલાચંદ કાંગસીવાળાનું પાત્ર છેવટે રમકડાંની લારી પાસે રહ્યું રહ્યું, નરોત્તમ અને ઓતમચંદ શેઠને મોટી વિલાયતી પેઢીને પણ ટક્કર મારતા એક રાતમાં કરી દે છે, અને જાતે પણ નાટકનો પડદો બંસે તેટલી વારમાં યુરોપિયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેબનો શિરસ્તેદાર બની એક મોભાદાર સત્તાધીશ થઈ બેસે છે, એ બધી આ વાર્તાની નબળી કડીઓ છે. અને તેથી ફોલાચંદનું પાત્ર સરવાળે અવાસ્તવિક જેવું બનતાં તેની બધી કારકિર્દી પણ અવાસ્તવિક જેવી બની રહે છે. છતાં આ વાર્તામાં શ્રી મડિયાની કલમની એ નબળાઈ એટલી બધી વિઘાતક નથી બનતી.

આ વાર્તા આમ તો એક સફળ વાર્તા છે. ખરી રીતે વાર્તાનાં બધાં અંગોની સુગઠિતતા એ છેવટે વાર્તાકારની 'ક્રાન્તદર્શિતા'ને આધારે રહેલી હોય છે; અને આખા જીવનનો સુસંગત નકશો ઊભો કરવા જેવી દૃષ્ટિ તેમાં જોઈએ છે. એવી કશી મહેચ્છા વિના માત્ર મનોરંજન માટેની વાર્તાઓનું પણ સ્થાન હોય છે. અને તે બાબતમાં શ્રી મડિયા તેમના ભાષા-ભંડોળને કારણે જરૂર સફળ નીવડી શકે તેમ છે.

મુ૦ ક૦

સોરઠની સંધ્યા: લે૦ ગુણવંતરાય આચાર્ય; પ્ર૦ આર. આર. શેઠની કંપની, મુંબઈ–૨; કિં૦ ત્રણ રૂપિયા; પૃ૦ ૨૨૪+૮.

ભૂતકાળના પડછાયા: લે૦ અને પ્ર૦ ઉપર મુજબ; કિં૦ પાંચ રૂપિયા; પૃ૦ ૩૪૪+૧૦.

સોરઠ દેશની સંધ્યા — ભૂતકાળના પડછાયાને મૂર્તિમંત કરવાના ઇરાદાથી લખાયેલી આ ટૂંકી વાર્તાઓના ઉપરના બે સંગ્રહો ખરેખર વાંચવા જેવા ખરા છે. જામનગર, પોરબંદર, જૂનાગઢ — એ બધાં નાનાં નાનાં રજવાડાંના સમયની કેટલીક ઐતિહાસિક મૂર્તિઓ લોકકથા — દંતકથાના સ્વરૂપમાં ચાલતી આવેલી, ભુલાઈ ગયેલી, તે બધી આમાં તાદૃશ થાય છે. દ્વારા રિકોહ, શિવાજી અને વારકો–ડી–ગામા તથા પેશ્વાના લૂંટારા મરાઠા સરદારો પણ સોરઠને રપર્શતા અંશોમાં એમાં ચમકી જાય છે.

શ્રી આચાર્યની બહાર પડેલી મોટી 'દરિયાઈ' નવલકથાઓ કરતાં આ ટૂંકી વાર્તાઓમાં તેમની કલમ વધુ સુઘડ સ્વરૂપે દેખા દે છે. તેમની મોટી નવલકથાઓમાં વસ્તુતાએ ટૂંકી વાર્તા બનાવવા જેવા જ નાના એકાદ–બે વાર્તાપ્રસંગો આવતા હોય છે; પરંતુ તેમના ઉપર પાનાંનો ગંજ રચી પાંચેક રૂપિયાની કિંમતની ચોપડી બનાવવા જતાં શ્રી આચાર્યની વાર્તાકળા જરૂર વણસે છે, અને આખા પુસ્તકમાંથી સોએક પાનની પુનરાવૃત્તિ અથવા અપ્રસ્તુત લાગે તેવું વાદળ ઝાપટી કાઢવાની જરૂર સામાન્ય વાચકને પણ લાગ્યા વિના રહેતી નથી.

એ હિસાબે આ ટૂંકી વાર્તાઓનાં પાત્રો, પ્રસંગો અને કથાભાગ બહુ મનોરમ રીતે ઊઘડી આવે છે તથા વાચકને વાર્તારસમાં તેમ જ તેટલા જ કીમતી ભાવરસમાં તરબોળ કરી દે છે.

આ બે સંગ્રહો લગભગ સાથે જ પુનર્મુદ્રણ પામ્યા છે. તે વખતે એમાંની વાર્તાઓનો ક્રમ થોડો હેરફેર કરી લેવાયો હોત તો વધુ સારું થાત. અમરજીની કતલ થયા પછી તેના દીકરાની દીવાનગીરીની વાત પછી પાછી અમરજીના પાત્રવાળી વાર્તા આવે તેના કરતાં કંઈક તે પાત્રના જીવનક્રમ અનુસાર વાર્તાઓ ગોઠવી લેવાઈ હોય તો વધુ ઠીક લાગે. ઉપરાંત 'સોરઠની સંધ્યા'માંથી પણ અમરજી દીવાનવાળી વાર્તાઓ ગમે તે એક જ ચોપડીમાં એકત્રિત કરી લેવામાં આવી હોત તો સારું થાત.

એક બીજી વાત પણ લક્ષમાં લેવા જેવી છે. કેટલાંક પાત્રોના મોંમાં જે વિચારો મૂકયા છે, તે વિચારો મૂકવાની ઐતિહાસિક વાર્તાકારને અલબત્ત છૂટ છે અને હોવી જોઈએ; પરંતુ તે બધું પણ વાર્તાકળાને હાનિ પહોંચાડયા વિના અથવા વાચકના ધ્યાનમાં ન આવે એ રીતે કરી લેવાય તો વાર્તારસમાં ક્ષતિ ન આવે.

સર્વથા આ મરદાનગીભરી, માણસાઈભરી, બહાદુરીભરી વાર્તાઓના સંગ્રહ આવકારપાત્ર છે; તથા તેમાં બહારવટિયા જેવું કાંઈ આવી પડવાનો ડર રાખ્યા વિના વાચક તેમને વાંચી શકે તેમ છે.

મુ૦ ક૦

શ્રી અને સરસ્વતી: લે૦ ગુણવંતરાય આચાર્ય; પ્ર૦ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિં૦ સવાબે રૂપિયા; પૃ૦ ૧૪૭+૭.

શ્રી આચાર્યનો આ વાર્તાસંગ્રહ આવકાર્ય છે. આ ૧૩ ટૂંકી વાર્તાઓમાં પણ શ્રી આચાર્યની કલમનો સારો પરિચય થાય છે. એ વાર્તાઓ વાંચતાં આપણને હરિકથાકારોની યાદ તાજી થાય છે. લોકોમાં પ્રચલિત એવી હરિકથાઓમાંથી પસંદગી કરીને શ્રી આચાર્યે પોતાની પ્રવાહી શૈલીમાં તેમનું તાદૃશ, ભાવભર્યું નિરૂપણ કર્યું છે.

આ વાર્તા–સંગ્રહ વાર્તાપ્રિય વાચકોને અવશ્ય ગમી જાય એવો છે.

મુ૦ ક૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં નવાં પ્રકાશનો

લોકમાન્ય ટિળક પાંડુરંગ ગણેશ દેશપાંડે

'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે' એ મંત્રના દ્રષ્ટા અને આધુનિક રાષ્ટ્રીય જાગૃતિના જનક લોકમાન્ય ટિળકની જન્મશતાબ્દી નિમિત્તે પ્રગટ થયેલી આ પ્રેરક જીવનકથા આપણા રાષ્ટ્રના સ્વાતંત્ર્ય માટે જીવનભર મથનાર અને તે વખતની સરકારના દમન અને અનેક યાતનાઓ વેઠ્યા છતાં પોતાના નિરધારમાં મક્કમ રહી રાષ્ટ્રને ચરણે જીવન સમર્પણ કરનાર મહાપુરુષના ઉદાત્ત જીવન અને કાર્યનો પરિચય આપે છે.

કિં. રૂ. ૩–૦–૦ ટપાલરવાનગી ૦–૯–૦

બિહારની કોમી આગમાં મનુબહેન ગાંધી

મનુબહેનની ડાયરીઓનું 'એકલો જાને રે' પછીનું પુસ્તક. નોઆખાલીનું કાર્ય પોતાના વિશ્વસ્ત સાથીઓને ભળાવી, જેને વિષે પોતાના દિલમાં અતિશય ફૂણી લાગણી હતી એવા બિહાર પ્રાંતમાં સળગેલી કોમી આગ વચ્ચે બે માસ સુધી રહી તેને ઠારવા રાષ્ટ્ર-પિતાએ કેવા ભગીરથ પ્રયાસ કર્યા, તેનું અને રાષ્ટ્ર-પિતાના જીવનના એ વેદનાભર્યા દિવસોનું તાદૃશ બયાન આ ડાયરીમાંથી મળશે.

કિં. રૂ. ૩–૦–૦ ટપાલરવાનગી ૧–૧–૦

ખરી કેળવણી ગાંધીજી

કેળવણીના તત્ત્વ અને આદર્શની ચર્ચા કરતાં તેમ જ વિદ્યાર્થીજીવનને અંગેના પ્રશ્નોને સ્પર્શતા ગાંધીજીનાં બધાં લખાણોને આ પુસ્તકમાં ખંડવાર ગોઠવવામાં આવ્યા છે. વાચકને એથી કેળવણી વિષેના એમના વિચારો સમજવામાં સરળતા થશે.

કિં. રૂ. ૨–૮–૦ ટપાલરવાનગી ૦–૧૪–૦

કેળવણીનો ક્રોયડો ગાંધીજી

'ખરી કેળવણી'ની પૂર્તિરૂપ આ પુસ્તકમાં કેળવણીના પ્રશ્નોની છણાવટ કરતાં અને તેના ઉકેલની દિશા ચીંધતાં ગાંધીજીનાં લખાણો અને વ્યાખ્યાનો આપવામાં આવ્યાં છે.

કિં. રૂ. ૨–૮–૦ ટપાલરવાનગી ૦–૧૪–૦

વર્ણવ્યવસ્થા ગાંધીજી

ગાંધીજીના વર્ણાશ્રમધર્મ અંગેના વિચારો રજૂ કરતાં તેમ જ આપણી જ્ઞાતિઓ, તેના કુરિવાજો અને હરિજનોના પ્રશ્નોની ચર્ચા કરી તેનો યોગ્ય ઉકેલ બતાવતાં લખાણોનો સંગ્રહ.

કિં. રૂ. ૧–૦–૦ ટપાલરવાનગી ૦–૫–૦

અવારનવાર કાકાસાહેબ કાલેલકર

૧૯૨૦ થી ૧૯૫૬ સુધીમાં કાકાસાહેબે પ્રસંગોપાત્ત લખેલા અને કયાંય ગ્રંથસ્થ નહીં થયેલા છૂટક લેખોનો સંગ્રહ. આ લેખો છૂટક લખાયેલા હોવા છતાં એમાં કાકાસાહેબની સળંગસૂત્ર જીવનદૃષ્ટિ પરોવાયેલી જોવા મળશે.

કિં. રૂ. ૨–૦–૦ ટપાલરવાનગી ૦–૯–૦

અંકગણિત શીખવવાની પદ્ધતિ મોહનલાલ પંચોળી

પ્રાથમિક શાળામાં ગણિતનો વિષય શીખવતા શિક્ષકોને લક્ષમાં રાખીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આમાં એ ધોરણોમાં શીખવવામાં આવતી પ્રાથમિક ગણતરીની રીતોની વિસ્તારપૂર્વક ચર્ચા કરી ગણિત શીખવવાની શાસ્ત્રીય પદ્ધતિ દર્શાવવામાં આવી છે. અનેક વર્ષોના પ્રત્યક્ષ શિક્ષણના અનુભવને આધારે તૈયાર થયેલું આ પુસ્તક મુશ્કેલ ગણાતા એ વિષયને સરળ અને રસિક કેમ બનાવવો તેની વ્યવહારુ સૂચનાઓથી ભરેલું હોઈ એ વિષય શીખવતા શિક્ષકોને મદદકર્તા થઈ પડશે.

કિં. રૂ. ૩–૮–૦ ટપાલરવાનગી ૦–૧૦–૦

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

4 SEP 66 9-45 SAHARANPUR

જુવાનોને શીખ

[બુદ્ધભગવાને યુવાનો માટે 'સિગાલોવાદ' સૂત્રમાં સલાહનાં ખાસ વચન કહ્યાં છે, તે આજે પણ લક્ષમાં [illegible] છે.]

'મને આ સારું લાગે છે' એવી કલ્પનાથી પાપકર્મ ન કરવું; બીજા ઉપરના દ્વેષથી ગ્રેરાઈ તેને નુકસાન થાય તે માટે પાપકર્મ ન કરવું; બીજાના ભયથી ડરી જઈને પાપકર્મ ન કરવું; અને અજ્ઞાનથી ભોળવાઈને પાપકર્મ ન કરવું; આ ચાર કારણોએ યુવાને પાપકર્મ ન કરવું.

સંપત્તિનાશનાં છ દ્વારો યુવાન માણસ ન સેવે — (૧) સુરાદિ માદક પદાર્થોનું સેવન; (૨) અસમયે બહાર રખડવું; (૩) નાટક-તમાશા જોવાનું વ્યસન; (૪) જુગાર; (૫) પાપી મિત્રોની સંગતિ; અને (૬) આળસ.

'આજે બહુ ટાઢ છે' એમ કહી કામ ન કરે, 'આજે બહુ તડકો છે' એમ કહી કામ ન કરે, 'આજે સાંજ પડી ગઈ છે' એમ કહી કામ ન કરે, 'આજે ભૂખ લાગી છે' એમ કહી કામ ન કરે, 'આજે બહુ થાક ચડ્યો છે' એમ કહી કામ ન કરે — આ રીતે આળસ કર્યા કરનાર જુવાન નવું તો કાંઈ મેળવતો નથી, પરંતુ તેને મળેલું ધન પણ નાશ પામે છે.

ઠંડી કે તાપને જે તણખલાની તોલે ગણી કાઢે છે, અને પુરુષાર્થ કરે છે, તે જુવાનથી સુખ વિખૂટું પડતું નથી.

હે ગૃહપતિપુત્ર! આ ચાર જણા મિત્રના વેષમાં શત્રુ છે એમ સમજવું; અને તેમનો જોખમભરેલા માર્ગની પેઠે ત્યાગ કરવો — (૧) ઘેર આવીને કાંઈ ને કાંઈ લઈ જવાની ઇચ્છા રાખે છે, તથા પોતાનો સ્વાર્થ સાધવા જ આપણને સેવે છે; (૨) શબ્દોથી જ ઉપકાર કરવાની ઇચ્છા રાખે છે, પરંતુ જ્યારે કંઈક મદદ કરવાની વાત આવે ત્યારે પોતાની મુશ્કેલીઓ રડવા બેસે છે; (૩) હાજીહા કર્યા કરે છે, અને ખોટું કામ કરતા હોઈએ તોપણ ટેકો આપે છે, પણ સારું કામ કરવા ઇચ્છીએ ત્યારે વચકો નાખે છે; (૪) પૈસા ઉડાવવામાં હંમેશ સાથીદાર બને છે, અર્થાત્ દારૂ-નશો કરવો, અસમયે શેરીઓમાં રખડવું, નાટક-તમાશામાં હાજરી આપવી, અને જુગાર રમવો — એવાં કામોમાં ભેરુબંધ બને છે.

પરંતુ, આપણા ઉપર ઉપકાર કરનાર, આપણા દુઃખે દુઃખી અને સુખે સુખી થનાર, આપણને સાચી સલાહ આપનાર, અને આપણા ઉપર હંમેશ અનુકંપા રાખનારને આપણા સાચા મિત્ર જાણવા અને માતા જેમ પોતાના છોકરાની કાળજી લે, તેમ તેમની કાળજી લેવી.

મધમાખ મધ એકઠું કરે તેમ નિરંતર ઉદ્યમથી ધન ભેગું કરનારનું ધન કીડીનો રાફડો વધે તેમ વધતું જાય છે. એમ પૂરતું ધન ભેગું કરનાર પોતાના મિત્રોને મદદગાર બની શકે છે. પોતાના ધનના ચાર ભાગ પાડનારો જીવનની જરૂરિયાતોથી કદી વિખૂટો પડતો નથી: એક ભાગથી ભોગ ભોગવવા, બે ભાગ ધંધામાં રોકવા, અને ચોથો ભાગ અનામત રાખવો, જે વિપત્તિવેળા કામ આવે.

— દીઘનિકાય ૩૧, સિગાલોવાદ સુત્તંત]

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે
ગોપાળદાસ પટેલ
ઠાકોરભાઈ દેસાઈ
મણિભાઈ દેસાઈ
મગનભાઈ દેસાઈ (તંત્રી)
જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૫ અંક ૧૦

ઑક્ટોબર નવજીવન, અમદાવાદ ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

ઑક્ટોબર, ૧૯૫૬

વર્ષ ૧૫ અંક ૧૦

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
શિક્ષણમાં સ્વાતંત્ર્ય	મગનભાઈ દેસાઈ	૨૮૯
હિંદીની પરીક્ષાઓની સરકારી માન્યતા	મગનભાઈ દેસાઈ	૨૯૦
બાપુજીનાં માતુશ્રી	મુકુલભાઈ કલાર્થી	૨૯૩
સાભાર સ્વીકાર		૨૯૩
ગાંધીજીનો એક પત્ર		૨૯૪
દિલ્લીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૨૯૫
દેશને અંગ્રેજી જોઈએ કે વૈજ્ઞાનિકો?	જુગતરામ દવે	૨૯૮
રાજકારણની પરિભાષા	રમેશ મ૦ ભટ્ટ, રામલાલ પરીખ	૩૦૨
ચિંતન અને મનન		૩૦૪
શ્રી કિશોરલાલભાઈના પુણ્યસ્મરણમાં	મુકુલભાઈ કલાર્થી	૩૦૫
ગાંધીજીની દૃષ્ટિએ વિનોબા	મુકુલભાઈ કલાર્થી	૩૦૮
ત્રિવેણી-સંગમ	મુ૦ ક૦	૩૧૧
'યુનો'ના જન્મ દિને		૩૧૩
સન ૧૯૫૪નાં ગુજરાતી પુસ્તકો	દશરથલાલ શાહ	૩૧૫
નવું વાચન		
ભારતીય શિલ્પકળા	મુ૦ ક૦	૩૧૬
સાહિત્યિકોંસે	મુ૦ ક૦	૩૧૬
મહેનતનાં ગીતો	મુ૦ ક૦	૩૧૬
યુક્તિ પ્રકાશ	મુ૦ ક૦	૩૧૬
મહાવીર-વાણી	મુ૦ ક૦	૩૧૬
મદન મોહના	મુ૦ ક૦	૩૧૬
સરમુખત્યાર	મુ૦ ક૦	૩૧૬
ઊર્મિ અને આશા	મુ૦ ક૦	૩૧૭
બોધિસત્ત્વ	મુ૦ ક૦	૩૧૭
ઉત્તર રામચરિત	મુ૦ ક૦	૩૧૭
ગાંવકી પુકાર	વિ૦	૩૧૮
સાભાર સ્વીકાર		૩૧૮

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતિ છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતિ છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં અમદાવાદ (કલ્યાણ ભુવન, રિલિફરોડ); મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બન્નર); રાજકોટ; (લાખાજીરાજ રોડ); દિલ્હી (યુ. એસ. કૉમ્યુનિકેશન થયેટર બિલ્ડિંગ, કૉનોટ સર્કસ, નવી દિલ્હી); ઇદોર (ગાંધીભવન, યશવંત રોડ); વડોદરા (કોઠી સામે, રાવપુરા); લખનૌ (વિષ્ણુઆશ્રમ અમિનુદ્દૌલા પાર્ક) અને પટના (ગાવિંદ મિત્ર રોડ, પટના-૪) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂા. ૪; પરદેશમાં રૂા. ૬ અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, **અમદાવાદ-૧૪**

અમારાં નવાં પ્રકાશનો

સંત તુકારામની વાણી : અનુ૦ કિ૦ ધ૦ મશરૂવાળા; સંપા૦ મુકુલભાઈ કલાર્થી; કિં. રૂ. ૧-૮-૦; ટપાલરવાનગી ૦-૮-૦.

યરવડાના અનુભવો : લે૦ ગાંધીજી; કિં. રૂ. ૧-૦-૦; ટપાલરવાનગી ૦-૫-૦.

જગતના ઇતિહાસનું રેખાદર્શન : લે૦ પં. જવાહરલાલ નેહરુ; અનુ૦ મણિભાઈ ભ૦ દેસાઈ; કિં. રૂ. ૧૨-૦-૦; ટપાલરવાનગી ૧-૧૫-૦.

ગાંધી-નાસ્તિક સંવાદ : લે૦ ગોરા (જી. રામચંદ્ર રાવ); કિં. રૂ. ૦-૧૦-૦; ટપાલરવાનગી ૦-૪-૦.

જેકિલ અને હાઈડ : લે૦ આર. એલ. સ્ટીવન્સન; અનુ૦ મગનભાઈ દેસાઈ; કિં. રૂ. ૦-૧૨-૦; ટપાલરવાનગી ૦-૪-૦.

લોકમાન્ય ટિળક : લે૦ પાંડુરંગ ગણેશ દેશપાંડે; કિં. રૂ. ૩-૦-૦; ટપાલરવાનગી ૦-૯-૦.

અંકગણિત રીખવવાની પદ્ધતિ : લે૦ મોહનદાસ ભ૦ પંચોળી; કિં. રૂ. ૩-૮-૦; ટપાલરવાનગી ૦-૧૦-૦.

"My Dear Child" [Gandhiji's letter to Esther Faering] Ed. by Alice Barnes Price Re. 1-8-0; Postage etc. 0-5-0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૫–અંક ૧૦] અમદાવાદ [ઑક્ટોબર, ૧૯૫૬

શિક્ષણમાં સ્વાતંત્ર્ય

હિંદના બંધારણે અદાલતો અને ન્યાય ખાતાને કારોબારી ખાતાથી સ્વતંત્ર રાખવાં જોઈએ, એમ ફરમાવ્યું છે. બ્રિટિશ પ્રજાએ હિંદમાં, આ વિષે પોતાને ત્યાંની લોકશાહીમાં ચાલતા, સદરહુ સિદ્ધાંતનો ભંગ કર્યો હતો. કૉંગ્રેસ વરસોથી તે સામે પોકાર કરતી હતી. પરિણામે ૧૯૫૦માં સ્વરાજનું બંધારણ થયું તેમાં આ સિદ્ધાંત ઉતારવામાં આવ્યો. જોકે હજી તેનું પાલન બધે થયું લાગતું નથી. પરંતુ લોકશાહી રાજ્ય-પદ્ધતિનો આ સિદ્ધાંત બંધારણે ચડી ચૂક્યો છે, જે આપણી પ્રજાને માટે એક કીમતી કમાણી ગણાય. નહીં તો તે સિદ્ધ કરવા કેટલીય જબરી હિલચાલ કરવી પડત.

આને મળતો અને એવો જ જરૂરી બીજો સિદ્ધાંત છે શિક્ષણનું સ્વાતંત્ર્ય. અંગ્રેજ પ્રજાએ આનો અમલ પોતાની લોકશાહી માટે કર્યો છે. આપણે ત્યાં તેણે જુદી પ્રથા ઊભી કરી, જેના વારસ આપણે છીએ. તેથી શિક્ષણમાં સ્વાતંત્ર્યની વસ્તુ સાધવા વિષે આપણી આગળ લડાઈ ઊભી છે. બલ્કે, આજે તો એવું જોવા મળે છે કે, કેન્દ્રની તથા પ્રદેશ રાજ્યોની સરકારો શિક્ષણ પર કાબૂ વધારતી જાય છે.

અંગ્રેજ સરકાર આ કામ ગ્રાન્ટ દ્વારા કરતી. તે જ હથિયાર વાપરી જાણનારી અમલદારશાહી આજે તે દ્વારા જ કામ ચાલુ રાખે છે. તે દ્વારા સરકારી શિક્ષણખાતાં સ્વતંત્ર કેળવણીના ઉદયને અજાણ્યે પણ રૂંધી રહ્યાં છે. કેવી રીતે તેનો એક દાખલો આપું.

ગ્રામપંચાયતોને સ્વરાજમાં સ્વતંત્રતા આપવી જોઈએ, પણ તે અપાતી નથી, બલ્કે જેને અંગ્રેજીમાં 'સ્પૂન-ફીડિંગ' કહે છે, તેવું સરકાર કરે છે. ગામડાંમાં લોકો ગયા રાજ્યની ગુલામ દશામાં કજિયા કરતા થઈ ગયા ને પંચાયતો તૂટી પડી. તેથી સરકાર સદ્‌હેતુપૂર્વક પંચાયતોને ચાલુ કરવામાં પા પા પગલી કરે છે, એ ખરું. છતાં એમાં સરકાર-બાપાપવાદ ઉપર આવે છે અને લોકશાહીની તાકાત જનમતી નથી, એ પણ ધ્યાન બહાર ન જવું જોઈએ. શિક્ષણમાં આજે આવું જ ચાલે છે. અને સરકાર તેમાં એકરૂપ વ્યવસ્થા આણવાના રૂપાળા બહાને દખલ કર્યા કરે છે. અને ગ્રાન્ટનું શસ્ત્ર વાપરે છે.

દા. ત., મુંબઈ રાજ્યમાં માધ્યમિક શિક્ષણતંત્રની જે દશા થઈ છે તે તપાસો. વર્ગોનાં સમયપત્રકો સુધીની બધી વિગતો પર સરકારે, 'ગ્રાન્ટ-કટ'ની ધાક દ્વારા, કાબૂ લીધો છે. શિક્ષણનાં વિવિધ ક્ષેત્રો માટે અનેક સલાહકાર બોર્ડ કામ કરતાં તે બધાં લગભગ નાબૂદ થયાં છે. અરે, પ્રાથમિક શિક્ષણ માટે કાનૂની બોર્ડ હોવું જોઈએ છે, તે પણ બેએક વરસથી લગભગ સૂઈ ગયું છે! નવું રચાતું નથી અને જૂનું મરવાને વાંકે જીવે છે!

હવે કેન્દ્ર ખાતું માધ્યમિક શિક્ષણમાં ઊતરી આવ્યું છે. અને તેની પંચવરસી યોજના તળે કરોડોનાં ખર્ચ કરવાની થેલીને જોરે પ્રદેશ રાજ્યો પર, એ જ એકરૂપ વ્યવસ્થાને નામે, દબાણ લાવે છે. હમણાં તેણે પણ મુંબઈ રાજ્ય પેઠે એક અભ્યાસક્રમ બહાર પાડ્યો છે ને રાજ્યોનાં ખાતાંને અમલ માટે મોકલ્યો છે. હવે તે એક બોર્ડ રચવા માગે છે અને તે દ્વારા આખા દેશની આ શિક્ષણશાખાને એકરૂપ કરવાના મનોરથ સેવે છે. અંગ્રેજી રાજ્યનાં ૧૫૦ વરસમાં એક વાતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકરૂપતા બનેલી તે અંગ્રેજી ભાષાના સાર્વત્રિક ભારણની. બાકી દરેક પ્રાંતમાં વ્યવસ્થા જુદી હતી અને હજી ચાલુ છે. કેન્દ્રનું કેળવણીખાતું હવે તેમાં તથા ઉચ્ચ શિક્ષણમાં પણ એકરૂપતા આણવા ચાહે છે! આ વસ્તુ કદાચ ખોટી ન હોય તોપણ એ ઉપરથી લાદીને પેદા ન કરી શકાય.

બીજું, દેશ એવડો મોટો છે કે, આવા પ્રયત્નને અમુક મર્યાદા સહેજે રહેવાની. શિક્ષણમાં પ્રયોગના સ્વાતંત્ર્યને અવકાશ આપવાની જરૂર છે તે પણ અહીંયાં ઊભી થાય છે. 'આમ કરો, નહીં તો ગ્રાન્ટ નહીં આપીએ' — આવી તલવાર માથે લટકાવવામાં આવે છે. આમાં ગ્રાન્ટનો દુરુપયોગ થાય છે. ગ્રાન્ટ એ સરકારની મહેરબાની જેવું અહીં બની જાય છે, એ વસ્તુ સરકારી શિક્ષણતંત્રને પણ ભ્રષ્ટ કરનારું નીવડે, એ તરત દેખાય એવી વાત છે. બલ્કે, શિક્ષણ-ખાતું કેવળ વહીવટી કે અમલદારી થઈ રહે છે. આ બીના લોકશાહી માટે ભારે આફત કહેવાય.

ન્યાય પેઠે શિક્ષણખાતું સ્વતંત્ર હોવું જોઈએ; એટલે કે, બીજાં કારોબારી ખાતાં કરતાં જુદી રીતે તેનો વ્યવહાર ચાલવો ઘટે છે. યુનિવર્સિટીની સ્વતંત્રતાનો સિદ્ધાંત અહીં પ્રસ્તુત બને છે. પણ યુનિવર્સિટી પણ પદવીદાનની દુકાનદારી જેવા કામમાં ગૂંગળાઈ મરે છે, ત્યાં આ વસ્તુની આશા કેમ રખાય? તે પણ સરકારી ગ્રાન્ટની પડાપડીમાં રહે છે અને કેન્દ્ર પણ એના દાતા તરીકે ચિત્રવિચિત્ર હક ભોગવે છે, કે જેને પરિણામે શિક્ષણની સ્વતંત્રતાનો સવાલ પાછો બગડે છે.

ખરું જોતાં વાત એમ છે કે, આજે આર્થિક બાબતોમાં દેશ પડ્યો છે. પણ શિક્ષણમાં એનાથી જરાય ઓછું ધ્યાન ન ચાલે. એ કામ માટે બંધારણે જ પંચ-વરસી યોજનાની રીત આંકી છે. બંધારણ ફરમાવે છે કે, અંગ્રેજી માધ્યમ ૧૫ વરસમાં બદલીને દેશનું શિક્ષણ તથા રાજવહીવટ આપણી લોકભાષાઓ દ્વારા ચાલતાં કરવાં. તેને માટે પાંચ પાંચ વરસે રાષ્ટ્રપતિનું ખાસ કમિશન વિચાર કરશે. આ કામ પેલી પંચવર્ષીય આર્થિક યોજના જેવું જ છે. પણ તે રીતની ગંભીરતાથી એનો વિચાર થતો નથી. જે થાય છે તે ઉપર જણાવી તેવી અશક્ય એકરૂપતાનો! એમ કદી આવડા મોટા દેશને એક લાકડીએ હાંકી ન શકાય. શિક્ષણ અને સંસ્કારના વિષયમાં સરકારી તંત્ર તેની ગ્રાન્ટની લોભ-લાલચની કે તેના કાપની ધાકધમકીથી જ કામ કરે, તો તેમાં શિક્ષણના સ્વાતંત્ર્ય પર ભીતિ આવશે. આર્થિક સ્વરાજ પેઠે જ શિક્ષણીય સ્વરાજ વિષે જાગ્રત ભાવે ચિંતન કરવાની હવે ખૂબ જરૂર છે.

૬-૮-'૫૬ **મગનભાઈ દેસાઈ**

હિંદીની પરીક્ષાઓની સરકારી માન્યતા

૧

સરકારી નોકરોને માટે હિન્દી ભાષાની કઈ પરીક્ષા માન્ય કરવી એ સવાલ વડી સરકારમાં ઊભો થયો છે. મુંબઈ રાજ્યે તે સવાલનો નિકાલ થોડાં વરસ ઉપર આપેલો કે, હિન્દી સાહિત્ય સંમેલનની વર્ધા સમિતિની પરીક્ષાઓ માન્ય રાખી નહીં શકાય. આની સામે તે સંમેલનના સંચાલકો હોય એ ઉઘાડું છે. તેઓએ આ પ્રશ્નનો ઉકેલ આણવા દિલ્હીની વડી સરકારનો આશરો લીધો લાગે છે, અને ઉપરથી દબાણ પેદા કરવાની તજવીજ થઈ છે.

ફરીથી સવાલ પેદા થયો છે, તે આ રીતે વડી સરકાર તરફથી જાગ્યો છે, અને તે અંગે તેના શિક્ષણખાતાએ એક સમિતિ નીમી તેને આ માન્યતાનો સવાલ પૂછ્યો હતો. આ સમિતિ ભાગ્યે એનો જવાબ આપી શકે, કેમ કે એમાં સવાલ ઉત્તર હિંદની એક પ્રાદેશિક સાહિત્ય-સંસ્થાના કામની આલોચના કરવાનું કઠણ કામ રહેલું છે. અને જે રીતે આજે ઉત્તર હિંદનો રાજદ્વારી દૃષ્ટિએ જાગ્રત વર્ગ વર્તે છે તે જોતાં, તેની પ્રદેશભાષાને લગતા આ સવાલમાં સ્પષ્ટતા આણવાનું કામ કપરું થઈ પડ્યું છે. અસ્તુ.

મુંબઈ રાજ્યે આ જાતના દબાણને વશ થઈને રસ્તો કાઢ્યો કે, તેણે પોતાના નોકરોને માટે પોતાની અલગ નવી પરીક્ષાઓ ઊભી કરી, તેને ચલાવવાને માટે એક ખાસ બોર્ડ નીમ્યું. તે બોર્ડની પરીક્ષાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂ થઈ ગઈ છે. વચગાળામાં, હિંદી વિનીત ૪૦ માન્ય પરીક્ષાઓની મંજૂરી ચાલુ રાખી છે.

હવે વિચાર એ કરવાનો છે કે, આ પ્રશ્નમાં અખિલ ભારતીય દૃષ્ટિએ શું કરવું ઘટે છે, તે સમજવું જોઈએ. હિન્દી સાહિત્ય સંમેલનની પરીક્ષાઓને માન્યતા આપી શકાય ખરી?

૨

પ્રશ્નનો વિચાર બે તબક્કે કરવાની જરૂર છે:

૧. સ્વતંત્ર બંધારણ અમલમાં આવતા પૂર્વેનો ગાળો;

૨. ત્યાર બાદ ૧૯૫૦થી શરૂ થયેલો નવો યુગ.

૧૯૫૦ પૂર્વેના ગાળામાં હિંદી પ્રચાર અંગેની મુખ્યમાં મુખ્ય ઘટનાઓ બેચારેક છે. પ્રથમ એ કે, ગાંધીજીએ ઈ. સ. ૧૯૩૬માં હિંદી સાહિત્ય સંમેલનની અંતર્ગત એક સમિતિ નીમી, જેની કચેરી વર્ધામાં રખાઈ તે પરથી તે ટૂંકમાં 'વર્ધા સમિતિ' કહેવાય છે. આનો ઉદ્દેશ એ હતો કે, ઉત્તર હિંદના અહિંદી પ્રાંતોમાં રાષ્ટ્રભાષા હિંદી કે હિંદુસ્તાનીનો પ્રચાર કરવો. શ્રી કાકાસાહેબ કાલેલકરને આ સમિતિનું સંચાલનકાર્ય સોંપવામાં આવ્યું.

મહત્ત્વની બીજી વસ્તુ એ હતી કે, આ હિંદી કે જેનો પ્રચાર કરાશે તેની વ્યાખ્યા ગાંધીજીએ સંમેલનમાં રજૂ કરી અને તે તેણે સ્વીકારી.

ત્યાર બાદ ઈ. સ. ૧૯૩૭માં દેશના ઘણા પ્રાંતોમાં કૉંગ્રેસ પ્રધાનમંડળો રચાવાથી હિંદી પ્રચારનું રચનાકામ જોરથી ચાલી શકયું. મુંબઈ રાજ્યમાં શ્રી કાકાસાહેબ કાલેલકરે તે ઉપાડયું. ગુજરાતમાં તેમણે અને શ્રી અમૃતલાલ નાણાવટીએ 'ગુજરાત રાષ્ટ્રભાષા પ્રચાર'ના નામે સ્વતંત્ર સંસ્થા તરીકે કામ શરૂ કર્યું. તેની મારફતે વર્ધા સમિતિની પરીક્ષાઓ ગુજરાતમાં જારી થઈ.

૩

ઈ. સ. ૧૯૪૦ સુધીમાં કામ ચાલતાં, ઉપરની યોજનાના પાયામાં એક મૂળ દોષ હતો તે છતો થયો. એ કે, હિંદી સાહિત્ય સંમેલને રાષ્ટ્રભાષાની ઈ. સ. ૧૯૩૬થી સ્વીકારેલી વ્યાખ્યા બદલી અને તેના ૧૯૪૧ના અધિવેશનમાં નીચે પ્રમાણે ઠરાવ કર્યો. તેનો આ ઠરાવ આજ સુધી કાયમ રહેલો છે. તે ઠરાવ મૂળ રૂપે જ નીચે ઉતાર્યો છે:—

"વાસ્તવમેં ઉર્દૂ ભી હિંદીસે ઉત્પન્ન અરબી-ફારસી- મિશ્રિત એક રૂપ હૈ. 'હિંદી' શબ્દકે ભીતર, ઐતિહાસિક દૃષ્ટિસે, ઉર્દૂકા સમાવેશ હૈ. કિંતુ ઉર્દૂકી સાહિત્યિક શૈલી, જો થોડેસે આદમિયોંમેં સીમિત હૈ, હિંદીસે ઇસ સમય ઇતની ભિન્ન હો ગઈ હૈ કિ, ઉસકી પૃથક્ સ્થિતિ સંમેલન સ્વીકાર કરતા હૈ ઔર હિંદીકી શૈલીસે ભિન્ન માનતા હૈ.

"'હિંદુસ્થાની' યા 'હિંદુસ્તાની' શબ્દકા પ્રયોગ મુખ્યકર ઇસ લિયે હુઆ કરતા હૈ કિ, વહ દેશી શબ્દવ્યવહારસે પ્રભાવિત હિંદી શૈલી તથા અરબી શબ્દવ્યવહારસે પ્રભાવિત ઉર્દૂ શૈલી. દોનોંકા, એક શબ્દસે, એક સમયમેં નિર્દેશ કરે. દોનોંસમેં, હિંદુસ્તાની એકેડેમીમેં, ઔર કુછ ગવર્નમેન્ટ વિભાગોંમેં ઇસી અર્થમેં ઇસકા પ્રયોગ હુઆ હૈ ઔર હોતા હૈ. કુછ લોગ ઇસ શબ્દકા પ્રયોગ ઉસ પ્રકારકી ભાષાકે લિયે ભી કરતે હૈં જિસમેં હિંદી ઔર ઉર્દૂ શૈલિયોંકા મિશ્રણ હો.

"ઇસ પ્રકાર નિશ્ચિત અર્થમેં ઉર્દૂ ઔર હિંદુસ્તાની શબ્દોંકા પ્રચલન હૈ. ઇસ વિષયમેં સંમેલનકા કોઈ વિરોધ નહીં હૈ. કિંતુ સંમેલન સાહિત્યિક ઔર રાષ્ટ્રીય દોનોં દૃષ્ટિયોંસે અપને ઔર અપની સમિતિયોંકે કામમેં હિંદી શૈલીકા ઔર ઉસકે લિયે 'હિંદી' શબ્દકા હી વ્યવહાર ઔર પ્રચાર કરતા હૈ."

સદરહુ ઠરાવથી બે ત્રણ વાત સ્પષ્ટ થઈ: — ૧. હિંદી સાહિત્ય સંમેલન અને તેની વર્ધા સમિતિ રાષ્ટ્રભાષા તરીકે હિંદી શૈલીને (ઉર્દૂ કે હિંદુસ્તાનીને નહીં) જ સ્વીકારે છે, ૨. અને તેનો જ પ્રચાર તે કરી શકે છે અને કરવા માગે છે.

મતલબ કે, ૧૯૧૮થી ગાંધીજીએ સૂચવેલી વ્યાખ્યાનો સ્વીકાર કરેલો તેનો તેણે વિધિસર ત્યાગ કર્યો અને સંસ્કૃતિયા હિંદીનો જ સ્વીકાર કર્યો. તે મુજબ વર્ધા સમિતિએ પોતાનું પ્રચારકામ કરવું જોઈએ, એમ તેને આદેશ આપ્યો. તે અનુસાર 'પરદેશી' મનાતા શબ્દો (જેવા કે, – ફકીર, વખત ઇ૦) કાઢવાની ચળવળ યુ૦ પી૦ માં ઊપડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

હિંદી સા૦ સંમેલનની સાથે આટલી સ્પષ્ટતા થવાની સાથે ગાંધીજીએ તેની સાથે ૧૯૧૮થી બાંધેલો સંબંધ તોડ્યો અને રાષ્ટ્રભાષાના પ્રચારકામ અંગેનું પોતાનું આગળનું પગલું ભર્યું. તેમણે તે કામને માટે 'હિંદુસ્તાની પ્રચાર સભા' નામે નવી સંસ્થા ૧૯૪૨માં સ્થાપી. 'હિંદી' શબ્દનો હિંદી સા૦ સંમેલને સંકુચિત અર્થ કરી દીધો, તેથી તે શબ્દનો ત્યાગ કરી, રાષ્ટ્રભાષાને માટે તેમણે 'હિંદુસ્તાની' શબ્દ વાપરવાનું જણાવ્યું. અને તેની સ્પષ્ટ વ્યાખ્યા નીચે મુજબ આપી દેશનું કામ આગળ લીધું :—

"हिंदुस्तानी वह भाषा है जो उत्तर हिंदुस्तानके शहरों और गांवोंके हिंदू, मुसलमान आदि सब लोग बोलते हैं, समझते हैं, और आपसके कारबारमें बरतते हैं और जिसे नागरी और फ़ारसी दोनों लिखावटोंमें लिखा और पढ़ा जाता है और जिसके साहित्यिक (अदबी) रूप आज हिंदी और उर्दू के नामसे पहचाने जाते हैं."

૫

ઉપરની મોટી ક્રાંતિની અસર ગુજરાતના કામ ઉપર એ પડી કે, શ્રી કાકાસાહેબે પોતે સ્થાપેલી 'ગુજરાત રાષ્ટ્રભાષા પ્રચાર' સંસ્થાનો વર્ધા સમિતિની પરીક્ષાઓ સાથેનો સંબંધ છોડી દીધો અને સ્વતંત્ર નવી પરીક્ષાઓ, ગૂજરાત વિદ્યાપીઠની મદદથી, શરૂ કરી.

બીજી તરફ એમ બન્યું કે, ગુજરાતના કેટલાક હિંદી પ્રચારકો કે જેઓ 'ગુજરાત રાષ્ટ્રભાષા પ્રચાર' સંસ્થામાં કામ કરતા હતા, તે છૂટા પડ્યા અને તેમની મદદથી વર્ધા સમિતિએ ગુજરાતમાં પોતાની નવી એજન્સી કાઢી. શ્રી જેઠાલાલ જોશી તેના મંત્રી થયા. આ તંત્ર ૧૯૪૨ બાદ નવું શરૂ થયું, અને તે જે હોય તે આજ સુધી ચાલે છે. અહીંયાં સ્પષ્ટ કહેવાનું એ છે કે, તે તંત્ર ૧૯૩૬માં શ્રી કાકાસાહેબે શરૂ કરેલી સંસ્થા નથી. છતાં એવો ભ્રમ ચાલુ રખાયો છે, એ ખેદની વાત છે. શ્રી કાકાસાહેબે શરૂ કરેલી સંસ્થા ઈ. સ. ૧૯૪૬માં પોતાનું સમસ્ત કામકાજ ગૂજરાત વિદ્યાપીઠને સોંપી વિલીન થઈ. એમ ગૂજરાત વિદ્યાપીઠ વ્યવસ્થિત રીતે તેની સ્વતંત્ર હિંદી પરીક્ષાઓ લેવા લાગ્યું. તેણે હિંદુસ્તાની પ્રચારસભાની નીતિ સ્વીકારી અને હિંદી સાહિત્ય સંમેલન જોડેનો સંબંધ છોડ્યો.

બીજી તરફ ગુજરાતમાં વર્ધા સમિતિની શાખા પહેલવહેલી ચાલુ થઈ. તેણે ગાંધીજીનું નામ પણ વાપરીને તથા મુસ્લિમવિરોધી ભાવનાઓ પણ ઉશ્કેરીને કામ કરવા માંડ્યું. આ કાળ પાકિસ્તાન થવા વેળાનો હતો. તેમાં આવું કોમવાદી વલણ ફાવે, એ ઉઘાડું છે. તથા હિંદી સાહિત્ય સંમેલને માન્ય રાખેલી ઉત્તર પ્રદેશની હિંદી જ દેશની રાષ્ટ્રભાષા થાય, એ સંકુચિત ભાવ પણ અપનાવીને, ઊલટી રીતે પ્રાંતવાદને પણ ઉશ્કેર્યો. આ બંને વસ્તુ ગુજરાતના વાતાવરણ માટે નવાં અનિષ્ટ હતાં. અસ્તુ.

૬

૧૯૫૦ પૂર્વેના ગાળાની ઘટનાઓનું વિહંગાવલોકન આમ પૂરું થાય છે. તેમાં એક મુખ્ય વાત એ જોવા મળી કે, ઉત્તર પ્રદેશનું હિંદી સાહિત્ય સંમેલન પોતાની પ્રદેશભાષાને — ઉર્દૂ તથા હિંદુસ્તાની કે કોઈ બીજી વાતના ઇન્કારપૂર્વક — રાષ્ટ્રભાષા તરીકે આખા દેશમાં આગળ ચલાવવા કટિબદ્ધ થયું. તેમાં તેની કોમવાદી સંકુચિતતા ઉઘાડી દેખાય છે. છતાં તેણે હિંદીભાષી સંખ્યાબળનો ઉપયોગ કરી દેશની બંધારણસભામાં આ વાત પર જોર કર્યું. તથા તાજા જ દેશના ભાગલા પડેલા તેની લાગણીની માઠી અસર ભાષાના સવાલની આપણા બંધારણની કલમો ઉપર પડી. જેમ કે, 'હિંદી' નામ દેશની આંતરભાષા માટે સ્વીકારાયું. છતાં સારાંશે, દેશમાં રાષ્ટ્રભાષા વિષે જે વિચારો ગાંધીજીએ ૩૦ વરસ દરમ્યાન કેળવ્યા હતા, તેનો બંધારણે ઠીક ઠીક સ્વીકાર કર્યો, અને તેમાં બંધારણે સ્પષ્ટ કર્યું કે હિંદીનું સ્વરૂપ કેવું હશે.

આની સાથે ૧૯૫૦થી શરૂ થયેલો બીજો ગાળો શરૂ થાય છે. તેનું વિવેચન હવે પછી જોઈશું.

—ચાલુ

૨૩–૯–'૫૬

ભગનભાઈ દેસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુજીનાં માતુશ્રી

ભક્તકવિ નરસિંહ મહેતાના 'વૈષ્ણવજન' એ પ્રખ્યાત પદમાં કહ્યું છે કે—

'સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાંછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે.

આપણે પૂજ્ય બાપુજીના જીવનમાં આવા ઉદાત્ત ગુણોનું દર્શન કરીએ છીએ, ત્યારે બાપુજીને જન્મ આપનાર જનનીનું પાવનકારી સ્મરણ આપણને થાય છે.

એવાં ભાગ્યશાળી જનની વિષે વિશેષ જાણવાનું આપણને સહેજે મન થાય. પોતાનાં માતુશ્રી વિષે આત્મકથામાં બાપુજી કહે છે :—

"માતા સાધ્વી સ્ત્રી હતી એવી મારા ઉપર છાપ રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે. હવેલીએ હંમેશાં જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુર્માસ છોડ્યા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરાં કરતી. લીધેલાં વ્રત માંદી પડે તોપણ ન જ છોડે. એવો એક સમય મને યાદ છે કે જ્યારે તેણે ચાંદ્રાયણ વ્રત લીધેલું, તેમાં માંદી પડેલી, પણ વ્રત ન છોડેલું. ચાતુર્માસમાં એકટાણાં કરવાં એ તો તેને સામાન્ય વાત હતી. એટલેથી સંતોષ ન વાળતાં એક ચાતુર્માસમાં તેણે ધારણાંપારણાં કરેલાં. એકાણુ સામટા ઉપવાસ એ એને મન નજીવી વાત હતી. એક ચાતુર્માસમાં તેનું એવું વ્રત હતું કે, સૂર્યનારાયણનાં દર્શન કર્યા પછી જ જમાય. આ ચોમાસે અમે છોકરા વાદળ સામું જોઈ રહીએ કે કયારે સૂર્ય દેખાય ને કયારે મા જમે. ચોમાસામાં ઘણી વેળા દર્શન દોહ્યલાં થાય એ તો સહુ જાણે છે. એવા દિવસો યાદ છે કે જ્યારે સૂર્યને અમે જોઈ એ, 'બા, બા, સૂરજ દેખાયો' કહીએ ને બા ઉતાવળી ઉતાવળી આવે ત્યાં તો સૂરજ ભાગી જાય. 'કંઈ નહીં, આજે નસીબમાં આવાનું નહીં હોય' કહી પાછી જાય ને પોતાના કામમાં ગૂંથાઈ જાય."

માતુશ્રીની આ અસર ગાંધીજીના જીવનમાં પણ ડગલે ને પગલે જણાઈ આવે છે. તેઓ પણ વ્રત-પાલનમાં તેમ જ ઉપાવાસાદિમાં એટલા જ દૃઢ સંકલ્પવાળા હતા.

એક વાર શ્રી મહાદેવભાઈ દેસાઈએ બાપુજીને પૂછ્યું હતું : "આપની માતાનાં કઠણ વ્રતો — એકાદશી, ચાતુર્માસ, ચાંદ્રાયણ વગેરેની વાત આપે કરી છે, પણ આપે તો શબ્દ Saintliness (પવિત્રતા) વાપર્યો છે. અહીં પવિત્રતા કરતાં તપશ્ચર્યા આપ કહેવા નથી ઇચ્છતા ? તો શબ્દ Austerity ન લખાય ?"

બાપુજી બોલ્યા : "ના. મેં પવિત્રતા હેતુપૂર્વક વાપર્યો છે. પણ પવિત્રતા એ તો આંતરગુણ છે. મારી માતાના આંતરજીવનનો પડઘો એની તપશ્ચર્યામાં પડતો. મારામાં કશી પવિત્રતા જોતા હો તો તે મારા પિતાની નથી, પણ મારી માતાની છે. મારી માતા ચાલીસ વરસે ગુજરી ગયેલાં, એટલે મેં એની ભરજુવાની જોઈ છે. પણ કદી એને ઉછાંછળી કે ટાપટીપવાળી કે કાંઈ પણ શોખ કે આડંબર કરનારી મેં જોઈ નથી. એની પવિત્રતાની જ છાપ હંમેશને માટે મારા ઉપર રહી ગઈ છે."

એવાં પવિત્ર જનનીને અને એવા સુપુત્રને આપણાં કોટિ કોટિ વંદન હજો.

મુકુલભાઈ કલાર્થી

સા ભા ર સ્વી કા ર

વોરા એન્ડ કંપની પબ્લિશર્સ લિ૦, મુંબઈ તરફથી:

દીક્ષિ : લે૦ વેણીભાઈ પુરોહિત, કિં. રૂ. ૨–૦–૦; **અમેરિકન રાજ્યવ્યવસ્થા :** લે૦ ડેવીડ કુશમન કોઈલ, અનુ૦ નગીનદાસ હ૦ સંઘવી, કિં. રૂ. ૧૮–૦; **અમેરિકાની સંસ્કૃતિની રૂપરેખા :** મૂળ લેખક આલ્બર્ટ હાર્ટનેસ, અનુ૦ અમૃતલાલ યાજ્ઞિક, કિં. રૂ. ૧–૬–૦; **ટોલ્સ્ટોયની શ્રેષ્ઠ વાર્તા :** રૂપાંતરકાર : સોમાભાઈ પટેલ, કિં.રૂ. ૧–૮–૦; **પહેલું અખંડ ઉડ્ડયન :** મૂળ લેખક : ચાર્લ્સ એ. લિંડબર્ગ, અનુ૦ મગનભાઈ નાયક, કિં. રૂ. ૨–૦–૦; **મહાન પરિવર્તન :** લે૦ ફ્રેડરિક લુઈ એલન, અનુ૦ અમૃતલાલ ભ૦ યાજ્ઞિક, કિં. રૂ. ૨–૦–૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીનો એક પત્ર

[આ પત્ર ગાંધીજીએ મહાદેવભાઈને ૧૯૧૯માં લખેલો. તે વખતે 'નવજીવન' 'યંગ ઇંડિયા' નવાં નવાં શરૂ થયાં હતાં. મહાદેવભાઈ પણ ગાંધીજી સાથે થયાને થોડો વખત જ થયેલો. શરૂમાં 'ભાઈશ્રી ૫' લખેલા ઉપરથી વાચક તે જોશે. સપ્ટેંબરની કઈ તારીખનો પત્ર છે એ મળતું નથી.]

સોમવાર
–૯–૧૯૧૯

ભાઈશ્રી ૫ મહાદેવ,

તમારો કાગળ મળ્યો.

'સોશિયલ રિફૉર્મર' અહીં નથી આવતું, એટલે હું ટીકા વાંચ્યા વિનાનો રહ્યો છું. નાતરાજનને લખી વાળજો કે આશ્રમમાં તો મોકલે જ. હાલ તો તમે જ મોકલી દેજો. . . .

'નવજીવન' ઉપરની ટીકા તમારે મોકલવી જોઈતી જ હતી. દરેક અંકની મોકલવી જ. હું માંદો હોઉં કે સાજો, જ્યાં સુધી 'નવજીવન'નું તંત્રીપણું ડહોળું, ત્યાં સુધી ટીકા મેળવ્યા વિના કેમ જ ચાલે?

'યંગ ઇંડિયા' અહીં બીજા છાપખાનામાં છપાવી શકાય. બંને છાપાં એક જ જગ્યાએ કાઢવાની આવશ્યકતા તો મને હર ઘડીએ લાગે છે. હું તજવીજ કરી રહ્યો છું.

તમારે મોમતીના* લેખનો તરજુમો કરવા જેવું છે. એ લેખને હું તો અજાયબીભરેલો ગણું છું. સંવાદ તેથી ઊતરતો છે, પણ અગત્યનો છે. સાધુઓને સારુ સરસ છે. હિંદ દેવીનો ચિતાર તો મારી આગળથી ખસતો જ નથી. ન૦ જી૦ નો બીજો અંક બહુ સારો ગણું છું. છાપવાના દોષ તદ્દન ક્ષંતવ્ય છે. કામ કરનારાઓ ઘડીભર જોયા નથી.

તમારી તબિયત સાચવજો. તમને નાનાલાલનો લેખ લાગુ પડે છે. તેના વિચારો પણ અંગ્રેજીમાં લેવા લાયક છે. નાનાલાલે મને ઓળખ્યો જ નથી. સત્યાગ્રહને તો સમજેલ જ નથી. મારી તપશ્ચર્યાનાં અતિશય વખાણ છે. બ્રહ્મચર્યને છાપરે ચડાવ્યું છે. મને તો એ બંનેમાં અપૂર્ણતા લાગે છે. પંદર વર્ષની ઉંમરથી જેણે પોતાની સ્ત્રીની સાથે વિષય આદર્યો ને ત્રીસ વર્ષ સુધી ઠીક ઠીક ભરી રાખ્યો, તેના બ્રહ્મચર્યનાં શાં વખાણ? સો સો ચુઆ ખાકે બિલ્લી હજ પઢને કો ચલી! . . . મારી તપશ્ચર્યાની તો મારી પાસે કિંમત જ નથી. તે તો અનુકૂળ પડતી વસ્તુ છે. મારું સત્ય તે મારું જ છે, એવો મને ભાસ આવે છે. મારી અહિંસા ઘણી ઉગ્ર છે અને તે બેના સંગમથી જે સત્યાગ્રહ ઉત્પન્ન થયો છે તે ખરેખર અવર્ણનીય છે. તેને નાનાલાલે કયાંથી સમજે? તમે સમજવા પ્રયત્ન કરી રહ્યા છો. તે બંને વસ્તુ મારામાં દિનપ્રતિદિન ખીલતી જાય છે. મને કયાં લઈ જશે એ હું જાણતો નથી. નાનાલાલના કાવ્યમાં તેની તો ઝાંખી જ નથી. તેમાં તેનો પ્રેમ ઝગી રહ્યો છે, પણ જ્ઞાન નથી. તપશ્ચર્યા, બ્રહ્મચર્યાદિ સાધનો છે. સત્યાગ્રહ સાધ્ય છે. સત્ય એ જ મોક્ષ છે. મોક્ષનો આગ્રહ ન કરે તે પુરુષ નથી, પણ પશુ છે.

હવે તમે ઇચ્છ્યું હોય તેના કરતાં વધારે મેં આપ્યું છે, એટલે બસ.

બાપુના આશીર્વાદ

* આ બહેન તે સ્વ૦ કિ૦ ધ૦ મશરૂવાળાનાં પત્ની, જેમનો લેખ નવજીવન (તા. ૧૪–૯–'૧૯)ના અંકમાં બહાર પડેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલ્હીમાં ગાંધીજી

[શ્રી મનુબહેન ગાંધીની ડાયરીમાંથી]

૨૫-૧૨-'૪૭

બિરલા હાઉસ, નવી દિલ્હી

નિયમ મુજબ પ્રાર્થના. પ્રાર્થના પછી આશ્રમની વાતો સાંભળી. આશ્રમની પણ કેટલીક વાતોથી બાપુજી બેચેન બન્યા છે. અને જો આ રીતે ચાલતું હોય તો બાળાં દઈ સહુને જેમ ફાવે તેમ કરવામાં પણ બાપુજીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"...તુઝે મૈંને ઇતની ભોળી ભલી માની થી, ઇસ યજ્ઞમેં શાદીકી બાત હો હી નહીં સકતી. હા, તુમ્હારે માતાજી પિતાજી અગર ચાહતે હૈં તો તૂ કર સકતી હૈ, લેકિન મૈં યહાં નહીં કર સકતા. આજ તો મૈં અગ્નિકે કુંડમેં જલ રહા હૂં. દેખેં ઈશ્વર આખિર ક્યા માર્ગ બતાતા હૈ. તુઝે નર્સકા અભ્યાસ પુરા કરના હી ચાહિયે.

"મૈંને આશ્રમકી ઔર ભી બાતેં સુની. મુઝે સબ કુછ લિખનેકા તુમ્હે અપના ધર્મ નહીં લગતા? અગર આશ્રમકા નિયમકા પાલન નહીં કર સકતી તો આશ્રમકા ત્યાગ કર દેના ચાહિયે."

* * *

"નઈ તાલીમ અને આશ્રમ વ. સંસ્થા તો એક થઈ જશે તો મારી દૃષ્ટિએ ઇચ્છવા જોગ છે. ખર્ચમાં પણ ઘણો તફાવત પડશે. વાતાવરણમાં તો પડશે જ. પણ આ બધું તો આશ્રમવાસીઓએ જ વિચારવાનું રહે છે. મારા ત્યાં આવવાની કોઈ શરૂચતા હાલમાં જોતો નથી. કાં તો પ્રભુ અહીં જ બાળશે અથવા તારશે. જે પરિણામ આવે તે. બંને સારુ મારી પૂરતી ધીરજપૂર્વકની સાવ તૈયારી છે, એ ઈશ્વરી કૃપા માનું છું!"

* * *

"આ કાગળ ચિ. મનુડી પાસે પડ્યો પડ્યો લખાવું છું. ઠંડીને લીધે મારા હાથ તરવાઈ જાય છે. જોકે મારા કરતાંયે એ વધારે નાજુક છે – મારા કરતાં પાંચ છ ગણી નાની હોવા છતાં. આ આપણી છોકરીઓની કંગાળ હાલત છે પણ હવે મુખ્ય વાત પર જ આવું.

"જૂનાગઢનો, મારી માન્યતા મુજબ, હજુ પ્રશ્ન હું તો અણઉકેલાયો જ ગણું. જો નવાબ સાહેબ ભાગી ન નીકળ્યા હોત અને છતાં એણે પોતાને સ્વહસ્તે બધું સોંપી દીધું હોત તો જ એમાં સાચી જીત હતી. આ તો તમારા ડરને લીધે ભાગી ગયા. એમાં કંઈ બહુ મોટી બહાદુરી ન માનું. મારી ઇચ્છા તો એ હતી કે, નવાબ સાહેબ ત્યાં રહે અને પ્રજા કહે તેમ પોતે કરે. પ્રજાના સેવક ન બની શક્યા. એ તો અહિંસક લડાઈમાં જ સંભવિત છે. અંગ્રેજે જેવી પ્રબળ સત્તાએ પણ સત્ય અહિંસાની લડાઈ થકી પોતાના સ્વહસ્તે બધું સોંપ્યું. એ દાખલો આપણી પાસે મોજૂદ છે, છતાં નાનકડા જૂનાગઢના બિચારા રાજાને તમે પ્રેમથી ન માત કરી શક્યા. હું શામળદાસને જરાયે યશ કે બહાદુરી આપવા તૈયાર નથી. એ મારો સગો ભત્રીજો છે. એને હું જેટલો ઓળખું તેટલો કોઈ જ ન ઓળખે. પણ હવે વધારે લંબાવવાથી શો ફાયદો? મારી જાત માટે તો અહિંસા સત્યને લઈને રામરટણ કરતો મરી શકું તોય હવે તો બસ માનીશ.

"બાકી તો ચિ. મનુ કાઠિયાવાડના સમાચાર અવારનવાર આપ્યા કરે છે. હું કંઈ બધાંને નથી સાંભળી શકતો. બળવંતરાય, અનંતરાય પટ્ટણી, ડેબર એમ કાઠિયાવાડના માણસો આવે છે. એ ઠીક ઠીક તૈયાર થઈ ગઈ છે, એટલે બરાબર વાતો કરી સાંભળી લે છે."

* * *

"મુઝે દુઃખ હૈ કિ આજ તક મૈંને આપકા ખતકા જવાબ નહીં દિયા. ઇસ લિયે આપસે માફી ચાહતા હૂં. આજ હમ ગિર રહે હૈં, કહાં હદ તક ગિરેંગે પતા નહીં. ખ્વાજાસાહબ કલ હી મુઝે મિલે થે, આજ ભી શાયદ આયેંગે. અબ ઉનકો ઔર સૌકિયાબહન જૈસી બહનોંકો મારનેકા ડર બતા રહા હૈ, તબ મેરા અપના ક્યા ધર્મ ઔર ફર્જ હૈ યહી સોચ રહા હૂં. અભી તો પ્રકાશ નહીં મિલતા. હમને દેશકા બટવારા કરનેમેં કિતની ગલતી કી હૈ ઔર ફિર ભી ગલતી કરનેકી પરંપરામેં હમ બઢને હી જા રહે હૈં, ઐસા મૈં મહસૂસ કર રહા હૂં. શાયદ મૈં ખુદ ભી ધોખેમેં પડા હૂંગા! દેખેં ઈશ્વર ક્યા માર્ગ દિખાતા હૈ."

* * *

બાપુજીના આજકાલ એવા કાગળો અને ભાષણો તેમ જ વાતો હોય છે કે શું થશે તે કંઈ જ કહી ન શકાય. ઉપવાસ તો હમણાં ન કરે તો બસ છે. કારણ કે કલકત્તાના ઉપવાસો થયા પછી 'કિડની'ની તકલીફ રહે છે. અને તે ઉપવાસની નબળાઈ પણ ગઈ નથી. ક્યારેક ચહેરા પર ફેરફાર પણ હોય એમ લાગે છે. એ કિડનીને લીધે જ છે એમ ડૉક્ટર કહે છે.

ફરતી વેળા રાજેન્દ્રબાબુજી અને ખ્વાજાસાહેબ આવ્યા હતા. ખ્વાજાસાહેબે પોતાના પર વીતેલી તમામ હકીકત સંભળાવી. બાપુજીએ કહ્યું: "તમને જો મારી નાખ્યા હોત તો હું નાચત અને મરીને તમે હિન્દુ તેમ જ મુસલમાન બધાની ઉત્તમ સેવા કરી ગણાત."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકી તો આપુજી સાથે વાતો કરી. આથમાં આપુજીના વાળ મેં સંચેથી કાપ્યા. આજે સંચો જરા અગડી ગયો હતો, એટલે થોડી વાર પણ લાગી.

૯–૩૦ તડકે ગયા. સોફિયાબહેન, અરુણાબહેન અસફઅલી, પૂર્ણિમાબહેન (અરુણાબહેનનાં બહેન), સુભદ્રાબહેન ગુપ્ત વ. બહેનો આવી. અરુણાબહેને કલકત્તાના તોફાનમાં બહેનોમાં તેમ જ ભાઈઓમાં ખૂબ કામ કર્યું હતું. પણ અહીં તેમને અંગાળી કરતાં થોડું અઘરું પડે છે. એક તો સરકારી ઘરેડ રહી અને ભાષા તેમ જ અહીંના શીખોનો અને મુસલમાનોનો ઓછો પરિચય છે. છતાં કેમ્પમાં ખૂબ કામ કરી જ રહ્યા છે.

૧૨–૫૦ પંડિતજી આવ્યા, એટલે બધાં ઊઠી ગયાં. હું સુશીલાબહેન સાથે મણિબહેન પાસે ગઈ હતી. પંડિતજી હજી અંકુશો રાખવાની તરફેણમાં હોય એમ લાગે છે. એની તરફેણની ઘણી વિગતો પણ તેમણે સંભળાવી, પણ આપુજીને એકેય ગળે નથી ઊતરી. આપુજી કહે: "હિંદ ભલે ભૂખે મરી જતું, પણ અંકુશો તો તુરત નાબૂદ થવા જ જોઈએ. અને જો એવું કંઈ થશે તો તમે ફરીથી અંકુશો કયાં નથી મૂકી શકતા? પણ આગળથી વિટંબણાઓની કલ્પના કરી જો સ્વતંત્ર હિંદમાં કંઈ કામ કરતાં ડર્યા કરશો, તો એકેય કામ તમે પાર નહીં પાડી શકો."

લાહોરના કેટલાક મુસલમાન ભાઈઓ અને મિસ કુરેશી વ. આવ્યાં. આપુજીએ એ બધાંને સાફ સાફ કહ્યું કે, "હું ઇચ્છું છું કે પાકિસ્તાન પાક બને અને હિંદથી ચડિયાતું બને. પણ પાકિસ્તાન સરકાર અને ઝીણાસાહેબ ભાષણો અને હરાવો બહુ મજના ધરે છે, ત્યારે મારે કહેવું જોઈએ કે, આચરણ તેથી સાવ ઊલટું કરે છે. તમે જો મુસલમાન કોમનું ભલું ઇચ્છતાં હો તો તમારે આ હકીકત પ્રત્યે તમારી સરકારનું ધ્યાન દોરવું જોઈએ. જો તમે મારો સંદેશો પહોંચાડી શકો તો પહોંચાડો કે, તા. ૨૮મીએ ગુરુ નાનકસાહેબની જન્મ-જયંતી છે. અને તમે બધાં શીખો તેમ જ પંજાબના હિંદુઓ જેઓ પંજાસાહેબ અને ગુરુદ્વારામાં જવા ઇચ્છતા હોય તેઓને આગ્રહપૂર્વક તેમના રક્ષક બની લઈ જાઓ. જો આટલું પણ કરી શકશો તો ઇસ્લામનો સંપૂર્ણ જય છે. અને ઇસ્લામના ઉદ્ધારક તમે બનશો."

એ લોકો તો સાભળીને ગયા. આકી તો પથ્થર પર પાણી જેવું મને તો લાગ્યું. આપુજી કહે: "ભલેને કંઈ ન કરે. પણ મારે તો મારો ધર્મ પાળવો જ જોઈએ. અને કંઈ નથી જ કરવાના એમ માનીને જ હું એ લોકો પ્રત્યે ચાલું છું. ભાગલા પાડવામાં જ્યાં કૉંગ્રેસે એટલે કે આપણે જ ઉતાવળ કરી, તો પછી એ લોકોને વધુ શું કહી શકું?"

સરદારદાદાને મળવા બોલાવ્યા હતા, પણ તેઓ આવી શકયા નહીં . . . કંઈક . . . વિચિત્ર વાતાવરણ ઊભું થયું છે. વૈમનસ્ય વધતું ચાલ્યું છે.

બપોર પછી તો મુસલમાનો જ મળવા આવતા ગયા. હકીમ ખલીલ ઉલ રહેમાને આપુજીને મુસલમાન મહોલ્લામાં રહેવા જવા વિષે કહ્યું. આપુજી તેના પર પણ વિચાર કરી રહ્યા હોય એમ લાગે છે.

ચાર વાગ્યે લેડી માઉન્ટબેટન મળવા આવ્યાં. આપુજીએ તેમને ગરમ પાણી અને મધ આપ્યું. તેમની સાથે વીફરેલી પરિસ્થિતિ સંબંધી વાતો કરી.

૫–૩૦ પ્રાર્થના. પ્રાર્થના સંદેશામાં એક ભાઈએ લેખિત કાગળ આપ્યો છે. તેમાં કહે છે કે: "અમને શરણાર્થી કે નિર્વાસિત શા માટે કહેવાય છે? શું હિંદુસ્તાન અમારો મુલક નથી?"

તેનો જવાબ આપતાં આપુજીએ કહ્યું: "આ ભાઈની વાતમાં થોડુંક વજૂદ છે. અને એક રીતે એ સાચી હકીકત છે. હિંદુસ્તાન તો સહુનો દેશ છે. જે કોઈ એક હિંદી બની રહે તેનો બાળકો જેમ કચારેક ડરી જાય છે, ત્યારે માતાને શોધી તેના ખોળામાં લપાઈ જાય છે, તેમ હિંદી રાજ્યસંઘના તમે સહુ બાળકો જ છો. પણ અંગ્રેજી શબ્દ 'રેફ્યુજી' થયો અને તેનો અનુવાદ શરણાર્થી છાપાંવાળાઓએ કર્યો. હું તો એ ભાઈબહેનોને 'દુઃખી' કહું. પણ દુઃખી આ જગતમાં કોણ માનવી નહીં હોય? પરંતુ વર્ષોનો વસવાટ તજી ઘરબાર અને વતન છોડી લાખોની સંખ્યામાં દુખિયારાં ભાઈબહેનો આવ્યાં છે તે સંબંધી થોડુંક કહેવા માગું છું.

"આજે લાહોરથી એક કુટુંબ મારી પાસે આવ્યું હતું. તેઓની તમામ ઘરવખરી તેમ જ ઘરબાર બધું જતું રહ્યું છે. તેઓ મારી પાસે રહેવા માટે જગ્યા માગણી કરવા આવ્યા હતા. પણ હું કંઈ સરકારી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્તાધારી માણસ થોડો જ છું? અને દિલ્હીમાં આજે જગ્યા જ કયાં ખાલી છે? પરદેશથી એલચીઓ અહીં આવે છે તેને પણ રહેવા ઘર આપવાં જોઈએ. એટલે સરકાર લોકો પાસેથી વધારાનાં ઘર ખાલી કરાવે છે. સરકારની પાસે એટલી સત્તા છે કે, એ ઇચ્છે તો મને પણ કાઢી મૂકી શકે છે અને આ ઘરનો કબજો લઈ શકે છે. પરંતુ સદ્‌ભાગ્યે આપણી સરકાર એટલી હદે તો નથી જ જતી. પેલા કટુંબે કહ્યું કે, અમારા ઘરનાં સત્તર જણ માર્યાં ગયાં છે. મેં સામું કહ્યું કે, જ્યાં રોજની હજારોની કતલો થતી હોય ત્યાં સત્તરની શી ગણતરી? માટે મારી સલાહ તો એ છે કે, છાવણીમાં જઈને રહો, ત્યાં કામકાજ કરો. તો એ ભાઈઓ સામા ઉશ્કેરાયા કે, અમે ભિખારી જેમ જીવવા નથી માગતા. મેં જવાબ આપ્યો કે, 'હું ઇચ્છતો જ નથી કે કોઈ પણ માણસ ભિક્ષા લઈને જીવે. છાવણીમાં કામ કરો, મહેનત કરો, અને ખાઓ.'

"હવે કેટલાકની માગણી એવી છે કે, અહીંના મુસલમાનોનાં ઘર ખાલી કરાવવા ચાહે છે. અરે! અહીંના મુસલમાનોએ શો ગુનો કર્યો? તેને હેરાન કરશો તો એ પાપનું ફળ તમારે ભોગવવું જ પડશે. દરેક માણસ જો હાકેમ બનશે તો તંત્ર કેમ ચાલશે? અને હકૂમત કરશે શું? એનાં મકાનો પર નજર તાકો છો તેના કરતાં મને જ કહોને કે, તું આ મહેલમાં કેમ બેઠો છે? તું ખાલી કરી આપ.

"ત્યાર પછી હજારો જિલ્લામાંથી શીખ ભાઈઓ આવેલા. તે લોકો ખેડૂત હતા. અને તેમણે ફક્ત ખેતીનાં સાધનોની માગણી કરી. મેં કહ્યું કે, તો તમે પૂર્વ પંજાબમાં કાં નથી જતા? તો તેમણે જવાબ આપ્યો કે, પૂર્વ પંજાબની સરકાર પશ્ચિમ પંજાબમાંથી જે લોકો આવે તેને જ લેવા ઇચ્છે છે. કારણ કે ત્યાં એટલી બધી જમીન નથી કે સરહદના જિલ્લામાંથી ઓવનારાઓને પણ તેઓ સંધરી શકે. તેમ છતાં હું માનું છું કે, સરકારે આવા ખેતી કરનાર લોકોને તેમની મજૂરી પૂરતી જમીન, બળદ, હળ વ. આપવાં જોઈએ.

"અને સરકારને મારી એ પણ વિનંતી છે કે, તેઓ આવા દુઃખી લોકો જ્યાંત્યાં પડ્યાં છે તે બધાને ભેગા કરી એક છાવણીમાં રાખે અને તેમનું ગુજરાન ચાલે તેવી મજૂરી આપે.

"ત્રીજો સવાલ એ છે કે, તમે કહો છો તે પ્રમાણે અમારે પોતપોતાના રહેઠાણે પાછા ફરવું છે તો પશ્ચિમ પંજાબમાં કયારે જઈએ? આ સવાલ મને ખૂબ ગમ્યો છે. હું તો કહું કે, જેને જવું હોય તેઓ આજે પણ જઈ શકે છે. પણ જો આપણે અહીં યોગ્ય વર્તણૂક પ્રમાણે રહેવા લાગીએ એ શરત કબૂલ મંજૂર હોય તો. આજે તો હું ચોતરફથી એવો ઘેરાયેલો છું અને હવા એવી બગાડી મૂકી છે કે, મને પોતાને તો તેમાં જીવવાની જરાયે ઉત્કંઠા નથી થતી. જો એક દિલ્હીમાં 'દિલી' દોસ્તી થઈ જાય તો હું કાલે સહુને પોતાના રહેઠાણે સાથે આવીને મૂકી જાઉં. અને તેમાં કોઈ કાંઈ હેરાનગતિ પહોંચાડે તો પહેલો હું મરીશ, પછી મારી આ છોકરી મરશે અને પછીનું તો ઈશ્વરઇચ્છા. પણ એ પહેલાં સહુએ ભેગા મળી મને ખાતરી આપવી જોઈએ કે, અમારે કરોડો મુસલમાનોને નથી મારવા અને નથી તેમને અહીંથી ભગાડવા. તેમની બહેન દીકરીઓ તે અમારી બહેન દીકરીઓ છે. જો એટલું કરી શકો તો જ હિંદુ તેમ જ શીખો પોતાના વતને પાછા જઈ શકશે, અને ત્યારે જ મને જંપ વળશે."

ફરતી વેળા મૃદુલાબહેન આવ્યાં. દિલ્હીના હોમ ડિપાર્ટમેન્ટની વાતો સંભળાવી ગયાં. રામેશ્વરીબહેન અને બ્રિજલાલજી પણ આવ્યાં હતાં. એમના ગયા પછી પદ્મણીસાહેબ આવ્યા. એ તો એમના નિયમ મુજબ પ્રણામ કરવા આવે છે. બિલાસપુર સ્ટેટના રાજા પણ પ્રણામ કરવા આવ્યા હતા.

પ્રવચન જોયા પછી રાજકુમારીબહેન સાથે ખૂબ વાતો કરી....ની સાથે અંતરની વરાળ ઠાલવી. બાપુજીને લાગે છે કે...ને બાપુજી હવે ખૂંચતા ન હોય!! અને બાપુજીએ કહ્યું કે, "નેતાઓની હરીફાઈમાં આ લાખોના પ્રશ્નોનો કઈ રીતે અને કયારે ઉકેલ આવશે? ભગવાન જાણે." એમ બોલી એક ઊંડો નિશ્વાસ નાખતા, હું સામે બેસીને ડાયરી લખતી, જોઈ રહી છું.

હજુ થોડાક કાગળો જોશે. નવ વાગ્યા છે. હમણાં તો ૯-૩૦ વાગ્યે સૂવા ઊઠી જ જાય છે. મારે પણ હજુ મીરાંબહેનનું કામકાજ પતાવવાનું છે. બાપુજીને માથામાં તેલ ઘસીને જઈશ.

મનુબહેન ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશને અંગ્રેજી જોઈએ કે વૈજ્ઞાનિકો?

આ માસના આરંભમાં નવી દિલ્હીમાં હિંદુસ્તાનનાં સર્વ રાજ્યોના શિક્ષણમંત્રીઓની પરિષદ, બીજી પંચવાર્ષિક યોજનામાં આવતા શિક્ષણ વિભાગનો વિચાર કરવા માટે, ભારતના શિક્ષણમંત્રી મૌલાના અબુલ કલામ આઝાદના પ્રમુખપદે મળી ગઈ.

નેતાઓની શિક્ષણ-ખાતાંઓ સામે ફરિયાદ

પ્રમુખસ્થાનેથી મૌલાના સાહેબ તેમ જ પરિષદ સમક્ષ પ્રવચન માટે ખાસ આમંત્રણથી આવેલા પંડિત જવાહરલાલજીએ ખાસ ભારપૂર્વક માગણી કરી કે, દેશનાં શિક્ષણ-ખાતાંઓએ બીજી પંચવાર્ષિક યોજના માટે ઇજનેરો અને કારીગરોની ખોટ ન પડે એ રીતે પોતાના સંચાઓનો વેગ વધારી દેવો જોઈએ. સાથે સાથે તેમણે એમ પણ સૂચવ્યું કે, ઇજનેરી અને વૈજ્ઞાનિક શિક્ષણ આજે ને આજે અંગ્રેજી સિવાય શીખવવું શક્ય થશે નહીં; તેથી ભાષાની ચર્ચામાં પડ્યા વિના હાલ તરત ભલે અંગ્રેજીમાં શીખવવાનું રાખો. મુદ્દાની વાત એટલી ધ્યાનમાં રાખવાની છે કે, કોઈ પણ સંજોગોમાં પંચવાર્ષિક વિકાસની યોજનાઓ, કારીગરો અને વૈજ્ઞાનિકોની તંગીને લીધે, તૂટી પડવી ન જોઈએ.

જૂના જમાનાના પંડિતો

દેશમાં દિવસે દિવસે માગણી જોરદાર બનતી જાય છે કે, શિક્ષણનું માધ્યમ યુનિવર્સિટીઓમાં પણ અંગ્રેજીને કાઢીને માતૃભાષા અથવા હિંદી કરી નાખવું જોઈએ; આંતરપ્રાંતીય વહેવાર પણ અંગ્રેજીને બદલે હિન્દી મારફત ચલાવતા થઈ જવું જોઈએ. પ્રજાની આ માગણી સ્વરાજ્યના વાતાવરણને અનુસરતી અને જમાનાની માંગ હોઈ, તે દિવસે દિવસે જોર પકડી રહી છે. જૂના જમાનાના પંડિતો એ વેગને ખાળવા ખૂબ ખૂબ વિરોધ કરે છે. છતાં અંગ્રેજીને બાજુએ મૂકીને માતૃભાષાઓ અને હિન્દી ધીમા પણ મક્કમ પગલે પોતાનું સ્થાન જમાવતી જાય છે, એવો અનુભવ દેશના જુદા જુદા ભાગોમાં થઈ રહ્યો છે.

શિક્ષણમંત્રીઓ શું સમજ્યા?

ઉપર જણાવેલી શિક્ષણમંત્રીઓની પરિષદે નેતાઓનાં પ્રવચનો સાંભળીને તરત એક ઠરાવ પસાર કરી નાખ્યો છે. તે ઠરાવમાં ભલામણ કરવામાં આવી છે કે, માધ્યમિક શિક્ષણમાં પ્રાદેશિક ભાષા, હિન્દી ભાષા, તેમ જ અંગ્રેજી એ ત્રણે ભાષાઓનું શિક્ષણ ફરજિયાત કરવું તથા યુનિવર્સિટીની કક્ષાએ અંગ્રેજીને માધ્યમ તરીકે રાખવી.

માધ્યમિક કક્ષાએ અંગ્રેજી ભાષાનું શિક્ષણ ફરજિયાત રાખવું એટલું જ નહીં, પણ મિડલ કક્ષાએ પણ એટલે કે માધ્યમિકનાં પહેલા ચાર ધોરણોમાં અને બુનિયાદી શિક્ષણનાં છેલ્લાં ચાર ધોરણોમાં પણ અંગ્રેજી ફરજિયાત કરવું.

પરિષદે એમ પણ ઠરાવી દીધું છે કે, આ અંગ્રેજી શિક્ષણ દાખલ કરવા બાબતમાં બુનિયાદી અને બિનબુનિયાદી શાળાઓનો ભેદ રાખવો નહીં. ચોથા ધોરણથી બધી શાળાઓમાં અંગ્રેજી સરખું દાખલ કરી દેવું.

અંગ્રેજી શિક્ષણનું ધોરણ કેટલું રાખવાનું છે તેની સ્પષ્ટતા પણ મંત્રી પરિષદના ઠરાવમાં કરી દેવામાં આવી છે. યુનિવર્સિટીમાં જશે ત્યાં વિદ્યાર્થીઓને અંગ્રેજી મારફત ભણાવવામાં આવશે એ ધ્યાનમાં રાખીને માધ્યમિક શિક્ષણને અંતે સારી રીતે સમજી શકે એ પ્રકારનું અંગ્રેજી શિક્ષણનું ધોરણ બનાવવું જોઈએ.

ફરી પાછો બ્રિટિશ જમાનો?

આનો અર્થ એ જ થાય કે, શિક્ષણમંત્રીઓની પરિષદ બ્રિટિશ અમલ દરમ્યાન અંગ્રેજી ભણતર જે સ્થિતિ ભોગવતું હતું, ત્યાં જ તેને ફરી પાછું લાવી દેવા તૈયાર થઈ ગઈ છે. યુનિવર્સિટીમાં તો અંગ્રેજી સિવાય શીખવવું શક્ય જ નથી, તો પછી માધ્યમિક શાળાને અંતે પ્રેક્ટિસરોનાં અંગ્રેજી ભાષણો સમજવા જેટલું અંગ્રેજી આવડવું જ જોઈએ; અને તે કંઈ અંગ્રેજીનો સામાન્ય પરિચય કરાવવાથી બને નહીં, તેથી માધ્યમિકમાં પણ ઘણુંખરું શિક્ષણ અંગ્રેજી મારફત જ કરવાનું શરૂ કરી દેવું જોઈએ; અને તે થઈ શકે તે માટે, બને તેટલું નાનપણથી, એટલે કે ચોથા ધોરણથી જ અંગ્રેજીની શરૂઆત કરાવી દેવી જોઈએ. શિક્ષણમંત્રીઓના મગજમાં ચાલી રહેલી વિચારપરંપરા આવી હોય એમ તેમના ઠરાવ ઉપરથી જણાય છે. એટલે કે, અમે ઉપર "જૂના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમાનાના પંડિતો" તરીકે વર્ણવ્યા તે જ જમાતના તેઓ પણ છે, એમ ઘણા દુઃખ સાથે કહેવું પડે છે. એમ જ જણાય છે કે, જાણે શિક્ષણમંત્રીઓ ઘડિયાળના કાંટાને પાછો અંગ્રેજી અમલ ઉપર લઈ જવા માટે ટાંપીને જ બેઠા હતા અને નેતાઓએ જરા ટકોર કરી કે તરત તેમણે ઝડપી લીધી.

નવી દિલ્હીમાં ભેગા થયેલા શિક્ષણમંત્રીઓમાંથી કોઈએ આવા હરાવ સામે અવાજ ઉઠાવ્યો હોય તો આપણે તે વિષે જાણતા નથી. હરાવ સર્વાનુમતિથી થયેલો છે. એટલે કે, આ કમનસીબ ભારતના શિક્ષણનું સુકાન એકેએક રાજ્યમાં જે સજ્જનોના હાથમાં છે તે એવું માનનારા છે કે, યુનિવર્સિટીનું શિક્ષણ તો અંગ્રેજી સિવાય કોઈ ભાષામાં આપવું શક્ય જ નથી. તેથી માધ્યમિક શિક્ષણ જેમ બને તેમ અંગ્રેજીમાં જ બનાવી દેવું જોઈએ અને તેથી ગુજરાતી ચોથીથી "ટ્વીઓ-જી ડોગ એટલે કૂતરો" શરૂ કરાવી દેવો જોઈએ!

પરિષદનો હરાવ બતાવી આપે છે કે, શિક્ષણપ્રધાનો પંડિત જવાહરલાલજીના કથનના આત્માને સમજ્યા નથી, એટલું જ નહીં પણ અવળો જ સમજ્યા છે.

પં૦ નેહરુના કહેવાનો ભાવાર્થ

અમારા સમજવા પ્રમાણે તો પંડિતજી દેશના વિકાસની યોજનાના અમલ માટે જોઈતા વૈજ્ઞાનિકો, ઇજનેરો, કારીગરો વગેરે સરકારનાં શિક્ષણખાતાં અને વિશ્વવિદ્યાલયો પૂરતી સંખ્યામાં પૂરા પાડી શક્યાં નથી, તેથી અકળાયા છે. હિન્દીને તેમ જ પ્રાદેશિક ભાષાઓને આટલાં વર્ષમાં ખીલવી હોત, તેમાં વિજ્ઞાન, યંત્રવિદ્યા અને કળાકારીગરીને ઉતારવામાં આવ્યાં હોત, તો આવા કાર્યકર્તાઓ હજારોની સંખ્યામાં આજે મળવા માંડ્યા હોત. કેળવણીખાતાંઓ અને વિશ્વવિદ્યાલયની સુસ્તી ઉડાડવા માટે પંડિતજીએ તો સખત ઠમકો આપ્યો છે, અને છેવટે કહ્યું છે કે, અત્યારે કીમતી વખત વહી જઈ રહ્યો છે; આજે અંગ્રેજી ને હિન્દીની ચર્ચા કરતા બેસવાનો વખત નથી; માતૃભાષા કે હિન્દીમાં વિજ્ઞાન આદિ ભણાવવાની સ્થિતિમાં તમે ન આવ્યા હો તો છેવટે અંગ્રેજીમાં ભણાવો; પણ કોઈ પણ ભોગે વિકાસની યોજના માટે પૂરતી સંખ્યામાં કાર્યકર્તાઓ પૂરા પાડો.

મૌલાના સાહેબે તો સીધા શબ્દોમાં રાજ્યોના શિક્ષણમંત્રીઓને ઠપકો આપ્યો છે કે, કેન્દ્રીય સરકાર હિન્દીના વિકાસ માટે જોઈએ તેટલી રકમની જોગવાઈ વર્ષોવર્ષ કરતી આવી છે; તેમ છતાં રાજ્ય સરકારોએ તે માટે બહુ જ ઓછો ઉત્સાહ બતાવ્યો છે, અને તે રકમોનો લાભ ઉઠાવ્યો નથી.

પંડિતજીને દેશના ભૌતિક વિકાસની યોજના માટે કેટલો ઉત્સાહ છે અને તેના વેગમાં જરા પણ ઢીલાશ આવે કે તેના માર્ગમાં જરા પણ અંતરાય આવે તો તેઓને એ કેટલું અસહ્ય લાગે છે એ જેઓ જાણે છે, તેઓને લાગણીથી ઊભરાતા એમના ઉદ્‌ગારોનો મર્મ સમજ્યા વિના રહેશે નહીં. અમને અત્યંત દુઃખ થાય છે કે, રાજ્યોના શિક્ષણમંત્રીઓ તે મર્મ પકડી શક્યા નથી. પંડિતજીએ અંગ્રેજી ભાષાનાં ગુણગાન સંભળાવ્યાં એમ તેઓ સમજી બેઠા છે! કેળવણીમાં અત્યાર સુધી થોડેઘણે અંશે પ્રાદેશિક ભાષાઓ અને હિન્દીને આગળ વધારી અંગ્રેજીને ગૌણ બનાવી તે માટે જાણે તેઓ પસ્તાવો કરવા બેઠા છે! અંગ્રેજી મારફત શીખવવાનો ખ્રિસ્તિ દિવસોનો કાર્યક્રમ તરત ચાલુ કરીને પોતાની ભૂલ સુધારવા તૈયાર થઈ ગયા છે!

પંડિતજીએ તો સાફ કહ્યું છે કે, હિન્દી અને બીજી ભાષાઓ ઘણી સારી છે, એટલે કે ગમે તેટલી વિકસાવી શકાય તેવી છે. અર્થાત્ આજ સુધી તે વિકાસ સાધવામાં આવ્યો નથી, તો તે ભાષાઓની એ ખામી નથી, પણ શિક્ષણખાતાંઓ અને યુનિવર્સિટીઓ ચલાવનારાઓની ખામી છે.

શિક્ષણમંત્રીઓએ શું કરવું જોઈતું હતું?

શિક્ષણમંત્રીઓની પરિષદે ગુજરાતી ચોથા ધોરણથી અંગ્રેજી દાખલ કરવાની કમર કસી છે તે રીતે તો, જેમ વર્ષો વીતતાં જશે તેમ હિન્દી અને બીજી ભાષાઓ વધારે ને વધારે લૂલી થતી જશે અને અંગ્રેજીનો આધાર વધારે ને વધારે અનિવાર્ય થતો રહેશે. શિક્ષણમંત્રીઓ જો પંડિતજીનો આશય સાચી રીતે સમજ્યા હોત, તો તેમણે જુદાં જ પગલાં લેવાનું વિચાર્યું હોત. વિજ્ઞાન આદિનું શિક્ષણ અત્યંત સુલભ થાય તે અર્થે :—

૧. સૌથી પ્રથમ તેમણે ચાલુ યુનિવર્સિટીઓના અધ્યાપકોને કહી દીધું હોત કે, તમે અંગ્રેજી કે તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠીક લાગે તેવી બીજી પાશ્ચાત્ય ભાષાઓનાં પુસ્તકોનો ઉપયોગ ખુશીથી કરો, પણ સારામાં સારું શિક્ષણ વિદ્યાર્થીને આપો. તેનો પૂરાંપાધરાં ભાષાંતરો ન કરી શકો તો ભલે પરદેશી પરિભાષાનો છૂટથી ઉપયોગ કરો, પણ શિક્ષણનું ધોરણ નબળું પડવા ન દો.

૨. શિક્ષણના મૂળમાંથી જ કળા, કારીગરી, વિજ્ઞાન આદિના સંસ્કારો પાડવાનું શરૂ કરી દો. બધું શિક્ષણ પેટ ભરવા માટે નથી, પણ દેશનું નવસર્જન કરવા માટે છે, એવા સંસ્કારો પાડવાનું શરૂ કરી દો. એટલે કે, પાયાની કેળવણી પૂરી શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ચાલુ કરી દો. આમ આખું શિક્ષણ એવું બનાવી દો કે, જેટલા તેમાંથી નીકળે તેટલા કાર્યકર્તાઓ જ નીકળે. આજે મોટા ભાગના માત્ર કારકુની માટે ભણે છે. તેથી તેમનાં જીવનનો અને દેશનો બગાડ થઈ રહ્યો છે, તે અટકાવો.

૩. વળી શિક્ષણ આજે છે તેવું ખર્ચાળ રહેશે ત્યાં સુધી તેમાંથી જોઈએ તેટલી વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ મળવાની આશા કેમ રાખી શકાય? શિક્ષણને જેમ બને તેમ સ્વાવલંબી અને ઓછું ખર્ચાળ બનાવો, જેથી તમામ છોકરા છોકરીઓ પ્રાથમિક જ નહીં પણ ઉત્તર બુનિયાદી તેમ જ વિશ્વવિદ્યાલયની કક્ષાનું શિક્ષણ પણ પોતાના બાહુબળથી મેળવતાં થાય. આ એકમાત્ર રસ્તો છે કે જે લેવાથી કાર્યકર્તાઓનો દુષ્કાળ વર્તાશે નહીં.

૪. તે સાથે જો શિક્ષણમંત્રીઓ પંડિતજીનો મર્મ સમજ્યા હોત, તો તેમણે શિક્ષણખાતાંઓને અને વિદ્વાનોને તાકીદ કરી હોત કે, જરૂરી વિદ્યાઓનાં પાઠ્યપુસ્તકો વહેલામાં વહેલી તકે હિન્દી આદિ ભાષાઓમાં ઉતારવાની યોજના ઘડો. બીજા વિષયોમાં આજે વેગથી વિકાસ યોજનાઓ ઘડાય છે અને અમલમાં મુકાય છે, ત્યારે કેળવણીખાતાંઓ અને પંડિતો કેમ સૂઈ રહ્યાં છે? તેઓ પણ પાઠ્યપુસ્તકો તૈયાર કરવાની પંચવાર્ષિક યોજનાઓ બનાવી અમલમાં કેમ મૂકતાં નથી?

૫. વૈજ્ઞાનિક પરિભાષાઓ આખા દેશ માટે એકધારી, એકસમાન તૈયાર કરવાનું તરત હાથમાં લેવા માટે પણ તેમણે પગલાં લીધાં હોત. તે માટે આજે રાજ્યનાં કેળવણીખાતાંઓ કે યુનિવર્સિટીઓ ખાસ કંઈ કરતાં હોય એમ જણાતું નથી. નિષ્ણાતોની સમિતિ નીમી તેમને તરત કામે વળગાડી દેવાની યોજના વિચારવી જોઈતી હતી. વળી જુદી જુદી ભાષાઓની પરિભાષાઓ જુદી થાય એ પણ ઠીક નહીં, તેથી આવી, ભાષાઓના વિદ્વાનોને સાથે બેસાડી સૌના સહકારથી સર્વમાન્ય એકસરખી પરિભાષા તૈયાર કરવાની યોજના ઘડવી જોઈતી હતી.

આ રીતે કામ લેવામાં આવે તો પાંચ વર્ષમાં વિજ્ઞાન આદિના શિક્ષણમાં આપણું અનાથપણું દૂર થઈ જાય એમાં જરા પણ શંકા નથી. શિક્ષણમંત્રીઓ અત્યારે વર્ત્યા છે તે તો અંગ્રેજની ગુલામી કાયમને માટે હિંદુસ્તાનની ભાવી પેઢીઓને માથે ઠોકી બેસાડવાનો જ રસ્તો છે.

અમે આશા રાખીશું કે, શિક્ષણમંત્રીઓ અને વિદ્વાનો પોતાની અશ્રદ્ધા અને સુસ્તી ફેંકી દેશે, ઊગતી આઝાદી પ્રત્યેની અને ભાવી પેઢીઓ પ્રત્યેની પોતાની જવાબદારીનું ભાન રાખશે, અને પોતાનો સાચો ધર્મ પાલન કરશે.

ભાડૂતી ટાંગાના ઘોડા કેટલીક વાર હાંકનારની ચાબુકના જવાબમાં પાછા પાછા હઠતા હોય છે તેમ આ સજ્જનો પંડિતજીની ચાબુકથી પાછા હઠી રહ્યા છે. એ ચાબુક તેમને આગળ દોડાવવા માટે ફટકારવામાં આવી છે, એટલું પણ આ ભલા માણસો કેમ સમજતા નહીં હોય?

બુનિયાદી શિક્ષણમાંથી બુનિયાદ ઉઠાડી

શિક્ષણમંત્રીઓની પરિષદે પોતાના ઠરાવમાં બુનિયાદી શિક્ષણનો ફેલાવો આખા દેશમાં કરવાનો વિચાર પણ મૂકયો છે. પણ તેમ કરવાની જે યોજના તેમાં સૂચવવામાં આવી છે, તે વિષે અમને ભારે શંકા છે.

એક તો, ઉપર બતાવી ગયા તે પ્રમાણે, ચોથા ધોરણથી તેમાં અંગ્રેજીને સ્થાન આપવાનું સૂચવવામાં આવ્યું છે. દેશના ભાવિ નાગરિકને દેશના નવનિર્માણનો કાર્યકર્તા બનાવવો છે અને નવી સમાજરચના માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાયક બનાવવો છે. માટે તેના શિક્ષણમાં ઉદ્યોગ, વિજ્ઞાન, સમાજસેવા આદિ પ્રથમથી જ દાખલ કરો એમ કહેવાને બદલે, તે બધાંને અંગ્રેજી ભાષામાં ડુબાડી દેવાની સૂચના કરીને બુનિયાદી શિક્ષણની બુનિયાદને જ હલાવી દેવામાં આવી છે.

બીજું, બુનિયાદી સાત ધોરણનું શિક્ષણ પૂરું કર્યા પછી વિદ્યાર્થીના આગળના શિક્ષણની વ્યવસ્થા કરવાનું આ ઠરાવમાં ખાસ જણાવવામાં આવ્યું છે. શિક્ષણ મંત્રીઓએ બુનિયાદીથી આગળના શિક્ષણની આટલા વર્ષ પછી ચિંતા કરી તે માટે તેમને ધન્યવાદ આપીએ છીએ, પરંતુ એ આગળના શિક્ષણ માટે ઉત્તર બુનિયાદીનો કાર્યક્રમ વેગથી હાથમાં લેવા ઉપર ભાર મૂકવાને બદલે પરિષદના ઠરાવમાં ઉત્તર બુનિયાદી શાળાઓમાં તેમ જ સામાન્ય માધ્યમિક શાળાઓમાં પુસ્તકશિક્ષણનો અભ્યાસક્રમ એકસરખો રાખવાનું સૂચવવામાં આવ્યું છે! એટલે સામાન્ય માધ્યમિક શાળાઓને વધારે કાર્યક્ષમ બનાવવાનાં પગલાં લેવાને બદલે ઉત્તર બુનિયાદી શાળાઓમાંથી બુનિયાદી ખેંચી લેવાનું પગલું ભરવામાં આવ્યું છે. નીચા અને ઊંચાને સરખા બનાવવા માટે નીચાને ઓટલી ઉપર ઊભો કરવાને બદલે ઊંચાનું માથું કાપવામાં આવ્યું છે!

શિક્ષણમંત્રીઓએ પોતાના નેતાને તેઓ ઇચ્છે તેનાથી સવાયું આપવાનો મનસૂબો કરીને પોતાનો ઠરાવ ઘડ્યો જણાય છે. પરંતુ નવી સમાજરચનાની તાલાવેલી ન હોવાથી તેમ જ વિકાસના કાર્યક્રમો માટે આકાશપાતાળ એક કરી નાખવાની લગની લાગેલી ન હોવાથી તેઓ નેતાઓને કંઈક જુદી એવી નિર્જીવ વસ્તુ જ આપી બેઠા છે. પંડિતજીને પણ પોતાના ઉપદેશનું આવું ફળ આવેલું જોઈને નિરાશા થયા વિના રહેશે નહીં.

કાર્યકર્તાઓના દુષ્કાળનું સાચું કારણ

પંડિતજી ભાષા ઉપર અદ્‌ભુત પ્રભુત્વ દાખવનારા છે અને પોતાના દિલની વાત અત્યંત અર્થવાહી શબ્દોમાં રજૂ કરતા હોય છે. છતાં પરિષદનો ઠરાવ જોતાં હવે તેમને ખાતરી થઈ હશે કે, તેમણે પોતાની રજૂઆતમાં કયાંક ગંભીર ભૂલ કરી છે. અંગ્રેજી માટેનો તેમનો પ્રેમ અને તે ભાષા ઉપરનું તેમનું પ્રભુત્વ તેમને આ ભૂલ તરફ ઘસડી ગયું જણાય છે. કેટલાક લોકો અંગ્રેજીને હઠાવવાના ઉત્સાહમાં કેળવણીના રથની આડા આવી રહ્યા છે અને કાર્યકર્તાઓ પેદા કરવાનો કાર્યક્રમ એથી ઢીલમાં પડી રહ્યો છે એવી સમજથી તેઓએ અંગ્રેજી ઉપર ભાર મૂક્યો છે. ખરી રીતે તો તેમણે વિજ્ઞાન આદિનું શિક્ષણ સુલભ કરી દેવા ઉપર ભાર મૂકવો જોઈતો હતો. કારણ કે પૂરતા કાર્યકર્તાઓ મળતા નથી તેમાં અંગ્રેજીમાં લોકો ભણતા નથી એ સાચું કારણ નથી, પણ આખું ભણતર નિસ્તેજ અને નિષ્પ્રાણ ચાલી રહ્યું તે જ સાચું કારણ છે. તેમનો ભાવાર્થ તો એ જ લાગે છે, પરંતુ તેમના શબ્દો બળતા જ ઢાળામાં ઢળાયા છે એમ તેઓને પોતાને પણ લાગ્યા વિના રહેશે નહીં.

૧૭-૯-'૫૬ **જુગતરામ દવે**

[શિક્ષણના પ્રધાનોની પરિષદે રાષ્ટ્રના શિક્ષણને વિષે ભારે મોટી ભૂલભરેલો ઠરાવ કર્યો, એ તો ઉઘાડું છે. પરંતુ એમાં તો આખી ભીંત ભુલાઈ છે, તે એ રીતે કે, જેમ અંગ્રેજોના જમાનામાં સરકારી નોકરો માટે કેળવણીની નીતિ વિચારાતી, તેમ જ જાણે હવે સ્વરાજમાં આર્થિક વિકાસ માટે વિચારાતી પંચવર્ષીય યોજનાની સેવામાં જ કેળવણીનું નાવ વાળવાનું ન હોય, એવું થતું લાગે છે. આ વસ્તુ રાષ્ટ્રના સાચા વિકાસને માટે ખતરનાક છે. સરકારથી સ્વતંત્ર રીતે અને સાચા સ્વરાજની સ્થાપનાને અર્થે પ્રજાનું શિક્ષણ વિચારવાનું છે, અને તે અર્થે શિક્ષણખાતાં છે, એ વાત આજે જાણે કે સાવ ખ્યાલ બહાર ગઈ છે! પંડિત જવાહરલાલ જેવા પ્રજ્ઞ આ પરત્વે ભૂલ કરી બેઠા કે શું, એમ લાગે છે ત્યારે ખરેખર ખેદ થાય છે. કેળવણી એ કાંઈ અર્થની દાસી નથી કે તેનો વિચાર આર્થિક યોજના અને વિકાસને નજરમાં રાખીને કરી શકાય. એ વસ્તુઓ જરૂરી છે, એની ના નહીં. પણ એટલું જ બસ નથી. વળી વિકાસ યોજનામાં ખાદી અને ગ્રામોદ્યોગો માટે પણ સ્થાન છે. તેમને માટે પણ ખૂબ કાર્યકર્તા, કારીગરો, વગેરે ઊલટા વધુ જોઈએ. પંડિતજી તેમના વ્યાખ્યાનમાં અ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહત્ત્વની જરૂર વિષે વીસર્યા, એ લાગ્યા વગર રહેતું નથી. બલ્કે, આ જરૂર તો વસ્તીના ૮૦ ટકા માટેની છે; તેમની પાયાની કેળવણીમાં પણ તે ખૂટે છે. એટલે, ખરું જોતાં, આપણો સવાલ તો એ છે કે, હિંદમાં પાયાનું શિક્ષણ દાખલ કરી, તેની ઉપર સાચા શિક્ષણની ઇમારત રચવાની છે. એનો આમૂલાગ્ર અને મૌલિક વિચાર કરવાને બદલે આગંતુક કાર્યક્રમોના સત્તા-રથોની કેડે જો કેળવણીને ઘસડાવાનું હોય, તો સ્વરાજ ટકાવવાને માટે સાચું લોકશાહી પ્રજાતંત્ર ગોઠવવાની વાતનો જ સોદો થઈ જશે. આ વિષે હોશિયાર બનીને ચાલવાની આજે બહુ જરૂર જણાય છે.

૨૩-૯-'૫૬ મ૦]

રાજકારણની પરિભાષા

I

Idealistic આદર્શવાદી
Idealist Theory of State રાજ્ય વિષેનો આદર્શવાદનો સિદ્ધાન્ત
Ideology વિચારસરણી
Immigration દેશાન્તરણ
Immunities of Diplomats રાજદ્વારીઓના રક્ષાપ્રબંધો
Impeachment મહાભિયોગ
Imperialism શાહીવાદ
Imputation તહોમત, આક્ષેપ
Inalienable અદેય
Indemnity દોષમુક્તિ
Independence મુક્તિ, સ્વાતંત્ર્ય
Indicatory question સૂચક પ્રશ્ન
Indirect Election પરોક્ષ ચૂંટણી
Individualism વ્યક્તિવાદ
Individualistic Theory વ્યક્તિવાદી સિદ્ધાન્ત
Individual liberty વ્યક્તિ-સ્વાતંત્ર્ય
Indivisible sovereignty અવિભાજ્ય સર્વોપરિતા
Indoctrination સિદ્ધાન્તારોપણ
Inequality અસમાનતા
Initiative પ્રજાકીય ઉપક્રમ
Injunction મનાઈ હુકમ
Inquisition અદાલતી તપાસ
Instrument દસ્તાવેજ, કાનૂની લેખપત્ર
Insurrection બળવો, બગાવત
International comity આંતરરાષ્ટ્રીય શિષ્ટાચાર
Internationalist આંતરરાષ્ટ્રીયતાવાદી, વિશ્વપ્રેમી
Interpellation પ્રશ્નોત્તર
Invalid (૧) અમાન્ય (૨) અશક્ત (૩) નિયમ વિરુદ્ધ
Irredentism લઘુમતીનો અલગતાવાદ
Isolationism અલગતાવાદ

J

Jingoism યુદ્ધવાદ
Joint Electorate સંયુક્ત મતદાર મંડળ
Joint responsibilities સંયુક્ત જવાબદારી
Joint session સંયુક્ત બેઠક, ભેગી બેઠક
Judgment ચુકાદો, ફૅસલો
Judicial અદાલતી
Judicial Method અદાલતી પદ્ધતિ
Judicial Review અદાલતી સમીક્ષા
Judiciary ન્યાયતંત્ર, અદાલતીતંત્ર
Jurisdiction અધિકારક્ષેત્ર
Jurisprudence ન્યાયશાસ્ત્ર
Jurist ન્યાયશાસ્ત્રી
Juristic Theory કાનૂની સિદ્ધાન્ત
Jury પંચ, જ્યૂરી
Justice ન્યાય, ઇન્સાફ (૨) ન્યાયમૂર્તિ
Juvenile court બાલ સંરક્ષક અદાલત

K

King રાજા
Kingship રાજાશાહી
Kinship લોહીસગાઈ

L

Labour value શ્રમમૂલ્ય
Lack of confidence વિશ્વાસનો અભાવ
Laissez-faire અનિયંત્રણવાદ (૨) મુક્ત વ્યાપાર નીતિ
Latent નિહિત, ગર્ભિત
Law કાનૂન
Law of nations આંતરરાષ્ટ્રીય કાનૂન
Law of nature કુદરતી કાનૂન
League of nations રાષ્ટ્રસંઘ
Leftist ઉદ્દામવાદી
Legal precedents અદાલતી શિરસ્તાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Legation उपराजदूतनी कचेरी
Legislation (१) कायदो (२) कानूनघडतर
Legislative council (१) विधानपरिषद (२) उपली धारासभा
Legislature धारासभा, विधानसभा
Letter of credence ओळखपत्र
Libel अपमान लेख
Liberal (१) उदार, मवाळ, विनीत (२) उदारमतवादी
Liberalism उदारमतवाद
Liberation मुक्ति
Liberty स्वातंत्र्य
Licence परवानो, लायसन्स
Limited Monarchy मर्यादित राजाशाही
Lingua Franca राष्ट्रभाषा
List system (मतदाननी) यादी पद्धति
Localism स्थानिकतावाद
Location of sovereignty सर्वोपरितानुं स्थान
Loyalist राजनिष्ठ, राजभक्त

M

Mace राजदंड
Machiavellian policy कूटनीति, चाणक्यनीति
Machinery of the government सरकारी तंत्र
Maiden speech प्रथम भाषण
Majority rule बहुमतीनुं राज्य
Mandamus वर्तनादेश (वडी अदालतनो नीचेनी अदालतने आदेश)
Mandate (१) आदेश, फरमान (२) वालीपणुं (३) मतदारोनो आदेश
Manifesto चूंटणीनुं जाहेरनामुं, चूंटणीनो ढंढेरो
Maritime law जहाजी कायदो, दरियाई कानून
Martial law लश्करी कायदो
Marxism मार्क्सवाद
Materialism भौतिकवाद
Matriarchal मातृप्रधान
Mediator मध्यस्थी, लवाद
Memorandum मेमोरेन्डम, निवेदनपत्र
Mercantilism व्यापारवाद
Merger विलीनीकरण, जोडाण
Migration (१) स्थळांतर (२) देशांतर
Militarism लश्करवाद
Military occupation लश्करी कब्जो
Militia सेना
Minister प्रधान (२) बीजी कक्षाना राजदूत
Ministry प्रधानमंडळ (२) (प्रधाननुं) खातुं
Minority लघुमती (२) सर्गार
Minority Representation लघुमतीनुं प्रतिनिधित्व
Minute समानोंध
Mobocracy टोळांशाही
Moderate party मध्यममार्गी पक्ष
Monarchy राजाशाही
Money bill नाणांविल
Monoistic view एकत्ववादी दर्शन (राज्यनुं)
Monopoly इजारो
Moral law नैतिक कानून
Motion ठराव, दरखास्त
Municipality सुधराई, म्युनिसिपालिटी, नगरपालिका
Municipal law सुधराईनो कानून
Mutiny बळवो
Mysticism रहस्यवाद

N

Nation राष्ट्र
Nationalism राष्ट्रवाद
Nationality राष्ट्रीयता, राष्ट्रत्व, कौम
Native State देशी राज्य
Natutral law नैसर्गिक कानून, स्वभावगत नियमो
Natural liberty सहज स्वातंत्र्य
Naturalist निसर्गवादी
Naturalisation अंगीकार, अंगीकरण
Natural rights कुदरती अधिकारो
Naval Force दरियाई काफलो, नौकाबळ
Nazism नाझीवाद
Negotiation वाटाघाटो
Nepotism सगांपरस्ती
Neutral तटस्थ
Neutralization तटस्थीकरण
No confidence motion अविश्वासनी दरखास्त
Nomination उमेदवारी; नियुक्ति; निमणूक
Non-aggression pact अनाक्रमणनो करार
Non co-operation असहकार
Non-intervention बेदखलगीरी
Non partisan बिनपक्षीय
Normalcy रोजिंदुं वातावरण
Normative Science आदर्शविवेचक शास्त्र
Note of Dissent असंमतिनी नोंध

સંપાદકો
રમેશ મ૦ ભટ્ટ
રામલાલ પરીખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



धर्मस्य विधयो नैके ते ते प्रोक्ता महर्षिभिः ।
स्वं स्वं विज्ञानमाश्रित्य दमस्तेषां परायणम् ।।

— દ્રષ્ટા પુરુષોએ પોતપોતાના અનુભવ-જ્ઞાન મુજબ ધર્મનાં અનેક કર્તવ્યો બતાવ્યાં છે; પરંતુ દમન કે ઇંદ્રિયનિગ્રહ એ તેનું રહસ્ય છે.

[મહાભારત, શાંતિપર્વ ૧૬૦]

न जातु तृणकाष्ठे हि ज्वलनः शाम्यते ज्वलन् ।
न जातु उपभोगेभ्यः तृष्णा कामेषु शाम्यति ।।

— ઘાસ અને લાકડાંથી સળગેલો અગ્નિ જેમ શાંત થતો નથી, તેમ કામભોગના ઉપભોગ વડે તૃષ્ણા કદી શમી શકતી નથી.

[મહાવસ્તુ અવદાન]

थंभा व कोहा व पयप्पमाया,
गुरुस्सगासे विणयं न सिक्खे ।
सो चेव उ तस्स अभूइभावो,
फलं व कीयस्स वहाय होइ ।।

— અભિમાનને લીધે, ક્રોધને લીધે, મદ કે પ્રમાદને લીધે શિષ્ય ગુરુ પ્રત્યે અવિનયથી વર્તે; તો જેમ વાંસડાનું ફળ વાંસડાના વિનાશનું કારણ બને છે, તેમ તેનું એ અવિનયી વર્તન જ તેના પોતાના વિનાશનું કારણ બને છે.

[દશવૈકાલિક સૂત્ર અ૦ ૯, ઉ૦ ૧, ગા૦ ૧૨]

પોતાની મહેનતથી કમાયેલા ભોજન જેવું મીઠું કોઈ ભોજન નથી. પછી ભલેને તે આછું ભડકું હોય.

— કૉન્ફ્યૂશિયસ

સંત પોતાના ઘરમાં પૂજાતો નથી.

— ઈશુ ખ્રિસ્ત

માનવતાનું અને જગતનું ધ્યેય વિકાસ જ છે.

— અષો જરથુષ્ટ્ર

પાપકર્મ હંમેશાં હાનિ જ પહોંચાડે છે. તેથી પાપકર્મ અગ્નિથી પણ અધિક ભયાવહ છે.

— તિરુ વલ્લુવર

જેવી ભાવના તેવી સિદ્ધિ, એ વચન ઉપર દૃઢ વિશ્વાસ રાખવો.

— રામકૃષ્ણ પરમહંસ

ઈશ્વર આપણ સહુની બુદ્ધિને વિપરીત, અવળી બનતી બચાવો.

— ગાંધીજી

જીવવું કેવી રીતે એ સમજવું એ જ સૌથી મોટી કળા છે.

— કાકાસાહેબ

જે તારી સેવા કરે છે તેને થોડી સોના-મહોર આપવાથી તું ઋણમુક્ત થતો નથી. જો કંઈ આપવું જ હોય તો તેને તારું હૃદય આપ, નહીં તો તેની સેવા કર.

— ખલિલ જિબ્રાન

અસત્ય પોતાનો પરાજય ખમી શકતું નથી; સત્ય ખમી શકે છે.

— રવીન્દ્રનાથ ઠાકુર

સહનશીલતાનાં ત્રણ લક્ષણો છે: (૧) નિંદાત્યાગ (૨) સંતોષ અને (૩) આનંદપૂર્વક ઈશ્વરી વિધાનનો અંગીકાર.

— શાહ મુજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી કિશોરલાલભાઈના પુણ્ય સ્મરણમાં

પરમ પૂજ્ય કિશોરલાલભાઈની આજે પુણ્યતિથિ હોવાથી એમનું સ્મરણ વિશેષ તાજું થાય છે. કાળ તો પોતાના ક્રમ પ્રમાણે આગળ ને આગળ વહી જાય છે. પરંતુ મહાન આત્માઓની સ્મૃતિને લુપ્ત કરવામાં કાળનું બળ કંઈ કામ આવતું નથી. એવા મહાન આત્માઓ અને આપણાં ગત સ્વજનો કે જેમણે આપણું જીવનને ઘડવામાં અમૂલ્ય ફાળો આપ્યો હોય છે તેઓ તો આપણા હૃદયમાં કાયમનું સ્થાન પામેલાં જ હોય છે. અને જેમ જેમ દિવસો પસાર થતા જાય છે તેમ તેમ એ સૌનું આપણા પ્રત્યેનું ઔદાર્ય, સૌજન્ય, તેમનો સ્નેહ આપણને વધારે ને વધારે યાદ આવે છે. તેથી હૈયું ભરાઈ આવે છે.

એવા જ એક આત્મીય સ્વજનનું સ્મરણ આજે આપ સૌની વચ્ચે કરતાં મારા મનની સ્થિતિ બહુ નાજુક બની જાય છે. પૂજ્ય કિશોરલાલભાઈ જતાં એક સ્નેહાળ વડીલજનને ગુમાવ્યા જેટલું દુઃખ થાય છે. એમની સાથેના સહવાસથી તેઓ મારા એટલા નિકટના સ્વજન જેવા બની ગયા હતા કે તેમની સાથે સ્થપાયેલા હૃદયના સંબંધને લીધે તેઓ મારા પ્રેમાળ ગુરુજન, પિતાતુલ્ય વડીલ જેવા જ બની ગયા હતા.

કિશોરલાલભાઈ સાથેના સહવાસથી મારા જીવનને આત્મોન્નતિકર વેગ મળ્યો. પરંતુ નમ્ર સ્વભાવના કિશોરલાલભાઈ એ વાત શાના કબૂલ કરે? તેઓ તો લખતા : "તમારી શ્રદ્ધા તમને ઊંચે લઈ જાય છે. અમે તમારી સેવાભાવનાનો ઉપયોગ કર્યો એટલું જ. તમારું તો કશું જ કરી શકયાં નહોતાં. પણ હવે હિસાબ કયાં લખવા બેસીશું?" બીજા એક પત્રમાં તેઓ લખે છે : "તમારી શ્રદ્ધા તમારી ઉન્નતિ કરો અને તેનું શ્રેય પ્રભુને મળો. તમને તેમાં હું નિમિત્તરૂપ લાગતો હોઉં તો તેમાં મારો કંઈ હાથ નથી. અનાયાસે બધું બની આવ્યું છે." આમ નિર્મળ નિરભિમાની વૃત્તિ દાખવીને તેઓ પોતે યશના ભાર તળે કદી દબાતા જ નહીં.

તેમની નમ્રતા ખરેખરે મોટા જેવાને તો ગુરુકૂંચીરૂપ થઈ પડી છે. પૂજ્ય પંડિત સુખલાલજી સાથે મારો પરિચય થયા પછી મેં કિશોરલાલભાઈને એ વિષે લખતાં કહ્યું હતું : "પૂજ્ય પંડિતજીનો સહવાસ આશીર્વાદરૂપ થઈ પડ્યો છે. પરંતુ તમારાથી દૂર રહેવાનું ગમતું નથી!" એના ઉત્તરમાં તેમણે લખ્યું : "પૂ. પંડિતજીના ગાઢ સંબંધમાં આવ્યા, એને જીવનનો મોટો લહાવો સમજજો. તેઓ તમને મારા જેવા ચોવીસ શિક્ષક મળ્યાની ગરજ સારશે. એમની પ્રસન્નતા પ્રાપ્ત કરજો."

આમ તેઓ વિનમ્ર ભાવે પોતાને શ્રદ્ધાભૂમિમાં જ મૂકી દેતા. એક વાર મેં તેમની પાસે ફરીથી રહીને તેમની અને તેટલી સેવા કરવાની તીવ્ર ઇચ્છા દર્શાવી હતી, ત્યારે તેમણે મને વર્ધાથી જે લખ્યું હતું એમાં પણ તેમની અપાર નમ્રતા જ દૃષ્ટિએ પડે છે : "તમે મારી પાસે રહેવાની ઝંખના બતાવો છો; અને જાણે તમારી નાલાયકીને લીધે તેમ કરી શકતા ન હો એવું માનો છો. આ તમારો ભ્રમ છે. તમે ત્યાં (વિદ્યાપીઠમાં) જે કામ કરી રહ્યા છો તેની તોલે આવે એવું મારી પાસે કોઈ કામ નથી, જીવનવ્યવસ્થા પણ નથી. સવારથી રાત સુધીનો કાર્યક્રમ નથી. મારી પાસે તો અહીં કેવળ મુંબઈ શહેરને મળતું જ જીવન છે. તમે પોતે તમારી સ્વયંસ્ફૂર્તિથી કાંઈ કામ ઉપાડવા પ્રયત્ન કરત તો જુદી વાત હતી. પણ તે જો 'હરિજન' પત્રની ઑફિસના રૂટીનથી અલગ રહીને કરી શકત તો જ થાત. અહીંની કોઈ સંસ્થામાં દાખલ થયા હોત તો એવું કાંઈક કરી શકત. પણ તેમાં મારાથી તો દૂર જ રહેવાનું થાત. એક વાર તમે અહીં આવીને અહીંનું મારું જીવન જોઈ લેશો તો તમારો મોહ દૂર થઈ જશે. આ તો હું મારી દૃષ્ટિએ લખું છું. પણ હમણાં જ મને એક નવો અનુભવ થયો છે. તે એ કે શ્રદ્ધાળુની જોવાની નજર જ જુદી હોય છે; તે પોતાની શ્રદ્ધાની આંખેથી ઘણું બીજાને ન દેખાય એવું જુએ છે."

શ્રી કિશોરલાલભાઈ તો પુણ્યાત્મા હતા, સંત જેવા પરમ હિતકારી હતા. તેમનું સ્મરણ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'परोपकाराय सतां विभूतयः' એ ઉક્તિ યાદ આવે છે. શ્રી કિશોરલાલભાઈની તબિયત હંમેશાં નરમ જ રહેતી. દમના વારે વારે હુમલા આવ્યા જ કરતા. કોઈ કોઈ વાર તેમની સ્થિતિ એટલી તો નાજુક બની જતી કે આસપાસના લોકોને ઘડીભર થઈ આવતું કે કિશોરલાલભાઈ આ રાત ખેંચી કાઢશે કે કેમ? આમ સૌ એમની ચિંતા કરતાં સવારે ઊઠીને જુએ તો કિશોરલાલભાઈ જાણે રાતે કશું થયું જ ન હોય એમ પ્રસન્ન મુખે બેઠા હોય! ખરેખર, કિશોરલાલભાઈને આવી સ્થિતિમાં જોનારને એમ જ થાય કે તેમના ઉદાત્ત સાધનાપૂત આત્માને જાણે દેહનું બંધન જ ન હોય! જાણે કે તેઓ દેહ પ્રત્યે ઉદાસીનતા જ સેવતા હોય. કોઈ પણ હિતકારી કામ વચ્ચે જાણે એમના શરીરની નાજુક સ્થિતિ જરાય અંતરાયરૂપ ન બનતી હોય! ભલેને તબિયત કેટલીય ખરાબ હોય, દમ ભલેને એમનો દમ કાઢવા મથતો હોય, પણ તેઓ તો બધું કષ્ટ સહજ હોય એમ સહન કરીને દેહથી પોતે જાણે અલિપ્ત હોય એમ પોતાનું કર્તવ્ય-કર્મ કરતા જ હોય.

એક વાર મુંબઈમાં તેઓ હતા ત્યારની એક વાત છે. કિશોરલાલભાઈની તબિયત સારી નહોતી. દાક્તરોએ તેમને જરાયે શ્રમ ન પડે એની કાળજી લેવાની સાવચેતી આપી હતી. બહાર નીકળવાની તો બંદી જ હતી.

એવામાં એક દિવસ એક ભાઈ આવીને કિશોરલાલભાઈના 'હરિજન' ઇત્યાદિ કામકાજમાં મદદનીશ તરીકે રહેલા ભાઈને કહેવા લાગ્યા: "અમારા એક સજ્જન ખૂબ જ બીમાર છે. હવે તેમની અંતિમ ઘડી છે. પણ તેમની એક છેલ્લી ઇચ્છા એ છે કે કિશોરલાલભાઈનાં એક વાર દર્શન કરવાં. તેથી તમે મારી વતી કિશોરલાલભાઈને વિનંતી કરો."

પેલા મદદનીશ ભાઈ તો મૂંઝવણમાં પડી ગયા. એક તરફ કિશોરલાલભાઈની નાજુક તબિયત અને બીજી તરફ એક ભાવિક જીવનની અંતિમ ઘડીની પવિત્ર ઇચ્છા. હવે ના પણ શી રીતે પડાય? અને કિશોરલાલભાઈને કશી ખબર આપ્યા વિના જ જો એ ભાઈને પાછા જવાનું કહેવામાં આવે અને પાછળથી આ વાતની જાણ કિશોરલાલભાઈને થાય તો તેઓ કેટલા ઉદ્વિગ્ન બની જાય? માટે આ વાતનો નિકાલ તેઓ પોતે કરે એ જ સારું, એવો વિચાર કરી એ મદદનીશ ભાઈએ પૂ. ગોમતીબહેનને એ વાત કરી. પૂ. ગોમતીબહેન પણ આવા ધર્મકાર્યમાં કિશોરલાલભાઈની ઇચ્છા વિના કશું ન કહેવાના મતનાં થયાં. એટલે એ વાત કિશોરલાલભાઈને ડરતાં ડરતાં જણાવવામાં આવી.

કિશોરલાલભાઈ તો એ સાંભળીને જાણે પોતાની તબિયતને કશું થયું જ ન હોય એટલી સ્વસ્થતાથી સહજપણે બોલ્યા: "એમાં વિચાર કરવાનો શો હોય? હું તો તૈયાર જ છું. મારું પહેરણ લાવો અને તમારે પણ આવવું હોય તો તૈયાર થઈ જાઓ. એ ભાઈને કહો કે બાનગી વાહનની વ્યવસ્થા ન થઈ શકતી હોય તો ભલે ટૅક્સીમાં જઈશું."

પરંતુ ટૅક્સીવાળો તો બૂમ અસ્તવ્યસ્ત રીતે મોટર હાંકે છે. તેથી કિશોરલાલભાઈની નાજુક તબિયતને કારણે તેમને ટૅક્સીમાં બેસવાથી હેરાનગતિ જ વેઠવી પડે. પરંતુ કિશોરલાલભાઈને એની કયાં પડી હતી? પણ સદ્‌ભાગ્યે બાનગી વાહનની વ્યવસ્થા થઈ ગઈ.

કિશોરલાલભાઈને આવેલા જોઈને અંતિમ પળો ગણતા પેલા ભાઈને સંતોષ થયો. તેમની વાચા તો બંધ થઈ ગઈ હતી. પણ તેમની આંખમાં સંતોષ અને આનંદનો ભાવ દેખાઈ આવતો હતો. કિશોરલાલભાઈએ એ ભાઈને છેલ્લી ઘડીએ સ્વસ્થતા જાળવવાનું, પ્રભુસ્મરણ કરવાનું અને શાંતિ રાખવાનું કહ્યું. પછી થોડી વાર ત્યાં બેસીને તેઓ ઘેર પાછા આવ્યા.

બીજો આવો જ પ્રસંગ યાદ આવે છે. એક ભાઈને બધાને છેતરીને પૈસા પડાવવાની બૂરી આદત પડી ગઈ હતી. કિશોરલાલભાઈની પાસેથી પણ તેમણે ખોટી હકીકત રજૂ કરીને થોડા પૈસા લીધા હતા. પણ એ ભાઈને પોતાની આ બૂરી ટેવનો વસવસો હંમેશાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યા કરતો. 'जानामि धर्मम् न च मे प्रवृत्तिः जानामि अधर्मम् न च मे निवृत्तिः' એવી સ્થિતિ એમની હતી. પરંતુ કોણ જાણે કેમ, એ ભાઈ ને કિશોરલાલભાઈ પર અત્યંત આસ્થા હતી. પોતે કરેલાં બધાં જ આવાં છેતરપિંડીનાં કામોનો તેમણે કિશોરલાલભાઈ પાસે એકરાર કર્યો હતો. કિશોરલાલભાઈ ને તે કહેતા કે, 'જ્યાં સુધી હું આપની પાસે રહું છું, ત્યાં સુધી હું દુર્વૃત્તિઓથી મુક્ત બની જાઉં છું. પણ અહીંથી જાઉં છું એટલે પાછો ફંદમાં પડી જાઉં છું!'

છેવટે એ ભાઈના આવાં કરતૂતોની પોલીસખાતાને જાણ થતાં તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને વર્ધાની જેલમાં રાખવામાં આવ્યા. એ ભાઈની એક તીવ્ર ઇચ્છા એ હતી કે તેમને સજા થાય એ પહેલાં કિશોરલાલભાઈ ને મળાય તો સારું. એટલે પોલીસ મારફતે કિશોરલાલભાઈ ને એ બાતમી પહોંચાડી.

તે વખતે કિશોરલાલભાઈની તબિયત બહુ લથડેલી હતી અને તેઓ બહાર કયાંય જતા ન હતા. પરંતુ આ સંદેશો મળતાં જ તેઓ પોતાની સાથેના એક ભાઈ ને લઈ ને જેલમાં ગયા અને પેલા ભાઈ ને મળ્યા. તેમણે એ ભાઈ ને પોતાના બધા જ ગુનાઓનો પોલીસ સામે એકરાર કરવાની અને જે સજા થાય તે એના ફળરૂપે હસતે મોઢે ભોગવીને પાપમુક્ત થવાની સલાહ આપી. પછી તેઓ ઘેર આવવા નીકળ્યા. પરંતુ પાછા ફરતી વખતે કશું વાહન મળ્યું નહીં; એટલે ધીમે ધીમે ચાલતા ચાલતા ઘેર આવ્યા. અને વધુ પડતા શ્રમને લીધે એમની તબિયત વધારે બગડી!

કિશોરલાલભાઈમાં કર્તવ્યપરાયણ શુશ્રૂષાવૃત્તિ કેવી અજબ હતી તેનું એક જ ઉદાહરણ આપું. ઈ. સ. ૧૯૩૮માં પૂ. પંડિત સુખલાલજીએ પોતાના ગંભીર ઑપરેશન વખતે કોઈ દ્વારા વર્ધા કહેવડાવ્યું કે, "હું આ ઑપરેશનમાંથી બહાર નહીં આવું, તોપણ તમારા દ્વારા થયેલા દૃષ્ટિ-લાભનો મને ઊંડો સંતોષ છે." એટલે કિશોરલાલભાઈ એ તરત જ પત્ર લખી જણાવ્યું: "અત્યારે મારી તબિયત કાંઈક ઠીક છે. હું આપની સેવામાં થોડી પણ મદદ કરી શકતો હોઉં તો મને તરત સૂચવો."

આવી હતી પૂ. કિશોરલાલભાઈની 'સંત પરમ હિતકારી' વૃત્તિ! પોતે જોઈ એ એટલું સહન કરવા તૈયાર, પણ અન્યને પોતાને લીધે જરાયે તકલીફ પડે એ તેમને દુઃસહ્ય થઈ પડતું. એ અંગેનું એક મંગળ સ્મરણ આપીને મારું વક્તવ્ય પૂરું કરું છું. એક વાર તેઓ જેલમાંથી છૂટીને બહાર આવ્યા હતા. તે વખતે તેમની તબિયત ઘણી ખરાબ હતી. આવી હાલતમાં તેઓ એક મિત્રને ત્યાં જતા હતા. સ્ટેશનથી ટાંગામાં બેસીને જતાં તેમણે એ મિત્રને સહજ ભાવે પૂછ્યું: "ભાઈ, અહીં સ્મશાન કેટલું દૂર છે?" પેલા ભાઈ એ યથાયોગ્ય જવાબ આપ્યો. હવે એક વાર વાત પરથી વાત નીકળતાં કિશોરલાલભાઈ એ આ પ્રસંગનો ઉલ્લેખ કર્યો. એટલે સાંભળનાર ભાઈ એ પૂછ્યું: "આવો સવાલ આપે પેલા મિત્રને શા માટે કર્યો હતો?" શ્રી કિશોરલાલભાઈ બોલ્યા: "કદાચ મારું મરણ થાય તો જેમને ઘેર હું જતો હતો તેમને કેટલી અગવડ પડે તેનો ખ્યાલ કરવો હતો."

આમ કિશોરલાલભાઈના જીવનમાંથી જીવન-પોષક કેટલાય પ્રસંગો આપી શકાય એમ છે. તેઓ અમારા જેવા માટે ભારે ઓથ સમાન જ હતા. ચાર વર્ષ વહી ગયાં તોયે તેમની ખોટ હજુય સાલે છે. એમનો પુણ્યાત્મા મારા જેવા એમના નાનકડા બાળકને સદા પ્રેરણા આપતો રહે અને સુપથે દોરતો રહે એ જ પરમાત્માને પ્રાર્થના. *

મુકુલભાઈ કલાર્થી

---

* તા. ૯-૯-'૫૬ના રોજ ગુજરાત વિદ્યાપીઠમાં વિનય મંદિર અને શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય દ્વારા ઊજવાયેલી શ્રી કિશોરલાલભાઈની પુણ્યતિથિએ વિનય-મંદિરના એક વિદ્યાર્થીભાઈએ વાંચેલા નિબંધ પછી પ્રમુખ-સ્થાનેથી આપેલા વ્યાખ્યાનમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીની દૃષ્ટિએ વિનોબા

વિનોબાજીનું સ્મરણ કરતાં આંખ સામે પ્રાચીન-કાળના પ્રજ્ઞાશીલ ઋષિનું પાવનકારી ચિત્ર ખડું થાય છે. ખરેખર, 'બહુજનહિતાય, બહુજનસુખાય' પોતાનું જીવન-સર્વસ્વ સમર્પી દેનારા મહાન આત્માઓને લીધે જ માનવી જીવન પોતાનો ઉત્કર્ષ સાધી શકે છે. પરમ પૂજ્ય બાપુજી જેવા યુગપુરુષે પોતાની પાછળ આવી સેવાભાવી અને નિષ્ઠાસંપન્ન મહાન વિભૂતિઓને પ્રેરીને તેમની દ્વારા પોતાના જીવનકાર્યને આગળ ધપતું રાખ્યું છે તેથી આપણા જેવાં એમનાં નાનાં બાળકોને આશ્વાસન મળી રહે છે.

૧

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બાપુજીએ ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો. એના પ્રથમ સત્યાગ્રહી તરીકેનું માન બાપુજીએ વિનોબાજીને આપ્યું. તે વખતે વિનોબા દેશભરમાં જાણીતા ન હતા. તેથી બાપુજીએ તેમના વિષે 'હરિજન' પત્રમાં લખતાં જણાવ્યું હતું :

> હું દક્ષિણ આફ્રિકાથી હિંદુસ્તાન પાછો ફર્યા બાદ તેઓ સને ૧૯૧૫માં કૉલેજની કેળવણી પૂરી કર્યા અગાઉ ઊઠી ગયેલા. એઓ સંસ્કૃતના વિદ્વાન છે. સાબરમતી આશ્રમના લગભગ આરંભકાળમાં જ એઓ આવી જોડાયા, એઓ પ્રથમ સભ્યમાંના એક હતા. પોતાની લાયકાત વધારવાના હેતુથી સંસ્કૃતનો વધુ અભ્યાસ કરવા તેમણે એક વર્ષની રજા લીધી. વરસ પૂરું થયે પોતે નીકળેલા તે જ દિવસે ને લગભગ તે જ કલાકે કોઈના ધ્યાનમાં પણ ન આવે એવી રીતે પાછા આશ્રમમાં આવીને દાખલ થયા. એમના પાછા આવવાની તારીખ તે દિવસે હતી એ પણ હું તો ભૂલી ગયેલો. ભંગીકામથી માંડીને રસોડાકામ સુધીનાં આશ્રમનાં બધાં નીચલાં કામો એમણે કર્યાં છે. એમની યાદદાસ્ત ચમત્કારી છે અને એઓ સ્વભાવે અભ્યાસી છે, છતાં પોતાના વખતનો મોટામાં મોટો ભાગ એમણે કાંતણ-ક્રિયાની સાધના પાછળ ગાળ્યો છે. અને એમાં જે નિપુણતા એમણે મેળવી છે તેવી ભાગ્યે જ કોઈ પાસે હશે. ગામડાંની ગરીબી અને તેમની મૃતપ્રાય દશામાં ચેતન રેડવાની મધ્યવર્તી પ્રવૃત્તિ સાર્વત્રિક કાંતણ જ છે એમ તેઓ માને છે. તેઓ જન્મસિદ્ધ શિક્ષક હોઈ હાથકારીગરી વાટે શિક્ષણની યોજના ખીલવવામાં . . . ભારે મદદરૂપ થયા છે. તેમણે કાંતણને મૂળ ઉદ્યોગ ગણીને એક પાઠ્યપુસ્તક તૈયાર કર્યું છે. એની કલ્પના અવનવી છે. હાંસી કરનારાઓને તેમણે બતાવી આપ્યું છે કે, હાથકાંતણ એ પાયાની કેળવણીને સારુ બીજા કોઈ પણ હાથઉદ્યોગ કરતાં ચડિયાતું એવું સાધન છે. તકલી કાંતણમાં એમણે ક્રાંતિ કરી મૂકી છે, અને તેની અત્યાર સુધી અજ્ઞાત એવી શક્તિને પ્રયત્ન કરીને પ્રગટ કરી છે. તકલી ચલાવવાની કળામાં કદાચ આખા હિંદુસ્તાનમાં એમની જોડે ઊભી શકે એવું આજે બીજું કોઈ નથી. અસ્પૃશ્યતાને એમણે પોતાના અંતરમાંથી જડમૂળથી ઉખેડી નાંખી છે. કોમી એકતાને વિષે એમને મારા જેટલી જ ધગશ છે. ઇસ્લામના સર્વશ્રેષ્ઠ માનસનો પરિચય કરવાના હેતુથી એક આખું વર્ષ એમણે કુરાને શરીફનો મૂળ ભાષામાં અભ્યાસ કરવા પાછળ ગાળ્યું. એને સારુ અરબી ભણ્યા. પોતાની પડોશમાં વસતા મુસ્લિમો જોડે જીવંત સંબંધ કેળવવા આવો અભ્યાસ તેમને જરૂરી લાગ્યો.

એમનો આદેશ થતાં ચાહે તેવડા આત્મબલિદાનને સારુ તૈયાર એવા શિષ્યો અને કાર્યકર્તાઓની સેના એમની પાસે છે. એમણે એક જુવાનને કેળવ્યો છે. તેણે કુષ્ઠરોગીઓની સેવા પાછળ પોતાની જાતને અર્પણ કરી છે. વૈદકદાક્તરીનું મુદ્દલ જ્ઞાન ન છતાં કેવળ અનન્ય કાર્યપરાયણતાને બળે આ જુવાને મહારોગીઓની ઉપચારપદ્ધતિ હસ્તગત કરી છે, અને પોતાની દેખરેખ તળે સંખ્યાબંધ ઉપચારકેન્દ્રો ચલાવે છે. એની મહેનતને પરિણામે સેંકડો રોગી સારા થયા છે. હવે એણે કુષ્ઠરોગીઓના ઉપચારને લગતું એક પુસ્તક પણ મરાઠીમાં પ્રગટ કર્યું છે.

શ્રી વિનોબા વર્ષો લગી વર્ધાના મહિલાશ્રમના સંચાલક હતા. દરિદ્રનારાયણના કાર્ય પ્રત્યેની એમની ભક્તિએ એ કામ એમની પાસે છોડાવ્યું. પ્રથમ વર્ધાથી પડોશના એક ગામમાં જઈને તેઓ વસ્યા અને હવે વધુ દૂર જઈને વર્ધાથી પાંચ માઈલ પર આવેલા પવનાર ગામમાં તેઓ જઈ રહ્યા છે. અહીં તેમણે પોતે તાલીમ આપીને કેળવેલા શિષ્યો મારફત ગામલોકો જોડે સંપર્ક સાધ્યો છે. એઓ હિંદના રાજકીય સ્વાતંત્ર્યની જરૂરિયાતને માને છે. ઇતિહાસના એઓ અચૂક અભ્યાસી છે. પણ એઓ માને છે કે ગામડાંમાં વસતી આમપ્રજાનું સાચું સ્વાતંત્ર્ય રચનાત્મક કાર્યક્રમ — જેમાં ખાદી મધ્યસ્થાને છે — વિના અશક્ય છે. જે અહિંસા એમના જીવનનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિભાજ્ય અંગ બની ગઈ છે તે અહિંસાનું સૌથી યોગ્ય બાહ્ય પ્રતીક રેંટિયો છે એમ એઓ માને છે. અગાઉની સત્યાગ્રહ લડતમાં તેમણે સક્રિય ભાગ લીધેલો. રાજદ્વારી તખતા ઉપર એઓ કદી ચમકયા નથી. ઘણા સાથીઓની જેમ એઓ માને છે કે સવિનય ભંગની પાર્શ્વભૂમિ સહિતનું મૂંગું રચનાત્મક કાર્ય બીચોબીચ ભીડવાળા રાજદ્વારી તખતા કરતાં ઘણી વધુ સચોટ અસર કરનારું છે અને એઓ સંપૂર્ણપણે માને છે કે, રચનાત્મક કાર્ય વિષેની અંતરની શ્રદ્ધા અને તેના આચરણ વિના અહિંસક પ્રતિકાર અશકય છે.*

૨

વિનોબાજીમાં કેવી અદ્‌ભુત અભ્યાસશીલતા છે અને તેમનું જીવન કેવું સાધનામય છે એનો ખ્યાલ ઈ. સ. ૧૯૧૮માં બાપુજી ઉપર લખેલા તેમના એક પત્ર પરથી આવશે. આપ સૌ વિદ્યાર્થીઓને એ પત્ર પ્રેરણાદાયી થઈ પડશે, એમ માનીને અહીં આપું છું. સાબરમતી આશ્રમમાંથી અભ્યાસ અંગે વાઈ જઈને વિનોબાજી રહ્યા હતા, ત્યાંથી તેમણે આ પત્ર લખ્યો હતો.

પરમ પૂજ્ય બાપુજી,

એક વર્ષ પહેલાં આશ્રમમાંથી પ્રકૃતિને લીધે હું બહાર ગયો. બે ત્રણ મહિના વાઈમાં રહીને આશ્રમમાં આવવાનું ઠર્યું હતું. પણ એક વર્ષ થઈ ગયું, તોપણ મારો કંઈ પત્તો જ નથી. તેથી હું આવવાનો છું કે નહીં, અથવા તો જીવંત છું કે નહીં, એવો પ્રશ્ન ઉપસ્થિત થયો હશે. . . . હું આશ્રમમાંથી ચાલી ગયો એવો શક પણ કોઈને લાગ્યો હોય તો તે મારો જ દોષ છે. કેમ કે કાગળો ન લખવાની મને આદત છે. તોપણ હું આટલું તો લખી જાઉં કે આશ્રમે મારા હૃદયમાં ખાસ સ્થાન લીધું છે, એટલું જ નહીં પણ મારો જન્મ જ આશ્રમને લીધે છે એવી મારી દૃઢ શ્રદ્ધા છે. તો હું એક વર્ષ બહાર રહ્યો શું કામ?

હું જ્યારે ૧૦ વર્ષનો હતો ત્યારે જ મેં શપથ લીધેલા કે મારે બ્રહ્મચર્યવ્રત પાળીને દેશસેવા કરવી. પછી હું હાઈસ્કૂલમાં દાખલ થયો. તે વખતે મને ગીતાજીનો છંદ લાગ્યો. પણ મારા પિતાશ્રીએ મને બીજી ભાષા તરીકે ફ્રેંચ લેવાની આજ્ઞા કરી. તોપણ ગીતા ઉપરનો મારો પ્રેમ ઓછો નહોતો થયો. અને તે વખતથી જ મેં ઘરે પોતાની મેળે જ સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો હતો અને વેદાંત અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાનો મારો નિશ્ચય હતો. હું આપની રજા લઈને વાઈમાં દાખલ થયો, તે વખતે વેદાંતનો અભ્યાસ કરવાની એક ઉત્તમ તક મને મળી. નારાયણશાસ્ત્રી મરાઠે કરીને એક આજન્મ બ્રહ્મચારી વિદ્વાન વાઈમાં વિદ્યાર્થીઓને વેદાંત તથા બીજા શાસ્ત્રો શીખવવાનું કામ કરે છે. તેમની પાસેથી ઉપનિષદો વગેરે શીખવાનો મને 'લોભ' થયો. એ લોભને લીધે હું વધારે વખત વાઈમાં રહ્યો. હવે આટલા વખતમાં મેં શું કર્યું તે કહું છું.

જે લોભને સારુ હું બહાર રહ્યો તે વિષેનું મારું કામ નીચે પ્રમાણે :—

(૧) ઉપનિષદો (૨) ગીતા (૩) બ્રહ્મસૂત્ર અને શાંકરભાષ્ય (૪) મનુસ્મૃતિ (૫) પાતંજલ યોગદર્શન — આ ગ્રંથોનો મેં અભ્યાસ કર્યો. એ સિવાય (૧) ન્યાયસૂત્ર (૨) વૈશેષિક સૂત્ર (૩) યાજ્ઞવલ્કય સ્મૃતિ આ ગ્રંથો વાંચી ગયો. હવે મને વધારે શીખવાનો મોહ છે જ નહીં. હું પોતાની મેળે વધારે વાંચી શકીશ. બીજું કામ જે પ્રકૃતિને લીધે હું વાઈ ગયો તે વિષે :—

પ્રકૃતિ સુધારવા માટે મેં પહેલાં ૧૦-૧૨ માઈલ ચાલવાનું રાખ્યું હતું. પછી ૬થી ૮ શેર દળવાનું શરૂ કર્યું. અને હાલ ૩૦૦ નમસ્કાર અને ફરવાનું એ મારી કસરત છે, તેથી મારી પ્રકૃતિ સારી થઈ છે.

આહાર વિષે : પ્રથમ ૭ મહિના સુધી નમક ખાતો, પણ પછી તો તે છોડી દીધું. મસાલો વગેરે બિલકુલ ખાધું નથી. અને આજન્મ નમક અને મસાલો ન ખાવાનું વ્રત લીધું છે. દૂધ શરૂ કર્યું. દૂધ વિના બરાબર ચાલી નથી શકતું, એમ ઘણા અખતરા કર્યા પછી સિદ્ધ થયું. છતાં એ પણ છોડી શકાતું હોય તો મારી ઇચ્છા છે. એક મહિનો માત્ર કેળાં, લીંબુ અને દૂધ ઉપર કાઢયો. તાકાત કમતી થઈ. હાલ મારો ખોરાક નીચે પ્રમાણે છે: દૂધ ૧॥ શેર (૬૦ ૩. ભાર), ભાખરી ૨ (૨૦ તોલા જવારની), કેળાં ૪-૫, લીંબુ ૧ (મળી શકે ત્યારે). હવે હું આશ્રમમાં આવીશ ત્યારે આપની સલાહ લઈને મારો આહાર નક્કી કરવાનો વિચાર છે. સ્વાદને લીધે બીજા કાંઈ પદાર્થ ખાવાની ઇચ્છા નથી થતી. . . . એમાં શું ફેરફાર કરવા જેઈએ તે આપની પાસેથી મારે જાણવું છે. તે આપ મને પત્ર દ્વારા લખશો.

બીજા કામો :—

(૧) ગીતાજીનો વર્ગ ચલાવ્યો. એમાં ૭ વિદ્યાર્થીઓને સર્વગીતા સાર્થ શિખવાડી. અર્થાત્ મફત.

* ૧૯મી ઑકટોબર, ૧૯૪૦ના 'હરિજનબંધુ'માંથી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) જ્ઞાનેશ્વરી છ અધ્યાય. આ વર્ગમાં ચાર વિદ્યાર્થીઓ હતા.

(૩) ઉપનિષદો નવ. આ વર્ગમાં બે વિદ્યાર્થી.

(૪) હિંદીનો પ્રચાર — હું પોતે જ હિંદી ઠીક ભણેલો નથી. તોપણ હિંદી વર્તમાનપત્રો વિદ્યાર્થીઓને સાથે લઈને વાંચવાનું રાખ્યું હતું.

(૫) બે વિદ્યાર્થીઓને અંગ્રેજી.

(૬) પ્રવાસ — લગભગ ૪૦૦ માઈલ (પગે). રાજગઢ, સિંહગઢ, તોરણગઢ વગેરે ઇતિહાસપ્રસિદ્ધ ગઢો જોયા.

(૭) પ્રવાસ કરતી વખતે ગીતાજી ઉપર પ્રવચન કરવાનું રાખ્યું હતું. આજ સુધી ૫૦ પ્રવચનો થયાં. હાલ પણ હું આશ્રમમાં આવતાં પહેલાં પ્રવાસ કરતો કરતો મુંબઈ પગે આવીશ. અને ત્યાંથી રેલવેથી આશ્રમમાં દાખલ થઈશ. મારી સાથે એક ૨૬ વરસનો વિદ્યાર્થી ફરે છે. મારી પાસેથી જ ગીતા શીખવાનો એનો વિચાર છે. એ પણ હાલ પ્રવાસમાં જ ચાલે છે. મારી આશ્રમમાં દાખલ થવાની મુદત વધારેમાં વધારે ચૈત્ર સુદ ૧ સુધી.

(૮) વાઈમાં મેં એક વિદ્યાર્થી મંડળ નામની સંસ્થા સ્થાપન કરી. એમાં એક વાચનાલય સ્થાપન કર્યું અને વાચનાલયને મદદ તરીકે દળવાનો એક વર્ગ રાખ્યો હતો. એમાં ૧૫ વિદ્યાર્થી અને હું પોતે દળતા. જે લોક ગિરણીમાંથી દળી લાવે છે તેનું કામ (૨ શેરનો ૧ પૈસો લઈને) કરવાનું, અને પૈસા વાચનાલયને આપવાના. મોટા સાવકારનાં પણ બચ્ચાં આ વર્ગમાં દાખલ થયાં હતાં. વાઈ જૂના વિચારનું સ્થાન હોવાથી અને આ વર્ગમાં બધા બ્રાહ્મણના હાઈસ્કૂલોમાં ભણનારા છોકરા હોવાથી બધાએ અમોને મૂરખમાં ગણી કાઢ્યા. છતાં આ વર્ગ બે મહિના ચાલ્યો. વાચનાલયમાં ૪૦૦ પુસ્તકો જમા થયાં છે.

(૯) સત્યાગ્રહ આશ્રમનાં તત્ત્વોનો પ્રચાર કરવાનો મેં ઘણો પ્રયત્ન કર્યો.

(૧૦) વડોદરામાં ૧૦-૧૫ મિત્રો છે એ બધાને લોકસેવા કરવાની ઇચ્છા છે. તેથી ત્યાં આજ્યે ત્રણ વર્ષ પહેલાં એક માતૃભાષા પ્રસારને સારુ સંસ્થા સ્થાપન કરી હતી. આ સંસ્થાનો વાર્ષિક ઉત્સવ થયો ત્યારે તે વખતે હું ત્યાં ગયો . . . તે વખતે હિંદી ભાષાનો પ્રચાર કરવો જોઈએ એવો વિચાર મેં મૂકેલો. અને એ સંસ્થા એ કામ જરૂર કરશે એમ મારી શ્રદ્ધા છે.

છેવટે મેં સત્યાગ્રહાશ્રમનિવાસી તરીકે શું વર્તન કર્યું એ કહેવું જરૂરી છે.

અસ્વાદ વ્રત — એ વિષે આહાર બાબતમાં લખ્યું છે.

અપરિગ્રહ — લાકડાની થાળી, વાટકા, આશ્રમનો એક લોટો, ધોતી, ધોંગડી અને પુસ્તકો એટલો પ્રપંચ રાખ્યો છે. સદરા, કોટ, ટોપી વગેરે ન વાપરવાનું વ્રત લીધું છે. તેથી શરીર ઉપર પણ ધોતી. સાળ ઉપર વણેલાં જ કપડાં વાપરું છું.

સ્વદેશી — પરદેશીનો સંબંધ મારી પાસે છે જ નહીં.

સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય — એ વ્રતનું પરિપાલન, મારા જાણવા પ્રમાણે મેં બરાબર કર્યું છે એવી મારી ખાતરી છે.

વધારે શું કહું? જ્યારે સ્વપ્નાં પડ્યાં છે ત્યારે પણ એક જ વિચાર મનમાં આવે છે. ઈશ્વર મારી પાસેથી સેવા કરી લેશે કે? હું પૂર્ણ શ્રદ્ધાથી આટલું કહી શકું છું. આશ્રમના નિયમો પ્રમાણે (એક સિવાય) હું ચાલું છું. એટલે હું આશ્રમમાં જ છું. એ જ મારું સાધ્ય છે. જે એક બાબતનો ઉલ્લેખ ઉપર કર્યો છે તે પોતાની રસોઈ (એટલે ભાખરી) પોતે કરવી. એનો પણ મેં પ્રયત્ન કર્યો. પણ પ્રવાસમાં ન ચાલી શકયું.

* * *

આ પત્ર વાંચતાં બાપુજીના મુખમાંથી ઉદ્‌ગારો નીકળી પડ્યા હતા: "ગોરખે મચ્છંદરને હરાવ્યો! ભીમ છે, ભીમ!"

૩

જવાબમાં બાપુજીએ વિનોબાજીને જે પત્ર લખ્યો હતો એ ખરેખર મનનીય છે:

"તમારે સારુ કર્યું વિશેષણ વાપરવું એ મને ખબર નથી. તમારો પ્રેમ અને તમારું ચારિત્ર મને મોહમાં ડુબાવી દે છે. તમારી પરીક્ષા મને મોહમાં ડુબાવી દે છે. તમારી પરીક્ષા કરવા હું અસમર્થ છું. તમે કરેલી પરીક્ષાનો હું સ્વીકાર કરું છું અને તમારે વિષે પિતાનું પદ ગ્રહણ કરું છું. મારો લોભ તમે લગભગ સંતોષ્યો જણાય છે. મારી માન્યતા છે કે ખરો પિતા પોતાથી વિશેષ ચારિત્રવાન પુત્રને પેદા કરે છે. ખરો પુત્ર એ કે જે પિતાએ કર્યું હોય તેમાં ઉમેરો કરે. પિતા સત્યવાદી, દૃઢ, દયામય હોય તો પોતે તે ગુણો વિશેષે પોતાનામાં ધરાવે, આવું તમે કરેલું જોવામાં આવે છે. એ તમે મારા પ્રયત્નને કર્યું છે એમ તો મને જણાતું નથી. એટલે તમે મને જે પદ આપો છો તે તમારા પ્રેમની ભેટ તરીકે સ્વીકારું છું. તે પદને સારુ લાયક બનવા પ્રયત્ન કરીશ, અને જ્યારે હું હિરણ્યકશ્યપ નીવડું ત્યારે પ્રહ્‌લાદ ભક્તની જેમ મારો સાદર નિરાદર કરજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી વાત ખરી છે કે તમે બહાર રહી આશ્રમના નિયમો બહુ સારી રીતે પાળ્યા છે. તમારા આવવા વિષે મેં શંકા રાખી જ ન હતી. . . . તમને ઈશ્વર દીર્ઘાયુ બનાવો. અને તમારો ઉપયોગ હિંદની ઉન્નતિને સારુ થાઓ એમ ઇચ્છું છું. . . .*

આમ, બાપુજીના વિનોબાજી વિષેના ઉદ્‌ગારો કેટલા અર્થપૂર્ણ અને આગાહી સમાન છે, એની પ્રતીતિ આપણને આજે વિનોબાજીના દેશવ્યાપી ભૂદાન આંદોલન ઉપરથી સહેજે થાય છે. આજના મંગળ દિવસે આપણે સૌ બાપુજીના ઉદ્‌ગારોની સાથે સૂર મિલાવીને કહીએ કે, વિનોબાજીને ઈશ્વર દીર્ઘાયુ બનાવો અને હિંદની ઉન્નતિ સાધવામાં તેઓ સહાયરૂપ થાઓ. *

મુકુલભાઈ કલાર્થી

* 'મહાદેવભાઈની ડાયરી', પુસ્તક — ૪ માંથી.

* વિનોબા જયંતીને દિવસે સવારની પ્રાર્થના વેળાએ ગુજરાત વિદ્યાપીઠમાં કરેલા પ્રવચનમાંથી.

ત્રિવેણી-સંગમ

['૩૨ની સાલમાં પૂ. બાપુજી યરવડા જેલમાં હતા, ત્યારે એમની સાથે સરદારશ્રી વલ્લભભાઈ પટેલ અને શ્રી મહાદેવભાઈ દેસાઈ પણ હતા. આ ત્રણ મહાનુભાવોનો 'યરવડા મંદિર'માં થયેલો સંગમ ત્રિવેણી-સંગમ જેવો પાવનકારી છે. ત્યાં એમની વચ્ચે જે સ્નેહભીની પ્રેમળતાની સૃષ્ટિ સર્જાઈ હતી, એનું સુરેખ આલેખન 'મહાદેવભાઈની ડાયરી'માં થયેલું છે. એવા વિનોદભર્યા પ્રસંગોનું એ ડાયરીને આધારે કરેલું આ સંકલન સૌને આનંદપ્રદ થઈ પડશે.]

૧

બાપુજીને '૩૨ની સાલમાં યરવડા મંદિરમાં રાખ્યા હતા, ત્યારે સરદાર વલ્લભભાઈ એમની સાથે હતા. થોડા વખત પછી મહાદેવભાઈને પણ બાપુજી પાસે રાખવામાં આવ્યા. મહાદેવભાઈએ સવારે ચા પીવાની ના કહી હતી. તેમણે વલ્લભભાઈને પૂછ્યું : "કેમ, તમે ચા પીવાની બંધ કરી છે?"

વલ્લભભાઈ કહે : "અહીં બાપુની સાથે આવીને હવે શું ચા પીવી? આપણે તો એ જે ખાય તે ખાવું એમ ઠરાવી દીધું. ચોખા છોડ્યા, શાક બાફવાનું ઠરાવ્યું; અને બે વખત દૂધરોટી ઠરાવી. બાપુ પણ રોટી ખાય છે."

ચા વિના ન ચલાવનારા વલ્લભભાઈના આ નિશ્ચયથી મહાદેવભાઈને પ્રોત્સાહન મળ્યું. તેમણેય ચા પીવાનું બંધ કર્યું અને રોજના ક્રમમાં તે ભળી ગયા.

જેલમાં બાપુને માટે સોડા તૈયાર રાખવો, ખજૂર સાફ કરવું, દાતણ બનાવવું એ બધું વલ્લભભાઈ એ પોતે જ માથે લઈ લીધું હતું.

વલ્લભભાઈ મહાદેવભાઈને હસતાં હસતાં કહે : "મને કયાં ખબર હતી કે અહીં સાથે રાખવાના છે. ખબર હોત તો કાકાને પૂછી લેત કે બાપુનું શું શું કામ કરવાનું હોય છે? આ તો બાપુ કશું કહે નહીં, એટલે ખબર ન પડે. કપડાં ધોવાનું તો બાપુએ રાખ્યું જ નથી. અંદરથી ધોઈને જ નીકળે પછી કરવું શું?"

૨

એક દિવસ વલ્લભભાઈએ બાપુને પૂછ્યું : "કેટલાં ખજૂર ધોઉં?"

બાપુ કહે : "પંદર."

એટલે વલ્લભભાઈએ કહ્યું : "પંદરમાં અને વીશમાં ફેર શું?"

બાપુ કહે : "ત્યારે દશ. કારણ કે દશમાં અને પંદરમાં ફેર શું?"

૩

જમી રહ્યા પછી વલ્લભભાઈ હંમેશની જેમ બાપુ માટે દાતણ કૂટીને તૈયાર કરવા બેઠા. વલ્લભભાઈ કહે : "મહાદેવ, ગણપાગાંઠ્યા દાંત રહ્યા છે તોપણ બાપુ ઘસ ઘસ કરે છે. પોલું હોય તો ઠીક, પણ સાંબેલું વગાડ વગાડ કરે છે."

મહાદેવભાઈએ વિનોદમાં કહ્યું : "'૩૦માં આપણું સાંબેલું સાંબેલું પણ વગડ્યું સુસ્સ."

બાપુએ હકારદર્શક સ્મિત કર્યું.

વલ્લભભાઈ કહે : "આ વખતે પણ એમ જ છે. પણ શું કરીએ, Caravan passes! (કારવાં — સંઘ આગળ ચાલ્યો જાય છે!)"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

બાપુ બધી વસ્તુમાં સેાડા નાખવાનું કહેતા. એટલે વલ્લભભાઈને એ એક મેાટા મજાકનેા વિષય થઈ પડયેા. કંઈક અડચણ આવે, એટલે વલ્લભભાઈ કહે: "સેાડા નાંખેાની!"

૫

એક દિવસે સવારે પેાણાચારે ઊઠવાને બદલે બાપુ ત્રણ વાગ્યે ઊઠી પડયા. મહાદેવભાઈએ કહ્યું: "બાપુ, ટકેારા તેા ત્રણ જ સંભળાયા છે."

બાપુને ઘડિયાળ જેતાં માલૂમ પડયું કે ત્રણ જ વાગ્યા છે. એટલે બાપુ બેાલ્યા: "ઊઠ્યા છીએ ત્યારે પ્રાર્થના કરી લઈએ એ જ ઠીક છે."

દાતણપાણી અને પ્રાર્થના કરી રહ્યા પછી ચાર થયા. લીંબુનું પાણી અને મધ પીધાં. દરરેાજ ચાર સાડાચારથી સાડાપાંચ વાગ્યા સુધી બાપુ અને વલ્લભભાઈ ચાલવાનું રાખતા. બાપુએ તે દિવસે સરદારશ્રીને ચિઠ્ઠી ઉપર લખ્યું: "તમે બાકીની ઊંઘ પૂરી કરેા."

વલ્લભભાઈ કહે: "નહીં; આપણે તેા તમારી પાછળ પાછળ જ ચાલવાના!"

૬

તે વખતે બા બારડેાલી તાલુકામાં ગયાં હતાં. મહાદેવભાઈએ એ ખબર બાપુને આપતાં કહ્યું: "આ વખતે બાને છ મહિના મળશે."

બાપુ કહે: "'સી' ક્લાસ મળે અને મજૂરી મળે તેા નવાઈ નહીં. બાને 'સી' ક્લાસ મળે એ સરસ કહેવાય."

ત્યાં તેા સાંજે છાપામાં એવા જ ખબર આવ્યા! એ ખબર સાંભળીને બાપુના આનંદનેા પાર ન રહ્યેા. ખડખડાટ હસ્યા પછી, માત્ર એટલું જ બેાલ્યા: "સાઠ વર્ષની ડેાસીને સખ્ત મજૂરી આપતાં એને શરમ નહીં આવી હેાય!" પછી વલ્લભભાઈને હસતાં હસતાં કહે: "તમને 'સી' મળવેા જોઈતેા હતેા."

એ સાંભળી વલ્લભભાઈ બેાલ્યા: "મને કેમ જેલમાં મેાકલે તેા બહુ રાજી થાઉં."

૭

શ્રીમતી સરેાજિની નાયડુને જેલમાં 'સી' ક્લાસ મળે તેા શું થાય? એની વાત થતી હતી; એટલે બાપુ કહે: "એને વિષે એમ ન કરે. એટલા ઝેરીલા એ લેાકેા ન થાય."

વલ્લભભાઈ કહે: "જુએાને, જેમણે બાને 'સી' ક્લાસ આપ્યેા તેને વિષે પણ તમે કહેા છેા કે એટલા ઝેરીલા ન થાય. તમે તેા 'ન્યાયદર્શી' રહ્યા ને?"

૮

એક દિવસ અનેક ચેાપાનિયાં આવ્યાં. તેમાંથી ખૂબ હસવાનું મળ્યું. 'જ્ઞાનકિરણેા' નામની અનેક પત્રિકાઓ એક મેાટા તાવ ઉપર છાપેલી હતી. તેને કાપી સીવીને વલ્લભભાઈએ એક ચેાપડી બનાવી તે બાપુને કહ્યું: "વાંચવા જેવી છે, પણ જ્ઞાન વધી જશે તેા!"

પછી બાપુએ તે વાંચવા લીધી અને એક એક લીટી વાંચીને તેઓ ખડખડ હસે. ખાસ કરીને 'દીવેા ન બાળેા' એ પત્રિકા વાંચીને.

વલ્લભભાઈ કહે: "એ પત્રિકા લેમ્પને દીવે બેસીને લખી હશે!"

બીજા હસાવનારા તેા અનેક ભાગેા હતા. બાપુ કહે: "બિચારા સૌ પેાતપેાતાની મતિ પ્રમાણે જેટલું થાય તેટલું કરી રહ્યા છે."

૯

બાપુને તે દિવસેામાં કેાણી ઉપરના હાડકામાં અને જમણા હાથના અંગૂઠામાં બહુ દરદ રહેતું. બાપુ કહે: "એ ઘડપણનાં ચિહ્ન છે. એ દુઃખનેા વિચાર છેાડી દેવેા જોઈએ. એ અનિવાર્ય સમજીને એને આળપંપાળ છેાડવી જોઈએ."

વલ્લભભાઈ કહે: "પેલા હઠયેાગીની જેમ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

દર અઠવાડિયે આશ્રમની ટપાલ જે જાડા પાકીટમાં આવતી, તેની ઉપર અહીં પારસલો વગેરે ઉપર આવેલા બ્રાઉન પેપર ચોડીને નવાં પાકીટ કરવામાં આવતાં. મહાદેવભાઈએ કહ્યું : "આ પાકીટ આપણને બ્રાઉન પેપરની કિંમતે પડી રહે છે."

બાપુ કહે : "હા, પણ પેલી ગુંદરની બાટલી ખૂંચે છે. પ્રથમ તો લાહી કરીને પછી તેમાં કંઈક મિશ્રણ નાખવાનું શોધવાનો વિચાર કર્યો. પણ પછી એમાંથી ચિત્ત ખેંચી લીધું અને મધ્યમ માર્ગ પસંદ કર્યો."

એ સાંભળી વલ્લભભાઈ કહે : "મધ્યમ માર્ગવાળા તો લખતરમાં જઈને બેઠા છે."

(ક્રમશ:)

મુ૦ ક૦

'યુનો'ના જન્મદિને

માનવ પ્રજાઓએ, બીજા વિશ્વયુદ્ધ પછી, ૨૪મી ઑક્ટોબર, ૧૯૪૫ના રોજ દુનિયાના અનેક દેશોની બનેલી સંસ્થા 'યુનાઇટેડ નેશન્સ ઑરગેનિઝેશન'ની (ટૂંકમાં 'યુનો'ની) સ્થાપના કરી. એના હેતુઓ અને સિદ્ધાંતો તેના ખતપત્રની કલમ ૧માં જાહેર કરવામાં આવ્યા છે. એનો સાર નીચે મુજબ છે :

૧. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી અને એ માટે આંતરરાષ્ટ્રીય કાનૂન અને ન્યાયના સિદ્ધાંતો સાથે સુસંગત અને શાંત ઉપાયો લેવા અને અસરકારક સામૂહિક પગલાં ભરવાં.

૨. પ્રજાઓના સમાન હકો અને આત્મનિર્ણયના સિદ્ધાંત પર નિર્ભર રહેતી રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની મિત્રાચારી વધારવી અને વિશ્વશાંતિને બઢાવવા યોગ્ય પગલાં ભરવાં.

૩. આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને માનવતાવાદી સ્વરૂપની આંતરરાષ્ટ્રીય સમસ્યાઓનો ઉકેલ લાવવામાં અને માનવ અધિકારો તેમ જ જાતિ, લિંગ, ભાષા કે ધર્મના ભેદભાવ વિના, તમામ માટે મૂળભૂત સ્વાતંત્ર્યો પ્રત્યેનાં આદર અને અદબને બઢાવવામાં અને ઉત્તેજન આપવામાં આંતરરાષ્ટ્રીય સહકાર પ્રાપ્ત કરવો; અને

૪. આ સામાન્ય ધ્યેયોની પ્રાપ્તિ માટેનાં વિવિધ રાષ્ટ્રો દ્વારા ભરાતાં પગલાંમાં સુમેળ સાધવા માટે કેન્દ્રસ્થાને રહેવું.

આવાં ઉમદા ધ્યેયો સાથે શરૂ કરેલી આ સંસ્થા તેની કારકિર્દીનાં અગિયાર વર્ષ પૂરાં કરી તા: ૨૪મી ઑક્ટોબર ૧૯૫૬ના રોજ બારમા વર્ષમાં પ્રવેશે છે. માનવજાતની જે સૌથી મોટી કોઈ સેવા તેણે બજાવી હોય તો એ છે કે, પરસ્પરવિરોધી મત ધરાવતા દેશોને એકીસાથે મળવાનું અને વિચાર-વિનિમય કરવાનું સ્થાન એણે પૂરું પાડ્યું છે. જો તે અસ્તિત્વમાં ન હોત, તો આવા કોઈ સ્થાનને અભાવે, વિરોધી રાષ્ટ્રો વિચારવિનિમય કરીને શાંતિથી મતભેદ નિવારવાને બદલે અવશ્યમેવ ઝઘડી પડ્યાં હોત. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં આ સેવા કંઈ નાનીસૂની નથી.

પરંતુ તેણે સફળતાપૂર્વક જે અન્ય સેવાઓ બજાવવી જોઈએ, જે ઝડપે પ્રશ્ન ઉકેલવા જોઈએ, તેટલી ઝડપથી તે કામ કરી શકી નથી. ભારતનો જ અનુભવ જોઈએ તો, આપણે કાશ્મીરના પ્રશ્ન અંગે પાકિસ્તાનના આક્રમણ સામે જે દાદ માંગી હતી, તેને આજે કેટલાંયે વર્ષો થયાં હજુ તે મળી નથી. દક્ષિણ આફ્રિકામાં વસતા ભારતવાસીઓ પ્રતિ ત્યાંના ગોરા રાજ્યકર્તાઓ દ્વારા જે રંગદ્વેષની નીતિ અપનાવાઈ રહી છે, તે સામેની સાચી ફરિયાદમાં પણ કંઈ ઝાઝું વળ્યું નથી.

અન્ય આંતરરાષ્ટ્રીય પ્રશ્નો તપાસીએ તો, કોરિયામાં માત્ર યુદ્ધવિરામ થઈ છે, બંને વિભાગોનું એકીકરણ થઈ શકયું નથી. આરબ દેશો અને ઇઝરાઇલ વચ્ચે પણ એ જ સ્થિતિ પ્રવર્તે છે; માત્ર યુદ્ધવિરામ છે. પૂર્વ અને પશ્ચિમ જર્મનીનું એકીકરણ હજુ થઈ શકયું નથી. હિંદી ચીનના ઉત્તર દક્ષિણ વિભાગ વચ્ચે પણ માત્ર યુદ્ધવિરામ જ છે. વિવિધ દેશો જે શસ્ત્રોની હોડ માંડી રહ્યા છે તે અટકી નથી. નિ:શસ્ત્રીકરણ હજુ માત્ર વાટાઘાટોના તબક્કામાં જ રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણુશસ્ત્રોના પ્રયોગો હજુયે બંને જૂથો તરફથી ચાલ્યા જ કરે છે; આ પણ અટકી શકયું નથી. ચીન જેવો વિશાળ દેશ અને બીજાં કેટલાયે સિલોન, જપાન અને નેપાલ જેવા દેશોને હજુ સુધી યુનોનું સભ્યપદ મળ્યું નથી.

અત્યંત ઉમદા ધ્યેયો ધરાવનારી આ સંસ્થાની કામગીરીની આ મોટી કરુણતા છે. એ માટે ઘણાં કારણો જવાબદાર છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાંથી હજુ 'જંગલનો કાયદો' અથવા તો 'બળિયાના બે ભાગ'નો ન્યાય દૂર થયો નથી. જે રાષ્ટ્રો લશ્કરી તાકાત ધરાવે છે, તેઓ પોતાને અન્ય રાષ્ટ્રોનાં મુરબ્બી લેખે છે. પણ સાથે જ તેઓ પરસ્પર બીએ છે. વળી તેઓ નાનાં રાષ્ટ્રોને પોતાના જૂથમાં ખેંચવા, પોતાનું કહ્યું કરાવવા અનેક રીતે દબાણ લાવ્યા કરે છે, — કયાં તો આર્થિક સહાય આપીને અથવા તો તેમની સમક્ષ નકલી ભય ઊભો કરી, લશ્કરી કરારો કરીને કે લશ્કરી સહાય આપીને. આમ આખુંયે આંતરરાષ્ટ્રીય રાજકારણ આર્થિક અને લશ્કરી પીઠબળની તાકાત અને તેને પરિણામે ઊભા થતા ભયનું રાજકારણ બની ગયું છે. યુનોમાં જે કોઈ પ્રશ્નો આવ્યા છે, તેમનો વિચાર અને ઉકેલ ન્યાયીપણાને ધ્યાનમાં લઈને ન કરતાં, પોતાના જૂથની સત્તા અને લાગવગના વધારાઘટાડાને અને સામાની સત્તાને તોડવાની દૃષ્ટિએ કરવાની કોશિશ થઈ છે.

બીજું, તમામ રાષ્ટ્રો સમાન છે, એ વાત પણ વ્યવહારમાં સ્વીકારાયેલી દેખાતી નથી. યુનોની સલામતી સમિતિમાં પણ પાંચ મહાસત્તાઓને કાયમી સ્થાન આપવામાં આવ્યું છે અને કોઈ પણ કાર્ય કે નિર્ણય સામે 'વિટો' વાપરવાની સત્તા પણ તેમને અપાઈ છે. આ અસમાનતા પણ યુનોને કામિયાબ બનાવવામાં આડે આવી રહી છે.

વળી દુનિયામાં રાષ્ટ્રવાદ ખૂબ જોરથી ફેલાઈ રહ્યો છે. એશિયા અને આફ્રિકાની અત્યાર સુધીની શોષિત અને સુષુપ્ત પ્રજાઓ જાગ્રત બની છે. જે પ્રજાઓ આઝાદ થઈ ચૂકી છે તેઓ હવે જાગ્રત થઈ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં અસર પાડી રહી છે. આનું પરિણામ એ આવ્યું છે કે, યુરોપના શાહીવાદી દેશો મૂંઝવણમાં મુકાઈ ગયા છે અને પહેલાં તેઓ યુનોમાં અને બધે પોતાનું ધાર્યું કરાવતા હતા તેવું કંઈ થઈ શકતું નથી. આ જ કારણને લઈને યુનોની કામગીરી પણ છેલ્લાં બે વર્ષથી નબળી પડી છે.

વળી, અણુબૉંબ અને હાઇડ્રોજનબૉંબ શોધાયા હોવા છતાં, વિવિધ પ્રજાઓનો લશ્કરી તાકાતમાંથી વિશ્વાસ ઊઠ્યો નથી, બલ્કે કાયમ છે. અને જ્યાં સુધી આ વિશ્વાસ ઊઠે નહીં, ત્યાં સુધી યુનોમાં માનવપ્રજાઓને ન્યાય મળી શકે એમ નથી. હા, વિવિધ પ્રજાઓ હાલમાં જોરશોરથી શાંતિની વાતો કરે છે ખરી; પણ તેનું કારણ તેમનો ભય દૂર થયો છે કે ભય દૂર કરવો છે તે નહીં, પરંતુ યુદ્ધની ભયાનકતા અનેક ગણી વધી ગઈ છે તે છે. તેઓ માત્ર લાચાર થઈ જવાથી, શાંતિની વાતો કરે છે. જો કે, દુનિયામાં ભારતની આગેવાની હેઠળ એક એવો મત પણ ઊભો થયો છે, જે યુદ્ધને વખોડી કાઢે છે અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નોના ઉકેલ માટે વાટાઘાટોના માર્ગની હિમાયત કરે છે. આવા દેશોની સંખ્યા અને પ્રભાવ બંને વધી રહ્યાં હોવાથી બંને સત્તાજૂથોને, પોતે સારા દેખાવા સારુ પણ, શાંતિની જાહેરાત કરવી પડે છે.

છતાં, આટલી વિષમતાઓ અને મુશ્કેલીઓ વચ્ચે પણ નિરાશ થયે પાલવે એમ નથી.

ભારતે તે માટે યુનોના ખતપત્રને વફાદાર રહીને તાત્કાલિક અને વ્યવહારુ ઉપાય તરીકે 'પંચશીલ'ની જાહેરાત કરી છે. એમાં પ્રજાઓ માટે આંતરરાષ્ટ્રીય સદાચારનાં પાંચ શીલ કે વ્રતોના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. તે આ પાંચ છે :—

૧. અન્ય રાષ્ટ્રની અખંડિતતા અને સાર્વભૌમત્વ માટે માન;

૨. અનાક્રમણ;

૩. પરસ્પરની આંતરિક બાબતોમાં બેદખલગીરી;

૪. સમાનતા અને પરસ્પર લાભ; અને

૫. શાંતિમય સહભાવ કે સહજીવન.

આ સિદ્ધાંતો જો સૌ રાષ્ટ્ર સ્વીકારીને ચાલે, તો બધા આંતરરાષ્ટ્રીય પ્રશ્નો ઉકલી જ જશે એમ તો ન કહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય; પરંતુ ઓછામાં ઓછું દુનિયાને માથે ઝઝૂમતો યુદ્ધનો મહાન ભય તો જરૂર નજીવો કરી દઈ શકાય. અને એ ભય દૂર થતાં, આંતરરાષ્ટ્રીય ગૂંચો ઘણી સરળ થઈ જશે અને તેમને પછી શાંત ચિત્તે વિચારવાથી જલદી અને સર્વમાન્ય ઉકેલો જરૂર શોધી શકાશે. તથા જગતના દેશો લશ્કરમાં ખર્ચ કરવાને બદલે લોકકલ્યાણમાં પોતાનું ધન વાપરી શકશે.

જગતમાં શાશ્વત શાંતિ માટે હાલ તો બે મુખ્ય માર્ગો દેખાય છે. પહેલો એ છે કે દેશની અંદર જેમ વ્યક્તિએ પોતે પોતાના પ્રશ્નોના ઉકેલમાં બળનો ઉપયોગ ન કરતાં તે કામ રાજ્યને સોંપ્યું છે, તેજ મુજબ વિવિધ દેશો પણ બળનો ઉપયોગ 'યુનો' જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાને સોંપી શકે. આમ થવાથી અત્યારે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં જે અરાજકતા પ્રવર્તે છે, તે જરૂર ઓછી થઈ જાય. બીજો માર્ગ છે, દેશોની અંદર જ 'અહિંસક સમાજ'ની સ્થાપના કરવાનો. વર્તમાન યુગમાં આંતરિક ક્ષેત્રમાં પણ રાજ્યનું અધિષ્ઠાન 'બળ' છે. તેને સ્થાને સત્તા અને સંપત્તિનું જો વિકેંદ્રીકરણ કરવામાં આવે, તો તેથી પણ આંતરરાષ્ટ્રીય સંઘર્ષનાં સબળાં કારણો મટી જશે. આ માર્ગ ભારતને ગાંધીજીએ બતાવ્યો છે. એ સંદેશ દુનિયા માટે પણ એટલો જ કારગત નીવડે તેમ છે. અને તેથી આગળ જઈ તેમણે યુદ્ધના નૈતિક અવેજ તરીકે સત્યાગ્રહને પણ સૂચવ્યો છે.

આ બધું છતાંયે, બીજું કશુંયે ન કરતાં જો યુનોના ઋતપત્રની જે ભાવનાઓ છે તેમને તાત્કાલિક ઓળખીને તેમને વફાદાર રહીને તમામ સભ્ય રાષ્ટ્રો વર્તે, તોપણ ઘણો ફેર પડે. એવી આશા યુનોના જન્મદિને રાખીએ.

રમેશ મ૦ ભટ્ટ

સને ૧૯૫૪નાં ગુજરાતી પુસ્તકો

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના કોપીરાઈટ વિભાગમાં, મુંબઈ રાજ્યમાં છપાતાં ગુજરાતી પુસ્તકો સરકારી કાયદા પ્રમાણે મુદ્રકો તરફથી લગભગ દરરોજ ઓછા-વત્તા પ્રમાણમાં આવ્યાં કરે છે. તેમની વર્ગીકૃત માસિક યાદી 'પુસ્તકાલય' માસિકમાં ૧૯૫૪ના જાન્યુઆરી-થી ૧૯૫૫ના ઑક્ટોબર સુધીની આવી ગઈ છે.

આપણાં વાચન, અભ્યાસ અને જ્ઞાનવિકાસનો ખ્યાલ કંઈક અંશે આપણને એમાંથી મળી રહે છે. એ યાદીઓ પ્રમાણે ૧૯૫૪માં કુલે ૧૨૦૭ પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં બહાર પડ્યાં છે. તેમની સામાન્ય તારવણી કરતાં, ઊતરતા ક્રમમાં મુખ્ય મુખ્ય વિષયવાર સંખ્યા નીચે પ્રમાણે થાય છે :-

સાહિત્ય	૪૩૦ (વાર્તા-નવલકથા ૨૫૫)
કેળવણી	૨૮૩ (પાઠ્યપુસ્તકો-ગાઈડો ૨૪૮)
ધર્મ	૨૨૪
વિજ્ઞાન	૯૨ (વૈદક ૩૧)
અર્થશાસ્ત્ર	૫૦
ગાંધી સાહિત્ય	૧૨
ઇતર	૧૧૬
કુલ	૧૨૦૭

ઉપરની સંખ્યા પરથી જણાય છે કે, માસિક સરેરાશ ૧૦૦ જેટલાં પુસ્તકો ગુજરાતીમાં પ્રગટ થાય છે. પરંતુ તેમાં મોટો ભાગ વાર્તાઓ, પાઠ્યપુસ્તકો અને ગાઈડોનો જ હોય છે. ટકાવારી જો જોઈએ તો આ પ્રમાણે થાય:— સાહિત્ય ૩૫%, કેળવણી ૨૨%, ધર્મ ૨૦%, વિજ્ઞાન ૮%, અર્થશાસ્ત્ર ૪%, ગાંધી સાહિત્ય ૧%, અને ઇતર ૧૦%, આમાં મૌલિક પુસ્તકો કેટલાં ને અનુવાદિત કેટલાં, એ કાઢવામાં આવે તો આપણા સાહિત્યસર્જનનો વધુ ચોકસ ખ્યાલ આવી શકે.

આપણે જોઈ શકીએ છીએ કે, સાહિત્ય પછી બીજો જ નંબર કેળવણીનો છે. પરંતુ એમાં મુખ્યત્વે પાઠ્યપુસ્તકો ને ગાઈડો સિવાય વિશેષ કંઈ હોતું નથી, એમ કહેવાય. આ ઉપરથી એમ નથી લાગતું કે, શિક્ષણનું માધ્યમ પૂર્ણપણે માતૃભાષા ન થાય ત્યાં સુધી આપણી ભાષાનો સર્વાંગી વિકાસ અશક્ય જ છે અને કદાચ મૌલિકતા પણ દુર્લભ જ રહેવાની છે?

૧૧-૯-'૫૬ **દશરથલાલ શાહ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

ભારતીય શિલ્પકળા : લે૦ અવનીંદ્રનાથ ઠાકુર; અનુ૦ શ્રીકાન્ત ત્રિવેદી; પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ છ આના; પૃ૦ ૩૬.

કલાગુરુ શ્રી અવનીંદ્રનાથ ઠાકુર ભારતીય પ્રતિમા-વિધાનમાં સૌન્દર્યતત્ત્વોનો વિચાર કરનારા અગ્રેસરોમાંના એક છે. તેમણે આપણી ભારતીય કળાના શુદ્ધ આદર્શોને જગત સમક્ષ રજૂ કરીને તેની અમૂલ્ય સેવા કરી છે. આ પુસ્તિકામાં તેમણે ભારતીય શિલ્પકળાનાં મહત્ત્વનાં ત્રણ અંગો—(૧) તાલ અને માપ; (૨) આકૃતિ તથા પ્રકૃતિ; (૩) ભાવ અને ભંગિમા—વિષે આકૃતિસહિત અભ્યાસ-પૂર્ણ સમજ આપી છે. આ પુસ્તિકા ભારતીય શિલ્પકળાને સમજવા માટે સહાયરૂપ થાય એવી છે.

મુ૦ ક૦

સાહિત્યિકોંસે : લે૦ વિનોબા; પ્ર૦ અખિલ ભારત સર્વ-સેવા-સંઘ-પ્રકાશન, રાજઘાટ, કાશી; કિં૦ આઠ આના; પૃ૦ ૬૪.

આ પુસ્તિકામાં આચાર્ય વિનોબાજીએ ભૂદાન-યાત્રા દરમિયાન સાહિત્યકારોની સમક્ષ કરેલાં દસ પ્રવચનો અને પ્રશ્નોત્તરો સંધર્યાં છે. તે આજના સાહિત્યકારોને પ્રેરણાત્મક માર્ગદર્શન કરાવે એવાં છે. સાહિત્યના અભ્યાસીઓ આ પુસ્તિકા અવશ્ય વાંચે.

મુ૦ ક૦

મહેનતનાં ગીતો : લે૦ નાથાલાલ દવે; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં૦ બે આના; પૃ૦ ૧૬.

કવિશ્રી નાથાલાલ દવેનાં ૧૬ ગીતોનો આ સંગ્રહ શ્રમ સાથે આનંદ લૂંટવામાં ઉપયોગી થાય એવો છે. 'એવા આવે છે ધરતીના સાદ રે, હાલો ભેરુ! ગામડે.' જેવું એમનું ગીત તો લોકોમાં સારી રીતે પ્રચાર પામ્યું છે. આ સંગ્રહમાંનાં ભૂમિદાન અંગેનાં પાંચ ગીતો પણ સારાં છે.

મુ૦ ક૦

યુક્તિપ્રકાશ : લે૦ સાધુ નિશ્ચલદાસ; અનુ૦ વાસુદેવ મહાશંકર જોષી; પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૧૬૬.

આ પુસ્તકમાં સાધુશ્રી નિશ્ચલદાસજીએ વેદાંતના મુખ્ય સિદ્ધાંતોના નિર્ણયની ૩૬ યુક્તિઓ વિષે નિરૂપણ કર્યું છે. આપણાં ધર્મશાસ્ત્રો પ્રત્યે રુચિ ધરાવનાર સામાન્ય જનને પણ આ પુસ્તક ગમશે. કારણ કે એમાંની વાત સાધુ નિશ્ચલદાસે સરળ ઉદાહરણો આપીને સમજાવી છે.

મુ૦ ક૦

મહાવીર-વાણી : સંપા૦ અધ્યા. પં. બેચરદાસ દોશી; પ્ર૦ ઉપર મુજબ; કિં૦ બાર આના; પૃ૦ ૧૨૪.

અધ્યાપક પંડિત બેચરદાસજી જૈન ધર્મના એક સારા અભ્યાસી છે. તેમણે આ પુસ્તિકામાં જૈન શાસ્ત્રોમાંથી સુભાષિતો ચૂંટીને મૂળ સાથે અનુવાદ રૂપે આપ્યાં છે. તેમણે એ સુભાષિતોને ૨૫ પ્રકરણમાં વિષયવાર આપ્યાં છે, તેથી અભ્યાસીને તે સહાયરૂપ થઈ પડે છે. જૈનેતર અભ્યાસીઓને પણ આ પુસ્તિકા ગમી જાય એવી છે. માત્ર તેઓને મુશ્કેલી પડે એવી વાત એ છે કે, પંડિતજીએ અનુવાદમાં જૈન પારિભાષિક શબ્દો વાપર્યા છે અને ધર્મગ્રંથોનાં નામ પણ સંક્ષેપમાં આપ્યાં છે! જો બીજી આવૃત્તિ વેળાએ અઘરા શબ્દોના અર્થો નીચે ટીપમાં આપવામાં આવે અને ધર્મ-ગ્રંથોનાં નામ પણ સંપૂર્ણ આપવામાં આવે તો જૈનેતર વાચકોને પણ આ પુસ્તિકા અત્યંત સહાયરૂપ થાય એવી અવશ્ય બની શકે. આ પુસ્તિકાની શરૂઆતમાં વિનોબાજીનું પુરોવચન મનનીય છે.

મુ૦ ક૦

મદનમોહના : સંપા૦ ડૉ. હરિવલ્લભ ભાયાણી; પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિં૦ છ રૂપિયા પૃ૦ ૬૧ + ૧૮૭. ડેમી.

શામળ ભટ્ટ કૃત વિવિધ, રસિક અને બોધક દૃષ્ટાંતોથી ભરપૂર આ પદ્યકથાનું સંપ્રાદન ડૉ. હરિવલ્લભ ભાયાણીએ આઠ પ્રતને આધારે કર્યું છે. પ્રારંભમાં તેમણે વિસ્તૃત ભૂમિકા આપી છે. એમાં તેમણે ઉપયુક્ત સાધનસામગ્રી, સંપાદન-પદ્ધતિ, કથાનકની રૂપરેખા તેમ જ કથાસામગ્રીની તુલના અંગે અભ્યાસપૂર્ણ માહિતી આપી છે. પુસ્તકને અંતે પાઠાંતર અને શબ્દકોશ આપીને આ પુસ્તકને વધારે ઉપયોગી બનાવ્યું છે.

મુ૦ ક૦

સરમુખત્યાર : લે૦ ગુણવંતરાય આચાર્ય; પ્રકા૦ નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ; કિં૦ સાડા ત્રણ રૂપિયા પૃ૦ ૨૨૮.

જાણે ક્રમિક નવલકથા-શ્રેણીની ઝુંબેશ ઉઠાવીને બેઠેલા શ્રી આચાર્યની આ શ્રેણી પણ એમની શબ્દાળુતાનો ફરી એક વાર પરચો કરાવે છે!

હિંદુસ્તાનમાં પોણોસો વર્ષથી વેપાર કરવા આવેલા વિલાયતીઓના સમયમાં સૌરાષ્ટ્ર જ્યારે મોગલાઈ, પેશવાઈ, ગાયકવાડી અને બીજી એવી કેટલીય 'આઈ'ની ભીંસમાં કચડાતું હતું, ત્યારે જૂનાગઢ, વેરાવળ, પોરબંદર અને કુતિયાણા—એ ગામોના એક નાનકડા ધિંગાણાને ચાબી ચાવીને નિઃસત્ત્વ કરી મૂકેલા ચૂંથાની માફક અથવા તો કોઈ મૃતદેહનાં અંગેઅંગોની પારાવાર ચૂંથાચૂંથ કરીને કંટાળાજનક માથાફોડ પછી શોધી કાઢેલા સામાન્ય પરિણામની માફક, શ્રી આચાર્ય પણ 'ઓઘો ડુંગર ને કાઢ્યો ઉંદર' એ ન્યાયે આ નવલકથામાં ખેંચી ખેંચીને ૨૨૮ પાનાં સુધી લંબાવી જાય છે! શ્રી આચાર્યની આ પ્રવૃત્તિ એમની કલમને ક્ષતિરૂપ જ બને એવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી આચાર્ય પારો એક સારા વાર્તાકારની શક્તિ છે. એને જો તે સંયમશીલ બનાવીને, મર્યાદિત કરીને સુસંકલિત નવલકથા નિર્માણ કરવામાં વાપરે, તો ગુજરાતને તે સારી નવલકથા અવશ્ય આપી શકે એમ છે.

મુ૦ ક૦

ઊર્મિ અને આશા : લે૦ સારંગ બારોટ; પ્રકા૦ એ. આર. શેઠની કં૦, મુંબઈ-૨; કિં૦ સાડાત્રણ રૂપિયા પૃ૦ ૨૨૯.

આવી નિઃસત્ત્વ નવલકથાઓ આજકાલ જોવામાં આવતાં ડૉ. રાધાકૃષ્ણનના શબ્દોનું સહેજે સ્મરણ થઈ આવે છે કે: 'આજે જે જનતનું માનસિક જીવન પ્રવર્તે છે તે બહુ નીચી ભૂમિકા ઉપર છે. લાગણીના ઝણકારા અને બુદ્ધિના ચમકારા, સૌન્દર્યદર્શન અને માનસિક ઉત્તેજના જ આપણને આકર્ષે છે. પણ મહાન સાહિત્ય અને અભિનન્દ કલાનો રસાનુભવ કરવા પ્રત્યે આપણે આકર્ષાતા નથી.' (કલ્કી)

નરી અનીતિને, બીભત્સતાને પ્રોત્સાહન આપનારી આવી નવલકથાઓ આપણાં યુવાન-યુવતીઓને કયા કળણમાં ધકેલી મૂકશે એનો વિચાર કરતાં કંપારી છૂટે છે! શિષ્ટતાનો સ્વાંગ સજીને સમાજમાં પ્રસરતા આવા હલકા સાહિત્ય સામે બુઝુર્ગ વિવેચકો કેમ આંખમીંચામણાં કરતા હશે એ હજીયે સમજાતું નથી. શું આઝાદ ભારત આવું સાહિત્ય સર્જીને નવનિર્માણ કરી શકશે ખરું? આજકાલના નવલકથાકારો અધકચરા અનુભવોથી દિગ્મૂઢ બનવાને બદલે, અતૃપ્ત વાસનાઓથી પીડાવાને બદલે, પરદેશી વિચારસરણી અને માનસશાસ્ત્રના ઉચ્છિષ્ટ દુગ્ધપાન પર ઊછરવાને બદલે સંયમ, વિવેક અને ઈશ્વરી કાનૂનનો વિચાર કરી 'બહુજનહિતાય બહુજનસુખાય' એવી શ્રેયસ્કર પ્રવૃત્તિ કયારે આદરશે?

મુ૦ ક૦

બોધિસત્ત્વ : લે૦ ધર્માનંદ કોસંબી; અનુ૦ પરમાનંદ કુંવરજી કાપડિયા અને કાંતિલાલ ઉમેદચંદ ખરોડિયા; પ્રકા૦ શ્રી મુંબઈ જૈન યુવકસંઘ, મુંબઈ-૩; કિં૦ રૂ. ૧-૮-૦; પૃ૦ ૧૬+૮૦.

બૌદ્ધ સાહિત્યના અગ્રગણ્ય અભ્યાસી અધ્યાપક ધર્માનંદ કોસંબીજીએ ઉત્તરાવસ્થામાં લખેલાં 'પાર્શ્વનાથાચા ચાતુર્યામ ધર્મ' અને 'બોધિસત્ત્વ' નાટક આ બે પુસ્તકોમાંથી બીજાનો મૂળ મરાઠી પરથી થયેલો આ અનુવાદ આવકાર્ય છે.

ભગવાન બુદ્ધ વિષે પણ અન્ય અવતારોની બાબતમાં થયું છે એમ લોકોમાં કાલ્પનિક, અનૈતિહાસિક કથા પ્રચાર પામી છે. ભગવાન બુદ્ધને જરા, વ્યાધિ, મૃત્યુનું દર્શન થતાં વૈરાગ્ય આવતાં તેઓ પોતાની પત્ની યશોધરાને, પુત્ર રાહુલને તેમ જ વૃદ્ધ પિતા વગેરેને તજીને ચાલ્યા ગયા એવી એવી કેટલીય વાત લોકોમાં પ્રચલિત છે. પરંતુ એમાંની ઘણી ખરી હકીકત કેટલી તથ્ય વિનાની છે એનો પુરાવો ત્રિપિટક ગ્રંથમાં મળી આવે છે. એમાં મળતા થોડાઘણા પુરાવાઓને આધારે અધ્યા૦ ધર્માનંદ કોસંબીજીએ ભગવાન બુદ્ધનું નિરૂપણ આ નાટકમાં કર્યું છે. ભગવાન બુદ્ધ પોતે પણ આપણા જેવા માણસ જ હતા. નાનપણથી તેમનામાં શિકાર પ્રત્યે અરુચિ, સમાધિમાં બેસવાની વૃત્તિ વગેરે ગુણો કેવા વિકસતા ગયા અને છેવટે શાક્ય-કોલિયો વચ્ચે રોહિણી નદીના પાણી માટે થતા ઝઘડામાંથી તેમને આવા ઝઘડાઓનું મૂળ શામાં છે એ શોધવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થતાં તેઓ પ્રવ્રજ્યા લઈને ગૃહત્યાગ કરે છે અને અંતમાં સત્ય જ્ઞાન (બોધિ) પ્રાપ્ત કરે છે એવી કથા આ નાટકમાં ધર્માનંદજીએ કુશળતાથી નિરૂપી છે. આમ માત્ર ચમત્કાર અને દિવ્યતા પર રચાયેલી પૌરાણિક, અનૈતિહાસિક અને અસંભવનીય એવી કથાને ત્રિપિટક જેવા પ્રામાણ્ય-ગ્રંથને આધારે બુદ્ધિગમ્ય અને ઐતિહાસિક સ્વરૂપ આપવાનો આ પ્રયત્ન ભગવાન બુદ્ધના જીવનને સાચી રીતે સમજવામાં સહાયરૂપ થાય એવો છે.

આવા પ્રયત્નો વિદેશી વિદ્વાનોએ પણ કર્યા છે. આ પુસ્તકના અનુસંધાનમાં શ્રીમતી રીઝ ડેવીડ્ઝ કૃત 'ગૌતમ ધી મેન' એ પુસ્તક વાંચવામાં આવે તો આ વસ્તુ સમજવામાં વધારે સુગમતા થાય એમ છે.

નાટક તરીકે ભલે આમાં ક્ષતિ જેવું લાગે, પરંતુ ભગવાન બુદ્ધના પ્રમાણભૂત જીવનને લોકભોગ્ય રીતે નિરૂપવાનો અધ્યાપક ધર્માનંદજીનો આ પ્રયત્ન ખરેખર અભિનંદનીય છે. અનુવાદકોએ આ પુસ્તક ગુજરાતી જનતા સમક્ષ મૂકયું એ બદલ તેઓ પણ અભિનંદનને પાત્ર છે.

છેવટે બેએક વાત તરફ ધ્યાન દોરવાનું ઉચિત માનું છું. આ પુસ્તકમાં જોડણીની ભૂલો સારા પ્રમાણમાં જોવા મળે છે. બીજું એ કે આ પુસ્તકમાં આપેલો અધ્યાપક ધર્માનંદજીનો ફોટો ખૂબ જ બગડી ગયો છે. આંખ વગેરે ભાગ તો કાળાં ધાબાંથી છવાઈ ગયા છે. આવો બગડેલો ફોટો આપવાને બદલે ન આપ્યો હોત તો સારું થાત. હજીય બધી નકલ ખપી તો ન જ ગઈ હોય, તો વેળાસર પ્રકાશક-સંસ્થા એ ફોટા વિષે વિચારે તો સારું.

એકંદરે, અધ્યાપક ધર્માનંદજીના ભગવાન બુદ્ધ વિશેના વિચારો કેટલા વિકાસ પામતા ગયા એનો અભ્યાસ કરવા માટે અભ્યાસીઓને આ પુસ્તક મદદરૂપ થાય એવું અવશ્ય છે.

મુ૦ ક૦

ઉત્તરરામચરિત : પ્રયોજક : શાસ્ત્રી જયનારાયણ ભટ્ટ; પ્રકા૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૧૭૨.

મહાકવિ ભવભૂતિ રચિત સંસ્કૃત નાટકના આધારે શાસ્ત્રી જયનારાયણ ભટ્ટે આ વાર્તા પ્રયોજી છે. સંસ્કૃત નાટકો ઇત્યાદિ ગુજરાતીમાં આ રીતે રૂપાંતર કરીને મૂકવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયત્ન આવકાર્ય છે. પરંતુ એને જેમ બને તેમ સરળ શૈલીમાં ઉતારવામાં આવે એમાં જ એનું સાચું મહત્ત્વ છે. પ્રયોજકે આ વસ્તુ ધ્યાનમાં રાખી હોત તો તેમની આ કથા વધારે ઉપયોગી થાત; નવશિક્ષિત પ્રૌઢો આગળ પણ તે મૂકવા યોગ્ય થાત.

મુ૦ ક૦

ગાંવકો પુકાર: લે૦ સતકરતાર બત્રા, આદિપુર (કચ્છ); કિં૦ બાર આના; પૃ૦ ૪૫.

'ગામલોકોને પોતાના વહેવારમાં નાણાનો ઉપયોગ ન કરવો પડે એમ કરવું જોઈએ', એ વિચારના પ્રચારના ઉદ્દેશથી આ પુસ્તિકા હિંદીમાં લખાઈ છે. લેખકે આ વિચારને ત્રણ વિભાગમાં સમજાવ્યો છે: (૧) આજની ચિંતાઓ કઈ જાતની છે? (૨) તે ચિંતાઓ પેદા થવાનું કારણ શું છે? (૩) તેનો ઉપાય શો? ગામલોકોની આજની ચિંતાઓનું કારણ નાણાવહેવાર છે એમ લેખક બતાવે છે. જમીનમાં નાણું પાકતું નથી અને છતાં વહેવાર નાણામાં કરવો પડે છે. ખેડૂતોને ધણું કરીને સરકારી મહેસૂલ ભરવા માટે, બી-બિયારણ અને બળદ ખરીદવા માટે, અને કૂવા-પાણીની સગવડ કરવા માટે નાણાની જરૂર પડે છે. તેથી તેને માટે નાણાનો ઉપયોગ બંધ થાય તો ખેડૂતો નાણાની પંચાતમાંથી મુક્ત થઈ શકે. કાપડનો પ્રશ્ન તો રેંટિયાથી ઊકલી જાય છે. તેથી લેખક સૂચવે છે કે—

૧. સરકારે જમીનમહેસૂલ પાકના અમુક ભાગ રૂપે લેવાનું રાખવું.

૨. બી-બિયારણ અને બળદ ખેડૂતને સરકારે મફત આપવાની વ્યવસ્થા કરવી.

૩. કૂવા-પાણીની સગવડ લોકોના શ્રમની મદદથી સરકારે મફત કરી આપવી.

આ કેમ વહેવારમાં ઉતારી શકાય તેની ચર્ચા લેખકે કરી છે.

આ બધા વિચારવા જેવા પ્રશ્નો છે. નાણાનો ઉપયોગ ઓછો થવાથી નાણું મેળવવા માટે સસ્તા ભાવે માલ વેચી દેવાની મુશ્કેલીમાંથી અને બજારભાવની ઊથલપાથલની અસરોમાંથી ખેડૂતો મુક્ત રહી શકે. પણ આજના જમાનામાં નાણાનો ઉપયોગ બિલકુલ ટાળી શકાય તેમ નથી. તેનો વિચાર પણ કરવો જોઈએ. વળી સરકારના હાથમાં તંત્ર સોંપવાથી નોકરશાહી–અમલદારશાહી–તુમારશાહી અને લાંચ-રુશવત ઇ૦ દૂષણો વધે, અને તેને લીધે ખેડૂતોની હાડમારી વધે, તેનો ખ્યાલ પણ રાખવો જોઈએ.

આમ આ ઉકેલ દેખાય છે તેવો સહેલો નથી. છતાં એ દિશામાં, ખેડૂતોને હાડમારીમાં મૂક્યા વિના, જેટલા આગળ જઈ શકાય તેટલું સારું છે. આ દૃષ્ટિએ, ગ્રામ પ્રશ્નોમાં રસ લેનારે આ પુસ્તિકાનો અભ્યાસ કરવા જેવો છે અને તેમાંથી શક્યતા અનુસાર અમલ કરવા જેવો છે.

પુસ્તિકામાં રજૂ કરેલા વિચારો સરળ રીતે રજૂ કરવા માટે ચર્ચા સંવાદ રૂપે રજૂ કરી છે. પણ સંવાદ સ્વાભાવિક લાગતો નથી. નાનકડા નિબંધ જેવો લાગે છે. કેટલાક નાટ્યકારો પાત્રના મુખે ભાષણો અપાવે છે તેવું આ સંવાદમાં લાગે છે. છતાં સામાન્ય નિબંધ કરતાં તે વાંચવામાં સરળ છે, ભાષા પણ સરળ છે અને વિચારો વાંચવા વિચારવા લાયક છે.

વિ૦

સા ભા ર સ્વી કા ર

અન્ય પ્રકાશકો તરફથી:

શ્રીમદ્ ભગવદ્ ગીતા: અનુ૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, પ્રકા૦ મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, અમદાવાદ, કિં. રૂ. ૩–૦–૦; **રણુસ્થંભગઢનો રાજા:** લે૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, પ્રકા૦ આદર્શ પુસ્તક ભંડાર, અમદાવાદ, કિં. રૂ. ૩–૪–૦. **અર્થશાસ્ત્ર પરિચય:** લે૦ જિતેન્દ્ર ધોળકિયા, પ્રકા૦ અનડા ખુર્દ ડીપો, અમદાવાદ, કિં. રૂ. ૫–૮–૦; **ગ્રામ સંકલ્પ:** લે૦ વિનોબા, પ્રકા૦ શ્રી કૃષ્ણદાસ ગાંધી, સંયોજક, અંબર ચરખા સમિતિ, અમદાવાદ, કિં. આપી નથી; **વિવિધ વ્યાખ્યાનો—ગુચ્છ ત્રીજો:** વ્યાખ્યાતા બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, પ્રકા૦ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, કિં. રૂ. ૪–૦–૦; **જનતાને કંઠે:** લે૦ નાથાલાલ દવે, પ્રકા૦ ભારત સેવક સમાજ, મોરબી, કિં. રૂ. ૦–૧૨–૦; **ખલીલની શાયરી:** લે૦ ઇબ્રાહીમ સુલેમાન સમેજા—'ખલીલ', પ્રકા૦ ખલીલ સ્મારક સમિતિ વતી કમિલ પ ઠક્કર, ભાવનગર, કિં. રૂ. ૧–૦–૦; **વિચાર મૌક્તિક:** લે૦ શંકરલાલ વ્યાસ, પ્રકા૦ સાહિત્ય સમિતિ, મહાત્મા ગાંધી વિનય મંદિર, ચાણસ્મા, કિં. રૂ. ૦–૩–૦; **સળગતો પ્રશ્ન:** લે૦ નવલભાઈ શાહ, પ્રકા૦ શા. રૂ. વસાવડા, ગાંધી મન્દૂર સેવાલય, અમદાવાદ, કિં. રૂ. ૦–૨–૦; **દૂબળી શ્રીમંતાઈ:** લે૦ વિનાયક સદાશિવ સુખઠણકર, અનુ૦ ગોવિંદરાવ ભાગવત, પ્રાપ્તિસ્થાન: રવાણી એન્ડ કંપની, અમદાવાદ, કિં. રૂ. ૨–૮–૦; **અવનવી માહિતી:** સંપા૦ રામજીભાઈ પટેલ, પ્રકા૦ વિશ્રામ ર. રૂડાણી, અમદાવાદ, કિં. રૂ. ૧–૦–૦; **ગદ્યરંગ:** સંપા૦ વ્રજરાય મુકુન્દરાય દેસાઈ અને કુંજવિહારી ચૂનીલાલ મહેતા, પ્રકા૦ ગાંડિવ સાહિત્ય મંદિર, સુરત, કિં. રૂ. ૩–૪–૦; **સાધ્યયોગી વિનોબા:** લે૦ પ્રબોધ ચોકસી, પ્રકા૦ યજ્ઞ પ્રકાશન સમિતિ, 'ભૂમિપુત્ર' કાર્યાલય, વડોદરા, કિં. રૂ. ૦–૮–૦; **ભૂદાન ગીતા:** લે૦ અને પ્રકા૦ ગોસાંઈભાઈ છીબાભાઈ પટેલ, પ્રાપ્તિસ્થાન: નવસારી તાલુકા કૉંગ્રેસ સમિતિ, કિં. ૦–૪–૦; **ગાંવકી પુકાર:** લે૦ અને પ્રકા૦ સતકરતાર બત્રા, આદિપુર (કચ્છ), કિં. રૂ. ૦–૧૨–૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एक थी मा

[महाराष्ट्रमें श्रावण अमावास्याका दिन 'मातृदिन' के रूपमें मनाया जाता है। इसका पुराना नाम है 'पिठोरी अमावास्या'। अपने बच्चे दीर्घायु हों इस हेतुसे मातायें यह व्रत रखती हैं। सारे दिन उपवास रखा जाता है और शामको देवताओंकी पूजा की जाती है। पूजास्थानके सामने ही बैठकर प्रेमोपायनके तौर पर माता अपने बच्चोंको मिष्टान्नोंका वायन देती है। इस तरह बच्चोंको प्रेमसे खिलानेके बाद ही यह स्वयं अन्न ग्रहण करती है।

यह रहा इस त्योहारका धार्मिक स्वरूप। माताओंके इस अपत्य-प्रेमके बारेमें कृतज्ञता व्यक्त करनेकी दृष्टिसे इस दिनको 'मातृदिन' का सांस्कृतिक रूप दिया गया है। इस अवसर पर लड़के-लड़कियाँ माताओंके प्रेमकी, उनके माहात्म्यकी कहानियाँ कहते हैं, कुछ व्याख्यानोंका आयोजन करके मातृप्रेमको आदरांजलि समर्पित की जाती है, आदि।]

* * *

एक थी मा, भले ही लोग उसे गाय कहते हों। जिसके बच्चा होता है वह मा है। इस गायके भी एक प्यारा बछड़ा था। बछड़ेको चाटते समय उसकी आँखोंमें जो वात्सल्यभाव पन्हाता, उसे देखकर कौन भाव-विगलित न हो जाता होगा?

एक गाँवमें एक आश्रम था। आश्रमके पास ही कुछ फ़ासले पर एक गोठ थी। उसमें ये मा-बेटे रहते थे — कपिला गाय और उसका प्यारा बछड़ा। गाय बछड़ेको प्यारसे चाटती और बछड़ा प्यारसे माको अपने सिरसे धकियाता। कभी-कभी चारों पैरोंको हवामें उछालकर, तिरछी चौकड़ियाँ भरकर अपनी बाललीलाओंसे माका दिल बहलाता।

गाँवके पास ही एक जंगलमें भयानक जंगली जानवर रहते थे।

कृष्णपक्षकी एक रात। गाय अपने बेटेको पास लेकर सो गई थी। मध्यरातमें एकाएक किसी आशंकासे उसका मन भर उठा। उसकी तेज नाकने किसी भयानक जानवरके आनेकी सूचना दी। वह चौकन्नी होकर खड़ी हो गई — 'निःसंशय, मेरे बछड़ेकी जान खतरेमें है!' उसका मातृहृदय प्रदीप्त हो उठा। एक ज़ोरका झटका देकर उसने खूँटेसे छुटकारा लिया।

इतनी ताक़त उसमें कहाँसे आई? कहते हैं कि जब कोई अपने-आपको भूल जाता है तब उसकी शक्तिकी मर्यादा नहीं रहती। 'मुझे अपने बछड़ेको बचाना है' — इस सोचमें गाय अपने-आपको भूल गई। उसके शरीरमें हज़ार हाथियोंके, सहस्र सिंहोंके बलका संचार हुआ। ज़ोरसे रँभाकर वह गोठसे बाहर आई और ताकमें बैठे हुए शेर पर — हाँ, शेर पर! — उसने अपने सींगोंसे सीधा धावा बोला।

ग़रीब गायका यह चण्डिकावतार देखकर बाघ हक्का-बक्का हो गया। उसने अपने मज़बूत पंजों और तेज़ नाखूनोंसे गायको दबोच लेनेकी कोशिश की। लेकिन आज गायके बलका क्या ठिकाना था? दोनोंमें भीषण युद्ध ठन गया। होते-होते धमाधमी लोगोंके कानों तक पहुँची। लोग जाग गये। लट्ठ, भाले, मशालें लेकर दौड़

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયત્ન આવકાર્ય છે. પરંતુ એને જેમ બને તેમ સરળ શૈલીમાં ઉતારવામાં આવે એમાં જ એનું સાચું મહત્ત્વ છે. પ્રયોજકે આ વસ્તુ ધ્યાનમાં રાખી હોત તો તેમની આ કથા વધારે ઉપયોગી થાત; નવશિક્ષિત પ્રૌઢો આગળ પણ તે મૂકવા યોગ્ય થાત.

મુ૦ ક૦

गांवको पुकार: લે૦ સત્કરતાર બત્રા, આદિપુર (કચ્છ); કિં૦ બાર આના; પૃ૦ ૪૫.

'ગામલોકોને પોતાના વહેવારમાં નાણાનો ઉપયોગ ન કરવો પડે એમ કરવું જોઈએ', એ વિચારના પ્રચારના ઉદ્દેશથી આ પુસ્તિકા હિંદીમાં લખાઈ છે. લેખકે આ વિચારને ત્રણ વિભાગમાં સમજાવ્યો છે: (૧) આજની ચિંતાઓ કઈ જાતની છે? (૨) તે ચિંતાઓ પેદા થવાનું કારણ શું છે? (૩) તેનો ઉપાય શો? ગામલોકોની આજની ચિંતાઓનું કારણ નાણાવહેવાર છે એમ લેખક બતાવે છે. જમીનમાં નાણું પાકતું નથી અને છતાં વહેવાર નાણામાં કરવો પડે છે. ખેડૂતોને ઘણું કરીને સરકારી મહેસૂલ ભરવા માટે, બી-ખાતર અને બળદ ખરીદવા માટે, અને કૂવા-પાણીની સગવડ કરવા માટે નાણાની જરૂર પડે છે. તેથી તેને માટે નાણાનો ઉપયોગ બંધ થાય તો ખેડૂતો નાણાની પંચાતમાંથી મુક્ત થઈ શકે. કાપડનો પ્રશ્ન તો રેંટિયાથી ઊકલી જાય છે. તેથી લેખક સૂચવે છે કે —

૧. સરકારે જમીનમહેસૂલ પાકના અમુક ભાગ રૂપે લેવાનું રાખવું.

૨. બી-ખાતર અને બળદ ખેડૂતને સરકારે મફત આપવાની વ્યવસ્થા કરવી.

૩. કૂવા-પાણીની સગવડ લોકોના શ્રમની મદદથી સરકારે મફત કરી આપવી.

આ કેમ વહેવારમાં ઉતારી શકાય તેની ચર્ચા લેખકે કરી છે.

આ બધા વિચારવા જેવા પ્રશ્નો છે. નાણાનો ઉપયોગ ઓછો થવાથી નાણું મેળવવા માટે સસ્તા ભાવે માલ વેચી દેવાની મુશ્કેલીમાંથી અને બજારભાવની ઊથલપાથલની અસરોમાંથી ખેડૂતો મુક્ત રહી શકે. પણ આજના જમાનામાં નાણાનો ઉપયોગ બિલકુલ ટાળી શકાય તેમ નથી. તેનો વિચાર પણ કરવો જોઈએ. વળી સરકારના હાથમાં તંત્ર સોંપવાથી નોકરશાહી–અમલદારશાહી–તુમારશાહી અને લાંચ-રુશ્વત ઇ૦ દૂષણો વધે, અને તેને લીધે ખેડૂતોની હાડમારી વધે, તેનો ખ્યાલ પણ રાખવો જોઈએ.

આમ આ ઉકેલ દેખાય છે તેવો સહેલો નથી. છતાં એ દિશામાં, ખેડૂતોને હાડમારીમાં મૂક્યા વિના, જેટલા આગળ જઈ શકાય તેટલું સારું છે. આ દૃષ્ટિએ, ગ્રામ પ્રશ્નોમાં રસ લેનારે આ પુસ્તિકાનો અભ્યાસ કરવા જેવો છે અને તેમાંથી શક્યતા અનુસાર અમલ કરવા જેવો છે.

પુસ્તિકામાં રજૂ કરેલા વિચારો સરળ રીતે રજૂ કરવા માટે ચર્ચા સંવાદ રૂપે રજૂ કરી છે. પણ સંવાદ સ્વાભાવિક લાગતો નથી. નાનકડા નિબંધ જેવો લાગે છે. કેટલાક નાટ્યકારો પાત્રના મુખે ભાષણો અપાવે છે તેવું આ સંવાદમાં લાગે છે. છતાં સામાન્ય નિબંધ કરતાં તે વાંચવામાં સરળ છે, ભાષા પણ સરળ છે અને વિચારો વાંચવા વિચારવા લાયક છે.

વિ૦

સા ભા ર સ્વી કા ર

અન્ય પ્રકાશકો તરફથી:

શ્રીમદ્ ભગવદ્ ગીતા: અનુ૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, પ્રકા૦ મહાદેવ રામચંદ્ર જગુષ્ટે, અમદાવાદ, કિં. રૂ. ૩–૦–૦; **રણુસ્થંભગઢનો રાજા:** લે૦ કૃષ્ણપ્રસાદ ભટ્ટ, પ્રકા૦ આદર્શ પુસ્તક ભંડાર, અમદાવાદ, કિં. રૂ. ૩–૪–૦. **અર્થશાસ્ત્ર પરિચય:** લે૦ જિતેન્દ્ર બોળકિયા, પ્રકા૦ અનડા બુક ડીપો, અમદાવાદ, કિં. રૂ. ૫–૮–૦; **ગ્રામ સંકલ્પ:** લે૦ વિનોબા, પ્રકા૦ શ્રી કૃષ્ણદાસ ગાંધી, સંયોજક, અંબર ચરખા સમિતિ, અમદાવાદ, કિં. આપી નથી; **વિવિધ વ્યાખ્યાનો — ગુચ્છ ત્રીજો:** વ્યાખ્યાતા બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, પ્રકા૦ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, કિં. રૂ. ૪–૦–૦; **જનતાને કંઠે:** લે૦ નાથાલાલ દવે, પ્રકા૦ ભારત સેવક સમાજ, મોરબી, કિં. રૂ. ૦–૧૨–૦; **ખલીલની શાયરી:** લે૦ ઇબ્રાહીમ સુલેમાન સમેજા — 'ખલીલ', પ્રકા૦ ખલીલ સ્મારક સમિતિ વતી કપિલ પ ઠક્કર, ભાવનગર, કિં. રૂ. ૧–૦–૦; **વિચાર મૌક્તિક:** લે૦ શંકરલાલ વ્યાસ, પ્રકા૦ સાહિત્ય સમિતિ, મહાત્મા ગાંધી વિનય મંદિર, ચાણસ્મા, કિં. રૂ. ૦–૩–૦; **સળગતો પ્રશ્ન:** લે૦ નવલભાઈ શાહ, પ્રકા૦ શા. રૂ. વસાવડા, ગાંધી મન્દૂર સેવાલય, અમદાવાદ, કિં. રૂ. ૦–૨–૦; **દૂબળી શ્રીમંતાઈ:** લે૦ વિનાયક સદાશિવ સુખઠણકર, અનુ૦ ગોવિંદરાવ ભાગવત, પ્રાપ્તિસ્થાન: રવાણી એન્ડ કંપની, અમદાવાદ, કિં. રૂ. ૨–૮–૦; **અવનવી માહિતી:** સંપા૦ રામજીભાઈ પટેલ, પ્રકા૦ વિશ્રામ ર. રૂડાણી, અમદાવાદ, કિં. રૂ. ૧–૦–૦; **ગદ્યરંગ:** સંપા૦ વ્રજરાય મુકુન્દરાય દેસાઈ અને કુંજવિહારી ચૂનીલાલ મહેતા, પ્રકા૦ ગાંડિવ સાહિત્ય મંદિર, સુરત, કિં. રૂ. ૩–૪–૦; **સાક્ષરયોગી વિનોબા:** લે૦ પ્રબોધ ચોકસી, પ્રકા૦ યજ્ઞ પ્રકાશન સમિતિ, 'ભૂમિપુત્ર' કાર્યાલય, વડોદરા, કિં. રૂ. ૦–૮–૦; **ભૂદાન ગીતા:** લે૦ અને પ્રકા૦ ગોસાંઈભાઈ છીબાભાઈ પટેલ, પ્રાપ્તિસ્થાન: નવસારી તાલુકા કૉંગ્રેસ સમિતિ, કિં. ૦–૪–૦; **गांवकी पुकार:** લે૦ અને પ્રકા૦ સત્કરતાર બત્રા, આદિપુર (કચ્છ), કિં. રૂ. ૦–૧૨–૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एक थी मा

[महाराष्ट्रमें श्रावण अमावास्याका दिन 'मातृदिन' के रूपमें मनाया जाता है। इसका पुराना नाम है 'पिठोरी अमावास्या'। अपने बच्चे दीर्घायु हों इस हेतुसे मातायें यह व्रत रखती हैं। सारे दिन उपवास रखा जाता है और शामको देवताओंकी पूजा की जाती है। पूजास्थानके सामने ही बैठकर प्रेमोपायनके तौर पर माता अपने बच्चोंको मिष्टान्नोंका वायन देती है। इस तरह बच्चोंको प्रेमसे खिलानेके बाद ही यह स्वयं अन्न ग्रहण करती है।

यह रहा इस त्योहारका धार्मिक स्वरूप। माताओंके इस अपत्य-प्रेमके बारेमें कृतज्ञता व्यक्त करनेकी दृष्टिसे इस दिनको 'मातृदिन' का सांस्कृतिक रूप दिया गया है। इस अवसर पर लड़के-लड़कियाँ माताओंके प्रेमकी, उनके माहात्म्यकी कहानियाँ कहते हैं, कुछ व्याख्यानोंका आयोजन करके मातृप्रेमको आदरांजलि समर्पित की जाती है, आदि।]

* * *

एक थी मा, भले ही लोग उसे गाय कहते हों। जिसके बच्चा होता है वह मा है। इस गायके भी एक प्यारा बछड़ा था। बछड़ेको चाटते समय उसकी आँखोंमें जो वात्सल्यभाव पन्हाता, उसे देखकर कौन भाव-विगलित न हो जाता होगा?

एक गाँवमें एक आश्रम था। आश्रमके पास ही कुछ फ़ासले पर एक गोठ थी। उसमें ये मा-बेटे रहते थे — कपिला गाय और उसका प्यारा बछड़ा। गाय बछड़ेको प्यारसे चाटती और बछड़ा प्यारसे माको अपने सिरसे धकियाता। कभी-कभी चारों पैरोंको हवामें उछालकर, तिरछी चौकड़ियाँ भरकर अपनी बाललीलाओंसे माका दिल बहलाता।

गाँवके पास ही एक जंगलमें भयानक जंगली जानवर रहते थे।

कृष्णपक्षकी एक रात। गाय अपने बेटेको पास लेकर सो गई थी। मध्यरातमें एकाएक किसी आशंकासे उसका मन भर उठा। उसकी तेज नाकने किसी भयानक जानवरके आनेकी सूचना दी। वह चौकन्नी होकर खड़ी हो गई — 'निःसंशय, मेरे बछड़ेकी जान खतरेमें है!' उसका मातृहृदय प्रदीप्त हो उठा। एक ज़ोरका झटका देकर उसने खूंटेसे छुटकारा लिया।

इतनी ताक़त उसमें कहाँसे आई? कहते हैं कि जब कोई अपने-आपको भूल जाता है तब उसकी शक्तिकी मर्यादा नहीं रहती। 'मुझे अपने बछड़ेको बचाना है' — इस सोचमें गाय अपने-आपको भूल गई। उसके शरीरमें हज़ार हाथियोंके, सहस्र सिंहोंके बलका संचार हुआ। ज़ोरसे रँभाकर वह गोठसे बाहर आई और ताकमें बैठे हुए शेर पर — हाँ, शेर पर! — उसने अपने सींगोंसे सीधा धावा बोला।

ग़रीब गायका यह चण्डिकावतार देखकर बाघ हक्का-बक्का हो गया। उसने अपने मज़बूत पंजों और तेज़ नाखूनोंसे गायको दबोच लेनेकी कोशिश की। लेकिन आज गायके बलका क्या ठिकाना था? दोनोंमें भीषण युद्ध ठन गया। होते-होते धमाधमी लोगोंके कानों तक पहुँची। लोग जाग गये। लट्ठ, भाले, मशालें लेकर दौड़

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पड़े। लोगोंको आते देखकर शेरके सामने भागनेके सिवा क्या चारा था?

घायल गायको पुचकारनेके लिए लोग आगे बढ़े। लेकिन गाय उनकी भीड़को चीरती हुई सीधी गोठमें पहुँची और अपने बछड़ेको चाटने लगी। बेचारा बछड़ा! इस धमाधमीमें उसके होशहवास गुम हो गए थे। माको देखकर, मारे खुशीके, उसका दिल मानों बाँसों उछल पड़ा। वह प्रेमके साथ अपनी माको सिरसे धकियाने लगा। गाय पन्हाई। बछड़ेने आनन्द-मग्न होकर थन चूसना शुरू कर दिया। लोगोंकी आँखें भीनी हो उठीं।

दो-तीन दिन बीत गये। लोगोंने जंगलमें घूम-घूमकर शेरकी तलाश की, लेकिन उसका पता नहीं चला। संकट टल गया मानकर लोग अपने-अपने कामोंमें लग गये।

जन्माष्टमीका दिन था। रातको गाँवमें बड़ा उत्सव था। भजन, कीर्तन, दधिकाँदौ, आदिसे वातावरण मुखरित हो उठा था। सारा गाँव उत्सवमें मग्न था।

लोग बाघको भूल गये थे। लेकिन बाघ अपनी पराजय भूल नहीं गया था। बछड़ेके खूनकी प्यासने उसे फिरसे गाँवकी तरफ खींचा।

अष्टमीका चन्द्र ऊपर आया हो, न आया हो। सर्वत्र एक फीकी गूढ़ता छायी हुई थी। सहस्र आँखें खोलकर भी आकाश सोया हुआ-सा मालूम पड़ता था! और शेरने हमला किया।

गायके घाव अभी भरे नहीं थे। लेकिन वह निरी, निबली गाय थोड़े ही थी! वह तो मा थी। अपने शरीरका खयाल किये बिना उसने शेरके हमलेका जी-जानसे सामना किया। दोनोंमें घोर संग्राम हुआ। शेरने उसे परास्त करनेका हर तरहसे प्रयत्न किया। परन्तु आधे घण्टे तक गायने उसकी दाल नहीं गलने दी। लेकिन...

लेकिन आखिरकार उसकी ताक़तने जवाब दे दिया। आँखोंके सामने अँधेरा छाने लगा।

उधर सब लोग गोपालकृष्णके नाम-स्मरणमें मग्न थे। इधर गोपालकृष्णकी प्यारी गाय अपने बछड़ेकी जान बचानेके लिए शेरसे जूझ रही थी। आखिर, कुछ लोगोंका ध्यान इस झटापटीकी ओर गया। वे तुरन्त भाले, लट्ठ आदि लेकर दौड़ पड़े। परन्तु गाय बिलकुल थक गई थी। गाँववालों-को देखकर शेर भागा, मगर वह भी कम थका कहाँ था? देखते-देखते गाँववालोंने उसे ढेर कर दिया। और 'गाऊली मैया'? प्राणोंकी ढाल बनाकर उसने अपने बछड़ेको बचाया। लेकिन लड़ाईमें ढाल टूट गई। गोपालकृष्णके चरणोंके पास उसने स्थान पाया।

"चारा मुखीं पिलांच्या,
चिमणी हलूंच देई।
गोठयांत वासरांना या,
चाटतात गाई॥
वात्सल्य हें पशूंचें...।

(चिड़िया अपने बच्चोंके मुँहमें बहुत धीमेसे दाने डालती है। गोठमें गायें अपने बछड़ोंको चाटती हैं। ऐसा पशुओंका यह वात्सल्य...!)

मातृदिनके अवसर पर मूक प्राणियोंमें रहनेवाली अनन्त माताओंको प्रणाम करना उचित ही होगा। 'कुपुत्रो जायते, क्वचिद् अपि कुमाता न भवति।'

('मंगलप्रभात', ऑगस्ट १४५६, मांथी) नरेश भंत्री

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં નવાં પ્રકાશનો

લોકમાન્ય ટિળક પાંડુરંગ ગણેશ દેશપાંડે

'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે' એ મંત્રના દ્રષ્ટા અને આધુનિક રાષ્ટ્રીય જાગૃતિના જનક લોકમાન્ય ટિળકની જન્મશતાબ્દી નિમિત્તે પ્રગટ થયેલી આ પ્રેરક જીવનકથા આપણા રાષ્ટ્રના સ્વાતંત્ર્ય માટે જીવનભર મથનાર અને તે વખતની સરકારના દમન અને અનેક યાતનાઓ વેઠ્યા છતાં પોતાના નિરધારમાં મક્કમ રહી રાષ્ટ્રને ચરણે જીવન સમર્પણ કરનાર મહાપુરુષના ઉદાત્ત જીવન અને કાર્યનો પરિચય આપે છે.

કિં. રૂ. ૩–૦–૦ ટપાલરવાનગી ૦–૯–૦

બિહારની કોમી આગમાં મનુબહેન ગાંધી

મનુબહેનની ડાયરીઓનું 'એકલો જાને રે' પછીનું પુસ્તક. નોઆખાલીનું કાર્ય પોતાના વિશ્વસ્ત સાથીઓને ભળાવી, જેને વિષે પોતાના દિલમાં અતિશય કૂણી લાગણી હતી એવા બિહાર પ્રાંતમાં સળગેલી કોમી આગ વચ્ચે બે માસ સુધી રહી તેને ઠારવા રાષ્ટ્ર-પિતાએ કેવા ભગીરથ પ્રયાસ કર્યા, તેનું અને રાષ્ટ્ર-પિતાના જીવનના એ વેદનાભર્યા દિવસોનું તાદૃશ બયાન આ ડાયરીમાંથી મળશે.

કિં. રૂ. ૩–૦–૦ ટપાલરવાનગી ૧–૧–૦

ખરી કેળવણી ગાંધીજી

કેળવણીના તત્ત્વ અને આદર્શની ચર્ચા કરતાં તેમ જ વિદ્યાર્થીજીવનને અંગેના પ્રશ્નોને સ્પર્શતાં ગાંધીજીનાં બધાં લખાણોને આ પુસ્તકમાં ખંડવાર ગોઠવવામાં આવ્યાં છે. વાચકને એથી કેળવણી વિષેના એમના વિચારો સમજવામાં સરળતા થશે.

કિં. રૂ. ૨–૮–૦ ટપાલરવાનગી ૦–૧૪–૦

કેળવણીનો કોયડો ગાંધીજી

'ખરી કેળવણી'ની પૂર્તિરૂપ આ પુસ્તકમાં કેળવણીના પ્રશ્નોની છણાવટ કરતાં અને તેના ઉકેલની દિશા ચીંધતાં ગાંધીજીનાં લખાણો અને વ્યાખ્યાનો આપવામાં આવ્યાં છે.

કિં. રૂ. ૨–૮–૦ ટપાલરવાનગી ૦–૧૪–૦

વર્ણવ્યવસ્થા ગાંધીજી

ગાંધીજીના વર્ણાશ્રમધર્મ અંગેના વિચારો રજૂ કરતાં તેમ જ આપણી જ્ઞાતિઓ, તેના કુરિવાજો અને હરિજનોના પ્રશ્નોની ચર્ચા કરી તેનો યોગ્ય ઉકેલ બતાવતાં લખાણોનો સંગ્રહ.

કિં. રૂ. ૧–૦–૦ ટપાલરવાનગી ૦–૫–૦

અવારનવાર કાકાસાહેબ કાલેલકર

૧૯૨૦ થી ૧૯૫૬ સુધીમાં કાકાસાહેબે પ્રસંગોપાત્ત લખેલા અને કયાંય ગ્રંથસ્થ નહીં થયેલા છૂટક લેખોનો સંગ્રહ. આ લેખો છૂટક લખાયેલા હોવા છતાં એમાં કાકાસાહેબની સળંગસૂત્ર જીવનદૃષ્ટિ પરોવાયેલી જોવા મળશે.

કિં. રૂ. ૨–૦–૦ ટપાલરવાનગી ૦–૯–૦

અંકગણિત શીખવવાની પદ્ધતિ મોહનલાલ પંચોળી

પ્રાથમિક શાળામાં ગણિતનો વિષય શીખવતા શિક્ષકોને લક્ષમાં રાખીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આમાં એ ધોરણોમાં શીખવવામાં આવતી પ્રાથમિક ગણતરીની રીતોની વિસ્તારપૂર્વક ચર્ચા કરી ગણિત શીખવવાની શાસ્ત્રીય પદ્ધતિ દર્શાવવામાં આવી છે. અનેક વર્ષોના પ્રત્યક્ષ શિક્ષણના અનુભવને આધારે તૈયાર થયેલું આ પુસ્તક મુશ્કેલ ગણાતા એ વિષયને સરળ અને રસિક કેમ બનાવવો તેની વ્યવહારુ સૂચનાઓથી ભરેલું હોઈ એ વિષય શીખવતા શિક્ષકોને મદદકર્તા થઈ પડશે.

કિં. રૂ. ૩–૮–૦ ટપાલરવાનગી ૦–૧૦–૦

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્ર મનુષ્યોનું પ્રજાસત્તાક

એકાદ સૈકા પહેલાં માણસો જ્યારે કહેતા કે, 'શાળાનો ઓરડો એ આપણા સ્વરાજ્યનો પાયો બનવાનો છે', ત્યારે તેઓના મનમાં ખરેખર શું હશે, એનો વિચાર કરતાં નવાઈ પામી જવાય છે. કેળવણી એટલે તેઓ શું એવું સમજતા હશે કે, જેનાથી ધન માટેના જીવનસંગ્રામમાં વ્યક્તિની તકો સુધરી શકે તેનું નામ કેળવણી? અથવા દેશની આખી વસ્તી જેનાથી ટોળાંઓને ઉશ્કેરી મૂકે એવી લાગણીઓની અર્ધદગ્ધ શિકાર બની રહે એવા રાજકીય પ્રચારનો અર્થ તેઓ શું કેળવણી સમજતા હશે? કે તેઓ શું તેનો અર્થ એવી જાતનું શિક્ષણ કરતા હશે કે જેથી માણસ કંઈ સમજણ કે વિચારશક્તિ વિનાં જ એક પ્રકારનું સામાજિક નિયંત્રણો સ્વીકારતું ભેંકું બની રહે? કે પછી તેઓ ખરેખર લોકોમાં એવી વિવેક-વિચારશક્તિને ઉત્તેજન આપવા ઇચ્છતા હતા કે જેથી સંવેદનશીલ અને વિવેકયુક્ત એવો વ્યાપક સંસ્કાર ઊભો થાય?

સ્વાતંત્ર્ય એ એક સાંસ્કારિક સિદ્ધિ છે. જે પ્રજા આવેશો અને લાગણીઓથી જ ગતિમાન થાય છે, પરંતુ કોઈ પણ સ્વતંત્ર સમાજનું જીવન જે સિદ્ધાંતો ઉપર રચાવું જોઈએ તેમના જ્ઞાન વિનાની છે, એવી પ્રજા વડે એ સ્વાતંત્ર્યનું રક્ષણ થવું અશક્ય છે. આપણે એકાંગી 'એક્સપર્ટ' સિવાય બીજે બધે સ્થળે બુદ્ધિશક્તિની કિંમત અતિ લાંબા સમયથી ઓછી આંકતા આવ્યા છીએ. સમગ્ર ઇતિહાસ આપણને દર્શાવશે કે, સ્વતંત્ર લોકો વિચારવંત લોકો હોવા જોઈએ; અને લડાયક કોમો જેવી રીતે યુદ્ધની યશકલગીને ઝંખે છે, તેવી જ રીતે ડહાપણ અને જ્ઞાનને ઝંખતા હોવા જોઈએ, — હા, ભૂતકાળમાં આપણી લોકશાહીઓએ વેપારધંધાની સફળતાને જેટલા પ્રમાણમાં ઝંખી છે તેટલા જ પ્રમાણમાં!

કેળવણી સ્વાતંત્ર્યનું રક્ષણ કરે છે અને તેની વૃદ્ધિ કરે છે; પણ લોકોને માત્ર માહિતીઓથી પરિચિત કરીને જ નહીં, પરંતુ વધુ તો આપણા મનને સર્વ યુગોના સ્વતંત્ર મહાપ્રાજ્ઞોનાં મન સાથે સાક્ષાત્ સંપર્કમાં લાવીને. એ સંપર્ક થતાં જ કંઈક એવું બને છે, — ભૂતકાળની ભસ્મમાંથી માનવ ડહાપણ અને ઉત્તમતાનું તથા મુક્તિદાયક એવું કંઈક પકડી લેવામાં આવે છે, કે જે મૃત સૈકાંમાંથી નીકળી આવીને વર્તમાન કાળને સમૃદ્ધ કરવા તથા પ્રકાશિત કરવા જીવંત બની રહે છે. ક્રાંતિઓ તો તેમનો ત્વરિત સમય પૂરો કરીને વિદાય થાય છે. તેઓ ભયાનક સ્વપ્નની પેઠે આવી પડે છે અને પોતાની પાછળ થાક અને ખેદ મૂકીને ચાલતી થાય છે. પરંતુ સૈકાંઓમાંથી વહેતો આવતો ડહાપણ અને જ્ઞાનનો પ્રવાહ તો દૃઢતાથી વહ્યો જાય છે. થોડો વખત લુપ્ત થઈને પાછો તે વધુ સમૃદ્ધ અને વધુ ઊંડો બની પાછો દેખા દે છે. અત્યાર સુધી માનવે જાણેલાં સ્વાતંત્ર્ય અને સંસ્કૃતિ તે પોતાની સાથે લાવ્યો છે. વિવેક અને વિચારપૂર્ણ જીવન જ હજુયે પણ સ્વતંત્ર મનુષ્યોનું પ્રજાસત્તાક સર્જશે.

— એવરેટ ડીન માર્ટિન

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે — મણિભાઈ દેસાઈ
ગોપાળદાસ પટેલ — મગનભાઈ દેસાઈ (તંત્રી)
ઠાકોરભાઈ દેસાઈ — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૫ — અંક ૧૧

નવેમ્બર — નવજીવન, અમદાવાદ — ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

નવેમ્બર, ૧૯૫૬

વર્ષ ૧૫ અંક ૧૧

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
નવું મુંબઈ રાજ્ય	મગનભાઈ દેસાઈ	૩૨૧
આત્મનિરીક્ષણની જરૂર	મગનભાઈ દેસાઈ	૩૨૨
બાપુ-સ્વરૂપ ગાંધીજી	મુકુલભાઈ કલાર્થી	૩૨૪
શિક્ષણમાં ક્રાંતિની જરૂર	મગનભાઈ દેસાઈ	૩૨૭
શિક્ષકોની જવાબદારી		૩૨૮
યુનિવર્સિટીની સ્વાયત્તતા	મ૦	૩૩૦
બાળકમાં માતપિતાએ લુપ્ત થવું જોઈએ?	ગો૦	૩૩૧
ત્રિવેણી સંગમ	મુ૦ ક૦	૩૩૩
ગુજરાતી ગ્રંથો — ૧૯૫૫	દશરથલાલ શાહ	૩૩૫
શાંતિવાદી રાજકારણ	મ૦	૩૩૬
ચિંતન અને મનન		૩૩૭
ગાંધીજીનો એક પત્ર		૩૩૮
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૩૩૯
વિદ્યાર્થી પ્રવૃત્તિનાં પાયાનાં મૂલ્યો	રમેશ મ૦ ભટ્ટ	૩૪૨
નવું વાચન		
સંત તુકારામની વાણી	મ૦ પ્ર૦	૩૪૫
પ્રાતઃસ્મરણીય મહાત્મા ગાંધીજી	મુ૦ ક૦	૩૪૫
આત્મકથા	મુ૦ ક૦	૩૪૫
અરણ્યકાંડ	મુ૦ ક૦	૩૪૫
ગ્રંથાગાર	મુ૦ ક૦	૩૪૫
સંદીપન	મુ૦ ક૦	૩૪૫
ગુલામોનો મુક્તિદાતા	મુ૦ ક૦	૩૪૬
આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથ	મુ૦ ક૦	૩૪૬
મહર્ષિ દધીચિ અને બીજાં બે આખ્યાનો	મુ૦ ક૦	૩૪૬
શકુંતલા	મુ૦ ક૦	૩૪૬
ભગવાન બુદ્ધ	મુ૦ ક૦	૩૪૬
જાતક કથાઓ	મુ૦ ક૦	૩૪૬
સ્વભાવ દર્શન	મુ૦ ક૦	૩૪૬
જ્ઞાનદીપ	મુ૦ ક૦	૩૪૭
હરિનો મારગ	મુ૦ ક૦	૩૪૭
ઘરદીવડા	મુ૦ ક૦	૩૪૭
રામનામના વેવારિયા	મુ૦ ક૦	૩૪૭
રચનાત્મક રાજનીતિ	મુ૦ ક૦	૩૪૭
બૃહદ્ પ્રશ્નોત્તરી	મુ૦ ક૦	૩૪૭
મા ધરતીને ખોળે	મુ૦ ક૦	૩૪૭
બૃહદ્ આરોહણ	મુ૦ ક૦	૩૪૭
રંગનાથી વર્ગીકરણ	દશરથલાલ શાહ	૩૪૭
તંદુરસ્ત રહો	બં૦ ગા૦	૩૪૮
ભાવપ્રકાશ	બં૦ ગા૦	૩૪૮
આંગણાનાં પંખી	બં૦ ગા૦	૩૪૮
માગ્રમ રાત	ચૂ૦	૩૪૮
ગુજરાતી પર અરબી ફારસીની અસર	ચૂ૦	૩૪૮
"ચેતના"	ઇન્દ્રકુમાર 'રજનીશ'	૩૪૯

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતિ છે.

સરનામામાં ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતિ છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં અમદાવાદ (કલ્યાણ ભુવન, રિલીફરોડ); મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બન્દર); રાજકોટ; (લાખાજીરાજ રોડ); દિલ્હી (યુ. એસ. કોમ્યુનિકેશન થિયેટર બિલ્ડિંગ, કોનોટ સર્કસ, નવી દિલ્હી); ઇદોર (ગાંધીભવન, યશવંત રોડ); વડોદરા (કોઠી સામે, રાવપુરા); લખનૌ (વિષ્ણુઆશ્રમ અમીનુદ્દૌલા પાર્ક) અને પટના (ગોવિંદ મિત્ર રોડ, પટના-૪) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂા. ૪; પરદેશમાં રૂા. ૬ અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, **અમદાવાદ-૧૪**

અમારાં નવાં પ્રકાશનો

બુદ્ધલીલા : લે૦ ધર્માનંદ કોસમ્બી; કિં. રૂ. ૧-૧૨-૦; ટપાલખરચાની ૦-૭-૦.

સુસંવાદ : સંપા૦ નીલકણ્ઠ મશરૂવાલા; અનુ૦ સોમેશ્વર પુરોહિત; કી૦ રુ૦ ૦-૯-૦; ડાકખર્ચ ૦-૩-૦.

ગાંધીજીકે પાવન પ્રસંગ : લે૦ લલ્લુભાઈ મકનજી; અનુ૦ સોમેશ્વર પુરોહિત; કી૦ રુ૦ ૦-૬-૦; ડાકખર્ચ ૦-૩-૦.

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૫–અંક ૧૨] અમદાવાદ [નવેમ્બર, ૧૯૫૬

નવું મુંબઈ રાજ્ય

નવું મુંબઈ રાજ્ય આવતી ૧ લી તારીખે જનમશે. ભાષાની દૃષ્ટિએ તેમાં મુખ્ય બે મોટી ભાષા બોલતી પ્રજાનો સમાવેશ થશે — ગુજરાતી અને મરાઠી. અત્યાર સુધી કાનેડી ભાષા બોલતો ત્રીજો એક ભાગ ચાલુ મુંબઈ રાજ્યમાં છે, તે આવતે મહિને બાદ થશે અને નવા મૈસૂર રાજ્યમાં મળશે. બીજી તરફથી ચાલુ મુંબઈ રાજ્યમાં, અત્યાર સુધી તેની બહાર રહેલા ગુજરાતી તથા મરાઠી બોલતા પ્રદેશો (એટલે કે, સૌરાષ્ટ્ર, કચ્છ, વિદર્ભ અને નાગપુર, તથા મરાઠા-વાડ) જોડાશે. એમ નવું મુંબઈ રાજ્ય રચાશે. તેનું નવું પ્રધાનમંડળ નિમાશે. તે અધિકાર પર આવશે અને નવી ચૂંટણી જાહેર થશે ત્યારે તે કામ ઉપર હશે.

આ મહાન ફેરફાર દિવાળીના ટાંકણે થાય છે એ એક દૈવયોગ જ હશે. આ ફેરફાર આપણા રાજ્યને માટે યાદગાર બનશે, એમાં શંકા નથી. કારણ કે, સ્વરાજ ભોગવતા સ્વતંત્ર હિંદમાં આ ફેરફારથી 'દેશી રાજ્યો' કહેવાતો પ્રદેશ — કે જે અંગ્રેજી રાજ્યે ઊભી કરેલી પંચાત હતી — તે પૂરો નાબૂદ થશે અને ભારત એક હકૂમત તળે આવશે.

ગુજરાતી-ભાષી પ્રદેશને માટે પણ આનો અર્થ ભારે ગંભીર અને અર્થપૂર્ણ છે. આપણો ભાષાપ્રદેશ સેંકડો વરસોથી જુદી જુદી રાજકીય હકૂમતો તળે વહેંચાઈ ગયો હતો, તે આટલા લાંબા સમય બાદ પાછો એક હકૂમત તળે આવશે. તેવું જ મરાઠી-ભાષી પ્રદેશ માટે પણ પહેલી વાર બનશે. આમ જેને અત્યારે 'મહાગુજરાત' અને 'સંયુક્ત મહારાષ્ટ્ર' બળવળને નામે આપણે જોઈએ છીએ, તેની અમુક મકસદ તો પૂરી થાય છે. તેનો આનંદ આ ચળવળવાળાએ પણ માનવો જોઈએ. એમ તે ન કરી શકે, તો તેમાં એમના જ મનનો વાંક ગણાય.

નવું મુંબઈ રાજ્ય અત્યારના કરતાં મોટું થશે. તો તે પ્રમાણમાં વધારે સમૃદ્ધ પણ હશે. વસ્તીની નજરે, લગભગ ૪૩૦ કરોડ થશે, જેમાં ત્રણેક કરોડ મરાઠી બોલતા હશે, બાકીના ગુજરાતી. જોકે, એનો અર્થ એમ નહીં જ કે, હિંદની બીજી મહાન ભાષાઓ બોલનારાઓ તેમાં નહીં હોય. જેમ કે, મુખ્યત્વે મુંબઈ તથા બીજાં શહેરોમાં.

ભાષાવાર આવો વિચાર કરવો પડે છે, એમાં એક હકીકતી વાત જરૂર રહેલી છે; પણ વ્યવહારમાં એની જ નજર દોષિત બનવા સંભવ છે. કારણ કે, રાજ્ય ચલાવવામાં ભાષા એક બાબત છે જરૂર; પણ તેના સંચાલકો કાંઈ ભાષાની ટકાવારી કે તેને આધારે કામ ન કરી શકે. રાજકીય પક્ષો ભાષાને ધોરણે નથી પડતા. અને કૉંગ્રેસ પક્ષ, કે જે આજે બળવાન છે, તે એવો છે કે જે નાતજાત, ભાષા, ધર્મ, ઇ૦ ભેદોને ભૂલીને રાષ્ટ્રીય એકતાને દૃષ્ટિમાં રાખીને ચાલવામાં માને છે.

એટલે નવા મુંબઈ રાજ્યનું સંચાલન આ પક્ષે આવી નીતિ અહણ કરીને કરવું જોઈએ. તેમાં કૉંગ્રેસીઓને (મરાઠીભાષી તથા ગુજરાતીભાષી સૌને) શ્રદ્ધા હોવી જોઈએ; તેઓએ પરસ્પર વિશ્વાસ રાખવો જોઈએ; અને પોતા વિષે આત્મ-વિશ્વાસ રાખી સહકારપૂર્વક કામ કરવા તત્પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવું જોઈએ. જેટલે અંશે કૉંગ્રેસ આમાં કમી રાખશે, તેટલે અંશે તે પોતાનો ધર્મ ચૂકશે અને રાજ્યને નબળું પાડશે. એમ ન કરવું હોય કે થવા દેવું હોય તો કૉંગ્રેસે અને તેના પ્રધાનમંડળે પ્રજાનાં સાચાં રચનાત્મક કામો તરફ એકાગ્ર બનીને કામ કરવું જોઈએ. એટલે કે, રાજ્યની ગરીબ પ્રજાની પ્રત્યક્ષ સેવામાં પોતાની શક્તિ અને એકાગ્રતા લગાડવી જોઈએ. તો જ નાહકનાં આંતરકલહો અને દ્વેષદાઝ ઇત્યાદિમાંથી બચી જવાશે. જગતના પશ્ચિમ દેશોએ, રાજકારણ એટલે સત્તાકારણ, એવો અર્થ અત્યાર સુધી ભજવી બતાવ્યો છે. ગાંધીજીએ હિંદમાં જે અનેક મૂલગામી મૂલ્ય-પરિવર્તનો કર્યાં છે, તેમાંનું એક એ છે કે, રાજકારણ એટલે સેવાકારણ છે. કૉંગ્રેસ પક્ષ તેના અન્ય પક્ષોની સરસાઈમાં સત્તાકારણમાં જ ન કળાઈ જાય, અને સેવાકારણનો આદર્શ ન ભૂલે, એ મુંબઈ રાજ્ય માટે જ નહીં, આખા હિંદ માટે અત્યારે બહુ જરૂરી છે. આ પ્રકારનું નવીન નેતૃત્વ હવે પછી આપણે ત્યાં પેદા થાઓ, એ શુભાશાની સાથે આપણે નવીન રાજ્યરચનાના સ્વરાજ્યયુગમાં પ્રવેશ કરીએ. પ્રભુ એમાં આપણો રાહબર બનો; આપણે એને આપણો રાહબર બનાવીએ.

૨૩-૧૦'૫૬ **મગનભાઈ દેસાઈ**

આત્મનિરીક્ષણની જરૂર

વિદ્યાર્થીઓ અને કેટલાક શિક્ષકો 'મહાગુજરાત'ના સક્રિય રાજકારણમાં મનઃપૂર્વક ભાગ લઈ રહ્યા છે, એ વસ્તુ ગુજરાતના જાહેરજીવનને માટે વિચારમાં નાખી દે એવું લક્ષણ છે. આ જ રીતે, ઉત્તર હિંદમાં કોમી ઉછાળો આવ્યો, તેમાં પણ વિદ્યાર્થીઓ આગળ આવીને વર્ત્યા, એ પણ એ જ જાતનું અને એને મળતું લક્ષણ છે. વિદ્યાર્થીઓ આમ ઊછળી જઈને વર્તે અને વિદ્યા-સંસ્થાઓ તે વખતે હાથેપગે થઈ જઈ કાંઈ કરી ન શકે, એ ચાળો ભારતની નવરચના માટે પણ ચિંતાજનક બાબત કહેવાય.

અલીગઢના વાઇસ-ચાન્સેલર ડૉ. ઝાકીર હુસેને ત્યાંના વિદ્યાર્થીઓને ઠપકો આપ્યો, એ તેમણે સારી હિંમત કરી કહેવાય. ગુજરાત યુનિવર્સિટીના અમદાવાદ-ક્ષેત્રના કેટલાક વિદ્યાર્થીઓએ ભર સભામાં પં૦ જવાહરલાલજીનું અપમાન કર્યું તેને, તે વખતે, ન બીજા વિદ્યાર્થીઓ, — કે જેમની સંખ્યા ખૂબ જ મોટી હતી, — વારી શક્યા; કે ન તેમના અધ્યાપકો કે ન તેના વાઇસ-ચાન્સેલર કાંઈ કરી શક્યા. અમદાવાદના ઉચ્ચ-શિક્ષણ-જગતને લાગેલું આ કલંક ધોવા બીજે દહાડે સેનેટે દિલગીરી વ્યક્ત કરી. પણ ત્રીજે દહાડે, 'શહીદ દિન'ને નિમિત્તે, સેનેટમાં એક પરીક્ષાની તારીખ બદલવાની વાત આવી ત્યારે તે અયોગ્ય માગણીને વશ થઈને આ દિલગીરીને ધોઈ નાખી! જોકે વાઇસ-ચાન્સેલરે એટલું કહ્યું કે, મારે રાજીનામું આપવું પડે એવી દુર્ઘટના ત્રીજી તારીખની સભામાં બની છે.

અમદાવાદમાં 'મહાગુજરાત'વાદી તોફાનો શરૂ થયાં ત્યારે પં૦ જવાહરલાલજીએ કહેલું કે, તોફાન કરનાર આપણાં બાળકો છે એવી પાલક-દૃષ્ટિની રહેમથી વર્તવું જોઈએ. એમની એ દૃષ્ટિ પણ ૩જી ઑક્ટોબરની સભામાં વ્યર્થ ગઈ. એમને ઠીક નવો અનુભવ મળ્યો. જિંદગીમાં પહેલી વાર મળ્યો, એમેય એમણે કહ્યું. એમની પણ ધીરજ ખૂટી એવી ધૃષ્ટતા અને ઉદ્ધતાઈથી નવજુવાનિયા વર્ત્યા. પૂર્વસંકેત અને પાછળથી દોરી-સંચાર વગર આવું ન બને. અને એનો દોષ 'બહારનાં તત્ત્વો' પર ઢોળવામાંય અર્થ નથી, કેમ કે સભા કેવળ ઉચ્ચશિક્ષણ સંસ્થાઓની જ હતી. બામુખા પજવણી કે તોફાન કરનાર બહારનું કોઈ તત્ત્વ એની મેળે અથવા સ્વેચ્છાએ આવી સભામાં ઊતરી ન આવે, એમ સાધારણપણે મનાય. તે લાંબી ઝીક પણ ઝીલી ન શકે, કે જેવું સતત દોઢ કલાક સુધી બન્યું. ખેર, પણ એ વાદવિવાદ છોડીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના બયાન પરથી મારી કહેવાની મતલબ એ છે કે, વિદ્યાર્થી અને વિદ્યાલયોનો સવાલ હિંદના અત્યારના યુગનો બહુ મોટો અને ઊંડી ચિંતાનો છે. દુર્ભાગ્યે આ વાત આપણા લોકવિચારક્ષેત્રે જોઈએ એટલી સ્પષ્ટ નથી; આવું કાંઈક બને ત્યારે એ વિષે જરાતરા હોહાની ઉગ્રતા ઊછળી આવે છે અને પાછા આપણા નેતાઓ શિક્ષણની નવરચનાના આ મૂળ સવાલ વિષે સૂઈ જાય છે. ઘડીભર તો એમ થઈ જાય છે કે, શું આ દેશના લોકોના જીવનવિકાસ માટે લોખંડ, સિમેન્ટ અને બંધ સિવાય કશું આપણને સૂઝતું જ નથી? શું આપણી ક્રાંતિ માનવજીવન પરથી ઊતરી જઈને પાણી-પાણકા-અને-ચૂના-માટી પર પહોંચી છે? મોટાં મોટાં જાહેર બાંધકામો ને કારખાનાં યોજનાર માનસ ખરેખર એને અનુરૂપ મોટાઈવાળું છે? 'નાને મોઢે મોટી વાત' પેઠે 'નાના મનથી મોટાં કામો' કરવા જેવી તો આપણી દશા નથી થઈ?

કે પછી સવાલ તો એથીય આગળનો તો નથી? વાત એક અને કાર્ય બીજું એવા દંભ અને મિથ્યાચારમાં તો પછી આપણે નથી પડી ગયા? ટ્રિનિડાડનો એક મૂળે હિંદી નવજુવાન મને મળેલો તેણે કહ્યું એમ, સર્વોદય અને પાયાની કેળવણી અને શી શી વાતો આપણે કરીએ છીએ, પણ તેનું કાંઈ કરીએ છીએ ખરા? હિંદની પરદેશ-નીતિમાં કાંઈક નવચેતન આપણે દાખવ્યું; પણ દેશની અંદરના લોકજીવનમાં કાંઈ પણ વ્યાપક ભાવનાવાળું આંદોલન આજે આપણે ચલાવીએ છીએ ખરા? દા૦ ત૦, ભાષાવાર પ્રાંતો રચીને દેશનું કામ કરવાનું આંદોલન આજે કયાં જઈને અટકી પડ્યું? ભાષાવાર રાજ્યવહીવટ ચાલે અને કુલ શિક્ષણતંત્ર ચાલે એ મુદ્દા પરથી ખસીને વાત કયાં જઈ ચડી? ધર્મની બાબતમાં ઉદારતા અને મતસ્વાતંત્ર્યની મહાક્રાંતિ પરથી ખસી જઈને નાહકની તનામીઓ બાળવી અને સુરુચિ-સન્જનતાનો વિવેકધર્મ ભૂલી જવો, એ કેવુંક 'બિનમજહબીપણું' — 'સેકયુલરિઝમ' — આપણે ત્યાં આવ્યું? સૌ કોઈ કહીએ છીએ કે, કોમવાદ, ભાષાવાદ અને જ્ઞાતિવાદનાં નવાં રાષ્ટ્રીય જોખમો આપણી સ્વતંત્રતાને ખરાબ કરી શકે છે, એ દશાને પહોંચી વળવાનું કામ પહેલું છે. પણ તેને અંગેની રાષ્ટ્રનીતિ કે કોઈ યોજના યા કાર્યક્રમ છે કે? આજે તો જે યોજનાઓ કાઢીએ છીએ, તે જ જાણે રાષ્ટ્રના ઘટકોમાં જુદાઈ, દ્વેષભાવ, ખેંચાખેંચી વગેરે પ્રેરતાં કારણો બની બેસે એવા ઘાટ જોવા મળે છે! શું વિકાસનો કાર્યક્રમ અને નવનિર્માણની યોજનાઓ એવાં ન યોજી શકીએ કે જેમાં પરસ્પરભાવ, સહકાર, અને સર્વોદયના ભાવો પ્રેરાય? ભર્તૃહરિની પેલી અમર કડીઓ યાદ આવે છે —

"यूयं वयं वयं यूयं इत्यासीन्मतिरावयोः ।
किं जातमधुना येन यूयं यूयं वयं वयम् ?"

સ્વતંત્રતાના લડતયુગમાં અને એના ભોગયુગમાં આ ફરક પડ્યો છે કે શું? એમ જ આપણા રાષ્ટ્રીય રચનાત્મક કાર્યક્રમમાંય ફરક પડવા નથી લાગ્યો? ગાંધીજીના ગયા પછી હિંદના જાહેર જીવનમાં જે એક ખાસ નોંધપાત્ર ફેરફાર થયો હોય તો તે આ દેખાય છે. આપણા રાષ્ટ્રીય એકાત્મભાને લૂણો તો નથી લાગવા મંડ્યો? આપણે આત્મશ્રદ્ધા અને રાષ્ટ્રનિષ્ઠામાં ઊતરવા તો નથી લાગ્યા?

રાષ્ટ્રનું શિક્ષણતંત્ર આ બાબતમાં શું કહે છે? તે શો જવાબ આપે છે? દુઃખની વાત એ છે કે, ત્યાં આ સવાલ જ સમજ્યો નથી; યથાપૂર્વમ્ એ ગાડું તો તેની જૂની અશ્રદ્ધા કે અનિષ્ઠા પર જ ગબડ્યા કરે છે. પાયાની કેળવણી એને મૂળમાંથી સુધારવા માટેનું પ્રયાણ હતું અને છે. પરંતુ એને જ વિષે અશ્રદ્ધા અને મિથ્યાચાર જોવા મળે છે. સરકારો અને તેમના પ્રધાનો જે વાત કરે છે તો એની જ; પણ કામો જુઓ તો જુદાં જ છે! આ જાતનો સૂક્ષ્મ દંભ આજે હિંદની સ્વરાજ્યયાત્રાને અંદરથી નબળી અને પાંગળી કરી રહ્યો તો ન હોય? રાષ્ટ્રાત્માએ અંતર્મુખ બની આત્મનિરીક્ષણ કરવાની ભારે જરૂર છે.

૧૦-૧૦-'૫૬ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુ-સ્વરૂપ ગાંધીજી

પૂજ્ય બાપુજીનું આપ સૌની વચ્ચે પાવનકારી સ્મરણ કરતાં આનંદ થાય છે. ગાંધીજી તો મહાત્મા તરીકે આખા જગતમાં પ્રસિદ્ધ થયા છે. પરંતુ આપણે તેમને બાપુજીના વહાલસોયા નામથી શા માટે ઓળખીએ છીએ? આટલા મોટા મહાપુરુષ આપણી સાથે શું ખરેખર બાપુજીની પેઠે વહાલથી વર્તી શકતા હતા ખરા?

ગાંધીજીના જીવનની આ બાજુ જો આપણે સમજીએ તો આવા પ્રશ્નો આપણને ન થાય. ખરી રીતે કહીએ તો પોતાને કોઈ 'મહાત્મા' કહીને સંબોધે એ ગાંધીજીને ગમતું જ નહીં. એ વિષે ગાંધીજીએ પોતાની 'આત્મકથા'માં કહ્યું છે: ". . . મને 'મહાત્મા'નું પદ મળ્યું છે એની કિંમત પણ જૂજ જ છે. કેટલીક વેળા તો એ વિશેષણે મને અતિશય દુઃખ પણ દીધું છે. એ વિશેષણથી હું કુલાઈ ગયો હોઉં એવી એક પણ ક્ષણ મને યાદ નથી." ગાંધીજીને તો 'બાપુ' એ સંબોધન જ પ્રિય હતું. પોતાના ઘણાખરા પત્રોમાં તેઓ 'બાપુના આશીર્વાદ' એવું પોતે જ લખતા. નીચેનો એક પ્રસંગ પણ એ વાતને સમર્થન આપશે.

એક વાર બાપુજી મુંબઈમાં જૂહુને કિનારે રહેતા હતા. સાંજની પ્રાર્થના પછી બાપુજી એમને ભેટ ધરેલાં ફળફૂલ બાળકોને હંમેશ મુજબ એક દિવસ વહેંચતા હતા. શ્રીમતી કમળાદેવી ચટ્ટોપાધ્યાય પ્રાર્થના પૂરી થયા પછી બાપુજીને પગે લાગવા ગયાં.

બાપુજીએ હસતાં હસતાં ફૂલનો એક હાર અને એક કેરી તેમને આપ્યાં. શ્રીમતી કમળાદેવી હસતાં હસતાં બોલ્યાં: "બાપુ, શું હું પણ નાનું બાળક છું?" એટલે બાપુજી હસતા હસતા બોલ્યા: "અજી આપ બચ્ચે નહીં, મગર બાપુ તો બાપુ હૈ."

બાપુજી પોતાના સૌ આશ્રમવાસીઓની પિતાની પેઠે જ સંભાળ લેતા હતા. કેટલાય મોટા વ્યવસાયમાં તેઓ હોય, તોયે સૌની સંભાળ લેવાનું તેઓ કદી વીસરતા નહીં. એનાં બેએક ઉદાહરણ આપને આપું એ પરથી એનો ખ્યાલ આવશે.

રક્તપિત્તના ભયંકર રોગથી પીડાતા શ્રી પરચુરે શાસ્ત્રીજીની બાપુજી પ્રેમભાવથી સેવા કરતા. તેમણે તેમને સેવાગ્રામમાં જ રહેવાની વ્યવસ્થા પણ કરી આપી હતી. એક વાર વર્ધામાં મહાસભાની કારોબારીની સભા ચાલતી હતી, ત્યારે તેનું કામકાજ અડધેથી છોડીને બાપુજી શ્રી પરચુરે શાસ્ત્રીની સારવાર કરવા માટે સેવાગ્રામ જવા ઊભા થયા. ખૂબ ગંભીર પ્રશ્નો પર ચર્ચા ચાલતી હતી, એટલે બાપુજીને સેવાગ્રામ જતા જોઈને શ્રી જવાહરલાલ નેહરુ જરા ચિડાઈને બોલ્યા: "સ્વરાજ અને કારોબારી કરતાંય સેવાગ્રામનું કામ વધારે મહત્ત્વનું છે?" બાપુજીએ મક્કમ અવાજે કહ્યું: "હા, છે. મારે માટે સ્વરાજ કરતાં એ ચડિયાતું કામ છે."

બીજો પ્રસંગ દિલ્હીનો છે. બાપુજી એક વખતે વાઇસરૉય સાથે મહત્ત્વની મંત્રણા કરવા માટે સીમલા ગયા હતા. જે કામ માટે બાપુજી આવ્યા હતા એ અંગે વાઇસરૉય સાથે કશું સમાધાન ન થયું. વાતવાતમાં વાઇસરૉયે પૂછ્યું: "મિ. ગાંધી, તમે ત્યારે હવે સેવાગ્રામ કયારે જવા વિચારો છો?" બાપુજી બોલ્યા: "જો તમને વાંધો ન હોય તો આજ સાંજે જ જાઉં. સેવાગ્રામમાં કેટલાક દરદીઓ મારી આતુરતાથી રાહ જોઈ રહ્યા છે!"

ગાંધીજી મહાત્મા હતા, રાજનીતિજ્ઞ હતા એ વાત તો સાચી; પરંતુ ગાંધીજીનું ખરેખરું સ્વરૂપ 'બાપુ' તરીકે જ વ્યક્ત થતું હતું. બાપુજી તો નાનાં મોટાં સહુના 'બાપુ' હતા. ગાંધીજીને ખરેખર જોવા જ હોય તો તેઓ જ્યારે બાળકોથી વીંટળાયેલા હોય ત્યારે જ જોવા. જીવનનો એ ધન્ય અવસર જ હોય. બાપુજી એટલે બાળકોના નિર્ભય સાથી, પ્રેમાળ માર્ગદર્શક. બાળકો બાપુજી આગળ સંકોચ વિના, ભય વિના મુક્તપણે વર્તતાં અને બાપુજી પણ તેમની વચ્ચે બાળકની પેઠે વર્તતા. અહીં એક સુંદર પ્રસંગ યાદ આવે છે:

આશ્રમમાં સાંજની પ્રાર્થના સાત વાગ્યે થતી. પ્રાર્થના પહેલાં બાપુજી રોજ ફરવા જતા. ફરવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરું થતાં પ્રાર્થના થતી. બાપુજી ફરવા નીકળે ત્યારે તેમનાં 'વહાલાં પંખીડાં' સાથે હોય જ. એક દિવસ પ્રાર્થનાના સ્થળે બાપુજી સાતેક મિનિટ વહેલા આવી પહોંચ્યા. પ્રાર્થનાનું સ્થળ હતું છતાં પ્રાર્થનાને હજી થોડી વાર હતી, તેથી બાળકો બાપુ સાથે રમતમાં પડ્યાં. પ્રાર્થનાના સ્થળ પાસે આવળનાં ઝાડ હતાં. તેનાં બિયાં વીણી વીણીને બાળકો એકઠાં કરવા લાગ્યાં અને વારાફરતી બાપુજીને પૂછવા લાગ્યાં: "બાપુજી, એકી કે બેકી?"

બાપુજી કહે: "એમ નહીં. જો મારું સાચું પડે તો બધાં બિયાં મને આપવાં પડે અને ખોટું પડે તો મારે વીણીને આપવાં. બોલો, છે કબૂલ?"

બાળકો આનંદમાં આવી જઈ બોલી ઊઠ્યાં: "કબૂલ; કબૂલ."

ઇન્દુએ કહ્યું: "બોલો બાપુજી, એકી કે બેકી?"

બાપુજી મુઠ્ઠીને દાબતા જરા આંખ મીંચીને બોલ્યા: "બેકી, ચાલ ઉઘાડ તારી મુઠ્ઠી."

ઇન્દુએ મુઠ્ઠી ઉઘાડી, બિયાં ગણ્યાં. ૨૨ નીકળ્યાં! ઇન્દુ હાર્યો.

બાપુ કહે: "કેમ હાર્યોને? આપી દે બિયાં. હવે રમવું છે કોઈને મારી સાથે?"

ત્યાં શાંતિ બોલી ઊઠી: "હવે મને કહો, એકી કે બેકી?"

બાપુજી કહે: "નહીં, એમ નહીં. હવે પૂછવાનો મારો વારો છે. બોલો, કોણ કહેશે? જો જો, જે કહેશે ને હારશે તો એણે જેટલાં બિયાં મારી મુઠ્ઠીમાં હશે તેટલાં મને આપવાં પડશે. બોલો, એકી કે બેકી?"

અલભદ્ર તરત બોલી ઊઠ્યો: "એકી."

બિયાં ગણીને બાપુ ખડખડાટ હસતા બોલી ઊઠ્યા: "બોટું, બોટું. લાવ ૨૮ બિયાં."

અલભદ્ર બિયાં વીણવા બેઠો!

શાંતિ કહે: "બાપુજી, હવે તો મારો વારો ખરોને? તમે ભલે બધી વાર જીતી ગયા. પણ આ વખતે તો હું તમને હરાવીશ. બોલો, એકી કે બેકી?"

બાપુજી ચારે બાજુથી મુઠ્ઠી દબાવતા બોલ્યા: "એકી."

શાંતિએ તો ગણીને જ બિયાં મૂક્યાં હતાં. તેથી અંગૂઠો બતાવતી તે બોલી: "હેયો, હાર્યાને! બોટું, બોટું, લાવો ૩૨ બિયાં. અરે શારદા, નીમુ, ઇન્દુ, અલભદ્ર, બાપુજી હાર્યા! હાર્યા! અરે અલભદ્ર, તારે બિયાં વીણવાની જરૂર નથી. બાપુ પાસે આપણાં ચાર બિયાં માગણાં રહ્યાં."

બધાં બાળકોએ 'બાપુ હાર્યા! બાપુ હાર્યા!'ના અવાજે વાતાવરણને ગજાવી મૂક્યું.

એવામાં પ્રાર્થનાનો ઘંટ વાગ્યો. એટલે બધું હાસ્ય, બધી રમતની મસ્તી અલોપ થઈ ગઈ અને આખા વાતાવરણ પર શાંતિ પથરાઈ ગઈ. આવી હતી બાપુજીની ખૂબી. રમતની વેળાએ રમત, આનંદ અને ગંભીર સમયે ગંભીરતા, શાંતિ.

બાપુજીના પ્રેમાળ બાપુપણાનું એક બીજું ઉદાહરણ આપું તો અસ્થાને ન ગણાય. એક નાનકડી બાળકીએ એક વાર બાપુજી પાસે જઈને પૂછ્યું: "બાપુજી, તમે નાના હતા ત્યારે પણ બધા તમને બાપુ કહેતા?"

બાપુ હસ્યા અને તેમણે રમૂજથી કહ્યું: "ના, ત્યારે તો કોઈ મને 'મોહન' કહે, તો કોઈ 'મોહનિયો' કહે."

આ સાંભળીને બાળકીને ખૂબ ગમ્મત પડી. તેણે "મોહનિયો, મોહનિયો" કહી નાચવા માંડ્યું. બાપુ પણ તેનો વિનોદ જોઈ ખડખડાટ હસવા લાગ્યા.

બાળકો પણ સંકોચ વિના બાપુને મન ફાવે તેમ સવાલો પૂછતા. બાપુ પણ તેમને આનંદથી જવાબ આપતા અને તેમના કાલાઘેલા સવાલથી કદી કંટાળતા નહીં.

એક વાર એક બાળકીએ બાપુને પૂછ્યું: "બાપુ, અહિંસા એટલે શું?" બાપુએ કહ્યું: "કોઈને દુઃખ ન થાય એમ વર્તીએ તે અહિંસા." બેલી બાળકી હસીને બોલી: "તમે અમારા ગાલ આમળો છો તે હિંસા ન કહેવાય?" બાપુજી ખડખડ હસતા એ બાળકીના ગાલને જોરથી આમળવા લાગ્યા.

બાપુજી જેલમાં ગયા હોય ત્યારે પણ આશ્રમનાં બાળકો બાપુને પત્રમાં જાતજાતના સવાલો પૂછતા. એક વાર એક બાળકે એક પ્રશ્ન લખી મોકલ્યો કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભીષ્મને શિખંડીને આગળ કરીને માર્યા અને જયદ્રથને માટે સૂર્યને સુદર્શન ચક્રથી ઢાંકી દીધો એ શ્રીકૃષ્ણ ભગવાને બરોબર કર્યું? અને જો બરોબર ન હોય તો એવાં નાટક આપણાથી ભજવાય?"

બાપુજીએ જવાબમાં લખ્યું: "તારો સવાલ સરસ છે. મહાભારત કાવ્ય છે, ઇતિહાસ નથી. જો માણસ હિંસાનો માર્ગ લે તો તેમાં સાચ્ચાજૂઠ આવે જ એમ બતાવવાનો કવિનો હેતુ છે, પછી તેમાંથી કૃષ્ણ જેવા પણ બચી નથી શકતા. બાકી ખોટું તો ખોટું જ છે. અને શિખંડીને આગળ કરવામાં તેમ જ સૂર્યને ઢાંકવામાં દોષ તો હતો જ. વ્યાસજીએ પણ મારા સ્મરણ પ્રમાણે એ પ્રસંગો દોષરૂપે વર્ણવ્યા છે. આવા દાખલાઓવાળાં નાટકોમાં એ દાખલા નકલ કરવા યોગ્ય નથી એમ બતાવ્યું હોય તો તે ભજવવામાં કદાચ દોષ ન હોય. છતાં તું પૂછે છે એ બહુ વિચારવા યોગ્ય તો છે જ."

એક બાળકીએ નાનકડા સંવાદમાં ભારતમાતાનો વેશ લીધો હતો તેને બાપુએ લખેલું કે 'તું ભારતમાતાના ગુણ કેળવજે.' એટલે એ બાળકીએ બાપુને પત્રમાં પૂછેલું: "બાપુ, ભારતમાતાના ગુણ કયા?" બાપુએ તેને લખ્યું હતું: "ભારતમાતામાં ધીરજ, સહનશીલતા, ક્ષમા, વીરતા, અહિંસા, નિર્ભયતા વગેરે ગુણો હોય. તે કેળવવાને સારુ તો આશ્રમ છે જ."

આવા આવા પ્રશ્નો બાળકો બાપુને પૂછતાં અને તેમની પાસેથી સમાધાન મેળવતાં. બાપુજી બાળકોને મજા પડે એવું જ હંમેશાં ન કરતા; એ નિર્દોષ આનંદમાંથી બાળકો કંઈક શીખે એની બાજ કાળજી રાખતા. તેથી બાપુજી જેલમાં હોય તોયે બાળકોને નિયમિત પત્રો લખતા જ. અહીં બેએક પત્રો જોઈએ.

આભડછેટ અંગે બાળકો અને બાળાઓને લખતાં બાપુજી કહે છે: "કોઈને પણ આપણાથી ઊતરતા કે ચડતા માનવામાં પાપ છે. આપણે બધા સરખા છીએ. આભડછેટ પાપની હોય, મનુષ્યની કદી ન હોય. જે સેવા કરવા ધારે છે તેની પાસે ઊંચનીચ હોય જ નહીં. ઊંચનીચની માન્યતા એ હિંદુધર્મ ઉપર કલંક છે તે આપણે કાઢવું જોઈએ."

બાપુજી બાળકોને અહિંસાનો પદાર્થપાઠ સુંદર રીતે આપતા તે નીચેના પત્ર પરથી જણાશે:

"કોઈને દુઃખ દેવું કે અગવડ કરવી એ હિંસા છે. સીસાપેનથી અક્ષર લખવા કે બરાબ અક્ષર લખવા તેથી વાંચનારને અગવડ પડે છે, દુઃખ થાય છે. તેથી સીસાપેનના અક્ષર કાઢવામાં હિંસા છે."

સત્ય-અસત્ય સમજાવતાં બાપુજી એક બાળકને લખે છે:—

"જેમ મેલામાં હાથ નાખીએ તો હાથ મેલો થાય, તેમ જૂઠું બોલીએ તો મન મેલું થાય. અને હાથ મેલા કરતાં મન મેલું થાય એ બરાબ. મેલો હાથ ધોઈને સાફ કરાય. મન એવી સહેલાઈથી સાફ ન થઈ શકે.

"જાણી જોઈને અસત્ય બોલે તે ગમે તેટલું પ્રાયશ્ચિત્ત કરે તોયે તે માફ ન થાય. પણ જે ભૂલથી બોલી નાખે તેને જ પ્રાયશ્ચિત્તથી માફ થાય. આ સમજાયું? ન સમજાયું હોય તો ફરી પૂછજે."

આવા તો બાપુના કેટલાય મનનીય પત્રો છે. હવે છેવટે બાપુજી બાળકોના ચારિત્ર્ય-ઘડતર માટે એક શિક્ષકની દૃષ્ટિએ કેમ કામ લેતા તેનું એક ઉદાહરણ આપી મારું વક્તવ્ય સમાપ્ત કરું.

બાપુજી ઘણી વાર આશ્રમની શાળાની મુલાકાત લેતા. એક વાર તેમણે વિદ્યાર્થીઓને પૂછ્યું: "હવે એક પ્રશ્ન પૂછું છું તેનો તમે બધાં વિચાર કરીને જવાબ આપજો. કયો વિદ્યાર્થી સૌથી વધારે જ્ઞાન મેળવે?"

પહેલો વિદ્યાર્થી — બુદ્ધિમાન હોય તે.
બીજો — જેની સ્મરણશક્તિ સારી હોય તે.
ત્રીજો — બહુ મહેનત કરે તે.
ચોથો — વર્ગમાં વાતો ન કરે તે.
પાંચમો — વર્ગમાં ધ્યાન આપે તે.
છઠ્ઠો — વહેલો ઊઠી વાંચવા બેસે તે.
સાતમો — વાંચતી વખતે રમત ન કરે તે.

બાપુ — તમારા બધાના ઉત્તર તો ઠીક છે. પણ હજી મેં ધાર્યો છે તે ઉત્તર કોઈએ નથી આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેત્રણ વિદ્યાર્થીઓએ ઉપરના જેવા જ બીજા ઉત્તરો આપ્યા, ત્યાર બાદ એક વિદ્યાર્થી બોલ્યો: "જેનામાં વિનય હોય તે."

બાપુજી પ્રસન્ન થઈને બોલ્યા: "સાવ સાચું. બહુ સારો ઉત્તર આપ્યો. હું કહેવા જતો હતો કે જે શિક્ષકની પ્રીતિ સંપાદન કરે તે સારામાં સારું શિક્ષણ મેળવે. વિનયી હોય તેની ઉપર શિક્ષકની પ્રીતિ થાય જ. એટલે તેં બહુ સારો ઉત્તર આપ્યો. પણ તારો ઉત્તર પૂરો નથી. વિનય સાથે ઉદ્યોગ પણ જોઈએ. એટલે વિનયી અને ઉદ્યોગી હોય તે શિક્ષકની પ્રીતિ સંપાદન કરે અને વધારેમાં વધારે જ્ઞાન મેળવે."

તમે સૌ વિદ્યાર્થીઓ પણ આજના પવિત્ર પર્વમાં વિનયી અને ઉદ્યોગપરાયણ વિદ્યાર્થી થવાનો સંકલ્પ કરો કે જેથી બાપુનો આત્મા પ્રસન્ન થાય અને તમારા વિકાસમાં સહાયરૂપ બને.*

સુકુલભાઈ કલાર્થી

* ગાંધી જયંતી વેળાએ ગુજરાત વિદ્યાપીઠમાં આપેલાં બે પ્રવચનોને આધારે.

શિક્ષણમાં ક્રાંતિની જરૂર

રાયપુર (મધ્ય પ્રદેશ) થી ડૉ. ચોહાણ કરીને એક ભાઈએ લખેલો પત્ર અને તેનો મારો જવાબ નીચે આપ્યાં છે, તે શિક્ષણક્ષેત્રે વિચારનારાઓને રસપ્રદ થશે એમ માનું છું.

૧

[ડૉ. ચોહાણનો પત્ર]

૫-૧૦-'૫૬

"સાદર નમસ્તે.

"આજનું શિક્ષણ ભારતવાસીઓનાં જીવનને અનુરૂપ નથી તેવા અસંતોષના ઉદ્‌ગારો રાષ્ટ્રપતિથી માંડીને નાનામાં નાના ગ્રામસેવક સુધીના સૌના મોઢે સાંભળવા મળે છે. તેમાં સુધારો કરવાના સક્રિય પ્રયાસ-રૂપે વારંવાર કમિશનો, કૉન્ફરન્સો અને નિષ્ણાતોની બેઠકો બોલાવાય છે. ઉચ્ચ કક્ષાએ નિર્ણયો પણ લેવાતા હશે. પણ દુઃખની સાથે લખવું પડે છે કે, અત્યાર લગી આ દિશામાં કશું અસરકારક થયું હોય તેવો અનુભવ થતો નથી.

"ઇન્દોર, પટના અને અમદાવાદના વિદ્યાર્થીઓનાં તોફાનો યુવાન માનસ કેમ ઘડાઈ રહ્યું છે તેનું દિશા-સૂચન કરવા પૂરતાં સ્પષ્ટ છે. આજના યુવાનો આવતી કાલે લોકસભા અને રાજસભામાં બેસશે અને સ્વતંત્ર ભારતની પૂર્ણ જવાબદારીનો બોજો ઉઠાવશે. જો તેઓનું ઘડતર આજથી યોગ્ય રીતે નહીં થયું હોય તો આઝાદ ભારતનું ભવિષ્ય અંધકારમય બનશે એમ લાગે એ સ્વાભાવિક છે.

"બેકારી, બેરોજગારી, પરોપજીવીપણું, શ્રમ પર અભાવ અને ઉચ્છૃંખલતા ભણેલા યુવાનોમાં વધારે દેખાય છે. તેથી નવા લોહીનો સદુપયોગ રાષ્ટ્રઘડતરમાં થતો નથી; બલ્કે બોજારૂપ બની અડચણરૂપ બનતો જાય છે. આ રીતે રાષ્ટ્રની વિપુલ જીવંત શક્તિ વેડફાઈ જાય છે. એ બધા હાથો દેશનાં સુખ સંપત્તિ વધારવા ઉપયોગમાં લેવાય તો વિકાસની ગતિમાં કેટલો વધારો થાય! તેને બદલે શિક્ષણના ક્ષેત્રે સાવકી માના જેવી ઉપેક્ષાવૃત્તિ દાખવવામાં આવે છે, એમ મારા જેવા કેટલાકને લાગે છે. સૌ શિક્ષણને વખોડે છે છતાં શા માટે નભાવે છે, એ સમજાતું નથી. . . ."

૨

[મારો જવાબ]

૧૫-૧૦-'૫૬

ભાઈશ્રી,

તા. ૫-૧૦-'૫૬ નો તમારો પત્ર, હમણાં હું મુંબઈ છું, ત્યાં મળ્યો. આજે કેળવણીના ક્ષેત્રમાં જે ચાલે છે, તેનાથી તમારી પેઠે ઘણાને અસંતોષ છે; અને તે સમજાય એવી બીના છે. ગયા રાજ્યે જે ઉદ્દેશો અને હેતુઓને સારુ પોતાનું શિક્ષણતંત્ર રચ્યું, તે આપણને વારસામાં મળ્યું છે. સ્વરાજ અને સ્વતંત્રતા આવતાંવેંત, તેમાં રહેલી ઊણપો અને અસંગતતા દેખાવા લાગી છે. નવા યુગની નવી જવાબ-દારીઓની તૈયારી માટે કેળવણી કેવી હોય તે તે કેમ રચવી એ વિચારીને તે આપણનું કામ તો હજી તેના લક્ષમાં જોઈએ તેવું આવ્યું નથી, એમ પણ કહેવાય. કડવું લાગે છતાં કહેવું પડે કે, સામાન્યપણે સ્થિતિ એ છે કે, જુનવાણી વિચારોનો કબજો કેળવણી-ક્ષેત્રમાં હજી સુધી અડગ ચાલુ છે. તે સંજોગમાં, રાષ્ટ્રની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રગતિની દૃષ્ટિએ વિચારતાં, તેના ઉપર ચીડ ચડે, અને ઈદોર, પટણા, અલ્હાબાદ બાદ હમણાં અલીગઢ, અમદાવાદ, વગેરે જગાઓએ જે બન્યું તે ઉપરથી તે બંધ કરવા જેટલે સુધી મન દોડી જાય, એ સમજાય એવી વાત છે. છતાં તેમ બની ન શકે.

શિક્ષણ આપણી સમાજજીવનની મહત્ત્વની રાષ્ટ્રીય પ્રવૃત્તિ છે. તે કાંઈ પંચવર્ષીય યોજનાનાં અમુક તમુક કારખાનાં કે બંધો ઊભાં કરવા જેવી આગંતુક કે વિશેષ નથી. રાષ્ટ્રનાં બાળકોને ઘટતી કેળવણી આપવાનું કામ તો ચાલવું જ જોઈએ. એટલે ચાલુ શિક્ષણ-તંત્રને સુધારવાના રચનાત્મક વિચારો અને કાર્યક્રમો તરફ આપણે વળવું જોઈએ. ઇચ્છીએ તેટલું આ આજે થતું નથી, એ દુઃખદ છે.

બાયાની કેળવણીનો કાર્યક્રમ ગાંધીજીએ આપણને બતાવ્યો હતો. તેમાં ઉપરની દૃષ્ટિવાળી ઊંડી સુધારણા કરવાની નેમ હતી અને છે.

આજની સરકારોએ આ કાર્યક્રમને માન્ય પણ રાખ્યો છે. પરંતુ તેના અમલમાં કશી બરકત દેખાતી નથી; બુદ્ધિ અને શ્રદ્ધા વચ્ચે આંતરો પડેલો લાગે છે.

બાયાની કેળવણીનો આ કાર્યક્રમ સફળ કરવો હોય તો ગાંધીજીએ ૧૯૪૬ માં શિક્ષણ પ્રધાનોને કહેલું કે, તેમને અને તેમના મુખ્ય અમલદારોને આ વિષે શ્રદ્ધા હોવી જોઈએ. શિક્ષણમાં ધરમૂળથી 'સમૂળી ક્રાંતિ'નો આ સવાલ છે. અને શ્રદ્ધા વગર ક્રાંતિ થતી નથી. આપણે ત્યાં આ જાતની કાંઈક મૂળ ગૂંચમાં મામલો અટવાયો લાગે છે. પણ તેથી નિરાશ થયે ન પાલવે. જેમને શ્રદ્ધા છે તેમણે આમાં મંડ્યા જ રહેવું જોઈએ. તો બુદ્ધિથી જે માનીએ છીએ તેમાં હૃદયબળ કોક દહાડો શક્તિસંચાર કરશે. સાચી વિકાસયોજના ખાદી અને ગ્રામોદ્યોગો દ્વારા બેકારી-નિવારણના દેશવ્યાપી પ્રજાકીય કાર્યક્રમને ઉપાડવામાં રહેલી છે. અને તેને સફળતાથી ચલાવવાને માટે દેશની કેળવણીનું નાવ બાયાની કેળવણીના સિદ્ધાંતો ભણી વાળવામાં ક્રાંતિ રહેલી છે. બાયાની કેળવણીની ક્રાંતિકારી દૃષ્ટિ અને કિંમત આ રહસ્યમાં રહેલી છે, એમ માનું છું. તેને અપનાવ્યા વગર શિક્ષણમાં સુધારાનું કોકડું ભાગ્યે ઉકલે. એ જ.

દા. સેવક
મ૦ પ્ર૦ દેસાઈના
વંદેમાતરમ્

શિક્ષકોની જવાબદારી

"મહાગુજરાત" આંદોલને ગુજરાતના જાહેર જીવન પરત્વે જાત જાતના ઊંડા અને અઘરા ગણાય એવા સવાલો પેદા કર્યા છે. તેમાં એક અને ખાસ કરીને શિક્ષણજગતને લગતો સવાલ એ જાગ્યો કે, લોકશાહી રાજ્યમાં શિક્ષણ અને રાજકારણ વચ્ચે કેવો સંબંધ હોવો ઘટે. તેમાંથી નીપજતા બે પેટા-સવાલ એ છે કે, વિદ્યાર્થીઓ અને તેમનાં મંડળો સક્રિય રાજકારણમાં ભાગ લે કે કેમ? તથા શિક્ષકો તેમાં કઈ રીતે વર્તે? આ સવાલો આજે ગુજરાતના શિક્ષણ-જગત સામે આવીને ઊભેલા છે.

ઉપરના વ્યાપક પ્રશ્ન ઉપરથી એક જરા જુદો પડતો સવાલ 'બૃહદ્ ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળે' ઊભો કર્યો. તે છે વિદ્યાર્થીઓના વર્તનને અંગે શિક્ષકોની જવાબદારીનો. આ વિષે અહીં લખવાનું એ કારણે થયું કે, તે મંડળે આ પરત્વે એક ઠરાવ કર્યો, તેમાં મારું નામ દઈને ટીકા અને વિરોધ કર્યાં! તેમાં નવાઈની વાત તો એ છે કે, એ ઠરાવમાં જે વાતનો નિષેધ કર્યો છે, તે વિષે હું બોલ્યો જ નથી! મને યાદ છે તે મુજબ, આ સંઘના એક વાર્ષિક સંમેલનનો હું પ્રમુખ હતો. તેથી, મારે અંગે કાંઈ પણ ઠરાવ કરવા પૂર્વે મને તે વિષે પૂછવા મૂકવાનો વિવેક પણ આ મંડળે ન કર્યો! છાપાંના હેવાલ પર આધાર રાખવો અને તે પણ કોઈ વ્યક્તિનો નામ દઈને નિષેધ કરવા સારુ, એ વિચિત્ર કહેવાય. અને એથી મેં તે બાબત સદરહુ સંઘના મંત્રી તથા પ્રમુખ સાથે પત્રવ્યવહાર કર્યો. તેમાંથી મંત્રી જોડેનો પત્ર-વ્યવહાર, આટલી પ્રસ્તાવના સાથે, નીચે પ્રસિદ્ધ કરું છું. મારે એટલું જ એ વિષે કહેવાનું છે કે, મેં તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંમેલનમાં સંઘે માની લીધેલું લાગે છે એવું કાંઈ જ કહ્યું નહોતું. જો મને અગાઉથી પૂછ્યું હોત તો સંઘને વેળાસર આ ખુલાસો હું આપી શકત.

૧૦-૧૦-'૫૬ મ૦

૧

[સંઘના મંત્રીએ પત્ર લખી મારી જાણને માટે તેના મહામંડળની કારોબારીનો નીચેનો ઠરાવ મોકલી આપ્યો હતો :]

"૧૯મી સપ્ટેમ્બર, ૧૯૫૬ના 'ગુજરાત સમાચાર'-ના અંકમાં છપાયેલ નડિયાદ મુકામે ભરાયેલા એક સંમેલનમાં શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ શિક્ષકો અંગે જે ટીકા કરી છે અને 'નૂતન શિક્ષણ'ના ઑગસ્ટના અંકમાં તંત્રીઓની પ્રાસંગિક નોંધમાં શિક્ષકોની જવાબદારી અંગેની જે ટીકા છે, તે બન્નેથી ઊંડું દુઃખ અનુભવતી મહામંડળની આ કારોબારીની સભા તે સામે પોતાનો સખત વિરોધ વ્યક્ત કરે છે. અને પોતાનો મક્કમ અભિપ્રાય જાહેર કરે છે કે, વિદ્યાર્થીઓના વર્તન અંગે શિક્ષકો કરતાં પણ વધારે જવાબદારી સામાજિક અને રાજકીય કાર્યકરોની જ છે. આ સભા નાગરિકમાત્રને વિનંતી કરે છે કે, શિક્ષકોના હાલના કાર્યક્ષેત્રની મર્યાદાઓને યોગ્ય રીતે સમજ્યા વગર શિક્ષકો પર ટીકા કરી તેમના સામાજિક દરજ્જાને હલકો ન કરવો અને તે પ્રમાણે વર્તી વિદ્યાર્થીઓની કેળવણી અને તેમના વિકાસને હંમેશનું નુકસાન ન કરવું.

આવાં બિનજવાબદાર નિવેદનોથી શિક્ષકોની પ્રતિષ્ઠાને ધોકો પહોંચે છે. જ્યાં સામાજિક કે રાજકીય કાર્યકરો પણ કશું કરી શકયા નથી, તે સંજોગોમાં શિક્ષકો પાસેથી અપેક્ષા રાખવી એ વધારેપડતું છે."

૨

[ઉપરના મંત્રીના પત્રના જવાબમાં મેં લખેલો પત્ર :]

ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ ૧૪,
તા. ૨૮-૯-૧૯૫૬

શ્રી મંત્રી,
મૂ. ગુ. મા. શિ. સંઘ
રાવપુરા, વડોદરા.

ભાઈશ્રી,

તમારા સંઘના ઠરાવની નકલ જાણને માટે મોકલી તે માટે આભાર. એ વિષે મારે કહેવું જોઈએ કે, આવો ઠરાવ કરતાં અગાઉ મને છાપાની જે વાતનો આધાર લેવાયો છે, તે બાબત પૂછ્યું હોત ને ખુલાસો કરવાની તક આપી હોત, તો સારું થાત; અને તે પછી તમે એક જવાબદાર સંસ્થા તરીકે વિચારત તો યોગ્ય ગણાત.

હું પણ શિક્ષક છું. કાંઈક તો તેમનાં માનઆબરૂનો ખ્યાલ મને છે એમ માનું છું.

આમ જોતાં તો સમાજનાં સૌ કોઈ જવાબદાર ગણાઈએ. તેમાં શિક્ષકો ન આવે એમ તો સંઘ નહીં જ માનતો હોય.

અને જે ઠરાવ થયો છે તેમાં મારી કઈ ટીકા, — કયા મુદ્દા ઉપરની, — સંઘે વિચારી, તેય સ્પષ્ટ નથી. મારો મુદ્દો વિદ્યાર્થીઓ સક્રિય રાજકારણમાં ભાગ લે એ પરત્વે હતો અને છે. "નૂતન શિક્ષણ"માં શું છે, જેનો વિરોધ સંઘે કર્યો છે, તે મને ખબર નથી.

શિક્ષકોના દરજ્જાને હલકો કરવા કાંઈ જ મેં કર્યું નથી. અને આપણે આપણી જવાબદારી સમજવી એ દરજ્જાને ઘટાડનારી ચીજ હું નથી માનતો. તથા વિદ્યાર્થીના સીધા સંપર્કમાં શિક્ષકો છે, તેથી તેમની જવાબદારી સમાજના બીજા સેવકોથી ઓછી તો ન જ માની શકાય, એમ કહેવું જોઈએ.

આથી કરીને, સંઘે કશી તપાસ કે પૂર્વ ખાતરી કર્યા વગર કે મને જવાબ આપવા દેવા જેટલોય વિવેક બતાવ્યા વગર જે ઠરાવ કર્યો છે, તેથી મને દુઃખ થાય છે. આમ લખવું પડે છે તે ક્ષમા કરશો.

લિ. સેવક
મગનભાઈ દેસાઈના
વં. મા.

તા. ક. આ પત્ર છાપામાં પણ જાહેર કરવા જરૂર જોઈશે, તો તેમ કરવાની તમારી રજા છે એમ માનું ને?

(સહી) **મ૦ મ૦**

૩

[મારા તા. ૨૮-૯-'૫૬ના ઉપરના પત્રનો મંત્રીએ લખેલો જવાબ :]

વડોદરા
૧-૧૦-'૫૬

"આપનો તા. ૨૮-૯-'૫૬નો પત્ર મળ્યો. આણંદની સભાના પ્રમુખશ્રી ઠાકોરભાઈ ઠાકોરે તા. ૨૮-૯-'૫૬ના 'ગુજરાત સમાચાર'માં આપે ઉઠાવેલા મુદ્દાઓનો જવાબ આપેલો છે, એટલે વધુ પત્રવ્યવહાર આ બાબતમાં કરવો મને વાજબી લાગતો નથી."

૪

[શ્રી મંત્રીના ઉપરના પત્રનો મેં લખેલો પ્રત્યુત્તર :]

તા. ૩-૧૦-'૫૬

ભાઈશ્રી,

૧-૧૦-'૫૬નો પત્ર મળ્યો. તમે વધુ પત્રવ્યવહાર ચાહતા નથી છતાં લખું છું તે ક્ષમા કરશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં તમારા પ્રમુખનું નિવેદન જોયું છે. ૨૮મીએ લખેલા મારા પત્રના મુદ્દાનો તેમાં તો કાંઈ જવાબ નથી. બલ્કે એ પણ દોષિત છે, જે મેં મારા પત્રમાં તમને પૂછ્યું છે. મેં તો એ પૂછ્યું છે કે, મારી કઈ સભામાં શી વાતને આધારે, મને તેની ખાતરી પૂછ્યા કે ખુલાસો કરવા દીધા વગર, તમારા સંઘે મારી જાહેર નિંદા કરી? એનો જે કાંઈ જવાબ આપો તો આભાર. એ૪.

દા. સેવક
(સહી) મ૦ મ૦ દેસાઈ

યુનિવર્સિટીની સ્વાયત્તતા

દક્ષિણ આફ્રિકામાં રંગદ્વેષનો જાતિવાદી જુવાળ કેટલો ચડતો અત્યારે છે, તે સૌ જાણે છે. તેમાં હવે એક પાયરી એવી આવી છે કે, ત્યાંની સરકારે ત્યાંની બે મોટી યુનિવર્સિટીઓને લખ્યું કે, તેમણે પણ રંગદ્વેષની અલગતા પાળવી જોઈએ. એટલે, કાળા અથવા બિનગોરાઓને તેમાં દાખલ ન કરવા. આ બંને યુનિવર્સિટીઓ કાળા ગોરા સૌને આજે દાખલ કરે છે.

આ જાતની દખલ સરકારે ત્યાં કરી તેનો જવાબ ત્યાંની યુનિવર્સિટીએ કેવો આપ્યો તેની ખબર છાપામાં કાંઈક વિગતે આવી છે. તે આધારે આ તેનો સાર અહીં ઉતારું છું.

'વિટ વૉટરસ્રાન્ડ' યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની મોટી સભા થઈ, તેમાં ૫૦ જણે જ સરકારી સૂચના તરફ મત આપ્યો; બાકી કુલ વિદ્યાર્થી-જગતે સામે મત આપ્યો અને તેમાં તેમના ઘણાખરા અધ્યાપકોએ ટેકો આપ્યો.

'યુનિવર્સિટી કોને ભણાવે, એ નિર્ણય તે પોતે કરે. તેમાં સરકારી દખલ ન હોય;' 'બધી જાતિના લોક ભેગા ભણવાથી કાંઈ ખરાબ નથી થયું;' 'કોણ દાખલ થઈ શકે તે વિદ્યાર્થીની લાભ ઉઠાવવાની શક્તિ પર જ નિર્ભર હોવું ઘટે.' — વગેરે ભાવો વિદ્યાર્થીઓએ જાહેર કર્યા.

સરકાર એવો ઇરાદો રાખે છે કે, બિનગોરાઓ માટે અલગ યુનિવર્સિટીઓ સ્થાપી ત્યાં તેમને જુદા પાડવા. એટલે કે, કાયદાને જોરે તે આમ કરશે. ત્યાંનું શિક્ષણ જગત આ સામે થયું છે.

કેપટાઉન યુનિવર્સિટીના અ૦ થૉર્નટન-વ્હાઇટ વિદ્યાર્થીઓને સંબોધીને તેમની એક સભામાં કહ્યું કે: "બુદ્ધિસ્વાતંત્ર્ય જોઈતું હોય તો બૌદ્ધિક પ્રામાણિકતા અને સત્યનિષ્ઠા વગર તે સંભવી ન શકે. કોઈ પણ યુનિ૦એ શું વિચારવું અને શું કરવું તે પરત્વે એ તદ્દન મુક્ત હોવી જોઈએ."

આ જાતની મુક્તતાનો અર્થ એ છે કે, કોઈ પણ વિચાર કે તેની કોઈ પણ બાજુ જોવા જાણવા સમજવા માટેની તત્પરતા કે ખુલ્લું મગજ હોવાં જોઈએ. એ દૃષ્ટિએ જોઈએ છીએ ત્યારે તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીના અમદાવાદ કેન્દ્રની વિદ્યાર્થી સભાએ જે કર્યું, એ કેવો કારમો જુલમ હતો, તે સમજાય છે. હિંદના વડા પ્રધાન ચાહીને તેમને અમુક વાત કરવા આવ્યા, તે સાંભળવી નહીં કે બીજાને સાંભળવા દેવી નહીં, એ કઈ જાતની વિદ્યાવિષયક સ્વતંત્રતા થઈ! કોઈની વાત માનવી ન માનવી એ દરેકના મનની છૂટનો સવાલ છે. પણ તે સાંભળવી પણ નહીં, કે ન સાંભળવા દેવી, એ તો સામાન્ય નાગરિકો માટે પણ ખરાબ ગણાય; તો વિદ્યાસંસ્થાને માટે તો તેથી કચાંય આગળ જાય. તેમાંય જે મુદ્દો હતો તે કોઈ વિદ્યાવિષયક નહોતો, કે જેવું દ૦ આફ્રિકામાં છે. માધ્યમ અંગે આપણે ત્યાં પણ આને મળતી સરકારી દખલ થઈ, તે પ્રસંગોપાત્ત યાદ આવે છે. તેવી દખલ સરકાર ન કરે એ જોવા સંભાળવાનું કામ યુનિવર્સિટીનું છે. દ૦ આફ્રિકાનો ઉપર ટાંકેલો દાખલો એ બતાવે છે. અને જે વિષયમાં તેણે ઝુંબેશ ઉપાડી છે તે પણ ઉદાર અને સ્વતંત્ર માનવતાને પોષક મુદ્દો છે, એ પણ યાદ રાખવા જેવું છે. એમ હોય તો જ વિદ્યા-સ્વાતંત્ર્યની ઝુંબેશ શોભે અને યોગ્ય પણ ગણાય.

૨૦-૧૦-'૫૬ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકમાં માતપિતાએ લુપ્ત થવું જોઈએ?

બાળકની સેવાની બાબતમાં માતપિતાએ કઈ હદ સુધી જવું, એ પ્રશ્ન જુદે જુદે સ્વરૂપે જુદે જુદે સમયે માબાપને પજવતો રહે છે. સૌ કોઈ જાણે છે કે, પોતાનાં માતાપિતાનું સમગ્ર લક્ષ પોતામાં રોકી રાખવાની બાળકની ભૂખ કેવી અતર્પ્ય હોય છે. માબાપ એ ભૂખને પૂરેપૂરી સંતોષવાનો પ્રયત્ન કરવા જાય, તો તેમનાં પોતાનાં વિકાસ, પ્રગતિ કે સાધનાનું શું થાય? બીજી બાજુ બાળ-માનસની વિકૃતિઓના અભ્યાસીઓ નિશ્ચયપૂર્વક કહે છે કે, માબાપ તરફથી શરૂઆતમાં પૂરતું લક્ષ મળવાને અભાવે બાળકમાં કેટલીય વિકૃતિઓ અને ઊણપો પેદા થાય છે. તેમાં બાળકની આત્મવિશ્વાસની શક્તિનું ઠીંગરાઈ જવું એ મુખ્ય છે. આ રીતે અપત્યધર્મ અને આત્મધર્મ એ બે ધર્મો વચ્ચે અથડામણ ઊભી થતી દેખાય છે. 'અતિ સર્વત્ર વર્જયેત્' અથવા 'મધ્યમ માર્ગ જ અપનાવવો' વગેરે ઝટ સ્ફુરી શકે તેવા જવાબો લક્ષમાં રાખવા છતાં, આ પ્રશ્નની બાબતમાં ઘણું વિચારવા જેવું રહે છે. અને થોડોક જ વિચાર કરવા જતાં જણાશે કે, આ સામાન્ય લાગતા પ્રશ્નને માનસશાસ્ત્રીય તેમ જ અધ્યાત્મશાસ્ત્રીય એમ બંને બાજુઓ છે.

એક વાત નક્કી કે, બાળકે પણ એ શોધ કરવાની છે કે, તે પોતે એક માનવ પ્રાણી છે; અને જ્યાં સુધી તે એવી શોધ ન કરી લે, ત્યાં સુધી તે માનવ પ્રાણીથી ઊતરતી કોટીનું જ છે (તજી દેવાયેલાં કે ખોવાયેલાં બાળકો ગમે તે રીતે જંગલમાં ઊછરે છે, તેઓ આ શોધ નથી કરી શકતાં; કારણ કે, પુખ્ત અને પરિપક્વ મનવાળાં માનવોના સંસર્ગમાં જ બાળકમાં રહેલી માનસશક્તિઓ જાગ્રત થાય છે.)

બાળક આ શોધ બે સ્વાભાવિક તબક્કાઓમાં કરે છે. પ્રથમ તબક્કામાં તેની કલ્પનાશક્તિ વિકસિત થાય છે; અને તે સાથે ગમે તેટલી વસ્તુઓ અને પરિસ્થિતિઓની માગણી કરવાની તેની શક્તિ વિકસે છે. (માનવબાળક સિવાયનાં બીજાં પશુકોટીનાં પ્રાણીઓનાં બચ્ચાંની બાબતમાં આમ બનતું નથી.) તેની આ નિર્દોષ સ્વાર્થપરાયણતા કે સ્વાભિમુખતા તેની માતાની આસપાસ કેન્દ્રિત થાય છે; કારણ કે પોતાની ઇચ્છાઓની તૃપ્તિના પ્રથમ સાધન તરીકે તેને તેનો જ પરિચય થાય છે. જેમ જેમ બાળક શીખતું જાય છે કે, માતા તેની ઇચ્છાઓ લક્ષમાં લઈ ને તેમને પૂરી કરવા પ્રયત્ન કરવાની જ છે, તેમ તેમ તેને એક પ્રકારનો આત્મ-વિશ્વાસ જન્મતો જાય છે. દરેક ઘર આમ, શરૂઆતના મહિનાઓ અને વર્ષોમાં, 'બાલ-કેન્દ્રી' હોય એ અનિવાર્ય છે.

બીજા તબક્કામાં બાળકને એ સમજવાનું હોય છે કે, તેનાં માતપિતાને પણ તેમનું પોતાનું જીવન જીવવાનું હોય છે,—બાળકના જીવન જેટલું જ અગત્યનું, અને ઘણી વાર તો બાળકના અશિક્ષિત જીવન કરતાં વિશેષ અગત્યનું. તેથી શક્ય હોય તેટલા પ્રમાણમાં માબાપ તથા બાળક એ બંનેની જીવનગત આવશ્યકતાઓને સરખું મહત્ત્વ અપાય એ રીતનો પ્રયત્ન આ શરૂઆતનાં વર્ષોમાં થવો જોઈએ. બાળક માતપિતાના રસો અને પ્રવૃત્તિઓ ભલે ન સમજી શકે; તોપણ તેમના રસો અને પ્રવૃત્તિઓને અનુકૂળ બનવું એ તેને માટે સૌથી વિશેષ સ્વાભાવિક વસ્તુ હશે. બાળકોએ પણ છેવટે એક માનવ કુટુંબના સર્જક સભ્ય બનવાનું છે. ઘણી વાર કહેવામાં આવે છે કે, 'બાળકોને પ્રથમ સ્થાન આપવું જોઈએ;' પરંતુ વસ્તુતાએ માતપિતાનું સ્થાન બાળક કરતાં પ્રથમ છે જ. તેથી, કોઈ અસહાય એવું બાળક સ્વાશ્રયી બનતું જાય, અને એ ધોરણે કુટુંબનું ભાગીદાર બને, એ જોવાની જવાબદારી માતપિતાની છે. કોઈ પણ ગોઠવણી માત્ર એકપક્ષી હોઈને સંતોષકારક ન બની શકે.

માતપિતાએ જેટલે અંશે માનવજીવનની પરમ સાર્થકતા વિષેની તથા તે અંગેના પુરુષાર્થ વિષેની ભાવના પોતાના જીવનમાં મૂર્તિમંત કરી હશે, તેટલે અંશે જ બાળક પ્રત્યેની તેમની વાલીપણાની વૃત્તિમાં ફરક પડશે. એટલું જ નહીં પણ તેમની વચ્ચે વાસ્તવિક સહકારની લાગણી જન્મશે. કારણ કે માતપિતાની આ પુરુષાર્થની ભાવનાનો બાળકમાં સહેલાઈથી સંચાર થાય છે અને એમાં ભાગીદાર બનવાની ભાવના બાળકમાં વિકસે તે માટેનો ધીરજપૂર્વકનો પ્રયત્ન હંમેશ ફળદાયક નીવડે છે. અંતે તો, બાળક પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરાવલંબી બનવામાં પણ નહીં, કે સ્વાવલંબી બનવામાં પણ નહીં, પરંતુ સહિયારા જીવનવ્યવસાયમાં સહાયક ભાગીદાર બનવામાં જ સૌથી વિશેષ કૃતાર્થતા અનુભવે છે.

માબાપ માટેનો પ્રશ્ન પણ સૌ માનવ પ્રાણીઓ માટેનો જે પ્રશ્ન છે, તે જ છે. બાળકની 'ખુશી'ને જ એકમાત્ર લક્ષ્ય બનાવી દેવા જતાં આપણે પ્રમાણબુદ્ધિ – તુલનાશક્તિ ગુમાવી બેસીએ એવો સંભવ છે. તેવું જ પોતાની સાધનાસિદ્ધિને જ એકમાત્ર અગત્ય આપવા જતાં પણ થાય. એટલે આ બાબતમાં માતપિતા અને બાળક એકબીજાને પ્રમાણ જાળવવામાં મદદગાર નીવડે છે. જોકે માબાપની ઘણી પ્રવૃત્તિઓ બાળકના સમજવામાં આવી ન શકે, અને તેથી તેને થોડીક મૂંઝવણ થાય, એ સ્વાભાવિક છે. પરંતુ માતપિતાના પુરુષાર્થમાં એકધારાપણું તથા સુસંગતતા જે પ્રમાણમાં હોય, તે પ્રમાણમાં બાળકની મૂંઝવણ ઓછી થતી જશે.

બાળકને તત્કાળ જે જોઈતું હોય તેટલાની જ અપેક્ષા હોય છે એમ હોતું નથી; તેને એવી વસ્તુના ભાગીદાર થવાની પણ અપેક્ષા હોય છે કે જેમાં તેને માત્ર આંતરિક શ્રદ્ધા જ હોય છે. અને તેની એ શ્રદ્ધા ત્યારે જ દૃઢ બની શકે, જ્યારે માબાપમાં તેઓ પુરુષાર્થ અને શ્રદ્ધામૂલક ઉત્સાહનું સાતત્ય દેખે.

પિતાને પોતાના વાચન કે અભ્યાસ કે પ્રવૃત્તિમાં વારંવાર બાળકની દખલગીરી ન ગમતી હોય તેથી કરીને એ પિતા નિષ્ફળ અથવા ઊતરતી કોટીનો પિતા છે એમ ન કહેવાય. કારણ કે ધ્યાન, એકાગ્રતા કે નિષ્ઠા એ વસ્તુઓ પણ ચેપી હોય છે. બાળકે અમુક સમય પોતાનાં માતપિતાને તેમના જીવનવ્યાપારમાં એકાગ્રતાથી પરોવાવા માટે મુક્ત કરતાં શીખવું જ જોઈએ; અને એવા સમય દરમ્યાન પોતાને ગમતી પ્રવૃત્તિઓ આપમેળે જેણે ઊભી કરી લેવી જોઈએ. અને બાળક સ્વાભાવિક રીતે તેમ કરી લઈ શકે છે. તેમ ન કરી શકનાર બાળકમાં થોડી ક્લિષ્ટતા ઊભી થાય અને તે એમ માનતું થાય કે તેને કોઈ બરાબર ચાહતું નથી.

જે સમયો ફુરસદના કહેવાય અથવા જે સમયોમાં એવી પ્રવૃત્તિઓ ચાલવાની હોય કે જેમને બાળક પણ સમજી શકે તેમ હોય, તે પ્રવૃત્તિઓમાં બાબાપે એકલપેટા થયા વિના બાળકને પણ ભાગીદાર બનાવવું એ હંમેશાં લાભદાયક નીવડે છે. અર્થાત્, બાળક કે માતપિતાને એમ તો હરગિજ ન લાગવું જોઈએ કે, તેઓ સદંતર જુદી દુનિયામાં વસે છે અથવા તેમના હેતુઓ પરસ્પર વિરોધી છે.

બાકી, મુખ્ય વાત એ છે કે, માબાપને પણ બાળક જેટલી જ 'વિકસતા રહેવાની' આવશ્યકતા છે. અને જે બાળકોનાં માતપિતા પોતે વિકાસશીલ જીવન જીવતાં હોય છે, તેમનાં બાળકો જ સૌથી વધુ સુખી હોય છે. કારણ કે પોતાના જીવનમાં વિકસિ અને સિદ્ધિની કૃતકૃત્યતાની લાગણી પ્રાપ્ત કરનારાં માતપિતા જ પોતાની પાસેથી બાળકને કાંઈક વિશેષ આપવાનું લઈને તેની પાસે ઊભી શકે છે.

માતપિતાનાં વલણ અને ભાવના એ જ છેવટે તો બાળકમાં આનંદ અને સુરક્ષિતતાની ભાવનાનાં મૂળ છે. માતપિતા જ્યારે બાળકનાં શરૂઆતનાં વર્ષોમાં જ વિકસતાં અટકી જાય, અને પછીના સાહચર્ય માટે કશું નવું લાવતાં બંધ પડી જાય, તેના જેવું કરુણ બીજું કશું નથી. બાળક આખો સમય શીખતું અને વિકસતું હોય છે; માબાપે પણ જો તેના સાચા સહચર બનવું હોય, તો જાતે શીખતા અને વિકસતા રહેવું જ જોઈએ.

આ વાત જેટલી માબાપો તથા વાલી માટે જરૂરી છે તેટલી જ શિક્ષકો માટે પણ છે. પોતાના વિદ્યાર્થીઓમાં જ પર્યાપ્તબુદ્ધિ માનનારા અને એ રીતે આગળ વિકસતા અટકી જનારા શિક્ષકો ખરી રીતે વિદ્યાર્થીને કશું આપી શકતા નથી. સાચો વિકાસ કદી સ્વ-પર્યાપ્ત રહેતો નથી અને હંમેશાં ચેપી હોય છે. શિક્ષકોએ પોતાનો વિકાસ કોઈ પણ ભોગે અટકાવવો ન જોઈએ. વિદ્યાર્થીઓના સાચા સહાયક બનવા માટે પણ તેમણે જાતે શીખતા અને વિકસતા રહેવું જોઈએ.

[–'મનસ' ૨૫ જુલાઈ, ૧૯૫૬ ના લેખ ઉપરથી] જા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિવેણી સંગમ

['૩૨ની સાલમાં પૂ. બાપુજી યરવડા જેલમાં હતા, ત્યારે એમની સાથે સરદારશ્રી વલ્લભભાઈ પટેલ અને શ્રી મહાદેવભાઈ દેસાઈ પણ હતા. આ ત્રણ મહાનુભાવોનો 'યરવડા મંદિર'માં થયેલો સંગમ ત્રિવેણી-સંગમ જેવો પાવનકારી છે. ત્યાં એમની વચ્ચે જે સ્નેહભીની પ્રેમળતાની સૃષ્ટિ સર્જાઈ હતી, એનું સુરેખ આલેખન 'મહાદેવભાઈની ડાયરી'માં થયેલું છે. એવા વિનોદભર્યા પ્રસંગોનું એ ડાયરીને આધારે કરેલું આ સંકલન સૌને આનંદપ્રદ થઈ પડશે. તેનો આગળનો હપતો.]

૧૧

દરરોજ સવારે ચાર વાગ્યે પ્રાર્થના પછી લીંબુ અને મધનું પાણી પીવાનું રાખ્યું હતું. ઊકળતું પાણી આવે તે મધ અને લીંબુના રસની ઉપર રેડવામાં આવે. પછી પાણી પીવા જેવું થાય ત્યાં સુધી વાટ જોતા કેટલીક મિનિટ બાપુજી, વલ્લભભાઈ અને મહાદેવભાઈ બેસી રહેતા અથવા બેઠા બેઠા વાંચતા.

બાપુએ પોતાના પાણી ઉપર કપડાનો કટકો ઢાંકવા માંડ્યો. બાપુએ મહાદેવભાઈને પૂછ્યું : "મહાદેવ, આ કટકો કેમ ઢાંકું છું ખબર છે? નાનાં નાનાં જંતુઓ હવામાં હોય છે તે પાણીની વરાળને લીધે અંદર પડવાનો સંભવ છે; એમાંથી બચી જવાય છે."

વલ્લભભાઈ હંમેશની રીતે બોલ્યા : "એટલી હદ સુધી આપણાથી અહિંસા ન પળાય."

બાપુએ હસીને કહ્યું : "અહિંસા ન પળાય, પણ સ્વચ્છતા પળાય ના!"

૧૨

'ક્રૉનિકલ'માં અનેક પ્રકારની હરીફાઈ આવતી. એક દિવસ કેટલાંક ચિત્રોથી સૂચવાતા ધંધાનાં નામોની હરીફાઈ હતી. બાપુ કહે : "ચાલો વલ્લભભાઈ, નામો સૂચવવા લાગો; ઇનામ લેવું છે ના?"

અને સાચે જ કાગળો લખાવતા હતા તે કામ મૂકીને બાપુ આ વિનોદમાં પડ્યા. બધાં નામો લખ્યાં. અને પછી મહાદેવભાઈને બાપુએ કહ્યું : "મહાદેવ, તમે 'એક્સ વાય ઝેડ' ને નામે એ મોકલો."

સાંજે મહાદેવભાઈએ બાપુને પૂછ્યું : "બાપુ, સાચે જ તમે ઇચ્છો છો કે આ મોકલવું?"

બાપુ કહે : "એમાં શું? એમાં થોડો બુદ્ધિનો ઉપયોગ છે અને નિર્દોષ ગમ્મત રહેલી છે."

૧૩

એક વાર બાપુ પર એક સરકારી પેન્શનરનો કાગળ હતો : '૭૦ વર્ષની ઉંમર થઈ છે, પણ દમનો ઉપદ્રવ બહુ પીડે છે. તમે અનેક પ્રયોગો કરેલા છે અને કુદરતી ઉપાયે દરદો સારાં કર્યાં છે, તો મને કાંઈ ન સૂચવો?'

મહાદેવભાઈએ બાપુને કહ્યું : "આવા કાગળના ક્યાં જવાબ આપતા ફરશો?"

બાપુ કહે : "ભલે" એમ કહીને કાગળ ફાડ્યો. એટલે સરદાર કહે : "અરે, લખોની કે ઉપવાસ કર, ભાજી ખા, કોળું ખા, સોડા પી!"

બાપુ ખડખડાટ હસી પડ્યા. અને છેવટે પોતાની રીત મુજબ તેમણે પત્ર લખાવ્યો.

૧૪

એક દિવસ એવલીન રેન્ચ તરફથી Fors Clavigera (ફોર્સ ક્લેવિજેરા)નાં ચાર પુસ્તકો આવ્યાં. બાપુ એ પુસ્તકો જોવામાં ગરકાવ થયા. એની પાછળની વિષયસૂચિથી આશ્ચર્યચકિત થયા અને એ જોવામાં તેમણે અર્ધોક કલાક આપ્યો.

વિષયસૂચિ જોતાં જોતાં બાપુએ પૂછ્યું : "'બ્રિટિશ આઇમલ' એ શું હશે?"

એ સાંભળીને વલ્લભભાઈએ પૂછ્યું : "બ્રિટિશ આઇમલ એટલે શું?"

બાપુ કહે : "એટલે બ્રિટિશ લોકોનું આઇમલ એ શું?"

વલ્લભભાઈએ તરત જ જવાબ આપ્યો : "પાઉંડ, શિલિંગ અને પેન્સ."

પુસ્તકમાં ખરેખર પાઉંડ, શિલિંગ અને પેન્સ એ બ્રિટિશ આઇમલ એમ જ લખેલું હતું!

વલ્લભભાઈ કહે : "જુઓ, આવું આવું મને આવડે છે ના?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

જેલમાં બાપુ આગળ છાપું વાંચવાનો વલ્લભભાઈનો ધંધો. વાંચતાં એમના ઘણા ઉચ્ચારોમાં ભૂલો હોય તેની એમને જરાય પરવા નહીં. ખાસ કરીને મદ્રાસ તરફનાં નામોના ઉચ્ચાર તો એમને કેમે કરી મોંએ ચડે જ નહીં. આરોગ્ય સ્વામી મુદલિયારને અંગ્રેજીમાં Arokia Swami લખેલું. વલ્લભભાઈ 'આરોકિયા' બોલે અને મહાદેવભાઈને હસવું આવે. એટલે પછી વલ્લભભાઈ મહાદેવભાઈને ચિડાઈને કહે: "તને હસવું આવે છે, પણ આમાં તો જે લખાણું તે વંચાણું."

બાપુ કહે: "પણ વલ્લભભાઈ, તામિલમાં 'ક' અને 'ગ' વચ્ચે ફેર નથી."

એટલે વલ્લભભાઈ કહે: "પણ અંગ્રેજીમાં તો 'G' છે ના? તે શા સારુ નથી લખતા?"

૧૬

વલ્લભભાઈ રોજ રસથી છાપાં વાંચે. બાપુ તે રસથી સાંભળે, કાંઈ નહીં તો રસથી સાંભળે એમ બતાવે. કોઈ વાર બાપુ કાંઈ લખતા હોય કે વાંચતા હોય તો વલ્લભભાઈ રોકાઈ રહે. વારંવાર જુએ કે બાપુ પોતાનું કામ પૂરું કરી રહ્યા કે નહીં?

એટલે બાપુ કહે: "કેમ વલ્લભભાઈ, 'હરે' કહું કે? એટલે તમારી કથા શરૂ થાય? તો ભલે 'હરે'."

૧૭

કલકત્તાના Royalists (રૉયલિસ્ટ્સ) ને માટે તૈયાર કરેલો બેન્થોલનો બાનગી અહેવાલ છાપામાં આવ્યો. તેની ઉપર છાપાંની ટીકા વંચાતી હતી. એમાં Gandhi's constructive vacuities (ગાંધીની રચનાત્મક ગફલતો) એવો શબ્દ-પ્રયોગ આવતો હતો. મહાદેવભાઈએ બાપુને પૂછ્યું: "બાપુ રચનાત્મક ગફલત એ કેવી થતી હશે?"

એટલે વલ્લભભાઈ કહે: "આજે તારી દાળ બળી ગઈ હતી ને, તેવી."

બાપુ બડબડાટ હસ્યા.

નવો કૂકર આવેલો. વલ્લભભાઈ સારી દાળ વિના ત્રણ મહિના થયા રહેલા અને તે દિવસે સારી દાળની આશા રાખતા હતા. ત્યાં પહેલે દિવસે પાણી ઓછું હોવાને લીધે અને દેવતા વધારે હોવાને કારણે દાળ બળી ગઈ હતી!

૧૮

કૂકરમાં દાળ બરોબર ન થઈ. એટલે બાપુ કહે: "એનાં કારણો શોધો."

પાણી ઓછું હતું એ તો સ્પષ્ટ છે જ. પણ બાપુએ એમના સ્વભાવ પ્રમાણે એની રચના વિષે સવાલો કર્યા.

પછી કૂકરની રચના જોઈને બાપુએ મહાદેવભાઈને કહ્યું: "નીચેના દાળના વાસણમાં દાળ મૂકવાને બદલે એકલું પાણી જ મૂકો અને દાળ ઉપલા વાસણથી શરૂ કરો. એટલે ત્રણ વાસણનો ઉપયોગ કરવાને બદલે ચારનો ઉપયોગ કરો અને સૌથી નીચેનાની બરાબર બધું પકાવો."

એ સાંભળીને વલ્લભભાઈ કહે: "એટલે મને સારી દાળ મળતાં ચારપાંચ દિવસ તો આ અખતરાઓમાં વીતી જશે."

૧૯

એક દિવસ બાપુની એક વાતથી વલ્લભભાઈ અને મહાદેવભાઈ બંને ચોંકચા! બાપુ કહેતા હતા કે, થાક હજી ઊતરતો નથી. શરીરમાં જે સ્ફૂર્તિની આશા રાખું છું તે લાગતી નથી.

એટલે વલ્લભભાઈ કહે: "ખજૂર ખાવાનું છોડ્યું એટલે. તમે બરોબર ખાતા નથી. ખજૂર મંગાવીએ, ફળ મંગાવીએ. ખાધા વિના શી રીતે સ્ફૂર્તિ આવે?"

બાપુ કહે: "તમને સાચું કહું? મને તો એમ થયાં કરે છે કે દશવીશ ઉપવાસ કરી નાખું તો કેવું સારું? . . . મને જરૂર લાગે છે કે એટલા ઉપવાસ કરું તો પાછી શરીરમાં નવી સ્ફૂર્તિ આવી જાય!"

મહાદેવભાઈ તો બાપુની ઉપવાસની વાત સાંભળીને મૂઝી જ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

તે વખતના ભાવિ રાજ્યધારણમાં ભાગ લેવા વિષે એક વાર બાપુએ કહ્યું : "એ તો જોઈને કહી શકાય. વિલાયતમાં પણ મેં કહેલું અને અહીં પણ કહું છું કે જો એમાં કશી સત્તા મળતી જ ન હોય તો તેનો કારમો વિરોધ કરજો; અને સત્તા મળી હોય તો ધારાસભાઓનો કબજો લેજો. હું ન હોઉં તો એટલું તો કહી જ જાઉં."

વલ્લભભાઈ એ સાંભળી બોલ્યા : "અહીં સુધી સાથે લાવ્યા અને એમ કાંઈ એકલા ચાલ્યા જવાશે?"

(ક્રમશઃ) સંપાદક મુ૦ ક૦

ગુજરાતી ગ્રંથો-૧૯૫૫

આ સાલમાં ગુજરાતી ભાષાનાં કુલ્લે ૧૪૩૦ પુસ્તકો કૉપીરાઈટ-સંગ્રહ માટે આવ્યાં છે. ૧૯૫૪ની સાલ કરતાં લગભગ સવાબસો જેટલાં વધુ આવ્યાં છે; છતાં વૈવિધ્ય કશું ખાસ જણાતું નથી. ઊલટું, કેટલાક વિષયો તરફ બિલકુલ દૃષ્ટિપાત થયો નથી.

આ ગ્રંથસંખ્યા વધવાનું એક મુખ્ય કારણ સરકારની પાઠ્યપુસ્તકો અંગેની નવી શરતો છે. કુલ સંખ્યામાં લગભગ અડધોઅડધ પાઠ્યપુસ્તકો જ છે. તે ઉપરથી જોઈ શકાય છે કે ૧૯૫૫માં સરકારની નવી શરતો પ્રમાણે પાઠ્યપુસ્તકો તૈયાર કરવા પાછળ કેટલો પ્રયત્ન થયો છે. મુખ્ય મુખ્ય વિષયવાર સંખ્યા નીચે પ્રમાણે થાય છે :

કેળવણી	૬૬૩ (પોઠ્યપુસ્તકો ને ગાઈડો ૬૪૫)
સાહિત્ય	૩૭૭ (વાર્તા – નવલકથા ૨૩૦)
ધર્મ	૧૫૯
વિજ્ઞાનો	૬૮ (વૈદક ૨૮)
ગાંધી સાહિત્ય	૧૭
પરચૂરણ	૧૪૬
કુલ	૧૪૩૦ પુસ્તકો

માસિક સરેરાશ લગભગ ૧૨૦ જેટલાં પુસ્તકો છપાઈને બહાર પડ્યાં છે, એટલે કે દરરોજ સરેરાશ ચાર પુસ્તકો બહાર પડ્યાં છે. જેમાંનાં બે પાઠ્ય-પુસ્તકો, એક નવલકથા અને એક ઇતર છે.

વિષયવાર જો ટકાવારી જોઈએ તો આ પ્રમાણે છે :

કેળવણી	૪૬%	સાહિત્ય	૨૬%
ધર્મ	૧૧%	વિજ્ઞાનો	૫%
ગાંધી સાહિત્ય	૧%	ઇતર	૧૦%

ઉપરના તારણ ઉપરથી શિક્ષણનાં પાઠ્યપુસ્તકો કે જે લગભગ જરૂરી અને કંઈક અંશે ફરજિયાત જેવાં ગણાય, તે બાદ કરતાં બાકીનાં પ્રકાશનોમાં લગભગ અડધો ભાગ માત્ર વાર્તાસાહિત્ય છે! આ વર્ષ દરમ્યાન ૨૩૦ જેટલી વાર્તાઓમાં પણ ૫૮ પુસ્તકો તો અનુવાદિત છે. આ અનુવાદો ભાષાવાર આ પ્રમાણે થયેલા છે :– હિંદી ૧૭, બંગાળી ૧૭, સંસ્કૃત ૮, અંગ્રેજી ૬, રશિયન ૩, મરાઠી ૩, ઉર્દૂ ૩, અને સિંધી ૧. કુલ આઠ ભાષાઓમાંથી અનુવાદો થયા છે; તેમાં હિંદી બંગાળીના સરખા છે.

કૉપીરાઈટ વિભાગનું વર્ગીકરણ ૧૯૫૪થી શરૂ કર્યું છે, જે અત્યારે લગભગ પૂરું થવા આવ્યું છે. ૧૯૦૧ની સાલનાં પુસ્તકોથી શરૂઆત કરી હતી, તે અત્યારે લગભગ ૧૯૫૧ની સાલ સુધીનાં વર્ગીકૃત થઈ ગયાં છે. આ ૫૦ વર્ષના ગાળા દરમ્યાન વર્ગીકરણના અનુભવે મેં જોયું કે, અનુવાદો મોટે ભાગે બંગાળી ભાષામાંથી જ થયા છે. પરંતુ હવે હિંદી રાષ્ટ્રભાષા નક્કી થઈ ચૂકી છે; એટલે જણાય છે કે, તેના અનુવાદોનો આંકડો પણ બંગાળી સુધી પહોંચી ગયો છે.

બીજી એક નોંધપાત્ર વસ્તુ એ જણાઈ કે, આ આખાયે વર્ષ દરમ્યાન માનસશાસ્ત્ર કે રાજ્યશાસ્ત્ર જેવા અગત્યના વિષય પર એક પણ પુસ્તક બહાર પડ્યું નથી! ગઈ સાલ ૧૯૫૪માં માનસશાસ્ત્રનાં ચાર અને રાજ્યશાસ્ત્રનું એક એમ પાંચ પુસ્તક બહાર પડ્યાં હતાં.

એ વિષયો મુખ્યત્વે કૉલેજ-મહાવિદ્યાલયના ગણાય. હવે શરૂઆતનાં વર્ષોમાં ત્યાં ગુજરાતી માધ્યમ દાખલ થતું જતું હોવાથી હવે જોઈએ કે ૧૯૫૬માં શું થાય છે.

દશરથલાલ શાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિવાદી રાજકારણ

અહિંસક સમાજ, શાંતિ અને અહિંસા, યુદ્ધનિષેધ, રાજ્યની હિંસાનો નિષેધ, ઇત્યાદિ વિષેના વિચારો આપણે ગાંધીજી પાસેથી શીખ્યા. આજે વિનોબા તે ભાવોને આગળ કરીને ભૂદાન પ્રવૃત્તિ ચલાવે છે. એ ભાવોનો રંગ ચાલુ રાજકારણમાં પણ ઊતરતો જોવા મળે છે. કારણ ઉઘાડું છે—આપણે સ્વરાજ્યવાળી પ્રજા બન્યા છીએ અને તેમાં સાચી પ્રગતિ કરવા માગીએ છીએ.

આથી કરીને ઉપર કહેલા બધા ભાવો વિષે ચિંતન મનન અને તે મુજબનો અમલ થવો જોઈએ. આ ભાવો જો કેવળ લાગણીના જ ક્ષેત્રમાં રહે, (કે જેવી ભીતિ આજે સ્પષ્ટ દેખાય છે,) તો તેમાં નથી તે ભાવોનું ઝાઝું અનુશીલન શકય કે નથી આપણી પ્રગતિ શકય. 'આપના કૂવામાં ડૂબી ન મરાય, પણ તરવાનું છે'—એ ધ્યાનમાં રાખીને આગળ ચાલવું ઘટે છે.

આ દૃષ્ટિએ એક મનનીય વિચાર અમેરિકન અઠવાડિક 'મનસ'માં હમણાં વાંચ્યો તે પરથી આ લખું છું. અહિંસક સમાજનું રાજકારણ એ ખરું જોતાં પ્રજાનું લોકશિક્ષણ અને ધર્મકારણ છે. એ પ્રવૃત્તિ સનાતન છે. તેની સરખામણીમાં રાજકારણ એથી જુદી અને વધારે વર્તમાન-લક્ષી કાર્ય છે. તેની રીત-રસમો અને કાર્યો આદર્શ કે તત્ત્વશુદ્ધ કરતાં વધુ વહેવારુ અને પરિસ્થિતિ-શુદ્ધ હોય છે. એમાં પણ અમુક શિક્ષણશક્તિ તો છે જ; પણ તે પ્રત્યક્ષ શિક્ષણ કરતાં સત્તાકારણ વધારે હોય છે. ખરું જોતાં લોકશાહી રાજકારણની પ્રવૃત્તિ સત્તાકારણ નહીં, પણ સેવાકારણ હોવી કે થવી જોઈએ. આ જાતનું રાજકારણ પેદા કરવું હોય તો તે રચનાત્મક કાર્યોની નિષ્ઠામાંથી અને તેના જોરે જનમવું જોઈએ. ટૂંકમાં રાજકારણ એટલે પ્રજાનું સત્તાકારણ જ નહીં, પણ મૂળે જોતાં તે તેનું સેવાકારણ હોવું જોઈએ. અહિંસાવાદી કે શાંતિવાદી રાજકારણ આ ઢબે જ શકય છે. તો તેમાં શિક્ષણનો ગુણ પણ આવે અને કાર્યક્રમબદ્ધતા પણ આવે, કે જે બે વચ્ચે ભેદ કરીને 'મનસ'નો લેખક રાજકારણ અને શિક્ષણ વચ્ચે ભેદ કરે છે. આ ભેદ તલસ્પર્શી અને સાચો છે. પ્રજાજીવનની આ બે અનિવાર્ય વૃત્તિઓમાં મેળ સાધીને ચાલવું એ ગાંધીજીનાં રાજ-કારણની ખૂબી હતી. તેવા રાજકારણ પરત્વે નીચેનો વિચાર પ્રેરક બનશે એમ માનું છું. આટલી પ્રસ્તાવના સાથે 'મનસ' (તા. ૨૦-૬-'૫૬)નો એ વિચાર નીચે આપું છું :—

"રાજકારણમાત્રનો આખરી હેતુ તો સત્તા છે. એટલે જે કોઈ રાજકારણક્ષેત્રમાં મથતો હોય તેણે એટલી તો પોતાના મનની અંદર ખાતરી કરી લીધી હોવી ઘટે કે, સત્તા મળે પછી તે વડે એ કરવા શું માગે છે...

'જેને શાંતિવાદી રાજકારણ કહે છે તે હવે જોઈએ. બુદ્ધિથી સમજાય એવું રાજકારણ હોય તો તે આ જ કલ્પી શકાય છે. છતાં શાંતિવાદી રાજકારણના સંબંધમાં સત્તાનો વિચાર સ્પષ્ટ ન સમજાય એવો છે. એમ જો કહો કે, શાંતિવાદી રાજકારણીઓ પોતાના હેતુઓ સાધવાને માટે નૈતિક બળ પર આધાર રાખશે, તો અમને એમ લાગે છે કે, તેવા માણસે યા તો અફલાતૂન જાદુગર જેવા થવું જોઈએ, અથવા તો પછી પોતાના આદર્શો અને હેતુઓને લોકો ટેકો આપતા થાય ત્યાં સુધી રાહ જોવી ઘટે. હવે જો એટલી લાંબી રાહ જોવાની હોય, તો એનો અર્થ એ કે, તેની પાસે કોઈ રાજકીય કાર્યક્રમ જ નથી; જો હોય તો તે કાર્યક્રમ શિક્ષણનો છે. અને એના આ શિક્ષણ કાર્યક્રમનો હેતુ સધાય ત્યાં સુધીમાં તત્કાલીન રાજકીય હેતુઓ તો ધરમૂળથી બદલાઈ ગયા હશે—કે જે આપણે કલ્પી ન શકીએ. તો પછી રાજકારણની વાત કરવાનો શો અર્થ? રાજકારણ એટલે એ અર્થમાં કે, તે સત્તાપ્રાપ્તિનું સાધન છે."

૨૦-૧૦-'૫૬ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



श्रेयश्च प्रेयश्च मनुष्यमेतः
तौ संपरीत्य विविनक्ति धीरः।
श्रेयो हि धीरोऽभिप्रेयसो वृणीते
प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते ।।

—શ્રેય (આત્માનું કે ખરેખરું કલ્યાણ) અને પ્રેય (લૌકિક કે ઇંદ્રિયોને પ્રિય લાગે એવું દુનિયાનું સુખ) એ બંને મનુષ્યની સામે આવીને ઊભાં છે. ધીર કે ઠરેલ વૃત્તિવાળો માણસ બંનેની ઉચિત સમીક્ષા કરીને એમાંથી એકની પસંદગીની બાબતમાં વિવેકથી કામ લે છે. તે પ્રેયને બદલે શ્રેયને જ પસંદ કરે છે. મૂર્ખ માણસ પ્રેયને યોગક્ષેમ (દુન્યવી લાભ-રક્ષા)નું સાધન સમજીને તેને અપનાવે છે.

[કઠોપનિષદ ૧. ૨, ૨]

अयसा व मलं समुट्ठितं
तद्रुट्ठाय तमेव खादति।
एवं अतिधोनचारिनं
सानि कम्मानि नयन्ति दुग्गतिं ।।

—લોઢાથી ઉત્પન્ન થયેલો કાટ તેમાંથી ઉત્પન્ન થઈ ને તેને જ ખાય છે. એવી રીતે શુદ્ધિને ઉવેખીને વર્તનાર માણસને પોતાનાં જ કર્મો દુર્ગતિમાં લઈ જાય છે.

[ધમ્મપદ ૧૮-૬]

જ્યારે ઈશ્વર આફત મોકલે છે ત્યારે તેમાંથી ઊગરવાનો રસ્તો હોય છે, પણ જ્યારે આપણે આફત ઊભી કરીએ છીએ ત્યારે જીવવું અશક્ય થઈ પડે છે.

—કૉન્ફ્યૂશિયસ

સોયના નાકામાં થઈ ને ઊંટ નીકળી જાય, પણ પ્રભુના ધામમાં પૈસાવાળાનો પ્રવેશ થવો દોહ્યલો છે.

—ઈશુ ખ્રિસ્ત

હે પિતા, મુજને તવ શાંતિનું સાધન બનાવ. જ્યાં ધિક્કાર વરસતો હોય ત્યાં મને પ્રેમ રોપવા દે. જ્યાં હતાશાની છાયા પ્રસરેલી હોય ત્યાં મને આશા સિંચવા દે. જ્યાં દુઃખનું વાદળ ઘેરાયેલું હોય ત્યાં મને પ્રકાશ પાથરવા દે.

—સંત ફ્રાન્સિસ

ભગવાનની સાથે રહેતાં શીખશો, તો અંતઃકરણમાં શાંતિ અને જીવનમાં આનંદ મળશે. મોટામાં મોટી સંપત્તિ જ એ છે.

—દીનબંધુ એન્ડ્રૂઝ

હજારો મણ કચરો ખૂબ પરિશ્રમ કરીને કાઢીએ ત્યારે એકાદ હીરો હાથ લાગે છે. આપણે એવો થોડો પણ પરિશ્રમ કચરારૂપી જૂઠ કાઢવાને અને હીરારૂપી સત્ય શોધવાને માટે કરીએ છીએ ખરા?

—ગાંધીજી

સંપૂર્ણ ત્યાગ અને સર્વાંશે સ્વીકાર કરવાની વિરોધી ક્રિયાઓને ભેગી લાવનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા તેમને અવિભાજ્યપણામાં જોડનાર કોઈ શક્તિ વિશ્વમાં હોય તો તે પ્રેમ છે.

—કવિવર રવીન્દ્રનાથ ટાગોર

મનુષ્યે પોતા પ્રત્યે જોવાની દૃષ્ટિમાં સાફ થવાની જરૂર છે.

—કિ૰ ઘ૰ મશરૂવાળા

પોતાની વાસનાઓના ગૂઢ લક્ષ્યને શોધી કાઢો. પછી તમે માયાના મોહમાં ભરમાશો નહીં.

—જે. કૃષ્ણમૂર્તિ

માણસનાં દિલ સુંદર વ્યાખ્યાનથી હલાવી શકાતાં નથી; અને હલાવી શકાય તોપણ ક્ષણ માટે જ. જો કાંઈક ભારે કામ આપણે કરવું હોય તો તે કરીને જ બતાવી શકાય.

—વલ્લભભાઈ પટેલ

જીવન મને સોનું આપે છે અને હું તમને રૂપું આપું છું, ત્યારે ખરેખર હું કેવો કંજૂસ લાગું છું! છતાં હું ઉદાર છું એમ હું માનું છું!

—ખલિલ જિબ્રાન

ગાંધીજીનો એક પત્ર

[શ્રી મહાદેવભાઈ પરનો આ પત્ર બાપુના અપ્રગટ દફ્તરમાંથી મળ્યો તે પ્રસિદ્ધ કરવામાં આવે છે.]

આશ્રમ, ૨૩–૫–'૨૦

ભાઈશ્રી ૫ મહાદેવ,

તમારો કાગળ ૫ મીનો આજે જ મળ્યો છે. તમારે હવે તમારી નિરાશામાંથી, તમારી શૂન્યતામાંથી નીકળી જવાની જરૂર છે. શાહૂર એની મેળે આવશે. બળાત્કારે નહીં આવે. મારાથી દૂર જવાથી એ નહીં આવે. મારી પાસે રહેતાં જે કામ થઈ શકે તે કરવાથી જ આવવાનું છે.

શાંતિ તે ક્યાંયથી વેચાતી મળવાની હતી? મહેલમાં મહાલતો રાજા ભારે અશાંત હોય ને . . . જેવો મહાવ્યથાથી પીડાતો શાંત હોઈ શકે. બનિયનને ક્યાં પોતાની જેલમાં થોડી શાંતિ હતી! તમે ખાટલામાં પડ્યે શાંતિ નહોતી ભોગવી? જીવ વલખાં ન મારે તો શાંતિ ભોગવે. અને વલખાં તો મંગળદાસ ક્યાં નથી મારતા? ને કેટલાયે મજૂરો શાંતિ ભોગવી રહ્યા છે. તમારું શરીર ચાલે તેથી વધારે શું? ન ચાલે તેથી ઓછું શું? તેની ગતિ તમે ન રોકો. તમે તેને સારુ જોઈતા ઉપાય લો એટલે બસ છે. 'मन एव मनुष्याणां' માં કેટલું જોર છે એ કોણ જાણે છે? હમેશાં સાંભળીએ તેથી કંઈ તેનું સત્ય ઓછું થાય છે કે? અને જો તેનું સત્ય તમે માનો તો એ જ ગોખીને તમારો શોક, તમારી ગ્લાનિ, તમારી નિરાશા, તમારા તરંગો સમાવી દો.

આ રહ્યો વાઇસરૉયનો કાગળ. મારે હવે જવું જોઈએ એમ લાગે છે. મારે એટલે આપણે. મેં શૌકતઅલીને લખ્યું છે. તે મુંબઈ છે. અહીં તેડાવેલ છે. પછી બબર પડશે. તમે જરાયે વિહ્વળ ન થજો. પરમ શાંતિ ભોગવી રાહ જોજો. થનારું હશે તે થશે. તમારી ચિંતા, તમારો પોશાક એ બધું મારે જ જોવાનું છે ના? એટલે તમને કહું ચાલો ત્યારે ચાલજો. મને ઉતાવળ નથી, કેમ કે હું ઘેર બેઠો છું.

* * *

કાલે ખિલાફત મીટિંગ સરસ થઈ. મને સંતોષ વળ્યો. બધા જોરમાં હતા.

બાપુના આશીર્વાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલ્હીમાં ગાંધીજી

[શ્રી મનુબહેન ગાંધીની ડાયરીમાંથી]

તા. ૨૬-૧૧-'૪૭
બિરલા હાઉસ, નવી દિલ્હી

નિયમ મુજબ પ્રાર્થના. પ્રાર્થના પછી કાગળો લખાવ્યા.

એક પત્રમાં જૂનાગઢના કોકડા વિષે લખ્યું:

"હૈદરાબાદનો પ્રશ્ન પણ એના કરતાંયે વધારે ખરાબ રીતે ઉપસ્થિત થયો છે. અને કાશ્મીર તો ઊકળે છે. હું તો હિંદના ભાગલાની તરફેણ નહોતો કરતો, કારણ કે મને આ કલ્પના હતી જ. એટલે અત્યારે જે કટોકટીનો કાળ ચાલી રહ્યો છે તે વિષે મને પોતાને કશી નવાઈ નથી લાગતી. અને કૉંગ્રેસમાં કે જેલમાં જઈ આવેલાં ભાઈબહેનોએ તો જાણે મારા પર મહદ્ ઉપકાર કર્યા હોય તેમ સ્થાન, કીર્તિ માટે પડાપડી કરી રહ્યા છે. રોજ રોજ એવા સંખ્યાબંધ કાગળો જોઈ મને આપણી દેશસેવકોની મનની પરિસ્થિતિ પર ગુસ્સો નથી આવતો પણ દયા ઊપજે છે. બાકી તો ઈશ્વર સહુને સનમતિ આપો."

* * *

"હવે તને સાવ સારું થઈ જ ગયું હશે. તારો ધર્મ અત્યારે ભણવાનો જ છે. ભણવાનું છોડીને મારી પાસે આવીશ તો તેમાં કશો જ લાભ નથી. ભણીને ભણતરને યોગ્ય સેવા કરીશ એટલે મારી જ સેવા કરી રહી છે એમ હું તો માનીશ જ અને તું માનજે. મારા પગ ચાંપવા કે મને બે બાખરા કરી આપે તો જ મારી સેવા કરી ગણાય એમ નથી જ. ઊલટાના મને ગમતા લોકો ઉપયોગી, દરિદ્રનારાયણની જે સેવા કરી શકે છે તે જ મારું સાચું કામ, મારી સાચી સેવા છે. પણ સહુથી પહેલો તારો ધર્મ સાજા થવાનો છે.

"ચિ. મનુડી ઠીક છે. ખૂબ નોંધો કરે છે. એને ઠંડી ખૂબ લાગે છે. ખરું પૂછો તો આપણામાં કહેવત છે કે, બાળકોની ટાઢ તો બકરા ચરી જાય — પણ અહીં તો ઊંધું છે. બુઢ્ઢાની ટાઢ બકરી ચરી જાય છે!

"લે આજે તો ઘણું લખ્યું. અને સ્વસ્થ ચિત્તે આપણી પાસે જે ધર્મ આવી પડે તેને જ સંભાળી લેવો."

* * *

"મેં જાનતા હૂં કિ અખબારોંમેં જો અનુવાદ હોતા હૈ વહ કભી કભી ગલત ભી હોતા હૈ, ઇસીલિયે તો મૈં ખુદ હી અંગ્રેજી લિખકર હી દેતા હૂં. ફિર ભી ઐસા કયોં હુઆ હોગા ખુદા જાને.

"દક્ષિણકે કલ હી જ્વાજાસાહબ આયે હુએ થે, ઉનહોંને ભી મુઝે યહી બાતેં સુનાઈ. મૈં હૈરાન હો ગયા. કૈસા અચ્છા હોતા અગર ઉનકો કોઈ મારતા — ઔર વહ તો ઐસા આદમી હૈ કિ ખુદાકા નામ લેતે લેતે બડી બહાદુરીસે મરતા.

"મૈં યહાં મુસ્લિમ મહોલ્લેમેં આકર રહના ચાહતા હૂં. અભી કોઈ તય નહીં હુઆ. દેખેં કયા હોગા! હૈદરાબાદકા મામલા ભી કઠિન હૈ, જૂનાગઢકા તો એક કિસમકા તમાશા હી હો ગયા. બડી બહાદુરી દિખાઈ હૈ ઐસા મૈં નહીં માનતા. આખિર હિંદી સૈન્યકા પીઠબલ થા ન?"

પત્રો લખાવ્યા પછી બાપુજીએ આજે થોડીક વાતો કહેતાં મને કહ્યું, "તું સમજે છે ના કે હું કેવી ભયાનક વિપત્તિમાંથી પસાર થઈ રહ્યો છું? . . . તો તો જાણે હું દુશ્મન હોઉં એમ . . . ને લાગે છે. પણ હું શું કરું? મારે સાચી હકીકત કહેવી જ જોઈએ. નહીંતર પ્રજાનો બેવફા જ નીવડું. જવાહરલાલ પણ આ સ્થિતિથી ખૂબ બેચેન છે. આવી નાજુક પરિસ્થિતિમાં મને મહાદેવ આજે બહુ યાદ આવે છે. એનામાં બે ભારે કુનેહ હતી. સહુની સાંકળરૂપ બની એણે નાજુકમાં નાજુક કડીને કડીબદ્ધ જ રાખવામાં ખૂબ જહેમત ઉઠાવી હતી. તું જો તો ખરી . . . તે ખાસ બોલાવ્યા છતાંય આવ્યા નથી. બે શું બતાવે છે? હું પોતે મારો ધર્મ વિચારી રહ્યો છું. તું ખૂબ સાવધ રહેજે. સુશીલા, આભા, બિમલેન, બધાં જ ફાવે ત્યારે ભાગી શકે છે. પણ તું તો આ યજ્ઞની ભાગીદાર છે. એથી તારી જવાબદારી નોઆખાલી કરતાંયે અહીં ખૂબ વધેલી જાણજે. કારણ કે નોઆખાલીમાં તો અમુક જાતની જ પરિસ્થિતિ હતી, જ્યારે અહીં જે બખેડો છે બે નોઆખાલીની કતલ કરતાંયે, મારી ભાષામાં અને મારી દૃષ્ટિએ, વધારે વિષમ કત્લેઆમ છે."

બાપુજીએ સવારના પહોરમાં કંઈ ઘણે સમયે મને આવી વાતો સંભળાવી. બાપુજીનું હૃદય ખૂબ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યથિત છે. આ રાજધાનીમાં અને મહેલ જેવા મોટા બંગલામાં સાથીઓની વચ્ચે રહેવા કરતાં નોઆખાલીમાં અમે કોઈ વેળા ઝાડની નીચે વાસ કર્યો, તો કોઈક વેળા તૂટેલા ફૂટેલા ઝૂંપડામાં રહ્યાં, અને લોકો બાપુને દુશ્મન જાણતા — છતાં બાપુજી અહીં કરતાં હજાર ગણા પ્રફુલ્લિત અને આનંદિત રહેતા. રાતના બાર બાર વાગ્યે સૂતા, અસહ્ય ઠંડીમાં પણ નિયમિત બે વાગ્યે ઊઠીને કામે ચડતા. કાતિલ ઠંડીમાં સાત વાગ્યે ખુલ્લે પગે કાંટા-ગારા-વાળી કેડીઓમાં ચાલતા. છતાંય અહીં જેટલો થાક નહોતા અનુભવતા.

મારી સાથે વાતો કરી સૂતા. પગ દાબ્યા. ૬–૪૫ જાગ્યા. રાજેન્દ્રબાબુજી અને સોહનલાલજી ચરખા સંઘવાળા આવ્યા હતા.

માઉન્ટબેટને પોતાનો ચાર્જ સંભાળી લીધો છે. અને રાજાજી આજે કલકત્તા પાછા પોતાને સ્થાને જશે. ફરતી વેળા સોહનલાલજી સાથે ખાદી વિષે વાતો કરી. બાપુજી કહે, "સ્વરાજ્ય મળ્યા પહેલાં ખાદીની સુવાસ હતી તે ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટ પછી કંઈક ઓછી થઈ હોય તેમ હું તો અનુભવી રહ્યો છું. (વધવી જોઈએ તેના કરતાં) પણ મારું તો હવે બધી દૃષ્ટિએ અરણ્ય રુદન જ સમજવું. તમે બધાં જ ખોટાં છો, અને હું જ સાચો છું, એવી ધૃષ્ટતા મારાથી કેમ કરાય?" . . . .

મને થતું હતું કે, આના કરતાં બાપુજી મૌન લઈને ફરવાનું રાખે તો સારું. કારણ કે ખૂબ દુઃખ અને ભારપૂર્વક કહેતા હતા. તેથી તેની અસર બ્લડપ્રેશર પર તો થાય જ.

મસાજ વેળા રાજાજી આવ્યા હતા. તેઓ આજે કલકત્તા જઈ રહ્યા છે, એટલે મળવા આવ્યા છે. તેમણે બાપુજીને કહ્યું કે, અહીં હવે તો બધું શાંત થઈ ગયું. બાપુજી કહે, "તમને શી ખબર પડે? . . . તમે વાઈસરીગલ લૉજના ગવર્નર જનરલ – એટલે પ્રજા તમારી પાસે નથી આવી શકતી. તમને બધાંને પ્રજાની બહુ પડી હોય તેમ નથી લાગતું. (વિનોદમાં) તમને એટલે (બંગત) ન માની લેતા. પછી બીજી બીજી વાતો થતાં ઉપવાસની વાતો ચાલી – મારા મનનો ડર સાચો પડ્યો. બાપુજી કહે: "હું મારા ઉપવાસ કરીશ, કારણ કે મેં જે અહિંસક અને સંપૂર્ણ સત્યના આધારે લડત માંડી હતી તેનું પરિણામ આવું હોય તો મારે જ પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈએ. પણ તે સંબંધી હજુ કાંઈ ખાસ નિર્ણય પર નથી જ આવ્યો. . . . એ તો મને મળવા જ આવવા નથી ઇચ્છતા. હું ગમે તેટલા પ્રસ્તાવો પાસ કરું, પણ એના ઉપર અમલ ન થાય તો શું કામનું?

૯–૩૦ બાપુજીને બાથ આપ્યો. હજામત કરી. બાથમાં બાપુજી સૂઈ ગયા હતા. સર અકબર હૈદરીનાં પત્ની તેમ જ રામેશ્વરીબહેન આવ્યાં હતાં. પાંચેક મિનિટ જ બેઠાં.

એમના ગયા પછી મૌલાનાસાહેબ અને બારદોલાઈજી આવ્યા. હમણાં તો સહુ સાથે એક જ વરાળ ઢાલવે છે. ભોજન વ૦ તો નિયમ મુજબ જ ચાલે છે. તેમાં ખાસ કશો ફેરફાર નથી કરતા.

એ પછી શામળદાસકાકાએ પટ્ટણીસાહેબ પર ઠીક ઠીક પ્રહાર થતું આકરું ભાષણ કર્યું છે તે આખું બાપુજીએ વાંચ્યું. બાપુજીને જરાયે ન ગમ્યું. બાપુજીને તેમાં અતિશયોક્તિ પણ લાગી. છતાં મને તેની સંપૂર્ણ તપાસ કરવાનું કહ્યું. અને એ ભાષણની કાપલી રાખવા સૂચવ્યું. બાપુજી કહે: "આવાં તીખાં ભાષણો કરી પ્રજાને બહેકાવવાથી ફાયદો શો? અને આખરે કાઠિયાવાડના આવા પ્રશ્નોમાં જો હું શામળદાસની જગ્યાએ હોઉં તો તેમની જ સલાહ લઉં, અને તેના પર જવાબદારી નાખી દઉં. કલકત્તામાં આપણે સુહરાવર્દી સાહેબ પર જવાબદારી નાખી હતી તો જ ત્યાં સફળ થયા. બાકી એની મદદ ન લીધી હોત તો કોઈ કાળે ત્યાં શાંતિ ન છવાત. પણ એ તો શામળદાસ છે. 'બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી'ની કહેવત પ્રમાણે ફડાકીદાસ છે. છતાં સરદારે તેને વિશ્વાસમાં લીધો છે, એટલે બીજું તો શું કહી શકાય?"

. . . કાંતતાં ઠાકુર ફૂલસિંહજી; છાપાં જોયાં. પછી બિરલાજી સાથે બાનગી વાતો કરી. તેવામાં પ્રાર્થનાનો સમય થઈ ગયો. આજની પ્રાર્થનાસભામાં બાપુજીએ જણાવ્યું કે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મુંબઈથી એક ભાઈએ મને એક કાપલી મોકલી છે. અને તેમાં મારા પર એવો આક્ષેપ મૂકવામાં આવ્યો છે કે, હું કૉંગ્રેસની જ તરફેણ કરું છું. અને હવે લોકો કૉંગ્રેસથી થાકી ગયા છે, વ૦ . . . જો આ રીતે થશે તો અહીં તો હિટલરશાહી રાજ્ય પેદા થશે. . . .

"આ વાતમાં જરા પણ સત્ય નથી, એમ સહુથી પ્રથમ મારે કહેવું જ જોઈએ. હું કૉંગ્રેસનો ઢોલ પીટું છું એ તો હડહડતું જૂઠાણું જ છે. હું કોઈ નોય પ્રતિનિધિ, કોઈ પર મારું વર્ચસ્વ હોય, એમ માનતો નથી, છતાં બધાંનો — માનવમાત્રની શાંતિનો ઢોલ પીટું છું — એનો પ્રતિનિધિ છું, કેમ કે હું મને પોતાને ઈશ્વરનો સેવક જ માનું છું. હું ધર્મને લગતી વાતો કરું છું એ, સંભવ છે કે, ઘણાને નહીં જ ગમતી હોય. પણ હું સર્વ ધર્મનો આદર કરું છું. અને તેનાં મીઠાં ફળો ચાખવા ચાહું છું. અને જેઓને મારી વાતો ન ગમતી હોય તેઓ પર જબરજસ્તી થોડી જ છે? ન સાંભળવી ગમે તે ન આવે. અને તમે કોઈ અહીં નહીં આવો તોયે મને શી પરવા છે? હું કંઈ મારી પ્રાર્થના થોડો જ બંધ કરવાનો હતો? તેમ જ રેડિયો પર બોલવાનોય મને શોખ નથી. મને તો એની ખબરેય ન હતી. બિહારથી મૃદુલાબહેને શરૂ કર્યું અને ચાલ્યું છે. તેમ જ ભાષણ કરવાનોય શોખ નથી. આ તો અહીં ઈશ્વર મને જે સ્ફુરણા આપી બોલાવે છે તેમ બોલું છું.

"હવે બીજી વાત કહું — આપણી ઘણી બહેનો પાકિસ્તાનમાં અત્યાચારના ભોગ બનેલી, પરાણે વટલાવી દીધી હોય તેવી પડી છે. અને એ બહેનો પર એવા અમાનુષી જુલમો કરવામાં આવ્યા છે કે, એ બહેનો બિચારી શરમની મારી રિબાઈ રહી છે. જોકે હું તો માનું છું કે, એમાં શરમાવાનું કશું જ કારણ નથી. કારણ કે કંઈ હાથે કરીને કે જાણી જોઈને એમાં એ બહેનો ઓછી જ ફસાઈ છે? જબરજસ્તીથી પકડી જાય અને સમાજ ધુત્કારી કાઢે તો તેના જેવું બીજું કયું પાપ સમાજ કરતો હશે એમ ઈશ્વર જાણે. મા, બાપ, પતિ ભાઈબહેનો બધાં જ છોડી દે છે. આથી ઘેરી નિર્દયતા બીજી શી હોઈ શકે? એ વાત સાચી છે કે, હું એમ પણ માનું છું કે જે સ્ત્રીમાં સીતા જેવું આધ્યાત્મિક તપ છે તે સ્ત્રીને કોઈ કદીય નહીં અડી શકે. પણ આજે એવી તપશ્ચર્યા નથી એ હકીકત છે. આ મારી છોકરીને કે મારી પત્નીને કોઈ જબરજસ્તીથી પકડી જાય અને તેના પર અત્યાચાર ગુજારે, અને પછી જો એ સ્ત્રી પાછી મને મળે, તો હું તેનો જરાયે તિરસ્કાર તો ન જ કરું, પણ મારામાં જેટલો પ્રેમ ભર્યો હોય તેટલો તેના પર વરસાવું. આપણે પુરુષો એવા બદમાશ અને શેતાન બની ગયા છીએ અને તેનું કલંક પાછું બાપડી બહેનો પર ઢોળવું? આ તે કયાંનો ન્યાય? સમાજને સીતા જોઈતી હોય તો રામ પહેલાં થવું પડશે. પછી સીતાની અપેક્ષા રાખો.

"એક ભાઈએ મને પત્ર લખી જણાવ્યું છે કે, આપણા સ્વતંત્ર હિંદના પ્રધાનમંડળમાં તો એકેય ખેડૂત નથી. વળી જો અંકુશ હઠી જશે તો ગામડાના લોકો પોતા પૂરતું જ અનાજ પકવશે. પહેલાંના જમાનામાં તો ગામડાના લોકો એકબીજાને સહાયક બની સામસામો પાક લણતા. આજે એમ નથી."

બાપુજીએ તેનો જવાબ આપતાં કહ્યું કે "જો દેશમાં સુખશાંતિથી જીવવું હોય તો એકબીજાને મદદ કરીને સાથે રહી સુખદુઃખમાં ભાગ લેવો જ જોઈએ.

"જોકે સરદાર પટેલ તો જન્મે ખેડૂત છે, અને તેમને ખેતીનું જ્ઞાન પણ હોય એમ માનું છું, પણ ધંધો તો એમણે બૅરિસ્ટરીનો કર્યો હતો. પંડિતજી તો મહાવિદ્વાન માણસ છે, મોટા લેખક છે. પણ ખેતીની બાબતમાં તો એમને બિચારાને શો અનુભવ હોય? આપણા દેશમાં ૮૦–૮૫ ટકા વસ્તી ખેતી પર નભે છે. અને હું માનું છું કે, મારા અર્થની લોકશાહીમાં ખેડૂતોનું રાજ્ય જ હોવું જોઈએ. પ્રધાન થવા માટે કોઈ ખેડૂતે કંઈ બૅરિસ્ટર બનવાની જરૂર નથી જ. પણ ખેતી અંગેના જ્ઞાનની તો જરૂર છે જ. જમીનની માવજત, વધારે અને સારું અનાજ કેમ ઉત્પન્ન થાય, અનાજની વિવિધતા વગેની સમજ તો હોવી જ જોઈએ. જો એવા યોગ્ય ખેડૂતો મને મળી જાય તો આજે હું જવાહરલાલજીને કહું કે તમે પ્રધાન પદ છોડી દો, એ ખેડૂતના મંત્રી બની જાઓ. અને એથી આપણો ખેડૂત પ્રધાન આવા મોટા મહેલમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં રહે, પણ નાનકડા ખેતરમાં ઝૂંપડી બાંધી તેમાં રહેશે. આવું રાજ્ય થશે ખરું? આજે તો એ આકાશ-પુષ્પવત્ લાગે છે.”

ફરતી વેળા પછી મૌલાનાસાહેબ આવ્યા. બાપુજીએ તેમની સાથે મુસલમાન મહોલ્લામાં રહેવા જવા સંબંધી વાતો પૂછી. પણ મૌલાનાસાહેબની ના છે.

એ પછી પ્રવચન જોયું. પંડિતજી આવ્યા. ૯-૩૦ સુધી બેઠા. એમના ગયા પછી પગ ધોયા. કસરત કરીને સૂવાની તૈયારી. ૧૦-૩૦ પછી હું સૂતી.

મનુબહેન ગાંધી

વિદ્યાર્થી પ્રવૃત્તિનાં પાયાનાં મૂલ્યો

પ્રત્યેક સંસ્થા અને તેની પ્રવૃત્તિને હંમેશાં કેટલાંક પાયાનાં મૂલ્યો હોય છે. એ મૂલ્યો સિવાય તે પ્રવૃત્તિ કે સંસ્થા ચાલી શકે નહીં; તેને તૂટી પડવાનો વારો આવે જ આવે. વિદ્યાર્થી પ્રવૃત્તિ પણ આમાંથી અપવાદ ન હોઈ શકે.

વિદ્યાર્થી પ્રવૃત્તિનું સૌથી પાયાનું મૂલ્ય છે જ્ઞાન-સંપાદન અને તેનો શારીરિક, માનસિક અને નૈતિક વિકાસ. આ ત્રિવિધ વિકાસ એ જ કેળવણીનું ધ્યેય રહ્યું છે. सा विद्या या विमुक्तये (તે જ સાચી વિદ્યા કે જે મુક્તિ અપાવે છે) એનો અર્થ પણ એ જ છે કે, વિદ્યાર્થી ‘મુક્ત’ થવો જોઈએ; તે પરાવલંબી ન હોવો જોઈએ. શારીરિક વિકાસ થવાથી તે પોતાનો જીવનનિર્વાહ હાથપગ હલાવીને કમાઈ શકે. એટલે કે તે આજીવિકાની બાબતમાં પરાવલંબી ન હોય. માનસિક વિકાસથી તેનામાં સ્વતંત્ર વિચારશક્તિ અને નિર્ણયશક્તિ ખીલવાં જોઈએ. તેનું મન મુક્ત અને ખુલ્લું હોય. તે કોઈના વિચારોનું ગુલામ બને તે તો પાલવે જ કેમ? મતલબ કે, માનસિક રીતે પણ તે સ્વાવલંબી હોવો જોઈએ. નૈતિક વિકાસનો અર્થ એ થાય છે કે, તે પોતાની જાત ઉપર કાબૂ રાખતો થાય. તે ઇંદ્રિયોનો ગુલામ ન બનતાં તેમનાં બંધનોમાંથી મુક્ત થાય. તેમાંપણ તે ઇંદ્રિયાવલંબી ન રહેતાં સ્વાવલંબી બને. આ ત્રિવિધ સ્વાવલંબનથી જ મુક્તિ મળે છે અને એથી જ કહ્યું છે કે, ‘તે જ વિદ્યા કે જે મુક્તિ અપાવે.’

આ સંદર્ભમાં જોઈએ તો તે જ સાચી ‘વિદ્યાર્થી-પ્રવૃત્તિ’ કે જે એનામાં ઉપરનાં ત્રિવિધ સ્વાવલંબનો પ્રેરે. તે વિદ્યાભ્યાસ કરે અને સાથે સાથે તેને પોષનારી એવી જે કંઈ પ્રવૃત્તિ હોય તે આદરે. આ વિદ્યાર્થી-પ્રવૃત્તિનું સૌથી પાયાનું મૂલ્ય છે. એની સરખામણીમાં બીજાં બધાં મૂલ્યો ગૌણ છે.

આમાંથી જ બીજું મૂલ્ય પ્રગટ થાય છે કે, વિદ્યાર્થીઓએ પક્ષીય રાજકારણથી દૂર રહેવું જોઈએ. આપણે ઉપર જોયું કે, વિદ્યાર્થીએ જ્ઞાન તો મેળવવું જોઈએ અને તે એવી રીતે કે જેથી તેનામાં સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ, સાચાખોટાનો નિર્ણય કરવાની શક્તિનો વિકાસ થાય. વિદ્યાર્થી જો વિદ્યાર્થી અવસ્થામાં જ કોઈ રાજકીય પક્ષમાં પડે તો તેથી તેનો યોગ્ય વિકાસ રૂંધાયા વિના રહે નહીં. તે પોતાનું મન પક્ષને ત્યાં ગીરવે મૂકે તો જ તે ત્યાં કામ કરી શકે. અને આ માનસિક ગુલામી એ તો વિદ્યાર્થીજીવનની ભારેમાં ભારે બીમારી છે.

વિદ્યાર્થીઓએ સમજી લેવું જોઈએ કે, રાજ્યશાસ્ત્ર અને રાજકારણ એ બંને જુદી વસ્તુ છે. રાજ્યશાસ્ત્રમાં રાજ્ય વિષેની તાત્ત્વિક ચર્ચા હોય છે. જ્યારે રાજકારણમાં — જેને ‘ડે-ટુ-ડે’ પૉલિટિક્સ કહેવામાં આવે છે — સત્તારૂઢ પક્ષની સત્તા સાચવવાની અને વિરોધપક્ષની સત્તા હાથ કરવાની સાઠમારીનો સમાવેશ થાય છે. બંને પક્ષોનું અંતિમ ધ્યેય સત્તાપ્રાપ્તિ હોય છે અને તે માટે તેઓ પોતાના સ્થાન મુજબ કોશિશ કરે છે. વિદ્યાર્થીએ તમામ પક્ષોના સિદ્ધાંતો અને કાર્યક્રમોને સમજવા અવશ્ય જોઈએ. તે અમુક પક્ષ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતો પણ હોઈ શકે. પરંતુ તેનું મન હંમેશાં ખુલ્લું હોવું જોઈએ, જેથી તે તમામ પ્રશ્નોને બધી બાજુથી વિચારી અને સમજી શકે. રાજકીય પક્ષો હંમેશાં, જે જે પ્રશ્ન ગિલો થાય તેમાં, મહદ્ અંશે પોતાના સ્વાર્થને પણ નજરમાં રાખે જ છે. તેને કોઈ ગેરવાજબી પણ નથી કહેતું. એટલે તે પોતે શી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભ ઉઠાવી શકશે તે દૃષ્ટિએ જ તે વિચારે છે. જો વિદ્યાર્થી આમાં પડે તો તેનો વિકાસ જરૂર રૂંધાય અને તેનામાં પૂરતાં અનુભવ, જ્ઞાન અને જવાબદારી ન હોવાથી અંતે નિરાશ થવાનો અને નાસીપાસ થવાનો વારો આવે. આથી બીજું મૂલ્ય એ ઊભું થાય છે કે, તે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ કરે, રાજકારણ કેમ ચાલે છે તેનો અભ્યાસ કરે, તે જુએ અને એમાંથી પોતાના ભાવિ જીવનનું ભાથું બાંધે. પણ સક્રિય રાજકારણમાં પડવાનું તેને પાલવે જ નહીં. તેમ કરવું તે તેના પોતાના જ હિતમાં નથી. એટલે સક્રિય રાજકારણમાં ન પડવું એ વિદ્યાર્થીપ્રવૃત્તિનું બીજું મૂલ્ય હોવું જોઈએ. તેની જાળવણી માટે વિદ્યાર્થી પોતે જાગ્રત રહે તો જ તે જળવાઈ શકે.

ઉપલાં બે મૂલ્યો સ્વીકારીએ એટલે સાથે સાથે ત્રીજું મૂલ્ય પણ અનિવાર્યતઃ જોડે આવે છે અને તે છે વિચારશાસનનું. સમાજ આખાની વાત જતી કરીએ તોયે વિદ્યાર્થી પ્રવૃત્તિમાં અને વિદ્યાર્થીઓની સંસ્થામાં કોઈ વ્યક્તિનું નહીં, વ્યક્તિઓની નાની મોટી સંખ્યાનું નહીં, એટલે કે બહુમતી કે લઘુમતીના સંખ્યાના બળનું નહીં, ભૌતિક કે શારીરિક બળનું નહીં, પણ વિચારોનું રાજ્ય ચાલવું જોઈએ. વિચારોના રાજ્યનો અર્થ એ થાય છે કે, નવા નવા વિચાર થતા રહે. ચોક્કસ વિચારને આધારે કે જોરે સંસ્થા કે પ્રવૃત્તિ ઊભી જરૂર કરી શકાય, પરંતુ તેને આગળ ચલાવવા માટે નવા વિચારો થતા રહે. અને નવા વિચારો તો જ થતા રહે જો તેનું જતન થાય, તેનું રક્ષણ અને તેની પ્રતિષ્ઠા થાય. આ આખીયે વાત સાદા શબ્દોમાં કહીએ તો વિદ્યાર્થી સંસ્થાઓ અને પ્રવૃત્તિમાં લોકશાહીનું સંસ્થાપન થવું જોઈએ અને તેનું બરાબર પાલન થવું જોઈએ. તેમ થાય તો જ વિચારશાસન ચાલે અને પ્રત્યેક વ્યક્તિનું અને તેના વિચારનું જતન થાય, પ્રતિષ્ઠા થાય.

ઉપરનાં મૂલ્યો તો દુનિયામાં સમસ્ત વિદ્યાર્થી-પ્રવૃત્તિ માટે સ્વીકાર્ય છે. પણ સાથે સાથે ભારતની વિશેષ પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં કેટલાંક વિશેષ મૂલ્યોનો પણ સ્વીકાર થવો જરૂરી છે.

આપણો દેશ તેના સમસ્ત ઇતિહાસમાં કદી એક અને અખંડ રહ્યો નથી. આપણા સૌમાં સદીઓથી એકતા કરતાં અલગતાને જ વધુ મહત્ત્વ મળ્યા કર્યું છે. 'મુંજાલ એની મઢૂલી સંભાળશે'નું વાક્ય આખાયે ભારતમાં બ્રહ્મવાક્ય રહ્યું છે. આ ભાવના ભારતનાં અસ્તિત્વ અને વિકાસ એ બંનેને માટે ખતરનાક છે. એટલે આખા દેશની એકતાને તોડનારી કોઈ પણ પ્રવૃત્તિ, પછી તે ભારતમાં ગમે તે સમયે અને ગમે તે સ્થળે ચાલતી હોય, તેને કંઈ નહીં તો વિદ્યાર્થી તો ટેકો ન જ આપી શકે. તેના મનમાં તો સમગ્ર ભારતની એકતાનો વિચાર જ રમતો હોવો જોઈએ. તે વિકાસને માટે ઉતાવળિયો જરૂર થાય. પણ કોના વિકાસ માટે? સમગ્ર ભારતના. અને સમગ્ર ભારતનો અર્થ જો કંઈ હોય તો તે એટલો જ કે, ભારતના વિકાસમાં, જે વિસ્તારો અત્યાર સુધી પછાત છે, ગરીબ છે, અણવિકસિત છે, તેનો વિકાસ પહેલો થાય. પછી તે વિસ્તાર બિહારનો હોય, મધ્ય પ્રદેશનો હોય, ઓરિસ્સાનો હોય, સૌરાષ્ટ્રનો હોય કે પછી મહારાષ્ટ્રનો હોય. આવા સમગ્ર વિકાસને માટે જ્યારે જેને ભોગ આપવાનો આવે ત્યારે તે જરાયે કચવાયા વિના હોંશભેર અને રાજીખુશીથી આપે. આવી રાષ્ટ્રીયતાનો વિકાસ વિદ્યાર્થીપ્રવૃત્તિમાં થવો જોઈએ. આપણા દેશની વિદ્યાર્થીપ્રવૃત્તિ માટે રાષ્ટ્રીય એકતા એ પણ એક મહત્ત્વનું મૂલ્ય બની રહેવું જોઈએ. એટલું જ નહીં પણ તેનું આપણા સૌનાં મન, વિચાર અને કર્મથી, પાલન કરવું જોઈએ.

વિદ્યાર્થી જે જ્ઞાન મેળવે તે વાંઝિયું ન હોવું જોઈએ. તેનો જીવન સાથે મેળ બેસાડવો જોઈએ. તેનો વ્યવહાર ઊભો કરવો જોઈએ. એ જ જ્ઞાનની સાચી સાર્થકતા છે. વળી તેની પાસે અભ્યાસ ઉપરાંત પણ જે સમય બચે છે તેનો પણ ઉપયોગ કરવો જોઈએ. આ બંને વાતો સાધવી હોય, તો આપણે વિદ્યાર્થીપ્રવૃત્તિ માટે એક વધુ મૂલ્ય સ્વીકારવું રહ્યું અને તે છે ગરીબોની સીધી સેવા. અહીં 'સીધી' શબ્દનું મહત્ત્વ 'સેવા' કરતાં જરાયે ઓછું નથી. બંને સમાન મહત્ત્વનાં છે. કારણ કે સમાજમાં તમામ સંસ્થાઓ, અને ખાસ કરીને રાજકીય પક્ષો, પોતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યેય જ આમજનતાની સેવા કરવાનું છે એમ જણાવે છે. તેઓ સૌ એ વિષે પ્રામાણિક છે એમ પણ સ્વીકારી લઈએ. પણ તેઓ તે સેવા સત્તા પર આવીને કરવા માગે છે. હા, એ વાત પણ સાચી કે, કેટલાયે પક્ષો જનતાની સીધી સેવાના કાર્યક્રમો પણ પાર પાડે છે. પરંતુ એકંદરે તો સત્તાપ્રાપ્તિ બાદ સેવા કરવાનું ધ્યેય હોય છે. વળી વિવિધ પક્ષો જે આંદોલનો ઉપાડે કે ચલાવે છે, તેમાં પણ જનતાનું કલ્યાણ સામો પક્ષ કરતો નથી, તેથી તે બરાબર છે, રાજ ચલાવવા લાયક નથી, એવું બતાવવાનો તેમનો પ્રયાસ હોય છે. જનતાના કલ્યાણને ભોગે પણ પક્ષહિત સાધવામાં આવે છે. આના ભોગ વિદ્યાર્થીઓએ ન બનવું જોઈએ. તેમણે તો સમાજની નવરચનાના સેવા-કાર્યક્રમમાં ભાગ લેવો જોઈએ જેથી ગરીબોની સીધી સેવા થાય. વળી તે કાર્યક્રમો સર્વસંમત હોય. પોતાને શિક્ષણ આપનારા અને સુસંસ્કારો આપનારા પણ હોવા જોઈએ. આવા કાર્યક્રમોમાં શ્રમશિબિરો, પ્રૌઢશિક્ષણ, ગ્રામસેવા, હરિજનોદ્ધાર, દારૂબંધી, સહકારી પ્રવૃત્તિ, રમતોત્સવ, નાટચ હરીફાઈ, રાષ્ટ્રીય ઉત્સવો, યુવક મહોત્સવ, વન મહોત્સવ, ભૂદાન વગેરેનો સમાવેશ કરી શકાય. વળી કુદરતી આપત્તિઓ, જેવી કે, ભૂકંપ, રેલ, આગ, દુષ્કાળ વગેરેમાં તો તે અવશ્ય સહાયભૂત થાય જ. આવા કાર્યક્રમોમાં તે અવશ્ય ભાગ લે. તેમાં તેને સેવાની તાલીમ મળે અને તેના સંસ્કાર પોષાય અને સાથે સાથે આમજનતાની સેવાનું મૂલ્ય પણ સાચવી શકાય.

આ મૂલ્યોનો આમ તો સ્વીકાર સૌ કોઈ કરે છે. પણ તેને અવિરતપણે કેમ જાળવી રાખવાં અને કટોકટીની વેળાએ પણ કેમ વળગી રહેવું તે અંગે વિદ્યાર્થીઓ તેમ જ કેળવણીમાં રસ લેતા સૌ કોઈ વિચારો અને સૂચનો રજૂ કરશે અને જે આ મૂલ્યો યોગ્ય લાગતાં હોય તો તેના પ્રચાર અને સ્વીકારમાં સહાયભૂત થશે, તો તેમાં જ વિદ્યાર્થીઓનું, કેળવણીનું અને અંતે આખા દેશનું કલ્યાણ છે, એમ અત્યારે તો લાગે છે.

૧૬-૧૦-'૫૬ **રમેશ મ૦ ભટ્ટ**

અમારાં નવાં પ્રકાશનો

કેળવણીનો કોયડો	ગાંધીજી ૨-૮-૦	કેનોપનિષદ	મગનભાઈ દેસાઈ ૧-૧૨-૦
વર્ણવ્યવસ્થા	ગાંધીજી ૧-૦-૦	સ્વરાજ એટલે શું	મગનભાઈ દેસાઈ ૦-૭-૦
યરવડાના અનુભવ	ગાંધીજી ૧-૦-૦	આપણા દેશમાં આપણું રાજ્ય	મગનભાઈ દેસાઈ ૦-૭-૦
બિહારની કોમી આગમાં	મનુબહેન ગાંધી ૩-૦-૦	જેકિલ અને હાઈડ	મગનભાઈ દેસાઈ ૦-૧૨-૦
ગાંધી-નાસ્તિક-સંવાદ	જી. રામચંદ્ર રાવ ૦-૧૦-૦	વેર અને બદલો	ગોપાળદાસ પટેલ ૦-૭-૦
અવારનવાર	કાકા કાલેલકર ૨-૦-૦	પચાસ પ્રેરક પ્રસંગો	મુકુલભાઈ કલાર્થી ૦-૧૦-૦
જીવનપ્રદીપ	કાકા કાલેલકર ૨-૦-૦	જાણવા જેવી વાતો	મુકુલભાઈ કલાર્થી ૦-૬-૦
રામ અને કૃષ્ણ	કિ૦ ધ૦ મશરૂવાળા ૧-૦-૦	જીવનની સુવાસ	લલ્લુભાઈ મકનજી ૦-૬-૦
સંત તુકારામની વાણી	અનુ૦ કિ૦ ધ૦ મશરૂવાળા	લોકમાન્ય ટિળક	પાંડુરંગ ગણેશ દેશપાંડે ૩-૦-૦
	સંપા૦ મુકુલભાઈ કલાર્થી ૧-૮-૦	અંકગણિત શીખવવાની પદ્ધતિ	મોહનલાલ હ. પંચોળી ૩-૮-૦
જગતના ઇતિહાસનું રેખાદર્શન		મારી વ્યાપક કેળવણી	લે૦ બૂકર ટી વૉશિંગ્ટન,
	લે૦ પં. જવાહરલાલ નેહરુ		અનુ૦ ચંદુભાઈ રા૦ પટેલ ૨-૦-૦
	અનુ૦ મણિભાઈ ભ૦ દેસાઈ ૧૨-૦-૦	બુદ્ધલીલા	ધર્માનંદ કોસંબી ૧-૧૨-૦
જગતના ઇતિહાસનું સંક્ષિપ્ત રેખાદર્શન			
	લે૦ પં. જવાહરલાલ નેહરુ		
	અનુ૦ અને સંક્ષેપ૦ મણિભાઈ ભ૦ દેસાઈ ૬-૦-૦		
આશ્રમી કેળવણી ૧-૩	જુગતરામ દવે ૪-૮-૦		

[દરેકની ટપાલખરચ અલગ]

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

સંત તુકારામની વાણી : અનુ૦ કિશોરલાલ ઘ૦ મશરૂવાળા; સં૦ મુકુલભાઈ કલાર્થી; પ્ર૦ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૫૬ + ૧૨૮.

મરાઠી સાહિત્ય તથા પ્રજ્ઞામાં વેદ કે અમૃત સમાન ગણાતી વાણીમાંથી પ્રસાદ રૂપે અમુક અંશ ગુજરાતી વાચકો પાસે આ પુસ્તક મૂકે છે. શ્રી. કિશોરલાલભાઈએ આ પસંદગી કરી તેનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ પણ કરેલો તે પણ સાથે આપ્યો છે. તેમાંના ૫૯ અભંગો અગાઉ 'શિક્ષણ અને સાહિત્ય'માં બહાર પડ્યા હતા. બીજા કેટલાકનો અપ્રગટ અનુવાદ તેમનાં પત્ની શ્રી ગોમતીબહેન પાસેથી મળ્યો છે. એમ ૧૨૦ અભંગોનો આ સંગ્રહ થાય છે.

આ કામ શ્રી કિશોરલાલભાઈએ ૧૯૩૦–૩૧ના તેમના જેલનિવાસ દરમિયાન કર્યું હતું. તે આટલે વરસે 'શ્રી રાજચંદ્ર જયંતી માળા'માં પ્રગટ થાય છે, એ સૌને માટે આનંદની વાત છે. શ્રી નાથજીએ સમય કાઢીને પ્રસ્તાવના લખી આપી અને પરિશિષ્ટમાં બીજા કેટલાક અભંગો ટાંકી સંત તુકારામનું જીવનચરિત આલેખ્યું છે.

આનું સંપાદન શ્રી મુકુલભાઈએ કર્યું છે ને સંતની જીવનકથા શરૂમાં ઉમેરી છે. આમ બધી રીતે જોતાં આ ચોપડી સંત તુકારામની-વાણીનો આસ્વાદ ગુજરાતી વાચકને આપશે, એ શ્રદ્ધાથી આ પુસ્તક બહાર પાડવામાં આવે છે. મૂળ મરાઠી પણ આપ્યું છે તે અભ્યાસીઓને ગમશે એમ માનું છું. આ હૃદયંગમ વાણીનું પુસ્તક તૈયાર કરી આપવા માટે જેમણે મદદ કરી છે તે સૌનો આભાર માનું છું.
(પ્રસ્તુત પુસ્તકનું 'પ્રકાશકનું નિવેદન') **મ૦ પ્ર૦**

પ્રાતઃસ્મરણીય મહાત્મા ગાંધીજી : લે૦ અંબેલાલ જોષી; પ્ર૦ અંબેલાલ જોષી, ૪૩, જરીવાલા બિલ્ડિંગ; મુંબઈ –૭; પ્રાપ્તિસ્થાન: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિં૦ પૂર્વાર્ધ —રૂ. ૧૦–૦–૦; ઉત્તરાર્ધ —રૂ. ૧૦–૦–૦; પૃ૦ અનુક્રમે ૫૯૯ + ૩૬ અને ૬૭૫.

જીવનચરિત લખવામાં સારી હથોટી ધરાવનાર શ્રી. અંબેલાલ જોષીએ બે ભાગમાં મહાત્મા ગાંધીજીનું જીવન આલેખ્યું છે. પ્રથમ ભાગમાં ગાંધીજીના જન્મથી તે અવસાન સુધીના જીવનનું નિરૂપણ છે અને બીજા ભાગમાં ગાંધીજીની ભગવાન ઈશુ, બુદ્ધ, સોક્રેટીસ, ટૉલ્સ્ટૉય, શ્રી અરવિંદ, ટાગોર, જવાહર સાથે તુલના કરી છે; તદુપરાંત ગાંધીજીના જીવનનાં વિશિષ્ટ પાસાંઓની આલોચના કરી છે.

એકંદરે આ બંને પુસ્તકો ગાંધીજીના જીવનનેસ મજવા માટે ઉપયોગી નીવડે એવાં છે.

મુ૦ ક૦

આત્મકથા (ભાગ બીજો): લે૦ ઇન્દુલાલ યાજ્ઞિક; પ્રાપ્તિસ્થાન: વાત્રક ખેડૂત વિદ્યાલય, મહેમદાવાદ, જિ૦ ખેડા; કિં૦ પાંચ રૂપિયા; પૃ૦ ૮ + ૩૮૪.

શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિક ત્રેવીસ વરસની વયે દેશસેવાના કાર્યમાં જોડાયા. પછી બે વર્ષ બાદના સમયથી આ આત્મ-કથા શરૂ થાય છે; એટલે કે, ૧૯૧૭થી ૧૯૨૧ સુધીનાં વર્ષોની એમાં હકીકત છે. એ ગાળામાં ગાંધીજીની અસર સૌ કાર્યકરો પર પડી છે. એમ આ આત્મકથા વાંચતાં લેખક પર પણ ગાંધીજીની અસર તે વખતે કેવી આશાજનક હતી તેનો પરિચય આપણને સહેજે મળે છે.

મુ૦ ક૦

અરણ્યકાંડ: લે૦ હંસા મહેતા; પ્ર૦ એન. એમ. ત્રિપાઠી લિ૦, મુંબઈ – ૨; કિં૦ રૂ. ૪–૦–૦; પૃ૦ ૧૬ + ૧૭૦.

શ્રી. હંસાબહેન મહેતા વાલ્મીકિ રામાયણના કાંડોના સમશ્લોકી અનુવાદ એક પછી એક પ્રસિદ્ધ કરતાં જાય છે. રામાયણનો આ ત્રીજો કાંડ છે. રામ, લક્ષ્મણ અને સીતા દંડકારણ્યમાં પ્રવેશે છે ત્યાંથી આ કાંડ શરૂ થાય છે. આ કાંડ રામાયણનો મહત્ત્વનો કાંડ છે. એમાં સીતાહરણ વગેરે મહત્ત્વના પ્રસંગો આવે છે. શ્રી. હંસાબહેન અનુવાદને વધારે સરળ કરતાં જાય તો સારું.

મુ૦ ક૦

ગ્રંથાગાર: તંત્રી — ભાનુ ઝવેરી; પ્રાપ્તિસ્થાન: ૪ એ, બાબુલનાથ, પહેલી ક્રૉસ લેન, ચોપાટી, મુંબઈ ૭; કિં૦ રૂ. ૨–૦–૦; પૃ૦ ૧૨૬.

'ગ્રંથાગાર'નો આ સ્મારક અંક આવકાર્ય છે. એમાં સદ્‌ગત શ્રી રામનારાયણ વિ૦ પાઠક; શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટ; શ્રી હરિપ્રસાદ ગૌરીશંકર ભટ્ટ (મસ્ત ફકીર); શ્રી યશવંત સવાઈલાલ પંડ્યા; અને શ્રી અનંત પરમાનંદ કક્કર (શાહબાઝ) એ ચાર સદ્‌ગત સાહિત્યકારો અંગેના જુદા જુદા લેખકોના લેખો સંચરાયા છે.

મુ૦ ક૦

સંદીપન: પ્રકાશક – શ્રી હિંદુ વૉલંટિયર કૉર, દારેસલામ.

ડૉ. રાધાકૃષ્ણન દારેસલામ ગયા હતા ત્યારે 'સંદીપન' માસિકની પ્રકાશન સંસ્થાએ તેમના માનમાં આ સન્માન અંક પ્રસિદ્ધ કર્યો હતો. ૬૨ જેટલાં પાનાં (રૉયલ કદનાં) સારી સામગ્રીથી ભરપૂર છે. એમાં લેખો, કાવ્યો, નવલિકાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે ઉપરાંત બાલવિભાગ પણ છે. વળી કેટલાક અંગ્રેજી લેખો પણ છે. એકંદરે અંક આવકારપાત્ર ગણી શકાય.

મુ૦ ક૦

ગુલામોનો મુક્તિદાતા : લે૦ રમણલાલ શાહ; પ્ર૦ ભારત પ્રકાશન, ૪૪, કલ્યાણ ભુવન, રિલીફ રોડ, અમદાવાદ; કિં૦ રૂ. ૩-૮-૦; પૃ૦ ૬+૨૧૬ (ડેમી).

ગુલામોના મુક્તિદાતા એબ્રાહમ લિંકનના જીવનને આલેખતું આ પુસ્તક આવકાર્ય છે. એ સચિત્ર હોવાથી વાચકોને વધારે રસિક થઈ પડે એવું છે.

મુ૦ ક૦

આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ : પ્ર૦ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પ્રકાશન, ગોવાલિયા ટૅન્ક, રોડ, મુંબઈ ૨૬; કિં૦ રૂ. ૧૭-૦-૦. પૃ૦ ૭૦૬ (રૉયલ).

આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિના પુણ્ય સ્મરણમાં આ સ્મારક ગ્રંથ પ્રસિદ્ધ થયો છે. એમાં ત્રણ વિભાગ છે : ગુજરાતી, હિંદી અને અંગ્રેજી. ત્રણે વિભાગોનું સંપાદન જુદાં જુદાં સંપાદક-મંડળોએ કર્યું છે. એમાં ૯૯ જેટલાં ચિત્રો પણ છે.

ગુજરાતી વિભાગમાં આચાર્યશ્રીને લગતા ૨૦ લેખો અને જૈન ધર્મ, કળા ઇત્યાદિને લગતા ૩૨ લેખો, હિંદીમાં આચાર્યશ્રીને લગતા ચાર લેખો અને અન્ય લેખોની સંખ્યા ૧૬ છે; અંગ્રેજીમાં આચાર્યશ્રીને લગતા ૨ લેખો અને ૨૧ અન્ય લેખો છે.

જુદા જુદા અભ્યાસીઓએ પોતાના ખાસ વિષયો અંગેના લેખો આચાર્યશ્રીને અંજલિ રૂપે આપ્યા છે. અને એ રીતે આ એક સારો સ્મારકગ્રંથ બન્યો છે.

મુ૦ ક૦

મહર્ષિ દધીચિ અને બીજાં બે આખ્યાનો : લે૦ દલસુખરામ ચૂનીલાલ ત્રિવેદી : પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ આઠ આના; પૃ૦ ૯૧.

લેખકે આ પુસ્તકમાં મહર્ષિ દધીચિ, મહર્ષિ શરભંગ અને મહર્ષિ મુદ્ગલની આત્મસમર્પણની કથા આલેખી છે. તેમણે સરળ ભાષામાં આખ્યાન રચ્યાં છે અને વચ્ચે કથાવસ્તુ પણ ગદ્યમાં સમજાવી છે. વાચકવર્ગને આ આખ્યાનો બોધપ્રદ થાય એવાં છે.

મુ૦ ક૦

શકુંતલા [મહાકવિ કાલિદાસકૃત અભિજ્ઞાન શાકુંતલ ઉપરથી વાર્તારૂપે] : પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ દસ આના; પૃ૦ ૯૧.

મહાકવિ કાલિદાસની પ્રખ્યાત નાટ્યકૃતિ 'અભિજ્ઞાન શાકુંતલ' ઉપરથી વાર્તા રૂપે આખી કથા આ પુસ્તિકામાં આપી છે. સંસ્કૃત ન જાણનાર ગુજરાતી વાચકોને આ રીતે આવી પ્રખ્યાત કૃતિઓનો પરિચય આપવો જરૂરી છે. પરંતુ આવાં પુસ્તકોની ભાષા જેમ બને તેમ સરળ રાખવી જોઈએ. પ્રસ્તુત પુસ્તકમાં આ બાબતનો ખ્યાલ રખાયેલો જણાતો નથી.

મુ૦ ક૦

ભગવાન બુદ્ધ : લે૦ ઝીણાભાઈ ર. દેસાઈ (સ્નેહરશ્મિ) પ્ર૦ બી. એસ. શાહની કં૦, ૧૧૮૩, પાનકોર નાકા, અમદાવાદ; કિં આઠ આના; પૃ૦ ૩૬ (ડેમી).

ભગવાન બુદ્ધની પચીસસોમી જયંતી ઊજવાઈ રહી છે તે વખતે શ્રી સ્નેહરશ્મિની આ નાનકડી સચિત્ર પુસ્તિકા ભગવાન બુદ્ધના જીવનને સરળ ભાષામાં નિરૂપતી પ્રસિદ્ધ થાય છે. નવશિક્ષિત પ્રૌઢો અને વિદ્યાર્થીઓને એ ગમી જાય એવી છે.

મુ૦ ક૦

જાતક કથાઓ (ભાગ પહેલો) : લે૦ ધૂમકેતુ; પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિં૦ એક રૂપિયો; પૃ૦ ૮૦.

આપણા જાણીતા નવલિકાકાર શ્રી ધૂમકેતુએ બૌદ્ધ સાહિત્યમાંથી લોકોપયોગી કેટલીક સંસ્કાર કથાઓ આપવાનું શરૂ કર્યું છે. આ પુસ્તિકામાં તેમણે બાર જાતક કથાઓને સરળ શૈલીમાં આલેખવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ આમાંની જાતક — બુદ્ધ ભગવાનના પૂર્વજન્મની — કથા કેટલી છે એ વિચારવું રહ્યું. પહેલી કથા 'ભીમભાઈ!' ભગવાન બુદ્ધના કયા ગુણને દર્શાવે છે? અસત્ય પર રચાયેલી કુનેહને જ ને! આમાંથી શા સંસ્કાર ગ્રહણ થાય? બીજી કથા 'ન્યાયબુદ્ધિ' પણ સંસ્કાર આપવાની બાબતમાં નબળી ગણાય. 'વિવેક તારે', 'સત્ય ક્યાં છે?', 'મૂર્ખ મરે અને મારે!', 'ઇલ્લીસ શેઠ!', 'મિથ્યાભિમાની!' જેવી કથા જાતક કથા છે ખરી? બુદ્ધ ભગવાનની જાતક કથાઓમાં વચ્ચે વચ્ચે પંચતંત્રના જેવા ટુચકાઓ આવે છે ખરા. પરંતુ તે મૂળ જાતક કથાની અંદર ઉપદેશાત્મક રીતે વણાઈ ગયેલા હોય છે. તેમને સ્વતંત્ર રીતે ઉપાડી લઈ જાતક કથા રૂપે મૂકવાથી જાતક કથા વિષે ખોટો ખ્યાલ ઉદ્ભવે વાચકના મનમાં ઊભો થાય.

મુ૦ ક૦

સ્વભાવ દર્શન : લે૦ હર્ષિદા પંડિત; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ, લિ૦, અમદાવાદ; કિં૦ રૂ. ૩-૦-૦; પૃ૦ ૧૯૫+૮.

માનસશાસ્ત્રના આ પુસ્તકમાં લેખિકાએ ભય, ચિંતા, ઈર્ષા, પ્રેમ વગેરે માનવલાગણીઓનું સારું વિશ્લેષણ કર્યું છે. લેખિકા ઉપર અમેરિકા અને ઇંગ્લેંડના માનસશાસ્ત્રીઓની ઊંડી અસર પડેલી જણાય છે. માત્ર પુસ્તકોના અભ્યાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરથી લખાયેલાં આવાં પુસ્તકો માનસશાસ્ત્રનું સાચું જ્ઞાન આપવામાં કેટલાં મદદરૂપ થઈ શકે એ એક કોયડો જ છે.

મુ૦ ક૦

જ્ઞાનદીપ: લે૦ ધૂમકેતુ; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં૦ એક રૂપિયો; પૃ૦ ૮૪.

શ્રી. ધૂમકેતુની લોકસંસ્કાર માળાની આ પંદરમી પુસ્તિકા છે. એમાં ૨૦ બોધપ્રદ કથાપ્રસંગો સરળ શૈલીમાં વર્ણવ્યા છે. કોઈ કોઈ વાર્તામાં જરા વધારેપડતું લંબાણ કરીને વાર્તાને લાંબી કરવા પ્રયત્ન થયેલો હોય એમ જણાય છે. આથી વાર્તા નબળી પડી જાય છે. એકંદરે, પ્રસંગો સારા છે, પરંતુ જરા વધારેપડતા ચર્વિતચર્વણને લીધે ફીકા પડી જાય છે.

મુ૦ ક૦

હરિનો મારગ: લે૦ ગુલાબદાસ બ્રોકર; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ, લિ૦, અમદાવાદ; કિં૦ એક રૂપિયો; પૃ૦ ૮૪.

ભારતી સાહિત્ય સંઘે 'નૂતન સમાજશિક્ષણ ગ્રંથાવલિ' શરૂ કરી છે. એ માળામાં શ્રી ગુલાબદાસ બ્રોકરની નવલિકાઓમાંથી પસંદગી કરીને આ પુસ્તિકામાં 'પુણ્ય પરવારું નથી', 'જીવરામભાઈ', 'ધનપ્રસાદ', 'હૃદયનો સ્વીકાર' અને 'ભગવાં ઉતાર્યાં' એ પાંચ વાર્તાઓને મોટા ટાઈપમાં સંગૃહીત કરી છે.

મુ૦ ક૦

ધરતીવડા: લે૦ ઈશ્વર પેટલીકર; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ, લિ૦, અમદાવાદ; કિં૦ એક રૂપિયો; પૃ૦ ૮૪.

શ્રી. ઈશ્વર પેટલીકરે આપણા જાણીતા લોકોની મુલાકાત લઈને તેઓનાં રેખાચિત્રો આલેખવાની આવકારપાત્ર પદ્ધતિ અપનાવી છે. આ પ્રસ્તુત પુસ્તિકામાં તેમણે શ્રી. નાનાભાઈ ભટ્ટ, કિશોરલાલ મશરૂવાળા, જુગતરામ દવે અને કાકા કાલેલકરનાં રેખાચિત્રો આલેખ્યાં છે.

મુ૦ ક૦

રામનામના વેવારિયા: લે૦ ઈશ્વર પેટલીકર; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં૦ એક રૂપિયો; પૃ૦ ૯૪.

આ પુસ્તિકામાં પંડિત સુખલાલજી, મુનિ જીનવિજયજી, કેદારનાથજી અને પંડિત સાતવળેકરનાં રેખાચિત્રો છે.

આવી પુસ્તિકાઓ વિદ્યાર્થીઓ તેમ જ નવશિક્ષિત પ્રૌઢોને ઉપયોગી થાય એવી અવશ્ય છે. ભાઈશ્રી ઈશ્વર પેટલીકરનો આ પ્રયત્ન આવકાર્ય છે.

મુ૦ ક૦

રચનાત્મક રાજનીતિ : લે૦ વિનોબા, સંપા૦ પ્રબોધ ચોકસી, ચૂનીભાઈ વૈદ્ય; પ્ર૦ યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર કાર્યાલય, વડોદરા; કિં૦ આઠ આના; પૃ૦ ૧૨૭.

ભૂદાન-પ્રણેતા વિનોબાજીના રાજનીતિના વિચારો અભ્યાસીને સહાયરૂપ થાય એવા છે. આ પુસ્તિકામાં એ ઉપરાંત ઈ. સ. ૧૯૫૫ માં મળેલા પુરીના સર્વોદય સંમેલનનાં અગત્યનાં વ્યાખ્યાનો પણ લીધાં છે.

મુ૦ ક૦

ભૂદાન પ્રશ્નોત્તરી : લે૦ નરહરિ દ્વા. પરીખ; સંપા૦ મોહન પરીખ; પ્ર૦ યજ્ઞ પ્રકાશન, વડોદરા; કિં૦ ચાર આના; પૃ૦ ૬૪.

ભૂદાન આંદોલનને સમજવામાં સહાયરૂપ થાય એવી આ પ્રશ્નોત્તરી આવકાર્ય છે. શ્રી નરહરિભાઈએ ભૂદાનના પ્રશ્નને સમગ્ર દૃષ્ટિએ આલેખવાનો આવકારપાત્ર પ્રયત્ન કર્યો છે.

મુ૦ ક૦

મા ધરતીને ખોળે : લે૦ નારાયણ દેસાઈ; પ્ર૦ યજ્ઞ પ્રકાશન, વડોદરા; કિં૦ બાર આના; પૃ૦ ૧૩૮.

ભાઈશ્રી નારાયણ દેસાઈ ભૂદાન પ્રવૃત્તિમાં જોડાયા ત્યારથી તેમણે આરંભેલી ભૂદાનયાત્રાનું આમાં નિરૂપણ છે. એમને થયેલા અનુભવો ભૂદાન કાર્યકરોને ઉપયોગી થાય એવા છે. આખી પુસ્તિકાની શૈલી અને રીતિ એકસરખી રાખી હોત તો એ વધારે આવકાર્ય થાત.

મુ૦ ક૦

ભૂદાન આરોહણ : લે૦ નારાયણ દેસાઈ; પ્ર૦ યજ્ઞ પ્રકાશન, વડોદરા, કિં૦ દશ આના; પૃ૦ ૧૫૬.

મૂળ હિંદીમાં લખાયેલા આ પુસ્તકમાં ભૂદાન આંદોલનના અગત્યના મુદ્દાઓને વિનોબાજીના પ્રેરણાત્મક વ્યક્તિત્વ સાથે વણી દઈને લેખકે સારી રીતે રજૂ કર્યા છે. આ પુસ્તિકા ભૂદાનના અભ્યાસીઓને સહાયરૂપ થાય એવી અવશ્ય છે.

મુ૦ ક૦

રંગનાથી વર્ગીકરણ : લે૦ ચૂનીલાલ પુ. બારોટ; પ્ર૦ ગુજરાત પુસ્તકાલય મંડળ, અમદાવાદ; કિં. સવા રૂપિયો; પૃ. ૮ + ૯૨.

પ્રકાશકના નિવેદનમાં જણાવ્યું છે તેમ, 'ગ્રંથાલયનાં પુસ્તકોનાં વર્ગીકરણ માટે અત્યારે આપણા દેશમાં તેમ જ અન્ય દેશોમાં પણ ડૉ. રંગનાથનની પદ્ધતિ આ ક્ષેત્રમાં એક અદ્યતન અને સુશાસ્ત્રીય ગણાય છે. આ પુસ્તક આપણને આ પદ્ધતિનો પરિચય કરાવે છે.'

સાથે સાથે પ્રસ્તાવનામાં ધરેલી લાલબત્તી પણ જરૂરી છે કે, 'આ વિદ્યા ગુજરાતીમાં આ ઢબે પહેલી વાર ઊતરતી થાય છે. તે વખતે તેની પરિભાષા નાહક જડ અને ભારેખમ ન બને અને બને તેટલી સરળ તથા પ્રવાહી થાય, સામાન્ય ગ્રંથપાલોના વિચારને પ્રેરક બને, એ જોવાની જરૂર છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતમાં લેખકના બે બોલ અનુસાર 'ગુજરાતનાં ગ્રંથાલયોનું ભાવિ રંગનાથી પદ્ધતિને અનુસરવામાં છે.' ગુજરાતનાં નાનાં-મોટાં બધાં જ પુસ્તકાલયોએ આ પુસ્તક વસાવવાની જરૂર છે. બીજી આવૃત્તિ વખતે મુદ્રણદોષો સુધારી લેવાય, એ ઇચ્છનીય છે.

દશરથલાલ શાહ

તંદુરસ્ત રહો : લે૦ ડૉ. ભૂપતરાય મો. દવે અને ડૉ. શંકરલાલ મો. દવે. પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ; અમદાવાદ પૃ૦ ૨૫૧; કિં. ૩-૧૨-૦

પુસ્તક છ વિભાગમાં વહેંચાયેલું છે. ખાનપાન કે યોગ્ય આહાર વિહાર, ફળ તથા શાકભાજીના યોગ્ય સેવનથી હડીલાં દરદો પણ મટાડી શકાય છે, એ સમગ્ર પુસ્તકનો સાર છે. લેખકના અનુભવો, દરદીઓના અનુભવો તથા પ્રશ્ન અને ઉત્તરો, ફળ અને શાકભાજીના ગુણો ઇત્યાદિની છણાવટ પુસ્તકને સારો ઉઠાવ આપે છે.

આ લેખકોનાં અગાઉ પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની કોટિનું આ પુસ્તક છે. કુદરતી ઉપચારોમાં ઘણી વખત એકની એક જ વાત વારંવાર કહેવાની હોય છે. એટલે પુસ્તકમાં પુનરુક્તિ વારંવાર આવ્યા જ કરતી હોય છે. પણ તે અનિવાર્ય છે. લેખકોએ 'માટી'ના ઉપચારની જે સમજણ આપી છે તે અગત્યની છે અને તેનો ઉપચાર કરવાની ઇચ્છા રાખનારને તે ખૂબ ઉપયોગી થઈ પડશે. **બં૦ ગાં૦**

ભાવપ્રકાશ [મધ્યમ અને ઉત્તરકાંડ] અનુવાદક: શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર; સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય; પૃ૦ ૧૫૮૨ મૂલ્ય ૧૦-૦-૦.

સુપ્રસિદ્ધ વૈદ્ય નાનભટના સુપુત્ર રાજવૈદ્ય પ્રભાશંકર ગઢડાવાળાની દોરવણી નીચે આ અનુવાદ કરવામાં આવેલ છે. રોગ, હેતુ, અર્થ, શ્લોક, અન્વય અને ભાષાંતર તેમ જ ઉપયોગી ટિપ્પણો સહિતનો આ અનુવાદ આયુર્વેદમાં રસ લેતા સૌ કોઈએ વાંચવા યોગ્ય ગણાય.

બાલગ્રહોના વળગાડ પ્રકરણોની માહિતી ઇ. સાથે આપણે સહમત ન થઈએ એ બને. પરંતુ પંડિત ભાવમિશ્રે તેમના પોતાના જમાના પ્રમાણે પુસ્તક લખેલ, તેમ છતાં તે માટે બતાવેલાં કેટલાંક ઉપાયો અને ઔષધો સચોટ છે. અનુવાદકે સારી એવી મહેનત લઈને આયુર્વેદની અને તે મારફત લોકોની પણ સેવા કરી છે એમ કહી શકાય.

આજના વૈદ્યકીય જ્ઞાન સાથે સરખાવતાં કેટલીક બાબતમાં આપણને ફેરફાર જણાય એવું બને. પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે, એકના એક જ રોગને કે એકની એક જ વનસ્પતિના ગુણદોષને જુદી જુદી દૃષ્ટિથી જુદી જુદી રીતે મૂલવી શકાય છે.

પુસ્તકની કિંમત પણ ખૂબ જ ઓછી ગણાય. આટલી ઓછી કિંમતમાં આવું સુંદર પુસ્તક આપીને પ્રકાશક સંસ્થાએ 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'ના નામને સાર્થક કર્યું છે એમ કહી શકાય.

બં૦ ગાં૦

આંગણાનાં પંખી (ભાગ બીજો): લે૦ મનુભાઈ જોધાણી; પ્ર૦ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પૃ૦ ૮૪; મૂ૦ ૧-૦-૦.

દેવચકલી, દરજીડો, દિવાળી ઘોડો, મોર, બેરખટ્ટો, હોલું અને દૈયડના જીવન અને સ્વભાવ ઇત્યાદિની ચર્ચા આ પુસ્તિકામાં કરવામાં આવેલી છે. ભાષા સરળ અને લોકભોગ્ય છે. ચિત્રો પણ સારાં છે. ગુજરાતની પ્રાથમિક શાળાના પુસ્તકાલયમાં આવાં પુસ્તકો હોય તો તે જરૂર વંચાય અને વિદ્યાર્થીઓની રસવૃત્તિ પણ કેળવાય.

બં૦ ગાં૦

માળમ રાત : લે૦ ચંદ્રવદન મહેતા, પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, પૃ. ૯૬, કિં. રૂ. ૧-૪-૦.

શ્રી ચંદ્રવદન સ્વભાવે રમૂજી માણસ છે. અને એમનું આ નાટક પણ રમૂજી છે. ઈ. સ. ૧૯૫૬માં ગુજરાતી નાટ્ય મંડળે યોજેલી નાટકોની હરીફાઈમાં એ વાજબી રીતે પ્રથમ ઇનામને પાત્ર ઠરેલું. વગર સાધને સાધનોવાળા દેખાવા ફરતા અને સાધનવાળા સમાજમાં ઘૂસવા મથતા મધ્યમ વર્ગના કુટુંબની કેવી કફોડી સ્થિતિ થાય છે અને પૈસાદાર લોકો એમને કેવી રીતે પોતાની જાળમાં ફસાવે છે એની મર્મકથા પર આ નાટકની રચના થયેલી છે. વસ્તુનો વિકાસ અને પાત્રોની સુરેખતા તથા જીવંતતા શ્રી મહેતાની કલમને જોમ આપે એવાં છે.

ચૂ૦

ગુજરાતી પર અરબી ફારસીની અસર ભા. ૨.: લે૦ ડૉ. છોટુભાઈ રણછોડજી નાયક, પ્રકાશક : ગુજરાત વિધાસભા, અમદાવાદ, પૃ. ૪૪૧ થી ૬૯૪.

સ્થાનિક ભાષા પર દરેક રાજ્યભાષાની એ રાજ્યની પ્રબળતા અને દીર્ઘતાના પ્રમાણમાં, અસર થાય છે. એમ આપણે ત્યાં મુસલમાની હકૂમતને કારણે સંસ્કૃત રાજ્યભાષા મટી ગઈ અને ફારસી આવી ત્યારે, હાલ આપણે અંગ્રેજીની અસરો જોઈએ છીએ એમ જ, ફારસીની ગુજરાતી પર કેટલી અસર થઈ છે, એ આ ગ્રંથમાં બહુ વિગતે બતાવ્યું છે અને સમજાવ્યું છે.

બંને ભાગો જોતાં ફારસીની મોટામાં મોટી અસર થયેલી જણાય છે તે ફારસી અરબી શબ્દોના તત્સમ અને તદ્‌ભવ બંને સ્વરૂપે થયેલા ઉમેરાની છે. અમને લાગે છે કે, વાક્યરચના પર ફારસી અરબીની કેવી અને કેટલી અસર પડી છે એનો અભ્યાસ કરવાનું વા એ અભ્યાસનું પરિણામ દર્શાવવાનું હજી બાકી છે. લેખક એ પણ પ્રકટ કરી ગુજરાતી સાહિત્યની એમની સેવામાં કીમતી ઉમેરો કરશે એવી આશા છે.

—ચૂ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"चेतना"

प्रथम दृश्य

स्थान : गाँवकी एक संस्कृत पाठशाला
समय : दोपहर

[पाठशालामें जलपानकी छुट्टी हुई है। सभी विद्यार्थी जलपान करने चले गये हैं। लेकिन सनातन और जीवन अपनी कक्षामें बैठे बातचीत कर रहे हैं]

सनातन — जीवन! तुम हरिजन हो, अछूत हो। तुम्हें विद्या (संस्कृत) पढ़नेका कोई अधिकार नहीं है, क्योंकि यह देवभाषा है, इसे उच्च वर्णके बालक ही पढ़ सकते हैं!

जीवन — आश्चर्य, मुझे भी परमात्माने संसारमें भेजा है, इसलिए जो कुछ मानव-जातिके कल्याणके लिए उसने मानवको दिया है उसपर मेरा भी अधिकार है।

सनातन — नहीं जीवन, भगवानने अपने मुंहसे कभी मना किया होगा तभी तो सनातन धर्ममें आज भी ऐसा कहा जाता है। भला बताओ, इसमें आजकल हम लोग कौनसा परिवर्तन कर रहे हैं? हम तो लकीरके फकीर बने हैं और जो भी पूर्वजोंसे थाती मिली है उसकी रक्षा कर रहे हैं।

जीवन — सनातन, तुम्हारा समाज खोखला है। अगर इसकी गतिविधिमें उतार-चढ़ाव न हुआ तो यह निश्चित है कि हिन्दू कहलानेवाला समाज जड़मूलसे नष्ट हो जायेगा। आज आवश्यकता है, एक महान संगठन और चेतनाकी, जिससे मानव अपने अधिकार और कर्त्तव्यको उचित रूपमें समझ सके। अच्छा, अब कल मैं तुम्हारे उस पवित्र मन्दिरमें प्रवेश करूँगा जहाँ हरिजनोंके चढ़नेसे हरि रूठ जाते हैं।

सनातन — (आश्चर्यसे) जीवन, अभी तुम छोटे हो इसलिए ऐसा हठ न करो। कल तुम्हारे मन्दिर-प्रवेश मात्र पर उल्कापात हो जायगा और तुम्हारे सैकड़ों दीन दुर्बल भाइयोंकी बलि चढ़ जायगी। भगवानके मन्दिरमें प्रवेश पाना तुम्हारे लिए असम्भव और असाध्य है।

जीवन — सनातन, तुम अपने मुंहसे कुछ भी कह सकते हो। लेकिन यदि यथार्थकी गहराईमें पहुँचा जाय तो सत्य यह है कि बलिदान करते और शोषण सहते हमें शताब्दियाँ बीत गईं। जगत जननी खूनकी होली खेलकर थक चुकी है। लेकिन अब प्रसन्नताकी लहरें उसके ओठोंमें प्रकट हो रही हैं। निकट भविष्यमें शीघ्र ही वरदानकी आशा है। सम्भव है वह कल ही प्राप्त हो सके।

सनातन — जीवन, तुम बड़े कटु और नीच हो। नीच होकर भी तुम कोई बात सहन नहीं करते हो।

जीवन — मित्र सनातन, अब बोझा अधिक हो चुका है इसलिए सहनशक्तिके बाहर है।

सनातन — अच्छा, तुम्हारी मरम्मत कर दी जाय तो बोझा एकदम हल्का हो जायगा!

(पाठशालाके कुछ और अन्य ब्राह्मण बालक आ जाते हैं और जीवनको पकड़कर स्कूलके कमरेके बाहर घसीट ले जाते हैं।)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दूसरा दृश्य

स्थान : गाँवके बाहर एक मठ और मन्दिर
समय : सूर्योदयके कुछ समय बाद

[साधु अपने मठके दरवाजेमें बैठा हुआ कुछ गुनगुना रहा है। इसी बीच जीवन मन्दिरमें घुस जाता है। साधु चलकर मन्दिरके समीप आता है और जीवनको शंकरकी मूर्तिके पास खड़ा पाता है]

साधु -- क्यों जीवन, तू क्यों अनर्थका बीज बो रहा है? पढ़लिखकर इतना बड़ा पाप? आज मन्दिरमें प्रवेश करके तूने सनातन परम्पराका सर्वनाश कर दिया। अब भगवानका सारा सत्व जाता रहा।

जीवन -- महाराज, अछूत कोई बीमारी नहीं हैं। वे भी आप जैसे मांस और हड्डियोंसे बने इन्सान हैं। उन्होंने आपकी ही भाँति माताके गर्भसे जन्म लिया है। आपकी ही माँति उनके जीवनमें भी कुछ रोचकता और मनोरंजन प्राप्त करनेकी इच्छा है। कहीं दर्शन मात्रसे भगवानका सत्व नष्ट होता है! उसका सत्व तो मानव कलह और संघर्षोंसे दिन-प्रतिदिन कम होता है। उस मन्दिरके निर्माण और मूर्तिस्थापनाके समय भी वही अछूत रहता है जिसका बादमें बहिष्कार किया जाता है। वह अपने कठोर परिश्रमसे उसकी नींवको सुदृढ़ और मजबूत बनाता है। उस मन्दिरकी एक एक ईंट उसके पसीनेसे जोड़ी जाती है।

साधु -- भाई, मैं सब जानता हूँ। लेकिन मुझे धर्मपालन करना है, सत्यपालन नहीं। यदि मैं सत्यके पीछे डंडा ठोकता फिरूँ तो मेरे हाथसे मन्दिर भी जाता रहे और मैं भूखों मर जाऊँ। इसीलिए मुझे जनताके मतसे चलना पड़ता है।

जीवन -- महाराज, यह मन्दिर और देवता सत्यकी रक्षाके लिए ही होते हैं। आप उनके रक्षक हैं अतएव आपको तो सत्यका अनुसरण करना चाहिये।

साधु -- बेटा जीवन, मैं भली प्रकार जानता हूँ कि तुम भी उसी भगवानकी संतान हो जिसने संसारके प्रत्येक जीवको अपने प्यारका एक अंश दिया है। तुम्हें भी उसकी सृष्टिमें समान रूपसे अधिकार है। तुम्हारे हृदयमें भी कोई श्रेष्ठ कर्म करनेकी लालसा होगी। किन्तु सबको तुम्हारी जाति मात्रसे ही घृणा है।

जीवन -- किन्तु महाराज, प्रतिभाका साइनबोर्ड प्रारम्भमें किसीके मस्तक पर अंकित नहीं होता है, समुचित वातावरणमें पलकर प्रतिभाका शनैः शनैः विकास होता है और वही प्रतिभा भविष्यमें महानतम हो जाती है।

साधु -- जीवन, जब तुम इतने पुरुषार्थी हो तो क्यों नहीं इस विषमताकी जंजीरको पकड़कर खींच लेते हो, जिससे उसकी सभी कड़ियाँ बराबर स्थानमें बैठ जायँ और उनकी सिकुड़न दूर हो जाय?

जीवन -- महाराज, मुझे समाजके ऊपर दृष्टिपात करनेसे हृदयमें एक टीस उठती है, क्योंकि आगे प्रेरणा देनेवाले मनुष्योंकी कमी प्रतिपल खटकती है और सब पीछे घसीटनेका

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यत्न करते हैं। इसलिए सोई हुई हिन्दू जातिको स्वयं अपने पैरोंतले कुचल डालनेका दुस्साहस हो आता है।

साधु—जीवन, यह सच है लेकिन अकेला चना कहीं भाड़ नहीं फोड़ पाता है। समाजमें सहयोगसे ही सफलता मिलती है। इसलिए बिना सहयोगके तुम्हारा सारा पुरुषार्थ व्यर्थ और असफलताका प्रतीक है।

जीवन—नहीं महराज, मुझे तो दिनोंदिन भगीरथ परिश्रम करना है और समाजके धर्मानुयायी ठेकेदारों तक पहुँचना है। उनके स्वार्थभरे व्यवहारोंको ठुकराकर कहना है कि धन केवल समाज कल्याणका साधन है, साध्य नहीं। केवल धनकी कमीसे कोई ऊँचनीच नहीं होता है।

साधु—जाओ युवक, तुम्हारा कल्याण हो, माता सरस्वती वीणा लिये तुम्हारी वाणीका प्रकाश सर्वत्र करे और तुम्हारी साधना अमर हो। किन्तु इतना स्मरण रहे कि मेरी इन शुभ कामनाओंको अपने तक ही सीमित रखना, अन्यथा मैं भी तुम्हारी तरह बाहर निकाल दिया जाऊँगा।

(जीवन साधुको प्रणाम करके मन्दिरके बाहर निकलकर एक ओर चला जाता है।)

तीसरा दृश्य

स्थान: उसी गाँवका एक भव्य भवन
समय: दिनका तीसरा पहर

(गाँवके नम्बरदार, प्रधान, मुखिया, सरपंच और कुछ ग्रामीण कृषक आपसमें बैठे बातचीत कर रहे हैं।)

नम्बरदार—भाई, जीवनने पढ़लिखकर अपने जातिवालोंमें एक नई जाग्रति पैदा कर दी है। उसकी जातिके सभी जन उन्नतिके इच्छुक दिखलाई पड़ रहे हैं। नित्य नये व्याख्यानदाता बाहरसे आते हैं और उनका व्याख्यान होता है। जो कुछ भी वे लोग व्याख्यानमें सच, झूठ कहते हैं उसीको माननेके लिए वे लोग तैयार रहते हैं, सभी अेक स्वर होकर अछूतोद्धार और अस्पृश्यताका खंडन करनेका नारा लगाते हैं।

मुखिया—भाई नम्बरदार, यह तो बहुत खराब होता जा रहा है। पता नहीं अब कैसा जमाना आ रहा है? अैसा लगता है कि कुछ दिनों बाद मजदूर मिलना दुर्लभ हो जायगा और खेतीबारीका सारा काम अपने हाथों करना पड़ेगा।

प्रधान—भाई, यह तो बड़ी विचित्र बात है। हम तो अपनी जगह, जमीन, खेत-बारीसे इनको निकलने नहीं देंगे। अब तो सब कहने लगे हैं कि हमारी तनख्वाह बढ़ाओ नहीं तो हम ज़्यादा काम नहीं करेंगे।

मुखिया—तो नम्बरदार, यह तो बड़ा अन्धेर है। इसके माने यह होते हैं कि यह लोग हमारी बराबरी करेंगे और कुछ दिनों बाद हमारे साथ हुक्कापानी करेंगे।

प्रधान—कौन बड़ा अन्धेर है मुखिया, अभी तो कलियुगने प्रथम चरण ही रक्खा है, इतने हीसे अन्त नहीं है। अछूतोद्धारके लिए उनके साथ शादी-व्याह करना पड़ेगा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

और उनके साथ बराबर बैठकर खाना पड़ेगा।

मुखिया — प्रधानजी, हमें क्या करना है? साल छः महीने और जिन्दा रहना है। अभी फिलहाल कुछ होना नहीं है। बादमें जो भी रहेगा, अपना देखेगा।

नम्बरदार — (गुस्सेसे) जब तक मैं हूँ अपने गाँवमें यह अन्धेर होनेका नहीं है।

(जीवनका इसी बीच आगमन)

नम्बरदार — अरे जीवन, तुम गाँवमें कौनसी आग पैदा कर रहे हो जिससे सभीके विचार बदल रहे हैं और वे आपसमें हेलमेल कर रहे हैं?

जीवन – नम्बरदार, मैं आग तो कोई नहीं फैला रहा हूँ केवल शोषणके विरुद्ध आवाज़ उठानेवालोंका एक संगठन हो रहा है। यह अधिकारकी लड़ाई है। जब तक जनताके सामने सत्यका स्पष्टीकरण नहीं होता है तब तक अन्धविश्वासकी परम्परा बराबर चला करती है।

नम्बरदार — (रुष्ट होकर) अच्छा, सब समझ लिया है। तुम अपनी आदर्शकी बातें यहीं समाप्त कर दो। यह कोई अछूतोंकी सभा नहीं है कि जो भी चाहो उल्टा सीधा बकते चले जाओ। तुमने कल ब्राह्मणके लड़के सनातनसे विवाद किया था और आज मन्दिरको भ्रष्ट करनेका निश्चय किया है। कल हमारी बहूबेटियों पर हाथ साफ़ करोगे। लेकिन इतना मत भूल जाना कि अभी उच्च वर्ण इतना जीर्ण नहीं है कि तुम जैसे निरुपाय और असहाय युवक हमको दबा सकें।

जीवन — नम्बरदार, आप स्वयं समझदार हैं, आपके सामने कुछ कहना मेरे लिए व्यर्थ है। किन्तु इतना तो सत्य है कि सत्यकी कभी हिंसा नहीं होती है।

(जीवनको सभी उपस्थितजन पकड़कर पीटते हैं।)

चौथा दृश्य

स्थान : गाँवकी एक पगडंडी
समय : संध्याका प्रथम प्रहर

(जीवन सिसकियाँ भरता हुआ अधीरतासे इधर उधर देखता है।)

जीवन — (आत्मगत) हे भगवान, दुर्व्यवहारी समाज है। स्वार्थकी रक्षाके लिए दूसरोंका गला घोंटा जाता है। यहाँ होम करते हाथ जलता है और आगे बढ़नेवालेको कुचलनेकी चेष्टा की जाती है। यहाँ भगवानके नाम और दर्शन पर भी लोगोंका अधिकार है। क्या भगवानने अछूतोंको समान रूप, रंग, बोलचाल नहीं दिया है? क्या हरिजनोंके होनहार बालक पढ़लिखकर आदर्श नागरिक नहीं बन सकते हैं? उनमें भी विद्याकी उतनी ही भूख है जितनी कुलीन कही जानेवाली जातियोंके बच्चोंमें होती है। क्या करूँ, आत्महत्याकी शरण ले लूँ? किन्तु नहीं, यह तो भीरुता है। अपनेको धोखा देना है। क्या मुझे इस प्रकारकी असफलता सदैव मिलती रहेगी?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(अचानक पगडंडीके आगेसे दो-तीन स्त्री-पुरुष सामने कुछ दूर पर आते दीखते हैं। जीवन सिसकी रोकनेका यत्न करता है।)

सभीका एक साथ स्वर — तुम कौन हो जो रास्तेमें इतनी रातको बैठे आनेजाने-वालोंको डरा रहे हो ?

जीवन — (खड़ा होकर) मैं एक अछूत हूँ जिसका संसारमें कोई साथी नहीं है।

महिला — (प्रसन्नतासे) उठो बेटा, यहाँ आओ, क्या तुम नहीं जानते हो कि हरिजनोंके भगवान साथी होते हैं। भगवान ही उन्हें संसारमें मानव हृदयोंकी परीक्षाके हेतु इस जाति विशेषमें भेजते हैं। लेकिन समाज उन्हें हरिजन और अछूत समझकर घृणा करता है।

जीवन — बहन, अब मैं समाजकी इस विषमता और ऊँचनीचसे ऊब चुका हूँ। चारों ओर होनहार हरिजन युवकोंके जीवनमें बसंतकी जगह पतझड़ दिखाई पड़ता है जिसको देखकर हृदय काँप उठता है।

महिला — आओ, पास आओ, फिर क्या विचार है ?

जीवन — अब आत्महत्या द्वारा जीवनका अन्त कर दूँगा।

महिला — भूलते हो युवक, अगर देशके सभी हरिजन इस प्रकार अपने जीवनका अन्त कर देनेका निश्चय कर लेंगे तो समाजका यह खोखलापन बराबर बना रहेगा। क्योंकि समाजकी प्रथम प्रतारणा पत्थरसे भी अधिक कठोर और पशुसे भी अधिक बर्बर होती है, जिसके द्वारा हृदयोंको चोट लगना स्वाभाविक है।

जीवन — बहन, मैंने स्वयं अपना हृदय पत्थरसे अधिक कठोर बनाया था। वह पत्थरसे बराबर टक्कर ले सकता था। यदि अपने पास चोट खाकर बिखरे हुए टुकड़ोंका संचयकर्ता एक भी होता तो मैं इतना कदापि न निराश होता।

महिला — अच्छा निराश न हो बन्धु, हम लोग ऐसे ही लोगोंका संचय करने निकले हैं और अहर्निश प्रत्येक गाँव और घरमें जाकर उनकी खोज कर रहे हैं। जो व्यक्ति भूमि, धन, विद्या, जीवन जो कुछ भी हमें सहर्ष प्रदान करेगा उसका संचय हम करेंगे। इस प्रकार थोड़े दिनों बाद हमें एक बहुत बड़ा युगपरिवर्तन करना है और उस परिवर्तनमें वर्गविहीन समाजकी स्थापना होनेकी आशा है।

जीवन — (विनयके साथ) अच्छा बहन, आज मेरे जीवनके सूखे मरुस्थलमें एक बार फिर नवचेतना आ गई है। अब मैं अपना जीवनदान करके समाजमें चेतना लानेका प्रयत्न करूँगा। अब आज रात्रिको चलकर मेरी झोंपड़ीको अपने चरणोंसे पवित्र कीजिये। कल मेरी चौपालमें नवचेतनाका शुभ सन्देश अन्य भाइयोंको दीजिये।

[जीवनके साथ सभी उसके घरकी ओर प्रस्थान करते हैं।]

इन्द्रकुमार 'रञ्जन'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજિ. નં. બી. ૪૩૪૩

જ્ઞાન અને વિજ્ઞાન

૧

જુદાઈની ફાટ પડી છે તે જ્ઞાન અને જીવન વચ્ચે નહીં, પણ બે પ્રકારનાં જ્ઞાન છે તેમની વચ્ચે છે. જ્ઞાનનો એક પ્રકાર તો વિજ્ઞાન કહીએ છીએ તે છે. આ પ્રકારના જ્ઞાન વડે પદાર્થો પર કાબૂ આવે છે. બીજા પ્રકારનું જ્ઞાન તે તત્ત્વજ્ઞાન છે. તે કોઈ પદાર્થ પર કાબૂ નથી અર્પતું; તે માત્ર પદાર્થોની જોડે આપણો સંપર્ક સાધી આપે છે. આ સંપર્ક એવો ઢીલો છે કે તેમાંથી પદાર્થ પર કાબૂ કે પકડ નથી મળતી, પણ તેના પરત્વે અમુક ઉદાસીનતા કે નિવૃત્તિનો ભાવ આવે છે. વિજ્ઞાનમાં રસ પડવાનો અતિરેક થઈ શકે : તે સત્તા અને સરમુખત્યારી તરફ લઈ જઈ શકે, — એટલે કે એવી મનોદશા કે જેમાં કાબૂ અને ઉપરવટપણું એ જ જાણે સર્વસ્વ હોય એવું લાગે, — એટલે કે, સ્વતંત્રતા કે મુક્તિની દશાથી ઊલટી જ વસ્તુ. ત્યારે તત્ત્વજ્ઞાનમાં રસ પડવાનો અતિરેક સંભવતો નથી.

૨

બરું જ્ઞાન કાંઈ અન્ય મેળવવાનું સાધન નથી. મનુષ્યને માટે જ્ઞાન એ જ તેનું અસ્તિત્વ કે સ્વભાવ છે. પરંતુ જીવતા રહેવાને માટે તેનું સાધન બની શકે એવું જે જ્ઞાન છે, તેની જરૂરિયાતમાં એવા તો માણસો જકડાયા છે કે, આવું સાધન-જ્ઞાન કે વિજ્ઞાન એ જ જાણે જ્ઞાન છે, એમ આપણે માની બેસીએ છીએ. એ જ્ઞાન ન હોય. એવું જ્ઞાન તો જીવનનું ઉપરનું જાડું કઠોર કોટલું જ છે.

૩

આપણો યુગ શોધનો નથી, પણ શોધોનો ઉપયોગ કરી તેનો કસ કાઢી લેવાનો છે : યંત્રોદ્યોગનો યુગ છે. વિજ્ઞાન તેનો પરમેશ્વર છે. યોજના અને વ્યવસ્થાનો આ યુગ છે. સુપ્ત માનસવિદ્યાનો યુગ છે. તેથી, જે જાયું તે જાય, એ ન્યાય પ્રમાણે, આપણો (આપણા યુગનો) નાશ થયા વગર રહે નહીં.

(મનસ, ૧૩-૬-'૫૬ માંથી સંકલિત)

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે — મણિભાઈ દેસાઈ
ગોપાળદાસ પટેલ — મગનભાઈ દેસાઈ (તંત્રી)
ઠાકોરભાઈ દેસાઈ — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૫ — અંક ૮

ઓગસ્ટ — નવજીવન, અમદાવાદ — ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

ઑગસ્ટ, ૧૯૫૬

વર્ષ ૧૫ — અંક ૮

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
લોકમાન્ય ટિળક	મગનભાઈ દેસાઈ	
	પાંડુરંગ ગણેશ દેશપાંડે	૨૨૫
શિક્ષણના માધ્યમનો સિદ્ધાંત અને કાર્યક્રમ	મગનભાઈ દેસાઈ	૨૩૦
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૨૩૨
જિજ્ઞાસુની પ્રશ્નોત્તરી		૨૩૬
શિક્ષણમાં સડાની નિશાનીઓ	મગનભાઈ દેસાઈ	૨૩૯
મોધું કોણ — મિલ કે અંબરચરખો?	હસમુખ નાયક	૨૪૦
રાજ્યશાસ્ત્રની પરિભાષા	રમેશ મ૦ ભટ્ટ	
	રામલાલ પરીખ	૨૪૧
માંડૂક્યોપનિષદનો સ્વાધ્યાય	મગનભાઈ દેસાઈ	૨૪૩
માધ્યમિક શાળાઓમાં સ્વભાષા-શિક્ષણ	મુકુલભાઈ કલાર્થી	૨૪૬
સાભાર સ્વીકાર		૨૪૮
ચિંતન અને મનન		૨૪૯
'રાષ્ટ્રીય આવક'નો ભ્રમ	રમેશ મ૦ ભટ્ટ	૨૫૦
પશુસંપત્તિ વિષયક કેટલાક આંકડા	ગો૦ પ૦	૨૫૨
ચેપ	ચંદ્રકાન્ત ઉપાધ્યાય	૨૫૪
નવું વાચન		
ખુલાસો	મ૦	૨૫૪
પરિક્રમા	મુ૦ ક૦	૨૫૪
તિબેટના ભીતરમાં	મુ૦ ક૦	૨૫૫
મંગલ મંદિર	મુ૦ ક૦	૨૫૫
વ્યક્તિ-ચિત્રો	મુ૦ ક૦	૨૫૫
રામરસ	મુ૦ ક૦	૨૫૫
પ્રાચીન ફાગુ-સંગ્રહ	મુ૦ ક૦	૨૫૫
સમવાયી શિક્ષણ	મુ૦ ક૦	૨૫૬
ગાંધીજીનું ગીતાક્ષિક્ષણ	મુ૦ ક૦	૨૫૬
વિનોબાજી સાથે	મુ૦ ક૦	૨૫૬
માતૃભાષાનું અધ્યાપન	મુ૦ ક૦	૨૫૬

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતિ છે.

સરનામાનો ફેરફાર અમને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોને પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતિ છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં અમદાવાદ (કલ્યાણ ભુવન, રિલિફરોડ); મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બન્નર); રાજકોટ; (લાખાજીરાજ રોડ); દિલ્હી (યુ. એસ. કૉમ્યુનિકેશન થિયેટર બિલ્ડિંગ, કૉનોટ સર્કસ, નવી દિલ્હી); ઇદોર (ગાંધીભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂા. ૪; પરદેશમાં રૂા. ૬ અથવા શિ. ૬સ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. નવજીવન, **અમદાવાદ-૧૪**

અમારાં નવાં પ્રકાશનો

લોકમાન્ય ટિળક : લે૦ પાંડુરંગ ગણેશ દેશપાંડે; કિં. રૂ. ૩-૦-૦; ટપાલખર્ચ ૦-૯-૦.

અંકગણિત શીખવવાની પદ્ધતિ : લે૦ મોહનલાલ હ૦ પંચોળી; કિં. રૂ. ૩-૮-૦; ટપાલખર્ચ ૦-૧૦-૦.

રામ અને કૃષ્ણ : લે૦ કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા; કિં. રૂ. ૧-૦-૦; ટપાલખર્ચ ૦-૫-૦.

બુનિયાદી શિક્ષા : લે૦ ગાંધીજી; કી. રુ. ૧-૮-૦; ડાકખર્ચ ૦-૬-૦.

વર્ગવ્યવસ્થા : લે૦ ગાંધીજી; અનુ૦ રામનારાયણ ચૌધરી; કી. રુ. ૧-૮-૦; ડાકખર્ચ ૦-૬-૦.

"My Dear Child" [Gandhiji's letters to Esther Faering] Ed. by Alice Barnes; Price Re 1-8-0; Postage etc. 0-5-0.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

સા વિદ્યા યા વિમુક્તયે

વર્ષ ૧૫–અંક ૮] અમદાવાદ [ઑગસ્ટ, ૧૯૫૬

લોકમાન્ય ટિળક

[લોકમાન્ય ટિળકની જન્મ શતાબ્દી ૨૩–૭–'૫૬ ને રોજ ઊજવાઈ તે જ દિવસે ગુજરાત વિદ્યાપીઠ તરફથી બહાર પડેલા ગ્રંથ 'લોકમાન્ય ટિળક' (લે૦ પાંડુરંગ ગણેશ દેશપાંડે; કિં. રૂ. ૩–૦–૦) ના પ્રકાશક તરીકે શ્રી મગનભાઈ દેસાઈએ લખેલું નિવેદન તથા લેખકનો ઉપોદ્ઘાત.]

૧

આ પુસ્તક પ્રસિદ્ધ કરતાં એક પ્રકારની કૃતાર્થતા અનુભવમાં આવે છે. હિંદના સ્વાતંત્ર્ય-યુગ માટે પુણ્યશ્લોક ગણાય એવા થોડાક મહાપુરુષોમાંના એકની જીવનકથા આ છે. અને તે એમની જન્મ-શતાબ્દીના પવિત્ર અને યાદગાર દિવસે પ્રસિદ્ધ કરવામાં આવે છે. ગૂજરાત વિદ્યાપીઠની ઉત્પત્તિ સ્વાતંત્ર્ય માટે લડવામાંથી થઈ. તે સંસ્થા લોકમાન્યનું જીવનચરિત બહાર પાડે, એમાં અમુક ઔચિત્ય રહેલું છે એમ જ નહીં, એમાં અમુક કૃતકૃત્યતા પણ રહી છે. હું માનું છું કે, ગુજરાતીમાં મહાન લોકમાન્યની આ પ્રથમ જીવનકથા પ્રગટ થાય છે. તેના લેખક પણ ગૂજરાત વિદ્યાપીઠના જૂના વિદ્યાર્થી છે; અને મૂળ ગુજરાતીમાં જ તેમણે આ લખ્યું છે. આ કહું ત્યારે, આ લખવાની તેમની યોગ્યતા વિષે બે બોલ કહેવા જોઈએ.

મૂળ મરાઠીમાં તથા અંગ્રેજીમાં મળતી સામગ્રી તેમણે જોઈ છે. એટલું જ નહીં, ટિળક મહારાજ વિષે જે અનેક ચર્ચાઓ, વાદવિવાદો ઇ૦ ઉપસ્થિત થયાં છે,— અને તે સારી પેઠે થયેલાં છે,— તેના એ ઠીક ઠીક અભ્યાસી છે. વિશેષ તો એ કે, તે રાષ્ટ્રના સ્વાતંત્ર્યની લડતના આજીવન સૈનિક છે. ૧૯૨૦ના અસહકાર યુગમાં કૉલેજ છોડી ત્યારથી આજ સુધી તે સ્વરાજની લડતના સૈનિક રહ્યા છે. એટલે કે, મારા કહેવાનું મતલબ એ છે કે, ટિળક મહારાજના જીવનકાર્યનો આંક મૂકવાને માટે અભ્યાસ સાથે જીવનમાંથી જાગતી સહૃદયતામાંથી જન્મતી જે નજર જોઈએ, તે પણ એ ધરાવે છે.

આવી સૂક્ષ્મ તૈયારી ઉપરાંત સ્થૂળ તૈયારી પણ એમણે ખૂબ પરિશ્રમ લઈને કરી છે. પ્રસિદ્ધ અપ્રસિદ્ધ કેટલીય સામગ્રી તેમણે અનેક જગાએથી એકઠી કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયત્ન કર્યો છે. વરસોથી એમનું કામ આ જાતનું રહ્યું હોઈ, તે આ તૈયારી લાંબા વખતથી જ કરતા હતા, એમ કહી શકાય. એના પરિપાક રૂપે આ ચોપડી તૈયાર થઈ છે. તે વિદ્યાપીઠના જૂના સેવક છે. આવા પરિશ્રમથી તૈયાર કરેલું તેમનું પુસ્તક વિદ્યાપીઠને પ્રસિદ્ધ કરવા આપ્યું, તે માટે તેમનો આભાર માનું છું.

લોકમાન્ય વિષે અહીં વિશેષ કહેવાનું હોય નહીં. હિંદના રાજકીય અંધાર-યુગમાં તે બરોબર ૧૦૦ વર્ષ પર જન્મ્યા. તે અંધારાં ઉલેચવા માટે જન્મભર મથ્યા; અને કાંઈ કે ઉજાસ પ્રગટતો જોઈને ગયા. આજે એમના આજીવન પુરુષાર્થનાં સુફળ જોવા માટે એ હયાત નથી, તેથી શું? એ ગીતાભક્ત કેવળ કર્મ કરી જાણનાર હતા. એનાં ફળ જ્યારે ત્યારે અચૂક ભગવાન આપશે જ, એ પાઠ એમણે આપણને 'ગીતારહસ્ય' રૂપે શીખવ્યો જ નહીં, પોતે શીખેલા તે આચરી બતાવ્યો.

એમના જન્મકાળના યુગને મેં અંધાર-યુગ કહ્યો છે. રાજા રામમોહન રાયે અંગ્રેજી વિદ્યાનો દીવો ૧૮૧૮ પછી બતાવ્યો. આપણી પ્રજા તે રસ્તે વળી. લોકમાન્ય જન્મ્યા ત્યાં સુધીમાં, આપણા ઉપલા થરના લોકો એ દીવાના પ્રકાશમાં ગુલતાન બન્યા હતા. "વાઘ બકરી એક આરે પાણી પીએ" એવી ઉપમા આપીને તેઓ 'અંગ્રેજ શાંતિ'નાં વર્ણન કરવા લાગ્યા હતા. ૧૮૫૭ પૂર્વે આપણા સંસારનું અંગ્રેજીકરણ થવા દ્વારા સમાજાન્તર થતું જોઈને જે ઉકળાટ અને પુણ્યપ્રકોપ લાગતો હતો, તે ૧૮૫૭ પછીના કાળમાં ટાઢો પડતો જતો હતો. બલ્કે, સંસારસુધારો કરીને આપણા સમાજનું 'અંગ્રેજીકરણ' થવું ઘટે છે, એવા વિચારોનો ઉદય થવા લાગ્યો હતો. ટિળક મહારાજ આ સંક્રાંતિકાળમાં જન્મ્યા અને એ જોતા અને જાણતા અનુભવતા ઊછર્યા ને યુવાનીમાં આવ્યા એટલું જ નહીં, પોતાના જીવનપાથેયની તૈયારી કરી, અને પોતાના મોંઘામૂલા જીવનનું શું કરવું એનો નિર્ણય – હૃદયના ઊંડાણમાં – કરતા ગયા. સદ્‌ભાગ્યે તેમાં એમને સાથીઓ હતા ચિપળૂણકર ઇ૦ જેવા, કે જેઓ મહારાષ્ટ્રના આધુનિક જીવન પર પોતાની છાપ પાડી ગયા છે. પરંતુ જેમ જેમ જીવનની અને રાષ્ટ્રસેવાની એમની યાત્રા આગળ ચાલી, તેમ તેમ એમના રાહ જુદા પડતા ગયા. રાનડે, દાદાભાઈ, ડિગ્બી, દત્ત, ઇ૦ની પેઢીના તેઓ વારસ હતા એ ખરું; પરંતુ હૃદયના ભીતરમાં કદાચ એ કાંઈક જુદું જ જોવા મથતા હતા. એમની પ્રતિભા અનુયાયીની નહોતી. તે કાંઈક જુદા જ આંતરનાદને સાંભળીને ચાલતા હતા; તેમની ખોજ યુગપરિવર્તનની હતી. હિંદ માટે રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય જોઈએ, એવું દર્શન એમને લાધ્યું અને એને પ્રગટ કરવાને સારુ તે જીવનભર મથ્યા. હિંદના રાષ્ટ્રીય – એટલે કે સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, આર્થિક ઇ૦ સંપૂર્ણ – સ્વાતંત્ર્યની કલ્પના બીજા કોઈને ન આવી અને ટિળક મહારાજને આવી એમ કહેવાનો મારો આશય નથી. એ કલ્પનાને મૂર્તિમંત કરવી, તેને રાષ્ટ્રનાં કાર્યો દ્વારા દેહ આપીને દેશના લોકોમાં તેને સ્થાપવી, એ કામ લોકમાન્યે કર્યું. એને માટે જે જાતની જીવન-સમૃદ્ધિ જોઈએ, – જ્ઞાનની, વિદ્વત્તાની, જીવનબળની, દૃષ્ટિની, ત્યાગની, તેમ જ વિધવિધ પ્રકારની વિદ્યાશક્તિની, – આ બધી એમની પાસે હતી; અને તે બધી તેમણે ભારતમાતાને ચરણે ધરી.

ટિળક મહારાજની આ જીવનસિદ્ધિ છે. તેને સારુ તે બંને તરફ ઝૂઝ્યા: સરકાર સામે જ નહીં, આપણા લોકમાંથી જેઓ આ દર્શન સમજી કે પચાવી ન શક્યા તેમની સામે પણ. એક વિવેચકે કહ્યું છે કે, પહેલા પક્ષ કરતાં પોતાના દેશજનોના બીજા પક્ષ સામે લડવામાં લોકમાન્ય અડધા થઈ ગયા! આજે એ બાજુ ભલે યાદ ન કરીએ; પરંતુ કોઈ કાચોપોચો પ્રતિષ્ઠાપ્રિય માણસ હોત, તો સ્વજનો જોડે લડવાના સતત આંતરકષ્ટ અને કકળાટથી થાકત, પાછો પડત, માંડી વાળત. ટિળક મહારાજ આ એમના યુગકાર્ય પરત્વે અંગત મટી ગયા હતા; તે રાષ્ટ્રમૂર્તિ બની ગયા હતા. તે ધારે તોપણ છોડી ન શકે, એવા અવતાર-કાર્યના હથિયાર બની ચૂક્યા હતા. હિંદની સ્વતંત્ર રાષ્ટ્ર તરીકેની હસ્તીનું તેમણે દર્શન કર્યું અને તે સિદ્ધ કરવાને પંથે વળવાને માટે પોતે જીવનભર તપ કરીને તે વસ્તુને હિંદના લોકજીવનમાં ઉતારીને ગયા. એમ કરીને તે આપણા અર્વાચીન યુગની પુણ્યશ્લોક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માળામાં સ્થાન પામ્યા છે. આજે આપણે સ્વતંત્ર થયા છીએ. લોકમાન્યે જે જાતનું સ્વતંત્ર ભવ્ય લોકજીવન આપણા પ્રાચીન રાષ્ટ્રને માટે અંતરમાં જોયું અને જપ્યું, તેને હવે સિદ્ધ કરવું એ તે સ્વતંત્રતાનું પ્રયોજન છે. એ પ્રયોજનને પૂરું કરવામાં લોકમાન્યનું જીવન આપણને સૌને અને ખાસ કરીને નવી પેઢીને તૈયાર થવાની પ્રેરણા આપો એ પ્રાર્થના.

મગનભાઈ દેસાઈ

૨

પંદરમા સોળમા સૈકામાં મધ્યયુગના અંધારામાંથી બહાર પડેલી યુરોપની પ્રજાઓમાં નવું ચૈતન્ય સ્ફુરવા લાગ્યું અને આખી દુનિયાને પાદાક્રાન્ત કરવાની તમન્ના તથા સાહસવૃત્તિ તેમનામાં — ખાસ કરીને પશ્ચિમ યુરોપની પ્રજાઓમાં — થનગનાટ કરવા લાગી હતી. એ સાહસવૃત્તિથી પ્રેરાઈને અંગ્રેજ લોકો મૂળ એક વેપારી મંડળી તરીકે હિન્દમાં આવ્યા. અહીં આવ્યા પછી હિન્દની રાજકીય સ્થિતિ જોઈને તેમને થયું કે, આપણે જો કુનેહથી કામ લઈશું તો આ કુસંપ, અજ્ઞાન, વહેમો, શિસ્તનો અભાવ ઇત્યાદિને લીધે છિન્નવિછિન્ન થયેલી પ્રજા પર સત્તા જમાવી શકીશું. અને હિન્દી પ્રજાની એ ક્ષતિઓનો પૂરેપૂરો લાભ લઈ એવી સત્તા જમાવવાની તેમણે શરૂઆત કરી દીધી. પ્રથમ બંગાળ બિહારથી માંડી એકે એકે બીજા પ્રાન્તો પર પોતાનું વર્ચસ્વ તેઓ સ્થાપન કરતા ગયા. આવી રીતે મુલકનો કબજો લીધા પછી પોતાની સત્તા વ્યવસ્થિત અને સ્થિર બનાવવાનું કામ તેમણે હાથમાં લીધું. અંગ્રેજ પ્રજાને સદ્‌ભાગ્યે પોતાની સત્તા અને સામ્રાજ્ય સ્થિર કરવાના એ દિવસોમાં વિલાયતથી હિન્દ આવેલા એલ્ફિન્સ્ટન, મનરો, માલકમ, મેટકાફ, વગેરે જેવા બહુ જ કાબેલ, દૂરદૃષ્ટિવાળા અને સંસ્કારસંપન્ન માણસો પણ તેને મળ્યા. તેમણે ચાલુ કરેલી સુંદર રાજ્યવ્યવસ્થાને પરિણામે, ૧૯૦૬માં લખેલા એક લેખમાં લોકમાન્યે જણાવ્યું છે તેમ, "અંગ્રેજી રાજ્ય એટલે કાયદાનું, ન્યાયનું, સુધારાનું રાજ્ય એવી માન્યતા લોકોમાં ફેલાઈ. સાહેબ લોકોની રાજ્યવ્યવસ્થાની ટાપટીપ, તેમણે કવાયત શીખવેલી પલટણો, આંકી આપેલી વ્યવસ્થાની શિસ્ત, રાજ્યના અમલદારોના કાયદાથી ઠરાવેલા ક્રમાનુસારી અધિકારો, દેશનો વેપાર તથા વહેવાર વ્યવસ્થિતપણે ચાલે તે માટે બનાવેલા રસ્તા, ટપાલની વ્યવસ્થા, પોલીસ ખાતું, અને થોડા વખત પછી દાખલ થયેલી આગગાડી અને તારના સંદેશાની વ્યવસ્થા, એ બધું જોઈને લોકોમાં આશ્ચર્ય અને કૌતુકની લાગણી ફેલાઈ અને ટોપીવાળાઓની હોશિયારી જોઈને તેઓ ચકિત થઈ ગયા. સામાન્ય લોકો જ શું, પણ પેશવાના મોટા મોટા સરદારો અને જાગીરદારો પણ આશ્ચર્યમાં ગરકાવ થયા હતા. છેલ્લા બાજીરાવના વખતની અંધાધૂંધીનો અંત આણી અંગ્રેજોએ વ્યવસ્થા સ્થાપી, એ એક આપણા ઉપર પરમેશ્વરનો ભારે ઉપકાર છે, અનુગ્રહ છે, અને આ શાંતિના રાજ્યમાં આપણું અને આપણાં બાલબચ્ચાંનું કલ્યાણ થશે એમ તેમને લાગ્યું. ધર્મની બાબતમાં અમે હાથ ઘાલતા નથી, એવી તેમની પ્રતિજ્ઞા, બધા ધર્મના લોકોને પોતપોતાના આચાર મુજબ વર્તવાની પૂરેપૂરી છૂટ, વ્યક્તિસ્વાતંત્ર્ય, વિચારસ્વાતંત્ર્ય, અને મિલકતની સલામતી, આ અથવા આના જેવી જ બીજી વસ્તુઓથી લોકોનાં મન આકર્ષિત થયાં. એકંદરે આમજનતાને એ ક્રાન્તિ તે વખતે લાભદાયક અને સંતોષકારક લાગી હતી. જમીનની મોજણી થઈને પહેલી મોજણી વખતે મહેસૂલ ખૂબ જ ઘટાડવામાં આવ્યું; વતનદારોના હક નક્કી કરવામાં આવ્યા અને તેઓ જાગીરદારોની પકડમાંથી મુક્ત થયા. વેપાર પરના કર ઓછા થયા અને સડકો થવાથી ખુલ્લો વેપાર શરૂ થયો. દેશમાં આગગાડી જેવાં કામો શરૂ થયાં અને પરદેશમાંથી જે મૂડી અહીં આવીને વપરાઈ તેથી લોકોને વધારે મજૂરી મળવા લાગી, એટલું જ નહીં પણ રાજ્યનો કમિશનર જેવો અધિકારી ગરીબોની પણ દાદ સાંભળવા લાગ્યો. ઘેર બાપનું શ્રાદ્ધ હોય તો કારકુનને રજા મળવા લાગી અને વળી મહિનાનો પગાર નિયમિતપણે મળવા લાગ્યો. પૂનામાં તો એવી લોકવાયકા છે કે, શિરસ્તેદારની સવારી પાલખીમાં બેસીને કચેરીમાં આવે, ત્યાં બેંકાદ કલાક આરામ લે અને તેમની લઘુનિદ્રા પૂરી થાય તે પછી કમિશનર સાહેબ પોતાનું કામ શરૂ કરતો! બાજીરાવના વખતમાં ઉપલો અધિકારી નીચેના અધિકારીનું આટલું બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન કદી પણ જાળવતો હશે કે ? અંગ્રેજી રાજ્યની શરૂઆતમાં અંગ્રેજ અમલદારોનો મોટામાં મોટો ગુણ તે અહીંના લોકો વિષેની તેમની આદરબુદ્ધિ હતો. અંગ્રેજોએ પેશવાઈનો અંત આણ્યો તે આપણું અપમાન કરવા માટે નહીં, પણ આપણા હકોનું સંરક્ષણ કરવા માટે, એવી તે વખતના મોટા લોકોની સમજણ હતી. આ બધા લોકો અંગ્રેજોની ટાપટીપ અથવા શિસ્ત અને તેમનો શાંતિમયો કારભાર એ બધાં પર એટલા આફરીન થઈ ગયા હતા કે, તેમને જ્યારે તમારું પોતાનું લશ્કર કમી કરીને લશ્કર રાખવા બદલ અત્યાર સુધી તમને જે વર્ષાસન મળતું હતું તેમાંથી લશ્કરના પ્રત્યક્ષ ખર્ચની રકમ બાદ કરતાં બાકીની રકમ તમને ઘેર બેઠાં આપવામાં આવે તો તે તમને પસંદ છે કે, એમ નવી સરકારે પૂછ્યું ત્યારે, 'ઓહોહો ! ઘેર બેઠાં જાગીર આપનાર આવો શેઠ ગમે તેટલી પ્રાર્થના કરીએ તોય કયાં મળવાનો હતો,' એવું વિચારી તેમણે સરકારની સૂચના આનંદથી કબૂલ કરી. ટૂંકમાં એ રાજ્ય-ક્રાંતિ રાયથી રંક સુધી બધા જ લોકોને સુખદાયક ભાસી."

જિતાયેલી પ્રજાના માનસમાં પોતાને વિષે અહોભાવ, ધાક અને આદર પેદા થાય અને તે અંજાઈ જાય, પ્રજા પોતાને વિષેનો આત્મવિશ્વાસ ખોઈ બેસે ને નાહિંમત થાય અને રાજકર્તાઓની સરખામણીમાં હીનત્વનો ભાવ તે ધારણ કરતી થાય તે માટે વિજેતાઓએ સફળ પ્રયત્ન કર્યો. અને હિન્દની પોતાની રાજ્યવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, ધર્મ, તત્ત્વજ્ઞાન, ઇત્યાદિ વસ્તુઓથી માંડીને કુદરતી ભૌગોલિક સ્થિતિ અને આબોહવા સુધી બધી બાબતો વિષે હારીને ચત્તીપાટ થયેલી પ્રજામાં એ હીનત્વ ભાવ સોંસરો ઊતરી ગયો. રાજ્યકર્તાઓની બધી જ વસ્તુઓ સારી અને પોતાની બધી ઊતરતી કોટિની, ફેંકી દેવાને જ પાત્ર, એવી માન્યતા પ્રજામાં રૂઢ અને સ્વાભાવિક જેવી બની ગઈ.

એટલે જ્યારે દેશનું રાજ્યતંત્ર, અર્થતંત્ર અને તેને અંગેનાં બધાં કામોનું નિયંત્રણ તથા જવાબદારી અંગ્રેજ રાજ્યકર્તાઓએ પોતાના હાથમાં પૂરેપૂરાં લીધાં, ત્યારે દેશના લોકોને એ ઝાઝું ખટકયું નહીં. રાજ્યવહીવટ અને લશ્કર તથા વેપાર પર ધીમે ધીમે સંપૂર્ણ કાબૂ રાજ્યકર્તાઓએ પ્રસ્થાપિત કર્યો અને પહેલા બેમાં કેવળ ઉપરીના હુકમનો અમલ કરવાનું નીચલા મદદનીશની કોટિ (સબ ઑસિસ્ટન્ટ કેટેગરી)નું કામ અને વેપારમાં કેવળ દલાલું એટલું જ લોકોના હાથમાં રહે એવી સ્થિતિ આવતી ગઈ.

આ બધું કરવામાં અંગ્રેજ રાજ્યકર્તાઓએ કેળવણીનો પણ સારી પેઠે ઉપયોગ કર્યો. અને તેમાં તેઓ એટલી હદે ફાવ્યા કે, તેમણે નાખેલી ભૂરકીમાંથી આજે હિન્દને સ્વતંત્રતા મળ્યા પછી પણ આપણો કહેવાતો ભણેલો વર્ગ બહાર નીકળવા તૈયાર નથી. અંગ્રેજી કેળવણીની — ખાસ કરીને અંગ્રેજી ભાષાની અને તે પણ માધ્યમ તરીકે — ગુલામી એટલે ઊંડે ઘર ઘાલી બેઠી છે કે, તે વિના આપણે સાવ વિધવા જેવા અનાથ અને અસહાય થઈ જઈશું, એવો તેમના હૈયામાં ફાંસકો પડ્યો છે.

સમરાંગણ પરની હાર કરતાં આ સાંસ્કૃતિક ક્ષેત્રમાં જે હાર હિન્દને મળી, તે તેને વસમી પડી અને રાજકીય સ્વાતંત્ર્ય મળ્યા છતાં તે હજી તેમાંથી ઊંચું આવી શકયું નથી.

દેશની આવી મોહિત દશામાંથી તેને બહાર કાઢવા માટે સૌથી મોટી જરૂરિયાત તેનામાં આત્મવિશ્વાસ પેદા કરવાની હતી. લોકમાન્યની પહેલાંના આપણા ઘણાખરા આગેવાનોએ દેશનાં વિવિધ ક્ષેત્રોમાં — ખાસ કરીને સામાજિક સુધારાના ક્ષેત્રમાં — સુધારા કરવાનું કામ અવશ્ય ઉપાડયું હતું. પણ અંગ્રેજો આપણા ગુરુઓ છે અને તેમની રાહબરી નીચે તેમની નિશાળમાં ઉમેદવારી કરી, ભણતર પામીને આપણે તેમના જેવી લાયકાત પ્રાપ્ત કરવી જોઈએ અને તેવી લાયકાત મેળવીશું તો અને ત્યારે તેઓ આપણને સજ્ઞાન ગણીને આપણા દેશનો કારભાર સોંપી દેશે, એવી ભોળી આશા એ લોકો સેવતા હતા. તેથી દેશના રાજ્યતંત્ર, અર્થકારણ, લશ્કર ઇત્યાદિમાં આપણને કશું સ્થાન નથી એ તરફ તેમની નજર જ ગઈ નહીં.

બ્રિટિશ લોકો સાથે હિન્દુસ્તાનનો સંબંધ થયો તેમાં હિન્દુસ્તાનનું હિત કરવાનો પરમેશ્વરનો હેતુ હોવા બાબત જૂની પેઢીના લોકોને શ્રદ્ધા હતી. અને અંગ્રેજોના વહીવટ પણા હેઠળ આપણા દેશની સર્વાંગી પ્રગતિ થશે એમ તેઓ માનતા. તથા ૧૮૫૭ પછી જુદા જુદા પ્રાન્તોમાં અંગ્રેજી કેળવણીની યુનિવર્સિટીઓ સ્થપાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેમાં પદવી મેળવી અહાર પડનારને ધન અને પ્રતિષ્ઠા અને મળવા લાગ્યાં, એટલે એ લોકો પરકીય સત્તાના પ્રશંસકો અને તેમાં નવાઈ ન હતી. તેઓ પણ ઉપરની શ્રદ્ધા ધરાવનારા લોકોમાં જ ભળી ગયા. અભ્યાસ-કાળ દરમ્યાન વાંચેલાં બર્ક, મિલ, સ્પેન્સર વગેરેનાં લખાણોને પરિણામે તેમનામાં એવી શ્રદ્ધા પેદા થઈ કે, અંગ્રેજ પ્રજા ઉદારમતવાદી, સ્વતંત્રતાની પરમ ઉપાસક છે; અને જો હિન્દુસ્તાનના રાજ્યતંત્રમાં કોઈ ખામીઓ કે કશું ફરિયાદ કરવા જેવું હોય તો તે અહીં આવેલા અંગ્રેજ અમલદારોના દોષોને આભારી છે. બ્રિટિશ પ્રજા ન્યાયનિષ્ઠ અને જ્ઞાનદાન હોવાથી અહીં ચાલતી ગેરરીતિઓને કદાપિ મંજૂર નહીં રાખે. આ માન્યતાનો એક સારામાં સારો દાખલો દાદાભાઈ નવરોજીએ લખેલા હિન્દની આર્થિક દુર્દશા વિષેના પુસ્તકના નામ પૉવર્ટી ઍન્ડ અન-બ્રિટિશ રૂલ ઇન ઇંડિયાનો જ આપી શકાય. બ્રિટિશ હોય તે બધું સારું જ હોય, ખરાબ હોય તે બધું અન-બ્રિટિશ, એમ દાદાભાઈ આ નામ દ્વારા સૂચવવા માગતા હતા. બ્રિટિશ પ્રજાનો અનુનય કરવાનો ખ્યાલ પણ તેમાં ચોક્કસ હશે.

અંગ્રેજોની રાજ્યવ્યવસ્થા અને આર્થિક નીતિને લીધે દેશ કેવો વધુ ને વધુ કંગાલ બનતો જાય છે તેની મીમાંસા પ્રથમ દાદાભાઈ નવરોજીએ કરી, અને ડિગ્બી તથા દત્તે પોતાનાં લખાણ વડે તેમનું જ સમર્થન કર્યું. તે પછી ન્યા. રાનડેએ રાષ્ટ્રીય અર્થશાસ્ત્રની દેશ આગળ રજૂઆત કરી. દેશના આ આર્થિક સવાલનું પ્રથમ સૂચન મહારાષ્ટ્રમાં લોકહિત-વાદીએ અગાઉ છેક ૧૮૪૯માં પોતાના શતપત્રોમાં કરેલું. પણ એ બધી પ્રવૃત્તિ પાછળ જે કાર્યનું પરિણામ-કારી બળ જોઈએ તે એ વખતે પેદા થયું ન હતું. રાષ્ટ્રીય અર્થશાસ્ત્રની પ્રથમ રજૂઆત ન્યા. રાનડેએ કરી અને તેને કાર્યકારી સ્વરૂપ આપવા માટે પ્રવૃત્તિ પણ શરૂ કરી. પણ અર્થકારણના ક્ષેત્રમાં દાદાભાઈ, ડિગ્બીએ કરેલી શોધો ને પ્રસ્થાપિત કરેલા સિદ્ધાન્તોને દેશની આગળ રજૂ કરી તેનામાં પ્રતિકાર-શક્તિ નિર્માણ કરવાનું શ્રેય લોકમાન્યને જ આપવું ઘટે છે.

લોકમાન્ય અંગ્રેજોનું વાલીપણું માનવા જરાય તૈયાર ન હતા. આપણી સામાજિક કે ધાર્મિક બાબતમાં અંગ્રેજોની દખલ થાય તે તેઓ જરાય સાંખી શકતા નહીં; અને તેને પરિણામે બાળવિવાહ-પ્રતિબંધ, ફરજિયાત વૈધવ્ય, સંમતિવયમાં વધારો, ઇ૰ જેવા સુધારા તેમને પોતાને માન્ય હતા છતાં એ સુધારા કરવા માટે કાયદાનો આશ્રય લેવાની નીતિનો તેમણે સખત સામનો કર્યો, અને કેટલીક ગેરસમજ ને અપ્રતિષ્ઠા પણ વહોરી લીધી. સરકારી કાયદાની મદદથી કોઈ સામાજિક સુધારો કરવા જવું એ સમાજ પર અત્યાચાર કરવા જેવું છે, એમ તે કહેતા.

પરકીય રાજ્ય કોઈ પણ સંજોગોમાં દેશને માટે હિતકારક હોઈ ન શકે. તેથી સ્વરાજ્ય માટે આપણે ઉમેદવારી કરવાની અથવા તો સ્વરાજ્યને અંગે લાયકાતની કસોટી કે કોઈ શરત હોઈ ન શકે. આજે અને અત્યારે આપણે સ્વરાજ્ય માટે લાયક છીએ, "સ્વરાજ્ય એ મારો જન્મસિદ્ધ હક છે અને હું તે પ્રાપ્ત કરીશ જ," એ મંત્રનું તેમણે સતત રટણ કર્યા જ કર્યું અને તે પ્રાપ્ત કરવા માટે અખંડ પુરુષાર્થ કર્યો.

કેળવણી, વર્તમાનપત્ર, ધાર્મિક કે રાષ્ટ્રીય ઉત્સવ, સ્વદેશી, દુકાળરાહતનું કામ, પૈસાફંડ, બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ, દારૂબંધી, સંશોધન કે લશ્કરભરતી – તેમણે ચલાવેલી કે પુરસ્કારેલી કોઈ પણ પ્રવૃત્તિ તરફ નજર કરો; તે દરેક પ્રવૃત્તિ સ્વરાજ્ય તરફ લઈ જનારી શી રીતે બને તેનો જ તેઓ સતત વિચાર કરતા. તેથી દરેક બાબતમાં સરકાર સાથે સંઘર્ષ થયા વિના રહેતો નહીં. સરકારે તેમને પોતાના કટ્ટા શત્રુ ગણી તેમની પજવણી કરવામાં મણા રાખી ન હતી, તે તાઈ-મહારાજના ખટલામાં તેણે ભજવેલા ભાગ પરથી સ્પષ્ટ જણાશે.

લોકમાન્યે રાજકારણમાં પ્રવેશ કર્યો તે પહેલાં આપણા દેશનેતાઓની બધી રાજકીય પ્રવૃત્તિઓ પરદેશી સરકારને ઉદ્દેશીને તેની વિનવણી કરી તેને પ્રસન્ન કરવા માટે જ મોટે ભાગે થતી. લોકો સાથે એ નેતાઓ ભાગ્યે જ સંપર્કમાં આવતા. એ પ્રવૃત્તિઓને ત્યાંથી વાળી લોકાભિમુખ બનાવવાનું કામ લોકમાન્યે જ પ્રથમ કર્યું. વળી, તેમની પહેલાંના આગેવાનો પોતાનો અંગત વ્યવસાય કે નોકરી સાચવીને ફુરસદના વખતમાં જાહેર પ્રવૃત્તિ કે રાજકારણમાં ભાગ લેતા. લોકમાન્યની પેઢીએ જ રાષ્ટ્રીય કાર્યને પોતાનું જીવન અર્પણ કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલ કરી અને એક નવીન પરંપરા શરૂ કરી દીધી. લોકમાન્ય તો પોતાના પત્ર કેસરી દ્વારા તેમ જ ભાષણો ને પ્રવાસો દ્વારા દેહ ગામડાંની જનતા સુધી પહોંચી ગયા હતા. અને તેથી જ દેશમાં રાષ્ટ્રીયતાની નવીન જાગૃતિ નિર્માણ કરવાનું શ્રેય તેમને આપવામાં આવે છે. થોડા દિવસ પર જવાહરલાલજીએ વિલાયતમાં ઇંડિયા ઑફિસમાં તેમના તૈલચિત્રનું અનાવરણ કરતી વખતે કહ્યું તેમ, "ટિળકે જ ભારતીય સ્વાતંત્ર્યની લડતનો પાયો નાખીને પોતાનું ઈશ્વરનિર્મિત જીવનકાર્ય પાર પાડ્યું. ભારતના ઇતિહાસમાં તેમનું નામ ભારતીય ક્રાન્તિના જનક તરીકે અજરામર થશે."

પાંડુરંગ ગણેશ દેશપાંડે

શિક્ષણના માધ્યમનો સિદ્ધાંત અને કાર્યક્રમ

ગુજરાત યુનિવર્સિટીના કાયદા મુજબ સહીઓની સાથે તેની ખાસ સેંટેટ ભરવાનું માગણું આવેલું, તે પરથી તેની સભા તા. ૨૬-૬-'૫૬ના રોજ મળી. કામ હતું માધ્યમ-ફેર અંગે જે નીતિ નક્કી થઈ છે, તેમાં ફેરફાર વિચારવાનું. તેને માટે જુદા જુદા પાંચ ઠરાવો આવ્યા હતા. આ ઠરાવોનો સાર એટલો હતો કે, ૧૯૫૭થી ગ્રેજ્યુએટ વર્ગના શિક્ષણ-પરીક્ષણનું માધ્યમ બદલવાનું શરૂ થશે, તે સ્થગિત કરવું; અને ૧૯૬૦માં આ પરિવર્તન પૂરું કરવું એમ કાયદો જણાવે છે, તે ૧૯૬૫ કરવા માટે સરકારને કહેવું. મતલબ કે, નક્કી નીતિમાં કોઈ ખોડખાંપણ યા મુશ્કેલી જોઈને તે સુધારવાને માટેનું આ કામ નહોતું. સેનેટે તે ન સ્વીકાર્યું અને તે કામ ઉપર જે સુધારો હતો તે સર્વસંમતિથી પસાર કર્યો. આને માટે તેને ધન્યવાદ ઘટે છે.

આ કામકાજ ઉપર સુધારા મેં સૂચવ્યા હતા. નક્કી નીતિમાં બે એક જગા એવી હતી કે જ્યાં સુધારાને અવકાશ હતો. તે જગાઓ કેવળ વિગતની હતી; તત્ત્વતઃ તેથી મૂળ ઠરાવના માધ્યમના સિદ્ધાંતમાં કશો ફરક પડતો નહોતો. સેનેટે મારો એ જાતનો સુધારો મંજૂર રાખીને તેણે નક્કી કરેલા સિદ્ધાંતને પાછી મહોર મારી આપી, એ બહુ સારી વાત થઈ ગણાય.

-આવો જે સુધારો પાસ થયો, તેના મુદ્દા નીચે પ્રમાણે હતા —

યુનિવર્સિટીના કાયદામાં જણાવ્યું છે કે, સેનેટ ઇચ્છે તો, તેવો ધારો કે સ્ટેટચૂટ કરીને, અંગ્રેજી માધ્યમ ૧૯૬૦-૬૧ સુધી ચાલુ રાખી શકે છે. તે મુજબ ધારો કરીને સેનેટે ફેરફાર કરવા માટેનું આખું સમયપત્રક નક્કી કરીને કયા વર્ષથી કયા વર્ગમાં અંગ્રેજી બદલાય, તે બધું વિગતવાર બતાવ્યું હતું. તેમાં એવી મર્યાદા આંકી હતી કે, જેઓ બિનગુજરાતી હોય તેઓ ગુજરાતી અને હિંદી પણ ન વાપરી શકે તો અંગ્રેજી ૧૯૫૯ સુધી વાપરી શકશે.

આ બાબતમાં બે સુધારા કરવામાં આવ્યા તે એ કે —

૧. ૧૯૫૯ વર્ષ કહેલું તે એવી ગણતરી પરથી કે, કાયદો ૧૯૪૯માં અમલમાં આવ્યો, તેથી ૧૦ વરસની મુદત ૧૯૫૯માં પૂરી થાય. એક મિત્રે મારું ધ્યાન ખેંચ્યું કે, કાયદો ૧૯૫૦માં અમલમાં આવ્યો, તેથી ૧૯૬૦ જોઈએ. આથી, અંગ્રેજીની છૂટ એક વરસ વધી શકે છે. તેવી છૂટ કાયદામાં હોઈ, તે મુજબ સ્ટેટચૂટ સુધાર્યો.

૨. આ છૂટ બિનગુજરાતીઓ માટે જ હતી. ગ્રેજ્યુએટ વર્ગમાં કામ કરણ પડે તેથી ગુજરાતીઓને પણ તૈયારી કરવામાં વખત જોઈએ એમ જેમને લાગે, તેઓ પણ આ છૂટ ભોગવી શકે, એવો બીજો સુધારો થયો.

આમ કાયદાની મર્યાદાનો પૂરો ઉપયોગ હરકોઈ કરી શકે, એવું થયું છે. અને માધ્યમનો સિદ્ધાંત જે નક્કી થયો છે તે અક્ષત રહ્યો છે કે,

૧. પ્રદેશભાષા માધ્યમ હોવું ઘટે.

૨. છતાં જેઓ પ્રદેશભાષાભાષી નથી તેમને દેશની આંતરભાષા હિંદી વાપરવાનો હક છે માનવું જોઈએ. એટલે તેઓ ઇચ્છે તો હિંદી વાપરી શકે. એટલે કે, તે વિદ્યાર્થી હોય તો પરીક્ષામાં જવાબ હિંદીમાં આપે અને તે અધ્યાપક હોય તો હિંદીમાં શીખવી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સિદ્ધાંત હિંદભરની બધી યુનિવર્સિટીઓ અપનાવે તો કશો વાંધો ન આવે. બલ્કે આ સવાલનો ઉત્તમ ઉકેલ આવી જાય, એવો ઉદ્ગાર એ છે. ગુજરાત યુનિવર્સિટી એ અપનાવીને તે દ્વારા દેશભરમાં પ્રતિષ્ઠા કમાઈ છે.

ઉપર મુજબ સુધારો થયો, તે પરથી કેટલાક સેનેટરો એમ સવાલ કરતા હતા — અને બીજા પણ કરે છે — કે, વિદ્યાર્થીઓ તો ગુજરાતી પસંદ કરશે; પણ અધ્યાપકો અંગ્રેજી ચાલુ રાખી શકે છે, તેથી તે નહીં બદલે તેનું શું?

આ પ્રકારનો પ્રશ્ન ઘણાને ઊઠ્યો હતો. અધ્યાપકોની વૃત્તિ પરત્વે અમુક બીક અને અશ્રદ્ધામાંથી તે પેદા થાય છે, એ ઉઘાડું છે. એ અકારણ છે એમ નથી, કેમ કે વાઈસ-ચાન્સેલર જેવા પણ સેનેટમાં જે બોલ્યા, તેમાં એવો ભાવ હતો કે, હવે બધાને અંગ્રેજી ચાલુ રાખવાની છૂટ મળે છે! આ ભયંકર વસ્તુ છે. ૧૯૬૦ની મર્યાદાનો અર્થ જ એ છે કે, જે અધ્યાપકો અંગ્રેજીનો ફેરફાર ન કરી શકે, તેઓ ૧૯૬૦ સુધીમાં પોતાની તૈયારી કરીને ગુજરાતી કે હિંદી મારફત કામ કરતા થઈ જશે. ૧૯૬૦ સુધી એહા રહેવાનો અર્થ કાઢવો, એ બેજવાબદારીભર્યું જ ગણાય. બલ્કે, હવે વાઈસ-ચાન્સેલર અને સિંડિકેટનો ધર્મ થઈ પડે છે કે, બધી કૉલેજોમાંથી જરૂરી હકીકતો મંગાવીને તે ખાતરી મેળવે કે, સૌ કોઈ ૧૯૬૦ સુધીમાં ફેરફાર કરી લેવા માટે કામ શરૂ કરશે અને તે ફેરફાર પૂરો કરશે. આમ પ્રમાણિકપણે કામ કરતાં જો કાંઈ બાકી રહે તો ત્યારે વિચાર કરવો જોઈશે કે, વધુ છૂટ જોઈએ કે કેમ.

આવું પ્રામાણિકપણું જો અધ્યાપકો ન બતાવે અને અંગ્રેજી જ ચલાવે તો શું, એ ઉપરના સવાલનો અર્થ છે. આનો જવાબ જોવો જોઈએ.

આ માધ્યમની બાબતમાં અધ્યાપકો વિદ્યાર્થી જેટલા છૂટા નથી, એ સમજવું જોઈએ. તેઓ શીખવવા માટે છે. તેનો અર્થ એ કે, તેઓ જે શીખવે તે એમના વિદ્યાર્થીઓને સામાન્યપણે સમજાય એવી ભાષામાં હોવું જોઈએ. તેઓ એમ જો ન કરી શકે, તો કૉલેજનું સંચાલનતંત્ર તેમને કહી શકે, પૂછી શકે, અને તેમ કરવા અધ્યાપક જો અશક્ત કે અયોગ્ય જ લાગે તો તેને બદલી પણ શકે છે. આમ કરવાની તે તંત્રની જવાબદારી ને ધર્મ છે. હું માનું છું કે, અધ્યાપકો તો આ સમજી ગયા છે. નહીં તો વિદ્યાર્થીઓ તેમને આ સમજાવશે, એનાં ચિહ્ન દેખાવા લાગ્યાં છે. છે. દા. ત. સાંભળ્યું કે, અમુક કૉલેજોમાં* આ ઠરાવ પરથી ઇંટર વર્ગમાં અંગ્રેજીમાં શીખવવાનું પાછું શરૂ થયું! વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલને ફરિયાદ કરી કે, અમને આ ન ફાવે. પરિણામે સુધારો થયો છે.

વિદ્યાર્થીઓ આમ પોતાની વાત કહે છે, અને વિનયથી તેનો ઉકેલ મેળવે છે, એ આપણી વિદ્યાસંસ્થાઓના વાતાવરણને સારુ સારી બીના છે.

પણ આ બાબતોમાં વિશેષ જાણકાર લોક કહે છે કે, જ્યાં છોકરાઓ ઓછા હશે, — દા. ત. ઇજનેરી, ટાકતરી ઇ૦, — ત્યાં અધ્યાપકો, પરીક્ષાનાં પરિણામ ઇ૦ની ધાક જેવા ઉપાયો મારફત, તેમને દબાવશે. આમ જો થાય, તો તે દુઃખદ ગણાય. અધ્યાપકોને માટે સારું ન ગણાય એવું આ આરોપણ તેઓ ખોટું ઠેરવશે એમ માનું છું. વિદ્યાર્થીઓ તો ત્યાં પણ પોતાના જવાબ ગુજરાતીમાં આપી જ શકશે અને એમ આ સુધારાને આગળ વધવા માગ કરશે.

આ સુધારો આપણી યુનિ૦એ કર્યો, એ ધન્ય વાતનો મર્મ બીજો છે. તેણે આ વિષે પહેલ અને આગેવાની કરી છે. અને આવું કરનારે અમુક પંચાત વહોરવાની હોય જ છે. પહેલ અને આગેવાની મફત નથી થઈ શકતી. તે માટે હિંમત જોઈએ; અમુક શ્રદ્ધા અને આત્મવિશ્વાસ જોઈએ. આ ગુણો દાખવવામાં હવે પછી હિંદનું વાતાવરણ વધારે અનુકૂળ બનશે એમ માનું છું. કારણ ઉઘાડું છે. હિંદનો નવો નકશો ભાષાવાર એકભાષી રાજ્યોનો લગભગ ગોઠવાઈ જશે.

---

*સાંભળવા મુજબ, એક કૉલેજમાં તો પ્રિન્સિપાલે જ એમ કરવા સૂચવ્યું હતું! આ પ્રિન્સિપાલ પોતાને ગુજરાતી માધ્યમમાં માનનાર તરીકે પાછા ઓળખાવે છે! આ વાત જો ખરી હોય, તો એ તો ગંભીર ગણાય. સેનેટના ઠરાવનો એ અર્થ જ નથી. તે કૉલેજના વિદ્યાર્થીગણે પ્રિન્સિપાલની આ ભૂલ વિનયથી સુધારાવી તેને માટે તેમને ધન્યવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેમ થતાંવેંત રાષ્ટ્રીય શિક્ષણમાં સુધારાઓ કરવાને વેગ મળશે. આથી દરેક રાજ્ય તેના શિક્ષણ અને વહીવટનું માધ્યમ ફેરવતા લાગશે. અને તે ફેરવીને શું કરશે એ સ્પષ્ટ છે. હિંદની મહાન રાષ્ટ્રીય ભાષાઓ જ તે સ્થાને બિરાજી શકે, એ હવે સ્પષ્ટ થાય છે. હિંદી તો રાજ્યો અને કેન્દ્રના પરસ્પર આંતર-વ્યવહારની ભાષા હશે. આમ દરેક પ્રદેશના વ્યવહારમાં દ્વિભાષિતા દાખલ થશે: તેને માટે તેણે તૈયારી કરવી એ મોટી શિક્ષણક્રાંતિનો સમય હવે નજીક આવી રહ્યો છે. આ ક્રાંતિ વગર હિંદ સ્વરાજ ટકી ન શકે, ખીલી ન શકે. સમગ્ર શિક્ષણ અને વહીવટમાં લોકભાષા ન હોય તો લોકરાજની મશ્કરી થઈ ગણાય.

રાજ્યસત્તા જો એમાં કશી જબરદસ્તી કરે, તો તેનાં પરિણામ માઠાં જ આવે. પણ એમ હિંદની લોકશાહી રાજ્યસત્તા કરશે જ નહીં. પ્રજા અને સરકારે મળીને માધ્યમફેરની જોગવાઈ કરવાનું આ કામ કરવા મંડવું, એ જ તેની ખરી જવાબદારી હવે છે. પંચવર્ષી યોજના કરતાં ઓછા મહત્ત્વની કે ઓછી ગંભીર આ વસ્તુ નથી. દેશના શિક્ષકવર્ગ, વિદ્વાનવર્ગ, તથા સરકારી નોકરવર્ગ ઉપર આ યોજનાને સફળ કરવાની જવાબદારી આવે છે. એમને વિષે એમ ન કહેવાઓ કે, દેશની ખરી ઘડી આવી ત્યારે તેઓ ખૂટ્યા કે આડા આવ્યા.

૨૧-૭-'૫૬ **મગનભાઈ દેસાઈ**

દિલ્હીમાં ગાંધીજી

[શ્રી મનુબહેન ગાંધીની ડાયરીમાંથી]

તા. ૨૪-૧૧-'૪૭

બિરલાહાઉસ, નવી દિલ્હી

નિયમ મુજબ પ્રાર્થના. પ્રાર્થના પછી બાપુજીએ હરિજન માટે લખાણો તૈયાર કર્યાં, મેં નકલો કરી.

કાઝરખીલથી (નોઆખાલીથી) આવેલ એક પત્રનો ઉત્તર હરિજનબંધુમાં આપ્યો. તે પત્રમાં છે કે, તમે મૃત્યુને ભોગે પણ પોતપોતાનું સ્થાન ન છોડવા જણાવો છો. અમે કાર્યકરો તો તે સમજીએ છીએ, પણ પ્રજાને તો ખૂબ ડર પેસી ગયો છે. ગામડાનો ધનિક વર્ગ તો જે શહેરમાં વર્ષોથી વેપારધંધાને અંગે રહેતો હોય છે, તે તો સમૂળગો ચાલ્યો જ ગયો છે. પણ ગામડાની ભલીભોળી પ્રજા, જેનું સ્થાન ક્યાંય બીજે ન હોય, તે બચી છે. અને તેઓ ભાગી નીકળે છે તો બીજે ખૂબ હેરાન થાય છે. અને અહીં આવવામાં ખૂબ ડરે છે.

જવાબમાં બાપુજીએ જણાવ્યું કે, આ કાગળમાં મુખ્ય દલીલ તો મતલબને ખાઈ જાય છે. જે માણસ મોતથી ભડકે છે, તે માણસ જીવતો છતાં મૂઓ જ સમજું છું. માણસે જીવન અને મરણને સરખાં જ ગણવાં જોઈએ. હું સમજું છું કે, મૃત્યુ થાય તોપણ હારવું નહીં એ કહેવું જેટલું સહેલું છે તેટલું તે પ્રમાણેનું આચરણ સહેલું નથી જ. પણ યોગ્ય ગણાતાં તમામ કાર્યો હંમેશાં મુશ્કેલ જ હોય છે. સીડીનાં પગથિયાં ચઢવાં અઘરાં છે, પણ ઊતરવાં સહેલાં છે. અને ઘણી વખત લપસણું પણ હોય. સાચું સુખ ત્યારે જ અનુભવાય, જ્યારે આપણે મોતને પણ આપણું મિત્ર ગણીએ. એટલે જિંદગીમાં અવારનવાર આવતી લાલચોને જે જીતવી હોય, તો પુત્ર-પત્ની-પૈસો આદિ તમામના ભોગે પણ સ્વમાન જાળવવા મોતને રાજીખુશીથી જે ભેટી શકે છે, તે જ સાચો વીર ગણાય. પાકિસ્તાન ત્યાગ કરવાનો સમય આવશે, તો હું જ તમને સૂચવીશ. પણ અત્યારે હું એ નથી સૂચવતો. એટલું યાદ રાખજો કે, શુભ કામની શરૂઆત જે માણસ ખૂન નાને પાયેથી કરે છે, તે જ આગળ વધે છે અને ટકે છે.

એ જ ભાઈએ બીજો એક સવાલ પૂછ્યો છે કે, પાકિસ્તાન સરકાર જો ફોજી સેનાદળ રચે, તો તેમાં બધાં જઈ શકે ખરાં? અને ધારો કે હિંદુ સમજી નોકરીમાં ન રાખે તો શું કરવું?

તેના જવાબમાં બાપુજીએ જણાવ્યું, "આ સવાલ એવો અટપટો છે કે બહુ સહેલાઈથી તેનો જવાબ ન દઈ શકાય. અત્યારનું વાતાવરણ પણ કંઈ આશાસ્પદ લાગતું નથી. હિંદમાં દરેક હિંદી મુસલમાનને શકની દૃષ્ટિથી અને અવિશ્વાસની નજરથી જુએ છે, તેમ જ પાકિસ્તાનમાં દરેક મુસલમાન હિંદુ તેમ જ શીખો પ્રત્યે એ નજરથી જુએ છે. પણ હું તો ઇચ્છું કે 'ફોજ'ને તો આ કોમી ઝઘડા સામે કશી જ લેવાદેવા ન હોવી જોઈએ. એટલે જો એ રીતે નોકરી પરસ્પર દેશોમાં મળતી હોય તો ઇચ્છવા જોગ છે. નહીંતર અત્યારના સંયોગોમાં તો મૂંગા રહેવું, કશું આંદોલન ન ઉપાડવું, અને તેમ છતાં મનમાં કોઈ પ્રત્યે ગુસ્સો ન કરવો."

એ જ ભાઈએ ત્રીજો સવાલ મૂક્યો છે કે, "પૂર્વ બંગાળમાં સરકારી ગૅઝેટમાં એવો હુકમ કરવામાં આવ્યો છે કે, જેઓ બંગાળના ભાગલા વિરુદ્ધ આંદોલન કરશે તેને ફાંસીની સજા થશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના જવાબમાં બાપુએ જણાવ્યું, "જેને જ્યાં લગી મેં મારી નજરે આ હુકમ ન વાંચ્યો હોય ત્યાં સુધી હું તેનું સમર્થન તો નથી જ કરતો, અને આવો હુકમ થયો હોય એમ માની નથી શકતો. છતાં ધારો કે આવી જાતનું કંઈક હશે — પણ ભાષા અને શબ્દોમાંય કેટલીક વેળા અર્થનો અનર્થ કરી માણસ તેને વળગી રહે છે. ભાગેલાની વિરુદ્ધ સક્રિય કામ જે થાય, તો એને કદાચ ગુનો ગણી શકાય. પણ ત્યાં તો લગભગ બધા જ હિંદુ અને મોટા ભાગના મુસલમાનો એવા છે કે જેઓ ભાગલાની વિરુદ્ધ મત ધરાવે છે. પણ એની સામે લડત ઉપાડનારો ગાંડો કહેવાય. ભાગલા મટી એકયનું કામ તો બંને સરકાર ને પ્રજા જો એકમત થાય તો જ બની શકે. વિરુદ્ધમાં લોકમત કેળવવો જો ગુનો ગણાતો હોય, તો એ લોકમત પણ કેળવવો અશકય જ બને. અને મારી મતિ પ્રમાણે આવો હુકમ કોઈ જવાબદાર સરકાર તો ન જ કરે."

આજની ટપાલો પણ પૂરી કરી.

"આજે તો મૌનનો દિવસ છે. અને હરિજનનાં લખાણોનો પણ. લખવાનું તો માંડ માંડ પૂરું થઈ શકે છે. ટપાલોનો થોકડો જમે છે. અને તેના જવાબો પૂરતી સંભાળથી આપી દેવા આગ્રહ રાખું છું છતાંય પહોંચાતું નથી. એમાં તો મારી જ ખામી ગણુંના? સવારે ૩-૩૦ વાગ્યે ઊઠું છું અને પ્રાર્થના પછીનો જ સમય જેટલો મળી શકે છે તે જ લખવામાં કાઢું છું. વચ્ચે એકાદ ઝોલું ખાઈ લઉં છું. પછી તો ફરવા નીકળું છું ત્યારથી તે રાતના સૂતી વેળા સુધીનો સમય એટલો ભરચક રહે છે કે પળ વારની ફુરસદ નથી રહેતી. અને જે કામને માટે અહીં બેઠો છું એથી લોકોને સાંભળવા તો પડે જ. આમ બધું ગાડું ચાલે છે.

"ફરી ગઈ રાતથી દિલ્હીમાં કોમી રમખાણનાં છમકલાં થવાં શરૂ થયાં છે. કોણ જાણે ઈશ્વર મારી આંખોને કેવું ચિત્ર બતાવવા માગે છે? મનથી ખૂબ શ્રદ્ધા વધતી જાય છે અને શાંત છું. શરીરે કયારેક ઘણું બોલવું પડે છે ત્યારે થાક લાગી જાય છે. પણ તુરત બોરાકમાં ફેરફાર કરી નાખું છું.

"બાકી તો આપણે સહુ રામજીનાં રમકડાં છીએ. એના નચાવ્યા નાચવાનું રહ્યું. તમે સહુ સારા હશો. ત્યાંનું વાતાવરણ કેમ છે? અંકુરો તો હવે જશે જ એમ લાગે છે. . . ."

"યહાંકા મામલા બહુત નાજુક હો રહા હૈ. શીખોંમેં કાફી જહર પડા હૈ. કલ હી ચાંદની ચૌકમેં શીખોંને કિસી મુસલમાનકે ઘરમેં ઘુસકર મારા. આખિર હમ કહાં જા રહે હૈં?

"આજ તો ઇતના હી — સુબહ ૩ બજેસે જગ રહા હૂં. કાફી લિખા હૈ ઇસ લિયે થક ગયા હૂં — થોડા આરામ કરનેકે લિયે લેટ જાતા હૂં, ઔર થોડી હી દેરમેં રાજેન્દ્રબાબુ આ પહુંચેંગે.

બાપુકે આશીર્વાદ"

ફરતી વેળા નિયમ મુજબ રાજેન્દ્રબાબુજી હતા. બીજું કોઈ ન હતું. માલિશમાં પણ સૂઈ ગયા, અને બાથમાં પણ ઊંઘી ગયા હતા. ૯-૧૫ વાગ્યે બાપુજી પરવાર્યા. આજે ઠીક ઠીક મોડું થયું. રાજાજી આવ્યા હતા. બાપુજીને મળીને જ ચાલ્યા ગયા. કંઈ ખાસ વાતોચીતો નહોતી થઈ. મૌન છે એટલે બીજું તો શું હોય? હોરેસ એલેકઝાન્ડર અને તેમના મિત્રો પણ આવેલા. ૧૧-૪૫ બધી નાની મોટી મુલાકાતોમાંથી બાપુજી પરવાર્યા અને આડા પડયા. માટી લીધી, અમે પગ દાબ્યા. આજે નાડું ઘણા દહાડાથી ઊંધ ખેંચી રહ્યા હોય તેમ ઊંઘે તો છે. પણ ગઈકાલના બનાવથી માનસિક રીતે વિશેષ વિચારોમાં હોય તેવું પણ લાગે છે. ૩-૫૦ મૃદુલાબહેન આવ્યાં. તેમણે પંજાબની લાહોરની ઘટનાઓની વાતો કહી તે સાંભળી. મૃદુલાબહેન તો લોકો છોકરીઓને ઉપાડી ગયા છે તેને પાછી લાવવાના કામમાં ખૂબ ઓતપ્રોત બની ગયાં છે.

સુશીલાબહેન પણ આજે વર્ધાથી પાછાં આવી ગયાં છે. મીરાંબહેનને ફરી શરદી થઈ ગઈ છે. એથી એમને સ્ટીમ આપી. ગરમ ગરમ ઉકાળો આપ્યો. એમની તબિયત જરાક પણ નરમ થાય છે તો પોતે ખૂબ ચિંતામાં પડી જાય છે. એટલાં નરમ છે. માંદગીનાં ખૂબ કાયર છે. "એ પાઠ એમની પાસેથી તારે તો લેવા જેવો તો ખરો જ" એમ મેં ઉપરની વાત બાપુજીને કહી એટલે તેમણે કાપલીમાં લખ્યું. "એને હું સદ્‌ગુણ માનું છું. પોતાની તબિયતની પૂરતી કાળજી લેવી જ જોઈએ. તારામાં એ દુર્ગુણ છે. એ જેટલી દરકાર રાખે છે એટલી જ તું બેદરકારી રાખે છે." મેં આગળ ન લખવા દેતાં હાથ પકડી લીધો. મેં કહ્યું, "આવો જવાબ મારે સાંભળવો પડશે એની મને ખબર ન હતી." બાપુજી હસી પડયા, અને મારો જોરથી કાન ખેંચ્યો. અને વળી લખ્યું, "મીરાં — અને મનુ — બંને જુદી જુદી દિશામાં છો."

દીપાભાઈ બાપુજીને પ્રણામ કરવા આવ્યા હતા. તેમની સાથે થોડી ગપસપ ચલાવી. આમ દિવસ પસાર થઈ ગયો. ૫-૩૦ વાગ્યે પ્રાર્થના. પ્રાર્થના-પ્રવચનના અંગ્રેજીનો હિંદીમાં અનુવાદ સુશીલાબહેને મને લખાવ્યો. એ અનુવાદ કરી બોલતાં ગયાં અને હું લખતી ગઈ.

આજના સંદેશામાં બાપુજીએ કહ્યું, "હું પ્રાર્થના-સભામાં આવું છું, ત્યારે તમે સહુ મને પગે લાગવા અને ચરણસ્પર્શ કરવા ધસારો કરો છો. મારી આ છોકરીઓ પણ દબાઈ જાય છે. તમારા પ્રેમની મને ખૂબ કદર છે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરણસ્પર્શ કરીએ તો જ એ સાચો પ્રેમ ગણાય એમ નથી. પણ એને બદલે હું કહું છું તેમ રચનાત્મક કામ કરો, ભાઈચારો કેળવો તો એને હું ખરો પ્રેમ માનવાનો છું. આપણે બધાં જ સરખાં માનવી છીએ. અને એથી માનવી માનવીનો ચરણસ્પર્શ કરે એથી પવિત્ર થવાય એવું હું નથી માનતો. એને હું વેવલાવેડા જ ગણું છું. એટલે મારી વિનંતી છે કે શાંતિ અને શિસ્ત જાળવવાનું અહીં શીખશો તો એની અસર તમારાં ઘરોમાં અને તમારા જીવનમાં પણ થશે.

"ચાલુ વેરઝેરની લાગણીમાં હજુય વધારો થતો હોય એમ મને લાગે છે. ગઈ કાલે આ રાજધાનીના શહેરમાં જ ચાંદની ચોક જેવા મધ્યસ્થળે કોમી હુલ્લડ બની ગયું. થોડાક હિંદુ અને શીખો એક મુસ્લિમના ખાલી ઘરમાં ઘૂસી ગયા હતા. અને એ રીતે વગર રજાએ તે મકાનનો કબજો લેવા પ્રયત્ન કર્યો હતો. અને પરિણામે કંઈક મારામારી થતાં થોડાકને તો ઠીક ઠીક ઈજા પણ પહોંચી. હું માનું છું કે આ બનાવ કંઈ યોગ્ય તો નથી જ. પણ લોકોએ તેમાં ઠીક ઠીક અતિશયોક્તિ કરી બનાવને ખૂબ સમૃદ્ધ કરી નાખી લોકોને ઉશ્કેર્યા છે. એવી વાતો પણ આવી કે ચાર શીખનાં ખૂન થયાં. પછી તો બીજું શું ફળ આવી શકે? બદલો લેવાનો શરૂ થયો અને છરાબાજી ચાલી. વળી શીખોએ પણ હવે પોતાની નાની કિરપાણો છોડીને તલવારો વસાવી છે. અને આ ખુલ્લી તલવારનું જોર બતાવી મુસલમાનોનાં ઘર ખાલી કરાવે છે. જો આ બાતમી સાચી હોય તો અને આ રાજધાનીના શહેરમાં જ આમ ચાલતું હોય તો હું માનું છું કે હવે રાક્ષસી વાતાવરણ રાજધાનીના શહેરમાં જ આપણે જમાવ્યું છે. અને આ વાત ખોટી હોય તો તો મારે કંઈ કહેવાપણું છે જ નહીં. હું ઇચ્છું છું કે એ ખોટી નીવડે. સાચી હકીકત હોય તો સરકારે જ નહીં પણ સરકાર અને જનતા બંનેએ પરસ્પર, આ શહેરને શરમાવનારા બનાવો જો બનતા હોય તો, તે તરફ દુર્લક્ષ ન કરવું જોઈએ.

"હવે મારો પ્રોતાનો શો ધર્મ હોઈ શકે એ હજુ તો હું કશુંય વિચારી શક્યો નથી. પણ પરિસ્થિતિ ઉત્તરોત્તર બગડતી ચાલી છે એ આમાંથી સાર કાઢી શકાય ખરો. કાર્તિકી પૂર્ણિમાનો દિવસ હવે નજીક આવ્યો છે. અને તે દિવસે કેટલું પાપ કરવું તે વિષેની અફવાઓની બાતમીઓ સાંભળી હું સ્તબ્ધ થઈ ગયો છું. પણ દશેરા, દિવાળી, અને બકરી ઈદની ઉજવણીની અફવામાં કંઈ જ વજૂદ ન હતું તેમ આમાં પણ કંઈ વજૂદ નહીં જ હોય એમ માની લઉં છું.

"હવે મારે કહેવાની છે તે મૂળ વાત પર આવું. લ્યાલપુરના સરદાર સંતસિંઘે મને એક લાંબો કાગળ લખ્યો છે. તેમણે પોતાના કાગળોમાં શીખનો ખૂબ બચાવ કર્યો છે, અને કિરપાણ અંગે ગયા બુધવારે મેં જે કહ્યું હતું તે સમજ્યા વગર અનર્થ કરી લીધો છે. દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫ની સાલમાં દેશમાં આવ્યો ત્યારથી શીખો સાથે મારો ખૂબ ઘાડો સંબંધ બંધાયેલો છે. એ સંબંધ આ ભલા સરદારજીને ક્યાંથી ખબર હોય! એક જમાનો જ એવો હતો કે, હિંદુ, શીખ કે મુસલમાનો મારો અવાજ, મારા શબ્દો, કે બોલ એને જ કાયદો માનતા. અને હવે જમાનો પલટાયો છે. જમાનો ભલે પલટાયો છે, પણ હું તો નમ્રતાપૂર્વક માનું છું કે હું જેવો છું તેવો જ હતો, છું, અને રહીશ. કોઈ પણ જાતનો સ્વાર્થ સાધવાની દાનતથી મુક્ત અને રાગદ્વેષથી પર એવો શીખોનો મારી જાતને મિત્ર માનનારો હું જેવી રીતે શીખોની આજની વલણને જોઈ શકું છું તેવી રીતે કદાચ સરદાર સાહેબ નથી જોતા. હું શીખોનો સાચો અને વફાદાર દોસ્ત હોવાને કારણે જ તેઓને ખુલ્લા દિલે કહી શકું છું અને શીખોએ અનેક વેળા મારી સલાહ માની છે. અને તેમાં તેમને લાભ જ થયો છે એ હું ખૂબ નમ્રતા છતાં હિંમતથી કહું છું.

"એટલે જ શીખોએ કે બીજી કોઈ પણ કોમોએ મને સાવધ રહીને વાતો કહેવાની સલાહ આપી છે તે અસ્થાને છે. સરદારસાહેબ તેમ જ જેઓને હૈયે શીખોનું હિત હોય તેઓને તેમ જ આજના ચાલુ પ્રવાહમાં ઘસડાઈ ન જનારાં એકેએક શીખભાઈબહેનોને કહું છું કે—આજનું આ બેહૂદું વર્તન, દારૂ ઢીંચવાની લત, ચારિત્રહીનતા આદિ જે જે દુર્ગુણો પ્રવેશ્યા હોય તે દૂર કરવા પ્રયત્ન કરો. અને જેઓ તલવાર ખુલ્લી રાખી ભૂંડી રીતે ફેરવે છે તેને ધ્યાન કરે. (બંધી તામસી વૃત્તિને ધ્યાન કરે.) કિરપાણ એટલે ગમે તેટલી લંબાઈની તલવાર એવો પ્રીવી કાઉન્સિલના ચુકાદાનો અર્થ હોય, તો તે સ્વીકારવાની બેવકૂફી ન જ થાય. જો નીતિનિયમને ઘોળીને પી જતા હોય—અને દારૂ ઢીંચી તેના ઉન્માદમાં જો કિરપાણ ફાવે તેમ વાપરવા લાગતા હોય તો પછી એ પવિત્ર હથિયાર નથી રહી શકતું. પવિત્ર શસ્ત્ર તો પવિત્ર અને કાયદેસરના પ્રસંગોએ જ વાપરવાનું હોય.

"શીખોના ધર્મનો મેં ઠીક ઠીક અભ્યાસ કર્યો છે. મારો દાવો છે કે ગ્રંથસાહેબના ઉપદેશનો સાર જેટલો મેં પચાવ્યો છે તેટલો બહુ જ થોડા શીખભાઈઓએ પચાવ્યો હશે. આટલું કહી રહ્યો છું તે બદલ શીખકોમ અને સરદારસાહેબ મને માફી આપશે જ. જો સિદ્ધાન્તો તપાસશો તો તો શીખોએ જે કૃત્યો કર્યાં છે તેના બચાવમાં કશું જ નથી. શીખો એક બહાદુર કોમ છે. એથી હિંદની મહામોંઘી એ કોમને હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકી ગયું છું. એ મૂકી ન વેડફો એમ એક મિત્ર તરીકે વિનંતી કરું છું.

"હું જાણું છું કે મુસલમાનો એમ પણ કહે છે કે શીખો તેમના એક નંબરના દુશ્મન છે. પણ મુસલમાનો તો મને પણ પોતાનો દુશ્મન ગણે છે તેથી શું? હું તો તેમને મારા મિત્રો જ અને ભાઈઓ જ માનું છું.

"એક ગોઝારી અને કલંકિત દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી છે કે પાકિસ્તાનમાંથી તો શીખોને કાઢી મૂક્યા, અને હિંદુઓ ને તેમને કાઢી મૂકે તો હિંદુઓનું તેમાં હિત સમાયેલું છે. આ ભૂંડી દરખાસ્ત કોણે રજૂ કરી છે અને ક્યાંથી વહેતી થઈ છે તે તો નથી જાણતો; પરંતુ હું એટલું સમજું છું કે, ભ્રાતૃહત્યા કરતા બીજું કોઈ મોટું પાપ નહીં હોય. એમાં તો હું સામેલ ન જ હોઉં એ કહેવાની જરૂર નથી જ્ઞેતો. પણ એકેએક હિંદુ અને શીખ આબરૂભેર પોતાના મુલકમાં પાછા નહીં ફરે, તેમ જ અહીંથી ગયેલા મુસ્લિમો પણ સ્વમાનપૂર્વક પોતાના સ્વસ્થાને પાછા નહીં આવે, ત્યાં સુધી આપણા દેશોમાં કોઈ રીતે શાંતિ સંભવિત નથી. હિંદ હો યા પાકિસ્તાન, આમ નિર્દોષ, ગરીબ અને બાળ-બચ્ચાંવાળી મોટા પાયાની વસ્તીની ફેરબદલીની કરુણ અને અસહ્ય પરિસ્થિતિનો અંત વહેલી તકે આવવો જ જોઈએ.

"એ જ રીતે પાકિસ્તાનમાં હિંદુઓ અને શીખો પર જે વીતે છે અને ત્યાં થઈ રહેલાં દુષ્કૃત્યોની ગણતરી કરવાની હું જરાયે જરૂર જોતો નથી. દુષ્કૃત્યોની ગણતરી શાની? તેમાં હરીફાઈ શાની? હું જાણું છું કે, પાકિસ્તાનમાં પાપો તો અનેક-ગણાં વિકરાળ અને ભયાનક છે. પણ એ કહેવાનો અધિકારી આજે તમે મને રહેવા નથી દીધો; કારણ કે આપણે જો સાવ ચોખ્ખા હોઈએ તો જ એ આક્ષેપ સામે લડી શકાય. ૧૯૪૭ ની ૧૫ મી ઑગસ્ટ પહેલાંથી જ મુસ્લિમ લીગે આ પાપ કરવાની પહેલ કરી છે. અને તેમ છતાં કરારો પ્રમાણે એક પણ વર્તન થયું હોવાનો દાખલો નથી મળતો એ પણ હું જાણું છું. પણ એ વિવેચન કરવાથી શો ફાયદો? આપણે જો બળતું જ જોઈએ, તો આપણો તો ઉદ્ધાર થશે જ સાથોસાથ તેઓનો પણ થઈ જ જશે. પાપની નકલ કરી તેના ભાગીદાર બનવાનું આપણી આર્યસંસ્કૃતિ આપણને શીખવે છે? કોઈ ધર્મ એવું નથી શીખવતો. હજુય આપણે જાગીએ અને થતી અવગતિમાંથી બચીએ."

૬ા વાગ્યે બાપુજીએ મૌન ખોલ્યું. બાપુજી બોલવાનું શરૂ કરે છે તો જાણે વાતાવરણમાં કંઈક કિલ્લોલ થતો હોય એમ લાગે છે. મૌનમાં તો સૂનકાર ભાસે છે. ફરતી વેળા એક શીખભાઈ આવ્યા. એણે ૨૮ મીએ નાનકસાહેબનો જન્મ-દિવસ હોવાથી બાપુજીને ગુરુદ્વારામાં આવવા કહ્યું. યાત્રિકો તરીકે ઘણા શીખો પંજાસાહેબ અને ગુરુદ્વારામાં જવા ઇચ્છે છે. અને બાપુની સરદારી નીચે જાય તો તેની અસર થાય એમ જણાવ્યું.

બાપુજીએ જવાબમાં કહ્યું, "હું ક્યા મોઢે લઈ જાઉં? જ્યાં સુધી શીખોમાં દુષણો, વેરઝેરની ભાવના ભરી હોય, અને અહીં ફાવે તેવાં અને ફાવે ત્યાં તોફાનો મચાવતા હોય તો મારાથી આગેવાની કેમ સ્વીકારાયે? હું કોને કહેવા જાઉં? અને જો બહાદુરી બતાવવી જ હતી તો ત્યાં બતાવવી હતીને? અહીંના મુસલમાનોએ થોડા જ તેમને કાઢ્યા છે? પાકિસ્તાનના મુસલમાનો સામે લડ્યા હોત, તો એ બહાદુર પ્રજાને શોભત પણ ખરું."

પેલા ભાઈ આમ સાંભળીને એક શબ્દ ન બોલ્યા. થોડી વાર સહુ શાંત રહ્યા પછી ફરી પાછા કહે, "તમે રોજ શીખોને વઢો છો તેની અસર પાકિસ્તાન રેડિયો પર પડે છે. અને ફાવે તેવા અર્થમાં પ્રચાર કરે છે. તમે તો એક બાપ દીકરાને વઢે તેમ વઢો છો, પણ એની અસર હિંદુઓ પર પણ પડે છે. એટલે અમે તો ઘરનાય નહીં અને ઘાટનાય નહીં એવી સ્થિતિમાં આવી પડ્યા છીએ."

બાપુજી—"હું શીખોને કેમ છોડી શકું? હિંદુઓને છોડું તો જ શીખોને છોડું. અને મને શીખો પર અત્યંત પ્રેમ છે. હિંદની એ બહાદુર કોમને હું વેડફાઈ જતી જોઉં છું તો મારું દિલ સળગે છે એથી જ કહું છું."

ફરીને આવ્યા તો પટ્ટણીસાહેબ આવેલા. ખ્વાજાસાહેબ પણ આવ્યા. રામેશ્વરીબહેન નેહરુ તથા બ્રિજલાલજી પણ આવ્યાં. એમના ગયા પછી બિલાસપુર સ્ટેટના રાજા આવ્યા. એ બધાં તો પ્રાસંગિક મળવા પૂરતાં જ આવ્યાં હતાં. કોઈ ખાસ કામ ન હતું. રાજકુમારીબહેન સહુથી છેલ્લાં આવ્યાં. તેમની સાથે ખૂબ વાતો થઈ અને પરિસ્થિતિ વીફરી રહી છે એ સંબંધી પણ ખૂબ વાતો કરી.

એક તરફ બાપુજી અંકુશો કાઢવાના પ્રશ્નોની રમઝટ ચલાવે છે, બીજી તરફ કોંગ્રેસમાં પેઠેલા સડાના પ્રશ્નો સહુને મૂંઝવે છે, ત્રીજી તરફ પ્રધાનમંડળના કાન પકડાવે છે—સાદાઈ પર ખાણામાં દારૂ પીરસાય છે, ખાદી-ગ્રામઉદ્યોગ અને રચનાત્મક કાર્યને ભૂલી રહ્યા છે તેથી. તેમાં આવાં હુલ્લડોનાં છમકલાંઓ બને છે, સ્ત્રીઓની બેઇજ્જતી થઈ રહી છે. તેમાં વળી દુનિયાના સળગતા પ્રશ્નો યુરોપ-અમેરિકા-રશિયા-ચીન અને તેમાં હિંદે ક્યાં સ્થાન રાખવું વગેરે વિદ્વિધતાભર્યું વાતાવરણ આ બિરલાહાઉસના ઓરડામાં દર પંદર મિનિટે બદલાતું રહે છે.

૯ વાગ્યા પછી સૂવાની તૈયારી. બાપુજીનું કામકાજ પતાવી, મીરાંબહેનને સ્ટીમ આપી, એમને પણ માલિશ કર્યું. આ ડાયરી લખી હવે સૂવા જાઉં છું. ભગવાન કરે અને આ ટાઢ હવે તો ઓછી થાય તો કેવું સારું! પણ હજુ તો બે મહિના બાકી છે. મારું તો થાય તે ખરું. ખૂબ ઠંડી લાગે છે. લખતાં લખતાં હાથ અકડાઈ જાય છે.

મનુબહેન ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિજ્ઞાસુની પ્રશ્નોત્તરી

[ગયા અંકમાં ઉપરના મથાળા નીચે શ્રી બાલકૃષ્ણે ગાંધીજીને પૂછેલા કેટલાક આધ્યાત્મિક પ્રશ્નો અને ગાંધીજીએ તેમના આપેલ ઉત્તરો છાપ્યા હતા. શ્રી બાલકૃષ્ણે ગાંધીજી જોડે કરેલી બીજી આવી પ્રશ્નોત્તરી મોકલી છે, તે નીચે ઉતારી છે.

મ૦]

પ્રશ્નો

૧. આપને ઈશ્વરનું સ્મરણ પ્રતિક્ષણ છે એમ આપ કહો છો તેનો અર્થ શો?

૨. શંકરાચાર્ય માયાને જે રીતે માનતા હતા તે રીતે આપ માનો છો કે જુદી રીતે?

૩. આયુષ્ય પહેલેથી જ નિશ્ચિત થયેલું હોય છે કે લાંબું ટૂંકું કરી શકાય છે?

૪. સ્વપ્નનું કારણ શું? સ્વપ્નમાં સ્વપ્નનું મિથ્યાત્વ જોઈ શકાય છે?

૫. વિકાર વિના સ્વપ્નદોષ થાય છે તેનું કારણ શું? દા. રજબઅલી કહે છે કે, ૧૫ દિવસે વીર્ય-સ્ખલન થાય એ નૈસર્ગિક વસ્તુ છે. આપ આ કથનને સ્વીકારો છો?

૬. જ્ઞાની પુરુષના સ્વભાવમાં લોકસંગ્રહ આવશ્યક છે કે તેને અપવાદ હોઈ શકે?

૭. આપ નિર્વિચાર મન કેટલા કલાક સુધી રાખી શકો છો?

૮. સાત દિવસના અપવાસ દરમિયાન નામ-સ્મરણાદિ વધારે હતાં એમ કહેવાય?

૯. જેને અસાધ્ય રોગ છે તે અનશન લઈને દેહત્યાગ કરે તો તેમાં આત્મહત્યાનો દોષ ગણી શકાય કે?

૧૦. આપની પ્રત્યેક માંદગી ઈશ્વરના અનુગ્રહ રૂપે ગણી શકાય?

૧૧. નામસ્મરણનો ઉપયોગ રોજ થાય છે? એનો કંઈ નિશ્ચિત સમય છે કે?

૧૨. ઈશ્વરનું તીવ્ર ભાન આપને કયારે થયું એ આપ કહી શકો?

૧૩. બ્રાહ્મી સ્થિતિમાં સુખદુઃખનો અનુભવ થઈ શકે છે?

૧૪. બ્રાહ્મી સ્થિતિ, સ્થિતપ્રજ્ઞાવસ્થા, ત્રિગુણાતીતાવસ્થા, જ્ઞાનાવસ્થા, ઇત્યાદિ અવસ્થાઓમાં આપ કંઈ ભેદ કરો છો?

૧૫. અત્યારે આપ જેલમાં છો તે એકાંતની સ્થિતિ ગણાય. બહાર હો છો ત્યારે એકાંતની સ્થિતિ નથી રહેતી. તો એકાંત સ્થિતિ અને બહારની સ્થિતિમાં ચિત્તની સ્થિતિમાં કાંઈ ફરક અનુભવો છો?

૧૬. ગીતારહસ્ય લોકમાન્ય તિલકે લખ્યું છે તેવું ગીતા ઉપર આપ વિસ્તારથી લખો તો જનતાને ઘણો લાભ થાય એમ મને લાગે છે. એવું થઈ શકે કે?

૧૭. આત્મકલ્યાણની દૃષ્ટિએ આત્મનિંદાનો કેટલો ઉપયોગ છે?

૧૮. સત્યની આગળ અસત્ય છૂપું ન રહી શકે એમ ખરું કે?

૧૯. પોતાના ભૂતકાળમાં કરેલા દોષો વિશે ઈશ્વર-ભક્તની ભૂમિકા શી હોય? તેને ભવિષ્યનો વિચાર સતાવી શકે?

૨૦. છોકરા છોકરીઓનું શિક્ષણ, ભોજન અને રહેઠાણ સાથે હોવું જોઈએ કે જોખું?

૨૧. બોર્ડિંગનો વ્યવસ્થાપક ગૃહસ્થાશ્રમી ચાલી શકે કે બ્રહ્મચારી હોવો જોઈએ?

૨૨. યોનિભેદનું જ્ઞાન છોકરા છોકરીઓને આવશ્યક છે કે?

૨૩. ભોજન સમયે મૌન હોવું જોઈએ?

૨૪. વિદ્યાર્થીઓને ગીતા આદિનું શિક્ષણ આવશ્યક છે?

૨૫. શિક્ષણમાં ઉદ્યોગને સ્થાન કેટલું હોવું જોઈએ?

૨૬. યોગીને રોગ થાય કે?

પૂ. બાપુજીના જવાબ

૧. ઈશ્વરનું સ્મરણ મને પ્રતિક્ષણ છે, એનો અર્થ આ છે: જાગતો એવો સમય નથી કે જ્યારે ઈશ્વર મારામાં છે ને બધું જુએ છે તેનું મને ભાન ન હોય, આ ભાન બુદ્ધિને છે. અભ્યાસથી થયું છે. હૃદયને છે એમ નથી કહેતો. કેમ કે હું મને પોતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયમુક્ત નથી માનતો. સર્પાદિનો ભય તો છે જ. મૃત્યુને મિત્ર સમજતાં છતાં ઊંડે ઊંડે જીવવાની ઇચ્છા પણ રહેલી જોઉં છું. જીવવું ગમતું હોય એમ લાગે છે. સાથે જ મૃત્યુની ભેટને સારુ તૈયારી પણ લાગે છે. એમ વિચિત્ર ભાવના છે. આવી નિર્બળતાથી જોઉં છું કે, ઈશ્વરનો વાસ હૃદયમાં થયો છે એમ ન કહી શકું. એ હૃદયમાં વસે છે એમ અક્કલ કબૂલ કરે છે. એ જુદી વાત છે. ઈશ્વર હૃદયમાં વસે છે એવું જેને અનુભવજ્ઞાન છે તેને દેહને વિશે આત્યંતિક અમૂર્છા હોય. એને હું નથી પહોંચ્યો એમ જોઈ શકું છું. એમ છતાં બુદ્ધિએ જેનો સ્વીકાર કર્યો છે એ એવો દૃઢ છે કે, તે હૃદયમાં ઊતરી રહ્યો છે એમ પણ લાગે છે. આથી આગળ ન જઈ શકું. હજુ પૂછવાપણું રહેતું હોય તો પૂછજો.

૨. માયાને શંકરાચાર્ય કઈ રીતે માનતા તે હું નિશ્ચયપૂર્વક નથી જાણતો. હું આમ માનું છું: જે રીતે આપણે જગતને માનીએ, જોઈએ છીએ, તે આભાસ છે, આપણી કલ્પના છે. પણ જગત પોતાને રૂપે તો છે જ. એ કેવું તે આપણે નથી જાણતા. બ્રહ્મ છે એમ કહેવાની સાથે જ તેને નેતિરૂપે વર્ણવીએ છીએ. જગત પણ બ્રહ્મ છે. તે બ્રહ્મથી જુદું નથી. જે જુદાપણું આપણે જોઈએ છીએ તે આભાસમાત્ર છે.

૩. મારો અભિપ્રાય એવો છે કે, આપણા માપનું આયુષ્ય લંબાઈ ઘટી શકે છે. વસ્તુતઃ પ્રત્યેક દેહ પોતાના બધા ધર્મની સાથે ઉત્પન્ન થાય છે. તે કયા તે આપણે જાણતા નથી. તે જાણવાની આવશ્યકતા નથી. કાળના વિભાગ મનુષ્યકૃત છે. અને તે કાળચક્રમાં રજકણથી ઓછું છે. આપણી ગણનાનું રજકણ કરોડો હિમાલય એકઠા કરીએ તોયે તેના કરતાં નાનું છે. એટલે મનુષ્યના હાથમાં છે તે નહીંવત્ છે. ભલે તેમાં તે મહાલે.

૪. સ્વપ્નનાં ભૌતિક કારણો તો અસંખ્ય છે. સ્વપ્નમાં સ્વપ્નનું મિથ્યાત્વ જોઈ શકાય છે એમ મને લાગ્યું છે. — એ કદાચ જાગૃતિ અને સ્વપ્નાવસ્થાનો સંધિકાળ હોય.

૫. સ્વપ્નદોષ કેટલીક વાર કેવળ આંતરિક કારણથી વિના વિકાર થાય છે. ઘણે ભાગે તેનું કારણ અંધકોશ હોય છે. દૂધથી સ્વપ્નદોષ થાય છે. તેમાં ઘણે ભાગે વિકાર કારણ હોય છે. કેમ કે દૂધ વિકારોત્તેજક છે. પણ તમને તે લાગુ ન પડે. એટલે કે, જેનાં શરીર નંખાઈ ગયાં છે તેને દૂધ વિકાર પેદા કરવા સમર્થ નથી,—ભલે પછી તે વિકારી પુરુષે લીધેલું હોય. જેનાં શરીર નંખાઈ ગયાં તેને પોષણ આપવામાં જ દૂધની બધી શક્તિ વપરાઈ જાય છે. દા. ત. રજબઅલી કહે છે એ અમુક મર્યાદામાં સાચું છે. સાવ નીરોગી શરીર અને મન દા. ત. રજબઅલીના કથનને ઓળંગી જાય છે.

૬. જ્ઞાની પુરુષના સ્વભાવમાં લોકસંગ્રહ આવશ્યક છે. એને અપવાદ જ ન હોય.

૭. મન નિર્વિચાર કેટલી મુદત સુધી રાખી શકું એ કહી ન શકું. કેમ કે એવું માપ મેં કાઢી નથી જોયું. પણ આટલું જાણું છું કે, મારા મનમાં નકામા વિચારો સ્થાન ન લઈ શકે. આવી જાય તો એને ચોરની જેમ ભાગવું પડે છે.

૮. અપવાસ દરમ્યાન નામસ્મરણાદિ વધારે હતાં એમ કહેવાય. કેમ કે શારીરિક દુઃખ છતાં શાંતિ ઘણી હતી.

૯. જેને અસાધ્ય રોગ છે તે અમુક સંજોગોમાં અનશન લે તેમાં આત્મહત્યાનો દોષ ન હોય એમ મને. પણ અસાધ્ય રોગવાળો જેનું મન સાફ છે તેને અનશનનો અધિકાર નથી. કેમ કે તે મનથી પણ સેવા કરી શકે છે.

૧૦. મારું સ્મરણ એવું છે કે, પ્રત્યેક માંદગી અનુગ્રહ રૂપે થઈ છે. ઈશ્વરના ભક્તને એમ થવું જ જોઈએ. પછી ભલે માંદગી તેની મૂર્ખાઈને લીધે આવી હોય.

૧૧. રામનામનો ઉપયોગ તો જાણ્યે અજાણ્યે રોજ થાય છે. પણ પ્રત્યેક ભીડ વેળાએ જ્ઞાનપૂર્વક થાય છે. ને મારા સ્મરણે પ્રમાણે તેથી હંમેશાં શાંતિ મળી છે. નામસ્મરણનો કોઈ મુકરર સમય છે એમ ન કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. ઈશ્વરનું તીવ્ર ભાન કયારે થયું એ હું ન કહી શકું. આ ક્રિયાઓ મારે સારુ એવી સ્વાભાવિક થઈ પડે છે કે હમેશાં હતી એવો આભાસ આવે. આ ઝાડનાં પાંદડાં ફલાણે દિવસે આવડાં થયાં એ કોણ કહી શકે? આજની સ્થિતિને ૬૪ વરસે પહોંચ્યો એટલું જ કહેવાય. આનો કંઈ અર્થ ન રહ્યો.

૧૩. બ્રાહ્મી સ્થિતિમાં કોઈને દુઃખે દુઃખી થવાપણું નથી, કેમ કે કોઈને સુખે સુખી થવાપણું નથી. સુથાર ભાંગેલા વહાણને સારું કરતાં સુખદુઃખનો અનુભવ ન કરે તેમ 'બ્રાહ્મણ'ને હોય. બ્રાહ્મી સ્થિતિવાળો 'બ્રાહ્મણ' કહેવાય?

૧૪. બ્રાહ્મી સ્થિતિ આદિ અવસ્થાઓમાં હું ભેદ કરતો નથી. હોય તો જાણતો નથી. જે અનુભવ છે તે એમ કહે છે કે, રાગદ્વેષરહિતતા એ જ આત્મદર્શન છે. આ સ્થિતિનું વર્ણન કરી નથી શકતો. બુદ્ધિ તેને ઓળખે છે. અનુભવ તેની રોજ ઝાંખી કરે છે. એટલે મારું કથન નિશ્ચયાત્મક છે. જો હું રાગદ્વેષથી સર્વથા મુક્ત થાઉં તો, આજની પ્રવૃત્તિઓમાં હોવા છતાં, સંપૂર્ણ આત્માનંદ અનુભવું, જે આજે નથી અનુભવતો. પણ જેટલે અંશે આજે અનુભવું છું તે ઉપરથી રાગદ્વેષનો પૂર્ણ ક્ષય થતા કેવી સ્થિતિ થાય તેનું ભાન આવી શકે છે.

૧૫. આજની એકાંતની મનાતી સ્થિતિમાં ને બહારનીમાં મને બહુ ફરક લાગતો નથી. હોવો જોઈએ, કેમ કે હજુ રાગદ્વેષ રહ્યા છે.

૧૬. ગીતાને વિશે જે કાર્ય તમો મારી પાસેથી માગો છો તે વિદ્વાનનું છે. હું રહ્યો ગામડિયો. એટલે મારી શક્તિની બહાર ગણું છું. વળી આમાંનો જેટલો ભાગ શક્ય છે તેને સારુ અવકાશ નથી. મારે તો ગીતાધર્મ પાળવો છે ને પાળતાં જે બતાવાય તે બતાવવો છે. તેમાંથી કંઈ વખત બચે તો વળી જેમ નોંધો વ૦ લખ્યાં તેમ લખું.

૧૭. અમુક હદ લગી આત્મનિંદા આવશ્યક છે. પણ મેં જોયું છે કે, કેટલાકને અતિશય આત્મનિંદા કરવાની ટેવ પડી જાય છે ને પછી તે આગળ વધી શકતા નથી. આત્મનિંદાનો ઉપયોગ આગળ વધવા પૂરતો જ હોઈ શકે. ભૂતકાળમાં કરેલા મહા દોષો જો આપણે આજે ન કરતા હોઈએ તો તેનો વિચાર કરી કરીને આત્માને નિચોવવો એ દોષમાં વધારો કર્યા બરાબર છે. મહાદોષ જાહેર કરી દેવો જોઈએ એ હું સ્વીકારું છું. સત્યના પૂજારીથી બીજું ન થઈ શકે. પણ એ દોષનો સ્વીકાર કરતાં કોઈ પણ પ્રકારનો બોજો મન ઉપર ન હોવો જોઈએ. ચડેલ મેલ ધોઈ નાખ્યા પછી એ જ મેલનો બોજો કોઈ પોતાની ઉપર રાખે ખરા?

૧૮. આપણામાં સંપૂર્ણ સત્ય પ્રગટે તો જ આપણી સમક્ષ અસત્ય ન છૂપી શકે. પણ આપણામાં કયે દરજ્જે કયું અસત્ય છે એ હમેશાં શોધી શકવાના નથી.

૧૯. ભગવાનની ઓથ લીધા પછી ભક્ત કદી ગૂંગળાય નહીં. ભૂતકાળને યાદ કરીને તે કદી ન રડે. ભવિષ્યને સારુ નિશ્ચિંત રહે. વર્તમાન ઉપર તેનો કાબૂ છે, તેને તે સંભાળે. અને તે સંભાળવાની ચાવી પણ ભગવાને આપી દીધેલી છે: 'જે કરે તે મને અર્પણ કરીને મારે અર્થે કરે.' ભક્ત જો આટલું કરે તો પોતાના હાથ ખંખેરી શકે છે અને નાચી શકે છે.

૨૦. છોકરા-છોકરીઓનું શિક્ષણ એકસાથે હોવું જોઈએ. ભોજન પણ સાથે જ પણ પંગત નોખી. તેમ જ નિશાળમાં સૂવાનું નોખી કોટડીઓમાં હોવું જોઈએ.

૨૧. વ્યવસ્થાપક બ્રહ્મચર્ય પાળનારો હોવો જોઈએ.

૨૨. છોકરાઓને યોનિભેદનું જ્ઞાન આપવું આવશ્યક સમજું છું. શિક્ષકે વિદ્યાર્થીઓને જાગ્રત રાખવા જ જોઈએ.

૨૩. છોકરાંઓને ઘૂસપૂસ કરતાં રોકવાં જોઈએ, પણ સમજાવીને, બળાત્કારે નહીં. ભોજન સમયે યથાસંભવ મૌન હોવું જોઈએ.

૨૪. ગીતા આદિનું શિક્ષણ આવશ્યક માનું છું.

૨૫. શિક્ષણમાં ઉદ્યોગને ઊંચું સ્થાન હોય. ઉદ્યોગમાત્ર જ્ઞાનપૂર્વક થવો જોઈએ.

૨૬. યોગી નિત્યાનંદી હોય. યોગ અને રોગ પરસ્પર વિરોધી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણમાં સડાની નિશાનીઓ

એક મિત્રે કહ્યું કે, આઈ એ. એસ. ઇ૦ની પરીક્ષા માટે આ વરસે ૫૦,૦૦૦ જણ બેઠા, જ્યારે તેની જગાઓ સવા સો જેટલી છે! આ પડાપડી નવી વાત નથી; સ્વરાજ આવ્યે વધી રહી છે, એ બીના વિચિત્ર છે. પણ વિચિત્ર શું કામ? જે જાતનો જમાનો અંગ્રેજ રાજ્યમાં ચાલ્યો અને હજી જે ચાલુ છે, તે બતાવનારું ચિહ્ન એ છે. એમ સાંભળ્યું કે, એ પરીક્ષામાં નાપાસ થવું એ પણ અમુક રીતે કોકને રાખી શકાય એવી લાયકાતમાં ખપે છે! 'આઈ. સી. એસ. ફેઇલ્ડ' જૂના જમાનામાં બપતા જ હતા તે?!

આ વસ્તુ એ બતાવે છે કે, સ્વરાજ આવ્યું છે તેણે શું શું કરવાનું બાકી છે. અને જે શિક્ષણ ચાલે છે તે કેવું વ્યર્થ કે વ્યગ્ર છે, તે પણ આમાંથી જોવા મળે છે.

આ પડાપડીને કેમ કરીને દુરસ્ત કરવી? આ નોકરીમાં ભરતી કરવાની રીતમાં દોષ નથી? ગયા રાજ્યની રીત હજી ચાલ્યા કરે, એ આપણી નવી રાજ્ય-વ્યવસ્થાની સુસ્તી બતાવે છે. ૨૫ વર્ષના કાચા પણ પાણીદાર જુવાનિયાને, પોતાના કહ્યામાં રહે એવી રીતે નરમ તૈયાર કરી લઈને, દેશની મોટામાં મોટી નોકરીમાં મૂકવા, એ અંગ્રેજોને પાલવી શકે. સ્વરાજમાં કેમ ફાવે? એટલે ઉપલી નોકરીઓમાં ઉંમર તો તરત જ ૩૦-૩૫ની કરી જ દેવી ઘટે છે. તેમની તાલીમ કેવી હોય, એ પણ તરતમાં જોવું ઘટે.

બીજું એ કે, એમને અનુભવ લેવા દેવો જોઈએ. તેથી આ નોકરીઓમાં ભરતી કરવા માટે, પૂર્વલાયકાત તરીકે એવું હોવું જોઈએ કે, પ્રથમ તો એના ઉમેદવારે પ્રદેશરાજ્યની પહેલા વર્ગની નોકરીનો દરજ્જો ધરાવવો જોઈએ. આમ થાય તો, ઉપલી નોકરીઓની ભરતી આ વાટે થાય. પ્રદેશરાજ્યની નોકરીમાં ઉમેદવાર ૨૫ વર્ષે દાખલ થાય; પાંચ વર્ષ કામ કરે; બાદમાં તેની ઇચ્છા હોય તો વધી નોકરીની પરીક્ષા માટે તૈયારી કરી ઉમેદવાર બને. તેનાં કામકાજ અને શક્તિ વગેરે વિષે પણ સરકારને કાંઈક રિપોર્ટ મળી શકે.

વળી, સંખ્યા ઉપર કાબૂ આવી જાય. અને તેવા પીઢ અનુભવી નોકરોમાંથી જોઈતા મોટા અમલદારો વીણી શકાય.

આમ થાય એટલે પ્રદેશરાજ્યની નોકરીઓ માટે મૂળ ગોઠવણ કરવાની રહે. તે પરીક્ષાઓ સરકાર લે. એમાં બેસવાની લાયકાતને માટે બી.એ. ઇ૦ થવાની ગરજ ન આંકવી, જેથી યુનિવર્સિટીઓ આજે નોકરી-લોભને લઈને ભીડ મરીને ખતમ થઈ જવા બેઠી છે તે બચી જઈને, ખરેખર વિદ્યોપાસનાને કામે વળગી શકે. આજે તો આવાનાં બેઠ બગડે છે: નથી નોકરીમાં ભરતી કરતાં ફાવતું અને નથી યુનિવર્સિટી સુધરી શકતી.

આ દૃષ્ટિએ એક બીજો પણ સુધારો કરવા જેવો છે, તે ધંધાદારીની કૉલેજોનો. વૈદ્ય-ડાક્તર વકીલ ઇજનેર થવા માટે યુનિ૦ ડિગ્રી પરીક્ષા શું કામ? તે તે ધંધા-દારી મંડળો વિલાયતમાં જેમ તાલીમ આપીને તૈયાર કરે છે, તેમ અહીં કરવું ઘટે છે. તો આ કૉલેજો પછી ખરેખર વિદ્યાવૃદ્ધિ અને સંશોધનની બની શકે. આજે તો એ કૉલેજો ધંધો શીખવવામાં પણ પાછળ પડતી જાય છે; ત્યાંય શિક્ષણ કથળ્યું છે અને નરી વેપારી બુદ્ધિ અને વગસગ પેસવા લાગી છે. પરિણામે પદવીવાળા છતાં કાચા ઇજનેર, વકીલ, વૈદ્ય-ડાક્તરો જે સમાજને મળશે, તો તેના શા હાલ થાય, એ ચિંતાનો વિષય છે. હિંદની યુનિવર્સિટીઓના અધિકારી થઈને કામ કરતા લોકો આ વિષે કશું મૌલિક જોતા વિચારતા નથી, એ ભારેમાં ભારે આફત છે. તેઓ પણ ગયા જમાનાના જ ભોગ બનેલા લોક છે; તેમાંથી તેઓ નીકળીને કાંઈક નવી હિંમત અને નવી શક્તિ બતા-વશે એવી આશા રાખીએ. ઉપરની પડાપડીની બીના એ તરફ જવાને માટે પોકાર કરીને કહે છે. સરકારના યોજનાકારો અને તેના સલાહકારો જમાનાનાં આ વહેણ પરથી ચેતીને તેને ઘટતી સલાહ અને યોજના આપે, એ પણ જરૂરનું ગણાય.

હિંદના જુવાનને આ બધું કઈ જાતની તાલીમ આપે છે? કુરબાની અને ત્યાગની વાત તો જવા દો. પણ દેશસેવાનો પણ એમાં સંદેશો છે કે? આજે ગામડાંમાં સરકારે કામ ઉપાડ્યાં છે. ત્યાં જવાને માટે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધું ચાલે છે તે પ્રેરશે કે? ગાંધીજી ૧૯૧૫માં હિંદમાં આવ્યા પછી તેમણે કહેલું એક વાક્ય અહીં યાદ આવે છે, 'આજની કેળવણી દેશને સેવકો આપે એવી આશા તેની પાસેથી રાખવી વ્યર્થ છે.' આજે યુનિવર્સિટી જે તાલીમ આપે છે તેનો સૂર શો છે? જગતમાં સ્વાર્થ, દાવપેચ, લાગવગ ૪૦ જ ફાવે છે; નીતિ કે ધર્મની વાતો ખાલી થોથાં છે. આમાં વિરલ વ્યક્તિશઃ અપવાદો હશે; પણ એક તંત્ર તરીકે આપણાં કહેવાતાં વિદ્યાધામો આ અસર ફેલાવી રહ્યાં છે. આ ભયંકર વસ્તુ છે. તેમાંથી પણ દેશના નવજુવાનને બચાવવાનો છે. આજે શિસ્તની શિથિલતા ઇ૦ની વાતો બહુ ચાલે છે. તેના મૂળમાં કારણ, ઉપર કહી તેવી જાતની, વિદ્યા વિષેની નૈતિકબળ અર્પતી તાલીમ આપવાની જે ખોટ રહેલી છે, એ છે. તેને દૂર કર્યા વગર વિદ્યાનું કે કશાનું ઘોરણ સુધરવાનું નથી. દેશનો વિદ્યાર્થીવર્ગ આ સમજે તો તે આ આખા સડાને સુધારવામાં જોર પ્રેરી શકશે. તેઓનાં મંડળો આ મોટી રાષ્ટ્રીય ફરજ વિચારવા મથે, તેમના સલાહકારો એ તરફ તેમને વાળે, એવી આશા રાખીએ.

૨૩-૭-'૫૬ **મગનભાઈ દેસાઈ**

મોઘું કોણ—મિલ કે અંબરચરખો?

કોઈ પણ પ્રકારનો ઔદ્યોગિક વિકાસ આખરે એક યા બીજી રીતે પ્રજા ઉપર જ બોજ લાદે છે. અંબરચરખાની યોજના માટે રૂ. ૧૦૦ કરોડનું આયોજન કરાયું છે. તેની સામે મિલઉદ્યોગવાળાઓ એવો પોકાર ઉઠાવે છે કે, આ યોજનાથી કાપડ મોંઘું થશે, ખાદીને જે 'સબસીડી' અપાય છે તેનો બોજ આમ જનતા પર પડશે.

અને સામેથી તેઓ પોતાની વાત એ રીતે મૂકે છે કે, મિલને 'સબસીડી' આપવી પડતી નથી; ઊલટું મિલનું કાપડ જે વિદેશી હૂંડિયામણ રળી આપે છે તે ઘટી જશે અને સરકારને આ ઉદ્યોગમાંથી કરવેરાઓ દ્વારા જે નાણાં મળે છે તે ભવિષ્યમાં નહીં મળે.

પણ આ બાબતમાં જે આંકડાઓ અને હકીકતો જોવા મળે છે તે તો બીજી વાત સાબિત કરે છે.

થોડા વખત પર કાપડ-ઉદ્યોગની તપાસ માટે ભારત સરકારે 'કાનૂનગો સમિતિ'ની નિમણૂક કરી હતી. તેના હેવાલ પ્રમાણે, આ ઉદ્યોગને જિવાડવા માટે ભારત સરકારે પરદેશી કાપડ પર ઠેઠ ૧૯૨૬ની સાલથી સંરક્ષણાત્મક જકાત નાંખી હતી. ત્યારથી તે ૧૯૪૭ સુધીમાં વિદેશી કાપડ પરની જકાતનો આંકડો રૂ. ૧૧૭૬ કરોડનો થાય છે. આમ સરેરાશ રૂ. ૫૬ કરોડનો વાર્ષિક બોજ પ્રજા ઉપર પડ્યો છે. વળી મિલ ઉદ્યોગને આ ગાળા દરમિયાન, સ્વદેશીની ચળવળ, પરદેશી માલનો બહિષ્કાર, બંને વિશ્વયુદ્ધોમાં મળેલી સગવડો, ભાવ-અંકુશ વગેરે દ્વારા પણ ગાઢકતરો છતાં અનહદ લાભ થયો છે. વળી, તેમને અનુકૂળ એવું રૂ ઉગાડવા પણ સરકારે ભારે નાણાં ખર્ચ્યાં છે. તેમને જોઈતાં યંત્રો, રસાયણો, રંગો વગેરેના ઉદ્યોગોને પણ આયાત પર વિવિધ અંકુશો મૂકી ભારે મદદ પહોંચાડી છે.*

અને આ બધાનું પરિણામ એ આવ્યું છે કે, જે ઉદ્યોગમાં રૂ. ૧૧૫૬ કરોડની મૂડી રોકાયેલી છે, તેમાં માત્ર સાડા સાત લાખ માણસોને જ કામ મળે છે; અને ૧૯૫૩-૫૪ના આંકડા અનુસાર વાર્ષિક માત્ર ૮૦ કરોડ રૂપિયા જ મજૂરી તરીકે વહેંચે છે!

અને ઉપકારમાં આ ઉદ્યોગમાંથી સ્થાપિત હિતો, મૅનેજિંગ એજન્સીની પ્રથા, અને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ વગેરે દૂષણો જન્મ્યાં છે. ગામડે ગામડે વસતા હજારો હાથસાળના કારીગરો બેકાર બન્યા છે. પરિણામે ખેતી પરનો માનવબોજ અનેક ગણો વધ્યો છે. મિલનાં કેન્દ્રોમાં ગંદી ચાલીઓ, આયોજનહીન પરાંઓ અને ભારે સામાજિક અનૈતિકતા જન્મ્યાં છે. આમ સમગ્ર પ્રજાના નૈતિક તેમ જ શારીરિક સ્વાસ્થ્યમાં ભારે ઘટાડો થયો છે.

---

*ઉદ્યોગ ચલાવવા જોઈતા તદ્વિદો પણ સરકારનું શિક્ષણતંત્ર જ મફત તૈયાર કરી આપે છે. તથા રેલવેમાં મળતી નૂર વગેરેની સવડો તો જુદી! આ બધું મિલ-ઉદ્યોગવાળાઓ કેમ નથી ગણાવતા, એ અર્થશાસ્ત્રનો સવાલ છે. મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મિલોની તુલનામાં હવે અંબરચરખાના કાર્યક્રમને તપાસીએ. આ યોજનામાં, આવતાં પાંચ વર્ષ દરમ્યાન, રૂ. ૧૯૫ કરોડને ખર્ચે દેશભરમાં ૨૫ લાખ અંબરચરખા દાખલ કરાશે. તેથી ૪૦ કરોડ રતલ સૂતર પેદા થશે અને હાથસાળ દ્વારા તેમાંથી ૧૫૦ કરોડ વાર કાપડ પેદા થઈ શકશે. વળી ૩૬ લાખ કાંતનારાઓ, ૧૨.૫ લાખ હાથસાળના વણકરો, ૩૦,૦૦૦ સુથારો અને ૨૦,૦૦૦ અન્ય વ્યક્તિઓને રોજી મળશે. આમ કુલ આશરે ૫૦ લાખ માણસોને રોજી મળી શકશે. વળી તેમાંથી રૂ. ૨૯૭ કરોડ રોજી રૂપે ૫ વર્ષમાં વહેંચાશે.

આમ, દેશમાં રોજગારી વધે, આર્થિક સમાનતા સ્થપાય, અને ગરીબના હાથમાં ખરીદશક્તિ બને એ દૃષ્ટિથી વિચારીશું, તેમ જ ઉપરના આંકડાઓ તપાસીશું, તો આખરે મિલ ઉદ્યોગ કરતાં અંબરચરખો, સમગ્ર દેશની દૃષ્ટિએ, વધારે સસ્તો પડે એમ કહ્યા વિના રહેવાય નહીં.

(ડૉ. સુંદરમના લેખને આધારે) **હસમુખ નાયક**

રાજ્યશાસ્ત્રની પરિભાષા

(આગળના અંકથી ચાલુ)

D

Deadlock મડાગાંઠ, ગૂંચ, આંટી
Decentralization વિકેન્દ્રીકરણ
Declaration જાહેરાત; ઘોષણા
Declaratory ઘોષણાત્મક
De facto વાસ્તવિક; હકીકતી; ખરેખર
Defamation બદનક્ષી; નાલેશી
De jure વૈધાનિક; કાનૂનસર
Delegate ડેલિગેટ; પ્રતિનિધિ
Delegation પ્રતિનિધિમંડળ; શિષ્ટમંડળ
Delegation of power સત્તાની સોંપણી; સત્તાદાન
Deliberation વિચારવિનિમય; વિચારણા
Delimitation સીમાંકન; હદની આંકણી; હદબંધી
Demagogy ભાષણિયાવેડા
Demarcation સીમાદોરી; હદબંધી
Democracy લોકશાહી; પ્રજાશાસન
De novo નવેસરથી
Dependency આધીન પ્રદેશ; ખંડિયું રાજ્ય
Deportation દેશનિકાલ
Deposition પદભ્રષ્ટતા; પદભ્રંશ
Deputation ડેપ્યુટેશન; શિષ્ટમંડળ
Derogation નિષ્પ્રભવન; અધિકારક્ષય
Derogatory power નિષ્પ્રભાવક સત્તા
Designation હોદ્દો; પદવી
Despotic Government નિરંકુશ સરકાર
Despotism તાનાશાહી; આપખુદી
Detention અટકાયત; નજરકેદ
Detenue અટકાયતી; નજરકેદી
Devolution of power સત્તાની ઊતરતી માંજણી; સત્તાવતરણ
Dialectical Materialism દ્વંદ્વાત્મક ભૌતિકવાદ - જડવાદ
Diarchy દ્વિમુખી શાસન; વેમથ્થુ રાજવહીવટ
Dictator સરમુખત્યાર; 'તાનાશાહ'
Dictatorship of proletariat શ્રમજીવીઓની સરમુખત્યારશાહી, જોહાકી
Diplomacy મુત્સદ્દીગીરી
Diplomat રાજનીતિજ્ઞ; મુત્સદ્દી
Direct Democracy પ્રત્યક્ષ - સીધી લોકશાહી
Direct Election સીધી ચૂંટણી
Direct Legislation પ્રત્યક્ષ વિધાન
Directive સૂચના; આદેશ
Disarmament નિઃશસ્ત્રીકરણ
Discretionary વિવેકાધીન; મુનસફી મુજબનું
Dissolve વિસર્જન કરવું
Divine rights દૈવી અધિકારો
Division વિભાજન; વહેંચણી
Division of power સત્તાનું વિભાજન
Doctrinaire ચુસ્ત સિદ્ધાંતવાદી
Dole ડોલ; જીવાઈ
Domestic આંતરિક; ઘરેલુ; ઘરગથ્થુ
Domicile નિવાસસ્થાન
Dominion ડોમિનિયન; સ્વાયત્ત સંસ્થાન
Dominion Status સંસ્થાની દરજ્જો
Double citizenship બેવડું નાગરિકત્વ
Draft મુસદ્દો; ખરડો
Duration મુદત; ગાળો; અવધિ
Dynamic વિકાસશીલ; ગતિશીલ; ચલ
Dynasty રાજવંશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

E

Edict રાજાજ્ઞા, શાહી ફરમાન
Egalitarian સમતાવાદી; સમતાવિષયક
Election ચૂંટણી
Election Petition ચૂંટણી અંગે અરજી
Elector મતદાર
Electoral College મતદારમંડળ
Electorate મતદાર-સમુદાય, મતક્ષેત્ર
Elite ભદ્ર વર્ગ
Emancipation મુક્તિ; છુટકારો; ઉદ્ધાર
Embassy એલચીખાતું; રાજદૂતભવન
Emergency કટોકટી
Emigration વિદેશગમન
Emolument પરિલાભ; મળતર
Emperor શહેનશાહ; સમ્રાટ; મહારાજા
Empire સામ્રાજ્ય
Empiricism અનુભૂતિવાદ; પ્રયોગવાદ
Enactment કાયદો; ધારો
En-bloc એકસામટું; એકીજથ્થે
Enfranchisement મતાધિકાર-પ્રાપ્તિ
Envoy રાજદૂત
Equality સમાનતા; સમતા
Equity ન્યાયિતા; ન્યાયબુદ્ધિ; અદલ ઇન્સાફ
Escheat લાવારસી મિલ્કત
Evolutionism વિકાસવાદ; ઉત્ક્રાંતિવાદ
Exchequer સરકારી તિજોરી; કોષ
Excommunication ન્યાતબહાર
Executive કારોબારી; કાર્યવાહી
Exile દેશવટો (૨) દેશવટી
Ex-officio હોદ્દાની રુએ
Ex-parte એકપક્ષી; વારોવારિયું
Exploitation Theory શોષણનો સિદ્ધાન્ત
External Sovereignity બાહ્ય સર્વોપરિતા
Extradition ભાગેડુની સોંપણી
Extremist અંતિમવાદી, ઉગ્રમતવાદી; જહાલ-પક્ષી

F

Fabian Socialism ફેબિયન સમાજવાદ
Fabian Society ફેબિયન સોસાયટી
Fascism ફાસીવાદ
Favouritism પક્ષપાત
Federalism સમવાયતંત્રવાદ; સમવાયવાદ
Federalist સમવાયવાદી
Federation સમવાયતંત્ર; ફેડરેશન
Feudalism સામંતશાહી; રજવાડાંશાહી
Fifth columnist પાંચમી કતારવાળો; દ્રોહી
Flexible constitution વિકાસશીલ બંધારણ
Forced Labour વેઠ
Force Theory બળનો સિદ્ધાન્ત
Franchise મતાધિકાર
Fraternity બંધુભાવ; ભ્રાતૃભાવ; ભાઈચારો
Freedom of Association સંઘસ્વાતંત્ર્ય
Freedom of Conscience અંતરાત્માનું સ્વાતંત્ર્ય
Freedom of Expression અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય
Freedom of Movement અવરજવરનું સ્વાતંત્ર્ય
Freedom of Religion ધર્મ-સ્વાતંત્ર્ય
Freedom of Speech વાણી-સ્વાતંત્ર્ય
Freedom of Thought વિચાર-સ્વાતંત્ર્ય
Freedom of Worship ઉપાસના-સ્વાતંત્ર્ય
Functional Representation ધંધાવાર પ્રતિનિધિત્વ
Functions of the Government સરકારનાં કાર્યો

G

Gazette ગેઝેટ; આજ્ઞાપત્રિકા
General Assembly યુનોની મહાસભા
General Election સામાન્ય ચૂંટણી
Genocide કોમનાશ, જાતિહત્યા
Geographical contour ભૌગોલિક પરિસીમા
Geopolitics ભૂગોળમૂલકે રાજકારણ
Government સરકાર; શાસન; હકૂમત
Government Bill સરકારી બિલ
Governor ગવર્નર; રાજપાલ
Guild Socialism મહાજન સમાજવાદ
Gynarchy ત્રિયારાજ

H

Habeas Corpus હાજર-હુકમ; હેબિયસ કોર્પસ
Hearing સુનાવણી
Hereditary આનુવંશિક
Hero-worship વીરપૂજા; વ્યક્તિપૂજા; નેતાપૂજા
High Court વડી અદાલત; હાઈકોર્ટ
Home-affairs આંતરિક બાબતો
Home-rule સ્વશાસન
House હાઉસ; ધારાસભાગૃહ
  lower – નીચલું
  upper – ઉપલું
House Calendar ખરડાઓની સૂચિ
House of Commons આમની સભા
House of Lords ઉમરાવસભા
House of the People લોકસભા
Humanism માનવવાદ
Humanitarianism માનવતાવાદ

સંપાદક : રમેશ મ૦ ભટ્ટ, રામલાલ પરીખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડૂક્યોપનિષદનો સ્વાધ્યાય

[મે માસના અંકથી આગળ ચાલુ]

પહેલા બે મંત્રોમાં ગુરુએ શિષ્યને એટલી વાત કહી કે, "હે શિષ્ય, આ બધું જે તું દેશ તથા કાળમાં પથરાયેલું અને વિહરતું રહેતું જુએ છે તે તથા તેની પાર ત્રિકાલાતીત કે સર્વાતીત જે છે તે બધું ૐકાર જ છે. (મંત્ર ૧) એ શી રીતે તે તને હવે સમજાવું.

"આટલું તો તું જાણે છે કે, આ બધું જે 'સર્વ' છે તે બ્રહ્મ છે, એમ શ્રુતિ કહે છે. હવે બીજી વાત એ પણ તને માલૂમ છે કે, આ આત્મા જે છે તે પણ બ્રહ્મ છે, એમ પણ શ્રુતિમાં કહેવાતું આવ્યું છે.

"હવે તારી મૂંઝવણ અહીંયાં શરૂ થાય છે, તે એ છે કે, તો તો 'આત્મા' અને 'સર્વ' બેઉ બ્રહ્મ હોઈ એક ઠરે! આ કેવી રીતે? હું-રૂપે દેખાતો મારો આત્મા આ સર્વ બધા સંસારને જુએ જાણે છે અને માણે છે, એ તો ઉઘાડું જણાય છે. પરંતુ તે જ પાછો એ સંસાર પણ છે, એ કેમ કરીને? અને આગળ વધીને પાછું એ બ્રહ્મ ૐકાર શબ્દ કે વાચક જેવું શી રીતે?

"હે શિષ્ય, તારી શંકા સાચી છે. કર્તા રૂપે રહેલો તું કે આ બધા જીવો અને જેને કર્મ રૂપે તેઓ અનુભવે છે એવું આ દૃશ્ય જગત્, — એ બેઉ એક બ્રહ્મ છે, એમ કેવી રીતે અને? આ બે વચ્ચે ભેદ ચોખ્ખો છે.

"અરે, આગળ જઈને તને એમ પણ થતું હશે કે, 'હું', 'તું', 'તે' દ્વારા બોલાતા અનેક 'પ્રત્યગાત્મા' કે જીવો પણ જુદા છે; એટલે આ સંસારનો એમનો અનુભવ કે તેમનું પ્રજ્ઞાન પણ જુદું જુદું છે. એથી કરીને, તે જીવો પણ આત્મરૂપે એક જ શી રીતે, એ પણ સવાલ છે. આવી બધી જુદાઈ-ઓના દરિયા જેવું આ 'સર્વ' અને તેના ભોક્તા તરીકે પડેલા અસંખ્ય યોનિઓના વિસ્તાર જેવા બધા જીવાત્માઓ, — આ બધું એક બ્રહ્મ કેમનું કહેવાય છે?

"હે શિષ્ય, આ તારી શંકા માનવમાત્રની મૂળ શંકા છે, જ્ઞાનનો આદિ પ્રશ્ન છે. તને તે પ્રશ્ન જીવનમાં અનુભવે પ્રગટ થયો, એ તેનો ઉત્તર સમજવાને માટેનો તારો અધિકાર બતાવે છે. તે શંકાનું નિરસન કરવા માટે જ ઉપનિષદો છે."

શિષ્યની આવી શંકાના જવાબમાં માંડૂક્યના ઋષિ કહે છે કે, "જાત જાતના પદાર્થોનું બનેલું આ બધું જે સર્વ છે તે બધું એક છે. પંચ ભૂતોનો તે બેલ છે. તેમ જ જાત જાતની પ્રકૃતિ અથવા ગુણધર્મો ધરાવતા બધા જીવો આત્મા કે ચેતન રૂપે જુદા નથી; તે બધા આત્મતત્ત્વે કરીને એક છે. આમ, તું આટલું તો સમજી શકશે કે, દૃશ્ય કે સ્થૂલ રૂપે પ્રતીત થતું આ બધું વૈવિધ્યપૂર્ણ વિરાટ કે વિશ્વ વસ્તુતાએ એક છે. તેમ જ, દ્રષ્ટાના સૂક્ષ્મ રૂપે છતાં, અહંકારે કરીને જુદા દેખાતા આ બધા જીવોની સૃષ્ટિ પણ વસ્તુતાએ એક છે. સવાલ એ રહે છે કે, પહેલું જે સર્વ કહ્યું તેનું એકત્વ અને બીજું જે પ્રત્યગાત્માનું એકત્વ — તે બે એકત્વ પણ એક જ બ્રહ્મ છે, તે કેમ કરીને કહેવાય?

"અને આ એકત્વ, કે જે અધિભૂત રૂપે કે અધ્યાત્મ રૂપે જુદું લાગે છે, તેમ છતાં માનીએ કે તે એક છે; એટલે કે, બીજા મંત્રમાં કહ્યું છે તેમ, તે બેઉ બ્રહ્મ છે માનીએ; પણ તે પાછું ૐકાર છે, એવી પ્રતિજ્ઞા કરવામાં આવે છે, તે શી રીતે — એ બીજો મોટો સવાલ છે.

"હે શિષ્ય, તારી આ મૂંઝવણ સાચી છે. તારા બંને સવાલોનો જવાબ માંડૂક્યકાર આપે છે. પહેલો સવાલ લઈએ — આ સર્વ એવું દૃશ્ય અને ચેતન એવો આત્મા તે બે એક શી રીતે? માંડૂક્યકાર આ સવાલનો જવાબ મંત્ર ૩ માં શરૂ કરે છે. તે કહે છે કે, આ જવાબ જાણવાને માટે આ જે આત્મા કહેવાય છે તેનું સ્વરૂપ સમજવું જોઈએ. મનુષ્યને જે આપાપણું દેખાય છે, તે ખરેખર શી આખંત છે તે જાણવાની જરૂર છે. એ દૃષ્ટિએ માંડૂક્યકારે બીજા મંત્રમાં તે કહેવાની શરૂઆત કરી છે કે, આ આત્મા, કે જે બ્રહ્મ છે, — જેમ આ બધું સર્વ છે તે પણ બ્રહ્મ જ છે, — તેને સમજવો હોય તો તે ચતુષ્પાદ છે, એ પહેલું ધ્યાન પર લેવું ઘટે છે. તેની પ્રતીતિ ચાર પગલાં ભરીને વિચારીએ તો થશે. તે ચાર પગલાં કયાં છે તે મંત્ર ૩થી કહેવા માંડે છે. તેનું પહેલું પગલું સાંભળ:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્માનું પ્રથમ પાદ

जागरितस्थानो बहिष्प्रज्ञः सप्तांग एकोनविंशति-मुखः स्थूलभुग् वैश्वानरः प्रथमः पादः ।। ३ ।।

પદાર્થ

जागरितस्थानः = જાગ્રત દશાના સ્થાન કે ક્ષેત્રવાળો, बहिष्प्रज्ञः = જેની પ્રજ્ઞા બહારના ક્ષેત્રમાં કામ કરે છે તેવો, બહિર્મુખ, सप्तांगः = સાત અંગોવાળો, एकोनविंशतिमखः = ઓગણીસ મુખવાળો, स्थूलभुक् = સ્થૂળ એવા આ દૃશ્ય પદાર્થોને ભોગવનારો, वैश्वानरः = વૈશ્વાનર, વિશ્વપુરુષ, प्रथमः = પહેલો पादः = પાદ; પગલું; પગથિયું.

અન્વય

(तस्य आत्मनः) प्रथमः पादः जागरितस्थानः बहिष्प्रज्ञः सप्तांगः एकोनविंशतिमुखः स्थूलभुक् वैश्वानरः ।।

અર્થ

(તે આત્માનો) પહેલો પાદ જાગ્રતદશાના સ્થાન કે ક્ષેત્રમાં વિચરતો એવો બહિર્મુખ, સાત અંગ અને ઓગણીસ મુખ ધારણ કરનારો, (અને તે વડે) સ્થૂલ એવા આ દૃશ્યને ભોગવતો એવો વૈશ્વાનર છે.

[મનુષ્યને પોતાપણાની પ્રતીતિ કે પોતાની હસ્તીનો અહંભાવ દૃશ્ય એવા આ સર્વના અનુભવે કરીને થાય છે. બીજી ભાષામાં કહીએ તો, આપણને જે પ્રજ્ઞાન થાય છે, તે આપણા આત્માપણાનું પ્રતીક કે બાહ્ય લક્ષણ છે. આ પ્રજ્ઞાનનો વિચાર કરીએ તો આત્મતત્ત્વને* ચીનવાનું કામ સહેલું થઈ જાય.

વાચક જોશે કે, જીવને પોતાના આત્માનો અનુભવ દૃશ્ય પરત્વેના પ્રજ્ઞાનની વાટે જ આવી શકે છે. આત્મા 'પ્રતિબોધ-વિદિત' છે. અહીંયાં આ કહેવાની મતલબ એ છે કે, આત્મા વિષે વિચાર કરવા જતાં વાણીના ક્ષેત્રમાં કે શબ્દ યા અક્ષરના વિલાસમાં આવીએ છીએ. અને તેમ કરવાની સાથે દૃશ્ય એવા આ સર્વને ગોચર કરનારો એ આત્મા આ દૃશ્યના સંબંધે કરીને જ સમજવો પડે છે. એમ આ આત્મા અને પેલું દૃશ્ય — એ બે વચ્ચે અતૂટ સંબંધ સ્વીકારીને જ ચાલવું પડે છે.

પરંતુ, જે મૂળ સવાલનો ઉકેલ શોધવા નીકળ્યા છીએ, તે તો એ છે કે, આ સર્વમ્ અને આ આત્મા એ જુદાં છે એમ જણાય છે, છતાં તેમને એક બ્રહ્મરૂપ કહે છે તે શી રીતે?

આ વિચારમાં જતાંવેંત વાચક એક વસ્તુ જોશે કે, આ જુદાઈની પ્રતીતિ જે છે તે કેવળ શાબ્દિક (એટલે કે, તર્કથી વાત સમજવાને માટે જરૂરી શબ્દો વાપરીને તેવા એ ભાવ કે ખ્યાલ ઊભા કર્યા જેવી) કેમ ન હોય? કારણ કે, આત્મા, દૃશ્યની સાથેના અતૂટ સંબંધે કરીને, અલગ ભાવ રૂપે આપણા વિચારમાં પકડી નથી શકાતો. અથવા, માંડૂક્યની ભાષામાં આ વસ્તુ કહીએ તો, આત્મા 'ચતુષ્પાદ' છે; તેની ઓળખ આપણને બીજી રીતે મળી શકતી નથી.

અને આગળ માંડૂક્યના ઋષિ કહેશે કે, આત્માનાં આ ચાર પદ કે પગલાં ભરીએ તો પહેલાં ત્રણ પગલાં વડે, વામનનાં ત્રણ પગલાં પેઠે, આખું આ વિરાટ રૂપે દેખાતું વિશ્વ અથવા તો જીવ રૂપે અનુભવાતી આપણી સૃષ્ટિ તેમાં પૂરી થઈ જાય છે; અને પછીને ચોથે પગલે, — બલિ રૂપે પ્રગટતો પેલો પ્રશ્ન કે, આત્મા ને इदम् सर्वम् જુદાં છે? — તે પ્રશ્ન ઉપર આવતાં, કેવળ આત્મતત્ત્વ હાથમાં આવે છે, કે જ્યાં આગળ જગત કે જીવ કે કોઈ જ અન્ય હસ્તી નથી — एकमेवाद्वितीयम् જ છે.

આ અદ્વૈત કલ્પનામાં આવી શકે છે, તે એ રીતે કે, આત્માનાં પહેલાં ત્રણ પગલાં જુઓ, એમ એનું પગેરું જો કાઢો, તો એ સદા અલોપ જ રહેલા 'ચોર'ની કેડે પડી શકાશે. પણ તેમ કરતાં, આપણી પેલી લોકકથામાંની મોતાની પેઠે થઈને ઊભું રહે છે કે, 'કેડમાં છોકરું અને ખોળાખોળ કરીને આખું ગામ ગાંડું કર્યું!' અથવા આપણા જ્ઞાની કવિએ ગાયું એમ, 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં'! આ તરણું આત્માનાં ત્રણ પાદ રૂપે આગળ આવીને તેના મૂળ ડુંગરને ઢાંકે છે.

એ ત્રણ પાદ એટલે આપણા સમગ્ર પ્રજ્ઞાનની ત્રણ અવસ્થાઓ છે — જાગ્રત, સ્વપ્ન, અને સુષુપ્તિ કે નિદ્રા. 'જીવાત્મા'ની હસ્તી આ ત્રણ દશાઓ બહાર છે નહીં; આ આખા દૃશ્યનો કે इदम् सर्वम्નો વિસ્તાર પણ એ ત્રણ દશાથી બહાર રહેતો નથી. એટલે, માંડૂક્યકાર

*નરસિંહ મહેતાએ ગાયેલી પેલી પ્રખ્યાત કડીમાંથી આ શબ્દ અહીં વાપર્યો છે:- 'જ્યાં લગી આતમા-તત્ત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ત્રણ અવસ્થાઓને સમજાવવાને માટે, વિરાટ એવા એ 'સર્વમ્'ની તુલનામાં જોઈએ તો તદ્દન વામન જેવા જ લાગતા આપણા જીવાત્માને ત્રણ પગલાં ભરાવે છે. તેમનું પહેલું પગલું આ મંત્રમાં કહ્યું કે, તે આપણી જાગ્રત અવસ્થા છે. તે દરમિયાન આપણે, એટલે કે આપણે ચેતન રૂપ આત્મારામ બહિર્મુખ જોવા મળે છે. તે દશામાં એ પોતાની બહાર લાગતા આ સ્થૂળ દૃશ્યને ભોગવવા માટે બહાર વર્તે છે. તેથી તેનાં સાત અંગવાળો અને ૧૯ મોઢાંવાળો આ તેનો દેહ જોવા મળે છે. પંચ ભૂત અને મન બુદ્ધિ એ સાત અંગોના બનેલા દેહ વડે તે સ્થૂળ દૃશ્યને આરોગે છે. તે માટે એને ૧૯ મોઢાં છે, જેમની વાટે તે એમ કરે છે. આ ૧૯ એટલે પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય, પાંચ પ્રાણ, અને મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર. આર્ય તત્ત્વજ્ઞાનમાં જીવાત્માનું પંચીકરણ કે પૃથક્કરણ આ રૂપે કરાયું છે. તે તેના શરીર- તથા ચિત્ત- વિજ્ઞાનનો ભાગ છે. દેહીનો આ દેહ છે, જેના વડે જાગ્રત દશામાં દેહી વિચરતો જોવા મળે છે. આ દ્વારા આત્મા વિષેની પહેલી સમજ આપણને મળે છે.

આ મંત્રમાં 'દેહી' કે આત્માને માટે 'વૈશ્વાનર' શબ્દ વાપર્યો છે. વૈશ્વાનર એટલે વિશ્વપુરુષ. દેહને વિશ્વરૂપે કલ્પીને તેમાં રહેલો દેહી કયો એમ પૂછીએ, તો તે વૈશ્વાનર છે. 'યથા પિંડે તથા બ્રહ્માંડે' એ ન્યાયે અહીં જોવાનું છે. જીવો રૂપે અલગ જોવા મળતાં છતાં, તેમની જાગ્રત અવસ્થાનું જો પંચીકરણ કરીએ તો તે દરેક, પોતપોતાના દેહે કરીને ભિન્ન દેખાતાં છતાં, તેમનાં આ લક્ષણ સમાન છે કે, તે સપ્તાંગ છે, ૧૯-મુખી છે, સ્થૂલભોગી છે, બહિર્મુખ છે. એટલે કે, જુદાઈનો ભેદ દૃશ્ય પરત્વે રહેલો છે, વસ્તુતાએ તેનો ભોક્તા જુદ્દાપણે રૂપે છતાં એક જ આત્મારામ છે. તેથી તેને માટે સમર્પક અને સૂચક એવો બીજો શબ્દ વાપરીને મંત્રમાં તે ભાવ સ્પષ્ટ કર્યો છે કે, એ વૈશ્વાનર છે; એકરૂપ ચેતન તરીકે વિશ્વના ખેલને જાણનાર વિશ્વપુરુષ તે છે.

સાંખ્યદર્શનમાં અહીં આગળ જે અનેકપુરુષવાદ કહ્યો છે, તેથી આગળ જઈને માંડૂક્યકારે વેદાન્તની વાત આ કરી છે. સાંખ્ય દર્શને બાહ્ય દૃશ્યનું પૃથક્કરણ કરી જે પદાર્થવિજ્ઞાન અને માનસવિજ્ઞાન રચ્યું છે, તે આર્ય તત્ત્વજ્ઞાનનો સામાન્ય વારસો બન્યાં છે. પોતપોતાના દેહ કે ગુણધર્મોએ કરીને દૃશ્યના બધા ચેતન ભાવો અલગ અલગ પુરુષવિશેષ ગણી શકાય. એવા પુરુષવિશેષો અસંખ્ય હશે. બહિષ્પ્રજ્ઞત્વને લીધે સ્થૂલ કે જડને વળગેલા, પરંતુ ગુણધર્મો જો અલગ અલગ કરીને જોઈએ તો, એ બધાને લઈને વિચ્છિન્ન કે વિવિધ રૂપે લાગતા બધા પુરુષવિશેષોનો મૂળ ભાવ તો એક જ હશે, કે જેને માંડૂક્યકાર આત્મા કહે છે. ગણિતની ભાષામાં કહીએ તો, ક્ષ એવા અજ્ઞાત પદને ઉપર કહેલા અનેક ગુણધર્મોએ કરીને આપણે $ક્ષ_{૧}$, $ક્ષ_{૨}$, $ક્ષ_{૩}$, $ક્ષ_{૪}$ . . . એમ અનેક પદો રૂપે જોઈએ છીએ. પણ ૧, ૨, ૩, ૪ ઇ૦ ઉપાધિઓના વ્યતિરેકે કરીને જુદાં લાગતાં એ બધાં પદો મૂળે તો ક્ષ એવો અજ્ઞાત પદાર્થ જ છે.

અને સમષ્ટિના આખા દૃશ્યને એક વ્યક્તિ કે વ્યષ્ટિ કલ્પીને તેના પુરુષવિશેષને જો જોઈએ તો તે પણ એક વૈશ્વાનર છેવટે તો ક્ષ જ છે. મતલબ કે, મૂળ ભાવે કરીને જો જોઈએ તો બ્રહ્માંડમાં વિચરતો વિરાટદેહી વૈશ્વાનર અને પિંડમાં વિલસતો વામનદેહી જીવાત્મા, મૂળ લક્ષણે કરીને તો, આત્માના પ્રથમ પાદ એવા જાગરિત સ્થાનમાં પ્રતીત થતો ચતુષ્પાદ અક્ષના જ છે.

એમ આત્માની ઓળખ આપતાં માંડૂક્યકાર તેનું પહેલું સ્થાન સમજાવે છે. બીજું સ્થાન સ્વપ્નાવસ્થા છે, તે આ પછીના ચોથા મંત્રમાં કહે છે.]

૧૮-૭-'૫૬ **મગનભાઈ દેસાઈ**

---

* અહીં સાત અંગ કયાં તે વિષે ચર્ચા જાગી શકે છે. આ બાબતનું આર્ય વિજ્ઞાન ઇતિહાસકાળમાં આગળ વધ્યું હશે. મેં સાત અંગ વ્યક્તિના દેહનાં ગણાવ્યાં છે. ગીતાકાર અ૦ ૭માં શ્લો. ૪ થી ૭માં પ્રકૃતિના નામથી આઠ અંગ ગણાવે છે અને જીવને તેથી અલગ પાડીને પરા પ્રકૃતિ કહીને વર્ણવે છે. 'જીવ' અને અહંકાર'ને જુદા પાડયા કે ગણ્યા વગર જોઈએ, તો દેહીનાં સપ્ત અંગ મળી જાય છે.

ગીતાકાર વૈશ્વાનર પદ વાપરીને કહે છે કે, વૈશ્વાનર થઈને હું પ્રાણીઓના દેહમાં રહું છું ને તેમના પ્રાણોને ચાલુ કરીને અન્ન પચાવું છું, — એટલે કે, તેઓ જીવે એમ કરું છું. મતલબ કે, પ્રાણીઓમાં રહેલો આત્મા તે વિરાટમાં પંચભૂતો તથા સૂર્ય આદિ દેવોને લઈને દેહરૂપે વિચરતો વૈશ્વાનર જ છે, એવો અર્થ ઘટાવવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધ્યમિક શાળાઓમાં સ્વભાષા-શિક્ષણ

આઝાદી પછી કેળવણીના ચાલુ પરદેશી તંત્રમાં સુધારા કરવાનું હાથ આવતાં, સૌથી પ્રથમ કેળવણીના માધ્યમ અંગે જ સુધારો કરવાનો ઉચિત પ્રયાસ થયો. તેની આવશ્યકતાની ચર્ચામાં ઊતરવાની હવે જરૂર નથી. ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે પણ હવે ગુજરાતી ભાષા સ્વીકારાઈ છે. એટલે હવે તો તે ભાષાના યથોચિત શિક્ષણની પેરવીમાં જ સૌએ પડવું જોઈએ; જેથી વિદ્યાર્થીઓનું તે ભાષાનું ઘડતર પ્રથમથી જ સુદૃઢ થાય.

પણ અત્યારે આપણી પ્રાથમિક – માધ્યમિક શાળાઓમાં તે ભાષાનો અભ્યાસ જે રીતે હાથ ઉપર લેવો જોઈએ, તે રીતે લેવાતો નથી. હજુ તો જાણે તે આખત લક્ષમાં લેવા જેવી પણ લાગતાવળગતાઓને લાગતી નથી. એસ. એસ. સી. સુધી આવેલો વિદ્યાર્થી થોડાંક વાક્યો પણ શુદ્ધ ગુજરાતીમાં લખી શકતો હોય તેવી આજે સ્થિતિ નથી. હજુ આપણું ધ્યાન બીજી જ બાજુઓ ઉપર – અંગ્રેજી વગેરેની જાણકારી ઉપર જ કેન્દ્રિત થયેલું છે. છતાં જવાબદાર શિક્ષકો અને કેળવણીકારોએ ગુજરાતી ભાષાના અભ્યાસ બાબત ઝીણવટથી વિચાર કરવો જોઈએ અને તેને માટે જરૂરી પગલાં વિચારવાં જોઈએ, એ બાબતમાં ભાગ્યે જ કોઈનો જુદો મત હશે.

સૌ કોઈ એ પણ કબૂલ કરશે કે, ભાષાના અભ્યાસમાં વાચનમાળા ઘણે અંશે ઉપયોગી થઈ શકે છે. અને ઘણાઓને માટે તો વાચનમાળા જ એક રીતે ભાષાના અભ્યાસ અંગે એકમાત્ર કે મુખ્ય સાધન રહે છે. વાચનમાળા જ જો યોગ્ય રીતે ગોઠવાઈ હોય, યોજાઈ હોય, તો શુદ્ધ ભાષાના અભ્યાસનો પાયો નાખવામાં તે ખૂબ જ મદદગાર નીવડે. અહીં આપણે માધ્યમિક શાળાઓ પૂરતો જ વિચાર કરીશું.

આજકાલ માધ્યમિક શાળાઓમાં જે પરિસ્થિતિ છે, તે તપાસતાં માલૂમ પડશે કે, માધ્યમિક શાળાઓમાં ભાષાના શિક્ષણને બદલે સાહિત્ય — Literature — નો પરિચય કરાવવા તરફ લક્ષ્ય વધુ હોય છે. પરંતુ ભાષાના અભ્યાસનું મંડાણ સાહિત્ય — Literature — દ્વારા કરી શકાય નહીં. ખરી રીતે તો સાહિત્યને યથાર્થ રીતે સમજવા સારું પણ પ્રથમ ભાષાનો પાયો મજબૂત નંખાવો જોઈએ.

એને બદલે આજે ઊલટી રીત જ અજમાવવામાં આવે છે – સાહિત્યનો પરિચય જ કરાવાય છે અને ભાષાનું શિક્ષણ તો પછી અસંબદ્ધપણે થોડા વ્યાકરણના સમયો ઉપર જ છોડી દેવામાં આવે છે. સૌ કોઈનો અનુભવ છે કે, એ વ્યાકરણના સમયો, તેથી કરીને અરસિક તથા કંટાળાભરેલા બની રહે છે.

આવી ગંભીર ભૂલ થવાનું એક કારણ એ છે કે, માધ્યમિક શાળાના ભાષાના અભ્યાસક્રમનો વિચાર કરતી વખતે એને ઘડનારાઓની દૃષ્ટિ સમક્ષ કૉલેજમાં અપાતું સાહિત્યનું શિક્ષણ જ હોય છે. એ જ રીત માધ્યમિક શાળામાં અપાતા ભાષાના શિક્ષણ પર લાદી દેવામાં આવે છે.

આમ, સાહિત્યનો વિચાર આંખ સામે રાખેલો હોવાથી, માધ્યમિક શાળાનાં ભાષાને લગતાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે સાહિત્યકૃતિઓમાંથી ટુકડા પસંદ કરવાનું — Selection કરવાનું — શરૂ થયું છે. એ વસ્તુ જરા ઝીણવટથી તપાસવાની જરૂર છે.

એ તો ઝટ સમજી શકાશે કે, સાહિત્યનાં જુદાં જુદાં પુસ્તકોમાંથી ટુકડા પસંદ કરીને પાઠ્યપુસ્તકો તૈયાર કરવાથી કદી ભાષાનું શિક્ષણ યથાયોગ્ય આપી શકાય નહીં. કેટલાક એવું પ્રતિપાદન કરવા મથે છે કે, સાહિત્યકૃતિઓમાંથી આવા પસંદ કરેલા ભાગોના પાઠો ગોઠવવાથી વિદ્યાર્થીઓને જુદા જુદા લેખકોની શૈલીનો પરિચય થાય છે. પરંતુ આ વાત બરોબર નથી. કોઈ લેખકનું આખું પુસ્તક વાંચતાં એ લેખકની શૈલીનો પરિચય મળી શકે ખરો. પરંતુ તેના આખા લખાણમાંથી માધ્યમિક શાળાનાં અમુક ધોરણની કક્ષા ધ્યાનમાં રાખીને અમુક ભાગ લેવાથી તે લેખકની શૈલીનો પરિચય કેટલોક મળી શકે? ઘણી વાર તો એવું બને છે કે, ધોરણની કક્ષા ખ્યાલમાં રાખીને લેવાતો એ ભાગ લેખકની કૃતિનો નબળામાં નબળો ભાગ પણ હોય છે. આથી ઘણી વાર એ લેખક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગે જ વિદ્યાર્થીઓના માનસમાં ખોટો ખ્યાલ દાખલ થઈ જવાનો સંભવ રહે છે.

વળી, જુદા જુદા લેખકોનાં લખાણમાંથી પસંદગી કરીને તૈયાર કરેલાં પાઠ્યપુસ્તકોમાં ભાષાશિક્ષણની ક્રમિકતા તો જળવાય જ શાની? કારણ કે, એ સૌ લેખકોએ પાઠની દૃષ્ટિએ તથા ભાષાશિક્ષણનો ક્રમ લક્ષમાં રાખીને પોતાનાં લખાણો લખેલાં હોતાં જ નથી.

તદુપરાંત, પાઠોનું વસ્તુ પણ વિદ્યાર્થીના અભ્યાસનું એક આવશ્યક અંગ ગણાવું જોઈએ. હવે જુદી જુદી સાહિત્યકૃતિઓમાંથી અમુક સહેલા ટુકડા પસંદ કરીને જ પાઠ ગોઠવ્યા હોય, તો તે પાઠ્યપુસ્તકનું વસ્તુ-દારિદ્ર્ય કેવું બની રહે, તે વિચારવા જેવું છે. દાખલા તરીકે, ઇતિહાસ, ભૂગોળ, જીવનચરિત, પ્રવાસવર્ણન વગેરે વિષય માટે જાણીતા સાહિત્યકારોનાં લખાણોમાંથી પસંદગી કરવામાં આવે છે. હવે અસો અઢીસો પાનના પુસ્તકમાંથી બે કે ત્રણ પાન ઉપાડી લેવાથી મૂળ વસ્તુ વિષે કેટલોક ખ્યાલ વિદ્યાર્થીને આવે? અને પાઠની મર્યાદા ખ્યાલમાં રાખીને તો લેખકે લખ્યું હોય નહીં. એટલે વાચનમાળામાં ઉપર દર્શાવેલા વિવિધ વિષયોના પાઠો દાખલ કરવા હોય – અને કરવા જોઈએ – તો એ વસ્તુને આવરી લેતા નવા પાઠો જ તૈયાર કરવા જોઈએ. પણ અત્યારના કેળવણીખાતાનો આદેશ એવો છે કે, દરેક પાઠ જાણીતી સાહિત્યકૃતિમાંથી ઉતારારૂપ જ હોવો જોઈએ! પરંતુ એવા કોઈ વિષયનો લેખક ભાષાની દૃષ્ટિએ સારો ન પણ હોય; અને ભાષાની દૃષ્ટિએ સારો હોય તો વસ્તુનિરૂપણની બાબતમાં સારો હોય કે નહીં, એ પંચાત તો જુદી જ.

આ ઉપરથી એટલું ફલિત થાય છે કે, જુદા જુદા સાહિત્યકારોની કૃતિઓમાંથી પસંદગી કરીને પાઠો તૈયાર કરવાની રીત માધ્યમિક શાળાનાં ધોરણો સુધી ખેંચી લાવવી, એ વસ્તુ ભાષાનું શિક્ષણ આપવા માટે હરગિજ ઉપયોગી થઈ શકે નહીં. માધ્યમિક શાળા સુધીનાં વર્ષોમાં તો વિદ્યાર્થી ભાષા પર બરોબર પકડ લાવી શકે, ભાષાના હાર્દને બરોબર સમજી શકે, એ સારુ ભાષાની ક્રમિકતા લક્ષમાં રાખીને સ્વતંત્ર પાઠો તૈયાર કરીને — અવશ્ય કેટલાક સાહિત્ય-સ્વામીઓની કોઈ કૃતિ સ્વતંત્ર પાઠ તરીકે લઈ શકાય એવી હોય તો એને સ્થાન આપી શકાય ખરું — પાઠ્યપુસ્તકો તૈયાર કરવાં જોઈએ.

કવિતાની પસંદગીની બાબતમાં પણ બીજી રીતે વિચારવા જેવું છે. કવિતાની પસંદગી કરતી વખતે ઘણાખરા લોકોનો એવો મત હોય છે કે, અદ્યતન યુગની છેલ્લામાં છેલ્લી પેઢી સુધીના કવિઓનું પ્રતિનિધિત્વ જળવે એવી અને એટલી કવિતાઓ પસંદ કરવી જોઈએ. વળી કાવ્યના બધા પ્રકારો પણ આવી જાય એવો આગ્રહ રાખવામાં આવે છે. આથી ઘણી વાર નબળી કવિતાઓનો જ ખડકલો ભેગો થઈ જાય છે. કવિતાની બાબતમાં અલબત્ત, એમ જરૂર કહી શકાય કે, થોડાંક બાલ-જોડકણાં બાદ કરતાં, પાઠ્યપુસ્તકની ક્રમિકતા ધ્યાનમાં રાખીને લખાયેલી કવિતા ભાગ્યે જ હોય. એટલે કવિતાની પસંદગીમાં તો વિદ્યાર્થીની સમજશક્તિ ખ્યાલમાં રાખીને જ કવિતા ઘણુંખરું લેવી પડે. પરંતુ, તેથી કરીને કવિતાની પસંદગીમાં કશો જ ખ્યાલ કે ધોરણ ન રાખવાં, એમ ભાગ્યે જ કહી શકાય. પાઠ્યપુસ્તકમાં કવિતા અમુક નીવડેલા સાહિત્યસ્વામીઓ જેવા કવિઓની જ લેવાવી જોઈએ. તો જ તે કવિતાઓ મારફતે વિદ્યાર્થીઓ ભાષા તેમ જ સંસ્કાર પ્રાપ્ત કરી શકે. નવા કવિઓની કલ્પના અલબત્ત રોચક હોય છે, તથા કાવ્યના અવનવા પ્રકારો પણ તેઓ અજમાવતા હોય છે; પણ માધ્યમિક શાળાના પાઠ્યપુસ્તકમાં તે બધાંને સ્થાન આપવાનો આગ્રહ ન રાખવો જોઈએ; અને કૉલેજમાં ગયા પછી એ બધાનો પરિચય પ્રાપ્ત કરી લેવાય તો તેમાં ખોટું નહીં.

કેળવણીખાતું આ બધી બાબતમાં ધારે તો યોગ્ય દોરવણી આપી શકે કે નિયંત્રણ રાખી શકે. પરંતુ ખાતા મારફતે કેળવણીની બાબતમાં કોઈ પણ જાતનું સારું કે નરસું નિયંત્રણ રખાવવાની આશા રાખવી એ તો પગ ઉપર કુહાડો મારવા જેવું થાય છે. કારણ કે, આજના આપણા કેળવણીખાતાએ તો હવે ગુજરાતી પાંચમાથી સાતમા ધોરણ સુધીની વાચનમાળાઓમાં પણ માધ્યમિક શાળાની વાચનમાળાની જેમ, ટુકડાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

112695
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી છે. આ પુસ્તક અવશ્ય આવકાર્ય છે. પ્રાચીન સાહિત્યના અભ્યાસીઓને તે ઉપયોગી થાય એવું છે.

મુ૦ ક૦

સમવાયી શિક્ષણ: લે૦ સતીશચંદ્ર ત્રેશી; પ્ર૦ અનડા બુક ડીપો, અમદાવાદ; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૧૫૯.

શ્રી સતીશચંદ્ર ત્રેશી જૂનાગઢના અધ્યાપન મંદિરના આચાર્ય છે. તેથી શિક્ષણના ક્ષેત્રમાં તેમનો અનુભવ આવકારપાત્ર છે. વર્ધા શિક્ષણ યોજના અનુસાર નયી તાલીમ માટે તૈયાર થતા શિક્ષકોને ઉપયોગી થાય એવું આ પુસ્તક છે. શ્રી સતીશભાઈનું 'અભિનવ શિક્ષણ' નામક પુસ્તક સારો આવકાર પામ્યું છે. હવે આ પુસ્તક પ્રવૃત્તિઓની પસંદગી, વિષયો અને પ્રવૃત્તિ, વિષયોના પરસ્પર અનુબંધો, બૌદ્ધિક વિષયોનું શિક્ષણ, પ્રવૃત્તિ શિક્ષણની યોજના અંગે સારી માહિતી પૂરી પાડે છે.

આ પુસ્તક દરેક શિક્ષકે અવશ્ય વાંચવું જોઈએ.

મુ૦ ક૦

ગાંધીજીનું ગીતાશિક્ષણ: સંપા૦ નરહરિ દ્વારકાદાસ પરીખ; પ્રકા૦ પરીક્ષિતલાલ મજમુદાર, સાબરમતી આશ્રમ, અમદાવાદ; પ્રાપ્તિસ્થાન—ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ; કિ૦ ત્રણ રૂપિયા; પૃ૦ ૩૭૩.

મહાત્મા ગાંધીજીએ શ્રીમદ્ ભગવદ્ગીતા અંગે સારા પ્રમાણમાં લખ્યું છે. એ લખાણોમાં નોંધપાત્ર વૃદ્ધિ કરે એવા આ પુસ્તકનું સંપાદન કરવા બદલ શ્રી નરહરિભાઈ ધન્યવાદને પાત્ર છે.

બાપુજીએ ૧૯૨૬ની સાલમાં એક વરસને માટે ક્ષેત્ર-સંન્યાસ લીધો હતો. એ બધો સમય તેઓ સાબરમતી આશ્રમમાં જ રહેલા. ત્યાં તેઓ સવારની ચાર વાગ્યાની પ્રાર્થનામાં ગીતા વિષે પ્રવચનો આપતા હતા. તે પ્રવચનોની નોંધ શ્રી મહાદેવભાઈ તથા શ્રી પૂંજાભાઈએ લીધી હતી. એમાંની શ્રી મહાદેવભાઈની નોંધ પરથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. જેટલા ભાગની નોંધ શ્રી મહાદેવભાઈએ નથી લીધી તે શ્રી પૂંજાભાઈની નોંધમાંથી આ પુસ્તકમાં ઉતારી છે.

આખું પુસ્તક જોતાં એમાં બધે સળંગસૂત્રતા નથી દેખાતી. તોયે ગાંધીજીના ગીતા વિષેના વિચારો પર આ પુસ્તક સારો પ્રકાશ પાડે છે. ગાંધીવિચાર-સરણીના અભ્યાસીને આ પુસ્તક ઉપયોગી થઈ પડશે.

મુ૦ ક૦

વિનોબાકે સાથ: લે૦ નિર્મલા દેશપાંડે; પ્ર૦ અખિલ ભારત સર્વ સેવા સંઘ-પ્રકાશન, રાજઘાટ, કાશી; કિં. એક રૂપિયો. પૃ૦ ૨૦૮.

શ્રી નિર્મલાબહેન દેશપાંડેએ વિનોબાજી સાથે ઉત્તરપ્રદેશ અને બિહારમાં પદ-યાત્રા કરી હતી. એ મૂદાન પદ-યાત્રાની પ્રેરણાત્મક સ્મૃતિઓને શ્રી નિર્મલાબહેને આ પુસ્તકમાં સંગૃહીત કરી છે. એ પુસ્તક હિંદી ભાષામાં છે. લેખિકા-બહેનની શૈલી સરળ અને પ્રવાહી હોવાથી એને વાંચતાં તેમ જ સમજતાં આપણને મુશ્કેલી આવતી નથી. મૂદાન પ્રવૃત્તિ અંગે વિચારનાર સૌ કોઈ આ પુસ્તક અવશ્ય વાંચે!

મુ૦ ક૦

માતૃભાષાનું અધ્યાપન: લે૦ રમણલાલ શંકરભાઈ ત્રિવેદી; પ્ર૦ રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ; કિં૦ બે રૂપિયા; પૃ૦ ૧૨૦.

કેળવણીના ક્ષેત્રમાં યોગ્ય સુધારા હવે વહેલી તકે થવા જોઈએ એ બાબતમાં પીઢ શિક્ષકો અને કેળવણીકારો વિચારી રહ્યા છે. તેથી આ બાબતને લગતાં પુસ્તકો આપણું ખાસ ધ્યાન ખેંચે છે; અને એમાં કરેલાં સૂચનો કેળવણીના કામમાં આપણને કેટલાં ઉપયોગી થઈ પડે છે, તેની આલોચના કરવાનું સહેજે મન થઈ આવે છે.

ગુજરાતી ભાષા-શિક્ષણ અંગે પણ સૌએ વિચારવું જરૂરી છે. એ દિશામાં આ પુસ્તક ઉપયોગી થાય એવું છે ખરું. પરંતુ હજી જૂનેથી એકધારી ચાલ્યા કરતી ભાષા શિક્ષણ-પદ્ધતિમાં જે મૂળભૂત ફેરફારો થવા જોઈએ, એ તરફ આ સુજ્ઞ લેખકનું ધ્યાન ગયું લાગતું નથી. આ પુસ્તકમાં પણ આજે જે પદ્ધતિએ માધ્યમિક શાળામાં પાઠ્યપુસ્તકો દ્વારા—એટલે કે સાહિત્યકૃતિઓમાંથી પસંદગી કરીને પાઠો રચીને તૈયાર થતાં પાઠ્યપુસ્તકો દ્વારા—જે ભાષા-શિક્ષણ અપાય છે, તેને વધારે સારી રીતે કેમ આપવું, તેનો જ મુખ્યત્વે વિચાર કરવામાં આવ્યો છે. ખરી રીતે ભાષા શીખવવા માટે આજે જે પાઠ્યપુસ્તકો તૈયાર થાય છે એમાં જ પ્રથમ સુધારો થવો જોઈએ, એ પાયાનો મુદ્દો જ આવાં ભાષાશિક્ષણને લગતાં પુસ્તકોમાં ખાસ ચર્ચવો જોઈએ. નહીં તો મૂળ માળખું એનું એ રાખીને ઉપરથી ગમે તેટલી મરમ્મત આપણે કરીએ, તોયે એ સંપૂર્ણતઃ લાભદાયી ન જ થઈ શકે. આ પુસ્તકના સુજ્ઞ લેખક આ અંગે વિચારશે એવી આશા રાખીએ.*

આ મુદ્દાને બાજુએ મૂકીને આ પુસ્તક અંગે વિચારીએ તો તે આજની ચાલુ ભાષા-શિક્ષણપદ્ધતિમાં સહાયરૂપ થાય એવું અવશ્ય છે. શિક્ષકો આ પુસ્તક વાંચે એવી ભલામણ કરીએ છીએ.

મુ૦ ક૦

* સ્વભાષાશિક્ષણ અંગે આ અંકમાં લીધેલો 'માધ્યમિક શાળાઓમાં સ્વભાષાશિક્ષણ' નામક લેખ જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં નવાં પ્રકાશનો

લોકમાન્ય ટિળક પાંડુરંગ ગણેશ દેશપાંડે

'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે' એ મંત્રના દ્રષ્ટા અને આધુનિક રાષ્ટ્રીય જાગૃતિના જનક લોકમાન્ય ટિળકની જન્મશતાબ્દી નિમિત્તે પ્રગટ થયેલી આ પ્રેરક જીવનકથા આપણા રાષ્ટ્રના સ્વાતંત્ર્ય માટે જીવનભર મથનાર અને તે વખતની સરકારના દમન અને અનેક યાતનાઓ વેઠ્યા છતાં પોતાના નિરધારમાં મક્કમ રહી રાષ્ટ્રને ચરણે જીવન સમર્પણ કરનાર મહાપુરુષના ઉદાત્ત જીવન અને કાર્યનો પરિચય આપે છે.

કિં. રૂ. ૩–૦–૦ ટપાલરવાનગી ૦–૯–૦

બિહારની કોમી આગમાં મનુબહેન ગાંધી

મનુબહેનની ડાયરીઓનું 'એકલો જાને રે' પછીનું પુસ્તક. નોઆખાલીનું કાર્ય પોતાના વિશ્વસ્ત સાથીઓને સોંપી, જેને વિષે પોતાના દિલમાં અતિશય ફૂણી લાગણી હતી એવા બિહાર પ્રાંતમાં સળગેલી કોમી આગ વચ્ચે બે માસ સુધી રહી તેને હારવા રાષ્ટ્રપિતાએ કેવા ભગીરથ પ્રયાસ કર્યા, તેનું અને રાષ્ટ્રપિતાના જીવનના એ વેદનાભર્યા દિવસોનું તાદૃશ બયાન આ ડાયરીમાંથી મળશે.

કિં. રૂ. ૩–૦–૦ ટપાલરવાનગી ૧–૧–૦

ખરી કેળવણી ગાંધીજી

કેળવણીના તત્ત્વ અને આદર્શની ચર્ચા કરતાં તેમ જ વિદ્યાર્થીજીવનને અંગેના પ્રશ્નોને સ્પર્શતા ગાંધીજીનાં બધાં લખાણોને આ પુસ્તકમાં ખંડવાર ગોઠવવામાં આવ્યા છે. વાચકને એથી કેળવણી વિષેના એમના વિચારો સમજવામાં સરળતા થશે.

કિં. રૂ. ૨–૮–૦ ટપાલરવાનગી ૦–૧૪–૦

કેળવણીનો કોયડો ગાંધીજી

'ખરી કેળવણી'ની પૂર્તિરૂપ આ પુસ્તકમાં કેળવણીના પ્રશ્નોની છણાવટ કરતાં અને તેના ઉકેલની દિશા ચીંધતાં ગાંધીજીનાં લખાણો અને વ્યાખ્યાનો આપવામાં આવ્યાં છે.

કિં. રૂ. ૨–૮–૦ ટપાલરવાનગી ૦–૧૪–૦

વર્ણવ્યવસ્થા ગાંધીજી

ગાંધીજીના વર્ણાશ્રમધર્મ અંગેના વિચારો રજૂ કરતાં તેમ જ આપણી જ્ઞાતિઓ, તેના કુરિવાજો અને હરિજનોના પ્રશ્નોની ચર્ચા કરી તેનો યોગ્ય ઉકેલ બતાવતાં લખાણોનો સંગ્રહ.

કિં. રૂ. ૧–૦–૦ ટપાલરવાનગી ૦–૫–૦

અવારનવાર કાકાસાહેબ કાલેલકર

૧૯૨૦ થી ૧૯૫૬ સુધીમાં કાકાસાહેબે પ્રસંગોપાત્ત લખેલા અને કયાંય ગ્રંથસ્થ નહીં થયેલા છૂટક લેખોનો સંગ્રહ. આ લેખો છૂટક લખાયેલા હોવા છતાં એમાં કાકાસાહેબની સળંગસૂત્ર જીવનદૃષ્ટિ પરોવાયેલી જોવા મળશે.

કિં. રૂ. ૨–૦–૦ ટપાલરવાનગી ૦–૯–૦

અંકગણિત શીખવવાની પદ્ધતિ મોહનલાલ પંચોળી

પ્રાથમિક શાળામાં ગણિતનો વિષય શીખવતા શિક્ષકોને લક્ષમાં રાખીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આમાં એ ધોરણોમાં શીખવવામાં આવતી પ્રાથમિક ગણતરીની રીતોની વિસ્તારપૂર્વક ચર્ચા કરી ગણિત શીખવવાની શાસ્ત્રીય પદ્ધતિ દર્શાવવામાં આવી છે. અનેક વર્ષોના પ્રત્યક્ષ શિક્ષણના અનુભવને આધારે તૈયાર થયેલું આ પુસ્તક મુશ્કેલ ગણાતા એ વિષયને સરળ અને રસિક કેમ બનાવવો તેની વ્યવહારુ સૂચનાઓથી ભરેલું હોઈ એ વિષય શીખવતા શિક્ષકોને મદદકર્તા થઈ પડશે.

કિં. રૂ. ૩–૮–૦ ટપાલરવાનગી ૦–૧૦–૦

નવજીવન કાર્યાલય, પોસ્ટ નવજીવન, અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારેમાં વધારે લોકોની કુશળતા

હવે એવો વખત આવી પહોંચ્યો છે કે જ્યારે બધા સારા માણસોએ 'વધારેમાં વધારે માણસોના વધારેમાં વધારે સુખ'ની તુચ્છ કલ્પના તરફ ચોક્કસ રીતે પીઠ ફેરવી દેવી ઘટે છે. જુદા જુદા ફિલસૂફો તેની તુચ્છતા ઢાંકવા માટે તેની જે કોઈ 'સુધારેલી કે સંશોધિત આવૃત્તિ'ઓ પ્રગટ કરે — અર્થાત્ તેને તર્કની દૃષ્ટિએ બંધબેસતી કરે, તેમાં શાબ્દિક ઉમેરાઓ કરે, દાર્શનિક રીતે તેનો મેળ બેસાડે, કે તેના સાત્ત્વિક અવેજો ઊભા કરે — તે બધા પ્રત્યે પણ તે જ રીતે પીઠ ફેરવવાની જરૂર છે. માણસ જે માર્ગે પ્રયાણ કરવા માટે સરજાયો છે, તેની દિશા તે તરફ નથી. આપણી કલ્પનાઓમાં 'વધારેમાં વધારે માણસો' એ પદ દાખલ કરવાનું જ હોય, તો રચનાત્મક નાગરિક ધર્મના પક્ષકારોએ 'વધારેમાં વધારે માણસોની કુશળતા'ના મુદ્રાલેખ હેઠળ જ કૂચકદમ કરવી જોઈએ; કારણ કે 'વધારેમાં વધારે કુશળતા' દાખવવા જતાં 'વધારેમાં વધારે વીરતા' દાખવવાનું આવી જ જાય છે.

લોકોમાં ખોવાઈ ગયેલી કુશળતાને તેમના બધા ધંધાઓ કે તેમની બધી પાયરીઓમાં પાછી દાખલ કરવી એ વસ્તુ જ આપણા સમાજ ઉપર ઝળૂમતી રહેલી અધોગતિમાંથી બચવાનો ખાતરીબંધ અને ખરેખરો એકમાત્ર ઉપાય છે. અને બધા રાજકીય આગેવાનોને, કેળવણીકારોને, માનવપ્રેમીઓને, અને તેવા જ બીજા પરોપકારી લોકોને (ભલે પછી તે કાર્યકર્તા વર્ગના હોય કે વ્યાખ્યાનકર્તા વર્ગના હોય) આજનો જમાનો એ જ કામ ખાતે નોતરે છે. અને પોતાના નામનો સાચો અર્થ સમજનારી કોઈ પણ મજૂર-હિલચાલે પણ એ જ કામ લાગલું હાથમાં લેવું જોઈએ.

યંત્રોદ્યોગવાદના દોષોમાં, નૈતિક દૃષ્ટિએ વિચારતાં, ધનસંપત્તિ થોડાક જ માણસોના હાથમાં જઈ પડે એ દોષ તો નાનો છે; પરંતુ થોડા જ માણસોના હાથમાં કુશળતા જઈ પડે છે એ તેનાથી મોટો દોષ છે. આદર્શ ઉદ્યોગ તો તેને કહેવાય કે જે છેક નીચલી કક્ષા સુધીના દરેક કામદારને, પોતાની વૈયક્તિક કુશળતા દાખવીને પોતાના રોજિંદા કામકાજને કીમતી કેળવણીરૂપ બનાવવા સારુ પૂરતો અવકાશ આપે.

— આચાર્ય એલ. પી. જૅક્સ કૃત 'સર્વોદયની જીવનકળા'માંથી

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Compiled
1999-2000

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri